

દેસાઈ ધીરજલાલ નરભેરામ વકીલ,
ભરૂચ.

The Bombay Art Printing Works Fort

સસ્તી વાર્તામાળા.

વર્ષ ૧૭મું. | પુસ્તક ૧-૨-૩.

પ્રમાદધનની પ્રભુતા.

અથવા

સરસ્વતીચંદ્રનો ઉપસંહાર.

કર્તા

દેસાઈ ધીરજલાલ નરભેરામ વકીલ.
(બાળવિધવાનું દુઃખ, આર્યરત્ન ભક્તરાજ
ધ્રુવ, નાના ફુલનસિંહ તથા તરંગમાળા
વગેરેના લેખક આદિ.)

પ્રથમ આવૃત્તિ. પ્રત ૨૫૦૦ સં. ૧૯૬૯.
(આષાઢ આવૃત્તિ. આઠ)

પ્રકાશક
ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતા.
વ્યવસ્થાપક: ભારતજીવન અને
સસ્તી વાર્તામાળા. મુંબઈ નં. ૩.

આખા વર્ષનું ૨-૮-૦. છૂટક પુસ્તકનું ૦-૧૨-૦

સર્વ હક્ક કર્ત્તાએ
સ્વાધિન રાખ્યા છે.

नमामि त्वां भारति.

हे भूमि जन ताप पाप हरणी आपदहरा मेदिनी,
मातं, आर्य प्रसूतिका वसुमते दारिद्र्य उच्छेदिनी.
देवी देव मनुष्य पुज्य सुखदा पालाश वस्त्राधरा,
वारंवार **नमामि त्वां** करुणानिधे प्रत्यक्ष विश्वंभरा

र. अ. **म्हेता.**

અમદાવાદ.

શ્રી ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટીગ પ્રેસમા
પરિખ દેવીદાસ છગનલાલે છાપ્યુ.

પ્રકાશકની પ્રાર્થના.

"[1] त्वमादि देवः पुरुषः पुराण स्त्वमस्य विश्वस्य परं निधानं।
वेत्तासि वेद्यं च परं च धाम त्वया ततं विश्व मनन्तरूप ॥
वायुर्यमोऽग्निर्वरुणः शशांकः प्रजापतिस्त्वं प्रपिता महश्च ॥
नमो नमस्तेऽस्तु सहस्रकृत्वः पुनश्च भूयोऽपि नमो नमस्ते ॥१॥"

* * * * * *

"My noble countryman,
I do perceive here a divided duty;
To you, I am bound for life and education,
My life and education both do learn me,
How to respect you, you are the lord of duty."*

જે જે દેશ ઉન્નતિના પરમ ઉચ્ચ શિખર પર ચ્હડેલા જોવામાં આવે છે તેનુ મૂળ કારણ તે તે દેશના સાહિત્યની વૃદ્ધિ—સેવા—એજ જોવામાં આવશે. જાતીય સાહિત્યની ઉન્નતિ અને પ્રચાર કરવો એ જાતીય જીવન—ગઠનનુ એક માત્ર કારણ છે એ કોણ ના કહી શકશે? રાજનીતિ કહો, સમાજનીતિ કહો, અથવા ધર્મ ઇતિહાસ કહો; જાતીય સાહિત્યની ઉન્નતિ થયા સિવાય

---

* *With a slight change from Shakespere, Othello, Act I. S. 8.*

૧ "હે આદિ દેવ! હે પુરૂષ પુરાણ! આજે આપના શ્રીચરણમાં કોટી કોટી પ્રણામ કરૂં છું. હે સર્વ સિદ્ધિ દાતા! શુભ સંકલ્પ સિદ્ધ કરો."

એ સર્વેની ઉન્નતિ થવી અસંભવિતજ. જાતીય સાહિત્યનો પરિત્યાગ કરવાથી–હેના પ્રત્યે દુર્લક્ષ્ય કરવાથી–કોઈ પણ દેશ, અથવા કોઇ પણ જાતિ, કાંઇ પણ ઉન્નતિ પ્રાપ્ત કરી શક્યા નથી અને કોઈ પણ સુખી થયા નથી; ઈતિહાસ એ હ્હેનું પ્રત્યક્ષ પ્રમાણ છે. ઇતિહાસનાં પાનાં ઉથલાવતાં એ સંબંધી ખાત્રી થશે. પ્રાચીન રોમથી કોણ અજાત છે! જાતીયસાહિત્ય પ્રત્યે લક્ષ્ય રાખવાથી એક સમયે તેણે જગત્ ઉપર પોતાનું શ્રેષ્ઠત્વ અને અક્ષય કીર્ત મેળવ્યાં હતાં અને આધુનિક યુરોપ પણ આજકાલ આટલું મ્હોટું થઈ પડયું છે હ્હેનું કારણ માત્ર સાહિત્યના પ્રચારની વૃદ્ધિને લીધેજ. જાતીય સાહિત્યની અતિશય ઉન્નતિ કરવાથી અંગ્રેજ જાતિ આજે જગત્માં અગ્રગણ્ય થઈ છે. તેમના યશની સુગંધી ચારે દિશામાં ફેલાઈ રહી છે. અને અમેરિકા? હ્હેણે પણ અસભ્યતામાંથી એકદમ કુદકો મારી સભ્યતા પ્રાપ્ત કરી છે અને યુરોપના મ્હોટા મ્હોટા વિદ્વાનો અને શિલ્પ વિજ્ઞાન શાસ્ત્રીઓને છક્કડ ખવડાવે છે હ્હેનુ કારણ? એજ. જાતીય સાહિત્યનો અતિશય પ્રચાર. અને પેલું નવું જણાતું જાપાન? તે કેમ આટલુ બધું ઉન્નત થવા પામ્યુ? બળ અને બુદ્ધિમાં, ધર્મ અને કર્મમાં; સર્વમાં જગતની શ્રેષ્ઠ–સભ્ય ગણાતી જાતિયોની પંક્તિમાં બેઠું છે એનુ કારણ? કારણ એજ કે તેણે પોતાના જાતીય સાહિત્યનો પ્રચાર કરી પોતાની મેળેજ પોતાની ઉન્નતિ થોડા સમયમાજ પ્રાપ્ત કરી લીધી છે. દેશના આગેવાનોએ જાગૃત થઈ, સ્વાર્થનો ભોગ આપી, પોતાના સાહિત્યનાં દરેક અંગને હ્રષ્ટપુષ્ટ બનાવ્યાં છે. એ સિવાય જે જે દેશ આજે ઉન્નતિ પામ્યા છે, અને જે જે કાળમાં ઉન્નતિને પામ્યા હતા, તેનું મૂળ કારણ તેમના જાતીયસાહિત્યની વિશેષ વૃદ્ધિ, શંકા હોય તો ઇતિહાસ તપાસી જુવો, અને વેગળે ના જવું હોય તો એકજ દ્રષ્ટાંત તમારી દ્રષ્ટિ સમક્ષ છે કે: જે સમયે ભારતવર્ષમાં સંસ્કૃત સાહિત્યનું પ્રાબલ્ય હતું, જ્યાં ત્યાં સંસ્કૃત ગ્રન્થોનું અધ્યયન અને પરિશીલન થતું હતું, જ્યાં ત્યાં વેદ, દર્શન, શ્રુતિ, સ્મૃતિ આદિ શાસ્ત્ર મંત્રોના ગગન ભેદી ધ્વનિ થતા હતા તે સમયે આ ભારતવર્ષ કેટલું ઉન્નતિ પામેલું હતું! કેટલું સમૃદ્ધ હતું! તે સમયે આ દેશ સોનાની ખાણુ કહેવાતો અને આજે? એ પ્રશ્નનો ઉત્તર તમેજ આપો.

જે દેશમાં સાહિત્યનો આદરસત્કાર થાય છે, અને સાહિત્યના ગ્રંથોનો અભ્યાસ કરવો એ ઉપકાર નહિ પણ ફરજ–ધર્મ ગણવામાં આવે છે તેજ દેશ સર્વ સુખ ભોગવે છે. સભ્ય ગણાતી જાતિ માત્ર પોતપોતાના સાહિત્યનો આદર–સત્કાર કરે છે. ગ્રંથો ખરીદવા અને વાંચવા એ ગ્રંથકાર ઉપર ઉપકાર નહિ પણ ત્હેને પોતાની ફરજજ સમજે છે. ત્યારે વિદ્વાનો પણ તે પ્રજાની ઉન્નતિ કરવા માટે જીવતોડ મહેનત કરે છે. સુધરેલા દેશોમાં પિતાનો ગ્રંથ માગતાં પુત્ર પોતાને અપમાન સ્હમજે છે. અને આપણા દેશમા ? પાંચ પૈસે સુખી હોય એવાં અને અનેક પ્રકારના આડા અવળા ખર્ચોમાં સેંકડો રૂપિયા ગુમાવી દે એવાં ઘણા મનુષ્યોને પણ સારા ગ્રંથો ખરિદવાની કે તે વાંચી લાભ ઉઠાવવાની ઇચ્છાજ થતી નથી. એટલુંજ નહિ પણ કેટલાકને આમથી તેમથી ભિક્ષા માગી લાવીને ગ્રંથ વાચવાનીજ ઇચ્છા થાય છે ! આવા પૈસાદાર ભિક્ષુકો પોતાના આત્માનો કેટલો ઘાત કરે છે તે આપણે ત્હેમને સ્હમજાવી આપવાની શી જરૂર ? તેઓ અને તેમની સંતતિને કુદરતજ કાન પકડીને શિખવશે કે "સારા સારા ગ્રંથો વાચો. ત્યારેજ ત્હમારી ઉન્નતિ થશે. આટલા દિવસ બેપરવાઇ રાખી પણ હવે નેમ કરશો તો જગતમા ટકાના તેર થઇ જશો."

ગુર્જર પ્રજાનો સમૃદ્ધિવાન મ્હોટો ભાગ ગુર્જરગિરાના અભ્યાસથી વેગળોજ થઈ બેઠો છે ! તેઓને માત્ર અગ્રેજી પઠન પાઠનમાંજ મોજ પડે છે. એ વર્ગ ગુર્જર સાહિત્યને ખિલવી શકે, વધારી શકે, આશ્રય આપી શકે એમ છે પરંતુ અત્યારે તેમની "અગ્રેજી" માત્રા ઉંચી ટોંચે છે. સમય આવે કુદરત તેમણે પણ ઠેકાણે લાવશે. અત્યારે તો તેઓ ગુર્જર ગિરાને આશ્રય આપવાના ધર્મથી વિમુખ છે. શ્રીમતોએ તો સારાં પુસ્તકોને શોધી ખરીદવાં જોઈએ. બીજો અને મધ્યમ વર્ગ કંઇક આશ્રય આપે છે. પરતુ કનિષ્ઠ વર્ગ તો તેની ઉપયોગિતાજ સમજતા નથી. ત્યાં પછી આશ્રય આદિની વાતજ શી ? તેમને એ કાર્યમાં સ્વાદજ નથી. તેમને સ્વાદ ઉત્પન્ન થાય એવા યત્નો કરવા જોઇએ. અને પ્રથમ વર્ગ જે વિદેશી ભાષાના પઠન પાઠનમાંજ કર્ત્તવ્ય માની બેઠો છે તેણે ગુર્જર ગિરાની સેવા બજાવવાનો અને તેને આશ્રય

આપવાનો ધર્મ સમજવો જોઇએ. હવે તેમણે પોતેજ પોતાનાં જ્ઞાનચક્ષુ ઉઘાડી દેવાં જોઇએ. ગમે તેમ હો છતાં પણ એક દિવસ ગુર્જર સાહિત્ય ઉન્નતિની ટોંચે ચ્હડશે. દિન પ્રતિદિન વિશેષ ગ્રંથો પ્રકટ થાય છે. અને વાંચકવર્ગની સંખ્યા પણ વધતી જાય છે. તેથીજ એવી આશાર બ્બાય છે.

પ્રસંગવશાત્ માર્ગશીર્ષ માસમાં મ્હારૂં અમદાવાદ આવવું થતા સસ્તા સાહિત્યવર્દ્ધક કાર્યાલયના ઉત્પાદક પૂજ્ય સ્વામિજી શ્રી અખંડાનંદજીને મળવું થયુ તે પ્રસંગે, તેમની સાથે **સસ્તી** કિમ્મતના ધોરણ ઉપર **"વાર્તામાળા"** પ્રકટ કરવામા આવે અને તેમા સારી સારી નવલકથાઓ પ્રકટ થાય તો જનસમાજ હેનો સારો લાભ લઇ શકે એ સબંધી વાતચિત થઇ. સસ્તુ સાહિત્ય ખાતુ સ્થપાયુ ત્યારથીજ હેના કાર્ય પ્રત્યે મ્હારી ખરા હૃદયની સહાનુભૂતિ હોવાથી એ કાર્યને મેં અદ્યાપિ પર્યંત ભારતજીવનદ્વારા બનતી મદદ કરી છે. પરંતુ સારા ગ્રંથો લખી આપી કંઇક વિશેષ મદદ કરવાની મ્હારી ઇચ્છા હતી તે આ પ્રસંગે કિંચિત્ અંશે પાર પડી છે. **કર્મવીર કર્નલ સુરેશ વિશ્વાસ** કે જે કલકત્તાનો એક દરિદ્ર બંગાળી જુવાન હતો અને હાથમા એક પાઇ પણ ન હતી છતાં પણ તેણે હિમ્મત, ખંત, પ્રમાણિકપણ અને ધૈર્ય રાખી વિલાયત અને અમેરિકાની મુસાફરી કરી તથા અનેક વ્યવસાયો કરી છેવટ અમેરિકાના યુદ્ધક્ષેત્રમા વિજય મેળવી, ત્યાના કર્નલની પદવી મેળવી, હિંદુસ્થાનનુ નામ દીપાવ્યુ હતું. એ મહાપુરૂષનુ જીવન ચરિત્ર લખી આપ્યુ અને ત્યાર પછી મહારાષ્ટ્રીય પુરૂષોત્તમ વીરરત્ન છત્રપતિ **મહારાજ શ્રી શિવાજીનું વિસ્તૃત જીવન ચરિત્ર** લખી આપ્યુ કે જેવું વિશાળ જીવન ચરિત્ર ગુર્જર ભાષામાં હજુ સુધી બહાર પડયુ નથી. એ પુસ્તક લખાતુ હતું તે દરમ્યાનજ સ્વામીજી શ્રી અખંડાનંદજીનાં પ્રેરેલા બીજ અંકુરિત થયાં. તેના ફળ સ્વરૂપ **"પ્રમાદધનની પ્રભુતા"** વાંચક બંધુઓ અને બ્હેનો સમક્ષ આજે નિવેદન થાય છે. અને તેથી સસ્તી વાર્તામાળા પ્રકટ થવાનું માન એજ પૂજ્યપાદ સ્વામીજી શ્રી અખંડાનંદજીનેજ ઘટે છે.

આ નવલકથા સંબંધી કાંઇ પણ લખવું એ આત્મશ્લાઘા ગણાશે. તેમ છતાં એટલું તો કહ્યા વિના ચાલે તેમ નથી કે પ્રસ્તુત નવલકથા ભ-

રૂચનિવાસી સાક્ષર શ્રી ધીરજલાલ નરભેરામ દેસાઈના સંસ્કારી મગજનું પરિણામ છે. અને એ પરિણામ મૂળોત્પાદક (Original) છે. વસ્તુ સંકલના, વિચાર વિવિધતા, સિદ્ધાંત સૂત્ર વગેરેમાંથી પ્રાચીનત્વ સાથે નવીનત્વ જણાશે. પાત્રોનાં કર્તવ્ય અને વિચાર આદર્શ અને અનુકરણીય જાણવામાં આવશે. આ ગ્રંથમાંથી સ્ત્રી પુરૂષ સર્વેને કંઈક કંઈક નવુંજ શીખવાનુ મળશે. "સસ્તી વાર્તામાળા"નાં ગ્રાહકોને આ નવલકથાનો લાભ આપવા સબંધી રા. રા. ધીરજલાલભાઈને પુછવામા આવ્યું ત્યારે તેઓએ ઘણી ખુશાથી અને કોઈ પણ જાતના સ્વાર્થ, માન અને માગણી વગર, સ્નેહની લાગણીથી દોરાઈ સરલ હૃદયે હા પાડી તે માટે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે તેઓનો મ્હારા ઉપરનો નિખાલસ સ્નેહ અને સદ્‌ભાવ હોવાથીજ વાચક વર્ગને આ ગ્રંથનો વાર્તામાળાદ્વારા લાભ આપી તેઓશ્રીએ મ્હારા ઉપર તેમજ વાચક વર્ગ ઉપર ઉપકારજ કર્યો છે શ્રીયુત ધીરજલાલભાઈ ભરૂચના, બ્રહ્મક્ષત્રિ જ્ઞાતિના, ખાનદાન કુટુંબના, સાત્વિકવૃત્તિવાળા, સાદા અને ધાર્મિક પુરૂષ છે. તેઓ જમીનદાર–જાગીરદાર છે. તેમના સમાગમમા આવનાર મનુષ્યોનેજ તેમના સ્વભાવની સરળતા, નિષ્કપટીપણું, પ્રમાણિકપણું, સદ્‌વર્તન વગેરેની માહિતી થાય છે. પ્રજામા ઉદ્યોગની વૃદ્ધિ થાય, સદ્‌જ્ઞાન ફેલાય અને આ દેશની પ્રજા સુખી થાય એજ તેઓની મનોવાંચ્છના છે. ભરૂચમા ઇન્ડસ્ટ્રીયલ કૉટન મિલ ઉત્પન્ન કરતી વખતે શ્રીયુત ધીરજલાલભાઈની મૂળોત્પાદક બુદ્ધિએ અને લાગવગે ઘણુ સારૂ કાર્ય કર્યુ છે. તેઓ ફક્ત મીલના એક ભાગીદાર છે. હજુ પણ નવા નવા ઉદ્યોગોનો ઉત્કર્ષ કરવા માટે તેમની બુદ્ધિવૃત્તિ કાર્ય કર્યાજ જાય છે. પ્રભુ તેમને દીર્ઘાયુ બક્ષવા સાથે તેમના કાર્યમાં ઉત્સાહ અને શક્તિ પ્રેરે એજ પ્રાર્થના.

સામ્પ્રત કાળમાં ઉત્તમ પ્રકારની નવલકથાઓનું સાહિત્ય ઘણુંજ ન્યુનજ જણાય છે. અને તેનાં અનેક કારણમાં એક કારણ પુસ્તકની મોંઘી કિમ્મતનું પણ જણાય છે. સસ્તી એટલે લગભગ પડતર જેટલીજ કિમ્મત હોય અને ગ્રન્થો સારા હોય તો તે ગુર્જર પ્રજામાં બ્હોળા પ્રમાણમાં વેચાય અને પ્રજા ત્હેનો સારો લાભ લે એ તો સત્યજ છે. પ્રસ્તુત નવલકથાનુ

મૂલ્ય કાચા પૂંઠાના **આઠ આના** અને પાકા પૂઠાના **દશ આના** જોઇ વાંચકો વિચારી શકશે કે ૪૦૦ પૃષ્ઠના પુસ્તકની કિમ્મત અન્ય સ્થળે **દોઢ અને બે રૂપિયા** રાખે છે ત્યારે અમે **કેટલી બધી ઓછી કિમ્મત** રાખી છે? સસ્તી કિમ્મતની ફત્તેહ બાબતનું જ્વલંત ઉદાહરણ, સસ્તું-સાહિત્ય ખાતું પોતેજ આપણને બતાવી આપે છે. એ ખાતાએ જે કાર્ય કર્યું છે તે પ્રત્યેક કીર્તિદાન કરનાર લોભી શ્રીમંતોએ ધ્યાનમાં લેવા જેવું છે. ઓ ગુજરાતના શ્રીમંતજનો! ઓ ધનવાનો! ઓ કીર્તિદાનના ભૂખ્યા, ઉદાર મનુષ્યો! રા. બા. અને ખા. બા. કે ઓનરેબલ અને સી. આઈ. ઈ. કે સર થવામાંજ તમે જીવનનું સાર્થક્ય માનતા હો તો ભલે પણ જીવનનું ખરૂં સાર્થક્ય તો ગુર્જર પ્રજામાં ઉત્તમ ગ્રન્થોની વૃદ્ધિ થાય એવા ઉદ્યોગ કરવામાંજ—એવું દાન કરવામાંજ છે. તમારાં નેત્રો ઉઘાડી જૂવો કે એ ખાતું કેવું કાર્ય કરે છે? આજ કુવા, વાવ, તળાવ, ધર્મશાળા, દવાખાનાં, સેનિટેરીઅમ અથવા અન્નક્ષેત્રો બંધાવવાની જેટલી જરૂર અને જેટલી અગત્ય ધારવામાં આવે છે તેના કરતાં પણ વિશેષ અગત્ય તો આજે તમારા દેશના અજ્ઞાન અંધકારમાં ભટકતા, અથડાતા, કુટાતા અને અન્ન ધનના ક્લેશ વડે અનેક દુ:ખ વેઠી જીવન વિસર્જન કરનારા હજારો લાખો દેશ બંધુઓને જ્ઞાન પ્રકાશમાં લાવવાની જરૂર છે. અને તેને માટે લાખો રૂપિયા ધર્માદા કહાડી ઉત્તમ પ્રકારના ગ્રન્થો **સસ્તી કિમ્મતે છપાવી પ્રકટ કરવાની** જરૂર છે. તેમ થવાથી તમને કાંઇ થોડી કીર્તિ મળશે નહિ? સસ્તી કિમ્મતે ગ્રન્થો પ્રકટ થઇ જ્ઞાનની લ્હાણી થવાથી ઘેરે ઘેર તમારી કીર્તિનાં ગાન થશે. કુવો કે ધર્મશાળા તો એકજ ગામમાં તમારી કીર્તિ ગાયા કરશે પણ પુસ્તકો તો દેશે દેશ નિવાસ કરતી સમસ્ત ગુર્જર પ્રજાને ઘેરે ઘેર જઇ તમને ધન્યવાદ આપશે. ઘણા ધનવાન મનુષ્યો નાવારસ મરણ પામતાં પોતાના પૈસા કોઇ મંદિરમાં કે એવાજ ખાતામાં દાન આપી દે છે પણ કોઇ એવા મહા પુરૂષો પ્રકટ થશે કે જેઓ પોતાની પાછળ પોતાની પુંજી ઉત્તમ ગ્રન્થો ફેલાવવાના મહા પવિત્ર કામમાં દાન આપી જાય? અમે એ શુભ દિવસની વાટજ જોઇએ છીએ કે ક્યારે એવા શ્રીમંતો પ્રકટ થાય કે જેઓ

પોતાની હયાતીમાં અને પાછળ લાખો રૂપિયા ગુર્જર ગ્રન્થો પ્રસાર કરવાના પવિત્ર કામમાં દાન કરે !

ગુર્જર પ્રજામાં નવલકથાઓ દ્વારા ધર્મ, નીતિ, સંસાર, સમાજ, વગેરે અનેક પ્રકારના બોધપાઠ આપી શકાય એમ છે. અને તે વાંચક વર્ગને સહેલાઇથી પાચન થઈ શકે એમ છે. ધર્મના કે નીતિનાજ કેવલ ગ્રન્થો વાચતા સામાન્ય વાંચક વર્ગને કંટાળો આવે એ સ્વાભાવિક છે. પરંતુ સાંસારિક, સામાજિક, અને ઐતિહાસિક આદિ નવલકથાઓ વાંચક પ્રજા સહેલાઈથી આનંદપૂર્વક વાંચે છે. તે દ્વારા આપણે જોઇએ તે પ્રકારનુ જ્ઞાન આપી શકીએ એમ છે. યુરોપ અમેરિકાદિ દેશોમા તો નવલકથાઓ દ્વારા મોટા મોટા ફેરફારો–ઉથલપાથલો–થઈ છે. તે દેશની પ્રજા નવલકથા વાંચ્યા પછી તેમાની શિક્ષા પોતાના હૃદય પટ પર કોતરી રાખે છે અને તેજ પ્રમાણે વર્તવાને તૈયાર થાય છે. આપણા દેશની પ્રજા પણ ઉત્તમ પ્રકારના ગ્રન્થો વાચશે અને તે પ્રમાણે વર્તવાનો યત્ન કરશે તોજ તેઓની ઉન્નતિ થશે.

ચાલુ વર્ષમાં નીચલી નવલકથાઓ પ્રકટ કરવાની ઇચ્છા રાખી છે.

૧. પ્રમાધનની પ્રભુતા. પૃષ્ઠ ૪૦૦, **૨. મહાવીર બાપારાવ અથવા મેવાડનો સૂર્ય** (ઐતિહાસિક–પૃષ્ઠ આસરે ૨૦૦ થી ૨૫૦) **૩. રાજપૂત કથાકુંજ** (ટૉડ રાજસ્થાનમાની ઐતિહાસિક વાર્તાઓ કે જેનાં નામ ચિહ્ન હજુ પણ મેવાડ મારવાડમાંથી મળી આવે છે. પૃષ્ઠ આશરે ૧૫૦ થી ૨૦૦) **૪. બાદશાહી કથાકુંજ** (મોગલ બાદશાહોના વખતની ઐતિહાસિક ચિત્તવેધક પ્રેમમય વાર્તાઓ. પૃષ્ઠ આશરે ૨૦૦ થી ૨૫૦) **૫. મહારાણા પ્રતાપસિંહ** (ઐતિહાસિક. પૃષ્ઠ આશરે ૨૫૦ થી ૩૦૦.)

ચાલુ વર્ષમાં જો ઉપલી નવલકથાઓ આપતાં ૧૫૦૦ પૃષ્ઠ આપવામાં ઓછાં પૃષ્ઠ રહેશે તો બીજી નવલકથાઓ આપવામાં આવશે. અને તે પણ વાચવા લાયકજ હશે. દરેક નવલકથા સંપૂર્ણ આપવામાં આવશે.

નવલકથાનું સાહિત્ય ઘણુ વિશાળ છે. અને બંગાલી ભાષામા ઘણા ઉત્કૃષ્ટ પુસ્તકો બહાર પડયાં છે. તે ઉપરાંત મરાઠી, હિંદી, અને અંગ્રેજી ભાષામાં પણ ઘણાં પુસ્તકો છે. જે ભાષાન્તર કિંવા રૂપાન્તર કરીને ગુર્જર પ્રજાને આપવાની ઇચ્છા છે. ગુર્જર વિદ્વાનોને હાથે મૂળોત્પાદક (Original) નવલ-

કથાઓ લખાવી તેનો લાભ ગુર્જર પ્રજાને આપવાની પણ ઇચ્છા છે.મનુષ્ય સત્સંકલ્પ કરી શકે છે. પરંતુ તેને પરિપૂર્ણ કરવાનું કાર્ય તે મહાન અદ્રષ્ય સત્તાના હાથમાં છે. ઉત્કૃષ્ટ પ્રયત્નો દ્વારા ગુર્જર પ્રજાનું હૃદય ઉન્નત થાય, નિર્મળ થાય, સુસંસ્કારી થાય અને જનસમાજ સુખી થાય એજ પ્રભુ પ્રાર્થના.

આ સ્થળે અમારા જે જે પત્રકાર મિત્રો અને સ્નેહિ શુભેચ્છકોએ "સસ્તી વાર્તામાળા" પ્રત્યે સદ્‌ભાવ દર્શાવી બનતી મદદ આપી છે તેને માટે તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું. એક મિત્રની વિશેષ લાગણીથી આ કાર્યની પ્રવૃત્તિ થઈ છે તેમનો ઘણોજ ઉપકાર થયો છે. તેઓની સદ્‌ભાવના વડેજ આ કાર્યમા પ્રવૃત્ત થવાયું છે એ પણ નિશ્ચયજ. તેઓની ઇચ્છા નહિ હોવાથી તેમનુ નામ પ્રકટ કર્યું નથી લાંબા વખતના મ્હારા કેટલાક મિત્રોએ ભારતજીવન ઉપર આવી પડેલા બારિક પ્રસંગે પણ મ્હને ખરા હૃદયથી આશ્વાસન આપ્યુ હતું અને અનેક પ્રકારે સહાયતા આપવાની ઇચ્છા દર્શાવી હતી. તેમનો ઉપકાર હું કેમ ભૂલુ ? ૧૯૧૧ ના જુનથી તે ભારતજીવન પ્રકટ થાય ત્યા સુધીનો સર્વ હેવાલ ભારતજીવનમાં પ્રકટ કરવાની ઉત્કટ ઇચ્છા હોવાથી અત્ર વિશેષ લખવાની વૃત્તિ થતી નથી ભારતજીવનના ગ્રાહક બંધુઓને હાલ તો એટલુંજ આશ્વાસન અપાઈ શકે કે ભવિષ્યમા ભારતજીવન પ્રકટ થશે એમા શક નથી. ક્યારે પ્રકટ થશે તે અદ્રશ્ય સત્તા સિવાય કોણુ કહી શકે ?

અંતે વાચક બંધુઓ પ્રત્યે મ્હારી એજ પ્રાર્થના છે કે "**સસ્તી વાર્તામાળા**"ને પોતાના મિત્રવર્ગમાં સારી પેઠે ફેલાવવાની તસ્દી લેવી. તેમ થવાથી ગુર્જર સાહિત્ય વિશેષ ફેલાશે અને અનેક વ્યક્તિ તેનો લાભ લેશે તો તેઓ પોતાની ફરજ સમજશે અને સસ્તી કિમ્મતે ગુર્જર સાહિત્ય ફેલાવવાના સ્તુત્ય ઉદ્દેશને વિશેષ ઉત્તેજન મળશે. તેમજ દિન પ્રતિદિન ઉત્કૃષ્ટ વાચન આપવા સમર્થ થવાશે. ભારતજીવનદ્વારા જનસમાજની સેવા બજાવવા પુનઃ અનુકૂળ થવાય ત્યા સુધી "સસ્તી વાર્તામાળા"દ્વારા સેવા બજાવવામાજ સાર્થકતા માની છે. અમારા સુજ્ઞ વાચક બંધુઓ એ કાર્યમાં અંતઃકરણપૂર્વક સહાયતા આપે એજ પ્રાર્થના.

(હાલ) **અમદાવાદ.**
આષાઢ-ગુરૂપુર્ણિમા.
૧૯૬૯.

ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.

પ્રસ્તાવના.

"પ્રમાદધનની પ્રભુતા" પ્રજા સમક્ષ મુકતાં તેમાં સમાયલું રહસ્ય ઉલ્લેખ કરવું અવશ્યનું છે. પરમસ્નેહિ પૂજ્ય સ્વ. સા. ગોવર્ધનભાઇની લેખિનીથી મહત્તાને પામેલા સરસ્વતિચંદ્રના લેખ પ્રતિ પ્રજાના બેમત નથી. એમની નવલકથાના અંતમાં કુમુદની થયેલી સ્થિતિ મ્હને રૂચી નહિ અને તે સંબંધી રા. રા. ગોવર્ધનભાઈ સાથે વાત કરતાં મ્હેં તેઓને મ્હારૂં આ નવલકથાનું પ્લૉટ સૂચવ્યું અને એ પ્લોટ ઉપર એક નૉવેલ લખવા મ્હેં તેઓને આગ્રહ કર્યો. ત્યારે તેઓશ્રીએ કહ્યું હતું કે: "હવે મ્હારી ઇચ્છા નવલકથા લખવા તરફ નથી. ઉપનિષદોનું અધ્યયન કરૂં છું તે ઉપર લખીશ. તમોએ પ્લૉટ ઉદ્ભવાવ્યું છે તો તમો લખો." તેઓ સાથેની આ વાતચિત પછી મ્હેં આ નવલકથાનો થોડોક લેખ લખી તેમને વંચાવ્યો. તે તેમને પસંદ પડયો. પરંતુ તે પછીનો બધો ભાગ, ધી ભરૂચ ઇન્ડસ્ટ્રીઅલ કૉટન સ્પિનિંગ એન્ડ વિવિંગ કુંપની લીમીટેડની મિલ્ર કરવાથી અને તેના ઉદ્યોગમાં પડવાથી પડી રહ્યો. અને આખરે કેટલાક સ્નેહિઓની પ્રેરણાથી આ ગ્રંથ ઘણો કાળ વ્યતીત થયા પછી જાહેરમાં આવે છે. "પ્રમાદધનની પ્રભુતા" માં મુખ્ય ઉદ્દેશ એ સમાવેલો છે કે, જે જે વિષયો ઉપર રા. રા. ગોવર્ધનભાઇથી ઓછું લક્ષ અપાયું છે યાને જે જે પાત્રોની ગતિ આગળ વધારવાને બદલે તેમને તે કાર્યમાંથી બાતલ રાખેલા છે તે તે પાત્રોને–વિષયોને–વધારે પ્રાધાન્યત્વ આપ્યું છે તે વાચનારને વાચતાં વાચતાં સ્હેજ સમજાશે.

નવલકથાની વિષય શૈલી અવનવિત રચેલી છે. નાયક અને નાયિકા તથા ઉપનાયક અને ઉપનાયિકાના ચરિત્રો દર્શાવવા સાથે રસશૈલી જુદીજ પાડેલી છે.

આ ગ્રંથની નાયિકા કુમુદ છે અને નાયક પ્રમાદધન છે. ઉપનાયિકા કુસુમ છે અને ઉપનાયક સરસ્વતિચંદ્ર છે ગ્રંથની શરૂવાત ઉપનાયિકા કુસુમથી થાય છે. તે મુગ્ધા વયમાંથી શૃંગારમાં રંગાતી પ્રેમ જીવનમાં પ્રવેશ કરે છે. પ્રથમ મીરાં થવાની હઠ ધારતી હતી, તે મીરાં મટી ગૃહિણી થાય

છે. અને ગૃહિણીમાંથી ઉત્તરોત્તર ચઢતાં તુલસી, સીતા અને રાધાના ઉન્નમ પ્રેમ પ્રસાદની પ્રભુતા દર્શાવી પતિને આનંદ આપી સંસારને ચકિત કરે છે. આખરે તેને સગર્ભા સ્થિતિમાં છોડી છે; જે ભવિષ્યની લેખિનીને લલચાવનારૂં સાધન છે. ઉપનાયક સરસ્વતિચંદ્રને વધુ તસ્દી આપી નથી. મહાન શ્રમ, નાયક પાસેજ કરાવ્યો છે.

આ ગ્રંથના નાયક પ્રમાદધનનો કથા ભાગ, સરસ્વતિચંદ્રના ત્રીજા ભાગમા પ્રમાદધન નદીમા તણાયો કે કુવામાં પડયો કે સમુદ્રમાં પડયો તે સંશયાત્મક વર્ણવ્યુ છે. આ ગ્રંથમાં સમુદ્રમાં તણાઈ આવવાની સંકલના કરી અને પ્લોટ તદ્દન નવીનજ કલ્પેલુ છે. સમુદ્રમાથી સ્ટીમરના કેપ્ટને તેને બચાવી લેવાવી સમુદ્રમાં પ્રયાણ કરી ઈંગ્લેન્ડમાં મહા પુરૂષાર્થ પ્રકટાવ્યો છે. ઇંગ્લેન્ડમાં સત્સંગતિના પ્રતાપથી કુનેહ, બુદ્ધિને યોગાનયોગના સંયોગથી તે પરમ મહત્તાને પામ્યો. વ્યાપાર તન્મા લક્ષ આપી પરમ સિદ્ધિને પામવા સાથે રાજદ્વારી પારિતોષકો પામી જનમંડળની અગ્રદષ્ટિ ઉપર આવ્યો. યુરોપ, અમેરિકા, આફ્રિકા તથા એસિયામા વ્યાપારથી મહાન નામના પ્રાપ્ત કરી. ઇંગ્લેન્ડમા ઇલ્કાબોથી ઉચી પંક્તિમાં આવવાથી ઉંચા જનમંડળમા ભેળાવાને ધર્મપત્નિની આવસ્યકતા છે; એ પ્રશ્ન ગંભીર રૂપ પકડયુ, અને તેમાં પ્રિયાની આવસ્યકતા જણાઈ. પ્રિયા સારૂ પ્રિતમે પ્રયાસ આરંભ્યો. એ મનોવેધક પ્રેમયાતનાનો ભાવ આખા ગ્રંથમાં ધ્વનિત થયેલો છે. ઘણી નવલકથાઓ રચાઇ છે તેમાં નાયિકાઓએ પોતાની ચતુરાઇથી પતિને મેળવ્યો છે ત્યારે આ નવલકથામાં પ્રિતમે, પ્રેમયાતના કરતાં કરતાં, અવ્યવસ્થિત સ્થિતિમા રહેતાં, દૈવી કૃપાપ્રસાદથી—પતિએ—પત્નિ મેળવી છે. સત્ય તપાચરણના પ્રતાપથી દૈવી કૃપા, ક્લેશમય જીવનનો અંત આણી વિભૂતિપ્રસાદ ખિલાવે છે; તેનુ આ તાદશ્ય ચિત્ર છે અને તે તરૂણાવસ્થામાં સંસાર યાત્રાએ નિકળનાર દંપતિઓને નિતિના માર્ગ ઉપર દોરવવાને આકર્ષણ કરનાર મહા શિક્ષણ છે. રીતિ, નીતિ, અને યોગ વિભૂતિના મહાપ્રસાદની છાયા પાડતાં, જગત્ માત્રમાં ભ્રાતૃભાવ વધારવાની મહત્તા બોધતાં, યાગવિદ્યાના પ્રભાવથી નક્ષત્રમંડળ સાથે જનમંડળનો યોગ કરી મહાન્ વિભૂતિઓ પેદા કરી સકળ જગત્માં શાંતિ પ્રસરે એવો ઉદ્યોગ કરવાની પ્રેરણાનું અંકુર ફોડયું છે. તથા જનમંડળમાં આગેવાન ગણાતા પુરૂષોને હુન્નર ઉદ્યોગનાં સાધનો

વધારી તે દ્વારાજ ગુર્જર પ્રજાની સારી સેવા બજાવવાની ટકોર કરી છે. આગેવાન પુરૂષો અન્ય કાર્યોમાં ઝોકાવ્યાં કરે છે તેને બદલે આ દેશના પ્રાચીન અર્વાચીન ઉદ્યોગ હુન્નર સતેજ કરવા મહેનત કરે તો દરિદ્ર ગુજરાતમાંથી **રાત મટીને** કંઇક **દિવસ થાય** એમ આ લેખકનુ માનવું છે. બીજી ચળવળો કરતાં એજ ચળવળ હિતકારી છે એ ઉંડો વિચાર કરતાં સ્હમજાશેજ. છેવટે કુમુદને સંસારના દ્વારમાં પ્રવેશ કરાવી નવીન લેખિની માટે વિસ્તીર્ણ ક્ષેત્ર ઉભુ રાખતાં નવલ કથાનો અંત આણેલો છે. વિયોગીનો સંયોગ કરાવ્યો છે. પ્રમાદીને ઉદ્યોગ પ્રાય બનાવ્યો છે. શોકને બદલે હર્ષ દર્શાવ્યો છે. અનીતિ જણાતી ત્યાં સુનીતિ રચી છે. અને અપવિત્રતાને બદલે પવિત્રતાનો વિસ્તાર વધાર્યો છે. એ આ નવલ કથા વાંચતાંજ જણાઇ આવ્યા વગર રહેશે નહિ.

દરેક પ્રકરણમાં, નવીન રસશૈલીનો પ્રભાવ પ્રસરાવતાં અવનવિત રસોને પ્રાધાન્યત્વ આપેલું છે. તે દરેક પ્રકરણમાં પ્રવેશ કરતાં વાંચકને જણાશે. સમાવેલા વિષયમાં કેટલાંક વિવેચનો અનુભવી જીવનનુ દર્શન દેતાં હોવાથી ઘણાકને અમુક વ્યક્તિ ઉપર ટીકા કર્યાનું ભાન થશે પરંતુ લેખકની એવી જરા પણ ઇચ્છા નથી. અને મલીન વૃતિથી કોઇના અંતઃકરણને ક્ષોભ થાય એવું કરવાનો સ્વપ્ને પણ વિચાર નથી. તેમ છતા કોઇ વ્યકિતને એવું લાગે તો ક્ષમા ચાહું છું. નવલ કથાનુ સૂત્ર ઘણું ટુંકું છે. અને ગ્રંથનો વિસ્તાર મ્હોટો છે તેમ થવામાં રસ દોષ, જોડણી દોષ કે વાક્ય દોષ થયો હોય તો તે દોષો હંસ ક્ષીર ન્યાયે સાર ગ્રહી કૃતાર્થ કરશો.

ભવિષ્યની લેખિનીને, યોગદ્વારા ગગનમંડળમાં જનમંડળને નિમંત્રણ કરેલું છે. અધ્યાત્મ વિદ્યાની મહત્તાનુ અંકુર ફોડયું છે. સ્થૂળ સૂક્ષ્મ વિદ્યાનો સંયોગ કરી, અપૂર્વ બળ પેદા કરી, પરમ કલ્યાણની શ્રેણી તરફ ઉરછતી પ્રજાને દોરવવા લલચાવી છે. પ્રભુ, ભવિષ્યની પ્રજાને જનલોક ઉપરાંતની વિભૂતિઓ પ્રાપ્ત કરી લેખિનીનો આદેશ સાર્થક્ય કરે એવી પ્રાર્થના છે. અને જે કાળમાં તેમ થશે ત્યારે લેખિની કૃતાર્થ થઈ છે એમ સમજાશે. અને પ્રભુ તેમ કરો. તથાસ્તુ.

ભરૂચ.
તા. ૪-૪-૧૩ } **ધીરજલાલ નરભેરામ.**

ગ્રાહકોને સૂચના.

૧. **સસ્તી વાર્તામાળાના** ગ્રાહકોને કાચા પૂઠાનું **વાર્ષિક લવાજમ રૂ. બે** અને પાકા પૂંઠાનું **રૂ. ત્રણ** પોસ્ટેજ સુદ્ધાં. (વી. પી. ખર્ચ ૦–૧–૦ વધુ.) છૂટક પુસ્તકો વેચાતાં મળશે નહિ; વાર્ષિક લવાજમ ભરનારનેજ વર્ષની શરૂઆતથી પુસ્તકો મોકલવામાં આવશે.

૨. **આફ્રીકાના** ગ્રાહકો માટે કાચા પૂઠાના રૂા. ૨–૬–૦ અને પાકા પુઠાના રૂા. ૩–૧૨–૦ લવાજમ છે. જે તેઓએ પોષ્ટલ ઓર્ડર અથવા મની-ઑર્ડરદ્વારા અગાઉથી મોકલવા. અને પત્રમા નામ ઠામ વગેરે સ્પષ્ટ લખવું.

૩. પ્રમાદધનની પ્રભુતા નવલકથાના પ્રસ્તાવના સાથે પૃષ્ઠ ૪૦૦ થયા છે. (જાહેર ખબરનાં પાનાં ગણવામાં આવ્યાં નથી) એટલે મહિને ૧૨૫ પાનાં આપવાનાં તે હિસાબે ત્રણ મહિના ઉપરાંતના અંકો તેમને મળી જાય છે. તેથી **હવેનું પુસ્તક "મહાવીર બાપારાવ"** અથવા **"મેવાડનો સૂર્ય"** ઐતિહાસિક નવલકથા, **આસો સુદ પૂર્ણિમા** (તા. ૧૫–૧૦–૧૩) ના અરસામાં ગ્રાહકોને પોષ્ટ કરવામાં આવશે. પ્રત્યેક ગ્રાહકનુ નામ, ઠામ ઠેકાણું બરોબર તપાસીને જ પોષ્ટ થશે. પરંતુ ગ્રાહકોએ પણ બીજું પુસ્તક મળતાં પહેલાં પોતાનુ ઠેકાણું બદલાય તો તુરતજ પુરેપુરા સરનામા સાથે અમને ખબર આપવી. એક બે મહિના માટે પોષ્ટમાંજ બંદોબસ્ત કરી લેવો.

૪. પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહકોએ જવાબ માટે રિપ્લાઇ કાર્ડ અથવા ટીકીટ મોકલવી, તે વિના જવાબ મળશે નહિ.

૫. પ્રત્યેક ગ્રાહક બંધુને ભલામણ છે કે અમારા આ પવિત્ર કાર્યમાં ગ્રાહકો મેળવી આપી મદદ કરવી. તેમ કરવાથી તેઓ જાતીય સાહિત્યને ફેલાવવાના ધાર્મિક કાર્યમાં મદદ કરે છે એમજ સમજવાનું છે.

૬. અમદાવાદમાં છપાવવાની સગવડ પડતી હોવાથી બેવડો ખર્ચ નહિં કરવા માટેજ પુસ્તકો રવાના કરવાનું તથા પ્રતિ ઉત્તર લખવાનું કાર્ય અમદાવાદથીજ કરવાની ગોઠવણ રાખી છે. મુબઇનાં ગ્રાહકો માટે અનુકૂળતા પર્યંત મુબઈમાંથીજ પુસ્તકો મળશે અથવા અમદાવાદથી પોષ્ટ કરવામાં આવશે. હવાપાણીની અનુકૂળતા અને નિશ્ચિંતતાપૂર્વક કાર્ય કરવા માટેજ ચોક્કસ પ્રકારની ગોઠવણો રાખવી પડી છે. **મેનેજર.**

સસ્તી વાર્તામાળા મળવાનાં ઠેકાણાં.

૧. મુંબઇ—રા. રા. નારૂશંકર હરિપ્રસાદ દેસાઈ.
નવાબ ઑફ કેમ્બે બિલ્ડીંગની ઑફિસ, પ્રિન્સેસ સ્ટ્રીટ કાલબાદેવી.

૨. ,, શા. મેઘજી હીરજીની કું. જૈન બુકસેલર્સ પાયધુની.

૩. સુરત—શા. રંગીલદાસ કાસીદાસ.
જનરલ મર્ચંટ–બરનપુરી ભાગળ.

૪. અમદાવાદ—મેસર્સ અનુભાઈ ભુરાભાઈ ઠાકોરની કું. રાયપુર
ચકલામાં મહાદેવના દેવળ સ્હામુ–શાખા ઑફિસમાંથી.

૫. રા. રા. બાલાભાઈ છગનલાલ જૈન બુકસેલર.

પ્રત્યેક શહેરોમાં "સસ્તી વાર્તામાળા" માટે એજન્ટો જોઇએ છે. જેઓની ઇચ્છા હોય તેમણે કમિશન વગેરે માટે વ્યવસ્થાપક સાથે પત્રવ્યવહાર ચલાવવો.

બદલામાં મોકલવામાં આવતાં વર્તમાન પત્રો, માસિક પત્રો તથા અભિપ્રાય માટે મોકલાતાં પુસ્તકો અને બીજો સર્વ પત્ર વ્યવહાર, મનીઑર્ડર તથા પોષ્ટલ ચેક વગેરે સર્વ મેનેજરને નીચલે સરનામે જ કરવું:—

ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.
મેનેજર–ભારતજીવન અને સસ્તી વાર્તામાળા.
મુંબઈ નં. ૧૩.

પ્રકરણાનુક્રમ.

પ્રમાદધનની પ્રભુતા.

પ્રકરણ ૧ લું.

કુસુમમાં પ્રીતિનો ઉદ્ભવ.

न कठोरं नवातीक्ष्णं मायुधं पुष्प धन्वनः
तथापि जितमेवाऽस्मी दमुना भुवनत्रयं
एकं वस्तु द्विधाकर्तुं बहवः सन्ति धन्विनः
धन्वी समार एवैको द्वयोरैक्यं करोतियः

"પુષ્પના ધનુષ્યવાળા (કામદેવ)નું આયુધ્ કઠોર નથી અને તિક્ષ્ણ નથી તો પણ તે વડેજ આ ત્રણે ભુવન જીતાયા છે. એક વસ્તુની બે કરી નાખનાર ઘણા ધનુષ્યધારિયો છે, પરંતુ બેના એક કરી નાખનાર તો ફક્ત તે એકજ પુષ્પ-ધનુષ્યવાળો (કામદેવ) છે."

In loving thou dost well, in passion not;
Wherein true love consists not,
Love refines the thoughts and heart enlarges;
has its seat in reason, and is judicious, is the
Scale. By which to heavenly love
thou mayst ascend. *Milton.*

"પ્રેમ કરવામા તું સારૂ કરેછે, પરંતુ મનોવિકારમા સારૂં નથી, ખરો પ્રેમ તેમાં નથી. પ્રેમ વિચારને સુધારે છે અને હૃદયને વિકસિત કરે છે. તેનું આસન બુદ્ધિમાં છે અને તે વિવેકી છે. પ્રેમ છે એ નિસરણી છે જેના સાધનથી સ્વર્ગીય પ્રેમે તું ચઢી શકશે."

" પ્રીતડીની રીત અતિ અટપટી ઓધવજી,
થવાનો ઉપાય પણ જાવાનો જડે નહિં;

* * * *

" સુણો ઓધવજી પ્રેમ તણો પંથ અગમ તમો શું જાણો,
સ્નેહ સાગરનું નથી પીધું પય ત્યાં લગી જોગ વખાણો.

દયારામ.

કુસુમને મુંબાઇ આવે એક વર્ષ વિતી ગયું હતું મનોહર મબાની આધિ, વ્યાધિ અને ઉપાધિના ગુણદોષથી તે પરિચિત થઇ ગઇ હતી. નવા જીવનનુ તારતમ્ય તેના આગળ ઉન્નત થતું સૃષ્ટિક્રમમાં ધસવા વેગપૂર્વક તત્પર થયુ હતું. અણસુંધ્યું ફૂલ, નખવડે પણ અણચુંટી કળી, અણુવિંધ્યું મોતી, અણચાખ્યુ નવું મધ, ને ખંડિત થવા ન પામેલા પુષ્પના ફળ જેવી કુસુમના શુદ્ધ અંતઃકરણમા, કુસુમશરધારિયે સત્તા મેળવવા માંડી હતી. વાંચનાર, કુસુમનો વાંક કહાડતા નહિ. ત્રિગુણાત્મક સૃષ્ટિના કૃમનો એ એક ચમત્કાર છે. તેની સત્તા સકળ ઉપર થોડી કે ઘણી સમય પરત્વે મહત્તા સ્થાપે છે. જીવન સૃષ્ટિમાં સત્ત્વ, રજ અને તમ એ દ્રઢ બંધન છે. સત્ત્વગુણ વધે છે ત્યારે જ્ઞાનની પ્રાપ્તિ થઇ પરમપદમાં જવાય છે. રજોગુણ વધે છે ત્યારે સ્વકાર્યમાં ઉત્સાહ અને પ્રવૃત્તિ વધે છે અને તેથી પ્રેમ, પ્રીતિ, પ્રિયતા, પ્રણય, સ્નેહ, ભક્તિ એ જુદા જુદા રૂપમાં ગણાતા રજોગુણના પરમાણુઓ સ્ફૂરિ રહેછે. તમોગુણ વધે છે ત્યારે દ્વેષ, વૈર, તિરસ્કાર, વિરોધ આદિ વિનાશક પરમાણુઓ પ્રબળતા દર્શાવે છે.

સત્વગુણ પ્રાપ્ત થતા પહેલાં તમ અને રજને જીતવા પડે છે. તેમાં નીચ કોટીનો તમોગુણ કેવળ દુઃખથી ભરેલો છે. તે સકળના નાશનું કારણ છે. તેને તરવાને અતિ યત્ન કરવો પડે છે. રજોગુણ એ સત્વ અને તમની વચ્ચેનો પ્રદેશ છે. રજોગુણી પ્રકૃતિ તમમાં પણ જઇ શકે છે. રજોગુણના પ્રદેશમાં રહી પ્રેમને ઉત્તરોત્તર ઉચ્ચ પ્રદેશમાં આણે તો પ્રેમ લક્ષણામાંથી

પરાભક્તિમાં જઈ પરમ પદને પામે છે અને જે પ્રેમને દ્વેષનું કારણ કરી તમોગુણમાં પ્રવેશ કરે તો નીચગામી થઈ અધમ દશામાં આવી પડે છે. રજોગુણના પ્રેમ પ્રદેશમાં ઉર્ધ્વગામી હોય છે તે મનુષ્યો શુભ પ્રદેશમાં જઈ શુદ્ધ પ્રેમામૃત પી અમર થાય છે. રજોગુણના પ્રદેશમાં સુખ દુ:ખ મિશ્ર અનેક વનો આવે છે અને તેમને ભેદી સત્વગુણના પ્રદેશમાં જતાં દામ્પત્યપ્રેમ, મિત્રપ્રેમ, પ્રજાપ્રેમ, માતાપીતા પ્રેમ, કુટુંબપ્રેમ, સ્વદેશપ્રેમ, જગતપ્રેમ, ઈત્યાદિ પ્રદેશને ભેદતા ભેદતા અન્તે પ્રભુપ્રેમના પ્રદેશમાં મહા પદને પામવા જવાય છે. એ રીતે સંસાર સાગર અને ભવસાગર તરવાને પ્રેમરૂપી નૌકામાં બેસી, પ્રેમ ભૂમિકાના પ્રદેશમાં થઈને જવાની, જીવન સરિતા સર્વ મનુષ્યને આવશ્યકતા થાય છે તે પ્રેમજીવનના જીવનના ચમત્કાર કુસુમને થવા માંડયા હતા. વિચાવલી પ્રેમ કળીમાં સરસ્વતિચંદ્રના પ્રેમ કિરણોએ પ્રવેશ કરી તેને વિકસાવવા માંડી હતી તે વિકાસ પામતા પામતા આજે એકાએક પૂર્ણ વિકાસને પામી છે. અણુવારેલા નવા મદે તેને મદોન્મત્ત બનાવી છે. સ્વતંત્ર મદમાં મદોન્મત્ત હસ્તિનીની પેઠે વિચરનારીને, પ્રેમગંભીરે નમ્ર અને મર્યાદશીલ બનાવી છે. લજ્જા વિવેક શુભમનના ઉપર લાલી પસરાવી છે અને હૃદયમાં થતા વિકારે નરમ મીણ જેવી બનાવી આધિનતા સ્વિકારાવી છે. અત્યાર સુધી સર્વને નહિ ગણ કરનારી કુસુમ, હૃદયના અધિશ્વરને સહસા આધિન થવા લાગી છે.

સરસ્વતિચંદ્રે, કુસુમની વૃત્તિને અનુભવી પ્રેમવ વૃત્તિમાં લાવવા અને સંસાર સાગરમાં નાખવા ઉતાવળ કરી નાખવાની ક્રિયા રસિક બને અને રસિકતાને સમજતાં થાય તેવી અનુકૂળતા કરી આપી, દ્રઢતા રાખી, પ્રેમામૃત સાગરમાં પડવા અને પાડવાની યોજના ઘડી હતી.

તેને અનુસરી વિહારનાં સ્થાનો અને અંગ્રેજી તથા પ્રાચીન વિદ્યાને અનુસરી રસિકતાની વૃદ્ધિ સાથે બુદ્ધિ પરિપક્વ થવા જેવા ગ્રંથો આદિની સામગ્રી પુરી પાડેલી હતી. વિહારનાં સ્થાનો રમણિય અને ચક્ષુને ઠારે એવાં હતાં. અવર સ્થળ કરતાં મુંબઈના વિલાસની વાડીઓ આજે વધારે લક્ષ ખેંચનારી છે. તેમાં સરસ્વતિચંદ્રનાં વિહારાશ્રમો અતિ ઉત્તમ હતાં. દરેક

વિહારાશ્રમમાં ઋતુ ઋતુને અનુકૂળ થઇ પડે એવા વૈભવની ગોઠવણ રાખી હતી. એટલુંજ નહિ પરંતુ જે જે સમયે જે જે ઋતુનાં સુખની ઇચ્છા થાય તેવા સુખને અનુભવાવે એવાં વિહારાશ્રમો તૈયાર કરેલાં હતાં. ગ્રીષ્મ, વર્ષા, હેમંત આદિ ષટ્ ઋતુઓ, પ્રાતઃકાળ, મધ્યાહ્નકાળ, અને સાયંકાળના સુખને યથાયોગ્ય પ્રાપ્ત કરાવે એવા મંડપો, રાત્રિના પ્રથમ પ્રહરથી તે ચારે પ્રહર સુધીને માટે અનુકૂળ થાય એવાં શયનગૃહો, ચંદ્રિકા સમયે અનુભવવાની ગચ્છીઓ અને તેમાં શીતાદિના દોષો પ્રવેશ ન કરે તે માટે બિલ્લોરી કાચથી આચ્છાદિત કરેલા ઘુમટ જેવા આકારના ઉત્તમ પ્રકારનાં આચ્છાદનો બનાવી ચાંદનિની અપૂર્વ મનોહરતામાં અસિમતા દર્શાવવા અનહદ યત્ન કીધો હતો. વસંતની મનોહરતાનો અનુભવ કરવા અને તેમાં કોયલના ટૌકાનો મધુર ધ્વનિ ગર્જાવવા કૃત્રિમ પણ નૈસર્ગિક આનંદ આપતી યુક્તિઓ રચવામાં કચ્ચાશ રાખી નહોતી, અને ન્હાના ન્હાના બેસવા ઉઠવાને કરેલા વિનોદ વિહારને અનુકૂળતા આપે એવાં સ્થાનોની મણા ન્હોતી રાખી. મુખ્યત્વે કરીને કુસુમ જેવી સ્વતંત્ર વિચારપ્રવાહમાં વહેતી બાલિકાને, સૃષ્ટિનો ચમત્કાર ધીમે ધીમે સંસાર-વાહિની બનાવે એવી રચના રચવામાં વધારે લક્ષ અપાયું હતું, અને અવકાશ સમયે બેસતાં ઉઠતા, સહસા દ્રષ્ટિપાત કરતાં, પણ નવિન ચમત્કાર લાગી કુસુમના હૃદયની ઝીણી ઝીણી ગુંચવણો, સુતરની ગુંચવાયલી ગાંઠોની પેઠે ઉકલી જાય એવી જોગવાઇ કરવામાં આવી હતી. નાના પ્રકારના ફૂવારા, કૃત્રિમ હોજો અને કેટલેક સ્થળે હોજ છતા ભૂમિનુ ભાન કરાવતાં સ્થાનો અને કેટલેક સ્થળે ભૂમિ છતાં હોજનુ ભાન કરાવતાં સ્થાનો રચેલાં હતાં. તેમજ દરેક સ્થળ, ઇરાની ગાલીચા, સેતરંજીઓ, તથા જાજમોથી યોગ્યતા પ્રમાણે આચ્છાદિત કર્યાં હતા. દરેક ખંડના વિભાગ પાડી તેમાં તેને અનુસરતાં અમેરિકન, ઇટાલિયન તથા રવિવર્માને હાથે ચિત્રેલાં ચિત્રો ગોઠવેલાં હતાં. નાના પ્રકારના ધૂપોથી સુવાસિત કરવાની યોજનામાં ખામી નહોતી. તેમજ જ્યારે અને જ્યાં જોઇએ ત્યાં હાથ લાગે એમ અત્તર, સેંટ, લવેન્ડર-વૉટર ગોઠવ્યાં હતાં. મેવા મીઠાઇની પણ સારી અનુકૂળતા રાખી હતી. ગાન

નાનની ઇચ્છાને સંતોષવા માટે હારમોનિયમ, કળથી વાગતાં ફોનોગ્રાફ વાજાં તથા નૃત્ય કરતી પુતળીઓ સ્થળે સ્થળે ગોઠવી હતી. નવિન નવિન કૌતકો જોવાની મનોવૃત્તિને શાંત પાડવા માટે ઇલેકટ્રીસિટીથી થતા ચમત્કારોનાં યંત્રો વગસર ગોઠવવામાં આવ્યાં હતાં. ગુલાબ, મોગરો, જુઇ, મન્દાર તથા બકુલનાં પુષ્પોની માળાઓ, ખીંટીઓ, વિરામાસન તથા શયનાસન ઉપર લટકી રહી, મંદ મંદ પવન આવતાં મગજને તૃપ્ત કરવાને નિત્ય નિયમિત્ત ગોઠવાતી હતી.

આજે આ દરેક સ્થળે કુસુમ ફેરા ઉપર ફેરા મારી થાકી હતી. તેના જીવને જરાપણ્ કરાર જણાતો નહોતો મુખ ઉપર લાલી પ્રસરી રહી હતી. આંખમાં લજ્જા આવતી હતી. નાકનાં ટેરવાં ઉપરની નસ જરા જરા ઉન્નત થતી, નવિન કૌતક કરતી અને તેથી હૃદય ઉપર નવિન તત્વ સત્તા પ્રસરતી હોય એમ કલ્પી શકાતું હતું. જેણે મીરાબાઈ થવા દૃઢ આગ્રહ કર્યો હતો, જે મદનના નામને પણ્ ધિ઼કારતી હતી. મદનને શોધવાને જેણે જરાપણ્ પ્રયત્ન કર્યો ન હતો, જેને તે ઓળખતી પણ્ નહોતી, તેની કળા શાને કહેવી તેની જેને બ્રાંતિ પણ્ નહોતી, કૌમાર્યાવસ્થામાં ઉચ્છૃંખલ, સ્વતંત્ર રહી જેના બળને સર્વદા નિર્માલ્ય ગણ્તી હતી, સર્વકાળ કૌમાર્યતા નિભાવવાને જે બાલ્યાવસ્થાથીજ આગ્રહી હતી, અને તેથીજ તે સ્રંગારના કાવ્યને પણ્ દૂર પટકી દેતી હતી, મદનની વાસનાયુક્ત વાતોને તોડી પાડતી હતી, તેના ઉપર અખાડા કરતી હતી, પરણ્વાની વાતો કરનારને ધક્કા મારતી હતી તેજ કુસુમના શરીરમાં ગુપ્તપણે, લક્ષ્યમાં ન આવી શકે એવી રીતે, અણ્દીઠે અને અણ્સ્પર્શે મદને નાડીએ નાડીએ અને રૂંવે રૂંવે તનમનાટ મચાવી મુક્યો હતો. મુગ્ધા કુસુમના હૃદયનાં પડે પડે સ્રંગારનો રંગ રંગાઈ ગયો હતો. જેનું જ્ઞાન ઉચ્ચ તેનો અભિલાષ ઉચ્ચ, તેનું સ્વાતંત્ર્ય ઉચ્ચ અને તેના મદનનો તનમનાટ સાધારણ્ આદમીથી ન કળાય એવો હોય છે. ચકોર કુસુમનાં કુમળા શરીર ઉપર મદનદૈવત ચમકારા મારી તેને ચમકાવી રહ્યું હતું. તેના લાવણ્યમાં આજે વિલક્ષણ્ ફેરફાર થયો હતો. યુવાવસ્થાને પ્રથમ પગથિયે ચઢેલી કુસુમ પ્રથમ સ્વછંદે જે કંઈ કરતી તે કરવાની હિમ્મત હમણાં મદને હરી લીધી હતી. લાવણ્ય અને

મર્યાદાએ તેને લજ્જાશીળ બનાવી હતી. તેને શરીર સંકોચવાની અને સોડિયું વાળવાની એકાંતમાં પણ જરૂર પડી જતી હતી. મણીરાજનો સત્કાર કરવા ધસેલી, ભૂરૂં રેશમી ઓઢણું તથા કસુંબલ ચણીઓ પહેરી, ગૌરવર્ણથી નિખાલસ જણાતી કુસુમ, આજે તેજ વર્ણ અને તેજ સૌંદર્યયુક્ત હોવા છતાં વય વધવાથી તેનામાં ન્યૂનતાજ જણાતી હતી, કેમકે અદ્રષ્ય મદને એને બાહુપાશમાં પકડી હતી. મદનને એણે બહુએ તરછોડયો, બહુએ વેગળો રાખ્યો, પણ [1]કાકીનાં વેણ સત્ય થવા જેવું થવા માંડયુ અણદીઠે, અણઇચ્છાએ મદને તેને વયને હીંચકે ચઢાવી હીંચકા ખવડાવવા માંડયા હૃદયમા ઉલ્કાપાત કીધો. હૃદયમાં થઈ વહેતા શોણિતના સમુદ્રને મન્થીએ ચગાવ્યો. ઉષ્ણ શોણિતના રેલા નસેનસમાં ઉછળવા લાગ્યા. મદનના વાયુએ એ નાસિકામાંથી જોસભેર વહેવા માંડયુ. મગજના ચાકને ભમાવી નાખ્યુ. મદનવંટોલીએ ચઢલા દેહને વિભ્રાંત બનાવી દીધો. એના ચિત્તને હરી લીધુ ચગડોળે ચઢાવી દીધુ, એવી વિભ્રાંત સ્થિતિ અનુભવતી સકોમળ બાળાનાં કામાર્યંત્રમાં મહાન ઉલ્કાપાત થવા માંડયો. એના સુગોળ બાહુ, સુગોળ મણીકંકણથી મદન ગર્જના દર્શાવતા દૂરપતા નહોતા શુક જેવી મનોહર નાસિકા મદન રગની પતાકા ઉડાવતી હોય તેમ નીચી ઉચી થતી જોનારને એના હૃદયભાવનો ભાસ આપતી હતી. ગૌર ગાલમાં તકતકતો ગુલાબી રગ જોનારની આંખમાં એના હૃદયની છાયાના ચિત્રને ખડુ કરતી હતો. ગોળ પયોધરને સુંદર ઝીણી મલમલની ઝુલવાળી ચોળીથી આચ્છાદિત કર્યા છતા તે અદર સમાવા ન માગતાં હોય તેમ શ્વાસોશ્વાસથી ઉછળતાં તે ઉપર આવી રહેલી ગોળ મોતીની ગોળ માળાને ગોળ પયોધર ઉછાળી રહ્યા હતાં. કુસુમ વારે વારે કેશ પ્રદેશ ઉપર હાથ ફેરવી તેને વ્યવસ્થિત કરવાને યત્ન કરતી, તેથી જાણે તે મદન પતાકાને સમેટવા મથતી હોય તેમ વગર વિચારે અને વગર ધાર્યે તેનાથી આપોઆપ હાવભાવ થઈ જતા હતા. શરીર ઉપર ધારણ કરેલો કેસરી રગનો ઝીણો રૂપેરી પટીવાળો સાળુ, શરીરને આચ્છાદન કરવાનુ ભૂલી જઈ, વારે વારે અવયવોથી અવ્યવસ્થિત થતો સ્વચ્છંદી જણાતો હતો. તેમાં મર્યાદાને સાચ-

---

[1] સુંદરગૌરી.

વવાનું કાર્ય લઈ બેઠેલા બન્ને હાથ, મર્યાદા સાચવવાનું કામ કરવા જતાં જતાં જાણે મદનને આધિન થયા હોય તેમ મદનના તનમનાટને વધારે ઉચ્છૃંખલ થવાનું સાધન આપતા જણાતા હતા જે સર્વને બોલ બોલતાં બાંધતી તે આજે મદનથી કોણ જાણે કેમ બંધાઇ ગઇ હતી! બંધાનારીને તેની કશી ખબર નહોતી. આજે બે ઘટિકામાં તો તેણે તેના મગજને અને તેના હૃદયને ડોહોળી નાંખ્યું હતું. હમણાં એને કોઈ જોનાર નહોતું, તેમ તેનાથી કોઇને કંઇ કહેવાય એવું નહોતું, તેમ કોઇને કહેવાની તેની હિમ્મત ચાલે તેમ પણ નહોતું. મદન જેમ જેમ તેને દોરી લઈ ગયો તેમ તેમ તે મુંગી મુંગી ગઇ અને આખરે થાકી નિઃશ્વાસ મુકતી મુકતી રંગભુવનના એક સોફા ઉપર પડી ઉંડો નિઃશ્વાસ મુક્યો. નિઃશ્વાસ મુકનારીને તે શાથી નિઃશ્વાસ મુકતી હતી તેનુ ભાન નહોતું. તેણે તો છાનામાના સોફા ઉપર પડી શયનગૃહને જોયાજ કર્યું. આંખમા આંસુની છાલકો ભરાઇ આવી. શાથી આંસુ આવ્યાં તેની તેને કશી પણ ભ્રાન્તિ નહોતી પણ એટલામાં સહસા રંગમહેલની ભીંત ઉપર દ્રષ્ટિ પડી. સરસ્વતિચંદ્રની સર્વાંગ ચિત્રેલી મનોહર છબી દ્રષ્ટિએ પડી. તે જોઈ છેક લજ્જાયમાન થઇ ગઈ અને ચક્ષુમાં કંઇ ઓરજ ચમત્કાર થવા માંડયો. કેટલીકવાર સુધી તો તે છબીને તાકી તાકીને જોઇ રહી. વળી નિઃશ્વાસ મુક્યો અને તેણે મનને પ્રશ્ન પુછયોઃ " મ્હારા આવા હાલ શાથી થયા છે? હાય, હાય, હું આવી ઘેલી કેમ બની છું? અરે, મને ઘેલી કુસુમ કહી જે મંત્ર, મંત્ર મુકનારીએ મુકયો છે ત્યારથીજ ઘેલી થઇછું. અરે, એ મંત્ર મુકનારીએ મ્હારા ટેકને તજાવ્યો છે એને હુ શું કહુ? અરે! સ્વતત્ર સ્વચ્છંદી મીરાંબાઇને તેંજ પાંજરામાં પુરી છે. હવે એને મ્હારાથી શુ કહેવાશે? એને કહેવામાં મ્હારી ફજેતી થશે. એ મ્હને હસશે. અરે કુમુદબ્હેન, તેં મ્હને મીરાં થતાં અટકાવી. હું બંધાતી નહોતી, એણે મ્હને બાંધી. એ મ્હને કહેતી કે, "ત્હારા ઉપર હું બળ કરતી નથી." પણ એણે મ્હને એવા ખાડામાં નાંખી કે, મ્હારા ઉપર કોણ બળ કરે છે તે પણ કળાતું નથી. વળી એ ડાહી ડમરીએ મ્હારી પરીક્ષા કરી અને ન્યાય આપ્યો કે હેતુ વિનાનો પક્ષપાત તેજ સ્નેહ. હા,

બ્હેન હા, ત્હારી એ પરીક્ષા ખરી પડી. હું જુઠી થઇ. આ છબી તેથીજ મ્હારા ઉપર સત્તા ચલાવે છે. કુમુદ, વ્હાલી કુમુદ, આજે હું ત્હને નહિ મળું. ગુમાનબાને મુખ નહિ બતાવું. લે કુમુદ, તું મ્હને હસશે તે મ્હારાથી જરાપણુ ખમાશે નહિ. હું કૌમાર્ય અવસ્થામાં જેવી ઉચ્છૃંખલ હતી તેવી થઈ ત્હને ધક્કો મારીશ. હા, બાપુ હા, હવે તુંએ મ્હારી મજાક કરવાની! કહે, તેં મ્હને ઘેલી કુસુમ કેમ કહી?"

"પ્રાણી માત્રના જીવનમાં પળે પળે નવી નવિનતા આવે છે. એ ત્હારો ઉપદેશ ખોટો ન પડયો. કાકી, માયા અને કાયા બેનો ભય કહેતી, અને એકલાં કૌમાર્યવ્રત્ત પાળવાથી હાની છે તથા જીવન નષ્ટ ભ્રષ્ટ થવાનો સંભવ છે એવું કુમુદ તું સમજાવતી તે પણુ આજે ખરૂં દેખાવા લાગ્યું. ત્યારે શું મ્હારા સ્વતંત્રતાના વિચાર ખોટા હતા? તે શી રીતે ખોટા પડયા તે જરા પણુ સમજાતું નથી. હા, બ્હેન કુમુદ, તું જીતી. તેં મ્હને થકવી. મ્હને કળથી વાળી પણુ હવે આજે તો મ્હને જરા પણુ કળ વળતી નથી. એ સર્વ દુઃખ–મનોપાધિના બીજને તુંજ રોપનાર છે. એની જ દોષિત છે." એમ કહેતાં કહેતાં આંખને વિકસાવી જરા તેજસ્વી કરી ઠપકો આપવા જેવું ચિહ્ન કર્યું પણુ એનો ઠપકો સાંભળનાર કોઇ નહોતું. એટલામાં સોફાની બીજી બાજુએ દ્રષ્ટિ કરી, ત્યાં કુમુદની છબી દ્રષ્ટિએ પડી. કુસુમ શરમાઇ ગઇ. જાણે મ્હોટી બ્હેન પોતાની સન્મુખ હોય તેમ લાજ લાગી અને તે લજ્જાનાં માર્યા મ્હોં ઉપર ઘુમટો તાણી દઇ, શરમનાં માર્યા મુખને સંતાડી દઇ, સોફા ઉપર ઉંધું નાંખી સુઈ ગઇ. કેટલીક વાર સુધી ઉંચું મુખ કરવાની ભ્રાન્તિ રહી નહિ.

સ્થૂળ કામ વાસનાથી દૂર રહેવાનો આગ્રહ ધરનારીના હૃદયપટ ઉપર આજે સૂક્ષ્મ કામે પૂર્ણ સત્તા ચલાવી. સંસારિણી છતાં કૌમાર્યવ્રત્ત પાળવા ઇચ્છનારીને નવિન સત્તા હેઠળ દબાવી તે ધીમે ધીમે સોફા ઉપર બેઠી. કુમુદની છબીથી લજ્જાશીલ થએલી બાળા સરસ્વતિચંદ્રની છબી નીચે એક સુંદર બીલોરનો આયનો હતો તેમાં પોતાનું વ્હાલરૂં મુખ અને કેશપાશમાંથી છુટા પડી આગળ આવેલા પવનથી જરા જરા ઉડતા વાળોને જોઇ

તેને સમારતી પાછી લજ્જાને આધિન થઈ ગઇ. તે મનમાં ને મનમાં બોલી: "બળ્યુ, આમ બેસી રહેવાથી ઉલટી બેચેની વધશે. મન માંકડું છે, એને તો પાંજરામાં પુરેલુંજ કામનું." એમ કહેતાં કહેતાં સોફા ઉપરથી ઉઠી પુસ્તકો તરફ ધસી. પુસ્તકો હાથમાં લેવા માંડયાં. પુસ્તકોનો મ્હોટો ભાગ એણે વાંચી નાખ્યો હતો, તેથી તેમાં નવિન પુસ્તકો જોવા લાગી. પ્રથમ જે પુસ્તકોમાં સાર નહિ જણાયલો તેજ પુસ્તકોને ફેંદવા લાગી. એક ગ્રંથ ખોલતાં નીચેનું પદ દ્રષ્ટિએ પડયુ:

વસંત તિલકાવૃત્ત.

આ કામનો સચિવ ચંદ્ર શૂરો બનીને,
તારા ગણો રૂપિ સિપાઇ જમા કરીને;
જેઓ પ્રિયા મુકી પ્રવાસિ પણે રહે છે,
તે લોકને અતિ સજા કરવા ચઢે છે. ૧

વાંચતાં વાંચતાં કુસુમ વિચારમાં પડી. "આ તો ઉલટું નિકળ્યું. આજે તો મ્હને સજા થાય છે, ત્યારે શુ એમને પણુ આમ હશે?" વિચાર કરતાં કરતાં શરમાઇ ગઈ. વળી જરા આગળ વાંચ્યું:

વંશસ્થ વૃત્ત.

વિયોગિને મોસમ આ અનંગની;
અતી સતાવે કિરણોથી ચંદની;
પ્રિયા તણો જે સ્થળમાં નિવાસ છે,
ન હોય ત્યાં આ રૂતુ તોજ ઠીક છે. ૨

"શું પુરૂષો આટલી બધી દયાના અધિદેવ હશે?" પતિ ઉપર પ્રેમ-વાત્સલ્ય તરી આવ્યું. પતિની મુખ મુદ્રાને પાછી છબીમાં નિહાળી વિચારમાં પડી. પાસેની ગોળ ટેબલ ઉપર આખા કુટુંબની છબિનું એક આલ્બમ પડયું હતું, તેના ઉપર સરસ્વતિચંદ્રની છેલ્લી અને તાજી છબી સુંદર ફ્રેમમાં મઢી મુકી હતી. તે હાથમાં લઇ છાતી સાથે ચાંપવા લાગી, ધીમે ધીમે નિહાળવા

૧–૨ રંભા રતિલાલ ત્રોટક.

લાગી. એટલામાં બુક કેસમાં સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેસાઇએ પ્રગટ કરેલું બૃહત કાવ્ય દોહન હતું તે હાથમાં લીધુ ને પાનુ ખોલતાંજ દ્રષ્ટિ પડી:

કન્યા કહે અવયવ પ્રભુના, આ પુરૂષ કોઈ વૃદ્ધ,
ચિત્રલેખાએ લખીને દેખાડયો, કાગળમાં અનીરૂદ્ધ.

કાગળમાં.

મુગટ ભમર પર વદન સુધાકર, નેત્ર બે અંબૂજ,
ઘેલી ઓખા ધાઇને ભેટી, કાગળને ભરી ભૂજ.

કાગળમાં.

ધન્ય ધન્ય નાથજી, હાથ ગૃહીને, ન મૂકીએ તે બીડી સારૂ;
હૃદય અબળાનુ હોય કાચુ, કોણુ ગજુ છે મ્હારૂ.

કાગળમાં.

ના, ના, બોલો મારા સમ છે, લાજો છો શા માટે,
ચિત્રલેહા કહે ન હોય સ્વામી, વળગ્યામાં કાગળ ફાટે.

કાગળમા.

"વળગ્યામાં કાગળ ફાટે! વળગ્યા......માં. કાગળ ફાટે! હા, હા, વળગ્યામાં કાગળ ફાટે. પ્રેમાનંદ ભટ, "તે પણ મ્હારી મશ્કરી કરી!" છાતી સાથે ચાંપેલી છબી સાથે એ પદ વળી પાછુ પાચ છ વખત રટન કરતાં કરતાં છબીને ચક્ષુ સામી ધરી વળી હેત આવવાથી અધર સુધી લઇ ગઇ. છબી બગડશે એ ભ્રાંતિએ જરા થોભી. વળી પુસ્તકમાં નજર ગઇ:

વલણ

કાગળ ફાટે કામની, ચિત્રલેહા બોલી વાણીરે;
ઓખા કહે તુ દ્વારિકાંથી, આપ પ્રભુને આણીરે;

"મ્હારે તો સખીએ નથી. અહા, ચિત્રલેહા જેવી સખી કેવી હશે? અહા, સંસારમાં વળી સખીનુંએ કામ? સખી શુ અંતરની ગાંઠોને ધીમે ધીમે ઉકેલતી હશે? શું પ્રેમાનંદે ગપ્પાં તો નથી માર્યા? ગમે તેમ હોય, પણ "વળગ્યામાં કાગળ ફાટે." એ વાક્યે તો મને આબેહૂબ મહાત કરી છે. પ્રેમાનંદ તુએ ખરો, આજે તેં મ્હને ચમકાવી. જે બધાને થર-

થરાવતી હતી, તેને જરાવારમાં તેં મહાત કરી." તેણે વળી સ્નેહમુદ્રાને ખોલી દૃષ્ટિ નાંખી. તે વાંચતાં બમણી ચકિત થઈ. કુસુમ થરથર કંપવા લાગી

નથી ગમતું–ગમતું નથી ગમતુંરે,
પ્રિય પ્રાણ ? તું વણ નથી ગમતુંરે. નથી.
શુ કરવુ તે સુઝતું નથી, ને મન;
બ્હાવરૂ બ્હાવરૂ ભમતુંરે. નથી.

સ્નેહ મુદ્રાને હાથમાં લઈ, દૂર નાંખી દઈ, જાણે તેના ઉપર ગુસ્સે કરતી હોય તેમ ગણગણી:

"મ્હારા હૃદયની તું શુ મશ્કરી કરે છે ! ત્હને રાંક કુસુમજ જડી ?' સ્નેહમુદ્રા બિચારી વિખરાએલી દૂર પડીજ રહી.

કુસુમનુ ચિત્ત વ્યગ્ર થયુ હતું. તે શાંતિ શોધતી હતી. પુસ્તકો એના મિત્ર હતાં, તે પુસ્તકો સાથે આજે રીસાતી અને મનાતી હતી. તેણે દયારામ કાવ્ય હાથમાં લીધું એક હાથમાં દયારામ કાવ્ય છે અને બીજા હાથને ટેબલ ઉપર ટેકવી પગને અર્ધલંગડ આકૃતિએ રાખી, દ્રષ્ટિને સરસ્વતિચંદ્રના છબીમાં પરોવી. છબી જોતાં જોતાં કાવ્યમા જોયુ. કાવ્યમાં ચમત્કાર જણાયો

કામણ દીસે છે અલબેલા તારી આંખમાંરે;
ભોળુ ભાખમાંરે, કામણ દીસે છે અલબેલા. ટેક.
મંદ હસીને ચિતડું ચોર્યું, કુટિલ કટાક્ષે કાળજ કોર્યું;
અદપડિયાળી આંખે, ઝિણું ઝાંખમાંરે. ભોળું.
નખશીખ રૂપ ઘણું રઢીયાળુ, લટકયું સઘળુ કામણગારૂં;
છાના ખંજન રાખે પંકજ પાખમાંરે. ભોળું.

છબી જોતાં જોતાં બાળા છબીમા તદાકાર થવા લાગી અને ગણ ગણવા લાગી. વળી છબી સામા ચાળા કરવા લાગી અને ચક્ષુને પતિમ તદાકાર કરી બોલવા લાગી:

નખશીખ રૂપ ઘણું રઢીઆળુ, લટકયું સઘળુ કામણગારૂ;
હા, હા, રઢીયાળુ રૂપ ઘણું કામણગારૂ કામણગારૂં...કામણગારૂં.

વ્હાલ ભરી રસવરણી વાણી, તારૂણીનું મન લે છે તાણી;
ભ્રુકુટીમાં ભટકાઇ ભૂરખી નાંખમારે. બોળી.

પતિની મૂર્તિમાં તદાકાર થએલી બાળા બેબાકળી બની હાથમાં કાવ્ય લઈ મરજી મુજબ ગાવા લાગી. કંઇક કાવ્યમાંનું અને કંઇ મોઢાનું હોવાથી તેમાં હેરફેર થવા લાગ્યો:

" ઘેલી કીધી છે ઘેલી કીધી, વ્હાલા ચંદ્ર તેં તો ઘેલી કરીરે;
સુક્ષ્મ પ્રેમતંત્રના જાણકાર, તેં તો ઘેલી કરીરે. ટેક.
કોણ જાણે કે તુંમાં કામણ છે કે, ત્હારી છબી છે કામણ ભરીરે;
સ્હામાને શિક્ષા દેતી શાણી, સ્વાધીન રહેતી કુળ લાજ ધરીરે.
તેં મને પરવશ પાડી પાતળીયા, મ્હારી શુદ્ધ બુદ્ધ સર્વે હરીરે;
અમૃત સરખી ત્હારી સહુ કહે છે વાણી સુણીએ તો જવાય મરીરે.
મંદ હંસણી વાંકી ચિંતવણીમાં તેં વાલમ છાની દીધી છે છરીરે.
કોણ ચોઘડીએ તુંમાં ચિત્ત ચ્હોંટયું, તે મ્હારી પાસે ન આવ્યું ફરીરે."

છેલ્લા પદ ઉપર અતિશય ભાર દઇ પ્રેમ રોષ કરતાં, ક્રોધ અને પ્રેમને દર્શાવતાં, છબી સામું જોતાં જોતાં કાળજા ઉપર હાથ રાખી દીનતા દર્શાવતી બોલી: " ખરેખર, કોણ ચોઘડીએ તુંમાં ચિત્ત ચ્હોંટયું તે મ્હારી પાસે ન આવ્યું ફરી. ન આવ્યું ફરી. હાય, નજ આવ્યું. હા, તમેજ ચોરી રાખ્યું છે." એમ કહી સરસ્વતિચંદ્રની છબી સામો લાંબો હાથ કર્યો " હા, તમે ચોર્યું છે. મ્હારૂ ચોરાયું છે. તમારી પાસે છે પણ મ્હારો અનમી ટેક સ્વચ્છંદીપણાની શૃંખલાને ક્યાં છોડે છે? તમે પણ ડાહ્યા ડમરા થઇ મ્હારૂં ચિત્ત ચોરી મ્હને ચકડોળે ચડાવો છો. હું ચકડોળે ચડું છું. તેને તમે કેમ વારતા નથી? ના, મ્હારા વ્હાલા, તમને કેમ ઠપકો દઉ? કુસુદે કરાર કર્યો છે. કળથી થશે, બળથી નહિ વળાય. હાય, આવી રીતે કળ હોતી હશે! જ્ઞાનિઓનું જ્ઞાન, યોગિઓનો યોગ, અને અનમિઓનો ટેક તજાતા હશે તે શું આવી કળોથીજ?" છબી સામું જોઇ પ્રેમ આર્જવતાથી બોલી: " મ્હારા વ્હાલા, આવી કળ તે તમારી પાસે શી છે? હવે તો હું બહુ ગભરાઉ છું. આવો, તમારી કળને અજમાવો અને મ્હને

શાંત પાડો." કાવ્યનાં થોડાં પાનાં ઉલટાવ્યાં. કંઇ કાવ્યમાંનું ને કંઇ મોંનું સેળભેળ ગાવા માંડયું:

"છે અગમ પંથ સ્નેહનોરે, ઓધવજી તેં નથી દીઠો;
ત્યાં લગી જ્ઞાન ગોઠેરે, જોગ પણ છે મીઠો.
જોગ તો તને જોઇએ રે, જેનું મન જગમાં ભમે;
તે તો અચળ મ્હારૂં રે, ચિત્ત પ્રિતમાં રમે.
જેનું મન માનેરે, જોગ સુખેથી ગ્રહો;
હું તો એહ માગું રે, સરસ્વતિચંદ્રસુ પ્રિત રહો.
તમારા તો હરિ સઘળે રે, અમારા તો એક સ્થળે;
તમો રીઝો ચાંદરણેરે, હું તો રીઝું ચંદ્ર મળે.

છેલ્લા પદને બે ત્રણ ચાર ફેરી લંબાવ્યું. છબી સામું જોઇ પ્રેમ કુતૂહળ કર્યું. દીનતાથી આર્જવતા ભરેલે મુખે દયામણી થઈ છબી સામુ જોઇ ઉભી રહી. દેવ વિનિંદિત પતિની પ્રતિમાને નિહાળી રહી. તેના સામું કોમળ હાથની બે હથેળીને એકત્ર કરી હૃદય સાથે અડકાડી, હાથ જોડીને નમન કરતી, આધિનતા સ્વીકારતી, મદન વિષની લહેરોને અનુભવતી હોય તેમ તેવા ભાવ કરતાં બોલી:

"સુખ થશે પ્રીતમજીરે, જ્યારે ગ્રહશો હાથ;
દાસી ભણી દયા કરજો, પ્રભુ દીનાનાથ.
તમ સમોવડ હું નથીરે, મ્હારા અંતર જામી;
જેવી તેવી પણ શરણ, આવી છું હું સ્વામી.
(રૂક્ષમણી વિવાહ.)

જાણે આ અરજ સ્વીકારવામાં આવી હોય અને તેના શ્રવણથી માંગણી કબૂલ થઇ હોય તેવો ટાકસંચો આવી મળ્યો. સરસ્વતિચંદ્ર, કુસુમ હતી તે તરફ આવતો જણાયો. તેને જોઇ કુસુમ કંઇક પ્રેમ અને કંઇક લજ્જા તથા આનંદની પરિસીમાને અનુભવવા લાગી. પ્રિય મૂર્તિ દ્રષ્ટિ સમીપ આવવા લાગી તેમ તેમ લજ્જાએ કૌતક કરાવવા માંડયું. લ્હાડ વાતી હોય

તેમ રોમાંચ થયો. હૃદયે જોસબંધ ધબકવા માંડયું. અંગમાં અનંગ જ્વરનો ચમકારો ચમકી રહ્યો છતાં ચેતનને અચેતન રૂપે રાખી, પતિને અર્ધ આંખે જોવાય પણ પતિ અચેતન જાણે એવી રીતે આંખો વિંચાએલી રાખી, પતિની દ્રષ્ટિ આકર્ષવાનો મુગ્ધાએ પ્રયોગ આરંભ્યો. દ્રષ્ટિથી પતિની ઝાંખી કરવાને, પતિના હૃદયમાં સ્થૂળ કામવાસનાની રૂચી ઉદય પામે એવા ગોગથી સુકુમાર લાવણ્યમયી દેહને સોફા ઉપર ગોઠવ્યું અને એક હાથ કેશપાશની નીચે આણી, બીજા હાથને ચક્ષુ પ્રદેશને અર્ધ આચ્છાદન કરતો શીરો ભાગ સુધી જવા દઇ થોભાવ્યો. આમ થવામાં ચળકતાં કરકંકણો જોનારને શરીર વિલાસ સારૂ લોભાવવાને ગોઠવાઇ ગયાં હતાં, અને તેમાં ટચલી આંગળીમાં આવી રહેલી તેજસ્વી હીરાની વીંટી સેંથાની સ્નેતતા સાથે ભળી કાળા ચળકતા વાળમાં ચળકાટ પસારતી હતી. કાનમાં ઘાલેલા એરિંગમાંનું નીચેનુ એરિંગ અર્ધું દબાઇ ગુલાબી ગાલના પ્રદેશ પાસે ક્ષિતિજમાં દબાયેલા તારાની પેઠે ચળકતું હતું, અને ઉપલા કાનમાં લટકી રહેલુ એરિંગ એના તેજ પ્રવાહથી કેશ પ્રદેશ સુધી દ્રષ્ટિને ખેંચવાને આકર્ષણ કરી રહ્યું હતું. કોણીના મધ્ય ભાગથી આચ્છાદન થએલી નાસિકા તથા ચક્ષુઓ, કોણીનો આશ્રય લઇ સર્વ પ્રકારની પોતાની નિર્બળતાને સંતાડવાનો પરિશ્રમ લઇ બેઠાં હતાં. આવી રીતે ચક્ષુ અને નાસિકાના પ્રદેશને આચ્છાદન કરવા જતાં તેણે પયોધર નજીકનો બગલનો પ્રદેશ, ઠેઠ કુખ સુધી જોનારની દ્રષ્ટિને નિરંકુશિતપણે નિહાળવાને માર્ગ કરી આપતો હતો. સરસ્વતિચંદ્ર રંગભુવનના દ્વાર પાસે આવ્યો. મુગ્ધાના હૃદયમાં ભાર વધવા માંડયો. તેણે પ્રથમ તો શરમના માર્યા છેક આંખો વીંચી દીધી અને એક દિવસ વાલકેશ્વરના બંગલામાં જે બાળા, લજ્જાનો ત્યાગ કરી, સુતેલા પતિના રાત્રિના કમળપુટ પેઠે બીડાએલા અધરપુટ ઉપર પોતાના અધરને ધરવા જવા તત્પર થએલી હતી તે આજે છેક ધૈર્યહિન થઇ, નિર્બળ થઇ, સોફાને આધિન થએલી હતી. કેસરી સાળુની વાળેલી સોડ પવન આવવાથી ફરફર ઉડવા લાગી. માથા ઉપરનો છેડો ખસી ગયો, તેથી કેશ પ્રદેશમાંથી કેટલાક વાળ છૂટા પડી કપાળ ઉપર ઉડવા લાગ્યા. પવનના વેગથી ઉડતો

સાળુ ઘડિકમાં પગ આગળથી ઉડતો અને ઘડિકમાં માથેથી સરતો અને ઘડિકમા છાતીના ભાગ આગળથી ઉપસતો હતો. છાતીના ઉપસેલા ભાગ આગળ, છાતી સરસો દાબીને મુકેલો સરસ્વતિચંદ્રનો ફોટોગ્રાફ પણ પવનથી સાળુ સાથે ઉંચો નીચો થતો હતો.

સરસ્વતિચંદ્રની દ્રષ્ટિ પ્રથમ પ્રિયા ઉપર ગઇ, પછી સાળુનાં કુતૂહળ ઉપર ગઇ અને ત્યાર પછી છાતીના ભાગ ઉપર, નીચા ઉંચા થતાં ફોટોગ્રાફ ઉપર ગઈ. દ્રષ્ટિને કૌતક લાગ્યું. નિહાળતાં પોતાનો ફોટોગ્રાફ જણાયો. દ્રષ્ટિમાં પ્રેમામૃત રેલાવા લાગ્યુ.

પ્રિયાના ઉડતા વસ્ત્રના છેડાને વ્યવસ્થિત કરવા વૃત્તિ ગઈ. હાથને શરીર ઉપર ફેરવતાં ફેરવતાં શરીરમા મધુર અમૃત પ્રવાહ પ્રસાર્યો અને તે સ્પર્શ રૂપી અમૃતે આંખ વિંચનારીના અન્તરાત્માને મહાવિશ્વાસ આપ્યો. કેશ અને વસ્ત્ર સમુ કરવા રોકાયેલા હાથે, પ્રિયાની હડપચી ઝાલવા તૈયારી કરી. પ્રિયાની નિદ્રા ભંગ થશે, બાળા ચમકશે, એ વિચારે તેણે હાથને ખેંચી લીધો. મદનથી ગૌરવાન્વિત થએલા ગૌર શરીરની સુંદરતા ઉપર દ્રષ્ટિ પડતાં મન લોભાયુ. તેણે ગાલ અને હોઠ સુધી મુખને લંબાવ્યુ. નીચો નમતાં હાથમાની બુક ઉપર દ્રષ્ટિ પડી. અણુચિંત્યો વિચારમાં પડયો. મુખ ઉંચુ લઇ લીધું. ઘડીઆળ સામુ જોયુ ને હાંફ્લો ફાંફ્લો થતો પોતાની ટેબલ સામો ધસ્યો. જરા ખુરશીને ખસેડી બુકને ઉંચી મેલી હાથમાં કાગળ લઇ સ્ટીલથી લખવાનો આરંભ કર્યો.

પ્રિય સ્પર્શના સુખથી આનંદ માનતી કુસુમ હાલ્યા ચાલ્યા વિના અત્યાર સુધી પડી રહી હતી, તે પ્રિય મૂર્તિને એકાએક ખસી જતી જોઇ મહા ખેદ પામી. વળી આશા બાંધી. પ્રિય મૂર્તિ આવશે. લખવામાં મચેલા સરસ્વતિચંદ્રને તેની ઇચ્છા પૂર્ણ કરવાનો અવકાશ મળ્યો નહિ, તેમ તેણે લીધોએ નહિ. હાલ્યા ચાલ્યા વિના થોડો કાળ ગત કર્યા પછી પડી રહેવાયું નહિ. પવનથી ઉડતાં વસ્ત્રે એને વ્યવસ્થા કરવાની જરૂર પાડવા માંડી. ખોટી નિદ્રાનો ઢોંગ કરનારી આખરે હારી અને આંખ ચોળતી બેઠી થઈ. બે એક બગાસાં ખાઈ નાંખ્યાં. જરા બંગડીનો ખડખડાટ કરી નાંખ્યો. બે

ચાર પળ સુધી ઉઘાડી આંખે પ્રિય મૂર્તિ નિહાળી. નિહાળતાં નિહાળતાં દ્રષ્ટિ તૃપ્તિ પામી નહિ. મન બહુ અધિરૂં થયું. પ્રિયતમે જરાએ જોયું નહિ, કેમકે તેનું મન કામમાં તદાકાર થયું હતું. તે કર્તવ્યમાં મચેલો હતો. કર્ત્તવ્ય કરનાર પોતાના કાર્યમાં તદાકાર હોય છે. તેની તદાકાર વૃત્તિ કર્ત્તવ્ય પુરૂ થયા સિવાય બીજી તરફ જતી નથી. પ્રિયા અધિરી થઈ ઉઠી. તે ધીરજ રાખી શકી નહિ. વૈભવ લોભ ઉત્પન્ન થતાં ધીમે ધીમે પતિની ખુરસી પાસે જઇ, ખુરસીના પાછલા ભાગ ઉપર હાથ નાંખી દયામણે મોઢે ઊભી રહી. પતિ સ્વકાર્યમાં ગુલતાન હતો. પ્રિયા પર દ્રષ્ટિ કરી નહિ. પ્રિયાની ધીરજ વધારે અધિરી થઇ. તેણે પત્રમાં દ્રષ્ટિ નાખવા માંડી. પ્રિયાના શ્વાસોશ્વાસ લખનારના શરીરને સ્પર્શ કરવા માંડયા. જરા સ્મિત હાસ્ય કરી મધુરી દ્રષ્ટિ નાંખતા સરસ્વતિચંદ્રે કલમ અટકાવી. પ્રિયા શરમાઈ ગઇ. લજ્જાયમાન થતા ગુલાબી ગાલ ઉપર લાલી પસરી ગઈ. એક નિમિષ માત્ર પ્રિયાની સૌંદર્યતા નિહાળી ખડીયામાં કલમ બોળી લખવા માંડયુ. હવે લખવાનુ કામ સહેલું નહોતું આંખે મગજ ઉપર અને મગજે હૃદય ઉપર કાબુ બેસાડયો હતો. વાકયો ઉપર વાકયો ચેરાવા માંડયાં. વળી પાછો પ્રિયતમ લખતાં થંભ્યો. પ્રિયાએ પતિનું મન ખેંચ્યું. આજે પ્રિયા પતિને પ્રેમાર્દ્રવૃત્તિ વ્હાલી લાગી. એટલામાં પતિએ ઘડીઆળમાં જોઇ મ્હોટે સ્વરે ઉચ્ચાર કીધોઃ "ઓ હો, આ તો પોણાચાર થયા, અર્ધા કલાક પ્હેલાં તો ત્યાં જવાની જરૂર છે."

સરસ્વતિચંદ્રઃ રામા.

રામોઃ સાહેબ.

સરસ્વતિચંદ્રઃ બુટ, પાટલુન, કોટ લાવ.

રામાએ બુટ પાટલુન કોટ અને સ્ટૉકિંગ રજુ કર્યા. સરસ્વતિચંદ્રે સ્ટૉકિંગ પહેરવા માંડયાં. પ્રિયા પાસેજ ઉભી હતી. આજની કુસુમ રોજ કરતાં જુદીજ હતી. પતિની ઉતાવળ જોઈ આશ્ચર્ય પામી હોય એવાં ચિહ્ન કરતી ગાલે આંગળી દઈ થોડીવાર સુધી ઉભી રહી. પ્રિયાના મુખલાવણ્ય ઉપર વિચિત્ર વિકારો સત્તા ચલાવતા હતા, તેનો ભેદ સરસ્વતિચંદ્ર પામી ગયો. પરંતુ પોતાના જાહેર કર્ત્તવ્યની દરકારમાં પ્રિયાની દરકાર સામે અખાડા

કર્યા. કુસુમ મુગ્ધા હતી. તે પતિનો ભાવ જાણી ગઈ. તેના મને તેને વારવાનો ઘણો પ્રયત્ન કર્યો, પણ વેગવાળું મન હાથમાં રહ્યું નહિ. તેણે ધીમે રહીને પતિના કસબી દુપટ્ટાનો છેડો હાથમાં લીધો. સરસ્વતિચંદ્રે તો ક્યારનાંએ ઝટપટ વસ્ત્રો પહેરી લીધાં હતાં અને ચાલવાની તૈયારી કરી હતી. દુપટ્ટો જરા ખેંચાયો એટલે પ્રિયા તરફ દ્રષ્ટિ ગઈ. રતાશ પ્રસરેલા મર્યાદશીળ મુખથી મર્યાદાને આધિન થએલી નીચું જોઇ રહી.

પતિએ પ્રશ્ન કર્યો: " દુપટ્ટો કેમ પકડયો ?

કુસુમ: " આજે આટલી બધી ત્વરા કેમ છે ?

સરસ્વતિચંદ્ર: " આજે મ્હોટો મેળાવડો છે. કલકત્તેથી સુરેન્દ્રનાથ બેનરજી આવ્યા છે." લાજાળી કુસુમ હિમ્મત રાખી બોલી: " તેમાં અમારે શું ?"

સરસ્વતિચંદ્ર: ટાઉન હૉલમાં મિટીંગ છે. તેમાં નિરૂદ્યમી ભારતવાસીઓને ઉદ્યોગ ધંધે વળગાડવા સંબંધી ભાષણ થઇ સમગ્ર હિંદુસ્થાનમાં ફંડ ઉભું થવાનુ છે, અને તેમ કરી દેશ સેવાનુ કર્ત્તવ્ય બજાવવાનું છે.

" હા, રાત ને દિવસ દેશકર્ત્તવ્ય હોય ત્યારે, સંસારનાં કર્તવ્ય પણ હશે ખરાં કે ? દેશના હક્ક, તેમ ગૃહિણીના હક્ક હશે ખરા કે ?" કુસુમ, મહા લજ્જામાં પણ ઉશ્કેરાએલી સ્થીતિમાં દુપટ્ટાના છેડાને હાથમાં રમાડતાં, મ્હોં મલકાવતાં બોલી.

સરસ્વતિચંદ્ર: " આજે તમે અવળું કેમ બોલો છો ?"

કુસુમ: "દેશના હક્ક, બાહ્ય સંસારના હક્ક અને વ્યવહાર કુશળતા માટે જનમંડળના હક્ક છે; પણ ફક્ત આર્ય સંસારમાં ગૃહિણીના હક મૉળા છે."

સરસ્વતિચંદ્ર: "કોણ કહે છે કે આર્ય સંસારમાં ગૃહિણીના હક્ક નથી ! ખાવું પીવું એ સર્વ તમારે અમારે સરખું છે, પણ પુરૂષોથી ગર્ભ ધારણ થશે નહિ અને સ્ત્રીના હક છિનવી લેવાશે નહિ."

મહાત થએલી પ્રિયાએ પ્રેમમય ચક્ષુથી સવિનય દ્રષ્ટિ નાખતાં શરીરમાં વ્યાપેલી ઉષ્ણતા અને રોમાન્ચિતતાને અનુભવતાં કંઈ જવાબ દીધો નહિ.

સરસ્વતિચંદ્ર ત્વરામાં હતો. ઘડીઆળ સ્હામી દ્રષ્ટિ કરતાં વખત પુરો થઇ ગયેલો જણાતો હતો. પ્રિયાની વૃત્તિ–કળા મપાઇ ગઇ હતી, અને બળથી ન કરવાનું તે કળથી કુદ્રતે કર્યું, તેનો ભેદ તે પામી ગયો. વખત વ્યતિત કરવાનો સમય નહોતો. તે મ્હોં મલકાવી બોલ્યો: "સ્વદેશ કર્તવ્ય આગળ ગૃહિણીના હક્ક સબળ નથી. દેશ પ્રત્યેનું કર્તવ્ય સ્ત્રી અને પુરૂષ બંનેનું છે. તે કર્તવ્યમાં ખામી આવવાથી ઉભયનું કર્તવ્ય ચુકાય છે."

એમ કહેતાં કહેતાં ગળામાં આંટો મારેલો દુપટ્ટો છોડી દઇ સરસ્વતિચંદ્ર ત્વરાથી રંગમહેલમાંથી નીચે ઉતરી પડયો. કુસુમ ફિક્કી પડી ગઈ, શરમાઈ લજ્જામાં ગરક થઈ ગઇ, તેના ગાલ ઉપર શરમના સેરડા પડી ગયા. તોપણ પતિ જ્યાં સુધી દેખાયો ત્યાં સુધી જોવાને મનોવૃત્તિયે આંખને ઉસ્કેર્યા કરી. પતિ દ્રષ્ટિથી બહાર ગયો કે ઉંડો નિઃશ્વાસ મુકી જાણે ઉંડા પાતાળમાં ઉતરી પડી હોય તેવો વિકાર અનુભવતી કુસુમ, ગાલ ઉપર આંગળી મુકી રોવા જેવી થઇ ક્ષણભર વ્યગ્ર ચિત્તે ઉભી રહી. ન ગમે તેને હાલવું કે ન સુઝે ચાલવું. કંઇકિ ક્રોધ, કંઇક પ્રેમ, અને કંઇક લજ્જાના આવેશથી ધ્રુજતી ધ્રુજતી જરા બડબડી: "હાય! આજે મ્હને કોણે બ્હાવરી બનાવી છે! મીરાં થવાને ઇચ્છિનારીને તે આ શું? રે, એણે તો મ્હને મોહિની લગાડી, મોહિની લગાડી. ખરે! મોહિની શું છે, તે આજે જ મ્હેં જાણ્યું. મ્હારૂં અટલ અડગ મન ડગી ગયું. અરે રે! મ્હારૂં પાણી મપાઈ ગયુ. હવે એમને હું શું મ્હોં બતાવીશ? અરે, સુંદર કાકી મ્હારી મજાક કરશે તે તો વળી જુદી." જાણે કાકી સ્હામી ઉભી હોય અને હાથની બે આંગળીઓ લાંબી અક્કડ કરી તેને તાકીને ગુસ્સામાં તેના સ્હામી ધસતી હોય અને ક્રોધ દર્શાવતી હોય તેમ આંગળાં કરી બોલી: "લ્યો કાકી, તમે મ્હારી મજાક કરશો તે મ્હારાથી નહિ ખમાય?"

"અરે! કાકી તો છેજ ક્યાં, પણ હમણાં પાછા મિટિંગમાંથી આવશે અને મ્હારી મજાક કરશે તો હું શું કહીશ? બળ્યું મ્હારૂં મન." એમ કહેતાં કહેતાં સરસ્વતિચંદ્રની છબી ઉપર દ્રષ્ટિ પડી ગઇ. કુસુમ જરા ચમકી અને ક્ષણભર રોમાંચ અનુભવ્યો. લલિત લાવણ્યમય મુખકળા અને મુગ્ધ

શરીર ઉપર લાલાશ પ્રસરી ગઇ, અને તેનુ પ્રતિબિંબ સહસા મ્હોટા આયનામાં દ્રષ્ટિ ગોચર થયું. પોતાની પ્રતિમાને નિહાળતી, જગતને તો શું પણ પોતાને પણ સ્મર્ણમાં રાખી શકી નહિ. તદાકાર થએલી બાળા વળી પતિની પ્રતિમાને નિહાળવા લાગી. નિહાળતાં નિહાળતાં તલ્લિન થયેલી બાલિકાએ હ્રદય ગુહામાં અનેક વિકારો, વિચારો એક સાથે અનુભવ્યા. તેના મુખ ઉપર રતાશ પથરાઇ ગઇ. આંખમાં સક્રોધ અમૃત, પ્રીતિ અને આર્જવતા સાથે દયાર્દ્રભાવ દ્રવ્યો અને અર્ધ ખંડિતાની સ્થીતિ અનુભવતી હોય તેમ પતિને સંબોધીને ગદ્ગદ્ કંઠે બોલવા લાગી:—

(ઉદ્ધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ)

" વ્હાલાજી તમે આજ નમેરા શું થયા,
શાને આજે નહિ ગણકાર્યા વેણુ જો;
રાત દિવસ કહો કામ કામ ને કામ શું ?
અમિ ભરી હેતે નહિ ફરકાવો નેણુ જો. વ્હાલાજી.

પરઉપકૃતિનું પુણ્ય ગણ્યું મ્હોટું ખરૂં,
તો પણ એ સહુ જાત પછીની વાત જો;
ખાવા કે પીવામાં મન નથી રાખતા,
છેક તજો શુ દેહ તણાં જતન જો. વ્હાલાજી.

થોડીવાર વિચારમાં પડયા પછી બોલી: અરે, રે, આખો દિવસ રઘવાયા ને રઘવાયાજ રહે છે.

" ફિક્કાં ગાત્રે ચિંતાની જંજાળમાં,
કહોને એવી શી પડી છે શિર નાથ જો;
વિદ્યામાં છે પૂર્ણાનંદ કો'ને ભલ,
રાખે એને પ્રેમાનંદ પછાત જો. વ્હાલાજી.

" આ તે શું ? વિદ્યાનંદના ભોગી, પરઉપકૃતિના છંદી થઇ આવું સહન કરતા હશે અને બીજાંને પણ સ્હેવડાવતા હશે ! "

" પરઉપકૃતિના છંદે શુ મનસ્વી થયા,
છેક મનસ્વી થાવામાં શું સુખ જો;
કિર્તિ, રિદ્ધિ સિદ્ધિ તણારે લોભમાં,
તરછોડો નહિ પરણિને પ્રાણેશ જો. વ્હાલાજી.

જરા ક્રોધાવેશમાં આવીને પતિની પ્રતિમા સ્હામું તાકી તાકીને જોઈ * ઉદ્દગાર કહાડયોઃ " ત્યારે મ્હારો સ્વિકાર કરી શું આમ તરછોડવા આણી?"

" પરદારાને પરણી લાવી પ્રીતથી,
પછી ઝુરવતાં બેસે પ્રભુજી પાપ જો,
પ્રેમે, નેમે, સ્નેહે આશ્રિત પાળવાં,
એ છે નેતા સુજ્ઞ જનોનો ધર્મ જો. વ્હાલાજી.

પતિ વર્ગ વિચારીને પ્રભુએ રચ્યો,
ઉગ્ર મટાડી સૌમ્ય કરે જન પંથ જો;
વિદ્યાને રતિની પ્રીતિ કરાવતાં,
ઉકેલાશે ગુંચવણીના કુંજ જો. વ્હાલાજી.

સ્વાર્થ સાધતાં નારી જનના સાથથી,
વધે અતિશે જનમંડળમાં ક્ષેમ જો;
બમણાં વધશે સ્નેહ, દયા ને દક્ષતા,
લેવાનો છે એમાંથી બહુ સાર જો. વ્હાલાજી.

વળી જરા ચુપ રહી, કંઈક સ્મિત દર્શાવતી અને કંઇક ઠપકો આપતી હોય તેવો ભાસ કરતી ભ્રકુટી ચઢાવી બોલીઃ—

" રાગ વિના વૈરાગ્ય થવાની ખંત તો,
વિણ પાયાના ચણતર જેવી જાણ જો;
પ્રભુજીએ નારી અમથી રચી નથી,
વિણ નારી તો અસાર છે સંસાર જો. વ્હાલાજી.

છબી સ્હામે પ્રશ્ન કરતી બોલીઃ—

" કહો પ્રભુ એવું તે શું વહિ ગયું,
એ ઘડી થોભી હસીને કરતા વાત જો,
મુજ મન આજે સાથ તમારો ચહે,
આપ શોધતા અન્ય પુરૂષના સાથ જો. વ્હાલાજી.

લલિત લાવણ્યમયી બાળા, ગુલાબી ગાલ ઉપર આંગળી મુકી, વિરહને અનુભવતી પતિને સંબોધિ, આર્જવતાથી ધ્રુજતી ધ્રુજતી બોલવા લાગીઃ—

" વ્હેલા પધારો સભાથી ઘેર, હૃદય મણિ મ્હારારે,
મ્હને સુઝે ન એકે પેર, શું કહું વ્હાલારે.
હૃદય ગુહામાં ઉત્પાત થાય, પ્રિય પ્રાણ મ્હારારે,
મ્હારા મનમાં ડૂંમો ભરાય, શું કહું વ્હાલારે.
નિઃશ્વાશે ઓઠ સુકાય, પ્રિયતમ મ્હારા રે,
રોમે રોમે લાગ્યા વિંછી ડંખ, શું કહું વ્હાલારે.
દયા લાવીને મુજપરે, પ્રાણેશ મ્હારા રે,
શાંતિ અરપો સુખે નાથ, અશેતી હું બાલારે."

છેલ્લું પદ બે ત્રણ ચાર વખત બોલતાં બોલતાં પ્રાણેશના ચિન્તવનમાં તલ્લિન થયેલી યુવતિ કુસુમ દિગ્મુઢ થઇ ગઈ. પતિના ધ્યાનમાં તદાકાર થયેલી કુસુમના કાન ઉપર ગુમાનબાનો સ્વર અથડાયો.

" કુસુમ, ચોપાટી ઉપર આવે છે કે ?

સ્વર સાંભળતાં જ સ્તબ્ધ થએલી બાળાને ભાન આવ્યું હોય તેમ સચેત થઇ. પરવશ પડેલી બાળાના હોઠમાંથી શબ્દ બહાર નિકળી શક્યો નહિ.

પ્રકરણ ૨ જું.

ચોપાટી.

" વિચિત્ર મતિ વિકૃતિથી ભરેલી,
મનુષ્ય મતિ છે પ્રભુએ ઘડેલી.
સંસાર લેખે સઘળું મલે છે,
વિચાર શ્રેણી ભિન્ન ભિન્ન રહેછે "

કુસુમ, કુસુમ, કહેતાં કહેતાં ગુમાનબા ઉપર ચઢી આવ્યાં. કુસુમ જરા ત્વરાથી ઠાવકી બની સ્વસ્થ થવા યત્ન કરવા લાગી, એટલામાં તો ગુમાનબા ઉપર આવી પહોચ્યાં. ગુમાનબા, કુસુમને પાછળથી માતૃ મમતાથી બાઝી પડયાં અને તેના વાંસા ઉપર અમૃત ભરેલો હાથ ફેરવી એની સુંદર ચક્ષુઓ સામુ સ્નેહ વર્ષાવતાં પૂછ્યું: " કેમ, આજે ઉત્તર આપતી નથી ? બ્રુમ કયારનીએ ઉભી રહી છે."

કુસુમે લજ્જા વિનયથી નીચું જોતાં જોતાં પ્રતિઉત્તર દીધો; ' વાંચતાં વાંચતાં ઉંડી ઉતરી ગઈ અને તેમાં ચિત્ત પરોવાયલું હોવાથી પ્રતિઉત્તર દેતાં વાર થઈ. હું તૈયાર છું, ચાલો."

કુસુમે ઝીકની મોતીઆઇ રંગની સાડી ઝટ શરીર ઉપર પહેરી લીધી, અને ગુમાનબા સાથે બ્રુમમાં દાખલ થઇ ગઈ. શ્વેત ઘોડા જોડેલી ભભક મારતી ભવ્ય બ્રુમ ચોપાટી તરફ દોડવા લાગી.

સાયંકાળે ચોપાટીની વિચિત્ર સૌંદર્યતા માટે પુછવું જ શું ! ચોપાટી એ મુંબાઇગરાઓને સાંજનું વિશ્રામ સ્થાન છે. ત્યાં ઘોડાગાડીઓ અને સ્રી પુરૂ-

પોની સરખી ભીડ જોવામાં આવે છે. બાઇસિકલોની દોડાદોડ તરફ નજર કરતાં પહેલાં તો વિદ્યુત જેવી ત્વરાથી ગતિ કરતી ભૌં ભૌં ધ્વનિ કરતી મોટરોની દોડ ઓછી જણાતી નહોતી. મોટરકાર હાંકનારાઓની બેપરવાઇથી હાની થવાના સંભવને લીધે જનાર આવનારને થોડો સંકોચ થતો નહોતો; પરંતુ આ નવિન વાહનની સૌંદર્યતા અને વિલક્ષણતા સર્વેનું લક્ષ ખેંચવામાં પાછી પ્હાની કહાડતું નહોતું. સ્ત્રી પુરૂષોનાં સજોડાં અને અંગ્રેજોનું અનુકરણ કરનાર તરૂણ યુવક યુવતિઓની વિચિત્રતા કુતૂહળ કરતી દ્રષ્ટિને ખેંચ્યા શિવાય રહે એવી નહોતી. વિદેશી વસ્ત્રોથી સજ્જીત થયેલી, ઠાઠમાઠમાં મસ્ત બનેલી અલબેલીઓએ દેશી અને વિદશી પહેરવેશને ભેળો કરી, સૌંદર્યતા વધારવાની હોંશમાં વિચિત્ર વર્ણસંકર પોષાક ધારણ કરી શરીર ઉપર શંભુમેળો કરવામાં કચ્ચાસ રાખેલી જણાતી નહોતી. મ્હોં ઉપર પફ તથા પાઉડરના લપેડા કરી, કૃત્રિમ સૌંદર્યને ખેંચી લાવવાની ઇચ્છાથી કુદ્રતિ સૌંદર્યતાને છુપાવનારીઓનો સમૂહ ઉભરાઈ રહ્યો હતો. એટલુ જ નહિ, પરંતુ ચશ્માં ચઢાવી ફિસિયારીખોર ફેસિનમાં ફસાઇ, કૃત્રિમ સૌંદર્યતાના અસ્ત્ર શસ્ત્ર સજી, હાવભાવથી ચેષ્ટા કરતી રમણિયો સહસા પરપુરૂષોની દ્રષ્ટિ ખેંચતી, મંજુલ મંજુલ સ્મિત કરતી આમ તેમ ફરતી દ્રષ્ટિગોચર થતી હતી. તેમાં કેટલીક તો ફેસિનની ફિસિયારીમાં મદોન્મત્ત થયેલી, રેશમી વસ્ત્રથી સુસજ્જીત થયેલી, ઠઠમઠારામાં ને ઠઠમઠારામાં કોઇને પણ નહિ ગણકારતી, સામેથી આવતા પુરૂષોના શરીર સાથે બેધડક અથડાઇ પોતાની હુશીયારી બતાવતી હોય તેમ ધિટતાનું દર્શન કરાવનારી ભિન્ન ભિન્ન છેલ છબીલડીઓનો સમૂહ બહોળો હતો. આમાં પારસી બાનુઓની પલટણની પલટણ સૌંદર્યતાની પરિસીમાને અંકાવતી મંદમંદ ગતિ કરતી, સર્વેનું લક્ષ ખેંચવામાં અગ્રગણ્ય હતી. તરૂણીઓના ચ્હેન ચાળા જોઈ જાણે સમુદ્રનાં મોજાં ઉત્પાત કરતાં હોય અને તેમના મનની ચંચળતાનું માપ કહાડી તેના ચાળા પાડતાં હોય તેમ જણાતું હતું. યુવતિઓની કલ્પિત કલ્પનાઓનાં કલ્પિત સુખોની પેઠે સમુદ્રનાં મોજાં પથ્થર સાથે અથડાઈ ફુરેફુરા થઇ જઈ સમાન રંગનું ભાન કરાવતાં હતાં. ન્હાની મ્હોટી નૌકાઓ

ડોલાડોલ કરી જોનારની આંખને ઠારતી હતી. ઘુઘવાટા કરી રહેલા સમુદ્ર આગળ બ્રુમ આવી પહોંચી. એટલામાં ભોં ભોં ધ્વનિ કરતી એક મોટર ત્યાંથી પસાર થઇ તેથી ઘોડા જરા ચમક્યા અને ખંચાયા. આગળ ચાલતાં દરવાજો બંધ હતો. એટલામાં સરરરર સટ કરતી સુસવાટા મારતી ટ્રેન ચાલી ગઈ. દરવાજો ઉઘડયો અને બ્રુમ ચોપાટી ઉપર પહોંચી. બ્રુમ, ડૉક-કાર્ટ, ટૉમટૉમ અને વિક્ટોરીઆની લંઘાર લાગી હતી. તે લંઘારમાં બ્રુમ ઉભી રહી. ચાંચલ્યતા દર્શાવતી કુસુમ ઝટ નીચે ઉતરી, અને ગુમાન-બાનો હાથ ઝાલી તેમને નીચે ઉતાર્યાં. સાસુ વહુ ધીમે ધીમે ચોગરદમ ચંચળ દ્રષ્ટિ ફરકાવતાં મંદમંદ ગતિથી ચોપાટી ઉપર ફરવા લાગ્યાં.

કુસુમનું ચિત્ત હજુ જોઇએ તેવું સ્વસ્થ નહોતું, પરંતુ ચોપાટી ઉપ-રની નવરંગી સૃષ્ટિનાં દર્શનથી સતેજ થઈ. તેનું ખિન્ન થયેલું હૃદય પ્રયત્ને ઉત્સાહવાન થઈ રસ રહસ્ય અનુભવતું હતું. મર્મ જણાવનારીઓના મર્મની ચતુરાઇથી મર્મજ્ઞ થએલી કુસુમ સચેતન થઇ આસપાસ નિરીક્ષણ કરવા લાગી હતી. સાંપ્રત કાળમાં સ્વતંત્રતાની વાસનાનાં જે બીજો ઉન્નત થવા લાગ્યાં છે અને તેથી કરીને પરિચિત તથા અપરિચિત જનોપર નિઃસ્વાર્થ પણ સ્વતંત્રતાથી જે કંઇ ચર્ચા થાય છે તે જાણવાનાં સ્થળમાંનું એક સ્થાન ચોપાટી પણ છે. રાજદ્વારી, સાંસારી, વ્યાપારી તથા જનમંડળની સારી માઠી સ્થિતિનું ભાન, ત્યાંના વાર્તિક વર્તમાનથી અવલોકન કરનારનાં મન ઉપર થયા શિવાય રહેતું નથી. હવા ખાવા આવેલાં મનુષ્યોથી ઘર, ગ્રામ, અને કુટુંબ જાળના અનેક ઉદ્ગાર નિકળી જાય છે. યુનિવર્સિટીના આકરા અભ્યા-સથી ચુસાઇ ફિક્કાફસ થયેલા વિદ્યાર્થિઓના ઉભરાથી તેમના અભ્યાસ-ની હદ મપાય છે. રંક અને નાસીપાસ થયેલા યુવક તથા મ્હોટી વયના વિદ્યાર્થીઓના હૃદયભેદક ઉદ્ગારો જુદી જ દિશામાં ખેંચી મનને ગ્લાનિ કર્યાં શિવાય રહેતાં નથી. કુસુમની દ્રષ્ટિ વિદ્યુત જેવી ચપળતાથી ચારે પાસ ફરી વળી. મોહમયી મુંબાઇ નગરીના નાગરિકોની કુતૂહળતાને નિરખતાં નિ-રખતાં કુસુમ ચાલવા લાગી. એક બાજુએ નેકટાઇ કૉલરથી પરાણે વિદેશી સ્વરૂપ ધારણ કરવાના ચાળા કરી જાંગલા બની આવેલા, તથા હવા

ખાવાને બહાને ટોપી ઉતારી માથા ઉપરના પાંથાપાંથી દેખાડતા પારસી તરૂણો, તથા વચગાળે ઘૂમતા નેકટાઇ, કૉલર અને ટોપી પહેરેલા હિન્દુ યુવાનો, તથા અર્ધ દેશી અને વિદેશી ફેશિનથી કાબરચિત્રા બનેલા હિન્દુ ગ્રહસ્થો નજરે પડવા લાગ્યા. વળી કેટલાકે પાટલુન પહેરેલી, તો કેટલાકે ધોતીયું પેહેરી ઉપર નેકટાઈ કૉલર બાંધેલા, તો કેટલાકે ફેંટા વિંટેલા તો કેટલાકે કોટ સ્ટૉકિંગ ચઢાવેલા પુરૂષોના ઢંગ ધડા વિનાના વર્ણસંકર પોશાકવાળાઓ આમ તેમ વિચરતા જણાતા હતા. તે સાથે જુના વિચારના ઠાવકા અને માથેથી પાઘડી નહિ ઉતારનાર પારસીઓ, તથા ચાંચીઆ પાઘડી, સફેદ અંગરખો અને ઝીણી ધોતી પહેરેલા ભાટીઆઓ, તથા નાજુકડી બેઠા ઘાટની પાઘડી ઘાલેલા, ડગલો તથા સ્ટૉકિંગ, બુટ પહેરી મુસદ્દીનો ફાંકો રાખી ફરતા ગુજરાતના કાયસ્થો, તથા બ્રહ્મક્ષત્રિઓ, તથા કાછડા વાળી, જેપુરી ન્હાની પાઘડી ઘાલી ફરતા મારવાડીઓ તથા હિન્દુસ્થાનીઓ દ્રષ્ટિગોચર થયા. તેમજ બદામી, પીરોજી, જાંબલી, વસંતી, મોતીઆઈ, ગંધકી, સફેદ, ક્રીમ, પોપટીઆ તથા ગુલાબી સાડી પહેરેલી કબુતરીઆ પોલકાથી મલકાતી, માથાબાનુ બાંધેલી તેમ વાળનાં જુલ્ફાંને આગળ કરતી પારસી સ્ત્રીઓ અને તે સાથે સાડી પહેરેલી, નાકમાં મોતીની નથની લટકાવેલી, ઉઘાડે માથે શાલ ઓઢી ફરતી દક્ષણી સ્ત્રીઓ, તથા સાળુ અને રેશમી ઝીકની સાડીઓમાં સજ્જીત થયેલી અને પોલકાંની ફેશિનની ભિખારી જણાવવા હાવ ભાવ કરતી ગુજરાતી સ્ત્રીઓના સમૂહ તરફ કુસુમની દ્રષ્ટિ આકર્ષાઇ. ગુમાન અને કુસુમ લોકચર્ચા અને સમુદ્રની ગર્જના નિહાળતાં નિહાળતાં જતાં હતાં, એટલામાં તેમને શ્રીમતિ અને સમજુલક્ષ્મિ મળ્યાં. સર્વે થોભ્યાં. ગુમાનબા વાતમાં રોકાયાં. કુસુમ સમુદ્રના કિનારા પાસેના પથ્થરો આગળ થઇને ચાર ડગલાં દૂર ઉભી રહી. તેની દ્રષ્ટિ, પાસે બેઠેલી પારસી સ્ત્રીઓનાં ટોળાં તરફ ગઇ. આધેડ અને તરૂણ યુવતિઓ વચ્ચે રસભર્યો વાદવિવાદ ચાલતો હતો, તે તરફ કાન ખેંચાયા. કાનમાં સ્વર પડવા લાગ્યો અને તે તરફ લક્ષ ખેચાયું. રૂમાલ હલાવતી હલાવતી ડંફાસ મારતી સીરીન બોલી:–" એની તો બહુ બહુ

વાતો સાંભળી છ. વળી વારે વારે પેપરવાળા તો એનાપર ફીદા ફીદા થઈ જાએચ તેજ કેની ?"

માથું ધુણાવતાં પીરોજાએ ટહુકો પૂર્યો:-

"હા હા તેજ, અને એવણુ તેજ."

સીરીન રસ ભરેલો ભાગ લેતાં બોલી: "સરસ્વતિચંદ્ર તો મ્હોટા એડ્યુકેટેડ મેન છે, અને આ પન શું રૂપરૂપનો કકરો ? મરૂં એ પન એવીજ છે."

પીરોજા: "તુ તારે કઈ જાણુતીજ નથી. એનો આપણાં મીસ ફ્લોરાનાં સ્ટુડન્ટ છે અને વળી સંસકૃત બંસકૃત પન જાણેચ. ને એની કહાની તો કિસ્સા જેવીછ તે તું જાણે છ ?"

જરા છેડાઇ જઇને સીરીન બોલી: "ત્યારે હુ તો તારે મન મુબઇમાં વસતીજ નહિ હોંઉને? હુ થોડુ ઘણું તો જાણું ચ. પણ તારા જેટલું નહિ હોં."

ગુલાં ઉત્કંઠા દર્શાવતી બોલી: "પીરોજા, કહેત્ર, કહેવ, એ પરી જેવી બહેસ્તની હુરીની વાત મને બહુ ગમેચ."

પીરોજા: "એ પરણી તો છે પણુ મીરાં જેવી રહેવા માંગે છ, સસરો સાસુ હાયપીટ કરેછ પણુ ઘરમાં સાધુ જેવાં કપરાં પહેરી માટી બેયર ફર્યા કરેચ."

સીરીન રૂબાબમાં ને રૂબાબમાંજ બોલી: "વોટીઝ ધીસ હંબગ (આ શું ટાણ્લું.) તારે વળી પરણી સેનેજે ?"

પીરોજા: "તરીમ તરાગ થઈ ફરે છ. ને સસરો તો બીચારો ઘરડો ઘુવડ જેવોજ થઇ ગીઓછ."

સીરીન: "વળી લરનેડ લેડીમાં ખપતી સુધારાવાલી કુમુદ પણુ સાધુડી જેવી ફરેછ. આ વળી જમાનાનું નવું હંબગ શું ? કાંય ? શું હંબગ સિવાય સુધારાવાળામાં ગણાયજ નહિં ? ભણેલાં ગણેલાં આવાં ઘેલાંજ કહાડે કે? "

પીરોજા: "કુમુદ પર તો હાલની આલમ ઓવારી જાયછ."

સીરીન:— I don't like her (હું એને પસંદ કરતી નથી) કાંય, સુધારાવાળી થઇને ફરી પરણુતી નથી જે ? કાંય, રાંક વીડોઝને ધડો આપતી નથીજે. ભનેલી ને ગનેલીને પાણીમાં નાંખવીચજે ?

પીરોજાઃ "પણ એની સીઆદી તો પહેલાં સરસ્વતિચંદ્ર સાથે થએલી હોં કે, પછી ભનેલાં ગનેલાંએ સીયાદી તોડી ?"

સીરીનઃ " એના ભણતર પર ધુર પડી. "

ગુલાં, વાત જાણુવાની લાલસામાં ઉત્કંઠિત થયેલી ઉતાવળી ઉતાવળી બોલીઃ "પીરોજા, બધુ કહી મરની, થોડું થોડુ શું લવેછજે." પીરોજા છણુ-છણી પડી બોલીઃ "દુક્તિ, એતો બાગળનાં પુરાન જેવું છ. ગામેગામ ને દેશે દેશ વંચાઇ છપાઇને કુચો થયેલુ છ. ભનેલાં ગનેલાંએ છોડી ને વગર ભનેલાને પરણી તાં બા ભનેલો ગીઓ ને વગર ભનેલો દરિયે બરિયે પડયો તેજ."

શોકાર્દ્રભાવથી ચમકેલી દયાની અધિદેવી ગુલાં બોલીઃ "હાં, હાય, દરિયે સિદને પર્યોજે ? પન પીરોજા, ઝટ કહી નાંખને એ સેખચલ્લી જેવું હોય તે."

પીરોજાઃ " પછી કુમુદ નદીમાં પડી ને સાધુમાં ગઈ. ત્યાં તેનો આગલો ધની મલીયો પણ પન્ની નહિ."

સીરીન રૌદ્રગર્જના કરતી હાથમાના રૂમાલને જાંગ ઉપર ઠોકતી બોલી: I don't like both of them. Why did she not marry again with Sarasvati Chandra ? (હું બંનેવને પસંદ કરતી નથી. કુમુદ સરસ્વતિચંદ્ર સાથે કેમ ફરી પન્ની નહી જે ?) સુધારાવાળી થઇ થઇને ફરેચ ને હરેચ. કાંય સુધારો કરી બતાવતી નથી જે. હિન્દુ સુધારાવાલા બુકો લખે છ. છાપામાં લાંબા લચરક આર્ટિકલો લખે છ. ભાષણ ભૂષણુની ભુંગળો ફુંકે છ પણ કંઇ નહિ. કેરેક્ટર બેરેકટરને નામે એકડા વિનાનાં મીંડાજ. નોનસન્સ, બીહિકન બાયલા. અધુરા ઘડાઓ પારકે ઘેર મ્હો-કાણુ લઈ જાએછ. કહેવા બેસસ તારે લાયબલ બાયબલના પોકાર પોકારશે. અમદાવાદનો હિન્દુ ને સુરતનો સુરતી. પોકારતો ને પોકારતોજ ઘસડાઇ ગીઓચ. કાંય તેનાએ જાતે પુનરલગ્ન ન કર્યું ? કે કાં, તેના દુકતા દુકતીને ફરી નહિ પરણાવ્યાં ? હું તેઓને બામન લોકોની પેઠે પોથીમાંના વેંગણુ કહેવસ. બસ, બસ, આજ કાલના સુધારાવાલા પર મને સરાસર ને ચરાચર ઝપેટા મારવા દેવો કે જેથી પાધરા પુધરા થઈ જાય.

પાસે બેઠેલાં કુંવરબાઇ ડોસાં જરા ચકિત થતાં પણ ગુસ્સાથી બોલ્યાં: "મુંગી મર મુંગી. તરીમ તરાફ થયેલી રસ્તે જતાં બલતુ ઘર કાંય ભાડે લેછ જે. તારી બી. એ. શીએની ફિસિયારીમાં ફસી પરસ."

સીરીન: " ન્હે, ન્હે માયજી, હું સાચું કહેવશ. સુધારાવાલા બોલેચ કંઇક ને ચાલેછ કંઇક. કાંય નકામો ભાંગડો વાટેચ જે?

કુંવરબાઇ: "હું બા એમ કહુંછ કે, રસ્તે જતાં કોઇનું લાયબલ કાંય કરેછ."

સીરીન છણછણી પડીને બોલી: "Public man is the property of all (જાહેર પુરૂષો એ જાહેરની મિલ્કત છે.) હું છરેછોક કહેવસ ને ફરી કહેવસ કે કુમુદે પુનરલગન ન કરવામાં દુનિયાને ઠગીછ અને સુધારાનાં નામ પર ધુર નાખીછ. મી. સરસ્વતિચંદ્રે કુમારી પરનવાના ચાલા કરી સુધારાના નામ પર ભાંગરો વાટયોચ. જો નહિ પરનવુંતું તો બન્નેએ પરનવું નહોતું. કહો માય, એનો ખુલાસો કરો? કેવી સજ્જડ ધરપકર છે. કહો, કહો."

ગુસ્સે થતાં ડોસાં બોલ્યાં: "કહે, કહે, શુ કહેછ જે. પગ નીચે આગ લાગે અને પારકુ ઘર બુજાવા જાયચ. ડાહિ ડમરિ જાણે પોતેજ થઈ ગઈ તો. મોટી મોટી છાતીએ આવે એવીઓ કુંવારીઓ રખડેછ ને છંડાયલીઓને તે કાં પરણુ પરણુ કહી રહીછ જે. જોને સીરીન, તુંજ જોને બા, ભની ગની તુ પન છે, ને તારી આગળ પાછળ પન ભનેલી ગનેલી ને રૂપ રૂપના કકરા રવડે છ. એનો ક્યાં ઉપાડ છે જે, રંડેલીઓનું રડણું રડેછ સેખચલ્લીની નવાજેશ જવા દેને. પગ નીચે લાગેછ તેને ઓલવ."

સીરીન લજ્જા વિનિત થઈ નીચું જોઇ રહી. તે સ્વતંત્રતાના ઉદ્ગાર કહાડતાં હાથ પછાડતી બોલી "આય સુધારાવાળા કહેછ કંઇ ને કરેછ કંઇ એનું શું કરોચ? કુમુદ કંઇ ઉમરે પુગેલી નથી."

કુંવરબાઇ જરા છછણીને બોલી: "બા એતો પુછ તે ભનેલીને. પુછ તે ભનેલા ગનેલાને કે, તને તાહાડી તપ કરી નાંખશે."

નવાજબાઇ જરા રસભર્યો ભાગ લેતી આશ્ચર્ય ચકિત થતી બોલી: "અરે આય શું ખરૂ કે, એ કુસુમને પરનો છે, ને સાધુડા જેવું પેહેરેછ ને વરી ડંફાસ મારેછ જે, આખોભવ ભરમચારી રહેવાનોછ તારે વરી આ તોફ શાને બોરવી ?"

કુંવર ડોસાં ઉંચી ડોક કરતાં બોલ્યાં: "કહેરે બેટા વરી એ ગાંડુ ગપોલુ શું છે જે. પરનીને ભરમચારી રહેવા કોણુ માગે છ જે?

સીરીન ઉશ્કેરાયલી બોલી: "એતો દુનિયાની બત્રીસીએ ચઢેલો તમારો લરનેડ મેન."

કુંવરબાઈ ડોસાં: "કાંય ? એકનો ભવ વગર પરને બાલ્યો અને બીજીનો ભવ પરનીને બાલવાનોછ કે કેમ ? એ તોપ ક્યાંથી લાવી જે વરી પરનીને ભરમચારી રહેવાનોછ."

નવાજબાઇ: "માયજી, ખરી વાતછેજી."

કુંવરબાઇ: "કંઇ નહિરે દીકરી, એ બધા ધનકજ તો બેટા. આજકાલ જરા અંગ્રેજી વાંચતાં લખતાં સીખાં કે બસ ધરપર સરપર કરવાનાં જ. ગાયનું ભેંસને અને ભેંસનુ કુતરીને મુકવાનાંજ. આય અધુરા ધરા છલકાઇ છલકાઈને વગર સમજે કાંઇનું કાંઇ વેતરી નાંખે, તેને પેલા પેપર એપરવાલા જરા જરામાં એવા છાપરે ચઢાવે છ કે, જાને બેહેસ્તના ફિરસ્તા !"

જરા હાથનો ચાલો કરી કુંવરબાઈ ડોસાં ફરી બોલ્યાં: "પરનેલો ભરમચારી તો આજે જ સાંભલું છ. અરે પરનેલીનો ભવ સાને બાલેછ જે ? બાયડીઓનો ભવ બાલે ને અધકચરાઓ ફુલીફુલીને ફાલકો થાય છ. નબલો માટી બૈયર પર સુરો."

જરા સ્મિત સ્મિત હાસ્ય કરતી રસીલી નવાજબાઇ બોલી: "અરે માયજી, વળી બાઇજી પણ પરનેલાં છે પણ મીરાં બઈ થવાનાં છે અને કંથા પહેરે છે.

કુંવરબાઈ આશ્ચર્યચકિત થતાં દયા દર્શાવતાં બોલ્યાં: "આય રૂપરૂપનો કકરો, આમ કાંય કરતી હશે જે ? વરી મીરાં બીરાંના ધીંગ ધપાડા કરવાતા તારે છાનીમાંની માયની કુખમાં ભરાઇને બેસી સેં ન રહિ જે, આવા

બિચારા બનેલા ગનેલાના જીવપર સુલી આવી પરી. પણ બંનેને ઘેલું લાગું-ચ. જોવને આ તો નવા જમાનાના ચાલા.''

સીરીન જરા રોપમાં ને રોપમાં બોલી: “ હું હાલમાં સુધારાવાલાની ઘર પર કરી પુઠ પકડસ અને આજે ને આજે "સાંજ"ની ઓફીસમાં દોડી પહોંચસ અને એ લરનેડ જોડાંને આય બધા આકરા સવાલો પર સવાલો પુછસ અને કુચ કહાડી નાંખસ. ને આય નવી આલમની સલામતીનો જુવાબ લેવસ. ''

કુંવરબાઈ “ મુંગી મર મુગી. રોપમાં ને રોપમાં ફાટીછ તે જરા મને સોંપ તો ખરી. ગુમાન સાથે આપનને જુનો ધરોબો છે. તેના મોં ઉપર ધુર ભસ્તાનો પડો ફોડી દેવસ. ''

સીરીન બોલી “ આય કંઇ ઘર ખુણાની વાતચીત નથીજી. જાહેરની વાતનો જાહેર રીતેજ ખુલાસો માગુંછ. તે ખુલાસો પુછવાને તમામ આલમને અખતિઆર છે, અને તે જાણવાને મુખતીઆર છે, કહેવ, હવે શું ભાંગરો વાટોછ જી.

એટલામાં એક પારસી તરૂણ, હાથમાં માથાની ટોપી હલાવતો માથા ઉપરના પાંથાપુથી દર્શાવતો સીસોટી વગાડતો, સ્ત્રીઓ તરફ નફટાઈની દ્રષ્ટિ કરતો કરતો જતો કુંવરબાઇના જોવામાં આવ્યો. એ જોઈ તેની આંખ ફાટી. બે આંગળી લાંબી કરી કુંવરબાઇ બોલી: “ જુઓની, આય આજ કાલના પારસી દુકતાઓ થોડું ઘણું અંગ્રેજી લખતાં વાંચતાં સીખીઆ કે બસ સાયેબજાદાજ થઇ ગીયા ! ઘરપર ને ઘરપરમાંજ સીરજોર, અધુરા ધરાઓને પુછેછ કોઈ? મરેરે એના ઘરમાં માય બેન છે કે મરી ગીઆંછ. હમનાં એ લસપસ કરતા દુકતાને આડાને અવલા સરર સરર સપાટા ચ્હોડી દેઉં તો એની કેવી રેવરી દાનાદાન થાય ! જોને, ચીરૂટ મોંમાં ઘાલી અકરમાં ને અકરમાંજ ચકર ફરે છ. ''

ગુલા: “ માયજી, એ તો આપના પદમજીનો કાવસ છેજી. ''

અખીયાતો રહે કાવસ. આજકાલનો કાવસ, નીયત તો બાવાની સીખીયો છ, "બાપ તેવા બેટા.'' કુંવરબાઇ ગુસ્સે થતી, દયા ભાવ દર્શાવતી ચુપ થઈ.

એટલામાં ગુમાન શ્રીમાત સાથે અને સમજુલક્ષ્મિ કુસુમસુંદરી સાથે ધીમે ધીમે વાર્તાવિનોદ કરતાં તે તરફ આવવા લાગ્યાં. બીજી તરફથી શીવલક્ષ્મિ આવતી જણાઇ. શીવલક્ષ્મિ અને પીરોજાને બાલ્યાવસ્થાથીજ સંબંધ હતો. તેણે ઉઠીને શીવલક્ષ્મિને સ્નેહાલિંગન કર્યું: "કેમ તમે કંઇ આજે ભૂલાં પડયાં." સ્મિત હાસ્ય કરતા પીરોજાએ પ્રશ્ન કર્યો.

શીવલક્ષ્મિ મુખ મલકાવતાં બોલી: "જરા ફુરસદ મળી તેથી આવી શકી."

"બકરીનું ઝાંઝર સાથેજ છે." પીરોજાએ હાસ્ય કરતાં કહ્યું.

"ગૃહરત્નો ગૃહિણીની સાથેજ હોય." શીવલક્ષ્મિએ શરમાતાં શરમાતાં પ્રતિ ઉત્તર કર્યો.

"સુધારાવાળા કહેછે તે ખરૂં છે કે છેક રૂઇન થઈ જવાય છે." પીરોજાએ દયા ખાતાં ઉદ્દગાર કહાડયો.

"મ્હારી વ્હાલી પીરોજા, કયો સિદ્ધાંત સત્ય છે, તેની તુલના કરવા મ્હારો અનુભવ મ્હને ખાળે છે. બાળલગ્નથી બધાયલી મ્હારી ભગિનીને સુવારોગથી સડતી જોઉં છું, ત્યારે પુખ્ત ઉમરે પ્રેમ લગ્નની સાંકળથી બંધાયલી બકરીના ઝાઝરથી સીકડાયલી, ઘસાઇ ઘસાઇને ટાંટીઆ ઘસું છું." ગંભિરતાથી શીવલક્ષ્મિએ ઉદ્દગાર કહાડયો.

પીરોજાના અંતઃકરણ ઉપર આ દ્રષ્ટાંતથી સજ્જડ છાપ પડી. તેનું મન કંપી ઉઠયું, છતાં તે બોલી: "તમે હમેશાં નાસીપાસી ભરેલાંજ વચનો ઉચ્ચારો છો. તમે હવે જાહેરથી કેમ કંટાળી ગયા છો?"

શીવલક્ષ્મિ: "જાહેર કર્તવ્ય કરવામાં અમારી નાસીપાસી આડે આવે છે. પ્રભુ કર્તવ્ય કરાવશે ત્યારે ભારત જનની પ્રત્યેનાં કર્તવ્ય બજાવી કૃતાર્થ થઇશું."

એટલામાં પાછળ ઉભેલાં હીરાબાઇ બોલ્યાં: "ભારતભૂમિમાં કર્તવ્ય કરનારાઓની કયાં પીછાન છે? મી. ઝવેરીલાલ ઉમીયાશંકર યાજ્ઞિક અને પ્રસિદ્ધ જુના લેખ શોધક મી. ભગવાનજી ઇંદ્રજી વગેરે માટે પ્રજાએ શું કર્યું? વર્તમાનકાળની પ્રજા નથી કદર પીછાનતી તો ભવિષ્યની પ્રજા માટે શું કહેવું? જાહેર કર્તવ્ય કરનારાઓની કદર પ્રજા ન પીછાને તો જાહેર કર્તવ્ય કરનારાઓને ઉત્સાહ કેમ થાય?"

એટલામાં સીરીન એકદમ ઉછળીને બોલી: you are right (આપ સત્ય કહોછો) એનો જુવાબ પણ જાહેર પુરૂષો પાસેથી માંગસ અને એ બધા ડોળઘાલુઓને પાધરા પુધરા કરી દેવસ."

સમજુલક્ષ્મિએ ધીમે ધીમે કુસુમનાં કમળની પાંખડી જેવાં આંગળાં પોતાનાં પંજામાં લઈ માયા મમતા બતાવતાં પુનઃ પ્રશ્ન કર્યો. "ભારતવર્ષના પુનરોદ્ધાર માટે શા યત્ન કરો છો ?"

કુસુમ: "પ્રાણેશના હૃદયને અનુલક્ષિ સહાનુભૂતિ પ્રેરૂં છું."

સમજુલક્ષ્મિ: "તેમનું મંગળ કાર્ય ક્યાં સુધી આવ્યું છે ?"

કુસુમ: "વિચારની સંકલનાઓ ગુથાઇ ગઇ છે. સર્વ કક્ષાઓ કાર્ય પ્રત્યે ઉદ્યોગવતિ થઈ રહી છે. કલ્યાણ આશ્રમમાં ધુમાધુમ થાય છે. તમે પણ એક જાહેર પુરૂષનાં અનુયાયી છો, થોડી ઘણી મદદ કરશો કે કેમ ?"

સ્મિત હાસ્ય કરતાં સમજુલક્ષ્મિ બોલી: "આજે તમે સંકુચિત જણાઓ છો."

કુસુમ શરમાઈ ગઇ. થોડીવાર સ્તબ્ધ થઇ ઉભી રહી. એના ગોરા ગાલ ઉપર શરમના સેરડા પડી ગયા. કઇ ઉત્તર આપ્યો નહિ. સમજુલક્ષ્મિએ તાકી તાકીને અમૃતમય દ્રષ્ટિએ નિહાળ્યુ અને પ્રશ્ન કર્યો: "તમારૂં વૃત્ત ક્યાં સુધી આવ્યું છે ?"

કુસુમ વળી નિચુ જોઇને મંદમંદ ગાતથી ચાલવા લાગી. ગાલના મધ્ય ભાગમાં નારંગી જેવો રંગ ચળકવા લાગ્યો.

સમજુલક્ષ્મિએ ધીમે ધીમે કુસુમના કાનમાં મધ રેડવા માંડયું: "યૌવનના પ્રભાવથી આ કુસુમ વાટિકા સૂક્ષ્મ પરિમલ સહિત પૂર્ણ રસ અને લાલિત્યથી ખીલી ચુકી છે. એની રમ્ય સુકોમળતા દેહલતાની સ્થૂલ અને સૂક્ષ્મ વાસના ઉભયને ઉભરાવી જોનારની આંખ ઠારી રહી છે. તે થનથનાટ દર્શાવી રહી છે. કુસુમોદ્યાનને હૃષ્ટપુષ્ટ કરી વિશેષ રમણિય કરવાના કર્તવ્યમાં અને રસગ્રાહિને રસ અર્પવામાં હજી શિથિલતા કેમ જણાય છે ?"

કુસુમે, સમજુલક્ષ્મિના ખભા ઉપર માથું મુકી થોડો નિઃશ્વાસ મુકયો, અને લજ્જાની સરિતામાં તણાતી જણાઇ. બન્નેની ગૌર કાન્તિના મિલનથી

સૌંદર્યતાની મહત્તા પ્રકટી રહી. સમજુલક્ષ્મિએ જરા તાણો મારતાં કહ્યું: “ હૃદયના મમત્વથી નિરૂત્તરજ રહેશો ? મમત્વની પણ હદ હોય છે. કહો, તમારા વૃત્તનું વહાણ કયાં આગળ છે ? ”

આખ ચળકાવતાં અને મુખ મલકાવતાં, શરમનો ભાર વહન કરવા છતાં પણ આંગળીથી સમજુલક્ષ્મિનો ખભો ચાંપતા બોલી· “સમુદ્ર કિનારે. ”

“ કયે કિનારે ? ”

“ તે ન્યાય તમે કરો. અનુભવનારને તો કિનારો જણાય છે.” કુસુમે શરમાતાં શરમાતાં ઉત્તર દીધો.

જરા દયા, મમતા અને ક્રોધાભાસ પાડતી સમજુલક્ષ્મિ બોલી· દુષ્ટ થયેલી દેહ લતાને, ખોટા મમત્વથી કષ્ટ દેવામાંજ શુ કર્તવ્ય છે ? અર્પિત હૃદયની સુવાસને હઠ કરી નષ્ટ કરવામાં શું મહત્ત્વ છે ? અર્પિત હૃદય જેનુ છે તેને સુવાસિત કરવામાં હઠ શી ? એમાં મમત્વ શો ? પ્રેમ પુરઃસર દ્રવતિ રસ વૃત્તિને, અ તર ઇચ્છા વિરૂદ્ધ વહેવડાવવામાં વિવેક શો ? ”

શરમાતા શરમાતાં મજુલ સ્મિત કરતાં હાથ તરછોડતાં કુસુમે કહ્યું: “ હવે મ્હારો પીછો છોડો. વહાણનું સુકાન તો સુકાનીના હાથમાં ગયુ છે, લ ગર ઉપાડનાર લ ગર ઉપાડશે ત્યારે વહાણ સમુદ્રમા પડશે. ”

સમજુલક્ષ્મિ સમુદ્ર સામુ અને કંઇક સ્ત્રી મ ડળ ઉપર દ્રષ્ટિપાત કરતાં બોલી: “ ભરતીને લીધે સમુદ્રમાં હોડીઓ ડોલી રહી છે. ”

કુસુમ: “ભરતીનો આધાર તો ચ દ્ર ઉપર છે. એ બધી ચંદ્રની કળાનો ઉત્પાત છે.”

સમજુલક્ષ્મિએ ધીરે રહીને તેના કાનમાં અમૃત રેડયુ· “ ત્યારે ચ દ્રની કળાથી તમે પણ ઉત્પાત કરવાનાં કે ? ”

કુસુમ છેક શરમાઈ ગઇ. તે નીચું જોતી જોતી ચાલવા લાગી. દૂર રહેલી ગુમાનબા પાસે આવી પહોંચી. તે સાથે કુવરબાઇને બધા મ ડળનો ભેટો થયો.

ગુમાને સવિનય કુંવરબાઇને બોલાવ્યાં અને કુસુમને આજ્ઞા કરી: “કુંવરબાઇ આપણાં જુનાં ઘરોબાવાળાં છે. ”

કુસુમે સવિનય નમન કર્યું. તેના નમનથી હર્ષિત થયેલાં કુંવરબાઇએ ઓવારણાં લઈ સરગવાની શિંગ જેવી આંગળીઓના કડાકા ફોડતાં ફોડતાં દુવા ચાહીઃ "બેટા, દુધ પુતથી ઘર ભરો."

કુંવરબાઇ અને સીરીનના આગ્રહથી સર્વ મંડળ બેઠું.

સીરીને, ઉદ્ધતાઇ અને ઉગ્રતાથી ક્રિશ્ચિયારી ભર્યો પ્રશ્ન કર્યોઃ "તમારા કલ્યાણ આશ્રમમાં સ્ત્રીઓને માટે કંઈ વિચાર થયા છે કે?"

"હા જી." કુસુમે મુખ મલકાવતાં ઉત્તર દીધો.

"તમારા પોતાના શું વિચાર છે?" સીરીને પ્રશ્ન કર્યો.

"હું તો પોતેશ્રીના અભિપ્રાયની અનુયાયી છું. મ્હારા અલ્પ વિચારોનો વિકાસ તેમના કરતાં મહત્ત્વનો નથી." કુસુમે વિનયથી ઉત્તર આપ્યો.

"ત્યારે કહો, સરસ્વતિચંદ્રનો સ્ત્રીઓ સંબધી શો ઉદ્દેશ છે?" સીરીને રૉપમાંજ પ્રશ્ન પૂછ્યો.

કુસુમે ગાંભિર્યતાથી છાપ પાડતી શૈલીએ વિવેચન ચલાવ્યુઃ "પોતેશ્રીનો એ ઉદ્દેશ છે કે સ્ત્રીઓ વિદ્વાન થાય, રસજ્ઞ થાય, કુટુંબ પોષક થાય, ધૈર્યવાન થાય, શરીરે બળવતી, રોગહીન અને સુન્દરતાની અધિદેવી થાય, શિયળવતી, સદ્ધર્મશીલ, સદ્‌વર્તનશીલ થાય. યોગ્યતાના પ્રમાણમાં કુટુંબ બંધનમાંથી તેઓ મુક્ત–સ્વતંત્ર થાય, અને તે મુક્તતાથી અને સ્વતંત્રતાથી કુટુંબની મુર્ખ ઇચ્છાઓ અને કલેશોમાંથી છુટી, કુટુંબનાં ખરાં કલ્યાણ કરવા શક્તિમતિ અને ઉત્સાહી બને. કુટુંબના બાળક વર્ગને પોષણ અને શક્તિ આપે, અને વૃદ્ધ વર્ગની કલ્યાણ વાસનાઓને તૃપ્ત કરે. પતિભક્તિપરાયણ થઇ પતિનુ જીવન ઉન્નત કરે, તેના આંતર વિલાસોની ઉર્મિયોમાં પોતાના હૃદય તરંગો ભેળવી દઈ મનુષ્ય જીવનને દિવ્ય કરી નાંખે, અને અન્તે સ્વદેશમાં, દિવ્ય સૂર્યનાં તેજસ્વી કિરણોને સંપૂર્ણ વિસ્તારથી પ્રસારે. સ્ત્રી વિના ઘર નથી. ગૃહ વિના પ્રજા નથી. પ્રજા વિના રાજ્ય નથી. સ્ત્રીની ઉન્નતિ વિના દેશની ઉન્નતિ નથી. સ્ત્રી એ ઉછરતી પ્રજાની માતા છે. માતાના સંસ્કારથી સંસ્કારાયલી પ્રજા ઉન્નતિક્રમમાં ઝટ ચઢે છે. માટે સસ્કારવાળી સુમાતાઓ આર્ય ભગિનીઓ બને એજ નિરંતર ચિન્તવન છે."

કુંવરબાઈ ડોસાં તો મનમાં ને મનમાં બબડયાં. આતો સરર પરર સંસકરત થોકીજ જાય છે ને ભાષણુ ભુષણુનો ભાંગડો વાટતીજ ચાલી." મનમાંજ બબડયાં, મુગા મંતર થઈ ગયાં.

સીરીન એધડક બોલી: " કહોછ સૌ પણ તે પરમાણે કરેછ કોણ ? એનો જુવાબ દેવ છો ? "

કુંવરબાઇ ગભરાયાં. તે મનમાં ને મનમાં બોલ્યાં: "મુંગી મરને દુકતી." તેમ છતાં ઉંચાં નીચાં થઈ બેસીજ રહ્યાં.

તેજસ્વી સુખમુદ્રાવાળી પુખ્ત વયની રાધાબાઇ જરા સ્મિત કરી બોલી: " બ્હેનો, મ્હારા કુંડી બંધી વર્ષોના અનુભવ ઉપરથી, સાંપ્રતકાળના ઢંગધડા માટે મેં જે રહસ્ય તારવ્યું છે તે આ છે, સાંભળો: સુધારાને નામે કલ્પિત ધોરણુ ઉપર ઘોડા દોડાવી મ્હોટા મ્હોટા ફડાકા મારવામાં આવે છે. તેથીજ મનુષ્ય જીવનમાં લોભ, તૃષ્ણા અને સ્વચ્છંદપણાથી વર્તવાની વૃત્તિનો પ્રવાહ વહ્યો છે. નિરંકુશિનપણાને છુટાપણું કહેવડાવતાં શીખવ્યુ છે. જનસમાજના સુનિયમોનો ભંગ કરાવ્યો છે. અને મનસ્વીપણે જોખમદારીની દરકાર ન કરવી તેને સ્વતંત્રતા ગણાવી છે. ઇશ્વરયુક્ત મનુષ્યત્વને પશુપણામાં ખેંચી જવું તેમાં ગુણુનપણું ગણાવ્યું છે. સ્વાર્થપરાયણતાને ધર્મની ગાદીએ બેસાડયુ છે. શ્રીમાં સર્વસ્વનો સમાવેશ કરાવ્યો છે. સંકરપણાને સુનીતિ શાસ્ત્ર ઠેરવ્યું છે. અસત્યને મહા કળા ગણાવી છે. પાપને સૌંદર્યતા બક્ષી છે. ઉદ્ધતાઈ ભરેલા જીવનને યશસ્વી કલ્પાવ્યું છે. કૃત્રિમતામા જીવનનુ સત્ય મનાવ્યુ છે. પવિત્ર લગ્નને હાસ્યાસ્પદ નાટકમાં ઠેરવ્યું છે. સુજીવનવૃત્તિમાં શુદ્ધ અંતઃકરણની રહેણીને દેશપાર કરાવ્યું છે. જીવનને રમકડા રૂપ બનાવ્યુ છે. અરે ! ટુંકામાં આ જમાનાનો ઢંગ કૃત્રિમતાની પરિસીમા ઉપર ડગમગતો એજ માનવા બેઠો છે કે, સ્વાર્થ સાધવો એ સુનીતિ છે. સ્વેચ્છા એ કાયદો છે. સ્વાભિમાન એજ સત્વ છે. અને આખરે પોતાના આત્માને ઠગવો એ તત્વજ્ઞાનની પરિસીમા છે."

પીરોજા: " યસ, યસ, આપ કહોછ ને બરોબર બંધબેસ્તું છે.

ગુલાં હસતી હસતી બોલી. " બ્હેન કહેવ, કહેવ, એ તો બહુજ રસ ભરેલું લાગેછ."

રાધાબાઇ: "એને પરિણામે સાંપ્રત પ્રજાને આંતર બાહ્યથી ચિંતાગ્રસ્ત બનાવી છે, ઉછરતી પ્રજાની શાંતિ અને સુખ લૂટી લીધાં છે. બાલિકાઓના જીવનને થાળે પાડવાને બદલે ભયંકર વિડમ્બનામાં નાંખ્યાં છે. જીવનતૃષ્ણનો મુખ્ય ઉદ્દેશ શું છે, તેનાથી વેગળી કરી નિરાશા, અધમતા અને દુ:ખાગ્નિમાં ભડકાવી છે. કહો, સાંપ્રત સુધારાના જીવનની તદાકાર આકૃતિ ખડી થઇ કે નહિ ?"

સીરીન: "હું એજ જુવાબ માગુંછ. રહેણીકરણીના ફેરફારથી ખાના ખરાબી વધી છે. અને તેને માટે ખાના ખરાબી કરનાર કેમ જોખમદાર નથી ?"

કુસુમે સવિનય ઉત્તર દીધો: "બ્હેનો, જરા શાંત થાઓ. આપ સર્વ વિદ્વાન મહિના છો. દેશનુ હિત ચાહી જે કોઇ કાર્ય કરે છે, તે મલિન ઇચ્છાથી કે દશને હાનિ કરવાના હેતુથી કરતા નથી એ તો આપણે નિર્વિવાદે સ્વિકારવું પડશેજ. ત્યારે કહો, સર્વ સુધારા એકજ કાળમાં એકી વખતે થયા છે ખરા ? કોઇ પણ દેશકાળમાં એમ થયુ છે ખરૂં ? દોષારોપણ કરવા બહાર પડતા પહેલાં સર્વમાંથી સારગ્રાહિ થવું અવશ્યનુ છે; અને તેમાંજ વખત ગાળીશું તો હવે પછીની પ્રજાને આપણે પણ જવાબ દેવો વસમો થઇ પડશે. કર્તવ્ય કરનારાઓના દોષોને અગ્રગણ્ય ગણુતા પહેલાં તે કેવા હેતુથી કર્તવ્ય બજાવે છે તેની નિરીક્ષા કરી ન્યાય તોલવા જરૂરનો છે.

"યસ્, યસ્, હું એજ જોવા માગુ છુ. આય કૉન્ગ્રેસ શુ કરે છે તેની મ્હને જરાય સમજ સુમજ પડતીજ નથી. વર્ષોના વર્ષો થયાં કુડીબધ રૂપીઆ ખારામાં નાખી દે છે, પ્રજાના પૈસા ફોગટમાં ધુળધાણી થાય છે, અને તમાસાને તેડુ હોય તેમ વરસમાં ત્રણ દિવસ ભાષણોનો વરસાદ વર્સાવે છે. મને જરા કહેવા દો બેન, હોળીના દહાડામા ગેરીઆ બોલે છે તેમ મનને ફાવ્યાં ભાષણો કરવાની એ હોળી છે કે બીજું ?" સીરીને ચસ્માને આંગળી અડકાડી અક્કડ થઈ ગર્જના કરી.

રસ્તે જતી દક્ષણી સ્ત્રીઓ તથા બીજી પારસી સ્ત્રીઓનું ટોળુ વધ્યું. વાતમાં જરા રસ જામ્યો.

સ્મિત મુખ મલકાવતાં ઘટડી જેવા સ્વરથી કુસુમ બોલીઃ "મ્હારાં વ્હાલા બેન, કૉન્ગ્રેસ ઉપર જે આક્ષેપ તમે મુકો છો તે તકલેદી છે. જ્યારે આપ બાહ્ય સ્વરૂપ મુકી આંતર સ્વરૂપ વિચારશો ત્યારે ખાત્રી થશે."

સીરીનઃ "ના જી, આજે કુડીબધ વરસોથી કોન્ગ્રેસ ભરાય છે. તેના તમાસા પાછળ લગભગ લાખો રૂપીઆ તો ખરાબ ખાસ્તે થઈ ચુકયા છ. જો તેટલા રૂપિયાની એકાદી મીલ બીલ બાંધી હોત અથવા એકાદ હુન્નરનું કારખાનું ઉભું કર્યું હોત તો આપણા દેશમા કઈ નવો હુન્નર ખીલી નિકળત અને આપણા દેશના હજારો ગરિબ કારીગરની રોજી થાત. પરદેશથી આવતા માલ પાછળ કરોડો રૂપિયા દૂર દેશાવર ઘસડાઇ જાય છે તેમાં કાઇ ઓછું થાત અને એટલા રૂપિયા આપણા દેશમાજ રહેવા પામત. દેશના હજારો હુન્નર નાશ પામેછ, રે કેહવની કચડાઇ જાયેછ અને હજારો કારીગરો ભૂખે મરેછ. તેનુ તેમણે શું દલદર ફિટાડીયુછ જે! આવા શાંતિ ભરેલા અને મહેરબાની ભરેલા રાજમા આપણને કેટલી બધી ફેસિલિટી છે? આપણને કેટલી બધી સગવડ઼ા છે? અને કેટલી બધી છૂટ છે. આય રાજમાજ આપણે આપણા હુન્નર ઉદ્યોગો ખિલની શકીએ એમ છે. તો પછી કાંય એ લોકો હુન્નર ઉદ્યોગની સ્કુલો તથા કૉલેજો ઉભી કરતા નથી? હું સર પિરોસાહ, મી. સેતલવાડ, મી. વાચ્છા, મી. ગોખલે, મી. અંબાલાલ, મી. પારેખ અને દીક્ષિત બીક્ષિતને પુછુછુ કે આય પ્રજાના પૈસાની ખાના ખરાબી કરી તેનો સુ જુવાબ દેવ છો?"

કુસુમઃ "બ્હેન, શુ તમને એ આપણા ભારતભૂમિના માન્યવર વીરો માટે માન નથી?"

સીરીનઃ "અરે, તેતો અમારા જીગરના કકરા છે અને માથાના મુગટ છે. પણ હુ એ વિદ્વાન પુરૂષોને પુછુંછ અને જાહેર હકથી પુછુંછ કે, જાપાન જ્યારે ટુંકા વખતમાં ઉન્નતિના શિખરપર ચરી ગિયુંછ. જરમની હુન્નર કળામાં સંપૂર્ણ ખિલી રહ્યુંછ. અમેરિકામાં લખમીબાઈ રેલાઈ ગયાંછ તારે આ આપણા દેશ માટે આટલું આટલું કરો છો, છતાં લોકોનાં દુઃખ કેમ ફિટતાં નથી ને કેમ કંઈ દીસતુ ભીસતું નથી. કાંતો એવણુનો પકરેલો રસ્તો

ખોટા છે, કે કાંતો તે પર તનમનથી મેહેનત લેવાતી નથી. ગમે તે પન કંઇ છે ખરૂં. તેનોજ જુબાબ માંગુંછ જી."

નવાજબાઈ: "આય તો ત્રણ દિવસની હોળી હોય તેવો તમાસો કરી બાપણુ બુષણુનો બાંગડો વાટી નાંખેછ, બીજુ શુંજે ? માનવંત સર પિરોસાહ લાંબુ લાંબુ પીંજેછ. અને પેલો ગોરટીઓ પાતલો વાંકી મુછોવાલો એડ-વોકેટ સેનલવડ જાહેરમાં પાછો ફિકો ફસ થઇ ગીઓછ. અરે પેહેલાં બા તે કેવા હુસિયારીના સપાટા મારતોંતો. તેતો મ્હારા બગલા પાસેજ રહેછ. બીઝીક રમવામાં સુરો છે. બન્નીરે તારી બીઝીક! પકરને ભલું કામ કે રૂગે. પેલો ગોખલે તો જાણે બાપણનું બુગલુંજ હોય તેમ ભડભડ બનીયોજ જાયછ, અને મી. વાચ્છા તો જાણે મુસદ્દી મહેતો હોય તેમ આંકડા ને ફાં-કડા ગણ્યા ગણ્યાજ કરેછ. વારૂં, એ બધા તો ઠીક પણ આય તમારા કલ્યાણ આશ્રમે પણ સુ કરી બતાવ્યુંછ જે ? બધાએ મેહેનત કરીને મરી ફિટીને કીધું સું જે ? જાતો ઘસાવી નાંખી. બૈરી છોકરાના ખોટા કર્યા. અને દેશ-માં તો હજારો મન ધુરની ધુર પડી રહીછ, તે ખંખેરાઈ નથી અને દેશનું દલદર ફિટતું નથી."

કુસુમ: "આપણુને એ મહા પુરૂષો માટે માન છે. તેઓ નિઃસ્વાર્થ-પણે આત્મ ભોગ આપે છે. તેઓ તન, મન અને ધન દેશને અર્પે છે. અમે પણ અમારાથી બનતું સ્વાર્પણ કરીએ છીએ.

સીરીને છટાથી છાતી કહાડી કહ્યું: "યસ્, યસ્, એ બધું આય માથાપર લઇએ છીએ. દેશના ભલા માટે એ બિચારા જ્યારે મથી મથીને થાકી મરેચ, તારે અમે અમારો જાન ફીડા ફીડા કરીએછ અને ખુદા પાસે તેમની લાંબી જીંદગી માટે દુવા ચાહીએછ અને એ હેતના કકરાઓને તેથીજ પુછા પુછ કરીએછ. બાકી બીજા પર તો ધુર નાંખીએછ ધુર."

કુસુમે ચાપલ્યતાથી વિદ્યુત જેવી ચક્ષુ ચોગરદમ ચળકાવી વિનયસહ કહ્યું: વિદ્વાન મહિલાઓ, રાજ્યદ્વારી મંડળીઓ જનમંડળમાં શું કાર્ય કરે છે તે સંબંધી તમારી નિરીક્ષા અભિમાન કરવા યોગ્ય છે. રાજ્યદ્વારીઓ માટે રાજદ્વારી ચર્ચાઓ રહેવા દેવાનો વખત હવે વહી ગયો છે. ભારત

મહિલાઓ ભારતના તારણ માટે જ્યાં સુધી લક્ષ નહિ આપે, ત્યાં સુધી આપણી ફરજમાંથી આપણે પાછાં પડીએ છીએ. અને દેશમાં થતા સાંસારી, રાજદ્વારી, તથા ધાર્મિક કાર્યો ખિલતાં નથી, એમાં બીજાં બધાં કારણો સાથે આપણો પણ સમાસ થાય છે, એ ધ્યાન બહાર ન જવા દેવા નમ્ર વિનતિ છે. જ્યારે ભારત ગૃહિણીયો કર્તવ્ય પરાયણ થશે, ત્યારે તેના તનુજો માતૃબોધથી અપરિમિત કાર્યો કરવાને ઉલ્લાસી થશે. સર્વ કાર્યોમાં ફત્તેહમદ થશે. વિજયી થશે. આબાદી અને આનંદથી ભારત ભૂમિને જય જયકાર કરતી ઝળકાવશે. જાપાન અને અમેરિકા આદિ જે દેશોની ઉન્નતિ નિરખો છો તેમાં આ તત્વ સમાયલુ છે. અને તે તત્વ આપણામાં વધારે ઉન્નત કરવું અવશ્યનુ છે."

પાસે ઉભેલાં રખમાબાઇ બોલ્યાં "સત્ય છે, સત્ય છે."

શીરીનઃ "આથી કાંઇ કૉન્ગ્રેસનો બચાવ ફચાવ થતો નથીજી."

કુસુમે સવિનય મધુર સ્વરે કહ્યું: "હું હવે એજ વિષય ઉપર આવું છુ. મ્હારી વ્હાલી બેનો, ભારતીય રાષ્ટ્રીય સભાની મહત્તાની આણ, નગાધિરાજ હિમાલયના પ્રદેશથી તે રામેશ્વર સુધી ભવ્ય પ્રતાપ પાડતી ગર્જી રહેલી છે. ભારતના સર્વ તનુજોને ઐક્ય અને મમતાથી પોતાના લક્ષ્યબિંદુ તરફ ખેંચી રહી છે. ભારત સમસ્તનુ દુઃખ એક ઠેકાણે પ્રસિદ્ધિને પામી સર્વ સમાન ભાગીઆ થાય છે, અને પૂર્ણ ઉત્સાહથી સ્વાર્પણના ભોગ આપતા દેખાય છે. તેઓ ભેગા મળી એક બીજાના દિલમાં ખેંચાણ કરે છે. શુ એ વિજયની અને લાભની નિશાની નથી? ભારતીય રાષ્ટ્રીય સભા વરસમાં ત્રણ દિવસ મળી લખલૂંટ ખરચ કરી વેરાઈ જાય છે, તે ખાલી તમાસો નથી. એ તેનું દીર્ઘ દ્રષ્ટિથી બાહ્યાભ્યાંતર સ્વરૂપ તપાસતાં હૃદયગોચર થશે. સતત બાર માસ સુધી દેશમાં ચાલતી ચર્ચા અને તે દરમ્યાન સ્થાનિક મંડળોથી થતાં કૃત્યો, આ મંડળ આગળ સ્પષ્ટીકરણ માટે આવે છે. તેમજ તેમાં આવતા પ્રતિનિધિઓનાં આવાગમનોનો સહવાસ, સાંસારી તેમજ રાજ્યદ્વારી જીંદગીમાં પલોટાય છે અને જાહેર જીંદગીમાં જોડાય છે. ભારતભૂમિપર પડતા આકરા કરો માટે કાયદેસર રીતે વિજ્ઞપ્તિ કરાય છે. રાજનીતિમાં ચાલતી

કોડી રીતિ નીતિ માટે વાંધા નોંધાવાય છે રાજનીતિ, વિશેષ ન્યાયપરાયણ, સત્યપરાયણ અને દાક્ષિણ્યપરાયણ થાય તેમ યત્નશાળી થવાય છે. આ પુરૂષાર્થ જરા પણ નિષ્ફળ નિવડયો નથી. ભારતીય રાષ્ટ્રીય સભાના પરિણામેજ સને ૧૮૯૨ થી નવી ધારાસભાઓ મેળવી શકાઇ છે. ધારાસભામાં પ્રજાના પ્રતિનિધિદ્વારાએ સત્તાવાર રીતે પ્રજાનો અવાજ સત્તાધારીઓ હજુર મુકવાનુ સાધન મળ્યુ છે. અને તેજ સભાને પરિણામે સિવિલ સર્વિસની પરિક્ષા ઇંગ્લાન્ડ ઉપરાંત હિન્દુસ્તાનમાં પણ લેવાનો ઠરાવ પસાર થવા પામ્યો હતો. જોકે ભારત સંતાનના દુર્દૈવ્યે હજી તે કાર્ય બિન અમલે પડયુ છે, પરંતુ હમણાં તેજ પ્રશ્ન પુનઃ જાગૃત થઈ તે માટે કમીશન નિમાયુ છે. કમીશનના સભ્યોએ આ દેશના સુજ્ઞ પુરૂષોની જુબાનિઓ લીધી છે. હવે તેનુ શુભ પરિણામ આવે તેટલીજ વાટ જેવાય છે. ખેડુત વર્ગની ગરીબાઇનો સવાલ તે કારણથી ઉપાડી લેવો પડયો છે. ન્યાય અને કાર્યભારી સત્તા જૂદી પાડવાની ચર્ચા પણ એજ સભાએ અગ્ર ધરી છે. એજ સભાએ પોલિસનો સડો દૂર કરવા સરકારનુ લક્ષ દોરવ્યું છે; એટલુજ નહિ પરંતુ ઉદ્યોગ, હુન્નરનો સવાલ પણ સરકારને હાથ ધરવો પડયો છે. મીઠા (નિમક) ઉપરનો કર અને ઇન્કમટેક્ષ એને પ્રતાપેજ ઓછા થયા છે ભારતીય-રાષ્ટ્રીય સભા રૂપ નોકાએ ભારતભૂમિને રાજદ્વારી હિલચાલ રૂપી સમુદ્રમાં ઉતારી છે, એ એનો મહા જય છે. ભારતીયરાષ્ટ્રીય સભા એ હોળીના તહેવારમાં ઘેરીયા મન ફાવ્યુ બોલે છે તેવું ભાષણ કરવાનું સ્થળ નથી. તેમ ત્રણ દિવસની હોળી નથી. પરંતુ ભારતના દુઃખને ભસ્મીભૂત કરનાર મહાન હોળી છે. ભારતનાં સર્વ દુઃખોને ભસ્મીભૂત કરી સર્વને વૈભવ અને સુખસત્તાથી આનંદ પ્રફુલ્લ કરનાર મહા માયા છે. મનુષ્ય પ્રકૃતિ શાસ્ત્રનું અધ્યન કરનારને અધ્યયન કરવાનુ એક નવિન ક્ષેત્ર આપણો ઉછરતો યુવાન વર્ગ છે, કે જેઓ રાષ્ટ્રીયસભાના વોલંટીઅરનું કામ મહા ઉત્સાહ અને કેવળ દેશભક્તિ પરાયણતાથી, નિઃસ્વાર્થ વૃત્તિથી, બુદ્ધિ પૂર્વક ઉઠાવી લે છે, અને અપૂર્વ શ્રમ ઉઠાવી લે છે. એ નિઃસ્વાર્થ દેશભક્તિ કૅાંગ્રેસના પ્રભાવથી ઉન્નત થઈ છે. એ વીરોમાંજ મહા આશા સમાયલી છે. એઓ ભારતની ભવિષ્યની આશા

છે. સ્વાર્થમય અર્ધદગ્ધ પુરૂષો કેટલાક માનપાનની આશાથી મેખી ડીંચ થવા ઢોંગ ધારતા હશે, તેવા આ ઉછરતા યુવાનોને ધારતા નહિ. તેઓ પ્રરનિષ્ટાથી સ્વદેશભક્તિ સ્વિકારે છે. અને આત્મબળથી દેશકાર્ય બજાવી કર્ત્તવ્યની ખરી કસોટી બતાવે છે. એમાં ભેળાતા પારસી, મુસલમાન તથા હિન્દુ વોલંટીઅરો સર્વે અભિવંદન પાત્ર છે. ભારતની ખરી આશા એમાંજ સમાયલી છે કે જે રાષ્ટ્રીય સભાએ તેમના મનમા બી રૂપે રોપી અંકુર ફોડયું છે. યુવાન વોલન્ટીઅરોની કદર બુઝવી દુર્ઘટ છે. એની તુલનામા શુ મુકવુ, તેના અક્ષરો મ્હારી પાસે નથી. એ તરૂણોની આશા પ્રભુ પૂરી પાડો.

એમની દેશસેવાનો જો તમે જરા ખ્યાલ કરશો તો તેમાં મહાન અપૂર્વતા જણાશે. લક્ષાપતિના લાડકવાયા તનુજો જે પોતાને માટે તથા પોતાના કુટુંબ માટે કાર્ય નથી કરતા, તે લાડકવાયા તનુજો વોલંટીઅર તરીકે જોડાયા પછી હલકામા હલકું કામ હોય તોપણ આદરપર્વક ઉપાડી લે છે, અને કર્ત્તવ્ય પરાયણતાથી કરી બતાવી પાર ઉતારે છે. મુંબઇ, કલકત્તા, મદ્રાસ, પંજાબ તેમજ અમદાવાદના વોલન્ટીઅરોએ જે કર્ત્તવ્ય બજાવ્યા છે તેનુ નિરીક્ષણ કરીએ તો ભારે ચમત્કાર અનુભવાય છે. રાષ્ટ્રીય સભાનો એકે એક વોલન્ટી-અર એ પ્રજાનુ કામ ઉઠાવનાર મહાન સમર્થ યોદ્ધા છે, એક ભડવીર છે. એની નિસ્પૃહ દેશભક્તિની તુલના કરવાને એક પણ સરખામણી મ્હને જડતી નથી. ફક્ત એટલુજ કહું છુ કે તેઓ ભારતની મહાન આશા છે.” દક્ષિણિ સ્ત્રીઓએ વંદેમાતરંનો ધ્વનિ કર્યો, તે સાથે પારસી સ્ત્રીઓએ હુરરે, હુરરે, હુરરેના પોકાર કરી રૂમાલ ફરકાવ્યા.

કુસુમે નમ્રતાથી કહેવું શિરૂ રાખ્યુઃ “બ્હેનો, અતિકાળ થઇ ગયો છે. સર્વેની ઇચ્છા ઘર તરફ વધારે તણાયલી છે. આથી પણ વધારે ખુલાસા જાણવા હોય, અને અમારા કર્તવ્યની નિરીક્ષા કરવી હોય તો કોટમાં લક્ષ્મી સરસ્વતિ વિલાસ મંદિરમાં સુખે પધારવું. ત્યાં આપના મનનું સમાધાન થશે.”

સમજુલક્ષ્મિએ ગગનમંડળ તરફ દ્રષ્ટિ કરતાં ઉદ્‌ગાર કહાડયોઃ—“ઓ-હો, ચંદ્ર તો જુવો.” હૃદયમાં ચંદ્રનું સ્મર્ણ પ્રકટતાંજ કુસુમની મુખમુદ્રા લાલચોળ થઇ ગઇ. તે નીચેથી ઉંચુ જોઇ શકી નહિ.

ગુમાનબા બોલ્યાં: "આ તો દીવા પ્રગટી ગયા. ઘેર જતાં વિલંબ થશે. વળી બાપુ આપણે ત્યાં જમનાર છે. તે માટેની તૈયારી કરવાની છે."

સર્વે છુટાં પડયાં. પતિદર્શનનુ ચિન્તવન થતાંજ મલયાચળ પર્વતના પવનથી જેમ સુકુમાર વેલી કંપે તેમ કંપતી કુસુમ મુગ્ધા સુકોમળ દેહલનાને સાસુની સોડ સાથે લપાવી બ્રુમમાં બેસી ગઈ. મ ચાલવા માંડી અને વાલકેશ્વરથી આવતી બ્રુમ સાથે છેક પાસે પાસે થઇ ગઇ. સહસા તેમાં કુસુમની દ્રષ્ટિ ગઇ. સરસ્વતિચંદ્ર, ચંદ્રકાન્ત ને બાપુ તેમાં બેઠેલા જણાયા. સુધારસ દ્રવતિ કુસુમની ચક્ષુ સાથે સ્હામેની ચક્ષુઓ મળી. હૃદયનાથના પ્રણય પ્રસાદે અમૃત પ્રેર્યુ. પણ એથી તો કુસુમના હૃદયમાં તનમનાટ બમણો વધ્યો. તેના આખા શરીરમાં કંપ થઇ ગયો.

કુસુમે સાસુ સાથે વિનયથી પાકશાળામાં પ્રવેશ કરી ભોજનની સામગ્રી તૈયાર કરાવી. અને ભોજનગૃહમાં વિદ્યુત દીપ પ્રકટાવી પાટલા અને બાજઠો ગોઠવાવી રંગોળીથી સૌંદર્યતા આણી, અગરના ધુપથી ભોજનગૃહ સુવાસિત કરી નાખ્યુ. રૂપાનાં ટાટો અને સોનાના કટોરા કટોરી ગોઠવી જમનાર પુરૂષોને ભોજનપર હાજર થવા વર્દી કહાવી. ભોજન લેનારા હાજર થયા. ત્યાં દેશોન્તિના ઘણા વિચારો ચર્ચાયા. ઉઠતાં ઉઠતાં સરસ્વતિચદ્રે ચંદ્રકાન્તને સુચવ્યું: "આટલી નોંધ કરી કાલના વિચારપર રાખો.

૧. વ્યાપારીઓની કૉન્ફરન્સ ટુંકા વખતમાં ભરવા ગોઠવણ કરવી.

૨. પશ્ચિમ તરફના તથા પૂર્વ તરફના બધા દેશોમાં સંખ્યાબંધ વિદ્યાર્થિઓને મોકલવા યત્નશાળી થવું. અને તેમને પૃથ્વી પ્રદક્ષિણાનો લાભ અનુભવ સાથે મળે એવી ગોઠવણ કરવા વિચારવું.

૩. દેશને અનુકુળ થઈ પડે એવા ખેતીવાડીના શિક્ષણની ગ્રંથાવળી દેશી ભાષામાં તૈયાર કરી ખેડુત વિદ્યાર્થિઓને શિક્ષણ ચાલુ કરવાની ગોઠવણ કરવી.

૪. વિદ્યાર્થિઓને હાલમાં અપાતી કેળવણી કરતાં દેશને રૂચતા વ્યાપાર હુન્નરની કેળવણી આ દેશમાં આપી તે કેળવણી યુરોપાદિ દેશમાં પાકી કરાવવી. વ્યાપાર હુનર સિવાય કોઈ દેશ ઉન્નત થતો નથી માટે દેશમાં

જે જે વસ્તુની જરૂર હોય તે વસ્તુઓની હુન્નરશાળાઓ ઉઘાડવી. અને તે માટે સમસ્ત હિંદુસ્થાનમાંથી એક મ્હોટું ફંડ ઉઘરાવવું અથવા પ્રત્યેક જીલ્લાવાર ફંડો ઉઘાડવાની સખ્ત મહેનત કરવી, અને પ્રત્યેક જીલ્લામાં જરૂર પડતી હુન્નર શાળાઓ ઉઘડાવવી. યુરોપ, અમેરિકા અને જાપાનના હુન્નરબાજ પુરૂષોને એ હુન્નરશાળાઓના અધ્યક્ષ બનાવવા સંબંધી માહિતી મેળવવી.

૫. ખાણોના ઉદ્યોગ બહોળા વિસ્તારમાં ઉન્નત્ત કર્યા સિવાય દેશમાં લક્ષ્મિની વૃદ્ધિ થશે નહિ માટે હાલ તુરત તેની એક કક્ષા ખોલવી.

૬. હાલમાં મિ. બ્રાડલોની કંપની યુરોપ, અમેરિકા, જાપાન, અને આફ્રિકા સાથે બહોળો વ્યાપાર ચલાવે છે. તેમની જોડે આપણો સબંધ જોડવો."

અંદરના ખંડમાં બેઠી બેઠી કુસુમ મન સાથે પ્રેમ કુતૂહલ કરતી શ્રવણ કરતી હતી. તેના કર્ણદ્વાર ઉપર બ્રાડલોની કંપની એટલું નામ અથડાયું તે ઉંડા વિચારમાં પડી.

સર્વેએ ભોજન લીધું. તે પછી કુસુમે અને ગુમાને પણ ભોજન લીધું. કુસુમના મનમાં શું થતું હતું તે પોતેજ સમજી શકતી નહોતી. રોજ રંગમહેલમાં શયનનો વખત થતા ધબધબ પગથીઆં ખખડાવતી જતી, તે આજે ચોર બની ગઈ હોય તેમ ધીમે ધીમે જવા લાગી. રંગમહેલ પાસે ગઇ. પાછી હિમ્મત હારી ગઇ. હોઠે આંગળી મુકી દ્વાર આગળ ઉભી રહી. વળી ઉભી ઉભી ચમકતી હોય તેમ પાછું વળી આગળ પાછળ જોવા લાગી. તેનું રસથી દ્રવતું હૃદય ધડકવા લાગ્યું. રંગમહેલમાં કોઇ નથી, એવી ખાત્રી થવાથી તે અંદર ગઈ. વચ્ચોવચ્ચ વિદ્યુત જ્યોતિથી ઝગઝગતા દીપ પાસેના સોફા ઉપર પડી, અને મનનો ઉભરો કહાડવા લાગી. ઉછળતા અંતઃકરણથી વેગ ભરેલા સ્વરે ગરબી ગાવા લાગી, અને સારંગીને પણ તેની સાથે જોડી.

*"સ્વામી મ્હારારે, મુખમુદ્રા તો તમારી, મનમાંથી ન જાય વિસારી,
ત્રિભૂવનમાંરે તમ સરખું નથી સ્વામી, તુલના કરૂં કોંથી વિચારી;

* (શિરછત્રીરે વાત કહું તે વિચારો. એ રાગ)

તનમાં તાલાવેલી પુરી લાગીરે, મ્હને સુઝે ન એકે દિસ સ્વામીરે,
કોને કહું મનની વ્યથા મ્હારીરે.
મનોહારીરે, પુનિત મૂર્તિ તમારી, મને લાગે છે બહુ પ્યારી. ૧
મમતીલીરે, સ્વામી નથી હું રહેલી, મદને થકી થઇ હું ઘેલી,
વરસાવોરે મિષ્ટ સુધારસ ભારી, કરો તૃપ્ત અધિરિણી નારી;
તમે સર્વની હોંસ પૂરો છોરે, પર ઉપકૃતિ કરીને ઠરો છોરે,
ત્યારે ઝુરતીને શિદ ઝુડો છોરે,
મન માન્યારે, રતિનો મર્મ વિચારી, મ્હને લેજો સ્વામી ઉગારી. ૨
રસવંતારે, પ્રણયના યુદ્ધ પ્રચારી, કરી છે શુ આ કળા સારી ?
હું તો હારીરે, હાર્યાહુ પ્રભુ હારો, ઉતરી ગઇ છે ખુમારી મ્હારી,
નિજ મનથી જોગ ઉતારોરે, કર પ્રેમે થકિ પ્રસારોરે,
હસિત વદન થકિ સ્વીકારોરે,
ગુણવંતારે, હૃદય નયનને ઠારી, ગુણહીનને લોની ઉગારી. ૩
રસ ધારીરે, હુ તો છું રંક બાળા, કરો શિદને કૌતુકી ચાળા,
ગર્વ મ્હારોરે ગલિત થયો છે વ્હાલા, ખુલી શિદ પાડો છો છોગાલા,
શેને લજ્જા તજાવો સ્વામીરે, જેમાં રે'શે નહિ મહત્તા મ્હારીરે,
ગુણવંતા કહુ શીર નામીરે,
સાન માંહીરે, સમજી ગુણજ રસાળા, દાન હૃદયનું દોને દયાળા. ૪

સારંગીની અપૂર્વ સહવાસિનીએ, સારંગીના બરોબર સ્વર મેળવી ઉપલી ગરબી બે ત્રણ વાર ગાઈ. સારંગીના સ્વરની રમઝટમાં પરવશ થયેલીના પગ, હાથ અને લલાટ વેગ ભર્યા હાવભાવ કરવા લાગ્યાં. મહાદેવી જેવી પ્રસન્નવદના દિવ્ય સ્વરથી રંગ મહેલને ગર્જાવી રહી. સ્વર સાંભળી સરસ્વતિચંદ્ર રંગમહેલ તરફ આવતો હતો તે રંગમહેલની બહારજ સ્તંભ્યો.

કુસુમનું કિન્નર કંઠમાંથી શ્રવતું ગાન રાગની પૂર્ણ છાયા કરી રહ્યું. અને પ્રેમમત્ત થયેલીના હાવભાવે સરસ્વતિચંદ્રને પૂર્ણ મુગ્ધ કરી નાખ્યો. તે પ્રેમ પ્રતિમાને નિહાળતો નિહાળતો ધરાતો નહોતો. તેના શરીરમાં કંપ છુટયો અને ઉષ્ણ શ્વાસ વહેવા માંડયો. ગાનની મધુરતા વધવા લાગી, મુગ્ધાના વિકસિત

થયેલા હૃદય ભાવ સાથે “ દાન હૃદયનું દોને દયાળા, દાન હૃદયનું દોને દયાળા.” એ વાક્ય આર્જવતાથી બે હાથ જોડી બોલાવા લાગ્યું. આથી સાંભળનારના હૃદયમાં દયા ભાવ સાથે પ્રેમ વત્સલતા પ્રકટી. એટલામાં સારંગીનું તાન નરમ પડયું. આર્જવતા દર્શાવતી દર્શાવતી કુસુમ સોફા આગળ ઉભી થઇ રહી. સંગીતમાં મદમસ્ત થયેલીને ચક્કર આવવા લાગ્યાં.

એટલામાં સરસ્વતિચંદ્રે પાછળથી આવી કુસુમને બાથ ભીડી હૃદય સાથે ચાંપી.

કુસુમ: “ નાથ છોડો, છોડો, સારંગી ટૂટશે. ”

એટલામાં સારંગી નીચે પડી ધમ્મ કરતો ધબાકો થયો. કુસુમ બાથમાંથી છુટી સામી ઉભી રહી. તારા મૈત્રિક થઇ રહ્યું. હવે કોણ મૌન્ય તોડે!”

પ્રકરણ ૩ જું.

મિ. બ્રાડલો.

*सति सक्तो नरो याति सद्भावं ह्येक निष्ठया ।
कीटको भ्रमरं ध्यायन्भ्रमरत्वाय कल्पते ॥

(વિવેક ચૂડામણિ.)

વિશ્વકર્ત્તાની સર્વ રચનામાં વ્યવસ્થા હોય છે અને જનસમુદાયની મુખ્ય મુખ્ય વ્યવસ્થાઓ વિલક્ષણ નિમિત્તોદ્વારા તે મનુષ્યો પાસે કરાવે છે. તેના યશનો કે અપયશનો કળશ તે ઉપર વિચારાઈ અમુક વ્યક્તિ ઉપર ઢોળાય છે. મહાપુરૂષો, સર્વ વ્યવસ્થાઓ વચ્ચેથી જનકલ્યાણ, આત્મકલ્યાણ, દેશકલ્યાણ અને સમય રંગને છાજતો સુખદ રંગ પ્રકટાવે છે. તે ક્યારે કોની દ્વારા પ્રકટીકરણ કરાવાય છે, તે પ્રથમથી કલ્પાવું અશક્ય છે. પરંતુ સૃષ્ટિક્રમમાં તે તરવરી આવે છે.

સૃષ્ટિક્રમના ચક્રજાળમાં ફસાયલો મિ. ડબલ્યુ. સી. જૉસેટનો અતિથિ, અનુયાયી કે પછી શિષ્ય જે કહો તે આજે ચમત્કારી, મનોહારી અને અદ્ભૂત અકથનીય પ્રકૃત શોભામયી, કળાકૌશલ્ય પૂર્ણ લંડનની લીલા ભૂમિને નિહાળતો નિહાળતો ચકિત ચિત્તથી લુબ્ધ થયેલો, રાજલોભ, રાજમંદ, ગર્ભૈશ્વર્ય, લક્ષ્મિમદ, રાજસત્તા, કળામદ અને વ્યવહારમદથી અભિ-

* અર્થઃ—એક નિષ્ઠાથી સત્‌ના ચિન્તવનમાં લાગેલો સદાસક્ત પુરૂષ સત્‌-પણાને પામે છે. ભ્રમરના ધ્યાનવાળો કીટ ભ્રમર રૂપને પામે છે.

વંદનીય જણાતા તેમજ ઉન્મત્તતાથી ન્યાયતુલાને નહિ તોલતાં આત્મલોભથી ખરડાયલા પણ સત્યતુલાને પ્રાધાન્યત્વ આપતા કુશળ વિનયી લંડનના નગરજનનું ચમત્કારી ચિત્ર નયન સમક્ષ ખડું કરતો, ડારચેસ્ટલ પૅલેસના એક ઓરડામાં બેઠો બેઠો, અધ્યયન સાથે અવલોકન કરેલા વિષયોનું અવનવિન રીતે પુનરાવર્તન કરતો હતો. તેની મુખમુદ્રા ઉપર દુર્દમનીય સાહસનું તેજ સ્ફુરતું જણાતું હતું. તે સાથે દુરદર્શી ચિંતા, તેને ગંભીર અને સ્થિર બનાવી અસિમ પરાક્રમ કરવાને, દૃઢ પ્રતિજ્ઞા પ્રેરી તેના હૃદયમાં ધમધમાટ મચાવી રહી હતી.

પૅલેસના એક સુંદર ખંડમાં અતિથિ બેઠો હતો. તે ખંડ એક જાહેર રસ્તા ઉપર પડતો હતો. તેમાં હવા અજવાળાની ઉત્તમ સોઇ હતી. તેમાં એક ટેબલ, કબાટ, આરસી મેં ધોવાને માટે બેસન એક બાજુએ પડેલાં હતાં. અને બીજાં કબાટો પુસ્તકોથી ખીચોખીચ ભરપૂર હતાં. ટેબલ ઉપર પુસ્તક ખોલી બેઠેલા અતિથિના અંતઃકરણમાં ગંભીર વિચારે ડોકીયું કર્યું: "આહા! આ જીવનમાં કેવા ફેરફાર! હું બાલ્યકાળથી દુરાચરણની રીતિ નીતિથી ખરડાયલો, પણ થોડા કાળની ઉચ્ચ સંગતિ અને વિનયી વ્યવહારથી કેવી સ્થિતિમાં આવ્યો છું. પ્રપંચ રહિત નીતિ, સારગ્રાહિ કળા, સાત્વિક વિદ્યા, નિરાભિમાની ઉપદેષ, અને સારાસાર વિચારનું દિગ્દર્શન દેનાર શિષ્ટ શિક્ષણથી મ્હારામાં ટુંકા વખતમાં કેવો ફેરફાર થયો છે! ઉચ્ચ સંગતિનાં પરિશીલનમાં સર્વ લાભ સમાયલા છે. પદ્માનો અભિલાષી અને કૃષ્ણકલિકાનો જાર—એ મ્હારા બાપરે! આ વિચાર કેમ સહન થાય! આવા અન્યાયી અંતઃકરણને આ દેશપારનું શાસન, વિના શાસન કરે શાસન રૂપજ છે. ના, ના, શાસનમાં પણ માતા પિતાનાં પૂન્યથી સુસંગતિ પામ્યો, અને ઉત્તમ ઉન્નત માર્ગે લાગ્યો છું. ઉચ્ચ સંગતિ અને ઉચ્ચ શિક્ષણ વિના મનુષ્યની સ્થિતિજ નથી. નિરાભિમાની, સારગ્રાહિ વર્તન, એ ઉચ્ચ પ્રકારનું ફળદાતા છે, નીચ સંગતિ, નીતિ વિનાની તરૂણાવસ્થા, સર્વત્ર ભ્રષ્ટતાનુ નિરીક્ષણ, ગડગડાટ કરતું ગર્જ્યાજ કરતું હોય ત્યાં મલીનતાની સીમા કયાં મપાય? નીતિ વચનના ઘોષ કરેથી કેવળ લાભ મલતો નથી. નીતિ

રીતિને આત્મ અનુભવમાં ઉતારેથીજ પાયમાલીમાંથી બચીએ અને ઉચ્ચ પ્રતિષ્ઠા સંપાદન કરીએ. આત્મભોગ સિવાય એ મળતું નથી. પારકી રહેણી કરણી આપણને કામ લાગતી નથી. સદ્ગુણ સંપન્ન વર્તનશીળ થવું એમાંજ જીવન દોરીનું મહાન સામર્થ્ય સમાયલું છે. સદ્ગુણ એ પ્રભુતાનો ખજાનો છે. પળે પળે સદ્ગુણી મનુષ્યોએ સાવચેત રહી એ ખજાનો મલિનતા રૂપી રાક્ષસોથી ચોરાય નહિ તેની સંભાળ રાખવી એ અવશ્યનું છે. કાળના હાથમાં કાચની રેતીની સીસી છે. તેમાંનો એક એક દાણો ગગનનો ચળકતો તારો હોય અથવા અમૂલ્ય હીરો હોય એમ ગણી વખતની કિમ્મત સાથે સદ્વર્તનની કિમ્મત આંકવાથી શિથિલ ન રહેવું. કાળ સાથે વર્ત્તનનો પ્રવાહ પણ વહ્યો જાય છે. વર્ત્તન ઉપર જીંદગીનુ આ- લોક અને પરલોકનુ સામર્થ્ય છે. મલિન અને ભ્રષ્ટ આચરણની આ લોકમાં કિમ્મત નથી, તેમ તેની પારલૌકિક સંસ્થામાં પણ કિમ્મત નથી. અધમ વર્ત્તન જીવનને નષ્ટ કરે છે, એટલુંજ નહિ પરંતુ જીવન સાથે જોડાયલાં મંડળને અને જનસમૂહને મહા હાનિ કરે છે. જીવનનાં સુખદ સાધન નષ્ટ થાય છે. જીંદગીમાં અધમ વર્તનનુ સ્મર્ણ સર્વ કાળનાં શલ પેઠે ખુચ્યા કરે છે. કૃષ્ણકલિકાના કુચ્છદે મ્હને ઓશું શાસન કર્યુ છે? એ તો શલ પેઠે ખૂચ્યાજ કરે છે.

"અરે, બિચારી પવિત્ર કુમુદ, ત્હારૂં સ્મર્ણ થતાં તો હૃદયના શતકોટિ કકડા થઇ જાય છે. અધમ સંગતિ અને અધમ વર્ત્તનની તું ભોગ થઇ છે. અરે, અરે, ઉભયના જીવનનુ સુખદ સાધન નષ્ટ થયું છે. શું શ્રીમંતનાં સંતાન સાથે ભાગ્ય જોડનારી અબળાઓને લલાટે આવું દુઃખ લખ્યુ હશે? શ્રીમંતાઇના મદમાં સત્ય પ્રેમની તુલા ઉંધી તોલાતી હશે? શું શ્રીમંતાઈ સાથે ઉદ્ધતાઇને ગાઢી મિત્રતા હશે? ના, ના, શ્રીમંતાઈ કંઇ છેક નિષ્ઠુ- રતાનુ સાધન નથી, પરંતુ સંગતિ એજ ખરૂં સાધન છે. દુષ્ટ સંગતિ, તું દુષ્ટજ છે. ત્હારી દુષ્ટતાએ મ્હને ભ્રષ્ટ કર્યો, અને મ્હારી સાથે જોડાયલી સુશીલના જીવનને પણ તેંજ નષ્ટ કર્યું." અતિથિના અંતઃકરણમાં ઉભરો ઉભરાઈ આવ્યો. અંતઃકરણમાં ચિરા પડયા. તે ચિરાયલા અંતઃકરણમાંથી

દુઃખનો જ્વાળામુખી ફાટ્યો અને તેમાંથી જ્વાળા પ્રકટી. નેત્રમાં આંસુ તરી આવ્યાં. લથડતે અવાજે પુનઃ બોલ્યોઃ—કુલિનતાની મૂર્તિ, સૌંદર્યતાની અધિદેવી, માધુર્યતાની વેલી, ત્હારી શું દશા હશે ? અહા, મહા પાતકી કૃત્ય ! હૃદયેશ્વરી, હવે ત્હારે માટે શું રસ્તો છે ? મ્હને તો કંઈ સુઝતુંજ નથી. હવે ક્યાં હુ અને ક્યાં તુ ! ત્હારી શુંએ દશા થઈ હશે ? અરે, ત્હને ભોળવીને મ્હેં વિદાય કરી. અરે અરે, ભોળી ભલીને મ્હેં ઠગી. મ્હારાં કુત્સિત કૃત્યો છુપાવવા ત્હને મલિન આરોપો ઓઢાડ્યા. જ્યારે મ્હારા મેલેલા આરોપોની ત્હને ખબર પડી હશે ત્યારે ત્હારા અંતઃકરણ ઉપર કેવા ચિરા પડ્યા હશે ! અરેરે, તે આઘાતના ચિરા ઉપર મ્હારા અવસાન કાળ રૂપી સમાચારનું મીઠું બધાયું હશે, ત્યારે ત્હને કેવો દુઃખનો ચચરાટ થયો હશે ! અરે રે, મ્હારી સ્વચ્છંદી મુર્ખતાનો ભોગ થઈ પડેલી ગરિબડી કુમુદ, ત્હારે માટે હું શુ કરૂ ? કુમુદ, વ્હાલી કુમુદ." કરતું કરતું તેનું હૃદય શોકજ્વાળાને સહન કરતું ધડકવા લાગ્યુ. એટલામાં વિચારની ઘટમાળાએ ઉલટ વહેવા માંડ્યુ. મૂળ તો વ્યભિચારના સંસ્કારવાળું ચિત્ત હતું, તેમાં મંદ મતિના અનુભવે હોળી સળગાવી. "ખરે, મ્હારી જાત ઠપકાને પાત્ર છે. અરે, પણ કુમુદનુ ક્યાં ઠેકાણું હતું ? કૃષ્ણકલિકા નવિનચંદ્રને સંબોધી ભૂત ભરાવતી હતી તે શુ સત્ય હશે ? ના, ના, સત્યશોધામાં કંઈ દોષ દ્રષ્ટિગોચર થયો નથી." ત્હેના મને ઇન્સાફ આપ્યો. "પણ સ્ત્રી જાતનો શો ભરોંસો ?" મલિન[illegible]ગતિના અનુભવે ક્લિષ્ટ સવાલ કર્યો અને પ્રીતિભાવ જરા નરમ પડ્યો. દુષ્ટ સંગતિવાળા અંતઃકરણ ઉપર કિલ્વિષની જરા રાખોડી ઠરી. "ઇશ્વરની ગતિ અકળ છે. એની વિભૂતિનો પાર નથી. હવે એ સઘળું રમણું વ્યર્થ છે. ક્યાં તું અને ક્યાં હું ? દુષ્ટ સંગતિ અને દુષ્ટ કર્મની આ શિક્ષા છે. પ્રભુ સદ્બુદ્ધિ આપી સદ્વર્તનશીલ કર. પામર મનુષ્યો, જો કોઇ અશે દુષ્કર્મના ભોગી થયા હો તો તેનો ત્યાગ કરજો, નહિ તો મ્હારા હાલ જેવા તમારા હાલ થશે. સર્વ જગતનાં કાર્યની નિરીક્ષા કરનાર તે મહાન્ પ્રભુ તમારાં કુત્સિત કર્મોની રક્ષા કરનાર નથી તે યાદ રાખજો. ઇશ્વરના સર્વે કાર્યમાં કંઈ ગુપ્ત વ્યવસ્થાનો નિવાસ છે. નઠારામાંથી પણ આવી અદ્ભૂત સ્થિતિનો

ફેરફાર થયો છે. એ કોના પૂન્યે થયું હશે ? હશે, જેના પુન્યે થયું હશે તેના પરંતુ એમાં મહા અદ્દભૂતતાની પરિસીમા છે એ તો નિઃસંદેહ."

મલિન વિચારની સાંકળમાંથી છુટતાં છુટતાં મલિનતાએ લંડનમાં વસતા ભારત વિદ્યાર્થીઓની મલિનતાપર દ્રષ્ટિની મર્યાદા ઠારી. "ભારતના પુત્રો લંડનમાં બૅરિસ્ટર, ડૉક્ટર, અને એન્જીનિયર થવા આવે છે. તેમાંના ઘણા તો માતપિતાના પૈસાની હોળી કરે છે. આશાવંતી વિયોગશીળાઓને દગો દઇ કુલટાઓ સાથે ખરડાઇ ધર્માચરણ અને પવિત્ર પ્રતિજ્ઞાનો ભંગ કરે છે. લંડન એ વૈભવનું સ્થાન છે. વિલાસી જનોની દુર્વાસના તૃપ્ત કરવાનું ભયંકર સ્થાન છે. કુછંદનું આશ્રયદાતા છે. અરેરે, ભારતની મહા આશા જેવા વીર યુવકો દુરાચારમાં ખરડાય છે! હા હા, મહા ખેદ ! એ માર્ગને છેદન કરવા ઉત્તમ સંસ્થાની શું જરૂર નથી? ભારતની રીતિ નીતિ અનુસાર એક ઉત્કૃષ્ટ સંસ્થા સ્થાપવી જરૂરની છે. ભારતની આશામાં સડો પેસે એ ઇષ્ટપ્રદ નથી. તરૂણોનાં સદ્દવર્તનશીલ કર્ત્તવ્ય ઉપર ભારતની ભાવિ આશા લટકેલી છે." એટલામાં વરસાદનું ન્હાનું સરખું ઝાપટું પડ્યુ. ધુમસથી અંધકાર છવાવા લાગ્યો. કાચની બારી બંધ કરી દીધી. ટેબલ પર પડેલુ પુસ્તક એમ ને એમ રહ્યું ને ચ્હડતી પડતીના ચક્રવ્યૂહમાં સપડાયલા યુવકને ભારતની પડતી સ્ફુરાયમાન થઇ. હાથમાં ઝાલેલી કલમને બે આંગળાં વચ્ચે રાખી કાનને હાથ અડકાડી વિચારમાં પડયો.

"ઇશ્વરની માયા આશ્ચર્યકારક છે. ઉદય પછી અસ્ત અને અસ્ત પછી ઉદય. એ ન્યાયે ભારત, ત્હારી દશા છિન્ન ભિન્ન થઇ છે, તે ઉન્નત કરવા આશા બાંધ. ધાર્મિક, ઔદ્યોગિક અને સામાજક ઉન્નતિ પર ભારતની ઉન્નતિનો આધાર છે. એ સ્થિતિ સુધર્યા પૂર્વે કાર્યસિદ્ધિ થનાર નથી. તે પૂર્વે જે કઇ વિચારો કરવામા આવશે તે હવાઈ કિલ્લા સમાન છે. જે દેશની પ્રજા આળસુ, અલ્પ સ્વાર્થપરાયણ. દુરાચરણી અને અલ્પદર્શી હોય તે દેશની પાયમાલીજ સમજવી. કર્ત્તવ્યપરાયણ, સ્વાત્મભોગ આપનાર, ઉદ્યોગી અને સત્ય કર્ત્તવ્યમાં નિપૂણ હોય તેજ પ્રજા ઉન્નતિ ક્રમમાં ચ્હડે છે. આપણા દેશમાં યોગ્ય સાધનની હિનતા છે. અમુક રૂઢી દુષ્કર છે, અમૂક

સહાયતાની આવશ્યકતા છે." એવા એવા પોકાર છે ત્યાં સુધી ઉદય નથી સ્વાત્મબળથી પ્રતિકૂળતાને દૂર કરનાર અને ઉદ્યોગ કુશળ વીરને સર્વ સાધન સત્વરે અનુકુળ થાય છે. હવે વાદ વિવાદનો અવકાશ ક્યાં છે? પારકા ઉપ પોતાની ઉન્નતિનો આધાર રાખનારની કાર્યસિદ્ધિ ક્યાં છે? જ્યાંસુધી જન સમૂહમાં પારકા આશ્રયનો વિચાર જીવતો રહેશે ત્યાં સુધી સત્ય કર્ત્તવ્ય અ સંગીન ઉન્નતિનાં કાર્યો સિદ્ધિએ પહોંચનાર નથી. સુખ, સત્તા, સમૃદ્ધિ અને ઉન્નતિનો પાયો જનમંડળની વર્તણુક ઉપર રહેલો છે. સુખ એ આત બળને અને કર્ત્તવ્યપરાયણુતાને આધિન છે. ભારતની સ્થિતિ સુધારવ પ્રથમ ઉત્તમ યત્નો કરવાની જરૂર છે, અને સતત પ્રયત્નશીળ થઈ ધારેલ ટોચે પહોચવાને કર્ત્તવ્યપરાયણુ બનવામાં ખામી લાવવી જોઇએ નહિ ભારત કેમ આબાદ થાય? ભારત જનમંડળ કેમ સુધરે? એવા કલ્પિત ખ્યાલોની કલ્પનાનો હવે અંત આવે તો સારૂં. વિક્રમ, ભોજ અને શિવા જીનાં સ્મર્ણુ કરી, ભારતની પ્રાચીન મહત્તાને સંભારી, નિ:શ્વાસ મુકવાની ટે ત્યજી દઇ હવે તેથી આગળ જવું જરૂરનુ છે. હવે તો જે કર્ત્તવ્યપરાયણ નાથી તેઓ દીપ્યા છે તે સિદ્ધાંત તરફ લક્ષ પ્રેરો અને અખંડિત તેજ ધારાથી જાજ્વલ્યમાન દીપતી પુરૂષાર્થની વૃત્તિ જાગૃત કરો, તેનું પોષણ કરો, નિરાશાના આશ્રય નીચે આળસુ થઈ નાહિમ્મત થવું એજ હાનિ કારણુ છે. આત્મબળ, અંગબળ અને ઉદ્યોગ કુશળતાનાં બીજને ઉન્નત કરો, જેના સામર્થ્ય પ્રસાદથી સર્વે દુર્ઘટતા આપો આપ સાધ્ય થશે. દરે દેશમાં કળા કૌશલ્યતા, ઉદ્યોગ, ને હુન્નરનુ સ્વાતંત્ર્ય તે દેશની પ્રજાન કર્તવ્ય ઉપરજ આધાર રાખે છે. સંપૂર્ણુ કાળજીથી એ કાર્યમાં અગ્ર પડવા સર્વે કાળ અનુકૂળ છે. પ્રતિકૂળતા તો કર્ત્તવ્યની શિથિલતામાંજ છે. ખંતપૂર્વ મંડયા રહેવાથી તે સત્વરે અધિકાર સાધ્ય થાય છે. કર્ત્તવ્યપરાયણુતાન ખંતથીજ દરેક દેશની સ્થિતિ અધિકતર ઉન્નતિ ક્રમમાં દીપે છે. સાંપ્રતક ળમાં જગતનું આધિપત્ય, ઉદ્યોગ, હુન્નર અને વિદ્યાકળાના હાથમાં રહેલું છે વિદ્યાકળામાં જે દેશ નિપૂણુ થશે તેની મહત્તાની છાયા સર્વે પર પડશે જાપાન, જર્મનિ, અમેરિકા અને ઇંગ્લેન્ડનાં ઉદાહરણુ દ્રષ્ટિમૂત છે. વ્યાપા

સિવાય લક્ષ્મિ નથી, કુશળતા વિના વ્યાપાર નથી, અને માહિતી વિના કુશળતા નથી. એ સર્વે સંપાદન કરવાને નીતિસહ ઉત્સાહપૂર્વક મથવું એ થોડું અવશ્યનું નથી. કળા સામર્થ્ય આગળ માત્ર શારીરિક બળ વ્યર્થ છે. કળા કૌશલ્યને ખીલવવા સતત ઉદ્યોગની આવશ્યકતા છે. ઉદ્યોગને માટે આગ્રહિ થવું અવશ્યનું છે. આગ્રહિ થવા માટે પ્રમાદનો ત્યાગ કરવો એ અવશ્યનું છે. દ્રઢ પ્રતિજ્ઞા કરનાર ઇચ્છિત કાર્યનો ભોક્તા થાય છે. હા! મ્હારી હિનતા એથીજ નષ્ટ થઈ છે. ભારતની દુર્દશા પણ તેથી નષ્ટ થવા કેમ સંભવ નથી?" વિચારની સાંકળમાં ને સાંકળમાં નિઃશ્વાસ મૂકયો.

"અરેરે ભારત! ત્હારામાં આત્મબળની વિદ્યુત કળાવાળા, કર્ત્તવ્ય-પરાયણ પુત્રોની આવશ્યકતા છે. કર્ત્તવ્યપરાયણ વીરોની ખોટ છે. તેમાં આળસુ પ્રમાદિઓનો સમૂહ ઉભરાઇ જાય છે, એ દેશની મહા દુર્દશાનું કારણ છે. વિના શ્રમે ભિક્ષાવૃત્તિ ઉપર નિર્વાહ કરનાર મંડળનાં ટોળે ટોળાં ભારતમાં ઉભરાઈ જાય છે. પ્રાચીનકાળમાં એવા ઉદ્યોગરહિત પ્રમાદિઓને આશ્રય આપવાનું શું કારણ હશે તે સમજાતું નથી, પરંતુ સાંપ્રતકાળમાં એ હાનિપ્રદ છે. ભારતનાં ગામે ગામ, અવનવિન પોકારો કરનાર ભિક્ષા-વૃત્તિવાળા મનુષ્યો વડે ઉભરાઇ જાય છે. તેમાંનું ઈંગ્લેન્ડમાં કંઇએ નથી. कंकुबाइने कन्यादान देवुं छ એવો પોકાર કરનાર એક મનુષ્ય ઉભો હોય છે તો પાછળ બીજો अल्लाके प्यारेको સવાલ કરતો સાંઇ ઉભોજ છે, તો તેની પાછળ क्युं अवाज नहिं सुनता है पक्का गांधा नहि देता है, देखता नहि हैं मैं कबका खडाहुं સાધુ પદનું ગુમાન રાખનાર એવો રોપ કરી રહ્યો હોય છે, તેની પાછળ તાલ કિરતનિયાંનો નાદ કરતો લાડુભટ્ટ પણ ભવાઈ ભજવીજ રહ્યો હોય છે. ઉદ્યોગશીળ પુરૂષોની પ્રાપ્તિમાં ક્ષુધાઇરૂપ આ નિરૂદ્યોગી આ-ળસુઓનો લગભગ તેત્રીશ કરોડની વસ્તિમા એક કરોડનો સમૂહ શું ત્રાસ-જનક નથી? શું દેશની સ્થિતિને અધમોધમ સ્થિતિમાં મુકનાર આ સાધન નથી? આવા નિરૂદ્યોગી સમૂહને આશ્રય આપવો એજ દેશની સ્થિ-તિને અધમોધમ કરવાનું સાધન છે. તેમને ઉદ્યોગશીળ કરવા એમાંજ દેશોદય છે. કર્ત્તવ્યપરાયણ વર્તનથી નહિ વર્તનારના ગ્રહસંસારથી આરંભી

રાજ્યસંસાર પર્યંત એકડા વિનાનાં મીંડાં બરોબર છે. તેને શ્રેષ્ઠ પંક્તિમાં લાવવા કર્ત્તવ્યપરાયણ ભારત પુત્રોની આવશ્યકતા છે. કર્ત્તવ્યપરાયણ વીરોનો આત્મભોગ શું કરી શકતો નથી? હા, હા, કર્ત્તવ્યપરાયણ આત્મભોગની મહત્તાની આણ કોને નમાવતી નથી? ખરે. પણ તેજ કયા છે?" એમ કહી ગાઢ નિઃશ્વાસ મુકયો. એટલામાં દ્વારમાંથી રૂપાની ઘંટડી જેવો સ્વર કર્ણપર અથડાયો.

"મિ. બ્રાડલો, મ્હને આવવાને અવકાશ છે?"

"હા જી, પધારો." પ્રતિ ઉત્તર થયો.

પ્રવેશ કરનાર યુવતિ મનોહર, ઉદાર, શાંત, સુશીલ, અને સુઘડતાની અધિદેવી હતી. ગંભીર મુખમુદ્રાથી જોનાર ઉપર પોતાની પ્રતિમાની છાયા પાડનાર હતી, સત્ત્વગુણની ખાણ અને સરળતાની પ્રતિમા રૂપ હતી. એ યુવતિ તે મિ. ડબલ્યુ. સી. ફૅાસેટની ધર્મપત્નિ હતી. તેની પાછળ ઉભેલી અરાડ ઓગણીસ વર્ષની નવલકિશોરી જરા કાળાશ પડતી, માંજરી, તેજસ્વી ચક્ષુવાળી, ભૂરા પણ ઝીણા કેશપાશવાળી, ઉન્નત લલાટ અને છાતી સાથે કૃશ કેસરી કટિ ભાગથી દીપતી માધુર્યતાની અધિદેવી તે મિ. ડબલ્યુ. સી. ફૅાસેટની પુત્રી હતી.

મિસિસ ફૅાસેટઃ "આજ તમે ઉદાસીન છો?"

મિસ ફૅાસેટઃ "હું પ્રતિ ઉત્તર દઉં? ખરેખર આજે એમને કોઇ કોઇ યાદ આવ્યું છે. કહો મિ. બ્રાડલો, હું ખરી છું?" જરા સ્મિત હાસ્ય કરતાં ઉત્તર કર્યો.

"આપથી શું ગુપ્ત છે? આપ વિના મ્હારે આશ્વાસન કોનું છે? આપના સન્માર્ગ દર્શનથી આજે મ્હારી આ સ્થિતિ છે અને સર્વ અનિષ્ટ આપના સંગતિ પ્રતાપથી નષ્ટ થશે."

મિસિસ ફૅાસેટઃ "લ્યો, આ તાર વાંચો. આપ જસ્ટિસ ઑફ ધી પિસ થયા."

મિ. બ્રાડલો તાર વાંચી સવિનય બોલ્યો "એ આપના સંગતિ ફળનો મહિમા છે."

મિસ ફૉસેટ: "લ્યો, આ બધા તાર વાંચો અને અમારી વધાઈ આપો."

મિ. બ્રાડલો: "બ્હેન, તમને હું બદલો આપવા અશક્ત છું. મ્હને તમે જે નીતિ રીતિમાં લાવવા સતત પ્રયાસ કર્યો છે અને માતાનાં અનુયાયી થઈ મ્હારા પ્રત્યે જે રીતે વર્ત્યા છો તે એક માની જણી બ્હેનથી પણ તમે વધારે કર્યું છે. તમારા જેવાં તપસ્વી ભગિનીઓજ ઇંગ્લેન્ડની સુકીર્તિની ધ્વજાઓ છે, અને તેના પ્રતાપને ખીલવનાર મહા દેવીઓ છે."

મિસ ફૉસેટ: "ના, ના, એટલી બધી મ્હને ચઢાવો નહિ. એતો આપ મહા ભાગના સદ્‌વર્તનના પ્રતાપ છે. આપ ખરે તાપે તાયા છો, અને આત્મબળને ખરી કસોટી ઉપર કસ્યું છે, તેનોજ આ મહદ પ્રતાપ છે."

તારનો થોકડો વાંચતા વાંચતાં તે બોલ્યો "બધા તારમાંના કેટલાક તાર મિત્રો તરફથી અભિનંદનના છે અને કેટલાક તો વ્યાપારને લગતા છે. આપને માટે જો પ્રતિકૂળતા ન હોય તો વ્યાપારનું કાર્ય આટોપી લઉં?"

મિસિસ ફૉસેટ: "સુખે."

એ પછી મિ. બ્રાડલો ખુણામાં મુકેલા ટેલેફોન પાસે ગયો અને ઓફિસના હેડ કલાર્ક મિ. સ્મિથને પોકાર્યો.

મિ. સ્મિથે ઉત્તર કર્યો: હાજર છું

"કોણ સ્મિથ?"

"હા જી."

"હિન્દુસ્થાનની અળસીનો પાક અખત્યાર કરવા રાલી બ્રધર્સને ઓર્ડર કરો."

"જાપાનથી નિકળેલી સ્ટિમરના રેશમી માલના કબાલા તૈયાર કરી નાખો."

"મિ. કે. હાસમની કંપનીની એજન્સિની મંજુરી આપો."

"અમેરિકન માલને સ્ટિમર પ્રેસિડન્સી મારફતે આફ્રિકા રવાના કરો."

"ફ્રાન્સની ફેન્સી છીંટો અને મેન્ચેસ્ટરનું ઉંચું કાપડ ગોડાઉન ખાલી કરી હિન્દુસ્થાન તરફ રવાના કરો."

મિ. સ્મિથે પ્રતિ ઉત્તર કર્યો: “ આ સઘળો સોદો પાર કરવાને હાથ ઉપર લગભગ એક કરોડનો અવેજ જોઇયે. ”

બ્રાડલોએ પ્રતિ ઉત્તર કર્યો: “ આંકડા મ્હારા હાથ ઉપર છે. ” “ બેન્કો ઉપરના ચેકો પટાવાલા સાથે મોકલો. કસ્ટમની ડયુટી ભરી દો. ”

“ લ્યો બ્હેન, હવે વ્યાપારી કાર્યથી નિવૃત્ત થયો. હવે તમારી વાતો તરફજ લક્ષ દોરૂં છું. ” મિ. બ્રાડલોએ સવિનય કહ્યું.

મંદમંદ હાસ્ય કરતી પ્રફુલ્લવદનાના ગુલાબી ગાલ ઉપર સેરડા પડવા લાગ્યા. તે બોલી: “ આપની સૂક્ષ્મવાસના ઉછળતે હૃદયે છલ્લાછલ નિઃશ્વાસ કેમ મુકતી હતી તે કહું ? ”

“ હા કહો, કહો જોઇએ વારૂ. ” મિ. બ્રાડલોએ સૂક્ષ્મ અભિલાષાથી ગુંચવાતા અંતઃકરણથી ઉત્તર કર્યો.

ખુરસી ઉપર મનોહર હાથ ટેકવી, ચંદ્ર જેવા મુખને કર્ણદ્વાર સુધી લઇ જતા અમૃતોદગારથી મીઠાશ પુરતાં બોલી: “ તમારી સહચારિણીનું સ્મરણ કરતા કરતા તેનુ ચિત્ર હૃદયપટ ઉપર આલેખતા હતા ? કેમ સત્ય ? ” એમ કહી રૂમાલ વિંઝતાં વિંઝતાં ખડખડ હાસ્ય કર્યું.

મિ. બ્રાડલો: “ અરે ! એ બિચારીનુ શુંએ થયું હશે ? ” એમ કહી ઉંડો નિઃશ્વાસ મૂકયો. મુખ ઉપર વેદના અને ગુંચવાડો જણાયો.

મિસિસ ફૅાસેટને તેના હૃદયના સૂક્ષ્મભાવની છાયા સમજાઇ, તેથી દયાર્દ્ર થઈ બોલી: “ તું એમને સતાવ નહિ. ”

મિસ ફૅાસેટ: “ આ ઉન્નતિ ક્રમમાં આપની હૃદયેશ્વરી હોય તો આપનું હૃદયશલ્ય શાંત થાય અને અમને મહા આનંદ થાય. તે કેવી છે ભાઈ! મ્હારા સમ, મ્હને કહો. ”

મિ. બ્રાડલો: “ વળી ઉદયમાં સ્ત્રીની જરૂર ખરી કે ? ”

મિસ ફૅાસેટ: “ હા, ઉદય અને અસ્ત બન્નેમાં સહચારિણીની આવશ્યકતા છે. ઉદયમાં આનંદ કલ્લોલની જે પરિસીમા રહી છે તે સ્ત્રી જ અનુભવાવે છે. તેવું અમૃત બીજું કોઈ પ્રેરી શકતું નથી. પુરૂષની અવનતિ

સમયે તેને સ્ત્રી જેવી ધીરજ આપે છે તેવી ધીરજ બીજું કોઈ આપી શકતું નથી. ભાઇ, સહચારિણી એ સંસારમાં સુખ દુઃખનું વિશ્રામ ઠામ છે.

મિ. બ્રાડલોઃ "હશે બ્હેન, તમે સત્ય છો.

"તે કેવી છે કહો?" આકાંક્ષિત આર્જવતાથી અધીર સ્વરે મિસ ફૉસેટે પુનઃ પ્રશ્ન કર્યો.

પ્રીયાના સ્મરણથી બ્રાડલોના મ્હોં ઉપર પ્રેમના સેરડા પ્રસરી ગયા. ને બોલ્યોઃ "તે રૂપગુણની અધિદેવી છે. સર્વ કાર્યમાં દક્ષ, બુદ્ધિમતિ, અને જ્યાં નાખી હોય ત્યાં પાર ઉતરે એવી સમય સૂચક, સ્નેહમયી, વિદ્યાની અભિલાષિની અને હૃદયમંત્રની પરિક્ષક છે."

મિસ ફૉસેટઃ "તે અંગ્રેજી જાણે છે?"

મિ. બ્રાડલોઃ "અંગ્રેજી સાથે સંસ્કૃત અને ઉત્તમ પ્રતિનુ ગુજરાતી જાણે છે. ગુજરાતી ભાષાની તે સાક્ષર છે."

મિસ ફૉસેટઃ "તેને સંગીતનુ જ્ઞાન છે કે?"

મિ. બ્રાડલોઃ "તે સંગીતકળામાં પ્રવિણ છે. રસશાસ્ત્રની અધિષ્ટાત્રી અને પાકશાસ્ત્રની પરમનિપુણા છે.

મિસ ફૉસેટઃ "ત્યારે આપની સહચારિણીને હિંદુસ્થાનથી કેમ બોલાવતા નથી? તમારી હૃદયેશ્વરીના સત્કાર માટે કંઈ વિધિ વિધાન નથી? આવી મનોરમા યુવતી રત્નથી કેમ વિખુટા રહો છો? તમારૂં હૃદય શું નિર્દય છે?"

"હા બ્હેન, હું નિર્દય છું. આપના સંગતિ નિવાસથી જેવી અપૂર્વ શાંતિ અનુભવું છું, તેથી ઉલટી મ્હારા પૂર્વાશ્રમની કથામાં કલાન્તિ છે. મ્હારા હૃદય મંદિરની કુંચી ખોલતાંજ જણાશે કે હું મ્હારા દુષ્કર્મનું ફળ ભોગવું છું." એમ કહેતાં કહેતાં ચક્ષુમાંથી એક આંસુનું બિન્દુ તરી આવ્યું.

મિસ ફૉસેટઃ મ્હને એનું સરનામુ કહો. હું હિન્દુસ્થાન તાર મોકલું છું કે આવતી મેલમાં નિકળી તમને ટાઇટલ મળનાર છે તે પહેલાં તે આવીને ઉભી રહે."

મિ. બ્રાડલોઃ "મ્હને શાનો ટાઇટલ મળનાર છે?

મિસ ફૅાસેટ: "તે તો પિતાજી જાણે. મ્હને સરનામુ આપો. વાત કેમ ઉડાવો છો? જેણે આપના હૃદયતંત્રમાં સંપૂર્ણ નિવાસ કરેલો છે, જે આપના પ્રેમતૃષિત અંતઃકરણને ક્ષણે ક્ષણે ચમકાવે છે, અને જે પ્રેમમૂર્ત્તિ તમારા હૃદય મંદિરમાંથી જરા પણ વિસ્મૃત થતી નથી તેને માટે તમે કેમ અખાડા કરો છો?"

"મ્હેં હતભાગ્યેજ મ્હારા સુભાગ્યને ભષ્મીભૂત કર્યું છે. ઉભય હૃદયમાં પ્રીતિની સૌન્દર્યતા સુવાસિત છતાં સુંદર કોમળ સુગન્ધ પુષ્પમાળાને દુર્બુદ્ધિથી ગ્રીષ્મના મધ્યાહ્ન તાપમાં ફડફડી જાય એવા દુઃખના દાવાનળમાં મુકી દીધી છે. રસની અધિદેવીને હૃદયશૂન્ય થઇ છેતરી છે. મ્હેં તેને છેહ દીધો છે. તે આજે પરમ દુઃખની સીમા અનુભવતી હશે. બ્હેન, હુ તમને પરમ હતભાગ્યની પરિસીમા શુ કહું?"

"શું? તે તમારા ઉદયકાળમા તમારો અસ્વિકાર કરશે?"

"ના, તે તો બિચારી જરા જાણે તો અડધી ગાંડી ઘેલી થઈ જાય. તે પ્રેમવાહિની પ્રેમનો મહા પ્રવાહ છે. પ્રેમની રસરેલી છલકાવી પ્રેમમાં મત્ત બને અને બનાવી નાંખે એવી છે."

મિસ ફૅાસેટ: "પતિના મનમાં તેને માટે ઉત્તમ વિચાર છે એમ સ્ત્રીને જણાતાંજ તે પતિનાં સર્વ દુષ્ટ વર્તન પ્રત્યે દુર્લક્ષ્ય કરવા જેવી ઉદાર હોય છે. સ્ત્રી બુદ્ધિની એ અભિવંદનીય મહત્તા છે. એટલું જાણેથી જ સ્ત્રી મહાન આશ્વાસન મેળવે છે. આપની સહચારિણી પણ સ્ત્રી છે એ વાત ભૂલી ના જાઓ.

મિ. બ્રાડલો: "પણ તે સાધન ક્યાં છે?

મિસ ફૅાસેટ: "જેની ઉચ્ચ આત્મ શક્તિ માટે આપને આટલો ઉચો વિચાર છે, તેની સાથે પામરતા કેમ વાપરી?"

મિ. બ્રાડલો: "કુત્સિત કુલાંગાર કુલટાની કુસંગતિના મોહમય આવરણમાં અંધ થવાથી મ્હને અધમતા આવી."

મિસ ફૅાસેટ: "અબુદ્ધ પામરની સંગતિથી બગડેલા પ્રારબ્ધને સુધારવાની કોઈ યુક્તિ નથી?"

મિ. બ્રાડલો: “ તે મ્હને સુઝતી નથી. અગમ્ય લાગે છે. ”

મિસ ફૅાસેટ: “ જગતમાં અગમ્ય કઇજ નથી. પણ જેની મોહમયી પ્રીતિની કળકળાથી આપની મનોવૃત્તિએ આધિનતા સ્વિકારી છે, તેના જીનનુ ટુંક વૃતાંત્ત જણાવશોજી.

મિ. બ્રાડલો: “ તેથી આપને શુ ફળપ્રાપ્તિ છે ? ”

મિસ ફૅાસેટ: “ મ્હારી માગણી વિના અર્થે અસ્થાને નથી ’

મિ. બ્રાડલો: “ તમારી પરિણામ પામેલી બુદ્ધિની આજ્ઞાને આધિન થાઉ છુ, અને એક ક્લેશકર પડદો ઉઘાડું છુ, પણ તે યોગ્ય સમય સુધી ગુપ્ત રાખવાની શરતે કહું છુ તે ધ્યાનમાં રાખશો. ભારત વર્ષમાં જાતિમાં ઉચ્ચ ગણાતા, રાજ ઐશ્વર્યથી ઉન્નતિમાં આવેલા અને પ્રધાનપદમાં મહત્તા પામેલા પિતાની તે પુત્રી છે. તે રૂપગુણની અધિદેવી સાથે વ્યવહાર કુશળ વિદ્યાની અધિષ્ઠાત્રિ હોવાથી તેના પિતાએ પ્રથમ મુબાઇના લક્ષ્મિમાન પિતાના વિદ્વાન ગૃહસ્થ પુત્રને તેનુ વાગ્દાન કર્યુ હતું. અણધારેલા સંયોગથી તે વાગ્દાનનો સંબંધ ટૂટયો. તે વિદ્વાન પુરૂષ ગુમ થયો તેથી તેનો મ્હારી સાથે લગ્ન સબંધ જોડાયો. તેનો સબંધ જોડાવા સાથે મ્હારા પિતાશ્રીની રાજ ઐશ્વર્યતામાં વૃદ્ધિ થઈ. દિન પ્રતિદિન અમારો પ્રીતિ સંબધ અપૂર્વ રસ ભરેલો દાર્શનિક થયો; પરંતુ મ્હારી સ્વચ્છંદતાથી શુદ્ધ પ્રેમમાં નિર્બળતાએ અતૃપ્તિ વધારી અને હું અતૃપ્તિને પરિણામે અલ્પદર્શી થઇ કુત્સિત માર્ગગ્રાહી થયો. ઉચ્છૃંખલ વૃત્તિને આધિન થતાં વૃત્તિ હાથમાં ન રહી. સાર વસ્તુ અસાર લાગવા માંડી, અવસ્થાને આધિન થએલાં ઉન્મત અંતઃકરણ ઉપર અવનવિન વિચારોએ વમળનાં ગુચળાં વાળવા માંડયાં. કુત્સિત સંગતિના વમળમાં હું ડૂબ્યો અને સહચારિણીને અધર્માચરણે અન્યાય કરવા યત્ન કીધો. આ જોગાનજોગમાં મ્હારી સહચારિણીનો વાગ્દાનથી ભ્રષ્ટ થયેલો પૂર્વનો પતિ અનાયાસે અમારો અતિથિ થયો. તેનું ઉત્તમ ચરિત્ર પ્રશંસાપાત્ર હતું અને વ્હેમને વાસો આપવાનું કારણ આપ્યું નહોતું છતાં મ્હારા ચકડાળે ચ્હડેલા મગજમાં, મ્હને ફસાવનાર કુલટાએ, મ્હારી કલંકિત વર્તણુકનો બચાવ કરવાને, મ્હારી સહચારિણીને કલંકિત ઠરાવવાને ગોઠવી

રાખેલો આરોપ ઉભો કીધો. અતૃપ્તિની વિષજ્વાલા પ્રસરી હતી તેની તે બિચારી ભોગ થઇ. સંસારની આશાના કિનારા ઉપર અમૃત રેડી સુખના કિલ્લા બાંધનારી ઉપર શબ્દપ્રહાર અને પછી હસ્તપ્રહાર થયા. આખરે દયા અને સ્નેહથી મન પિગળ્યું તોપણ વિષથી ભરેલા અંતઃકરણમાં પ્રપંચી ચિત્તે પ્રપંચમય વિષને અમૃત કરીને વાપર્યું, અને પ્રપંચી અંતઃકરણથી ભોળી ભલીને ઠગી પીએર વિદાય કરી. પરંતુ આખરે વિષ તે વિષજ નિવડ્યુ. મ્હારા ન્યાયી પિતાની ન્યાયતુલામાં મ્હારા કલંકિત કર્મની રેખા મપાઈ ગઇ મ્હારા અંતઃકરણના વિષની જ્વાળાની ઝાળ મ્હારાથી સહન ન થઈ, ને તેથી મ્હે સમુદ્રમા પાત કીધો."

સમુદ્ર પતન થવાના વર્તમાન શ્રવણપુટ ઉપર પડતાંજ મિસ. ફૉસેટે કમ્પારી ખાધી. તેના હ્રદયમાંથી સત્ય સૂત્ર નિકળ્યું: "પશુ સ્વભાવ એ મનુષ્યોને સ્વકર્ત્તવ્યથી ભ્રષ્ટ કરનાર છે. માટે પશુ સ્વભાવરૂપી ઝાંખરાના અંકુરો હ્રદય વાટિકામા ફુટતા તુરતજ તેને છેદવા. એથી ભ્રષ્ટતા અટકે છે, સંસાર સુધરે છે. સદ્ગુણ વધે છે ને અત્યાચાર ઘટે છે. અધર્માચરણ અટકે છે ને જ્ઞાનપ્રાપ્તિ થાય છે અનિષ્ટ દુર જાય છે અને ધર્મ પરાયણતાથી ભવસાગર તરાય છે. પશુસ્વભાવથી તમે મહા હાનિ ભોગવી."

"હા, હવે તેનુ ઝાડ ઉગવુ બાકી છે." તેણે પ્રતિ ઉત્તર કર્યો. ફરી પ્રશ્ન કર્યો. "પૂર્વ ઉપાય તરિકે ભવિષ્યની પ્રજાને પશુસ્વભાવથી બચી અનિષ્ટથી ઉગરવાનો માર્ગ તમે શુ ધારો છો ?"

મિસ ફૉસેટઃ "અધમ પ્રકારનાં, અને પશુ જેવાં વૈભવી સુખોના અમર્યાદિત મોહવડે નિઃસારતામા આશક્તિ રાખી ભ્રષ્ટ થતાં વિમુખ રહેવુ એ માર્ગ છે."

મિ. બ્રાડલોઃ "આપનો ઉપદેષ, ખોરાક, લાકડા અને વસ્ત્ર ક્યાંથી લાવવાં તે બતાવ્યા વગર, ક્ષુધાતુર, ઠંડીથી થરથરતા અને વસ્ત્રહિન મનુષ્યોને, ખાઓ, તાપો અને વસ્ત્ર ધારણ કરો એમ કહેવા બરોબર છે."

મિસ ફૉસેટઃ "ના જી, મૂળતત્વો આપની ધ્યાનમાં લાવું છું. મનુષ્ય સ્વાભાવિક રીતે સદ્ગુણથી વિમુખ હોતો નથી. પણ તેને મુખ્યત્વે કરીને

નિચ સંગતિથી પશુસ્વભાવ પ્રાપ્ત થાય છે. તે અટકાવવા પ્રથમથી સંભાળ રાખવી અથવા અંતઃકરણને સુચના મળી કે તરત તેવી વૃત્તિયો ત્યાગવી. કેટલાક સદ્ગુણો સ્વાભાવિક રીતે પ્રત્યેક મનુષ્યમાં હોય છે, પરંતુ એ પણ નિશ્ચય છે કે, સઘળા સદ્ગુણો સ્વાભાવિક રીતે હોતા નથી. ન્યૂન જણાતા સદ્ગુણો મિલવવા અને સ્વાભાવિક રીતે પ્રાપ્ત થયેલા હોય તે સાચવી રાખવા, એ ઉચ્ચ સદ્ગુણગ્રાહિ થવાની કળા છે. જેમ ચિત્રકાર આદિની કળા છે તેમ હૃદય મન્દિરને કેળવવાની આ પણ એક કળા છે. કોઈ માણુસને ચિત્રકાર થવું હોય છે તો તેને ચિત્રકાર થવાનો ઉપદેશ આપ્યાથી અથવા ઉપદેશ આપનારની દલીલોવડે તેની ખાત્રી થવાથી તે ચિત્રકાર થવા નિશ્ચય કરે છે; પરંતુ ચિત્રકાર થવાનો નિશ્ચય કરવાથી ચિત્રકાર થવાતું નથી. તેણે તે કળાનાં મૂળતત્ત્વોનું શિક્ષણ સંપાદન કરવું જોઇએ. અને તેના રાચરચીલાં આદિ સાધનવડે સંપન્ન થઈ તેને વાપરવાની અનુભવસિદ્ધ કુશળતા પ્રાપ્ત કરવી જોઇએ. આ પ્રમાણે નિયમિત રીતે અભ્યાસ કરવાથી ધીમે ધીમે કળા શીખી શકાય છે. તેવીજ રીતે પશુસ્વભાવ ત્યાગી સદ્ગુણ સંપન્ન થવા સદ્ગુણશીળ સંગતિદ્વારા અનુભવસિદ્ધ કુશળ થઇ શકાય. જગતમાં અસાધ્ય કંઇજ નથી." એમ કહેતાં કહેતાં સ્મિત સ્મિત હાસ્ય કરતાં મિસ ફ્રાસેટે મૂખ મલકાવ્યું અને પ્રશ્ન કર્યો: "આપની સહચારિણીની હવે શી દશા હશે ?"

મિ. બ્રાડલો: "અમારા દેશ અને કુળ નીતિ અનુસાર વૈધવ્ય દશા ભોગવતી હશે."

મિસ ફ્રૅાસેટ: "શું તે પુનઃલગ્ન નહિ કરી શકે ?"

મિ. બ્રાડલો: "અમારા મંડળના નિયમાનુસાર તેમ થવું સંભવિત નથી."

મિસ ફ્રૅાસેટ: "શું ત્યારે તેનું સકળ જીવન નષ્ટભ્રષ્ટ થઈ જાય કે ? જેને માટે તમને આટલું આટલું લાગે છે, તેના વર્તમાન અને ભવિષ્યના સુખના માર્ગને ખોલવાને તમે તમારા હૃદયને દયાર્દ્ર નહિ કરો ?"

મિ. બ્રાડલો: "મ્હારા પશુસ્વભાવની તે આહુતી થઇ છે. ગુંચવણીનો ગંજ કેમ ઉકેલવો તેની સમજ પડતી નથી."

મિસ ફૅાસેટઃ "ઉભયના સુખને માટે લજ્જા મોહ નિવારી, ક્ષમા ને દૃ લાવી, આત્મબળને ઉન્નત કરી કેમ કંઇ માર્ગ ખોલતા નથી. ?"

મિ. બ્રાડલોઃ "ખરે, હૃદયમાં હિમ્મત આવતીજ નથી."

મિસ ફૅાસેટઃ "સકળ વિશ્વમાં પ્રકૃતિ એકજ રીતે પ્રવર્તે છે. તેના ! વર્તન પ્રેમમાં તમે અવિશ્વાસી ન થાવ."

મિ. બ્રાડલોઃ "ઉભયના મનમાં સરખીજ વિડંબના હોય ત્યારે ?

મિસ ફૅાસેટઃ પ્રેમ એ પારદર્શક યંત્ર છે. અને તેની નિર્મળતા–સ્વચ્છતા સ્ત્રીના અંતઃકરણ ઉપર વિરાજીત હોય છે.

"અરેરે–," બ્રાડલોની ચિરાયલી હૃદય ગુફામાંથી ઉંડા નિઃશ્વાસ સા એટલો ધ્વનિ નિકળ્યો. તેનુ હૃદય પરિતાપથી વ્યાકુળ થઇ ગયું. છાતીમ ડુમો ભરાયો. આંખમાંથી અચાનક આંસુનુ ઉષ્ણ બિંદુ ટપકી પડયું. હૃદ પરિક્ષક મિસિસ ફૅાસેટ બ્રાડલોના હૃદયની ચિકિત્સા પામી ગઈ. દયાન અધિદેવીને દયા આવી. માતૃભાવથી તેને આશ્વાસન આપી જળ પાયું. એ ટલામાં મિ. ફૅાસેટ આવી પહોંચ્યો. તેણે પ્રેમપૂર્વક આનંદ દર્શાવતાં કહ્યુ "આપ ફૅલો ઑાફ ધી યુનિવર્સિટી થયા."

મિસ ફૅાસેટઃ "પિતાજી, આ તાર વાંચો, એમાં ભાઈ જસ્ટિસ ઑાફ ધી પિસ થયાના શુભ વર્તમાન છે"

મિ. ફૅાસેટઃ "હા, બ્હેન હવે ત્હારા ભાઈ થોડા દિવસમાં મ્હોટ ટાઇટલના ભોક્તા પણ થશે.'

મિસ ફૅાસેટઃ "કયારે ?"

મિ. ફૅાસેટઃ "કિંગની જન્મતીથિને દિવસે."

મિસ ફૅાસેટઃ "હે ! એ તો ઘણું નજીક આવ્યુ."

ડારચેષ્ટર પૅલેસના એક ભાગમાં શાંત, સુશિલ, ગુણસંપન્ન મંડળ આનંદ કલ્લોલ કરી રહ્યું હતું. તેમાં મિ. બ્રાડલો, પોતાની જીંદગીના ફેર ફારને ચકિત થતો અનુભવતો હતો.

પ્રકરણ ૪ થું.

મિ. બ્રાડલોનું જીવન દર્શન.

" મનુષ્ય મતિ સંગતિથી ફરે છે.
ક્ષણે ક્ષણે સંગતિ પાસ દે છે;
અશક્ય ને શક્ય શ્રમે કરે છે,
અધિકાર અદકો સુસંગ દે છે."

મિ. બ્રાડલોની જન્મભૂમિ ભારતમાં છે. તેમનું કુટુંબ શ્રીમાન સ્થિતિનું ઉચ્ચપદ ભોગવી રહ્યું છે. સત્તાના પ્રતાપથી ગર્વિત થયેલા કુટુમ્બમાં મિ. બ્રાડલો એ સર્વની આશારૂપ હતો. સંગતિ દોષથી કુલટાના પંજામાં સપડાયો અને તેના શાસનમાંથી ઉગરવા ધર્મપત્નિ ઉપર આરોપ મુકવાનો પ્રયત્ન કર્યો. કુટુંમ્બમાં પુત્ર કરતાં પુત્રવધુની તરફદારી વધુ થઈ. કુત્સિત કૃત્યોનું શાસન મળવાની બ્હિકથી મિ. બ્રાડલોએ તરૂણ વયની ઉદ્ધતતામાં સમુદ્રપાત કર્યો. સ્ટિમર "ઇન્ડિયાના" કૅપ્ટને સમુદ્રમાં પડનારનું રક્ષણ કર્યું. લાચાર સ્થિતિમા આવી પડેલા તરૂણને સ્ટિમરમાં જ મિ. ડબલ્યુ. સી. ફૅાસેટ અને ગ્રિવ્સ કોટનના ભાગીઆનો સુસંગ થયો. તે લંડન આવ્યો. લંડનમાં મિ. ફૅાસેટના કૃપાદાનથી અને તેમના સહવાસથી ઉન્નતિક્રમમા આવવા લાગ્યો. મિ. ફૅાસેટ તેના પૂર્વવૃત્તાંતથી માહિત થયો હતો. તેથી મિસિસ ફૅાસેટને તેની વર્તણુક ઉપર સંપૂર્ણ નિરીક્ષા રાખવા આજ્ઞા આપી હતી. ધર્મશીળાએ તેને સુશિક્ષણનો રચતો પચનો

બોધ આપી સુસંગતિથી નીતિમાન બનાવ્યો. મિ. ફૉસેટ સાથે તે કૉલેજનાં દર્શનનો ભાગી થયો. કૉલેજમાં દાખલ થવા ઉત્સાહ ધર્યો, પરંતુ વધુ કાળ વ્યતિત થાય તે તરફ તેનું લક્ષ્ય ખેંચાયું અને મૂળ વ્યાપાર ખેડવા ઉપર વૃત્તિ હોવાથી તે તેમાં જોડાયો નહિં. લંડનના ઉચ્ચ પ્રકૃતિવાન પુરૂષોના સંબંધમાં જોડાવાથી તેનામાં ઉચ્ચ સંસ્કાર પ્રવેશ્યા. તેમ થવાથી તે ન્હાના મ્હોટા, ભણેલા તથા અનુભવીઓની પ્રીતિનું પાત્ર થયો. ધીમે ધીમે રોયલ ઍક્ષચેન્જમાં જવા લાગ્યો, તથા ખંત લઇ યત્ન કરવાથી તથા ખરખુશામદથી તથા મિ. ગ્રિબ્સ કૉટનના ભાગીઆની વગસગથી તે વ્યાપારી વર્ગના પરિચયમાં આવ્યો. ત્યાં કેટલાક મનુષ્યો સાથે સહસા મિત્રતા બંધાઇ. કેટલાકની નિઃસ્વાર્થ સેવા બજાવવાથી સૌનો પ્રીતિ પાત્ર થયો, અને સમય સુચક કર્ત્તવ્યપરાયણની ચાલાકીથી તેણે સ્નેહિપક્ષને પોતાનો સાથી બનાવી લીધો. ધીમે ધીમે આત્મબળથી મંડયા રહેનાર તરૂણ ઉપર વૃદ્ધ વ્યાપારી મિ. વેલ્સનો પક્ષપાત ઢળ્યો. તરૂણ બ્રાડલોની રીતિ ક્રત્તિથી તે ખુશ થવા લાગ્યો. બ્રાડલો પણ તેની પ્રીતિ ખેંચી રહ્યો. તેના સર્વ કાર્યમાં સમયસૂચકતા વાપરી આપણો તરૂણ અનુયાયી તરીકે કાર્ય બજાવવા લાગ્યો. અનુયાયી થયા વગર પ્રીતિપાત્ર થવાતું નથી. શ્રમસાધ્ય અનુયાયી સર્વ કાળમાં શ્રેય, જય અને કીર્તિ સંપાદન કરે છે. તેને ધીમે ધીમે ગાઢ પરિચય થઇ ગયો, અને વ્યાપારીના સહવાસથી ધીમે ધીમે વ્યાપારની કુંચીથી પણ નિપૂણ થઇ ગયો.

અધમ પ્રકૃતિને ઉત્કૃષ્ટતાની ઉંચી ટોચ પર લઈ જવાનું સહેલું નથી. તરૂણ ઉપર નિરીક્ષા રાખનારીને લંડન જેવા કામોદ્દીપન શહેરમાં બહુ મુસ્કેલી હતી. તેમાં પૂર્વકાળથી ઉચ્છૃંખલ પણ સામ્પ્રત શિથિલ વૃત્તિનું સેવન કરનારને સદ્‌વર્તન ઉપર લઇ જવાનુ કઈ થોડું દુર્ઘટ નહોતું. ઘણી ઘણી નિરીક્ષા રાખવા છતાં તરૂણની શિથિલ વૃત્તિ કોઈ કોઇ સમયે અદભૂતતા બનાવતી હતી. આજે મિ. બ્રાડલો ઉચ્છૃખળ વૃત્તિના પાસમાં સપડાયો છે.

દુષ્ટ, અધમ, કામાન્ધ તરૂણીઓ અન્ય જનોના પવિત્ર હૃદયમાં પણ પાપ વાસના ઉત્પન્ન કરે છે. તેમનો અલ્પ સમાગમ પણ દુષ્કર નિવડે છે.

પાસે વસતી એક તરૂણ બાલિકા મિ. બ્રાડલોના આરામ ભૂવનમાં આવ જા કરવા લાગી હતી. સહસા યૌવનના સૌંદર્ય તરફ બ્રાડલોની ચક્ષુ ઘટિકાભર સ્તંભી. રતિદેવી સમાન લાવણ્યમયી બાલિકાએ તક આપી. મિ. બ્રાડલોથી બાલિકાના મનોહર ગાલ ઉપર હાથથી અટકચાળું થયું. તેણે મનોહર નયન કટાક્ષથી તેના મનમાં તનમનાટ કરી નાખ્યો. મિ. બ્રાડલોને પવિત્રતાએ ચેતાવ્યો. તે ટેબલ ઉપર નીચુ ઘાલી બેસી ગયો.

મિ. બ્રાડલોની નિરીક્ષા કરનાર મિસ જૅાસેટ પાકી સાવધાન હતી. તેની યુક્તિથી બ્હીલી પડેલી બાળા શરમાઈ ગઇ અને મૃગલીની પેઠે દ્વારમાંથી નિકળી ચાલી ગઈ. નીચુ ઘાલી બેઠેલા બ્રાડલોની નજીક ગુપ્તપણે મિસ જૅાસેટ આવીને ઉભી રહી. મદનથી વ્યાકુળ થએલા મગજને તેની ભ્રાંતિ રહી નહિ. તેને વ્યાકુલ યુવતિ ધારી બ્રાડલોએ સહસા પોતાનો હાથ લાંબો કર્યો. મિસ જૅાસેટે તિરસ્કારનો ફુકારો ઉરાડતાં હાથ ઉપર રૂમાલની ઝાપટ મારી. અતિથિ સ્તબ્ધ થઇ ગયો. શરમનો માર્યો નીચું જોઇ જ રહ્યો.

મિસ જૅાસેટઃ "ભાઇ, આ વિકારમય કલ્પના તમારા મનમાં ક્યાંથી ઉત્પન્ન થઇ?"

ઉચ્છૃંખલતાની પરંપરાના અનુભવીને મનોવિકાર ઉપર ક્રોધ ચઢ્યો. તે પોતાને ધિઃકકારવા લાગ્યોઃ "અરે, પાપિણી કામવાસના! માતા, પિતા, પત્નિ, દેશ અને ઐશ્વર્યથી દેશવટો અપાવ્યો છતાં તું મ્હને છોડતી નથી? કામવાસના એ શ્વાન જેવી છે. શ્વાન પુચ્છવત્ તે છોડી છુટતી નથી. તેં મ્હને આ નીતિ નિપૂણિકા આગળ કેવો અધર્માચરણી ઠરાવ્યો?"

મિસ જૅાસેટઃ "ભાઈ, ચિંતાગ્રસ્ત ન થાઓ તમારા કરતાં તમારી પવિત્રતાને ડગાવનાર યુવતિનો અપરાધ વધારે છે. લંડન એ એવી પાપિષ્ટ બાલિકાઓનું નિવાસસ્થાન પણ છે તે સ્મર્ણમાં રાખો. તેમનાથી સાવચેત રહેવું એજ તમારો ધર્મ છે.

મિ. બ્રાડલોઃ "બ્હેન, તમે મ્હારાં ધર્મનાં બ્હેન છો. મને ક્ષમા કરો." એમ કહેતાં કહેતાં લજ્જા વિનિત થઈ ગયો.

મિસ ડૅાસેટઃ "આ કંઇ દેવલોક નથી, આ તો મનુષ્યલોક છે. મનુ
સર્વદા ભૂલને પાત્ર છે અને ભૂલ એ ક્ષમાને પાત્ર છે. નીતિવાન થવાને
આશય ધારણ કરી કલ્પનાના ઘોડા દોડાવ્યાથી નીતિમાન થવાતું નથ
નીતિવાન થવાને તો શુદ્ધ સંસ્કારની આવશ્યકતા છે. માત્ર મ્હોડે કહેવાથ
નીતિજ્ઞ થવાતું હોત તો તેની મહત્તા આટલી અકાત નહિં, અ
કેળવણીની ટાપટીપથી કંઈ નીતિ આવતી નથી. આંતર શુદ્ધિ વિના નીતિ
સંસ્કાર લાગતા નથી. તે સસ્કારને ખિલવવા અને તેનું રક્ષણ કરવા મા
બાહ્ય પ્રયત્ન અને આંતર પ્રયત્ન બન્નેની જરૂર છે. તે આત્મબળ ઉપ
આધાર રાખે છે. અંતઃકરણનો ઉચ્ચ અધિકાર અધર્માચરણથી નષ્ટ થાય છે

મિ. બ્રાડલોઃ "ભગવતિ, ત્હારો ઉપદેશ આ જીવન પર્યંત ગ્રાહ્ય કરીશ.

મૃદુ મૃદુ સ્વરથી ધૈર્ય પ્રેરી ઉત્સાહને ઉત્તેજીત કરતાં તે બોલીઃ "અ
પના અતઃકરણમાં મહાન ઉચ્ચ અધિકાર પ્રાપ્ત થયો છે. ઢીલા ઢબ થઇ
શા માટે કાર્ય દક્ષ થતા નથી? દીન મુખથી શા માટે દીનના ધરો છો
તમારામા એવી શી ન્યૂનતા છે? આત્મબળથી દ્રઢતાપૂર્વક મડો. નીતિવાન
વિદ્વાન, શ્રીમાન તથા સત્તાવાન સર્વે એથીજ થવાય છે."

મિ. બ્રાડલો ઉત્સાહિ થયો, અને બોલ્યોઃ મ્હારા જીવનમાં તમે અ
મૃત રેડયુ છે. બ્હેન, તમારા ઉપદેશથી ઉત્તેજીત થઈ પરમ પુરૂષાર્થનું દિગ્
ર્શન કરાવવા તત્પર છું."

અધમ મનોવિકારમાંથી બચેલા તરૂણે પુરૂષાર્થની સાંકળ પકડી જૂ
જૂદા વ્યાપારીઓ સાથે ગાઢ પરિચયમાં આવવા લાગ્યો. વ્યાપારના વિષયોમ
પોતાનું ચિત્ત ચ્હોંટાડવા લાગ્યો. દેશદેશની ડિરેક્ટરીઓ વાંચી, આખ
દુનિયાના વ્યાપારની સકલનાની સાંકળ ગુંથી, અને તેના સંક્ષિપ્ત હેવાલ
લખી તેમાં વિશેષ માહિતી મેળવી. એકલી માહિતીથી કંઈ કાર્યસિદ્ધિ
થતી નથી. કાર્ય કર્યા સિવાય લાભ હાનિ જણાતાં નથી. એ વિચારે તેં
ન્હાના મ્હોટા ઘણા ધંધામાં માથાં માર્યા. જે ધધામાં માથું મારતો તે
પાર ઉતારતો. પરંતુ ચતુર મનુષ્યો એને ચાતુર્યતાથી ઠગી લાભ લઈ જત

એવા અસંખ્ય લાભ એણે ગુમાવ્યા. જ્યારે જ્યારે લાભ ખોતો ત્યારે તે ઉદાસીન થતો. મિસ ડૅાસેટ એને ભ્રાતૃભાવથી ઉત્તેજીત કરતી. તે અહર્નિશ કહેતી કે, "આશા એજ મહાન દૈવત છે. નિરાશ કદિ થવું નહિ." મિ. બ્રાડલોએ માથાં મારતાં મારતાં એક યોગ શોધી કહાડયો. તેને મિ. મ્યુર-મેકેનજી નામનો એક યાહુદી મળ્યો. તેણે મિ. બ્રાડલોને આસ્માની રંગને બળતા રંગની ચમત્કૃતિ ભરેલી સાટીન બનાવવાની યુક્તિ શિખવી. તે સાથે રેશમની એક મીલ ઉભી કરવાની યોજના પણ બતાવી. યાહુદીએ તુરત મિ. એનેસ્ટી નામના બૅરીસ્ટર તથા મિ. શેકસપીઅર નામના ગૃહસ્થ સાથે જોડાણ કર્યું. ચારે જણે મળીને મીલનું કમઠાણ ઉભું કર્યું. બુદ્ધિમાન યુક્તિ-વાળી યોજના ફતેહમંદ નિવડી. બ્રાડલોની બુદ્ધિની પ્રશંસા થઈ. બ્રાડલોને પોતાની ઉન્નતિ નજીક જણાવા લાગી. તે કમ્મર કસી ધૂમ્યો. વખતની અનુકૂળતા હોવાથી દશ લાખ પૌંડના શેર ભરાઈ ગયા. કામ નક્કી થયા બરોબર જણાયું. અત્યંત શ્રમથી બ્રાડલોની તંદુરસ્તી બગડી, તેથી મિ. ડૅાસેટ સાથે ફ્રાન્સની મુસાફરીએ ગયો. યાહુદી લોભી, કપટી, દાવપેચસાધુ અને માણસોના હાથમાં રમનાર કાચા કાનનો અલ્પદર્શી સ્વાર્થિ હતો. તેમ છતાં માયાળુ અને ઉપર ઉપરથી નમ્રભાવ બતાવનાર પ્રપંચસુત્રિ હતો. બૅરિ-સ્ટર કઠણ દિલનો, અતિ લોભી, મૌન્યધારી, મેલા દિલનો પણ દિર્ઘદર્શી અને વિનયિ હતો. મિ. બ્રાડલોની ગેરહાજરીનો લાભ લઈ લિમીટેડ કંપનીનું ડીડ રજીસ્ટર કરાવી દીધું અને તેમાંથી બ્રાડલોનુ નામ બાતલ કરી નાંખ્યું. બ્રાડલો મુસાફરીથી ટુંકા વખતમાં પાછો ફર્યો, અને જ્યારે કામ ઉપર જોડાવા ગયો ત્યારે સ્વાર્થ–સાધુઓએ ટાઢા મીઠા દીધા. યાહુદી દાવપેચવાળો હતો. તેણે પોતાના સેવકોને સમજાવી મિ. બ્રાડલોને અપમાનિત કર્યો, અને બે બાલિકાઓને સમજાવી તે રસ્તે આવતાં તેને ફજેત કરવાની ગોઠવણ કરી. મિ. બ્રાડલો આ સર્વ પ્રાપંચિક જાળનો ભેદ પામી ગયો અને અપમાનિત રીતિ કૃત્તિથી ખેદ પામેલો સ્વગૃહે ગયો. તેના નિરાશ થયેલા અંતઃકરણમાં અગ્નિના ભડકા ભભકી રહ્યા. મુખ મ્લાન થઈ ગયું, અને ઉપકારનો બદલો અપકાર એ વિચારે એના મનમાં શલ્ય ઘાલ્યું. ઘરમાં પેસતાંજ મિસ ડૅાસેટે

પરિક્ષા કરી લીધી કે, આજે ભાઈ કંઇક નિરાશાજનક વર્તમાન લાવ્યા છે. મિ. બ્રાડલોએ નિઃશ્વાસ મુક્યો. મિસ. ફૅાસેટ તેને ચાહ પાઇને પાસે બેઠી.

મિ. બ્રાડલોએ ઉદ્દગાર ક્‌હાડયોઃ "મ્હેં મ્હારા જીવનની મ્હોટામાં મ્હોટી બાજી ખોઈ છે."

મિસ ફૅાસેટઃ "નહિ, આપ જીવનના નવા ખેલ શિખ્યા છો. વ્યાપાર રોજગાર કઈ ગપાટા સપાટાનાં કામ નથી. ચાલાકી અને દાવપેચનાં કામ છે. એમાં તો તાત્કાલિક પ્રાપંચજન્ય બુદ્ધિની જરૂર છે, તે વિનાનો તો એમાં તુરત ગોથાંજ ખાય છે."

મિ. બ્રાડલોઃ "અરે, જગત્ આવું સ્વાર્થ સાધુ છે!"

મિસ ફૅાસેટઃ "તમે આજેજ જાણ્યું? પણ હિમ્મત હારશો નહિ. હું તમારો ભેદ પામી ગઈ છું. ગઈ બાજીનો સોચ ન કરો. અડગ હિમ્મત રાખો. આશામાંજ સુખનુ બીજ છે. અખંડ પરિશ્રમ કરવાથીજ અનુપમ સ્થિતિએ પહોંચાય છે. તમે પાત્રાપાત્રનો વિચાર કરી કામ કરવાનું ધોરણ બાંધો અને તેની પાછળ દ્રઢ આગ્રહથી લાગ્યા રહો. હિમ્મત ન હારવી એજ ઉચ્ચ શ્રેણિનો માર્ગ છે. કાર્યસિદ્ધિમાં ઉચ્ચ બુદ્ધિની આવશ્યકતા છે એમ નથી. એમાં તો દ્રઢ આગ્રહની વિશેષ જરૂર છે, અને આગ્રહનો આધાર ઇચ્છા ઉપર છે. ઇચ્છા શક્તિ એ મહા બળવાન છે. તે મનુષ્ય જીવનનું સત્ત્વ છે. જગતની પાઠશાળામાં નિષ્ફળતા અને શ્રમ એ મહા પાઠ પઢાવે છે, અને તે પઢી પઢીને તમે હવે ઘડાયા છો. નિષ્ફળતાથી ડરવું નહિ. તમે સાધન અને કાર્ય એ બેની પાત્રતા વિચારી, દ્રઢ આગ્રહથી કાર્ય આરંભો. જય મળશે અને પુનઃ મળશે. રકને રાય એજ બનાવે છે." ઉત્તેજીત થએલો મિ. બ્રાડલો ઉદ્યોગે વળગ્યો. તેણે મનમાં નક્કી કર્યું કેઃ "સતત સત્યશીળ ઉદ્યોગ અને શ્રમ એજ જીંદગીતું ભૂષણ છે અને તેજ જીવનને ભૂષણવંત બનાવે છે." તેણે હારેલી બાજી હાથ લેવા સત્ય ઉપર આધાર બાંધી વ્યવહાર ચલાવવા નિશ્ચય કર્યો, અને મિ. મ્યુર મેકેનઝીની કંપની ઉપર પત્ર લખ્યો. પત્ર મિ. મ્યુર મેકેન્ઝીના હાથમાં આવ્યો. તેણે તેને ઉલટ પાલટ ઉલટાવી થરથરતે અંતઃકરણે વાંચ્યોઃ-

પ્યારા સાહેબ,

"પ્રભુ કૃપા પ્રસાદથી મ્હને સ્ફુરેલી પ્રેરણાથી મીલનું કાર્ય ઉત્પાદન ક પુરૂષાર્થે ચારી આપી, ત્યારે અસત્યાચરણથી આપની મતિ સ્વાર્થાંધ થાય છે, વિચારમાં લેવા કૃપા કરશો. પ્રથમ શું વિચારીને યોજના થઈ, હવે તમે સત્ય ચરણથી કેટલા દૂર જાઓ છો, તે તમારા અંતઃકરણને પુછશો. સ્વાર્થ અંધતા વિજયકર નથી. પ્રભુની ન્યાય તુલા સર્વ માટે સરખી છે હું ન્યાય માગ હક્કદાર છું, છતાં દયા માગું છું. પ્રભુ તમોને સત્ય ન્યાય સુઝાડો."

આપનો આજ્ઞાધારક

બ્રાડલો.

થરથરતે અંતઃકરણે મિ. મ્યુર મેકેન્ઝીએ પત્ર વાંચ્યો. હૃદય ક ન્યાય તુલાએ હૃદયને દયાથી પિગળાવવા યત્ન કર્યો, પણ સ્વાર્થ અંધત લીધે પત્રના ફાડી ચૂરેચૂરા કર્યા. નર પિશાચને સત્ય ન્યાય સુઝયો નહિ પ્રવૃત્તિપરાયણ થયેલા લોભી અંધ અંતઃકરણે ઉલટું તેનું અનિષ્ટ કરવા સંકલના ગુંથી. પત્રનો ઉત્તર ન મળ્યો. ઉલટું પરોક્ષ રીતે ધમકી મળી.

પુરૂષાર્થવાદી બ્રાડલોએ ફરી ન્યાય અને દયા માગવા પત્ર લખ્યો:

પ્યારા સાહેબ,

"સર્વ શક્તિમાનના ગુપ્ત સંકેતથી મ્હારા પ્રારબ્ધને ચારી આપવા આપની સાથે જોડાયો. મ્હેં આચાર, વિચાર અને વાણીદ્વારા કર્તવ્યપરાયણ વાપરી છે આપનું સર્વ વાતે ઇષ્ટ ઈચ્છું છું અને ઇચ્છીશ આપને મ્હારી સ અધર્માચરણ કરવાનું કારણ ન છતા, સત્ય, ન્યાય, અને ધર્મનો ત્યાગ કરી મ્હ ઉન્નતિક્રમને છેદવા માટે આપે જે પગલા ભર્યા છે તે શું યોગ્ય છે? ગૃહસ્થ ત મ્હારા હકોનો અનાદર કરવા તમારૂં અંતઃકરણ તમને રજા આપે છે? મનુષ્ય સ્વાર્થ અંધતા એ પિશાચી ગુણ છે. તેનાથી જરા દૂર જઇ ન્યાયને સત્ય તુલા મુકી, ન્યાય કિંવા ન્યાય નહિ તો દયા કરશો તો રંક ઉપર કરેલી દયા, મનુષ્ય રહેલા દૈવી ગુણનું દિગ્દર્શન કરાવશે. મ્હારા અને તમારા વચ્ચે ઇશ્વર છે. ઇ અન્યાયનો સાથી નથી એ સર્વદા ધ્યાનમાં રાખશો. આ પત્ર મ્હારો છેલ્લો આપની સુવિદિત બુદ્ધિ જે સત્ય ધર્મને અનુસરવા આજ્ઞા કરશે તે શિરોમ. સ્વિકારીશ.

આપનો આજ્ઞાધારક

બ્રાડલો.

વ્યવહાર પ્રવૃત્તિથી સ્વાર્થાંધ થએલાને પત્રની કિમ્મત જણાઇ નહિ. સ્વાર્થ બુદ્ધિથી અધોગતિને પામેલા અંતઃકરણમાં જરા પણ સત્ય ન્યાય કર્યો નહિ. દયા પણ બતાવી નહિ. અર્થના મોહમાં સ્વાર્થાંધ થયેલો મ્યુર મેકેનઝી રાક્ષસજ રહ્યો. રાક્ષસે ન્યાયને દૂર રાખ્યો. તેણે દયાને દાટી દીધી. ઉલટું પ્રસંગ મળે બ્રાડલોનું મહા અનિષ્ટ કરવાનો વિચાર ધાર્યો, પરંતુ તેના હૃદયમા રહેલી કિંચિત્ દૈવી સંપતિએ તેને પોતાને થરથરાવ્યો. તેનું કંઈક ચિહ્ન અંતઃકરણ ઉપર રેખા પાડી રહ્યું. સત્ય ન્યાયથી થરથરતા હૃદયે અલ્પ સમય પર્યંત ઝેરી ડંખને અનુભવ્યો. તેમ છતાંએ મિ. બ્રાડલોને ઉત્તર તો મળ્યોજ નહિ. ભૂતકાળ ભુલી જઈ વર્તમાનમાં મદોન્મત્ત થયેલાને ભવિષ્ય કાન પકડી કેવો તમાચો મારશે તેની ગતાગમ રહી નહિ. બ્રાડલોએ પોતાની ચિત્તગુહાને ઉન્નત બનાવી, બની ન બની કરી, 'ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણો' એમ જાણી પ્રબળ ઇચ્છા શક્તિપૂર્વક અડગ દ્રઢતાથી નવિન વ્યાપાર શોધવા લાગ્યો, એટલામાં એણે ત્રાંબા અને સીસાની ખાણોવાળી ભૂમિની શોધ મેળવી. ભાગ્ય પરિસીમા ખુલતી જણાઇ, એટલામાં તે પુનઃ નરપિશાચ મ્યુરના હાથમાં સપડાયો. ખનિજ પદાર્થમય ભૂમિનો પત્તો તથા શોધનાં સાહિત્ય વિશ્વાસઘાતી મ્યુરને હાથ જઈ પડયાં. વિશ્વાસ અપાત્રે અપાયો અને જીતમાં આવેલી જણાતી બાજી રદ થઇ ગઇ. મિ. બ્રાડલોની હૃદય વેદના આજે પણ મિસ ડૅાસેટથી ગુપ્ત ન રહી.

મિસ ડૅાસેટે મુખ મલકાવતાં ધીરજનું અમૃત રેડતાં કહ્યું: "આજે પ્રવૃત્તિનો કયો ખજાનો ખોયો છે?"

મિ. બ્રાડલો: "મહાન ઐશ્વર્યસિદ્ધિનું સાધન નષ્ટ ભ્રષ્ટ થયું છે. અપાત્રે મુકાયલા વિશ્વાસે ઘાત કર્યો છે.

મિસ ડૅાસેટ: "આપ ઉન્નતિક્રમના યોગ્ય માર્ગે ઉપર નથી."

મિ. બ્રાડલો: "કેમ?"

મિસ ડૅાસેટ: "ગજા ઉપરાંતનો પુરૂષાર્થ હાનિ કરે છે. કાલ્પનિક ઉદ્યોગની કલ્પના તે સદ્ ઉદ્યોગ નથી."

મિ. બ્રાડલોઃ "અપાત્રે વિશ્વાસ થયો, તેથી ગજા ઉપરાંતનો ઉદ્યોગ કેમ કર્યો? બીજાને લાભ કરે તે મ્હને કેમ હાનિ કરે?"

મિસ ફૅાસેટઃ "યોગ્યતા આવ્યા વિના અને લક્ષ્મિના સાધન વિના વ્યાપાર થતો નથી. એ સિવાય વ્યાપાર કરીએ તે ધુમાડાના બાચકા!"

મિ. બ્રાડલોઃ "ત્યારે ન હોય તે ક્યાંથી લાવીએ?"

મિ. ફૅાસેટઃ "એ કંઇ માર્ગમાં મળતાં નથી. તેમ પાઠશાળામાં વ્યાપાર કળાની યોગ્યતા શિખવાતી કે શિખાતી નથી."

મિ. બ્રાડલોઃ "તે તો હું પણ જાણું છું."

મિ. ફૅાસેટઃ "આપ સ્વાર્થના મોહમાં અંધ બની ઉન્નતિની ટોચે બાઝવા જાઓ છો, પરંતુ પ્રથમ લક્ષ્મિનું ગજું તપાસી કાર્યારંભ કરવો ઉચિત છે. જો તેમ ન થાય તો, તેનો દાર્શનિક લાભ, હાનિ રૂપ થાય છે. અને યોગ્યતા વિના કાર્ય હાથ ધરવાથી ખિલતું નથી. યોગ્યતાવાળો મનુષ્ય તેનો અનાયાસે લાભ લઈ જાય છે. કાર્યદક્ષતા એ સર્વમાં પ્રાધાન્ય છે તેને અનુલક્ષિને વર્તન રાખવું. કોઈપણ કાર્ય અસાધ્ય છે એમ મ્હારૂં કહેવું નથી. પરંતુ કાર્યદક્ષતાની સમયરંગ દાખવતી બુદ્ધિમતિ ઉપર સઘળો આધાર છે."

મિ. બ્રાડલોઃ "ત્યારે સાંપ્રત સ્થિતિમાં આપ શું કાર્યરેખા દોરો છો?"

મિસ ફૅાસેટઃ "આપ વ્યાપારી સાથે જોડાઇ, અનુભવી થઇ વ્યાપારની યોગ્યતાનો અધિકાર મેળવો અને સત્યાચરણી થાઓ."

મિ. બ્રાડલોઃ "એથી શું થશે? લક્ષ્મિ વિના વ્યાપાર ક્યાં છે?"

મિસ. ફૅાસેટઃ "સત્યાચરણી રહી, વિશ્વાસપાત્ર બની, કોઈ વ્યાપારીના અનુયાયી થઇ યોગ્યતા મેળવશો કે તરત તેના વિશ્વાસથી અને તમારી યોગ્યતાથી લક્ષ્મિનું સાધન જડશે. તેમ થવાથી કાર્યદક્ષતા ખિલશે, અને તેથીજ કલ્યાણકારક માર્ગ હાથ લાગશે."

ઉપદેશની યોગ્યતા જાણનારના અંતઃકરણે યોગ્યતા વિચારી, સત્યાચરણમતિથી નવિન નવિન વ્યાપાર શોધવામાં અને યાંત્રિક ઉન્નતિ ખિલવવામાં સ્વમતિને લગાડી. જેમ જેમ પાત્રતાને વિચારી કાર્ય કરતો ગયો

તેમ તેમ ફત્તેહ થતી ગઇ. મિ. વેલ્સ નામનો વ્યાપારી ગૃહસ્થ આ યુવાનની વિલક્ષણ શક્તિ ઉપર ફિદા થયો હતો. તે તેને સમયરંગ સમજાવતો તેમ મદદ પણ કરતો હતો. મિ. બ્રાડલો તેના ઉપર વડિલ જેટલું માન રાખતો. ધીમે ધીમે પરસ્પર વચ્ચે સ્નેહ બંધાયો. મિ. વેલ્સને ત્યાં બ્રાડલોનું આવાગમન થવા લાગ્યું. મિ. વેલ્સનો બંગલો, દિવ્યતા ભરેલો, ઉત્તમોત્તમ ફરનિચર ગોઠવી ભપકાથી શૃંગારેલો, નવાં યાંત્રિક સાધનોથી સગવડતા ભરેલો મનોહર હતો. બંગલાની આગળ પાછળ સુશોભિત બાગ હતો અને તેની આગળ પાછળ તેના સ્નેહિ વર્ગના બંગલા હતા.

આજે મિ. વેલ્સે, મિ. બ્રાડલોને પોતાની બે ઘોડાની ફાઇટનમાં આદર સત્કારથી બેસાડી લીધો. બંગલો આવ્યો. કંપાઉન્ડનો ઝાંપો નજીક આવતાં તે એની મેળેજ ઉઘડી ગયો. પાણીદાર ઘોડા ખુંખારા કરતાં અંદર વળ્યા કે ઝાંપો એકદમ આપો આપ બંધ થઇ ગયો. તે સાથેજ ઘોડાવાળો નોકર હાજર થઇ ગયો. બ્રાડલો ચકિત થયો, અને પ્રશ્ન કરતાં પહેલાં ઉત્તર મળ્યો કે, ઝાંપો પતરા ઉપર છે, તેના ઉપર દબાણ આવતાં તે ખુલે છે. ઝાંપા સાથે સાંકેતિક ઘંટનો સંબંધ છે. ઘોડાવાળાના રહેઠાણમાં ઘંટ છે. ઝાંપામાં આવતાંજ તે ઘંટ વાગે છે ને તેથી સુચના થવાથી દાસ જનો હાજર થઈ રહે છે. તેમ થવાથી આજ્ઞા કરવાની તસ્દિ પડતી નથી અને વખત પણ બચે છે. બંગલામાં પેસતાંજ મિ. વેલ્સનો પુત્ર આર્થર આવીને હાજર થયો. આર્થર સાથે મિ. બ્રાડલોને અગાઉથીજ પરિચય હતો. તે મિ. બ્રાડલોને બંગલો બતાવવા લઈ ગયો. આગલા ખંડમાં એક નવ યૌવનમાં દિપતી ઓગણીશ વીશ વર્ષની તરૂણી, વિખરાયલા અવ્યવસ્થિત રાતા વાળવાળી, આશાનષ્ટ થયેલી ચક્ષુથી વિમાસતી, જગતને ભસ્મીભૂત કરવાને આંતર ક્રોધથી ઉશ્કેરાયલી, અવ્યવસ્થિત વસ્ત્રો સહિત બેઠી હતી. તે તુરત સભ્યતાથી ઉભી થઇ વિનય દર્શાવતી સર્વના સાથમાં ભેળાઇ ગઇ. એ યુવતિ તે મિ. વેલ્સની પુત્રી લીનિયન એડગર હતી.

ન્હાનાં મ્હોટાં ઘણાં યાંત્રિક સાધનો બતાવ્યાં. બેઠાં બેઠાં કૃત્રિમ હાથથી બુકો લાવવાનો સંચો, ખુરસી ઉપર બેઠા પછી એની મેળે માખો ઉરાડનાર

પીંછીઓ, પવન ઉરાડનારા પંખા, બેઠાં બેઠાં યાંત્રિક બળથી ટેબલો અને ખુરસીના ક્રમ ફેરવવાના તથા ન્હાના મ્હોટા પડદા ફેરવી સ્થિતિ બદલવાના ચમત્કાર આર્થરે કરી બતાવ્યા.

મિ. બ્રાડલોઃ "ઘણીજ ઉત્તમ ઈમારતોનું અનુકરણ કરી બંગલો, ભવ્ય બનાવ્યો છે, અને ચમત્કારિક યંત્રોનું સંગ્રહસ્થાન પણ શ્રેષ્ઠ છે."

મિ. આર્થરઃ "મેલ્રોઝ, ટાઇબરે, કેંટરબરી, વિન્ચેસ્ટર, ટિંટર્ન અને બીજા પ્રખ્યાત મકાનોની નિરીક્ષા કરી આ બંગલો બાંધ્યો છે. અને એમાં છેલ્લામાં છેલ્લી શોધોનાં ઉપયોગી ઘણાં ખરાં યંત્રો દાખલ કર્યાં છેઃ"

મિ. બ્રાડલોએ પ્રશ્ન કર્યોઃ "આ વાંકાચુંકા સીંકામાં એક એક બ્રશ છે તે શું છે?

મિ. આર્થર કુતૂહલ બતાવવા માટે તેની પાસે ગયો અને એક કળ ચલાવી વચ્ચેની હાથા વિનાની ખુરસી ઉપર બેઠો કે તુરત બ્રશોએ કોટ, પાટલુન, અને બુટને સાફ કરી નાખ્યાં. જ્યારે અર્ધું કામ નીચેનાં બ્રશ કરી રહ્યાં ત્યારે ઉપરથી ટોપી સાફ કરનાર બ્રશ નીચે ઉતરી આવ્યું. તે દશ બાર ચક્કર મારી પાછું ઉપર ચઢી ગયું. એટલે મિ. બ્રાડલોએ કહ્યુંઃ "આ તો અતિ ઉત્તમ છે."

મિ. આર્થરઃ "તમારે વસ્ત્ર સાફ કરવાં હોય તો આવો."

મિ. બ્રાડલોઃ "ના, પછી થઈ રહેશે."

ત્યાર પછી મિ. આર્થરે સ્નાન કરવાના, દીપક પ્રકટાવવાના, ફુવારા ઉડાવવાના, ત્વરાથી એક ભાગમાંથી બીજા ભાગમાં જવાના, તથા ઓરડે ઓરડે રાખેલાં ટેલેફોનનાં યંત્રો તથા એક ભાગમાં બેઠા બેઠા બીજા દૂરના ભાગમાં જોવાનાં દુર્બિનો ગોઠવેલાં હતાં તે યંત્રો ફેરવી ફેરવી બતાવ્યાં. જેમ જેમ જોતો ગયો તેમ તેમ મિ. બ્રાડલો ચકિત થયો. મિ. બ્રાડલોને ત્રીજે માળે નિવાસસ્થાન આપ્યું. મિ. બ્રાડલોએ ટોપી ઉતારી અને આર્થર સાથે ફરવા લાગ્યો.

મિ. આર્થરે કહ્યું કેઃ "આ સ્થાનમાંનાં કેટલાંક યંત્રો આપને જાણી જવા જેવાં છે. આવો, તે બતાવી દઉં. આ સ્થાનમાં દીવાઓ એની મેળેજ

પ્રકટે છે. તે પ્રકટાવવા હોય ત્યારે આ હાથીદાંતના હાથાને દબાવ્યો કે નીચે વિદ્યુત ઉત્પન્ન કરનાર બેટરી છે તે દ્વારા વિજળીથી ગ્યાસ ઉત્પન્ન થશે." એમ કહેતાંજ હાથો દબાવ્યો એટલે ગ્યાસના સંખ્યાબંધ દીવા સળગી ઉઠયા. એટલામાં એક કળ દાબી, એટલે દીવા લુપ્ત થઈ ગયા. પડદા પડી ગયા ને સ્થાન અંધકારમય ભયંકર ભાસવા લાગ્યું. જરા બીજી કળ ફેરવી, એટલે દીવા પ્રકટયા ને એકદમ પડદા ચઢી ગયા. બાજુએ એક પડદો હતો તે બતાવી કહ્યું: "આ સ્નાન સ્થાન છે. ત્યાં જઇને ઉભા રહેશો કે વર્ષાદની પેઠે ઝરમર ઝરમર જળ વર્ષવા માંડશે. કળ ફેરવવાની તસ્દિ લેવી પડતી નથી. આ પલંગની પાસે ત્રણ નળી છે તે વાત કરવાની છે. નંબર ૧ પિતાજીની ઓરડી સુધી છે. નંબર ૨ મ્હારી ઓરડી સુધી છે અને નંબર ૩ બ્હેન લીનિયન એડગરની ઓરડી સુધી છે. રાત્રે જરૂર પડે તો મ્હને સુખે બોલાવજો."

સર્વે ભોજન કરી પરવારી જૂદાં પડયાં. મિ. બ્રાડલો બ્રશ સાફ કરનાર યંત્ર પાસે એકલો આવી પહોચ્યો. તે જોતાંજ અનુભવ કરી જોવાની ઇચ્છા થઈ. ચારેગમ નિહાળતાં ત્યાં કોઇ નહોતું, તેથી હાથા વિનાની ખુરસી ઉપર તે ચઢી બેઠો. બધા બ્રશોએ સારી પેઠે વસ્ત્રો સાફ કરવાનું કામ ચલાવ્યું. ટોપી સાફ કરનાર બ્રશ ઉપરથી એકદમ નીચે આવ્યું. માથા ઉપર ટોપી નહોતી. ટોપીને બદલે બ્રાડલોનો મુખવટો બ્રશે સજ્જડ પકડી લીધો, ને બે ચીપીઆ વચ્ચે બન્ને કાનને દાબી લીધા. બ્રશ ચારે પાસ ફરવા લાગ્યું. હવે કમબખ્તિનો પાર નહોતો. બ્રાડલોએ તેમાંથી છુટવાને ઘણાંએ ફાંફાં માર્યાં. માથું નીચે નમાવી ઉતરી જવા યત્ન કર્યો, પણ જેવો યત્ન કર્યો કે તુરત કપડાં સાફ કરનારાં બ્રશોએ એવો ધકકો માર્યો કે, પાછો તે સીધો થઇ ગયો, અને બ્રશે નાક ઉપર જોરથી ફરવા માંડયું. આ હાસ્યજનક ખેલ જોઇ લીનિયન એડગર પોતાના ભાઇને બોલાવી લાવી. બન્ને જણાના હસવાનો પાર રહ્યો નહિ. તેણે તુરત કળ અટકાવી મિ. બ્રાડલોને વેદનામાંથી મુક્ત કર્યો. બ્રાડલોએ આયનામાં પોતાની મુખમુદ્રા નિહાળી. નિહાળતાંજ તેને પણ ખુબ હાસ્ય પ્રકટયું. મસ્તક ઉપરના વાળ પીંછી જેવા થઇ ગયા અને નાક

ઘસાઇ ઘસાઈને રાતું રોયડા જેવું બની ગયું. મુછના થોડા વાળ બ્રશમાં ભરાઇ ગયેલા તે જોઇ વ્યથા સાથે હાસ્ય પ્રકટી રહ્યું.

મિ. આર્થરઃ "આ યંત્ર મ્હારા પ્રમાણનું હતું અને તેમાં પણ આપ ટોપી વિના ચઢી ગયા. આવું સાહસ કેમ કર્યું? યંત્રો કંઇ બુદ્ધિવંતાં હોતાં નથી. તેને જે ક્રમમાં ગોઠવીએ તેજ ક્રમમાં તે કામ કરે છે."

લીનિયન એડગર કે જે રોજ ઉદાસ રહેતી હતી તેને આથી વધારે વિનોદ થયો.

બ્રાડલો શયનાલયમાં ગયો. અનાયાસે દીપ ઓલવવાની કળ દબાઈ ગઇ. તેથી બધા દીવા ગુલ થઇ ગયા અને બધા પડદા પડી ગયા. ઘોર અંધકાર પ્રસરી રહ્યો. મિ. બ્રાડલો ગુંચવણમાં પડયો. ધીમે ધીમે ઉઠયો, અથડાયો ને પડયો. વળી પાછો ઉઠયો અને પડદા તરફ જરા અજવાળું જોઇ તે તરફ ગયો. ત્યાં સ્નાનસ્થાન હતું. ત્યાં જતાંજ પાણીનો વરસાદ વર્ષી રહ્યો. બેસુમાર ટાઢ હતી તેમાં બરફ જેવા પાણીએ પડી તેને થરથરાવી નાંખ્યો. તેના શરીર ઉપરનાં કપડાં પાણીથી લદબદ થઇ ગયાં. એને કંઈપણ દિશા સુઝી નહિ. તેણે દીપ પ્રકટાવવા યત્ન કર્યો. કળ હાથ લાગી નહિ, પણ નળી હાથ લાગી. મિ. આર્થરને બોલાવવા યત્ન કીધો, પણ તે નળી નંબર ૩ ની લીનિયન એડગરની ઓરડીની હતી. મિ. બ્રાડલોએ નળી વાટે ઉદ્ગાર કહાડયો. "તમે આવો તો દુઃખ દૂર થાય. કૃપા કરીને વહેલાં આવો."

લીનિયન એડગરઃ "મ્હારૂં તમને શું કામ છે?

મિ. બ્રાડલોઃ "તમારા વિના દુઃખમાં કોણ આશ્વાસન આપશે?"

લીનિયર એડગરઃ "તમે ગૃહસ્થ છો કે નરપિશાચ છો? મ્હારૂં તમને શું કામ છે?

બ્રાડલોએ તુરત ભૂલ સુધારીઃ "બ્હેન, માફ કરજો. મ્હેં મિ. આર્થરને બદલે તમને ભૂલથી બોલાવ્યાં છે." શરમના ભારથી દબાઇ ગયો અને દીપ પ્રકટાવવાનો યત્ન કરવા લાગ્યો. તેણે દીપ પ્રકટાવવાની કળને બદલે (એલાર્મ) ભયસૂચક યંત્રનો હાથો દબાવ્યો. આખા ઘરમાં ઘંટનાદ થઇ

ગયો. સૌ ગભરાઇ ગયું. દાસ જનો ઘરમાં દોડવા લાગ્યા અને સોરબકોર થઇ ગયો. બ્રાડલો ગભરાયો ને તે ઓરડામાંથી બ્હાર નિકળી બીજા ઓરડામાં જવા લાગ્યો. વચ્ચે રમકડાં ગોઠવેલુ ટેબલ હતું, તે પડી ગયું અને ફર્નિચર કુચ્ચરકૂટ થઇ ગયુ. ઉઠવા જતાં આપનો માથામાં લાગ્યો. તેમાં તડ પડી. બીજા ઓરડામાં જવા યત્ન કર્યો. બારણાં ઉપર ભુરા રંગનો પડદો હતો તે ઉંચો કરી બારણું ઉઘાડવાનુ હેન્ડલ હાથમાં પકડયુ કે તરતજ બ્રાડલોનો હાથ ચોરકળમાં પકડાઇ ગયો. તેના મ્હોંમાંથી ઉ–ઉ–ઉં–મ–રી–ગયો–હાય–એવો ઉદ્‌ગાર નિકળી પડયો. બીજે હાથે બળ કરી જકડાયલા હાથને બહાર કહાડવા ગયો. તો બન્ને હાય જકડાઇ ગયા, અને વિધુતના ધક્કા આખા શરીરને જોરબંધ વાગવા લાગ્યા. મૃત્યુપ્રાય દુઃખની સીમા અનુભવવા લાગ્યો. આ તિજોરીનો ઓરડો હતો, તેની કળ મિ. વેલ્સના ઓરડામાં હતી. ત્યાં ઘંટનાદ થઇ રહ્યો. મિ. વેલ્સ જાગી ઉઠયો અને બહાર નિકળ્યો. તે પેહેલાં લીનિયન ઓટગરે ઉઠી મિ. આર્થરને હસતાં હસતાં ઉઠાડયો હતો. તે બન્ને ભાઇ બ્હેન બ્રાડલોનાં સ્થાન પ્રત્યે આવતાં હતાં. તેમની સાથે મિ. વેલ્સ પણ ભળ્યો. મિ. બ્રાડલોની વિલક્ષણ સ્થિતિ જોઇ સર્વને ખડખડાટ હસવું આવ્યું. બ્રાડલોએ કરૂણાજનક સ્વરે કહ્યું: "ભાઇ સાહેબ, તમારા આ યાન્ત્રિક પાશથી મ્હને મુક્ત કરો, પછી હાસ્ય કરો. શારીરિક વેદનાનો પાર નથી. સર્વથી પ્રથમ ભયસૂચક યંત્રના નાદને બંધ કરો કે અવર જનોનો ગભરાટ મટે."

મિ. વેલ્સે તુરત કળ ફેરવી બ્રાડલોને યંત્રપાશમાંથી મુક્ત કર્યો. અને આર્થરે ભયસૂચક યંત્રને દબાવી ઘંટનાદને બંધ કર્યો.

પ્રેમ મમતાથી હાસ્ય કરતાં મિ. વેલ્સે કહ્યું: મિ. બ્રાડલો, હવે કેમ છે?

મિ. બ્રાડલો: "મુરબ્બી સાહેબ, મ્હને તો હવે જવા દો. તમારો સત્કાર પામ્યો. આપનો બંગલો તો યાંત્રિક પાશનું સ્થાન છે. હું તો પલળીને ઠંડોગાર થઇ ગયો છું. અહિં કળ, તહિં કળ, પણે બેટરી, પેલી તરફ પાણી, આણી તરફ ભયસૂચક યંત્ર, જ્યાં ત્યાં યાંત્રિક ભૂતોનુંજ અદર્શન લશ્કર!"

વેલ્સ હસ્યો, તે સાથે લીનિયન એડગર પણ હસી પડી. લીનિયન એડગરને જોઈ બ્રાડલો બોલ્યોઃ "બ્હેન, મને ક્ષમા કરજો."

લીનિઅન એડગરઃ "ભાઇ, તમારો યત્કિંચિત્ દોષ નથી. મનુષ્ય છો, સહજ ચુક તો મનુષ્ય માત્રની થાય છે."

મિ. આર્થરઃ "ચાલો, ચાલો, હવે બધાં સુઇ જાઓ."

મિ. બ્રાડલોઃ "ના ભાઇ સાહેબ, મ્હારે તો એ જાદુની કોટડીમાં મરતા સુધી પણ જવું નથી."

લીનિયન એડગરનુ ખડખડાટ હસવું વધ્યુ. જેમ જેમ તેનુ હાસ્ય વધતું ગયું તેમ તેમ બ્રાડલો ગભરાતો ગયો. તેના મનની ભડક હજી ભાગી નહોતી. તે યાંત્રિક કળોથી ભડકી ગયો હતો.

મિ. વેલ્સે તેનો હાથ ઝાલ્યો, ને પોતાના ઓરડામાં લઈ ગયો. મિ. વેલ્સનો ઓરડો સૌંદર્યતાનો અધિદેવ હતો. બ્રાડલોને ત્યાં લઈ જઇ વસ્ત્ર બદલાવ્યાં અને ધૈર્ય આપી સુવાડયો. તે પથારીમાં પડયો પડયો પણ ભડકતો હતો.

હવે આ બંગલામા મિ. બ્રાડલોની ભડક રહી નહોતી. તે ગાઢ પરિચયમાં આવી ગયો હતો. આખા ઘરમાં તે ઘરના માણસ જેવો ટેવાઇ ગયો હતો. મિ. વેલ્સનો જ્યેષ્ટ પુત્ર તો આફ્રિકાના બોયર લોકો સાથેનાં મહા યુદ્ધમાં ખપી ગયો હતો. અરે રે, સ્વાર્થાંધ પુરૂષોની જાળમાં સપડાયલા અલ્પદર્શીઓના ફાંદામાં લંડનના કેટલા બધા મહાપુરૂષોને હાનિ પહોંચી છે. બોયર યુદ્ધમાં લંડને જે પુરૂષ રત્નો ખોયા છે, તે તપાસતાં તેની આવશ્યકતાની કિંમત યત્કિંચિત્ નહોતી એમ મનુષ્ય હૃદય સ્વિકાર્યા સિવાય રહે તેમ નથી. લંડનની પવિત્ર પ્રજા સ્વાર્થિઓના અંધ સ્વાર્થના ભોગ થઇ પડી છે. તેમાંના કેટલાકના એકના એક પુત્રોએ સ્વર્ગનો માર્ગ લઈ તેમને ઘેર તાળા દેવડાવ્યાં છે. સ્વાર્થઅંધ પુરૂષોના હાથમાં રમકડાં પેઠે રમી ભવિષ્યમાં એવી ભૂલ ન કરવા લંડનની મહાન પ્રજાને સુચના કરીએ તો તે અઘટિત નથી.

લીનિયન એડગરને આપણે દુઃખાવેશી નિહાળી છે. તેના પ્રિયતમે લી-

નિયનના પ્રેમનો અનાદર કરી લોભ જાળમાં લપટાઈ બીજે સ્થળે લગ્ન કર્યું હતું. હવે તે અન્ય યુવકને પોતાના જીવનનો સાથી કરવા રાજી નહોતી તે સતી સાધવી દુનિયાના જીવનથી કંટાળી ગઇ હતી. તેણે આત્મઘાત કર્યો હતો. આ વર્તમાન બન્યાથી મિ. બ્રાડલો, મિ. વેલ્સને ત્યાં આશ્વાસન આપવાને માટે રહ્યો. તેથી તે દુઃખના માર્યા દયાર્દ્રભાવથી નરમ થયેલા કુટુમ્બના પરિચયમાં આવ્યો. અને તે મિ. આર્થરનો પરમ પક્ષપાતી થઈ ગયો

મિ. વેલ્સનુ જીવન વ્યાપારી વર્ગમાં મહત્તા પામેલું હતું. તે બહોળે વ્યાપાર ખેડતો હતો તે સાથે કેટલીક ચાલીઓ તથા પ્રાસાદભુવનનો માલિક હતો. તેમ કેટલાંક સુત્રયંત્રો અને વિશ્રામઠામોનો પણ માલિક હતો. આ મહાન શ્રીમાનની સાંસારી સ્થિતિ કથળવા લાગી હતી. વડિલ પુત્ર યુદ્ધમ પડયો, પુત્રીએ આપઘાત કીધો, અને પ્રિયા તો પ્રથમથીજ સ્વર્ગે જતી રહી હતી. આ ગમગિનીને લીધે વ્યાપારમાં તે શિથિલ થયો, અને મિ બ્રાડલો ઉપર તેનો પક્ષપાત ઢળવાથી અને પાકા અનુયાયી તરીકે ભરોસો પડવાથ પોતાના વ્યાપારમાં તેનો એક આની ભાગ ઘાલ્યો. બ્રાડલોની બાહોશીથ ધીમેધીમે વ્યાપારની સાંકળ તેના હાથમા આવી ગઈ અને વ્યાપારમા ઘણે લાભ મેળવ્યો. તેથી બ્રાડલો વધારે વિશ્વાસયુક્ત શ્રદ્ધાનુ સ્થાન થયો. આ સમય રંગમાં મિ. વેલ્સનો એકનો એક પુત્ર મિ. આર્થર કૉલેરાને વશ થયો. મિ. બ્રાડલોએ તેની શૈયા પાસે રહી મહાશ્રમથી ચાકરી ઉઠાવી મિત્ર ધર્મ બજાવ્યો. પોતાના પ્રાણને જોખમે અતિ શ્રમ લીધો, પરંતુ તે સઘળુ વ્યર્થ ગયું. મિ. વેલ્સનો એકનો-એક પુત્ર કાળના કરાલ ગ્રાસમાં આવી ગયો અને મિ. વેલ્સ દુર્ભાગ્યે કરૂણાજનક સ્થિતિ ભોગવવા લાગ્યો. થોડા સમયમ મિ. વેલ્સ ઝાડાના દર્દથી વ્યાધિગ્રસ્ત થઇ ગયો. ઘરમાં અંગિત સગું હોવાથી તેના શરીરની સેવા મિ. બ્રાડલોએ ઉપાડી લીધી. રાત વરાત જાગ જાગીને, સ્નેહવત્સલ બ્રાડલોએ તેને પિતાતુલ્ય ગણી સેવા ઉઠાવી.

શ્નેહ યાતના ઉઠાવતાં બ્રાડલો અકસ્માતનો ભોગ થઇ પડયો. મિ વેલ્સને સારૂ દવા લાવવાના ગભરાટમાં બ્રાડલો દાદરેથી સરી પડયો અને મુર્ચ્છાગત થઇ ગયો. તેના પડવા સાથે એક ઇલેકટ્રિક બેટરીમાં અકસ્માત

થયો અને નીચેના રૂમમાં આગ લાગી. આગના ગભરાટમાં બ્રાડલોને સં-ભાળવાનું વિસ્મૃત થઈ ગયું. સર્વે આગ ઓલવવામાં પડયાં. મિ. વેલ્સ આગની ભડકમાં પથારીમાં બેઠો થઈ ગયો. આખરે આગ ઓલવાઈ ગઇ. બધું શાંત થયું ત્યાં સુધી પછડાઈ પડેલો બ્રાડલો કોઇની દ્રષ્ટિએ પડયો નહિ. મુર્ચ્છાગત્ થયેલો બિચારો ત્યાં સુધી નીચેજ પડીજ રહ્યો. તેને હવે ઉપર લઇ ગયા. સારવાર કરતાં તે શુદ્ધિમાં આવ્યો, પણ થોડા દિવસ પથારી વશ રહેવું પડયું. વેદનાએ તેને માતા, પિતા અને પ્રિયાનું સ્મરણ કરાવ્યું. આંખમાંથી શોકાશ્રુ ધારા વહેવડાવી. પણ તે સઘળું મુગે મોઢે ખમ્યા સિવાય છુટકો નહોતો. તે તેણે સહન કર્યું.

વૃદ્ધ વેલ્સ પથારીમાંથી સાજો થયો. મિ. બ્રાડલો ઉપર સ્નેહ મમતા વર્ષાવવા લાગ્યો. એની માંદગીએ થોડા કાળ સુધી ફરી પાછો ઉથલો ખાધો. મિ. બ્રાડલોએ સેવા ઉઠાવવી જારૂ રાખી. બ્રાડલોની ગેરહાજરીમાં મિ. વેલ્સે પોતાના સોલીસિટર પાસે મૃત્યુપત્ર કરાવ્યું. અને તેને રજીસ્ટર કરાવી પોતાના સોલીસિટરને સોપ્યું હતું. થોડા વખતમાં તો મિ. વેલ્સ અવસાન કાળને પામ્યો. મિ. વેલ્સના સોલીસિટરે મૃત્યુપત્રથી મિ. બ્રાડલોને માહિત કર્યો. એને તેને તેની મિલ્કતનો માલિક પ્રસિદ્ધ કર્યો. ગરિબ બ્રાડલો આજે રંકનો રાય થઇ ગયો. વ્યાપારી બજારમાં તેની જે આંટ હતી તેથી દશ ગણી વધી ગઇ. અને તે વ્યાપારનો રાજા ગણાવા લાગ્યો. મિ. વેલ્સની મિલ્કતનું સરવાયું પચાસ લાખ પાઉન્ડનું ગણાવા લાગ્યુ. આટલી મ્હોટી રાક્ષસી મિલ્કતનો માલિક થયા છતાં પણ તે હજી મિ. ફૉસેટ સાથે વસતો હતો. આજે તે મિ. ફૉસેટના આશ્રમમાં હતો. અને ત્યાંથી હવે થોડા વખતમાં રહેઠાણુ બદલનાર હતો. ટુંકા વખતમાં તેને સરનો ટાઇટલ અપાયો. તેના આનંદમાં ખાણી પીણીઓ ચાલી. અને તે આગ્રહ કરીને મિ. ફૉસે-ટનાં કુટુંબને લઇને મિ. વેલ્સના ભવ્ય બંગલામાં રહેવા ગયો.

મિ. બ્રાડલો હવે સર બ્રાડલો થયો હતો. ટુંકા વખતમાં તેણે યુરોપ જોઇ નાંખ્યું. આફ્રિકા જઇ આવ્યો. અને અમેરિકા થઇ જાપાન નિહાળ-વાની આતુરતામાં હતો એટલામાં એક વિલક્ષણ બનાવ બન્યો. મિ. મ્યુર

મેકેન્ઝીની કુંપનીએ રેશમની મીલ કહાડી હતી તેની ખરિદી કરવાની ધમ લમાં તેના એક ભાગીઆ મિ. શેક્સપીઅરનો હાથ નકામો થઇ ગયો, અં મિ. એનેટી કામના દબાણને લીધે અશક્ત થયો હતો. ધામધુમીઓ અં મિથ્યાવાદી કાપટય તંત્રનો નાયક મિ. મ્યુરમેકેન્ઝી લકવાથી અશક્ત થ ગયો. અને ૭ લાખ રૂપીઆમાં રેશમની મીલ ગિરો મુકાઇ તોપણ કારોબા ચલાવવા નાણાની જરૂરની જરૂર રહી. મતલબી યાહુદીની દ્રષ્ટિ પ્રપંચમ ગુંથાઇ અને પ્રપંચજાળમાં ફસાઇ ફસાઇને એક બીજાને નબળા પા નાંખ્યા. બીજાનું અનિષ્ટ ઇચ્છનારનું ઇષ્ટ અશક્ય છે. એ ન્યાયે સર્વને અનિ ષ્ના છાંટા ઉડયા. આખરે તેઓની દ્રષ્ટિ સર બ્રાડલો ઉપર ગઇ. અર્થ સા ઓએ તેની આજીજી કરી આશ્રય માગ્યો. સર બ્રાડલોએ ઔદાર્યથી આશ્ર આપી મીલને ખિલાવી. અને અપકાર કરનાર ઉપર ઉપકારનો રહેમિય ભરેલો માર માર્યો. ઉપકાર અને આશ્રયથી દબાયલાઓને પ્રભુની પ્રભુતા મહત્તા જણાઈ. નિઃસ્વાર્થ સતત ઉદ્યોગની આત્મબળ શક્તિને દૈવી વિભૂતિ કે મદદ કરી ઉન્નતિમાં ચળકાવે છે તે સમજાવ્યું. અને સ્વાર્થપરાયણતા ક ઉન્નતિક્રમનું સાધન નથી એ જણાવ્યું.

આત્મબળની જ્યોતિથી પૂર્ણ ચળકેલાં પ્રારબ્ધિના સુખની સીમા અ ટલેથીજ અટકવાની નહોતી. એના દુર્ગુણના પ્રાયશ્ચિતે જે સુખની હાનિ ક હતી, તે પ્રાયશ્ચિતનો અવધિ થવા આવ્યો હતો. તેણે થોમસ કુકની કં નીમાંથી જગતની મુસાફરીની ટીકિટ ખરીદી વ્યાપાર અને મિલ્કતનો ભા મિ. ફૉસેટ ઉપર મૂકયો અને કાયદા કાનૂનને લગતી બધી ગોઠવણ સોલી સિટર દ્વારા કરાવી પ્રયાણની તૈયારી કરી.

અસ્તાચળ ઉપર જતા સૂર્યનાં ઝાંખાં પડેલાં કિરણો સમુદ્રના પાણી કલ્લોલ કરી રહ્યાં છે. લીલાં વસ્ત્ર સજેલી પ્રકૃતિદેવિ દ્રષ્ટિને ઠારી રહી શીત મધુર મંદમંદ પવન સુગંધિત પુષ્પો સાથે અથડાઇ મગજને તર કરે સાયંકાળની મનોહર શોભા લીલાને બંગલાની બારી આગળ બેઠો બે સર બ્રાડલો નિહાળી રહ્યો છે. હવે મહા પ્રયાણનું નક્કી થઈ ચૂકયું હ કરવા યોગ્ય વ્યવસ્થા થઈ ગઇ હતી. જિંદગીનો વીમો પણ ઉતરાવી દી

હતો. તે સાથે ગુપ્ત મુત્યુપત્ર કરી રજિસ્ટ્રેશન ખાતાના ઉપરીને ત્યાં સહિ શિક્કો કરી બંધ પાકિટમાં મુકવામાં આવ્યુ હતું. પ્રમાણુનો હેતુ પૃથ્વીના મુખ્ય મુખ્ય ભાગો સાથે વ્યાપાર જોડવાનો, વિશ્વાસુ એજન્ટો મેળવવાનો અને માલની ખરીદી તથા વેચાણુ કરવાને કેવો કેવો ખર છે તેનો અનુભવ મેળવવાનો, ન્હાના મ્હોટા ઉદ્યોગ ખોલવાનો, તથા ખાણોનું ખાતું ખોલી પૃથ્વીમાં દટાયલો અમૂલ્ય ખજાનો જનસમૂહના સુખને માટે બહાર કાઢવા માટે ભગીરથ પ્રયત્ન કરવાનો, અને તેને માટે મુસાફરીને અંતે આખા જગતના વ્યાપારી મંડળનું કૉનફરન્સ ભરવાનો અને ભારતના વ્યાપારને તેની સાથે ઉન્નતિક્રમમાં ખેંચવાનો હતો. આ વિચારમાં તલ્લિન થયેલા પાસે વિદ્યુત જેવા ચળકારા મારતી ભુરી મનોહર ચક્ષુવાળી, ભુરા કેશપાશને ફરફરાવી રહેલી, ગૌર ગુલાબી રંગથી દીપી રહેલી, ગૌર હાથોને હલાવતી હલાવતી, મૃદુ મૃદુ હાસ્ય કરતી મિસ ડૅાસેટ ખુરસી પાછળ આવી ઉભી રહી. વિચારવંત સ્થિતિમાં ઘણો વખત વ્યતીત થયો છતાં પાછળ આવેલી બાલિકાને બ્રાડલોએ જાણી પણ નહિ.

નિર્દોષ બાલિકાએ મૌન્ય તોડયું: ભાઇ, આ અવસ્થામા કયાં સુધી રહેશો. શું વિચારો છો ? „

સર બ્રાડલો: "સમુદ્રથી વ્યાપ્ત થયેલી પૃથ્વીના બધા દેશો સાથે હું વ્યાપારની વૃદ્ધિ જોડવાની સંકલના ગુંથું છું."

મિસ ડૅાસેટ: "હજી લંડનમાંજ આપને બહુ નિહાળવાનુ, શિખવાનું તેમ ઉંચ વર્ગની રીતભાતથી માહિતગાર થવાનું છે. તે કાર્ય એક રૂપગુણુસંપન્ન સહચારિણી સિવાય થવાનું નથી.

સર બ્રાડલોએ ગાઢ નિઃશ્વાસ મૂકયો.

મિસ ડૅાસેટ: "ભાઇ, એ કાર્ય પાર પાડી મુસાફરી જાઓ તો સારૂં?"

સર બ્રાડલો: "બ્હેન, મ્હને ઉત્તમ સહચારિણી છે, તે તમો જાણો છો."

મિસ ડૅાસેટ: "ત્યારે આપ તેને બોલાવવા માટે કેમ અખાડા કરો છો?"

સર બ્રાડલો: "હું તમને શો પ્રતિ ઉત્તર દઉં તે સુઝતુંજ નથી."

મિસ ડૅાસેટ: "તમે ભારતવર્ષથી પાછા આવો ત્યારે એને લેતા આવશો?"

સર બ્રાડલો: "દૂષિત બુદ્ધિથી કરેલાં અસત્યાચરણનું સમાધાન કરી શાંત્વન શી રીતે થાય?" તેણે નિઃશ્વાસ મુકયો.

મિસ ફૅાસેટ: "આ પ્રસંગથી શું આપને યાતના થાય છે?"

સર બ્રાડલો: "હા, યાતના થયાની હું ના પાડતો નથી."

મિસ ફૅાસેટ: "સત્ય ન્યાયાચરણ બુદ્ધિથી એ યાતના શું દૂર કરાય એમ નથી.?"

સર બ્રાડલો: "મ્હેંજ મ્હારાં પ્રારબ્ધનું બલિદાન આપ્યું છે. માતા, પિતા, પત્નિ, ગૃહ અને આનંદમાં કલ્લોલ કરતા સકળ કુટુંબના વૈભવને મ્હેંજ કથાળ્યો છે, અને મ્હેં પામરે મ્હારા દેહને પણ સમુદ્રમાં ઝોકાવ્યો હતો."

મિસ ફૅાસેટ: "કથળેલા પ્રારબ્ધને સુધારવાને હવે શુ કંઇ માર્ગ નથી?"

સર બ્રાડલો: "હવે તે મ્હને સુઝતો નથી."

મિસ ફૅાસેટ: "ત્યારે ભારતની આશા મુકી દો."

સર બ્રાડલો: "માતાજીના ઉપદેષથી અને તમારા સહચારથી સ્વપત્નિ-જનનો સંકલ્પ સચોટ થયો છે, હવે ફરે તેમ નથી. સત્ય જ્ઞાનના પ્રબોધથી મનના વ્યાધિ નાશ પામે છે. નાશ થયેલાને જાગૃત કરવા નથી. મ્હારી સહચારિણી જેવું બીજું ઉત્તમ રત્ન મળે એમ પણ નથી."

મિસ. ફૅાસેટ: "તમારા સંસારની રૂઢિ ન્યાયે જેમ થતું હોય તેમ કરી તમારૂં પ્રારબ્ધ સુધારો."

સર બ્રાડલો: "લોકાચારની વ્યવસ્થા અને સ્થિતિ અંતર થવા સાથે મ્હેજ બધી પ્રતિકૂળતા ઉભી કરી છે, અને તેનો ભય મ્હનેજ ડરાવે છે."

મિસ ફૅાસેટ: "ભાઇ, તમને દુઃખી જોશે ત્યાં સુધી આ તમારી બ્હેન સંસાર સાગરને કિનારે ઉભી રહેશે."

સર બ્રાડલો: "એ શું બોલ્યાં? મેં તમારે માટે તો લાખ પાઉન્ડની વ્યવસ્થા કરી છે."

મિસ ફૅાસેટ: "પ્રતિજ્ઞા થઈ ગઈ."

સર બ્રાડલો: "માતા, પિતા અને પત્નિ, મ્હારા હતભાગ્યની આ-કૃતિ થયાં છે, તેમાં વળી તમે ક્યાં ઝોકાવો છો ?"

મિસ ફ્રૉસેટ: "નિઃસ્વાર્થ વૃત્તિથી મ્હારી પ્રતિજ્ઞા છે. તમારા સર્વ મનો-રથ સિદ્ધ થયા પછીજ હું મ્હારા મનોરથોને ગતિમાં મુકીશ."

સર બ્રાડલો: "આ તો તમે મહા શલ્ય પેદા કર્યું. મ્હારી ઉપાધિ દુર્ઘટ છે."

મિસ ફ્રૉસેટ: "ભાઇ, સ્ત્રી જાતિને ત્રિજું નેત્ર હોય છે અને તે નેત્ર તે પ્રીતિનું છે. તમારી સહચારિણી તમારા કરતાં પ્રથમ તમને શોધી કહા-ડશે અને અનુકૂળ થશે. પ્રતિજ્ઞા એટલીજ કરો કે સ્વછંદિ થઇ પ્રતિકૂળતા ધરતા નહિ."

સર બ્રાડલોએ થોડી વાર તો નીચું જોયાંજ કર્યું. પછી તે ધીમે રહીને બોલ્યો: "હું બોલાવું ત્યારે તમે ભારતવર્ષમાં આવશો ?"

મિસ ફ્રૉસેટ: "ખુશીથી અને જરૂર. ગમે તેવા પ્રતિકૂળ સંયોગો હશે તોપણ મ્હારી ભાભીને હું અનુકૂળ કરી શકીશ. સ્ત્રી વિના ઘર શૂન્ય છે, સંસાર અસાર છે. જીવનનો સ્વાદ નથી. તે વિના સંસારીઓની મહત્તા નથી. જીવનનાં સુખ સારૂ, નીતિના રક્ષણ સારૂ, તથા ધર્મ, અર્થ અને કામની અવસ્થા સારૂ સ્ત્રીની જરૂર છે."

સર બ્રાડલો: "વિયોગે અને અનુભવે મ્હને સમજાવ્યું છે."

મિસ ફ્રૉસેટ. "સંસારમાં સ્ત્રી, પુરૂષને દરેક સ્થિતિમાં આશ્વાસન રૂપ છે. સ્ત્રી, એ પરમ પવિત્ર જીવનના પ્રેમનો અમૃત ઝરો છે. તે ધીમે ધીમે પુરૂષને પોતાના રસમાં લીન કરે છે. અનેક દુઃખો વિસરાવે છે. સદ્ગુણશીળ સ્ત્રી દિવ્ય પ્રેમજ્યોતિનો પુંજ પ્રકટાવે છે. તે પ્રકાશથી ગૃહ, સંસાર અને પતિનાં હૃદય મન્દિરને દિપાવે છે. દિવ્ય પ્રેમવતિનો સમર્થ પ્રેમ પતિને મ-હાન દિવ્યતાની પરિસીમા અનુભવાવે છે."

સર બ્રાડલો: "હવે આ જીવનમાં દિવ્ય પ્રેમની આશા તે ધુમાડાના બાચકા જેવી છે."

મિસ ફ્રૉસેટ: "નહિ નહિ. પુરૂષના જીવન માર્ગનું અવલોકન કરી સતપંથે દોરનાર સ્ત્રીની મતિજ છે. તે તમને જરૂર સુખ આપશે."

સર બ્રાડલોઃ "જેમ જેમ મ્હને મ્હારાં આગલાં પાછલાં વર્તનો સ્મૃત્તિમાં તાજાં થાય છે, તેમ તેમ મ્હારૂં મન પાછું હઠે છે, અને નિરાશા વધે છે."

મિસ ફૅાસેટઃ "તમે યતકિંચિત્ આશાભંગ થતા નહિ. જે કાળને તમે સ્મરણમાં તાજો કરો છો તે કાળમાં તમારા અંતઃકરણ ઉપર સ્નેહના સંસ્કાર ખિલ્યા નહોતા, અને તેથીજ સદ્દવર્તનશીળ રહી શક્યા નહોતા. તમારા સદ્દવર્તનમાં વિક્ષેપ આવવાનું કારણ શોધશો તો મિ. રસ્કિન કહે છે તેજ જડશે કેઃ "સ્ત્રીના સ્નેહથી જેનું હૃદય સંસ્કારી બન્યું નથી, સ્ત્રીની હિમ્મતથી જેનું હૃદય ધૈર્યવાન થયું નથી, અને સ્ત્રીની વિવેક બુદ્ધિથી જેનું વર્તન નિયંત્રિત થયું નથી, તે મનુષ્યજ થયો નથી. તે મનુષ્ય કદિ પણ સદ્દવર્તન રાખી શકતો નથી."

"ખરૂં પુછો તો સદ્દવર્તનશીળ થવા સારૂ પણ આપને સહચારિણીની જરૂર છે."

સર બ્રાડલોઃ "બ્હેન, જ્યારે મ્હને એનું સ્મર્ણ થાય છે ત્યારે એના અલૌકિક સદ્દગુણો, દિવ્ય ઉજ્વળ સ્વરૂપ, નિર્દોષ ગાંભિર્યે ભરેલું સ્મિત, વયોવૃદ્ધથી પણ વધે એવી શાંતિ, સહનશીળતા, સ્ત્રી જાતિને શોભાવે એવાં કાયિક, વાચિક અને માનસિક કૃત્યો, અપૂર્વ વિનય, મર્યાદા, વડિલ તથા કુટુંબ પ્રત્યે મમતા, ધર્મ પરાયણતા, તથા મ્હને પ્રાણથી પણ અધિક ગણતી એની પ્રતિવ્રતપણાની પ્રતાપી મુખમુદ્રા કંપાવી નાખે છે, વ્યાકુળ બનાવી દે છે, અને શરમમાં ગરક કરી દે છે."

મિસ ફૅાસેટઃ "હા, એજ પ્રેમનો અંકુર છે, અને એથીજ જીવનમાં સુધા વરસવાનો સંભવ છે."

સર બ્રાડલોઃ "ત્યારે શું સ્ત્રી વિનાનું જીવન ચલાવી નહિ લેવાય? હવે બેઠેલો પોપડા ઉખેડી ઉભયને દુઃખમય કરવાથી શું લાભ છે?"

મિસ ફૅાસેટઃ "ના, નહિ ચાલે. સ્ત્રી વિનાનું જીવન નથી. પુરૂષને સ્ત્રીની જરૂર છે અને સ્ત્રીને પુરૂષની ખરેખરી જરૂર છે. તે સિવાય ઉભયનું જીવન નષ્ટ થાય છે."

સર બ્રાડલોઃ "આજે લગભગ બે ત્રણ વર્ષ સુધી ચાલ્યું તો હવે કેમ નહિ ચાલે ?"

મિસ ફૅાસેટઃ "પુછો તમારા હૃદયને, કે તમે કેમ ચલાવી લીધુ છે ?"

સર બ્રાડલોઃ "હું હવે સત્સમાગમ, સત્પુરૂષની નિરીક્ષા અને ધાર્મિક વર્તનના પ્રતાપ નીચે રહીશ, અને અંતઃકરણના વિકાર ભરેલા તરંગોને વશ કરી બ્રહ્મચર્ય પાળીશ. કહો, હવે કેમ નહિ ચાલે ?"

મિસ ફૅાસેટઃ "એટલાથી બસ થવાનું નથી. લોટ ફાકવો અને હસવું, એ બે વાતો સાથે સાથે થતી નથી. સંસારમાં રહી વિરક્તતાનો દાવો કરવો એ ફળદાયક નથી અને તમારા સંયોગોમાં જે બનેલું છે તેથી તમારા આ કલ્પિત તરંગો ઉભયને હાનિ કરતા છે."

સર બ્રાડલોઃ "મ્હને ભય છે કે, મ્હારાથી તે પાછી દુઃખી થશે તેને સુખી કરવાનો ખરો ઉપાય એજ છે કે, હવે મુવેલાને જીવતો મનાવવો નહિ, અને તેમાંજ તેનું સુખ છે."

મિસ ફૅાસેટઃ તમારો આ વિચાર તો કોઇને ગળે ગુમડું થયુ હોય તેને સારૂં કરવા તેનું ગળું કાપવાનો પ્રયોગ કરવા બરાબર છે."

સર બ્રાડલોઃ "સ્ત્રી સાથેનો સંબંધ ફક્ત મનની મિત્રતા સારૂ છે. હું મનને મારીશ અને મ્હારા દુખનો અત આણીશ."

મિસ ફૅાસેટઃ "તમારા આ ઉદ્ગારમાંજ ગુપ્ત સંકેત રહેલો છે, કે જે તમને નથી સમજાતો પણ મ્હને સમજાય છે. લગ્ન સંબંધ તે કેવળ મનની મિત્રતા સારૂ છે, એમ જે કહેવું તે કેવળ ઠગાઇ છે."

સર બ્રાડલો. "ઠગાઇ શાથી ?"

મિસ ફૅાસેટઃ "સ્ત્રીનો સંબંધ મનની મિત્રતા સારૂજ ફક્ત હોય તો તે શોધનારા લગ્ન સંબંધ શા સારૂ કરે છે? વાતચિતના સંબંધથીજ ફક્ત સંતોષ કેમ નથી પામતા. પુરૂષને, પુરૂષ મુકી સ્ત્રીની મિત્રતા કરવાનું કારણ શું છે? શું એમાં દૈવી રહસ્ય નથી સમાયલું ? શક્તિ કરતાં વૃત્તિ બળવાન છે. જ્ઞાન કરતાં મોહ પ્રબળ છે. શરીર ઉપર બુદ્ધિનું ચલણ પણ ફીકું જણા-

ચલું છે, માટેજ પરણવાની જરૂર છે અને તે જરૂરજ નવનવીન ગાર કઢાવે છે.

સર બ્રાડલો: "ઉપવાસ અને સંયમને પ્રવાહ મન ઉપર વિ મેળવવાને અલૌકિક છે, તેથી સ્થૂળને વશ કરીશ અને વિચાર પ્રવ પરમાત્મામાં સ્થાપીશ. કહો હવે જય પામીશ કે નહિ?"

મિસ ફૅાસેટ: "તમે આજે નવી નવી કલ્પનાના તરંગે ચઢ્યા બગડેલાને સુધારવાને થોડો શ્રમ કરવાને બદલે, પડેલા ઘાને વાંદર ઘાની વિસ્તીર્ણ કરવાના પ્રયોગો કલ્પો છો પણ ભાઈ, સંસારમાં ક્ષુધા અને મદન મનુષ્યને કાન પકડીને ઠેકાણે આણે છે તે જરા વિચારશો એટલે સમ તમારા મનમાં જે રૂદ્દગારો ઉઠે છે, તે તમને જૂદી દિશા તરફ દો એની સમજ તમારા મગજને પડતી નથી. પરંતુ જરા શાંત થઈ ત હૃદયને પુછો, એટલે સત્યતા ભરેલો ઉત્તર મળશે."

સર બ્રાડલો: "આજે તમે મ્હને સર્વ વાતે મહાત કરો છો. મ્હને સામાન્ય નિયમ કહો છો, પરંતુ મ્હારા સંબંધમાં જૂદાજ સં આવી પડેલા છે. તેથી મ્હારા મનનું સમાધાન થતું નથી."

મિસ ફૅાસેટ: "ગમે તેવા સંજોગો વચ્ચે તમારૂં વહાણુ સ સમુદ્રને ખરાબે ચઢ્યુ હશે, પરંતુ સ્ત્રી પ્રત્યે તેના સ્વામી તરીકેની ત ફરજ શી છે? તેને સુખી કરવી એ શું તમારૂં કર્ત્તવ્ય નથી? તેનાં દુ શાંત કરવાનો શું તમારો ધર્મ નથી? આ તો તમે જેને દુઃખી કરી છે સુખી કરવાની છે. તો કહો, મનુષ્ય તરીકેની તમારી ફરજ અદા . તમે બંધાયલા છો કે નહિ? જો તમારા જીવનને અમૃતમય કરવું સંસારને મંગળમય બનાવવો હોય, જગતમાં સુખપ્રદ થવું હોય તો ત સહચારિણી પ્રત્યે તમારી ફરજ છે તે બજાવજો. વિયોગ અને અ તમને શું શિખવ્યું નથી કે તમો નવા નવા તરંગોથી રંગાયા છો?"

સર બ્રાડલો! "હા, વિયોગે અને અનુભવે મ્હને નવા નવા રંગ ચ્યા છે, પણ ભીરૂતા અહર્નિશ મ્હને કંપાવે છે."

મિસ ફ્રાસેટઃ "અડગ હિમ્મત ધારો. કર્ત્તવ્યપરાયણ થાઓ. મ્હારી પ્રતિજ્ઞા યાદ રાખીને પણ દયા ધારી તમારી સહચારિણીનો સ્વિકાર કરવા મ્હારા ઉપર કૃપા કરો."

સર બ્રાડલોઃ "બ્હેન, તમે દયાની મૂર્તિ છો. તમારા ઉપકારો વિસ્મૃત થાય એવા નથી. અનેક ઉપકારમાં આથી વધારો કરો છો. તમારી દરેક આજ્ઞાને આધિન છુ."

મિસ ફૅાસેટ આનંદનાં આંસુ ભરેલી ચક્ષુને ઊંચી કરી મુખ મલકાવ્યુ.

* * * *

હવે પ્રયાણની તૈયારી થઇ રહી છે. સ્નેહીઓ, નોકરો અને તેમની સાથે મિ. ફ્રૅાસેટનુ કુટુંબ સ્ટિમર સુધી વળાવવા ગયુ છે. બધાંએ હુરરેના પોકાર કર્યા. સિસોટીનો મહાન અવાજ થયો અને ભપ ભપ કરતા નિકળતા ગોટેગોટ ધુમાડાથી ગગન મંડળને છાઇ દેતી અને સમુદ્રમાં લત્તા પ્રહાર કરી કરરર કુરરર પાણી ઉગાડતી, રૂપેરી ફીણની રેખા તાણતી સ્ટિમર ઉપડી ગઇ. કિનારા ઉપર ઉભાં ઉભાં સ્ટિમર જણાઈ ત્યાં સુધી સર્વેએ નિહાળ્યું. તેમાં વિદ્યુત જેવી ચમકતી આંખવાળી બાલિકા મિસ ફૅાસેટે પોતાની આંખ તણાઇ ત્યાં સુધી તાણી, ને સ્નેહભરી ચક્ષુને અતિમ સમુદ્ર સુધી દોડાવી રહી. આખરે માતાના હાથમા હાથ ધાલી તેણે એક ગાઢ નિશ્વાસ મૂક્યો, અને બડબડી "અરે, સુખી જણાતો પણ દુઃખી ભાઈ બ્રાડલો ક્યારે ખરો સુખી થશે?"

ચક્ષુમાંથી ખરતાં આંસુને હાથમા ધારણ કરેલા રૂમાલથી લુછ્યા, તો પણ આંસુની ધારા તો ચાલીજ રહી.



પ્રકરણ ૫ મું.

જીવિતેશ્વર અને હૃદયપ્રાણા.

शार्दूल विक्रीडित वृत्त.

जानन्नेव करोति कर्म बहुलं दुःखात्मकं प्रेरितः
केनाप्य प्रतिवाच्य शक्ति महिना देवेन मुक्तात्मना ।
सर्वज्ञेन हृदि स्थितेन मनुजःसंसार रंगागणे ।
माद्यद्बुद्धि नटी विनोद निपुणो नृत्यन्न नंग प्रियः ॥

(वैराग्य शतक.)

"સંસારના કર્મો ઘણુાજ દુઃખ દેનારા છે. આમ છતાં પણ હૃદયમા નિવાસ કરનારા, સર્વજ્ઞ, મુકતાત્મા, જેનો મહિમા તથા શક્તિ વાણીથી અવર્ણનીય છે, એવા અનિર્વચનીય પરમાત્માની પ્રેરણાથી જીવાત્મા સંસારના કર્મો કરે છે, પરંતુ કામ ઉપર પ્રીતિ ધરાવનારો અજ્ઞાની જીવાત્મા મદમત્ત બુદ્ધિરૂપી નટીની સાથે વિનોદ કરતો સંસાર રૂપી રંગભૂમિ પર નૃત્ય કર્યા કરે છે."

अनुष्टुप वृत्त.

मुखेन चन्द्र कान्तेन महानीलैः शिरोरुहैः ।
पाणिभ्यां पद्मरागाभ्यां रेजे रत्नमयीवसा ॥

(शृंगार शतक.)

" ચંદ્રકાન્ત મણિ જેવા મુખે, મહા નીલમણિ જેવા કેશે અને પદ્મરાગમણિ જેવા હાથે કરીને સ્ત્રી રત્નમય હોય એવી શોભે છે."

શુદ્ધ દંપતિઓના પ્રેમથી ઉભરાતા હૃદયમંદિરમાંથી છલ્લાછલ ઉભરાતા વેગભર્યા ઉમળકા, કોને ચકિત કર્યા સિવાય રહ્યા છે! સૃષ્ટિમાં એવું કોણ છે કે જેના હૃદયાકાશમાં પ્રેમ-સુધાના રસે ટપકી, લજ્જા, અસ્વસ્થતા અને અધિરતાની તાલાવેલી લગાડી જાગ્રતાવસ્થામાં નિઃશ્વાસો મુકાવી તેના સ્થૂળ સૂક્ષ્મને કંપાવી નાંખ્યુ નથી હૃદયમાંથી વિકાસ પામેલા પ્રેમસૂર્યે હૃદયના કયા કયા પ્રદેશમાં ઉજ્વલતા આણેલી નથી! પ્રેમાન્ધતામાં જે કોઈને દેખાયુ નથી તે પતિપ્રાણાઓએ અનુભવ્યુ છે એમ કોનાથી કબૂલ કર્યા સિવાય રહેવાય એમ છે! સાર્વભોમનું ચક્રવર્તિપદ અને ત્રૈલોક્યની રિદ્ધિ સિદ્ધિ પણ ત્યાં નમન કરતી જણાઈ છે. આજે તે અનુભવને અનુભવતી કુસુમને નિહાળીશુ

સરસ્વતિચંદ્ર ટપાલના કોથળા વાંચીને થાકેલો આરામચેર ઉપર પડ્યો. થોડી વાર આંખો મિંચ્યા પછી વળી તેણે હાથમાં "ગ્રાફિક" લીધુ. તેને ઉલટાવી ગયો. ત્યાર પછી "ક્રોનિકલને" ઉપર ટપકે જોઈ ગયો, તેને જમીન પર મૂકયું. ત્યાર પછી "કેસરી" હાથમાં લઈ રસ ભરેલી ગીત વાંચતાં વાંચતાં પગને હલાવી રહ્યો હતો. પગના હાલવા સાથે પગમાં પેહેરેલી પાદુકા ખડખડ ખખડી રહી હતી. એટલામાં વિકસિત હૃદયની રસદેવી કુસુમ, સુધાથી દ્રવતી મૃગનયનથી મૃગની ચાંચલ્યતા દર્શાવતી, લજ્જા વિનયને આધિન થયેલી રંગમહેલમાં દાખલ થઈ. પતિચરણ પંકજ પ્રતિ દ્રષ્ટિ સાધતાં સાધતાં પતિના ચરણ આગળ આવી પહોંચી. ચંદ્ર જેવા ભાલમાં ઝાંખી ચંદ્રરેખા જેવી ભસ્મની એક આડ, તેના મધ્યમાં ચંદનનો ચંદ્ર જેવો ચાંલ્લો કરેલો, અને તે ઉપર અક્ષત ચ્હોડવાથી ભાલમાં ઝીણાં મોતી જેવા દિપતા સૌંદર્ય સાથે, ધર્મદક્ષતાની છાપ પાડતી મનોહરતા વધારી રહી હતી. ગુલાબી સાડીમાં ગુલાબી ગાલ સંતાડી, કમળ જેવા કોમળ કરમાં પુષ્પ, ચંદન અને અક્ષત પૂરેલી પૂજન ડાલી સાથે એક હાથમાં મનોહર ઝારી લઇ પતિના ચરણ પાસે બેસી ગઇ. પતિની દ્રષ્ટિને સાધતાં સાધતાં પૂર્ણરસ લાલિત્યથી ચક્ષુને નચા-

ચતાં નચાવતાં પતિની વૃત્તિને આકર્ષિ રહી. મૃદુમૃદુ સ્મિત કરતી, સ્મિત છન્ના-ચ્છન્ન પ્રસાદપૂર્ણ દ્રષ્ટિને ઉંચી કરી પતિ .મુખમુદ્રાને નિહાળતાં, પતિ-ચરણ ઉપર આચમનીથી જળ મૂક્યું. તે ઉપર ચંદન ચર્ચ્યું અને તે ઉપર અક્ષત અર્પ્યા. એ વિધી કરતાં કરતાં જરા નયન નિચાં કરી સોડીયું સંકોચતાં કેશ પ્રદેશનો ભાગ ખુલ્લો થયો. કેશ પાસમાં બાંધેલા મનોહર મોગરાના ગજ-રામાંથી પ્રસરતા મઘમઘાટે પતિની વૃત્તિ ખેંચી. પ્રેમપુરઃસર દ્રવતી રસ-વૃત્તિથી નિરખતાં ચકિત થતાં સરસ્વતિચંદ્ર ખુરસીમાં બેઠો થતાં બોલ્યો "માધુર્ય વિલાસિની, આ નવલ સંકેત શું છે?"

નિચા નયન કરી સ્મિત વર્ષાવતી કુસુમ બોલી "પ્રેમપ્રવાહધારી, મ્હારે એમાં શું કહેવું? કહો, કહો, નાથ એમાં નવલતા શુ નિરખી?"

"હા, છે તો પ્રાચીન રીતિ, પરંતુ તમારી કપોળ કલ્પિત ઇચ્છાત્મક પ્રભાની કળા અકલિત છે." સરસ્વતિચંદ્રે સ્મિત કરતાં ટહુકો પૂર્યો.

"જાઓ જાઓ, નાથ એમ ના કહેતા." એમ કહેતાં કહેતાં કુસુમે હા-થમાંની પુષ્પમાળા પતિના કંઠમાં આરોપણ કરી અને છલ્લાછલ રસ ભરેલા ચક્ષુને નીચાં કરી ઉભી રહી.

સરસ્વતિચંદ્રે જરા હાથ લાંબો કર્યો એટલે "જો જો નાથ, હુ અ-ક્ષુનિ છુ." એમ કહી નાથ સામુ દ્રષ્ટિ સારતી કુસુમ જરા પાછી હટી.

સરસ્વતિચંદ્ર "વળિ આજે વિસ્તીર્ણ કપોળમાં ચંદ્રકની કળા કેમ વિસ્તારી છે?"

કુસુમ "નાથ, ચંદ્રની કળા તો બધે વિસ્તરવાની છે. આજે આપ ચેષ્ટા વિહારી કેમ થયા છો? ગુમાનબાની ઇચ્છા તુલસીનું વ્રત કરાવવાની હતી તે વ્રત ધારણ કર્યુ છે. શુકલજીએ ચાંદલો કરી અક્ષત ચોંઢયા છે. એમાં કળા શાની?"

"ત્યારે હવે મીરાંના અનૂયાયી મટી તુલસીનાં થયાં છો?" સ્નેહચેષ્ટા કરતાં સરસ્વતિચંદ્રે કહ્યું.

જરા લજ્જા દર્શાવતી અને સ્મિત વર્ષાવતી કુસુમ બોલી: "લ્યો, ત્યારે વડિલોની આજ્ઞા ન પાળીયે કે? તમને તો પ્રત્યેકમાં નવાઇજ લાગે છે.

ચાલો ચાલો, નાથ, ભોજનની તૈયારી થઇ ગઇ છે. પિતાજીને જમવું નથી. અને ગુમાનબા રાંધણીમાં રાહ જોતાં બેસી રહ્યાં છે."

સરસ્વતિચંદ્ર ઉઠયો. અક્ષુને રહેલી કુસુમ તો સોડીયું વાળતી પૂજન-સાહિત્ય અને જળપાત્ર લઇ નીચે ઉતરી પડી.

સફેદ ઝીણુ બનારસી પિતાંબર પહેરતાં પહેરતાં રસિકના બિડાયલા મર્મસ્થળને વિકસાવનારનો વિચાર કલ્પનાને વિકસવાને વખત મળ્યો. સરસ્વતિચંદ્રના હૃદય કમળની પાંખડીઓ ખિલી. પ્રિયાનું ધર્માચરણ જોઈ જરા મુગ્ધ થયો. 'તેની વય, કેળવણી અને આચાર વિચારના પ્રવાહના વેગને વિચારી તેની આંતર વૃત્તિએ છલકાવા માંડયું.

"આ શું! આ કેવો ચમત્કાર! વય વયનું કામ કરે છે. કેવો વૃત્તિમાં ફેરફાર! આર્ય મહિલાની આંતર અભિલાષા ધર્મ વૃત્તિ તરફ કેવી વિકસે છે અને ધર્મ અભિલાષા સાથે રસ સૌંદર્ય કેવું ઝળકે છે! હૃદયનાં કમાડ ઉઘડી રસિક વૃત્તિ સાથે ઘર સંસાર અને ધર્મને કેવાં ઉજ્વળ કરે છે! સ્ત્રી કેળવણીના માર્ગનો ઉદ્દેશ પણ એમાંથીજ પ્રકટે છે. આત્મ સુધારણા પૈસાથી ખરિદી શકાય એવી નથી. આત્મ સુખ માટે પોતાની વતી પારકાને બેસાડી વિચાર કરાવાશે નહિ. એ કામ કેવળ સ્વજાતની કેળવણી ઉપર આધાર રાખે છે. આર્ય મહિલાઓની કેળાવણી પણ આર્ય આચાર વિચારોને અનુસરીને અપાવી જોઇએ. પ્રાચીન આર્યાનું એક ચિત્ર જે કોમળ હૃદય કમળની પાંખડીઓને ખિલાવશે ને રંગ ભરી ચળકાવશે તેવું પશ્ચિમની હજારો શુષ્ક વાતોથી થશે નહિ. આર્ય મહિલાનું હૃદય મંદિર આર્ય મહિલાને અનુસરતુંજ બંધાવું જોઇએ. અને ત કેળવણીના મંદિરમાં સાંપ્રતકાળને અનુસરતી જરૂરીઆતોને અનુકુળ કરી બંધ બેસ્તી કરવી જોઇએ. આવા પ્રકારની આર્ય મહિલાની કેળવણી ઉપર ભારતભૂમિનું ભાગ્ય લટકેલું છે. એ મુદ્દાને લક્ષમાંથી ખસેડવા યોગ્ય નથી. આર્ય બાળાઓ એ આર્ય પ્રજાના અંગનો એક ભાગ છે. આર્ય માતાઓ એ આર્ય જનોના અંતઃકરણને વિકસાવનાર અને પુષ્ટ કરનાર સામગ્રી છે, ભારત જનનીને ભારતવર્ષના માનનીય સિદ્ધાંત સાથે દોરશો નહિ, ત્યાં સુધી કેળવણીનો ખરો

હેતુ ફલદાયી થનાર નથી. હેતુ પાર પડનાર નથી. શુષ્કતા માત્ર કહેવાપણામાં રહેશે, પણ કર્તવ્યપરાયણતામાં જરા પણ ફત્તેહમંદ થશે નહિ. આર્ય મહિલાઓ પ્રાચીન ધર્મ પ્રત્યે જે ભક્તિભાવ ધરાવે છે, તે તેમના હૃદય કમળની પાંખડીએ પાંખડીએ ખિલેલો છે. તે ભાવથી વિરક્ત ભાવ પૂરવાથી ફળ સિદ્ધિ થનાર નથી, પરંતુ જો એજ ભાવનાને ઉન્નત કરવામાં આવે તો ફળદાતા થાય. સાવિત્રી, સીતા, દમયંતી, તારામતિ અને એવી એવી ભારત ધર્મ પરાયણ રમણીય રત્નોની પવિત્ર મૂર્તિઓ તરફથી આર્ય મહિલાઓનુ વલણ ઉલટી બાજુએ ફેરવી શકાવાનાં નથી, અને ફેરવવાથી ફળસિદ્ધિ પણ નથી. આર્ય ધર્મે આર્ય રમણીયોના અંતઃકરણમાં મહાન ઉંડી જડ ઘાલેલી છે. તે જરા પણ ખસેડાય એમ નથી, અને તે ખસેડી આર્ય મહિલાને સાંપ્રતકાળવાસીઓ અપવિત્ર કરવા મથશે તો તેમનુ ગાડું જરા પણ આગળ ગતિમાન થશે નહિ જ્યાં સુધી આર્ય મહિલાઓ ઉત્સાહપૂર્વક સુધારે હાથ ધરશે નહિ ત્યાં સુધી વસ્તુતઃ ખરેખરો સુધારો થવાનો નથી."

કુસુમમાં ધર્મવૃત્તિ સાથે રસવૃત્તિ કુદી રહી તેના યૌવનમાં ડોકીઆં કરતી હતી. તે વિચારતાં સરસ્વતિચંદ્રે પ્રેમનો એક કંપ અનુભવ્યો અને પાછો વિચાર ઘટનામાં પડયો.

" ગુણસુંદરી, તું ખરેખર ગુણની ખાણ છે. બાળકો માતાના દુધમાંથી આચાર વિચાર બાંધે છે. ભારતભૂમિને ઉન્નતિ ક્રમમાં ચઢાવવાનો માર્ગ જોઇએ તો સુનીતિવાન માતાઓ એ તેની નિસરણી છે. નિસરણી ઉપર ચઢાવવા આર્ય મહિલાઓને તક આપો. જેવી તેઓ ધર્મભાવનાવાળી છે, તેવીજ તેમને શુદ્ધ નીતિ ભક્તિપરાયણ થવા દો. જેવાં તેમનાં મન સ્વચ્છ છે તેવી તેમને વિચારવંત બનાવો. તે સઘળું પાર પાડવાને તેમને કેળવવાની જરૂર છે. કેળવણી પામેલી સ્ત્રીઓ મેળવવા તરફ વિદ્વાનવર્ગ ઉત્સુક છે, તે ઉત્સુકતા કેમ પાર પડે ? શું બી. એ. અને એમ. એ બનાવવાથી સ્ત્રીઓ કેળવણી પામેલી ગણાશે ? તેટલેથી ઘર સંસાર આબાદ થશે ? ઘર સંસારમાં એથી કાર્યદક્ષતા, રસજ્ઞતા, સંતોષ અને આનંદ ખિલશે ? ના, કંઈ બી. એ. અને એમ. એ. થી એ

સુખ પૂર્ણ થાય એવું નથી. ત્યારે ઘર સંસાર માટે જે જોઇએ છીએ તે એથી નિકળશે? જે અવસ્યનું છે તે તો સ્ત્રીમાં સ્વધર્મ નીતિપરાયણતા હોય તે સાથે સારાસાર વિચાર હોય અને કેળવાયલી હોય, તેમ સાંસારિક, ધાર્મિક, અને વ્યાવહારિક બાબતમાં સલાહકારિણી થાય. એ સઘળા હેતુ ફળપ્રદ કરવા માટે તો આપણા ધર્મના આધાર ઉપર રચાયલી કેળવણીની આવસ્યકતા છે. સત્યાર્થ વિચારતાં તો સ્ત્રીઓ સંસાર વ્યવહારના ચક્રમાં પુરૂષો જોડે હરિફાઈ કરનારી થાય એવી કેળવણી તો વ્યર્થજ છે. અરે, ઘાતકી પણ છે. પુરૂષે એકજ કાર્ય કરવું અને સ્ત્રીઓએ ઘર સંસાર સાથે બહારની હરીફાઈ બને કરવાં. આથી પરિણામ શું? અતો ભ્રષ્ટ અને તતો ભ્રષ્ટ! એકે ખિલે નહિ. ખરેખરી રીતે તો સ્ત્રી કેળવણી માટે એવી સંકલના ગુંથાવી જોઈએ કે જેથી સ્ત્રીઓમાં ભારતભૂમિના પ્રાચીન આચારવિચાર તથા તેના સદ્વર્તનના જ્ઞાનની સપૂર્ણ છાયા પડે. તેમને માતૃભાષા સંસ્કૃત તથા અર્વાચીન ભાષાનું તથા સાહિત્યનુ જ્ઞાન મળે. પ્રાચીનકાળની મહત્તા ભરેલી કીર્તિ માટે ગર્વિત રહે, અને ભવિષ્યને ઉજ્વળ કરવા શક્તિમતિ થાય. શુ કુસુમ, કંઇ આવા માર્ગની નિસરણી ઉપર ચઢી આર્ય મહિલાઓની શુદ્ધ રહેણી કરણીની જાળીમાંથી ડોકીઆં કરતી દેખાતી નથી? હા, એની રસવૃત્તિ ધર્મ ભેળી ભળેલી છે."

વિચારની ઘટમાળા ફેરવતો ફેરવતો સરસ્વતિચંદ્ર ભોજનગૃહમાં પાટલા ઉપર જઈ બેઠો. ભોજનગૃહ અને રાંધણીમાં અંતર હતો, તેથી પિરસવાનું કામ કુસુમને હાથ આવી પડયું. રસભરેલી દષ્ટિથી લાલિત્ય દર્શાવતી, રસમય ભોજન સાથે રસિકતાનો રસ પૂરતી પૂરતી પિરસી ગઈ. રસોડામાં ગઈ અને ચટ આવી. એમ કરીને ભોજન પિરસવાનું પૂરૂ કર્યું. સોડીયામાં હાથ ઘાલી અમૃતભર્યું મુખડું મલકાવતાં પંખાથી મંદ મંદ પવન નાંખતી પાસે બેઠી: "નાથ, આજે તો સ્વસ્થ ચિત્તે જમો. ભોજન તો રસમય છે." કુસુમે પંખો નાંખતાં નાંખતાં કહ્યું.

સરસ્વતિચંદ્ર: "આજે બધામાંજ રસ પ્રકટેલો છે."

કુસુમ: "રસના અધીશ્વર તો ચંદ્ર છે."

સરસ્વતિચંદ્રઃ "એવું બોલી બોલીને રસ રેલીનેજ છેતરો છોને ?"

કુસુમઃ "લ્યો, ત્યારે રસ નહિ પૂરીએ ને બોલીશુ પણ નહિ." એમ કહી પગ વડે ચંદ્રની આકૃતિ કહાડી સ્મિત કરતી નીચું નિહાળી રહી.

સરસ્વતિચંદ્રઃ "ભલે રસ ના પૂરતાં પણ રસના નાથનું ચિત્ર તો ચિતરી રહ્યાં છો ને ?"

કુસુમઃ "વળી એવે ઠેકાણે પણ દૃષ્ટિ ક્યાં ફેરવો છો ?"

"નહોતી બોલવાની તે કેમ બોલી ?" એમ કહી સરસ્વતિચંદ્રે જરા હાથ લાંબો કરી ગુલાબી સાડી ખેંચી તે સાથેજ કેશપ્રદેશ ખુલ્લો થઇ ગયો."

"નાથ, જવા દો એમ શું કરો છો ?" કોપ દર્શાવતાં રસભર્યા નેત્રથી કુસુમ બોલી.

સરસ્વતિચંદ્રઃ "નયનને રસથી છલકાવો છો હવે શ્રવણને રસથી પૂરો."

કુસુમ: "એ શુ બોલ્યા ? નાથ, ગુમાનબા પાસે છે તે સાંભળે. વાલકેશ્વરના બંગલામાં જે કરો તે ચાલે. અહિં કંઈ ચાલે ?" એમ કહી ઉઠવાનો ડોળ કર્યો.

સરસ્વતિચંદ્રે આગ્રહથી પટ પકડયું અને ઉત્તર કર્યો. "નહિ જવા દઉં."

રસ ભરેલી દૃષ્ટિથી લાચારી દર્શાવતી કુસુમ બેસી રહી.

"વ્હાલી, કેમ બેસી રહી છે ? મૃદુ સ્વરથી કાલે સાંજે ગાયેલી મનોહર ગરબી ગા અને શ્રવણને રસપૂર્ણ કર" સરસ્વતિચંદ્રે કહ્યું.

કુસુમ પ્રેમયુક્ત આર્જવતા દર્શાવતી બોલીઃ નાથ ગુમાનબા પાસે છે ને વળી સતાર સારંગી કે પીઆના વિના આનંદ કેમ લાગશે ?"

સરસ્વતિચંદ્ર: "રસથી ઉભરાતા મંદ મંદ સ્વરથી ગા. આ તો ત્હારાં ખોટાં બ્હાનાં છે."

"હા, હા, હવે મ્હને નિર્લજ ઠરાવવી હશે ?" કુસુમે સક્રોધ પ્રેમદૃષ્ટિથી ઉત્તર કર્યો.

સરસ્વતિચંદ્ર: "જો જો, હવે ચંદ્ર રિસાશે."

કુસુમ: "લ્યો, ત્યારે હારી મ્હારા નાથ. ધીમે ધીમે શ્રવણપટને ગુમ કરો. વળી ઉપહાસ્ય કરશો તો નહિ બોલું. એટલી મ્હારી શરત ખરી હોં કે."

સરસ્વતિચંદ્રે સ્મિત છલાછલ ચક્ષુથી સાન કરતાં ઉત્તર કર્યો. "હા, હા, હા."

નયનથી અમૃત વર્ષાવતી અને સુધાથી રસ છલકાવતી કુસુમ, મંદમંદ સ્વરે એકલો સરસ્વતિચંદ્રજ શ્રવણ કરે તેમ મધુરૂં ગાન ગાવા લાગી. સાથે સાથે પંખો હલાવતીજ ગઈ.

*"વિધુ લેખ ભાગ્ય રેખ શી વધુ વિકાસતી,
વધુ વિકાસતી, સદનને પ્રકાશતી. વિધુ લેખ.

સાખી.

અણુ વિંધ્યું મોતી ખરૂં, તેજસ પાણીદાર;
ગોળ પીન કોમળ અને, ગોરૂં રોનકદાર;
હૃદયે ધરી ધરાય લેશ કંથ ના જરી,
હેમ હિમ તૂલ્ય વ્હાલી શીળી લાગતી. વિધુ લેખ.

સાખી.

લાજાળી સમ લાજતી, છાંટયુ ગાલ ગુલાબ,
નયને પંકજ રાજતાં, હાસ્ય પુષ્પની છાબ;
સાસુ સસરાને પાય પ્રેમે લાગેરે,
ગોઠડલી નણદી સાથ કરે અનુરાગેરે. વિધુ લેખ.

સાખી.

ધમક ધમક ફરતી બધે, કરતી કામણુ કામ,
ધીમુ મૃદુ થોડું વદે, હસિત વદન અભિરામ;
લટકે કિશોર બાલિકા પદે પદે ખસે,
પ્રેમ તરંગ રંગિલી ઉછળતી. વિધુ લેખ.

---

* ગરબી. (સખી ગ્રીષ્મ રંગ પલ્લવે નવીન શોભતો. એ રાગ)

સાખી.

કરમાં કંકણુ ખડખડે, ઝાંઝર ઝમકે પાય,
મૃદુ રવ કરતી અંગુઠી, સુણતાં મદ ઉભરાય. વિધુ લેખ.

એટલામાં "કુસુમ, કુસુમ." એવો ગુમાનબાનો સ્વર કાને પડયો. કુસુમના શ્રવણુ ઉપર સ્વર આવતાંજ ગાન લુપ્ત થયું. ગાનારી ઉઠી. સરસ્વતિચંદ્રે જરા પટકુળ પકડયું. કુસુમે પ્રેમમય દૃષ્ટિથી ઠપકો દર્શાવતાં હાથમાં ઝાલેલો પટનો છેડો છોડવી મૃગલીની પેઠે સાસુની પાસે જઇ ઉભી રહી.

"આ, ઉનાં ઉનાં પત્રેવેલીયાં પડી રહ્યાં છે ને" ગુમાનબા સ્નેહમય વાણી ઉચ્ચારી, સ્મિત કરતી સામુ જોઇ રહી.

કુસુમ લજ્જાથી લેવાઈ ગઈ. હાથમાં પત્રેવેલીયાં લઈ જતાં પતિને નયનથી લજ્જા વિનયથી ઠપકો દર્શાવતાં પિરસીને બેઠી. અને જરા બબડીઃ "તમારે શું ? લાજનાં માર્યા અમારે મરી જવું પડે છે."

સરસ્વતિચંદ્રઃ "ગા, ગા, પેલું અધુરૂં રહેલું ગા."

સુધારસ રેલતી, દ્રવતિ રસ વૃત્તિથી, ધીમે ધીમે રસ પૂરતી ગાવા લાગી

"ચળકે ચાંદલિયો ભાલ ટીલડી ટપકી છે,
હૈયામાં હીરા હાર નાકે નથની છે;

સાખી.

કાને લળકે લોળિયું, અંબોડે શિર ફૂલ,
સજ્જડ પ્હેરી કાંચળી, બારીક અંગ દુકૂલ;
અલબેલી આડુ બાડુ જોઇ જોઇ રાચતી,
વિજળી લળી લગી ઝગી ઝબૂકતી. વિધુ લેખ.

સાખી.

પુછે નહિ પણુ જોઇને, શીખે ઘરની રીત,
તોપણુ પતિમાં ધારતી, પુનિત નિરંતર ચિત્ત;
સહુને કરવા સુપ્રસન્ન ચતુરા ચાહે છે,
પણુ વરનો કરતાં પક્ષ સહુને વાહે છે. વિધુ લેખ.

સાખી.

જેઠાણી સમજી જતાં, કરે સાન મૃદુ હાસ્ય,
ચતુરાઇ ચાલી નહિ, તેથી નમતું આસ્ય;
મનમાં હસે મસે મસે રસે વિલાસિની,
ઢાવકું ધરી મુખાબ્જ કાર્ય સારતી. વિધુ લેખ.

છેલ્લું પદ શ્રવણ થતાંજ બોલ્યા વિના સરસ્વતિચંદ્રથી હાસ્ય થઈ ગયું. કુસુમ "લો, નાથ ઉપહાસ્ય કર્યું. હવે નહિ ગાઉં." એમ કહેતાં કહેતાં કુસુમ તીરમાંથી શર છુટે તેમ રસોડામાં સોડીયું વાળતી વાળતી દોડી ગઇ. ભાત ને કઢી પિરસી પાછી ગઈ તે આવીજ નહિ. ગાનારીનું ગાન અધુરૂં રહી ગયુ અને સાંભળનારે ભોજન પુરૂં કરતાં કરતાં આકાંક્ષા ને આકાંક્ષામાં દ્વાર સામું જોયા કર્યું.

ભોજન કરી સરસ્વતિચંદ્ર રંગમહેલમાં ગયો. ચાકર પાન સોપારી લઇને આવ્યો. કુસુમ જણાઇજ નહિ. બે ત્રણ વાર ઘંટડીના ટકોરા કર્યા પણ ઠેઠું ગયું ગાડું! થયુ તે થયું. કોટમાં જવાને ગાડી ઉભી રહી હતી. સરસ્વતિચંદ્રે કપડાં પેહેર્યા ને ગાનમાં રહી ગયેલું હૃદય, હૃદયની અધિદેવીને સોંપી ગાડીનાં પૈડાં ચાલ્યાં તે સાથે ગાડીમાં બેઠેલું શરીર પણ ચાલ્યું. ગાડીમાં ગયેલા શરીરે ઘણા વ્યાપાર કર્યા ને તે ને તેજ ઉપાધિમાં જે સ્થાનેથી ગયુ હતું ત્યાં શરીર પાછું આવ્યુ. હવે તો ચંદ્રપ્રભા પૂર્ણ પૂર્ણોદયથી તુષ્ટમાન થઇ નભમંડળને ચળકાવવા લાગી છે. દૃષ્ટિ સમક્ષ તરવરતા સકળ વિશ્વવ્યાપાર સ્તંભિત થવા લાગ્યા. સૂક્ષ્મ જંતુઓ ઉદર નિર્વાહનાં સાધનોને સંપાદન કરી પોતપોતાને સ્થાને થાળે પડવા લાગ્યાં. પક્ષીઓ આકાશ માર્ગને રોધ કરતાં ગુપચુપ થઇ ગયાં. કમળાકરમાં અનેક કુમુદ પુષ્પો ખિલી સૌંદર્યતામાં વધારો કરવા લાગ્યાં. ઉદર નિર્વાહના પુરૂષાર્થે નરમ પડી જઇ શાંતિના પ્રવાહને પ્રસારવા માંડયો. ચંદ્રપ્રવાહ સાથે શાંતિ પ્રસરે છે, એ મત સાથે સર્વે એકમત થતાં નથી. જ્યારે ઉદરનિર્વાહના વ્યાપાર બંધ થાય છે, ત્યારે મનોરાજ્યના વ્યાપારો શાંતિસદનમાં પ્રવેશના નથી. પ્રેમિયોને ડોલાવે છે. નિઃશ્વાસ મુકાવે છે. તેમના સ્થિર-

પણામાં અસ્થિર ભાવ આણે છે, કંપાવે છે, સ્નેહ મમતાને ઉભરાવે છે. પ્રણય કલહ અને પ્રેમાનંદને વિસ્તારે છે. ચંદ્રનો ઉદય સરિતા ને સમુદ્રમાં ઉત્પાત કરાવે છે, અને સર્વના હૃદય ઉપર નવીન ભાવ ઉભરાવે છે, ત્યારે તે રસની સરિતામાં વહેતી કુસુમને કેમ છોડે ?

વસંતી સાળુ પહેરેલી કુસુમ પરિમળથી વાતાવરણને સુગંધીમય કરતી આનંદ પ્રફુલ્લ ચક્ષુઓને ચાંચલ્યતાથી ચોગરદમ ચગાવતી, પતિના ટેબલ પાસે આવી ઉભી. મસ્તક ઉપર હાથ ફેરવી કેશને જરા વ્યવસ્થિત કરવાનુ ચિહ્ન કરી મૃગલી ચમકે તેમ ચમકતી ટેબલ ઉપરનો એક પત્ર ઉંચકી લેતી બોલી: "નાથ, એ તો મ્હારો છે. રખેને વાંચતા."

સરસ્વતિચંદ્ર મુખ મલકાવતાં બોલ્યો: "હું ક્યાં વાંચું છું ?"

કુસુમ: "ના, એ વંચાવવાનો નથી."

સરસ્વતિચંદ્ર: "મ્હને તમારા બોલવા ઉપર હાસ્ય આવે છે."

કુસુમ: "હા સ્તો, કેમ ન આવે? સ્વાર્થ સાધુઓ તો હસીનેજ સ્વાર્થ સારે છે."

સરસ્વતિચંદ્ર· "તમારે બોલવું હતુ તે બહાનું કરીને બોલ્યાં. સ્હવારે રિસાયાંએ જાતે, ને અત્યારે મનાયાંએ જાતે."

મુખ મલકાવતાં અને લજ્જા વિનય દર્શાવતાં કુસુમ બોલી: "જાઓ નાથ, તમારે શુ ! અમે તો લાજનાં માર્યા જઇએ છીએ. તમારે કંઈ સ્હેલું પડે છે ? સ્હવારથી મ્હારી પૂંઠ પકડી છે તો અત્યારે વળી આ પત્ર વાંચીને કંઇનુ કઇંજ વેતરશો."

સરસ્વતિચંદ્ર: "ત્યારે શુ તમારે મ્હને પરાણે પણ એ પત્ર વંચાવવો જ છે ?"

કુસુમ. "પ્રાણ, તમારી વાણી કરતાં તમારા હૃદયને હુ વધારે ઓળખી ગઈ છુ."

સરસ્વતિચંદ્ર: "મ્હારી કુસુમ, ત્હારૂં હૃદય વિક્રિયાને વિસ્તારી રહ્યું છે, તેની આ તો લીલા છે."

કુસુમ જરા વક્ર નયન કરી બોલી: "જુવો નાથ, વાત કરતાં કરતાં

પણ તમે હાસ્ય કરો છો. વળી અમારી લીલા શી ? તમારાં નયન જ ક્યાં સ્થિર રહે છે ? ”

સરસ્વતિચંદ્ર: “ વ્હાલી, ત્હારા નયનમાં જ આજે જાદુ ભરેલો જણાય છે તેથી બીજાના નયનમાં પણ તું તેવુંજ દેખે છે. આજે તું ખરેખર જાદુગરણીજ બની છે. આંખને નચાવે છે, દંત અને અધરોષ્ટ વચ્ચે સંગ્રામ કરાવે છે. કૃત્રિમપણે હ્રદય વિલાસ દર્શાવે છે, ગુપ્ત મંદ સત્કારથી રસ ઉભરાવે છે અને ચપળા જેવી દષ્ટિને નૃત્ય આલાપ કરાવે છે, તો પછી હવે ત્હારી તે લીલામાં શું બાકી છે ? ”

કુસુમ: “ એવું એવું કહી જુઠું આળ ચઢાવતા નહિ. જેવા હોય તેવાં જ જાણે.”

સરસ્વતિચંદ્ર: “ હા, તમારેજ વચને ન્યાય કરો ને. ”

કુસુમ: “ વળી એવું બોલતાં બોલતાં બાંધતા ના. ”

સરસ્વતિચંદ્ર: “ તમે ક્યાં બધાયલાં છો ? સર્વદા છુટાંજ છો. ’

સરસ્વતિચંદ્ર: “ આ ન્યાય ક્યાંનો ? બોલતાં બોલતાં ફ્રગો છો કે ? ”

કુસુમ: “ દેશમાં શ્રમ કરી સત્ય તુલાથી ન્યાય પ્રવર્ત્તાવી જય મેળવશો, કોર્ટમાં કાયદાની સહાયતાથી વિજયી થશો, પણ કુસુમ આગળ કયા ન્યાયે વિજય મેળવશો ? કહો નાથ. ” એમ કહીને સ્નેહ ભરી દષ્ટિથી રસ વર્ષાવતી જોઈ રહી.

સરસ્વતિચંદ્ર: “ દષ્ટિથી સ્નેહ રસ વર્ષાવી રહ્યા છો, ત્યારે બાકી રહેલી પેલી ગરબી ગાઇ સુધારસ છલકાવાની.”

કુસુમ: “ જીવિતેશ્વર, હવે એ વાત છેડતા નહિ. હું પાછી રિસાઇશ હોં કે. ”

સરસ્વતિચંદ્ર: “પાછો એવો ઉત્પાત કરતાં નહિ; પણ કહો, રિસાયલાં તો રહેવાયું નહિ ! ”

કુસુમે લજ્જામય મુખ કરતાં વક્ર દષ્ટિથી મુખ આગળ બુક આડી કરી અને બોલી: “ લ્યો, હવે કેમ નથી ચાલતું તે જોઉં છું. ”

સરસ્વતિચંદ્ર: "પ્રાણ એ તો મ્હારીજ રચેલી છે."

કુસુમ: "લ્યો ત્યારે આ મુકી." એમ કહેતાં કહેતાં હાથમાં ન્યુસ-પેપર લઈ આડું ધર્યું.

સરસ્વતિચંદ્ર: "હૃદયેશ્વરી, એમાં તો મ્હારોજ લખેલો આર્ટિકલ ત્હારી આંગળી આગળ છે."

કુસુમે તે વેગળું મુક્યું અને પાછું ફરી જોવા લાગી. સહસા દ્રષ્ટિ છબી ઉપર ગઈ.

સરસ્વતિચંદ્ર: "પ્રાણ, એ તો મ્હારી જ છબી છે."

કુસુમે ત્યાંથી દૃષ્ટિ ફેરવી. હાથમાં રહેલો પત્ર આંખ આગળ આડો ધરીને આરામાસન ઉપર પડી.

સરસ્વતિચંદ્ર: "જો જો, એમાં પણ મ્હારૂં નામ તો નિકળશે જ, લાવ બતાવું."

કુસુમ: "હં હ, આ તો પત્ર એજ એજ વાંચવો છે તેનાં બહાનાં છે."

સરસ્વતિચંદ્ર: "અમારે ક્યાં વાંચવો છે? એ તો તમારે પ્રયત્ને પણ વંચાવવો છે તેના ચાળા છે."

કુસુમ: "નાથ, એવું ના કહેતા." કહી બેઠી થઈ.

સરસ્વતિચંદ્રે હાથ લાંબો કર્યો અને કુસમના હાથમાંનો પત્ર સરીને સરસ્વતિચંદ્રના હાથમાં આવ્યો.

સરસ્વતિચંદ્ર: "પ્રીયે, પત્રમાં કંઇ ગુપ્ત છે?"

કુસુમ: "આપથી ગુપ્ત શું? એ તો સુંદર કાકીનો છે."

"ત્યારે તો એમાં કંઇક નવીનતા હશે." એમ કહી સરસ્વતિચંદ્રે પત્ર કહાડયો.

કુસુમ: "હૃદયેશ, એ વાંચી તૃત્ય કહાડતા નહિ."

સરસ્વતિચંદ્ર: "તમે તૃત્ય કહાડવા ધાર્યુંછે તે ખાળ્યાં રહેવાનાં છો?"

કુસુમ લજ્જાવિનિત થઈ ગઈ.

સરસ્વતિચંદ્રે ધીમે ધીમે પત્ર ખોલી વાંચવા માંડયો. સરસ્વતિચંદ્રને ખભે હાથ દઈ ઉભેલી કુસુમે પણ તેમાં મન પરોવ્યું.

શ્રી ૧૧.

રત્નનગરી.
સૌંદર્ય ઉદ્યાન.

અખંડ સૌભાગ્યવંતી, હૃદયવત્, માર્કન્ડ આયુષ્ય,

ચિ. કુસુમ.
મુ. મુંબાઇ.

રત્નનગરીથી લિ. શુભચિંતક સુંદરની આશિષ. અત્રે સર્વે કુશળ છે. ભારત નર ભૂષણ શ્રી સહિત તમે કુશળ હશો. ત્હારા તરફથી વખતો વખત પત્ર દર્શન થતાં નથી. ભારતવર્ષના કલ્યાણ માટે મથતાં કે પછી સંસાર વાસનાની જાળમાં ગુંથાતાં તું અમને દિવસે દિવસે ભૂલતી જતી લાગે છે. સંસારની જાળ એવીજ છે. એક પર પ્રીતિનો પક્ષપાત વધે છે ત્યારે બીજી તરફથી ઉતરે છે.

તમે મહાન્ કર્ત્તવ્ય કરવાના અનુસંધાનમા જોડાયાં છો. જે મહાપુરૂષ સાથે તું જોડાઇ છે, તે ત્હારૂં મહત્ ભાગ્ય વિચારી મ્હને આનંદ થાય છે. પરંતુ તેથી ત્હારા શિર ઉપર બહુ મ્હોટી જવાબદારી ઉતરેલી છે તે તરફથી લક્ષ્ય દૂર રાખતી નહિ. બાળ વયમાંથી તરૂણ વયમાં જનારી ગૃહિણીનુ કર્ત્તવ્ય ત્હને શિખવવું પડે એમ નથી, પરંતુ મ્હારો જીવ ત્હને ત્હારી ફરજનું દિગ્દર્શન કરાવ્યા સિવાય રહેતો નથી. માટે લક્ષ્યમાં લઈ મનને તાજુ કરજે.

બાળ વયમાથી તરૂણ વયમાં જનારી ગૃહિણીનું કર્ત્તવ્ય, સાસરિયાના નવલ સહવાસવાળા ઘરમાં જઈ તેમની વૃત્તિને અનુસરી, કાર્યદક્ષતા વાપરી સંસારમાં જય મેળવવાનુ કાંઈ જેવું તેવું નથી. એ કાર્યદક્ષતામાં "પતિની નવનવીન આજ્ઞાઓ પાળી, કુટુંબના વડિલોનું કામ ઉપાડી તેમને સારૂ મનાવવું. ચાકરો ઉપર સત્તા રાખી તેમને કેળવી કાર્યકુશળ કરવા, સાથે સાથે તેમને તરવારની ધાર ઉપર રાખવા અને વળી માયા મમતાથી પુત્રવત્ પ્રેમધારી થઇ મમતાળ બનાવી વશ રાખતાં શિખવાનું છે. ગાફેલ નહિ રહેતાં ઘર ધંધામા પ્રવીણ રહી સમયનું કાર્ય સમયસર થાય એવી સંકલના ગુંથવાનું; ઉદ્યાન,

પ્રાસાદ, અને ઘરની નિરીક્ષા રાખીને તેના સામાનની સાચવણી રાખી સૌંદર્યતાની સંભાળ રાખવાનું તેમજ ઘર સાથે પરિચિત જનો આગળ ઘરનું નાક રાખવાનું; એ સર્વે કાર્ય સાથે જાતે અમર્યાદ ન થવાય કે એવો દોષ ન આવે, તેની મર્યાદા પાળી સર્વ કરવાનું છે. તે સાથે સજ્જન સમાગમનો લાભ લેવો. પ્રતિદિન ઉચ્ચ ગુણોની ગ્રાહ્ય શક્તિ વધારવી, વિદ્યાનું વ્યસન ઉન્નતિ ક્રમમાં મુકવું. પોતાનાં આપ્તજનો સાથે પ્રીતિ વધારવી. સર્વદા લોક નિન્દાનો ભય તજવો નહિ. ગૃહિણી થનારીને ઘર, કુટુંબ અને નાતજાતના બોલ સહન કરવાના છે. પરંતુ તમારે તો તે સાથે જાહેર ચર્ચા થાય તેમાં ખોટી કે ખરી જે કંઈ કૌતુકી થાય, તે ગમ ખાઇ ખમવાનાં સહવાસી થવાનુ છે, અને તેમ કરતાં મનોવૃત્તિ અને પેટ સમુદ્ર જેવાં મહાન ગંભીર રાખતા શિખવાનું છે. દરેક કાર્યારંભે સર્વદા રાજર્ષિ ભર્તૃહરિના નીતિશતકનો આ બોધ ધ્યાનમાં રાખી વર્તવાનું છેઃ-

मालिनीवृत्त.

गुणवद गुणवद्वा कर्वता कार्यमादौ
परिणति रवधार्या यत्नतः पण्डितेन ।
अतिर भस कृतानां कर्मणामा विपत्ते-
र्भवति हृदयदाही शल्य तुल्यो विपाकः ॥

"ગુણવાળું વા ગુણવગરનું કાર્ય કરનારા પંડિતે પ્રથમથીજ સારી રીતે પરિણામનો વિચાર કરવો જોઇએ, (એટલે આ કાર્યનું પરિણામ સુખદાયક થશે વા દુઃખદાયક તે વિચારવું જોઇએ; તેમ ન કરે તો દુઃખ થાય) અતિ ઉતાવળથી કરેલાં કાર્યનું પરિણામ મરણ પર્યંત શલ્ય પેઠે દુઃખદાયક થઈ પડે છે."

સર્વદા કલ્યાણકારક આચરણમાં ચિત્ત લગાડવું. ગુપ્ત વાતને પ્રસિદ્ધ ન કરવી અને સર્વનાં ગુણમય કાર્યને સહાયભૂત થઈ પ્રસિદ્ધિમાં આણવા તરફ લક્ષ રાખવાનું છે. ત્હારે પતિની સમૃદ્ધિના ભોક્તા થતાં ધન મદથી છાકવું નહિ. પરંતુ ફળ આવવાથી વૃક્ષો નમે છે અને નવા જળથી મેઘ નમે છે તેમ ભારેખમ થવું. સામાન્ય જનસમુદાયના કલ્યાણ માટે, પ્રાર્થના વિના સૂર્ય કમળ સમુદાયને પ્રફુલ્લિત કરે છે અને ચંદ્ર કોઈની પણ ભલામણ વિના

કુમુદિનીને વિકસાવે છે, અને મેઘ જેમ સર્વને જળ આપી શાંત પાડે છે, તેમ સત્ લક્ષણુ ગૃહિ કલ્યાણુ માર્ગને ગ્રહણુ કરવા.

પતિની આજ્ઞા પાળવી, કુટુંબના વડિલ તેમ કનિષ્ટ વર્ગને રાજી રાખવાનો ભાર વહેવાનું કાર્ય પાર ઉતારવાનું સહેલું નથી. સંસાર સમુદ્રમાં કંઇ કંઈ નવલ તોફાન આવે છે. તે તોફાનને શાંત કરવાને મિષ્ટ વચનામૃત રેડી સમયાનુસારિણી થવું જરૂરનું છે. તે સાથે એકે સામટાં ઘણાં કાર્યમાં લક્ષ રાખી તે કાર્યો દક્ષતાથી સારવાનાં છે. પુરૂષની રસવાસનાને, જ્ઞાનને, શૌર્યને, કવિત્વશક્તિને, દેશભક્તિને, વ્યાપારની ચાંચલ્યતાને, ઉદ્યોગ હુન્નરની કળાને હિમત કરી પોષવાની ઓછી જરૂર નથી. સંસાર ઉછેરવાનું કામ સ્ત્રીનું છે. સ્ત્રીઓનો તે હક્ક કોઇથી છિનવાય એવું નથી. પણુ તે હક્કનો ભાર વહેવા સાથે સંસારને ઉન્નતિક્રમમાં મુકવાનું કામ પણુ તેને માથે આવી પડે છે, એ વિસારવા જેવું નથી, અને તેના ઉપરજ સામ્રાજ્ય, મહારાજ્ય અને જનમંડળનો આધાર છે. વીરપ્રસવિની માતા સર્વ કાળમાં પ્રાતઃસ્મર્ણિય છે. સંસારમાં સ્ત્રી ઉપર તો બધો આધાર છે. ગરિબ ઘરને કસરથી નિભાવવું. શ્રીમંતની કમાઇનો અર્થ સારવો. સંત્તતિ, ઘર પરિવાર, પુરૂષોના આનંદ, તથા ધર્મની સંભાળ લેવી. એ સર્વ સ્ત્રીથીજ સુધરે એમ છે, અને તે સુધારવું એજ સ્ત્રીનું કર્ત્તવ્ય છે. સુધારાનો ડોળ ઘાલી, સાંપ્રત કાળમાં જેમ તરૂણીઓ ડાહી ડમરીઓ બનીને જે ઉત્પાત કરે છે, પોતાના સંસારની સ્થિતિને ન અનુલક્ષતાં ફેશિનની ફીસિયારી કરી, ટાપટીપમાં ગપાટા મારતી બેસી રહે છે, અને પોષાક તથા શૃંગારનો ગજા ઉપરાંત બોજો પતિની શક્તિ ઉપરાંત નાંખે છે. ઘર કાર્યમાં બેદરકાર રહી કુટુંબ વત્સલતામાં ભળતી નથી. પતિના કુટુંબની સેવાના ભારથી વિરક્ત રહી, વૃદ્ધ સાસુ સસરાનો તિરસ્કાર કરે છે. બહાર સ્વચ્છંદે ફરવું અને નાટક ચેટકમાં ભળવું, ઘરની વ્યવસ્થા પડી રહે, પણુ ફેશિનની ફીસિયારીથી બહારનો ઉલ્કાપાત કરવામાં ડાહ્યાં ડમરાં થઈ લાંબી લાંબી વાતો કરી, સર્વ પ્રત્યે ફુપદના દોરમાં જાજરમાનપણું બતાવે છે. એ સુધારો તો પોતાનું ઘર પોતાને હાથે ડુબાડવા બરોબર છે. સુધારા કરવા પણુ જનસમૂહને અનુલક્ષિ કરવા.

સુધારા કરવાની લાલચમાં પણ ચાંચલ્યવૃત્તિવાળા પુરૂષો સાથે ભેળાતાં સાવચેત રહેવા મ્હારી ત્હને ખાસ સલાહ છે. ઉચ્ચ વિચારના ગુણગ્રાહી પુરૂષો સબંધે મ્હારે જરા પણ વાંધો નથી, પરંતુ અર્ધદગ્ધ અંગ્રેજી શિખેલાઓથી સાવધાન રહેવું, તેઓ સુધારાના મ્હોટા મ્હોટા ધડાકા મારે છે, રીતિ નીતિની ટાપટીપ બતાવે છે, ધર્મને નિંદે છે, અને સત્ય બોલવું તેને ધર્મ કહે છે ને તે ધર્મ તો અંતરમાં છે અને આપણી રૂઢિમાં ચાલતો ધર્મ અને આચાર વિચાર ઢોંગ છે પણ કહેવા પ્રમાણે તેમના વર્તન જરા પણ જણાતાં નથી. કહેવામાં કંઈ છે ને વર્તનમાં તો ખોટા ઢબ્બુ જેવા છે. એવા ઠગારા પુરૂષોની સ્ત્રીઓ પાસે કેવી વૃત્તિ થાય છે તેનું શું કહેવું ! તેમના સગથી શું પરિણામ આવે તે આંતરવૃત્તિથી વિચારી લેજો. લુલી લંગડી વૃત્તિવાળાઓના લુલા લંગડા સુધારાથી તો આપણો સંસાર અનોભ્રષ્ટ ને તનોભ્રષ્ટ થાય. એ વિચારી ખોટા મોહથી સાવધાન રહેવું. સુધારા તો જનસમૂહના હિતને વિચારી કરવા, અને તેમાં સ્વાર્થપરાયણતા જરા પણ ન હોવી જોઇએ.

શાર્દૂલ વિક્રિડિત વૃત્ત.

एके सत्पुरुषाः परार्थ घटकाः स्वार्थं परित्यज्यते
सामान्यास्तु परार्थ मुद्यम भृतः स्वार्था विरोधे न ये ।
तेऽमी मानुष राक्षसा परहितं स्वार्थाय निघ्नन्तिये
ये निघ्नन्ति निरर्थकं परहितं तेकेन जानी महे ॥

(નીતિશતક).

"સ્વાર્થ છોડીને જે પરોપકાર કરે છે તે સત્પુરૂષ. સ્વાર્થને ધક્કો ન લાગે તેવી રીતે જે પરોપકાર કરે છે તે મધ્યમ. સ્વાર્થ માટે જે બીજાના કલ્યાણનો નાશ કરે તે અધમ છે; અને બીજાના કલ્યાણનો જે વૃથા નાશ કરે તે કોણ છે ? એ અમે જાણતા નથી." અર્થાત્ તેઓ અતિ નિંદ્ય છે."

સંસાર વિલક્ષણ છે. બહુ રત્ના વસુંધરા, પરંતુ તેથી વૃત્તિનો રોધ કરી જન કલ્યાણમાંથી કહાડી નાંખવી નહિ. પતિનાં સર્વ કાર્યમાં સહાનુભૂતિ પૂરતાં પુરૂષ વર્ગને તેમનાં સર્વ કાર્યમાં ઉત્તેજીત કરવાને સંસાર કાર્યમાંથી

ગ્રસરહિત થઈ ઔદાસીનતા ગ્રહી વિરક્ત ન થવું. સંસારનો તો ભાર વહિ તેને દિપાવવો એ સ્ત્રીનું ખરૂં કર્ત્તવ્ય છે.

ત્હારા પત્રથી જણાય છે કે, તેં ગુમાનબાના આગ્રહથી તુલસી પુજન-વ્રત ધારણ કર્યું છે, અને નિત્ય ગીતાનો પાઠ કરે છે. આદિત્ય હૃદય પણ કરે છે. તે સાથે થોડું થોડું ઉપનિષદોનું અવલોકન પણ કરે છે. આ જાણી આનંદ થયો છે. મ્હારે ત્હને લખવું જોઇએ કે એ માર્ગ ઉત્તમ છે, પરંતુ મહિલાનું ખરેખરૂં કાર્ય તો સ્વામીના સર્વ કાર્યમાં સહાનુભૂતિ પૂરવાનું છે. તે સ્મરણમાંથી જરા પણ દૂર કરતી નહિ.

મીરાંનું અનુકરણ કરવા હઠધારી થયેલી તુલસીની અનુયાયી થઈ છે, તે જાણી અંતઃકરણમાં અપૂર્વ આનંદ સ્ફુરી રહ્યો છે. તુલસી (વૃંદા) પતિ-પ્રાણા સાધ્વી હતી. મીરાં થનારી વૃંદાને જપશે ત્યારે તેની કાકીને કેટલો આનંદ થશે તે તું જ વિચારી લેજે.

સીતા અને દમયંતી જેવાં થવું એ સ્ત્રીઓને માટે અશક્ય નથી, પણ મ્હારી વ્હાલી કુસુમ, બાલ્યકાળથી ત્હારા અંતઃકરણનો વિકાસ ઉત્પાતિયો છે. મ્હારી ગરિબ કુમુદ શાંત, સુશિલ, સહનશીળ છે, ત્યારે તું સર્વમાંથી તત્ય શોધનારી છે. ભારત ભક્તિમાં નિમગ્ન રહેનાર ત્હારા પ્રાણેશને ત્હારા તત્યતા ભરેલા વિલાસ ભાવથી વિકળ કરતી નહિ.

વાસિષ્ઠ મહાત્મા એક સમયે રાત્રિએ ધ્યાનનિષ્ઠ થયા હતા. ધ્યાનમા સીતાના મસ્તક ઉપર મુકુટ દીઠો અને શ્રી રામચંદ્રજીના હાથમાં કંકણ દીઠાં. વાસિષ્ઠને સંશય પડયો. સીતાના શયનગ્રહમાં પુરૂ કુળ ગુરૂ ગયા, તો ત્યાં એજ ધ્યાન પ્રમાણે દ્રષ્ટિગોચર થયુ. શ્રીરામચંદ્રજીએ પ્રણામ કર્યાં અને તે ક્ષણે સીતાજી લજવાઈ ગયાં. તેમ તું સીતા જેવી થતાં ત્હારા ઉત્પાતિયા હૃદયવિકાસને વિનયમાં રાખજે.

બુદ્ધિધનભાઇ તથા ત્હારા પિતાશ્રી પોલીટિકલ એજન્ટના કાર્ય અને ખોટી ઉપાધિના સાંત્વનાર્થે ટુંકા વખતમાં મુંબાઇ આવનાર છે. ત્યારે ઘણું અવનવું ત્હારા જાણવામાં આવશે, ગુણિયલે આશિર્વાદ લખાવ્યા છે."

લિ. સર્વકાળ ત્હને ઉન્નતિ ક્રમમાં જોવા ઇચ્છનાર

શુભચિંતક-સુંદરના આશિર્વાદ.

લાંબો હાથ કરીને પત્રનો પાછલો ભાગ વાંચતાં અટકાવવા સ્મિત હાર કરતાં કુસુમે કંઇક યત્ન કર્યો, પણ વાંચનારે તે પૂરોજ વાંચ્યો. ફરી વાંચ્યે વાંચતાં વાંચતાં લખનારીના લેખમાં કંઇક સત્યતા ભાસવા લાગી. અર્ધદગ્ સુધારાવાળા સંબંધી કરેલી ટિકાએ વધારે લક્ષ ખેંચ્યુ, અને સરસ્વતિચં જરા વિચારમાં પડયો.

" હા, હવે જમાનાનો રંગ બદલાયો. ખોટા ડોળ કરી મ્હોટામ ખપવાનો દાવો કરનાર રડાકા મારનારાઓનો હવે ઘડો થયો. દુનિયા ખરં ચાસણી કહાડી કસાનારનેજ માનની નજરથી જૂવે છે અને વર્તણુક ઉપ આધાર રાખતી થવા લાગી છે. સામાન્ય બુદ્ધિમતિ સુંદર, કુદ્રતિ બુદ્ધિ' જે લખે છે તેથી સાપ્રત કાળની સ્થિતિ ઉપર ઝાંખું ઝાંખું પણ અજવાળ પડે છે. પુર્વજોના આચાર વિચારને છિન્ન ભિન્ન કરી નાંખી, પાશ્ચિમાત વિચારની મોહિનીમાં ફસી પડી, કેટલાક સુધારાને નામે ખોટા વિચારો દેશમ પ્રવર્તાવે છે, તે દેશને નુકશાનકારક નિવડવાનો સભવ છે એનો ઇનકાર કરવ એ અસત્ય વદવા બરોબર છે. પરાપૂર્વથી ચાલતા આવેલા સાંસારી દ્રઢબંધનો પણ તોડી નાંખવાની વૃત્તિ તરફ પ્રજાના ઉછળતા લોહીના યુવાનવર્ગ દોરી, તેઓએ આ દેશની પ્રજાના સંસારમાં એવો ભય ઉત્પન્ન કર્યો છે જેથી તેનું પરિણામ મહા હાનિ ઉપજાવ્યા વિના રહેશે નહિ. તે અટકા વવા સવેળા પગલાં ભરવાં અવસ્યનાં છે. ખરેખર, આ જગત્ ક્ષણભંગુ છે. તેની મોહમાયામાં કેવળ ગરક થવું તે કરતાં જરા અલગ રહેવું જરૂર છે. લક્ષ્મિની લ્હેમાં તણાઇ જઇ ઐહિક સુખ માટે ઘેલા ગાંડા થઇ પા લૌકિક સુખ માટે યત્નશીળ ન રહેવું એ પણ યોગ્ય નથી. પોતાની વૃત્તિ ઓને સર્વ પ્રકારના ઉત્તમ અંકુશો નીચે રાખી પોનાના ધર્મના ઉંચા વિ ચારો ધ્યાનમાં રાખી સદાચરણ રાખવું. એ સઘળું તજી દઇ, ઉન્નત થતે યુવાન વર્ગ પાશ્ચિમાત્ય વિદ્યાની ખોટી અસરથી ભૂલ ભરેલા વિચાર તર દોરવાતો જાય છે. તેની કુંચી જરા કળાથી ફેરવવાની જરૂર તો છે. પુરે તરફ નજર નાખતાં સ્વચ્છંદી સુધારાઓથી સાંસારી બધનો નિર્માલ્ય ર રહિત થયાં છે અને જીંદગી ચલાવવાનું ધોરણ વિપરીતતાને પામ્યું છે. તે

ભોગ આપણા યુવાનો ન થાય તેથી દુર્લક્ષ રહેવું એ યોગ્યતા ભરેલું નથી. નીતિ, રીતિ અને ધર્મના વિચારોને બદલે લક્ષ્મિ સંપાદન કરવાના વિચારોએ પાશ્ચિમાત્ય લોકોમાં એટલો બધો સડો વધારી મૂકયો છે કે, તેની અસર જૂદે જૂદે રૂપે અસંતોષમાં પ્રકટિકરણ પાડે છે. મોજશોખવાળી સ્વછંદી ખરચાળ જીંદગીને પરિણામે ત્યાંના પુરૂષ વર્ગમાં લગ્નગાંઠમાં જોડાવાની વૃત્તિ એક તરફથી ઓછી થતી જાય છે, તેમ બીજી તરફથી ત્યાંના સ્ત્રીવર્ગમાં લગ્નની ગાંઠ એ બેડી સમાન બંધન છે એવો વિચાર વધતો જાય છે. તેના છાંટા નવનવીન રીતે આ દેશમાં પણ ઉડતા જાય છે, અને જો તે વિસ્તાર પામે તો મહા હાનિ થાય. યુવાન વર્ગ, પ્રાપ્તિના પુરૂષાર્થમાં ખામી જુવેછે, અને ખર્ચાળ જીંદગીનો ભાર ઉપાડવાના ભયથી અવિવાહિત રહેવાનું પસંદ કરે છે. પરંતુ મનની નિરંકુશતાથી શું પરિણામ થાય તેનું માપ તોલી જોતા નથી. ઉત્તમ વરની શોધ કરવામાં બાળકીઓ મ્હોટી ઉમર સુધી અવિવાહિત રહે છે. તેનું લાંબે કાળે પરિણામ શું ? પરિણામે પ્રજાને મ્હોટી ઠોકર લાગે એ નિઃસદેહ. જે સુધારાથી સ્ત્રીવર્ગનું સ્ત્રીપણું નષ્ટ થવાનો ભય ઉભો થાય તે વસ્તુતઃ સુધારોજ નથી. યુવાન વર્ગને આથી સાવચેત રાખવા જરૂરના છે. પાશ્ચિમાત્ય રીતિ કરણી સર્વ પ્રકારે ગ્રાહ્ય છે, એમ તો થવું નજ જોઇએ. ભારતની અજ્ઞાન કહેવાતા વર્ગની સુંદર કાકી જેવીએ જે વિચાર દર્શાવ્યા છે તે પાશ્ચિમાત્ય સુધારાથી જ્ઞાની કહેવડાવનારાઓને ખરા રૂપમાં ખડા કરે છે. “ અરે, એ તો ખોટા ઢબ્બુ જેવા છે. ” સુંદર, તું આ વિશેષણ ક્યાંથી લાવી ? ” એમ કહી સરસ્વતિચંદ્ર જરા મુછમાં હસ્યો.

“ ભાષાજ્ઞાન, રીતિ, નીતિ સંપાદન કરી સ્ત્રી વર્ગ વિશેષ ચઢતો દરજ્જો ધરાવતો થાય અને પોતાનું કર્ત્તવ્ય સારી પેઠે સમજે એમ કરવું, પરંતુ ધર્મરહિત કર્તવ્ય શિખવવામાં આવે તો તે મજબૂત રહેવું અશક્ય છે. પાશ્ચિમાત્ય પ્રજાએ સામાન્ય જ્ઞાનને વધારે મોખરે મૂકયું અને તેથીજ સંસાર કર્ત્તવ્ય મોળું દૃષ્ટિગોચર થાય છે. પાશ્ચિમાત્ય સુધારાની આંધળી ઝનુનમાં દોરવાઈ જઈ ભૂલ ભરેલા વિચારો પોતાની કોમમાં દાખલ કર્યા પછી પારસી સુધારકો ખિન્નતા પામે છે અને તેઓ ભવિષ્યમાં ભારે ભયમાં છે. હિન્દુ

સંસારમાં પણ કંઇક સંસ્થા વિપરીત થવાનો ભય પેઠો છે. તે સવેળા અટકાવવાની આવશ્યકતા ના પડાશે નહિ. નિરંકુશિત અને સ્વચ્છંદી જીંદગીનું પરિણામ શું સારૂં હોય?" સુંદરના પત્રથી વિચારમાં પડેલાએ મુછમાં હસતાં હસતાં પોતાને પણ ન્યાય આપ્યો. "જે વિચારો ઉપરે હું આજે આવ્યો છું તે કાર્ય કાળે કરીનેજ કરૂં છું. સ્વચ્છંદેજ શિક્ષણ આપ્યુ છે. પણ વળી આ છેલ્લા ભાગમાં સીતાનુ દૃષ્ટાંત આપી કુસુમ જેવીની વાંદરવૃત્તિને કુદકારા મારતી કરવા જેવું કર્યું છે. જોઇએ શુ રંગ રંગાય છે?" મનમાં ને મનમાં જરા હસ્યો. કુસુમે પણ પતિના મનનો ચિતાર કંઇક ગુપ્ત હાસ્યથી અને બાહ્યાભ્યાંતર રૂપ દર્શનથી કલ્પી લીધો. કુસુમ ધીમે ધીમે પતિની બાથનો આશ્રય લેતી હાથમાં હાથ લઇ બોલી: "પ્રાણનાથ, સીતાનો આ વિનોદ કેવો હશે? હા, એક કંકણ તો પુરૂષને દીપે. દક્ષિણમાં શ્રીમંતજનો ધારણ કરે છે." એમ કહેતાં કહેતાં કુસુમે એક કંકણ સરસ્વતિચંદ્રના હાથમાં સરકાવી દીધુ.

સરસ્વતિચંદ્રે, હાથ પકડતાં પકડતાં આશ્ચર્યચકિત નયન કરતાં પ્રશ્ન કર્યો "આ તે કેવું ઉપહાસ?"

કુસુમે લજ્જાથી સ્મિત કરતાં મૃદુતાથી પ્રતિઉત્તર કર્યો: "પ્રાણેશ, આ તો મનોહર લાગે છે."

સરસ્વતિચંદ્રે પ્રીયાને હૃદયદાન દેતાં દૃઢાલિંગન કર્યું.

કુસુમ હાથ છોડાવતાં બોલી: "અરે, નાથ આ શું? મ્હારી માળા ટૂટશે."

સરસ્વતિચંદ્ર: "જુઠાં આળ શિદ ચઢાવો છો? માળા તો તમારા ગળામાં છે. ક્યાં માળા અને ક્યાં મ્હારો હાથ?"

કુસુમ: "મ્હને જુઠી ઠરાવનારી તમારી માળા મ્હારે જોઇતી નથી લ્યો." કુસુમે પ્રેમકુતૂહળ કરતાં મોતીની માળા નાંખી, તે સરસ્વતિચંદ્રના ગળામાં આબાદ આરોપણ થઇ ગઇ.

સરસ્વતિચંદ્ર: "આ તો તમારો નવીન ઉત્પાત છે." એમ કહી માળા ગળામાંથી બહાર કહાડવા માંડી.

કુસુમે હાથ લાંબા કર્યા અને ગળામાં માળા સેરવતાં બોલી, "નાથ, નિહાળવા દો, જરા રહેવા દો."

સરસ્વતિચંદ્ર: "એક સરતે, પેલુ અધુરૂં રહેલું ગાય ત્યારે."

કુસુમ: "હા, લ્યો, ત્યારે ગાઉ છું."

ગાનારીએ ગાવાનાં વલખાં મારવા માડયાં.

સરસ્વતિચંદ્ર: "કેમ ગાતી નથી?"

કુસુમે જરા મુખ મલકાવતાં ભૃકુટીને વક્ર કરતાં, નેત્રને ચમકાવતાં, ગાનના ભાવને દર્શાવતાં ગાવા માંડયુ.

સાખી.

ઝટ શૃંગાર ગૃહે જઇ, કરવા ટુંકી રાત,
સત્વર કામ આટોપતી, ટુંકી કરતી વાત;
કરી ચંચળતાનો ડોળ, ડાહી કહેવાતી,
પેઠું સ્મર ભૂત અધીર, પ્રકટ ધિરજ શાંતી. વિધુ લેખ.

સાખી.

બાળ નિમિત્તે વૃદ્ધને, દે નિદ્રાનો બોધ,
પોતે નિદ્રાનો કરે, રસ રમતાં અવરોધ;
શિખવ્યું હશે સ્મરે પટુત્વ સહેજ કહેશે,
કાલ તો અલેતી, દુધની ભરી હતી. વિધુ લેખ.+

ગાન પુરૂં થયું કે, સરસ્વતિચદ્રે ખડ ખડ ખડ હાસ્ય કરતાં હાથને જાંગ સાથે અફાળી હાસ્યમાં કૌતુક ઉમેર્યું અને વક્ર નયન કરી કટાક્ષમાં કહ્યું: "હા, હું સમજ્યો, ગાવાને અમથાં રિસાયાં નહોતાં."

"નાથ, ખોટાં આળ ચઢાવતા નહિ."

એમ પ્રતિઉત્તર કરતાં કરતાં અં અં અહ્ અહૂં ધ્વનિ કરતાં પતિના ખોળામાં પસરી ગઇ. લજ્જા વિનોદમાં વિચરતીએ હાથમાંનુ બીજુ કંકણુ પતિનો હાથ પકડી ઝટ સરકાવી દીધું.

સરસ્વતિચંદ્ર: "વળી કૃત્રિમ રડવાનો પણુ ઢોંગ કરી કરવું ધાર્યું હતું તે કર્યું ખરૂં."

+ કુસુમ ગુચ્છ.

કુસુમ: "વ્હાલા, આજે તો તમે મ્હને જાદુ કર્યું છે."

સરસ્વતિચંદ્ર: "જાદુગરણી તો તું બની છે, કે હું?"

સ્મિત સ્મિત હાસ્યથી પ્રેમપૂર્ણ મુખ મલકાવતાં સાળુનો પટ મુખ નરફ ખેંચતી ખેંચતી કુસુમ બોલી: "નાથ, એવું એવું કહેતા નહિ."

સરસ્વતિચંદ્ર: "પ્રાણ, તું આવું આવું કરે ત્યારે અમે કહીએ પણ નહિ?"

કુસુમ: "વ્હાલા, જુઠાં જુઠાં આળ ચઢાવવાં એ તે ન્યાય કે?"

સરસ્વતિચંદ્ર ઝટ ખુરસી ઉપરથી મુખ મલકાવતો ઉઠયો અને બોલ્યો: "લાવ પેલું ટેલેફોન. ચન્દ્રકાન્તને બોલાવું અને ત્હારા જાદુનું દિગ્દર્શન કરાવું. તે ત્હારો ન્યાય કરશે."

કુસુમ બાઝી પડી: "ના નાથ, એવું ના કરતા."

સરસ્વતિચંદ્ર: "આવી ને આવી છબી પડાવી, સુંદર કાકી ઉપર મોકલી લખીશ કે જુવો, તમારી ભત્રિજીના ઉલ્કાપાત."

"ભાઈ સાહેબ, પગે લાગું, એવું તો કરતા ના. કાકી તો મ્હને ઉભી ને આડી સ્હારશે."

કુસુમે આર્જવતાથી સ્મિત કરતાં કરતાં કહ્યું.

સરસ્વતિચંદ્ર: "અરે, હમણાં ચન્દ્રકાન્તને તો બોલાવવા દે. લાવ પેલું ટેલેફોન."

"નાથ, લ્યો આ ટેલેફોન લાવું, પણ ફજેતી કોની થશે? કહો મારા કંથ." ભ્રૂકુટીને સ્મિતથી ઉંચી કરતા કરતાં બોલી.

સરસ્વતિચંદ્ર: "ત્હારી."

કુસુમ: "મ્હારા વ્હાલા, તમારી."

સરસ્વતિચંદ્ર: "ચંદ્રકાન્ત પાસે ત્યારે ન્યાય તોલાવવા દો."

"પ્રાણેશ, ત્યારે રામની સીતા જેવી હુ તમારી નહિ?" દીનતાથી કુસુમ બોલી.

સરસ્વતિચંદ્ર: "લ્યો, ત્યારે તમે તો પાક્કાં છો. ન્યાય માટે ત્રેતાયુગનો ફેંસલો પણ ટાંકી મૂકયો છે!"

કુસુમઃ "તમે ચંદ્રકાન્તભાઇને ન્યાય માટે બોલાવવા ધાર્યા ત્યારે મ્હારા બચાવનો આધાર બતાવ્યો એમાં નાથ અમે પાક્કાં શાનાં?"

સરસ્વતિચંદ્રઃ "વ્હાલી, લાવ લાવ ટેલેફાન, આજે પ્રેમમંદિર મિત્ર ચંદ્રને ન્યાયાધિશ થવા દે. તેના સમક્ષ ત્હારી જુબાની આપજે, ચ એ બધા ફેંસલા ટાંકજે."

કુસુમઃ "નાથ, ન્યાયાધિશ તો નિષ્પક્ષપાતી જોઇએ. કહો, મહ થયા કે કેમ?"

સરસ્વતિચંદ્રઃ "મ્હારો મિત્ર રહ્યો. કુમુદને ન્યાય સોંપું કે થયું."

"અરે ભાઇ સાહેબ, એ ક્યાં તૂત્યં કહાડયુ? એમાં પણ નાથ જીત તો નથી. નાથ, મ્હારામાં અને તમારામાં ત્યારે ફેર ઘણો છો? હું તમે એક નહિ? મ્હારો ઇન્સાફ તો હ્રદયનાથના હ્રદયમાં છે." એમ કહે કહેતાં, પ્રેમકુતૂહળ કરતી પ્રાણેશને આધિન થઇ, પ્રિતમના કંઠને હસ્ત ચ રોપી પ્રેમમાળા બની રહી. અને જરા સ્વામીનુ મુખ નિહાળતાં નિહાળ પ્રેમાનંદમાં મત્ત થતી, પ્રેમચક્ષુ ચગાવતિ બોલીઃ "પ્રાણેશ, પ્રેમ કુતૂહ કરતાં કરતાં સીતાજી આવે અટકચાળે કેમ ચઢી ગયાં હશે?"

સરસ્વતિચંદ્રઃ "એ ગાઢ પ્રેમનું દિગ્દર્શન છે."

કુસુમઃ "એમાં પ્રેમનુ ગાંડાપણું શું? અને મહત્તા શી?"

સરસ્વતિચંદ્રઃ "પ્રેમજીવનમાં વિહારનાં કુતૂહલો મિઠાશની અમી છે. તે હ્રદય મંદિરમાં પ્રેમના વિકારોને (અણુઓને) ગાઢ કરે છે અને જે જેમ વધારે સ્મર્ણ થાય તેમ તેમ પ્રેમજીવનમાં વધારે મિઠાશ પૂરે છે. તે પ્રેમના અંકુરો પ્રતિદિન ઓપાઇ ઓપાઇને સતેજ થાય છે અને મહ અંકાવે છે. પ્રેમઅડપલું વિલક્ષણ તેમ તેની મહત્તા મહાન."

કુસુમઃ "પ્રાણેશ, એમ કેમ?"

સરસ્વતિચંદ્રઃ "પ્રાણ, તુલનાકર. એક મહાન જ્યોતિપ્રભા ય દેખાવ, દ્દષ્ટિ અને હ્રદય ઉપર કેવો ભાવ બેસાડે છે? આખા જીવનમાં ત દ્દષ્ટિગોચર કરેલો એકાદ દેખાવ હશે તેં તુરત આલેખશો. તેમજ પ્રેમજી નમાં જે કંઇ પ્રેમ અડપલાં પ્રેમાધિનપણામાં થાય છે, તેમાં જે અધિ

વિલક્ષણ તેનું સ્મરણું વધુ થાય, અને જેમ સ્મરણું વધુ તેમ પ્રેમ વધુ ઓપાય. ઓપ વધે તેમ મહત્તા વધે."

કુસુમઃ નાથ, ત્યારે પ્રેમ જીવનમાં સીતાજીની આ બુદ્ધિ, પ્રેમ ચાતુર્યતાની મહત્તા બતાવે છે એમ કની ? "

સરસ્વતિચંદ્રે જરા હાસ્ય કરતાં ઉત્તર કર્યો: " તમારી પ્રેમ ચાતુર્યતાની કળામાં મહત્તા નથી એમ કોણ કહે છે ? "

કુસુમઃ " હૃદયેશ, એમ બોલ બોલતાં બાંધી લેતા નહિ "

સરસ્વતિચંદ્રઃ "પ્રાણ, તેં સ્પષ્ટ કરાવવા માંડયું ત્યારે સ્પષ્ટિકરણ કર્યું."

કુસુમઃ " ના નાથ, એમ કરી કરીને બોલીમાં બાંધી ના લ્યો. "

સરસ્વતિચંદ્રઃ " તમે અને તમારી અભિલાષાઓ સ્વતંત્ર છે. તમે બાધ્યા કયાં બંધાઓ એવાં છો ? બંધન તો તમે બાંધવા માંડયાં છે.

वंशस्थवृत्त.

स्मितेन भावेन च लज्जयाभिया पराङ्मुखैरर्ध कटाक्षवी क्षणेः।
वचो[illegible] कलहेन ललिया समस्वभावैः खलु बन्धन स्त्रियः ॥

" મંદ હાસ્ય, હાવ ભાવ, લજ્જા, ભય, આડું જોવું, અર્ધ વિંચેલ આંખ્યે જોવું, મધુર ભાષણ, ઇર્ષ્યા, ક્લેશ અને વિલાસ, એ સઘળા સ્ત્રીઓના ભાવથી પુરૂષ બધાય છે. (ભર્તૃહરિ શૃંગાર શતક.) બંધન સાધનનાં પૂરતાં શસ્ત્રો સજીને આજે તમે બેઠાં છો.

કુસુમઃ " નાથ, ગરિબ કુસુમ પાસે તો એકે બંધન શસ્ત્ર નથી. "

સરસ્વતિચંદ્રઃ

शालिनीवृत्त.

भ्रूचातुर्या कुञ्चिताक्षाः कटाक्षाः
स्निग्धा वाचो लज्जितां ताश्च हीसाः ।
लीलमन्दं प्रस्थितं संस्मितं च
स्त्रीणामेतद्भूषणं चायुधं च ॥

(ભર્તૃહરિ શૃંગાર શતક.)

"ભૃકુટીના ચાતુર્યથી સંકોચવાળાં નેત્ર જેનાં એવાં કટાક્ષો, પ્રેમવાળાં વચન, લજ્જાવાળું હાસ્ય, લટકાથી મંદમંદ ચાલવું, અને મંદમંદ હાસ્ય, એ સઘળા સ્ત્રીઓના અલંકાર અને શસ્ત્ર છે. કહો, છે કે નહિ?"

લજ્જાવિનિત થયેલી, કુસુમ નીચું જોઈ જરા નિરૂત્તર રહી.

સરસ્વતિચંદ્ર: "કહો, કેમ નિરૂત્તર થયાં. મૌનમાંજ મહત્તા છે? તમે કરવા ધાર્યું છે તેની સંકલનામાં હશો?"

કુસુમ: "હા, કહો જોઇએ, અમે શું ધાર્યું છે જે?"

સ્મિત વર્ષાવતા વર્ષાવતાં સરસ્વતિચંદ્રે ઉત્તર કર્યો: તમારે સીતાની પેઠે મુકુટ ધારવો બાકી રહ્યો છે તે."

કુસુમ: "નાથ, આજે આપને અન્ય કંઇ કાર્ય નથી?"

સરસ્વતિચંદ્ર: "સીતાના જેવું તમે કર્યું. સીતાને થવાના સંસ્કાર મિત્ર ચંદ્ર પાસે કે કુમુદ પાસે થવા જરૂરના છે"

એક હાથે પતિનું મુખ બંધ કરતી અને આનંદપૂર્ણ ચક્ષુથી અમી વર્ષાવતી કુસુમ બોલી: "ભાઇ સાહેબ, એવું કરતા નહિ. પણ કહો વલ્લભ, સીતા અને રામે તો કોઇને બોલાવ્યાં નહોતાં. કેમ, હવે મહાત થયા?"

સરસ્વતિચંદ્ર "હૃદયેશ્વરી, ત્હારા સેતરંજના દાવ મેં જાણ્યા. તેં હવે ચોગરદમથી પૉ બાધવા માડયા છે."

કુસુમ: "નાથ, આજે હું સમજી. બંધનના પૉ તો તમે આગળથી બાધ્યા છે અને તેમાં મ્હને ફસાવી છે."

સરસ્વતિચંદ્ર: "આ ઉલટ ન્યાય ક્યાનો?"

કુસુમ: "હૃદયેશ, સત્ય કહો. ચંદ્રકાન્તભાઇ દ્વારા પ્રેમ બીજ રોપ્યું અને ઉન્નત કર્યું, અને કુમુદ દ્વારા બાંધી. લ્યો, હવે હું મ્હારા વ્હાલાથી બંધાઇ. હવે અમારી સ્વતંત્ર અભિલાષાએ રહી નથી, અને ઉલ્કાપાતોએ સમી ગયા."

સરસ્વતિચંદ્ર સ્મિત કરતો કરતો બોલ્યો: "ના, હવે હું તમારાથી ઠગાવાનો નથી. તમારા જાદુથી અંજાવાનો નથી. વાસિષ્ઠે સીતાને જેવા સંસ્કાર કર્યા હતા, તેવા થયા સિવાય તમે પાંસરાં રહેનાર નથી."

કુસુમ: "ત્યારે નાથ, એક શરત કરો."

સરસ્વતિચંદ્ર: "વળી નવો તરંગ શો ઉઠાવ્યો છે?"

કુસુમ: "તમારા અનુયાયી ચંદ્રકાન્ત અને કુસુદ બ્હેન વિના ગમે તેનાથી ન્યાય કરાવો."

સરસ્વતિચંદ્ર: "જો જો, મહાત થશો. ત્યારે સુંદર કાકીને નિમંત્રણ કરૂં?"

આશ્ચર્યચકિત થતાં, લજ્જાવિનિત મુખ કરતાં, હૃદય ઉપર હાથ મુકી કુસુમ બોલી. "નાથ, આ નો ત્રૃત્યં જગાડયુ. હા, હા, સમય આવે જોઇ લઇશુ, પણ નાથ, બંધાયલીને બાંધવી શી? આધિન થયેલીનો અધિકાર શો? અને તેનો ઇન્સાફ શો?" એમ કહેતાં કહેતાં મંજુલ હાસ્ય કરતાં પતિના મુખ કમળને નિહાળતી નિહાળતી, હૃદયને સ્પર્શ કરતાં, ચેષ્ટા કરતાં બોલી· "હૃદયે વાસો આપ્યો છે. તેના ઇન્સાફ આગળ બીજાના ઇન્સાફ રદ છે. જે હૃદયે મ્હને વિશ્રામ આપ્યો છે ત્યાં વિકસી શાંત થવા દો." એમ કહેતાં કહેતાં સરસ્વતિચંદ્રના હૃદયની આસપાસ હાથ પસારી દીધો.

પ્રકરણ ૬ ઠું.

કલ્યાણગ્રામમાં કૌતુક.

સરસ્વતિચંદ્ર, દેશ પ્રીતિના મનોરાજ્યના પ્રથમ ઉદયકાળે કરેલી કલ્પના પ્રમાણે કલ્યાણગ્રામની યોગ્ય વ્યવસ્થા રચાઇ ચુકી હતી. મંત્રી, તંત્રી અને કોષાધિશો નિર્માણ થઇ ચુકયા હતા. કારિગરો, કવિજનો, વિદ્વાનો, વ્યાપારીઓ, ઉદ્યોગીઓ, અધિપતીઓ, ગ્રેજ્યુએટો, ધનપાડીઓ, કેમિસ્ટો, કળાવાનો, અધ્યાત્મવાદીઓ, અને યોગિઓનાં મહા મંડળો યોગ્ય વ્યવસ્થાએ વ્યવસ્થા રચી રહ્યાં હતા. સર્વ કક્ષાઓ ઉચ્ચ પંક્તિના મહાન મહાન વિદ્વાનોના હાથમાં મુકાઇ હતી. તેમાં હવે સર્વ પ્રકારની શાળાઓની સંસ્થા સ્થપાઇ ચુકી હતી. દરેક વ્યક્તિના ઉદ્ગારો ભાષણોદ્વારા બહાર પડતા અને સર્વ કક્ષાઓ ઉન્નતિ ક્રમમાં જવાને એક બીજાથી વિનય ભરેલી ચુગૈલીમાં સ્પર્ધા કરી એક બીજાને ઉન્નત કરવા પ્રેરતી અને એક બીજાથી કેટલી ઉન્નત થઇ છે તે કર્તવ્ય કરી દર્શાવી બીજાને ઉત્તેજીત કરી રહી હતી. ભારતની ભાગ્ય દશાને ઉન્નત કરવાને કારીગરોની સંસ્થાઓ, ઉદ્યોગની ચર્ચાઓ અને વિદેશ ગમનની વ્યવસ્થાઓને સુલભ કરી રહી હતી. જનકલ્યાણ, દેશ કલ્યાણ તથા આત્મ કલ્યાણના સર્વ વિધિનાં બીજ રોપી રહી હતી. નિપુણજનો અદ્ભુત અવર્ણનિય પ્રકૃત શોભામયી અમેરિકા અને યુરોપની ભૂમિની કળાકૌશલ્યતાની નિપુણતાને વર્ણવતા, લક્ષ્મિમદ, રાજ્યમદ, કળામદ, ગર્વૈશ્વર્ય સત્તામદ અને વ્યવહાર મદની ઉન્નતતાને ચર્ચાવતા, દુર્દમનીય સાહસને દર્શા-

વતા, અસિમ પરાક્રમ કરવાના કર્ત્તવ્યની દ્રઢતાને જણાવતા, સર્વને ન્યાય આપતા ન્યાયતુલા તોલી રહ્યા હતા; અને સાંપ્રત સૃષ્ટિમા ચાલતા પરાક્રમથી અસિમ પરાક્રમ કરવાને પચતત્ત્વ સાધી તે દ્વારા સ્થૂળ સૂક્ષ્મની ગતિ રીતિમા મહાન ચમત્કારી કૃત્તિ કરી, વિદ્યુત પ્રવાહને સાધ્ય કરી, આકાશ તત્ત્વને વશ કરી, એરશિપો, અદ્ધર નગરો, વાયરલેસ ટલેગ્રાફોના પ્રયોગો અજમાવી રહ્યા હતા. આકાશ તત્ત્વની મદદથી નક્ષત્ર મડળમાં પ્રવેશ કરવાનુ સશોધન કરી રહ્યા હતા. વાયુ તત્ત્વના પ્રભાવથી અનંત પ્રદેશમા વેગવત્ થવાની કળા નિહાળી રહ્યા હતા. પૃથ્વી તત્ત્વના વિચારથી મનકલ્પિત સ્થાને પહોંચવાની શોધ સાધ્ય કરી રહ્યા હતા. સ્થૂળ બળ અને સૂક્ષ્મ બળના મિશ્રણથી બાલ, વૃદ્ધ અને તરુણ સર્વને સાધ્ય થાય એવી મહાન વિભુતિના પ્રયોગો અજમાવી રહ્યા હતા. યોગ વિભૂતિ સાથે કળા કાશલ્યની વિદ્યાનો યોગ કરી અપૂર્વ અસિમતા દર્શાવવા સર્વ તર્ક વિતર્ક યોજી રહ્યા હતા. અણિમા, લઘુમા આદિ સિદ્ધિઓના પ્રભાવને જન સમુદાયના કામમા લગાડી નક્ષત્ર જનોની સાથે વ્યવહાર કુશળ થવા પ્રયત્નવાદી થઈ રહ્યા હતા. જન લોકની વિભૂતિઓ અને નક્ષત્ર લોકની વિભૂતિઓનું મિશ્રણ કરી તૃતીય વિભૂતિ પ્રકટાવવાનો ધમધમાટ દર્શાવી રહ્યા હતા. ઉદ્યોગ, ઉત્સાહ અને સાહસથી મનુષ્ય કર્ત્તવ્યના યજ્ઞોનો સમારભ ગ્રજી રહેલી કલ્યાણગ્રામની ભૂમિમાં પુરૂષાર્થની પ્રભુતા પ્રસરી રહેલી છે તેવા સમયરંગમા સર આડલોના આવાગમનથી અતિથિ યજ્ઞમાં સત્કાર રૂપી આહુતિ હોમાઇ રહી હતી આનો વાંચક, તે તરફ લક્ષ આપીએ.

સર આડલો મિસ ફ્લોરા સાથે ભોજનગૃહનો અતિથિ થયો ત્યાં ક્ષુધા તૃષાથી સ્થૂળ દેહને તૃપ્ત કરી, હૃદય વૃત્તિએ પ્રેરેલા કલ્યાણગ્રામ તરફ, મિસ ફ્લોરાને સાથે લઈ મોટરમાં બેસી ઉપડી ગયો. ધમ ધમ કરતી મોટર કલ્યાણગ્રામમાં આવી પહોંચી. કલ્યાણગ્રામના મત્રીઓએ આદર સત્કાર કર્યો અને પ્રધાન મડપમાં લઇ ગયા પ્રધાન મડપ બે હજાર આદમીઓનો સમાવેશ કરે એવો ભવ્ય, વિશાળ, સુગઢ અને સુદ્રઢ બાંધેલો હતો. વક્તાઓ ત્યાં આગળજ પોતાની વક્તૃત્વની ચાતુર્યના દર્શાવતા અંતરૂદ્‌ગાર

ફરકાવતા અને જન પંથને માટે મહા પંથ ઉન્નત કરવાની યોજનાઓ દર્શાવતા, પ્રફુલ હૃદયે નિર્ભય નિરંકુશ કલ્યાણ ચર્ચા કરતા હતા. મનુષ્ય સૃષ્ટિના સ્થૂળ દેહની આરોગ્યતા, સુશીળતા, વીરત્વતા, સૌંદર્યતા, માધુર્યતા, મહત્વતા, મનોહરતા, અને કર્તવ્યતા ઉન્નત થઇ ખિલે, વ્યાસ, શંકરાચાર્ય, ભાસ્કરાચાર્ય, કાલિદાસ, ભવભૂતિ, અર્જુન, ભીષ્મ, વિક્રમ, શાલિવાહન, વૉશીંગ્ટન, ફ્રેન્કલીન, ગ્લાસ્ટન, પ્રિન્સબિસ્માર્ક અને મિકાડો જેવા મહાપુરૂષ નિવડે; મનુષ્યપ્રેમ, દેશપ્રેમ, ભાતૃપ્રેમ દિપે; બુદ્ધિ, વિદ્યા, સાધુતા સર્વત્ર પ્રસરે; ક્ષિણતા, નિર્માલ્યતા, ભીરૂતા, અને અધમતા નષ્ટ થાય, ભારતના તનુજો યુરોપ, અમેરિકા, આફ્રિકા, ઉત્તર ધ્રુવ તથા દક્ષિણ ધ્રુવના ગુપ્ત પ્રદેશોમાં મહા યાત્રા કરે, ભારત ભૂમિમાં જય, મંગળ, સુખ સમૃદ્ધિ, કાર્ય કુશળતા અને દક્ષતા વધે અને સમસ્ત જન મંડળ હાથમાં હાથ ભેરવા, અતૃપ્તિ મટાડી તૃપ્તિને વધારે એવા વિષયો ચર્ચતા હતા.

સર બ્રાડલો પ્રધાન મંડપમાં આવ્યો ત્યારે કુમુદ આકાશ તત્ત્વને પાતંજલ સૂત્રના નિયમો દ્વારા સાધી, વિદ્યુતના પ્રયોગોથી તેને પુષ્ટિ આપી, સ્થૂળ સૂક્ષ્મનો યોગ સાધી, મંગળ, શુક્ર અને બૃહસ્પતિના ગ્રહોમાં મનુષ્ય મંડળનો સયોગ કરવાની (થિયરી) કલ્પનારેખ આલેખી રહી હતી. કુમુદના, રૂપાની ઘુઘરીઓના રણકા જેવા અસ્ખલિત વાણી પ્રવાહથી સભાસ્થાન સ્તબ્ધ થઈ ગયું હતું. કુમુદના સ્વર, સર બ્રાડલો ન ઓળખે એમ કેમ હોય ? જે સ્વર, કુમુદ દૂર હતી ત્યારે મહાન ગાન કરી સ્મૃત્તિ દ્વારા યુરોપમાં ગર્જના ગર્જાવી રહ્યો હતો, સ્વપ્નમાં પણ ભણકારા ભપકાવી રહ્યો હતો તે મધુર સ્વરપ્રસાદે તેના હૃદયપટ ઉપર વિજળી જેવા ચમકારા મારવા માંડ્યા. કુમુદના સ્વમુખમાંથી ભભક મારતી વાક્શ્રેણિ કર્ણદ્વાર ઉપર પડવા લાગી, દાખલા દલિલોથી વર્ષવા લાગી, ત્યારે તેના રસિકના હૃદયમાં ધમ ધમાટ મચાવી મનહરતા અને મનભરતા દર્શાવે તેનું વિચારવાનું શું ? જેની મહત્તા, મૃદુતા, કુશળતા અને બુદ્ધિના ભણકારા દૂરથી મોહ પમાડતા હતા તે પ્રત્યક્ષ થયા ત્યારે લેખિનીને આલેખવાનું શું રહે? તેની હૃદયવૃત્તિ મહા કુદકારા મારી રહી. બુદ્ધિમતિની મહત્તા દર્શાવનારો વિષય અને ગર્જવાનું સ્થાન, નિરંકુશ વાક્ચાતુર્યનાં પાણી જેવાં કુદતાં કુદકાં,

અને અસ્ખલિત વાણી પ્રવાહ સર્વને ખેંચી રહ્યો હતો. તેમાં સર બ્રાડલો પણુ તણાઇ રહ્યો હતો. કુમુદનુ મૃદુ વાક્ચાતુર્ય, મહત્તા ભરેલી દલિલો, સર્વને પ્રસન્ન અને બુદ્ધિને તૃપ્ત કરી રહી હતી અને નવીન વિચારના ભણકારાથી સર્વને જાગૃત કરી નાંખ્યા હતા. તેને સર્વ તરફથી અભિનંદન અપાયુ. તે અભિનંદનમાં વધારો કરતાં સર બ્રાડલોએ નવીન કૌતક ઉમેર્યું. કાં તો દયાથી, મમતાથી કે પછી પરિક્ષા કરવાની વૃત્તિથી પરિક્ષકે પ્રસગ આપ્યો.

સર બ્રાડલો: "કલ્યાણગ્રામની દિવ્યતા માટે જે ભણકારા મ્હારા કર્ણદ્વાર ઉપર અથડાતા હતા તે દ્રષ્ટિગોચર થવાથી સિદ્ધ થયુ છે. ભાષણ કર્તા વિદુષિ બાઇની માધુર્ય ભરેલી અસ્ખલિત વાણી શ્રેણી, અધિક મહત્ત્વના ભરેલી દલિલો, મહાન મહત્ત્વના ભરેલી વિષય સંકલના, અપૂર્વ રીતે પ્રતિપાદન કરવાની શક્તિ એ અભિવંદનીય છે. આવી શક્તિની મહાન વિભૂતિ માટ યુરોપ અમેરિકામાં પણ થોડાજ અધિકારી હોય છે. એ બધાંને અન્તે મ્હારે આ કલ્યાણગ્રામના અધ્યક્ષોને એક પ્રેરણા કરવાની ઇચ્છા થાય છે કે, ભારતવર્ષની વિધવા વિદુષીઓ ઉપર દયાભાવ અને મમતા લાવી તેમના સ્રષ્ટિ સુખના માર્ગ માટે વિશેષ માર્ગ ઉન્નત કરશો. ભાષણ કર્ત્તા જેવાંની સૂર્યના તેજ જેવી જ્વલંત બુદ્ધિ, સંસારમાં સૌદર્યતા, સુલભતા અને શ્રેષ્ટતા શું નહિ આપાવે? એ ન કલ્પી શકાય એવું નથી. આવાં ખાંજરે પડેલાં અનંત ઉત્તમ રત્નોની અધોગતિથી ભારતવર્ષને કેટલી બધી હાનિ છે તે સહજ સમજી શકાશે.

"ભારતવર્ષની વિધવા વિદુષીઓને માટે પુનર્લગ્નનો માર્ગ આગ્રહપૂર્વક ખોલવાથી અનેક જોડાં સુખી થવા સાથે અનેક અધર્મ કર્મો, અનાચાર, અને અનીતિ નષ્ટ થશે. દયા ધર્મનું રક્ષણ થશે. પ્રેમજીવનની માધુર્યતા વધશે. સમાજમાં સુલભતા ઉભરાશે, દક્ષતા અને નિપુણતાની કિંમત થશે. યુરોપ, અમેરિકા અને એસિયાના ઘણા ભાગમાં એ માર્ગ પ્રચલિત છે. તેને ભારતવર્ષેજ શા માટે સ્તંભાવી એક ઉત્તમ હૃદયવાળા ભાગને આઘાત કરવો? ભારતવર્ષના પુરૂષો એક પત્નિ ગત્ થતાં સત્વર બીજી કરે છે. વિષય ભોગને તૃપ્ત કરે છે, અને વિદુષીઓને સંસારમાં ત્યાગી રહી વિષય ભોગથી વંચિત

રાખવા બંધનથી આગ્રહ કરે છે. તેમની વૃત્તિઓ ઉપર સાંસારી રીતિ નિયમનું બંધન બાંધે છે. અને જ્ઞાતિ બંધન દ્વારા ક્રૂરતા અને દુષ્ટતા વાપરે છે. શું ભારતવર્ષના ન્યાયી પુરુષોને આ શોભા આપનારૂં છે? શું એ કર્મ પ્રત્યક્ષ અન્યાયની મૂર્તિરૂપ નથી? ઈશ્વરે પુરૂષ અને સ્ત્રી બન્નેને મનુષ્ય કોટિમાં મૂક્યાં છે. બન્નેમાં સરખા વિકારો અને વિચારોના અંકુરો પૂરેલા છે. પુરૂષ માટે જે માર્ગ ખુલ્લો રહે, તે શા માટે દયાપાત્ર, અનાથ વિધવા વિદુષીઓ માટ બંધ રહે? એ ન્યાય તુલાને તો તોલો! કોઈ પણ ધર્મ, કોઇ પણ બુદ્ધિ અને કોઇ પણ નીતિ આ કર્મને પુષ્ટિ આપતી નથી. મ્હારી આ ભલામણ ઉપર કલ્યાણગ્રામની વિદુષીઓ તથા વિદ્વજ્જનો લક્ષ આપશે એવી આશા છે.'

સભા મંડળ સ્તબ્ધ થઈ ગયું. ક્ષણ માત્રમાં તો દયાર્દ્ર ન્યાયવૃત્તિએ સર્વ ઉપર છાયા પ્રસારી, સર્વે ક્ષોભ પામી સ્તબ્ધ થઇ ગયાં. સ્ત્રી મંડળમાં ખળભળાટ થઇ ગયો. ગંગા ભાભી ઉંચા નીચા થઇ ગયાં. સરલા, શારદા અને શ્રીમતિ ચક્ષુ ચગાવી રહીઓ. શિવલક્ષ્મી, અતિલક્ષ્મી, અને મહાલક્ષ્મી ઉંચું વિકાસી રહી. અહલ્યા, હીરા, પિરોજા અને પાર્વતી ગંભિરતા ધારણ કરી રહી. સર્વેનું મૌન્ય સંધાઇ રહ્યું હતું. તેમાં વિદ્યુત જેવા વાણી પ્રવાહથી, શબ્દ ચાતુર્યથી ચમકારા મારતી કુમુદે મૌન્ય તોડ્યું, અને વાણી પ્રસાદથી સર્વના કર્ણ તૃપ્ત કરવા માંડયા.

કુમુદ: "મહાશયો, સભ્યો, અને વિદુષીઓ, અતિથિ મહાશય તરફથી અપરોક્ષ રીતે પ્રતિઉત્તર કરવાને નિમંત્રિત થઈ છું, ત્યારે મ્હારે મ્હારૂં કર્તવ્ય બજાવવું અવશ્યનું છે. પુનર્લગ્નનો વાદવિવાદ ભારતમાં નવો નથી. લગભગ ચાળીશ વર્ષ થયાં એ પ્રશ્ન બન્ને પક્ષ તરફથી ચર્ચાઇ રહ્યો છે. એટલે તે હું પિષ્ટપેષણ કરવા ધારતી નથી. પરંતુ તેમાંનુ મહત્ત્વ તમારા સન્મુખ ઉલ્લેખું તો તે અયોગ્ય નહિ ગણાય.

"ભારતવર્ષની વિદુષીઓનું હૃદય અને વૃત્તિઓ અનુલક્ષવી જરૂરની છે, કે જેથી પાશ્ચિમાત્ય સંસ્કારવાળી વનિતાઓ અને ભારતની વિદુષીઓની વૃત્તિની તુલા કરી શકાશે. વંદનિય મહિલા સીતા અને દમયંતી પતિપ્રાણા રહી

અનત દુઃખ સહન કરી પતિપરાયણા રહી, એ પ્રેમ હૃદયની મહા તુલના તોલાવે છે. હરિશ્ચંદ્રની ભાર્યા તારામતિયે પતિની પ્રતિજ્ઞા માટે રાજ્ય ઐશ્વર્યાદિની આહૂતિ આપી પતિ મનોરથાર્યે અપૂર્વ વિપત્તિ ભોગવી એ ઔદાર્ય હૃદયની સત્ય તુલા બતાવે છે. દર્શનથીજ પતિ માની લીધેલા સ્વામી માટે વૈરાગ્ય ધારણ કરનારી મહાશ્વેતા જેવીએ જે સર્વ સુખ ઐશ્વર્યની આહૂતિ આપી છે તે પ્રેમની પરિસીમા અકાવે છે. સાવિત્રી જેવી નારીઓ સત્ય પ્રેમ પ્રણાલિકાનું દર્શન દેતાં શ્રવણ અને દર્શનથીજ .એક વાર પતિ માની લેતી અને હૃદયવલ્લભ તરિકે સ્થાપતી, તેને જીવન પર્યંત હૃદયના પ્રભુ જાણતી અને સુખ દુ ખ સર્વમાં તથા વિયોગ થતાં કે મૃત્યુ થતા પણ સર્વકાળ નિષ્ઠાપૂર્વક સ્વામીનુ ચિન્તવન રાખતી એ વૃત્ત નિર્મળ સત્ય નિષ્ઠા દર્શાવે છે એ સર્વ લક્ષણો આર્ય વિદુષીઓના મહા મંત્રો છે અને તેથીજ ભારતવર્ષમા શુદ્ધ પ્રેમ ચૈતન્યની ઉજ્વળતા, સત્ય પ્રેમની મહત્તા, અને પ્રેમની પરમ પ્રણાલિકાનુ સ્વરૂપ કાળે કાળે આલેખાયુ છે અને આલેખાશે. એ બીજના અંકુરો આદિ કાળથી રોપાયાં છે અને અદ્યપિ પર્યંત તેનાં મૂળ નાશ પામ્યાં નથી. એ શુદ્ધ બીજને ખિલવવામાં લાભ છે કે નાશ કરવામાં લાભ છે, તેનો વિચાર કરી સત્ય તુલના તોળી લેજો. લગ્ન સમયે સમપદિ કાળે કરેલી સપ્ત મહા પ્રતિજ્ઞાઓ અને તે મહત્તાઓ તમારા હૃદયમાં કંઇ મહતત્ત્વ ઉભરાવે છે કે કેમ ? તેનું મહત્ત્વ આલોક અને પરલોકમાં કેટલુ છે, તેની તુલના પણ તોળી લેશો.

પાશ્ચિમાત્યોના ધર્મ રીતિના જૂદા જૂદા વિચારો હોય, પારલૌકિક સંબંધ દરકાર ન હોય, તોપણ લૌકિક મર્યાદામાં, સત્ય પ્રેમની સૌંદર્યતામાં, નીતિના વ્યવહારમાં, સંસારની સુવ્યવસ્થામાં, કયું શ્રેયસ્કર–શ્રેષ્ટ દાર્શનિક છે તેનો ન્યાય આપશો.

કામજ્વરની વેદનાથી પીડાનારીઓની કેવળ કામ પીડા ઉપર કાલ્પનિક તુરંગો દોડાવી દયા ધારી જે ઉપદેશ થાય છે, તે ઉત્તમતા વધારવાનું સાધન છે એમ કહેવું અશક્ય છે. કામ પીડાથી વિધવાઓ પીડાય છે અને સૌભાગ્યવતીઓ સખની રહે છે એ વિચાર અનુભવે ખોટા પડશે.

એનો આધાર મનના કાબુ ઉપર છે. કામવૃત્તિ તો સંગતિ દોષનું કંઇ અજબ વિષ છે. જેને એ હરામચસ્કો પડયો હોય છે તેને તો દશ પતિથી પણ સંતોષ થતો નથી. ચાક્ષુષાદિ વૃત્તિથી, ભોજ્ય સૃષ્ટિની દૃષ્ટિથી, મનઃ સંકલ્પિત સંયોગથી, અધર્મ વૃત્તિ પોષવાથી, અને નિરંકુશિત થવાથી મોહ ઉત્પન્ન થઈ વિષયનું બીજ રોપાય છે. અને તેને વધુ સેવવાથી વિષવૃક્ષ વધે છે. અને તે વિષ પ્રવાહ, આર્થિક વિચારે વિચારતાં પતિ ધર્મનો ઉચ્છેદક છે, શુદ્ધ પ્રેમમાં વિષ સંચારનારો છે, સંતતિનાં સદ્‌ભાગ્યનો રોધ કરનારો છે અને મન તનની સુદૃઢતાને તોડનારો છે કામવાસનાની વાચ્છનાને શાંત કરવાને તમારા માર્ગ યોગ્ય નથી. એમ જ્યારે તમે મનુષ્ય પ્રકૃતિના ગુણ તત્ત્વોના લક્ષણના નિયમો વિચારશો તથા ઋષિ મુનિયોની માર્ગ શિક્ષા શાંત મન વડે અવલોકશો ત્યારે સમજાશે. આ તો ગળે થયેલુ ગુમડુ મટાડવા ગળે ગળપટો બાંધી ઉપરની સૌંદર્યતા બતાવવી અને પગે થયેલા ગુમડાને મટાડવા સ્ટૉકિંગ પહેરવા જેવો પ્રયોગ બતાવવા જેવું છે. એ કંઇ રોગ વિદારક ખરો પ્રયોગ નથી.

વિધવાઓના મદન વૃક્ષને વિસ્તારવાથી તેઓને શાંત કરવા કરતા નીચેના દોષો વિશેષ પ્રકટે છે. સરળ સંસારમાં અવ્યવસ્થા, પ્રેમભ્રષ્ટતા, સ્થાનભ્રષ્ટતા, શુદ્ધ અને પરમનૈષ્ઠિક પ્રેમની નષ્ટતા, વર્ણસંકર પ્રજાની ઉત્પત્તિ અને અધોગતિના માર્ગો વધારે છે. તેથીજ મ્હારે વજ્ર વાણીમાં કહેવું પડે છે કેઃ–

અરે ઉપદેશ શો દો છો,
મનોગતને વલોવો છે;
સુનીતિને હઠાવો છો,
કુરીતિને ખિલાવો છો. (૧)

મદનની ઉપાધિને તમે જે મહત્વતા આપો છો તે તોઃ—

મદનના રંગની સિદ્ધિ,
દિસે છે ચક્ષુની વિધિ;
મનોગતને ભમાવે છે,
ભ્રષ્ટ નષ્ટા બનાવે છે. (૨)

મદનને વશમાં રાખવાનો ખરેખરો વિધિ એજ છે કે, મનોવિકારને જીતવા ને મન મારવું:—

મનો ગતનેજ મારીને,
મદન પટનેજ તોડીને;
ક્ષણિકતાને વિચારીને,
તજાયે છે તજાવીને. (૩)

લાંબો હાથનો ચાળો કરતાં ઉદ્દ્ગાર કહાડયો: " ખરેખર, "

હૃદય પટમાં પતિ ધરતાં,
પુરા પ્રેમે પતિ જપતાં;
રીતિ ને નીતિ સાચવતાં,
રહે છે ક્યાંય મલીનતા. (૪)

જરા ચક્ષુમાં રોષનો કટાક્ષ દર્શાવતાં, ઠપકો વર્ષાવતાં, વાણી પ્રવાહ ચલાવ્યો:—

નીતિ પદથી ડગાવો છો,
પતિવ્રત્તથી ડોલાવો છો;
કલંકિતા બનાવો છો,
અરે આ બોધ શો દ્યો છો. (૫)
પ્રીતિ રસને જે જાણે છે,
પ્રિતમ પદને પ્રમાણે છે;
કુળ ધર્મ નીતિ માને છે,
તે તો સુલભ જાણે છે. (૬)

અરે, રે, જેને શિયળવ્રતનું ભાન નથી તેને માટે મ્હારે મુખે શું વદાવો છો ? તે તો:

અનાચારી વિહારી છે,
દુરાચારી લબાડી છે;
ભ્રષ્ટા દુષ્ટા અવિચારી છે,
એને કોણે ક્યાં વારી છે ? (૭)

પ્રીતિ રસને ન જાણે છે,
પ્રતિજ્ઞાને ન માને છે;
કુળ ધર્મને ન જાણે છે,
તેને તો કોણ વારે છે? ૮.

ક્ષણિક સુખો વિચારે છે,
બંધ ચક્ષુ ચગાવે છે;
પશુ વૃત્તિ ને માને છે,
તેને તો કોણ વારે છે? ૯

જરા લાવણ્યતાથી બે હાથને આગળ કરતાં શ્રોતાજનોમાં અમૃત પ્રવાહ રેલતા બોલી "પરલોકને પામેલા પતિ પરમપદને પામ્યા છતાં તેમની પ્રતિમા જે વિદુષીના હૃદય પારણે સર્વદા ઝૂલી રહેલી છે, તેને વિગાર શો ને વિકાર શો? અસંતોષ શો અને દુષ્ટ વાસના શી?"

પ્રિતમ પદમા પ્રીતિ રે છે,
પ્રીતિનું મહત્ત્વ જાણે છે;
(જે) અમર આત્માને માને છે,
(તે) અખંડાનંદમાં રહે છે. ૧૦.

રૌદ્ર ગર્જના કરી ડાબા હાથની એક આંગળી લાંબી કરી વક્ર દૃષ્ટિથી ક્રોધ વર્ષાવતી બોલી:

તમારો બોધ તેને છે,
જે દુષ્ટા ને જ ભ્રષ્ટા છે;
તમારો બોધ તેને છે,
જે કુકર્મા ને કુધર્મા છે. ૧૧.

સર બ્રાડલો ઉપર ચક્ષુના કટાક્ષનો આઘાત પડતો હતો, તે તેને ખમી ન શકવાથી આઘાતકાળે નીચું નિહાળી જતો.

કુમુદે કહ્યું: "હું વિનયસહ સત્ય કહું છું કે :—"

મૃત પતિમાં પ્રેમ ના ધારે,
પ્રતિજ્ઞાને ન વિચારે;
સ્વચ્છંદા ને વિધર્મા જે,
તમારો બોધ તેને છે. ૧૨.

ગંગાભાભીએ તાળીઓ પાડી અને સર્વ મંડળે તાળીઓની ગર્જના પૂરી કરી. વિશેષ સમય થવાથી સભા વિસર્જન થઇ. મંડપમાંથી સર્વ મંડળ વેરાયુ. તે સાથે સર બ્રાડલોને પણ જવું પડયું. કુમુદથી પરિચિત-જનની વૃત્તિ તેના તરફ આકર્ષાઇ રહેતી. તે પરાકાષ્ટાએ બીજી તરફ વાળી શકયો. મંડળ વેરાયું અને જૂદી જૂદી કક્ષામા અને બાગમાં તથા વાટિકામા વિચરવા લાગ્યુ

કુમુદની વારી હમણા યોગ કક્ષા નિહાળવાની હતી તે યોગ કક્ષામાં ગઈ. સન્નારી મંડળ ત્યાં યોગ વિધિમાં લાગી ગયું હતું. સંસારી વ્યવહાર સાથે યોગ શિક્ષા કામે લાગે એટલા પ્રમાણમાં સૌભાગ્યવતીઓને યોગ વિધિના સંસ્કાર થતા, અને વિધવા વિદુષીઓને મનોવિકારને વશ કરવા યોગ્ય વિશેષ પ્રયોગો કરાવાતા. કુમારિકાઓને કૌમાર્યવ્રતનુ બરોબર રક્ષણ થાય અને શરીરની સૌદર્યતા અને મૃદુતા સાથે સુદ્રઢતા સચવાય અને પતિ પરાયણ થવા યોગ્ય થાય એવી નીતિ રીતિની વિધિથી યોગ રીતિ સંધાતી, અને વિચારને સુલભ એવા શુદ્ધ યોગાચાર સંધાતા.

યોગની કક્ષામાં હઠપ્રદીપિકાને આધારે યોગ કક્ષાનો મઠ બાંધ્યો હતો. તેમાં સર્વ મંડળ ભેગું થઇ યોગની યુક્તિઓ અને વિભૂતિયો સાધતા. વિધવાઓ ગેરૂએ રંગેલી કંથા ધારણ કરતી. કુમારિકાઓ સ્વેત અથવા રક્ત રંગની કંથા ધારણ કરતી અને સૌભાગ્યવતીઓ ચુંદડીઓની કંથા પહેરી યોગ કક્ષાને દિપાવતી. આજે કક્ષામાં યોગના અંતભાગમાં બોધ બોધાતો હતો. એ સમયે યોગ કક્ષાની વાટિકામાં મિસ ફ્લોરા અને સર બ્રાડલો શ્રવણ પથમાં વિચરતાં વિચરતાં તૃપ્તિ મેળવતાં હતાં.

કુમારિકા, વિધવા, અને સૌભાગ્યવતી સન્નારીઓ યથાક્રમે ગોઠવાઇ ગઈ હતી. કુમુદના શ્રીમુખમાંથી ઉપદેશનું કથન સ્ત્રવિ રહ્યું હતું:—

કુમુદઃ—સંસારે સન્નારી જનની શ્રેષ્ટતા,*
શુદ્ધ શિલત્વથી પામે પૂર્ણ વિકાસજો;
વિનય નયથી કુળ ધર્મો સંભાળીને,
પ્રેમે નેમે ઉજ્વલ કરે સંસારજો.

સ્ત્રી મંડળમાંથી ધ્વનિ થયો "સંસારે સન્નારી જનને અમારી એજ શિક્ષા છે, અમારી એજ દિક્ષા છે."

સુશિક્ષિત થઇ સુશિક્ષિના સૌને કરે,
સ્નેહે નેહે ખોલે નીતિનાં દ્વાર જો;
લાવણ્યે મૃદુતા મહત્તા સંભાળીને,
જગત્ જીવનમાં કરે વિનય વિસ્તારજો. (૧)

સ્ત્રી મંડળઃ "સંસારે સન્નારી જનને અમારી એજ શિક્ષા છે, અમારી એજ દિક્ષા છે."

શીળ સ્વભાવે સુંદરતા સંભાળીને,
સહનશીલ થઈ સહિને સઘળો ભારજો;
દિવ્ય હૃદયથી દિવ્ય કરી ગૃહ ધર્મને,
અમી ભરી હેતે ઓપાવો સંસાર જો.

સ્ત્રી મંડળઃ "સંસારે સન્નારી જનને અમારી એજ શિક્ષા છે, અમારી એજ દિક્ષા છે."

પતિ જીવનમાં પ્રેમામૃત પૂરે પુરી,
પ્રેમ જીવનમાં લાવે પૂર્ણ મિઠાશ જો;
રિદ્ધિ સિદ્ધિ કીર્તિ તણા સંયોગમાં,
સત્વરતાથી પૂરે વિવિધ વિલાસ જો. (૨)

સ્ત્રી મંડળઃ "સંસારે સન્નારી જનને અમારી એજ શિક્ષા છે, અમારી એજ દિક્ષા છે."

દુર્બળતા દીનતા ને દુઃખના વખતમાં,
પ્રેમે ધૈર્યે પૂરે અમૃત પાસ જો;

---

* ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાહ.

સમય સમયના રંગે જગની છાંયડી,
સેવિ સ્નેહે કરે સર્વનાં કાર્ય જો.

સ્ત્રી મંડળ: "સંસારે સન્નારી જનને અમારી એજ શિક્ષા છે, અમારી એજ દિક્ષા છે."

દેશ ગૃહ ને જન મંડળનાં કાર્યમાં,
સત્યે સ્નેહે પૂરે સુનીતિ પાસ જો;
કુસંગતિથી કુડાં ફળ છે સર્વદા,
કરજો તેનો સત્વરતાથી ત્યાગજો. (૩)

સ્ત્રી મંડળ: "સંસારે સન્નારી જનને અમારી એજ શિક્ષા છે, અમારી એજ દિક્ષા છે."

દ્રઢતા, ધિરતા, ધારી સર્વે કાર્યમાં,
ખોલે ઝીણી સંસારીની ગુંચ જો;
વિનય વિવેકે મૃદુતા પૂર્ણ સંભાળીને,
નિઃસ્વાર્થે ખિલાવે સઘળા પંથજો.

સ્ત્રી મંડળ: "સંસારે સન્નારી જનને અમારી એજ શિક્ષા છે, અમારી એજ દિક્ષા છે."

શ્રુત સ્મૃત્તિના સર્વ ધર્મ સંભાળીને,
ગૃહ, કુળ ધર્મથી રાખે રૂડી લાજ જો:
દેશકાળની રીતિ નીતિ સુધારીને,
રાખે પ્રીતિ અખંડાનંદમાં નિત્ય જો. ૪

સ્ત્રી મંડળ. "સંસારે સન્નારી જનને અમારી એજ શિક્ષા છે, અમારી એજ દિક્ષા છે."

કુમુદ જરા સંતળી અને પ્રેમાર્દ્રવૃત્તિથી જમણા હાથને વાંકો વાળી જ્ઞાનમુદ્રાની સંજ્ઞા કરી વિનય સહ બોલી: "વિધવા વિદુષીઓએ જીવનપર્યંત સાધુ ધર્મ પાળી સંસાર ધર્મનો અતિ સૂક્ષ્મ ક્લેશકર સંયોગ રાખવાનો છે. તે ક્લેશકરને મિઠો મેહેરામણ માની જળ કમળવત્ રહેવાને મનોવૃત્તિ ઉપર કાબુ રાખવાનો સંયમ કરવાનો છે. તેની યોગ્યતા મેળવ-

યાને સ્વધર્મપરાયણા, સુશિક્ષિતા, નીતિ નિપુણિકા, શિષ્ટા, નમ્રા અને સુજ્ઞા થવાની આવશ્યકતા છે. અને તે થવાનો મહા પંથ એજ છે કેઃ

સંસારે વૈધવ્ય વ્રતની દક્ષતા,
નૈષ્ઠિક વ્રત ધરી કામ દમનથી થાયજો;
રસેન્દ્ર વૃત્તિઓ વશ કરી રીતે ચાલતાં,
સંયમથી શીળવ્રત પુરૂં સચવાયજો.

સ્ત્રી મંડળઃ "સંસારે વૈધવ્યવ્રત માટે અમારી એજ શિક્ષા છે, અમારી એજ દિક્ષા છે."

મન મારી મનને વશ પુરૂં રાખતાં,
ધર્મ નીતિને ન્યાય રૂડો સચવાયજો;
પ્રાણજીવનની મૂર્તિ હૃદયે ધારતાં,
પરમ ધર્મની પ્રભુતા ત્યાં પોષાયજો. ૫

સ્ત્રી મંડળઃ "સંસારે વૈધવ્યવ્રત માટે અમારી એજ શિક્ષા છે, અમારી એજ દિક્ષા છે."

અધ્યાત્મ વિદ્યામાં વૃત્તિ વાળતાં,
દુરાચાર દુષ્કર્મો દૂર પળાયજો;
યમ નિયમથી વૈરાગ્ય વૃત્તિ રાખતાં,
નિઃસ્વાર્થ મતિથી પરમ ધર્મ સચવાયજો.

સ્ત્રી મંડળઃ "સંસારે વૈધવ્યવ્રત માટે અમારી એજ શિક્ષા છે, અમારી એજ દિક્ષા છે."

અલ્પ જનોની અધમ સંગતિ ત્યાગતાં,
સાત્વિક શીળે સૌને શાંતિ થાયજો;
પરલૌકિક આ લૌકિક ધર્મ વિચારતાં,
વૈધવ્યવ્રતની વિભૂતિ ઉન્નત થાયજો. ૬

સ્ત્રી મંડળઃ "સંસારે વૈધવ્યવ્રત માટે અમારી એજ શિક્ષા છે, અમારી એજ દિક્ષા છે."

કુમુદઃ બાળાઓને સુશિક્ષિતા, સ્વધર્મા, સુશીલા, વિનયા બનાવવા, લજ્જાવતી, નીતિવતી, રીતિવતી કરવા, ઉચ્ચ ગૃહિણી, ઉત્તમ માતા અને પતિપરાયણા પત્નિ બનાવવા તથા શીયળવતી સુશીલાઓને ઉત્પન્ન કરવા સુલભ પંથ એજ છે કે:

સંસારે અમ કુમારિકાની શુદ્ધતા,
તન મન કેળવે ઉચ્ચ અભ્યાસે થાયજો;
વિનય વિવેકે સદ્વૃત્તિ ખીલાવતાં,
સત્ય દયા ને સદ્ગુણથી ઓપાયજો.

સ્ત્રી મંડળઃ સંસારે કુમારિકાને અમારી એજ શિક્ષા છે, અમારી એજ દિક્ષા છે.”

હળી મળી હેતે સર્વ જનોમાં રાચતાં,
સતત સંપે સર્વ સુખો પોષાયજો;
નિરમળ મન રાખી શ્રદ્ધતાને સાચવે,
સુશીલ સુઘડ થઈ કરે મલિનતા નષ્ટજો. ૧૭

સ્ત્રી મંડળઃ “સંસારે કુમારિકાને અમારી એજ શિક્ષા છે, અમારી એજ દિક્ષા છે.”

શિષ્ટ જનોથી શિક્ષા રૂડી શીખતાં,
સુશિક્ષિતા સુભદ્રા સુજ્ઞા થાયજો;
મનહર મનમોહન સુન્દરતા સાચવે,
દયા, ક્ષમા, શીળવૃત્તનો રાખી પાસજો.

સ્ત્રી મંડળ· “સંસારે કુમારિકાને અમારી એજ શિક્ષા છે, અમારી એજ દિક્ષા છે.”

સરળ સુધર્મા રહીને સૌને રીઝવે,
અમી ભરી હેતે રાખે સૌમાં વહાલજો;
સતિ જીવનની ઇચ્છા પરણ ધારતાં,
સ્નેહે નેહે અમૃતની કરે રેલજો.

સ્ત્રી મંડળ: "સંસારે કુમારિકાને અમારી એજ શિક્ષા છે, અમારી એજ દિક્ષા છે."

સર બ્રાડલો અને મિસ ફ્લોરા વાટિકામાં વિચરતાં હતાં તે સમયે એક બાળકુમાર વાટિકામાં લટાર મારતો હતો. બાળકુમારે વિનય નયથી સલામ કરી. સર બ્રાડલો તથા મિસ ફ્લોરાએ મુખ મંડળ ઉપર સ્મિતતા દર્શાવી તેની સાથે વાર્તા વિનોદ જોડયો.

મિસ ફ્લોરા: "આ બાળકુમાર ઉત્તમ શૈલીથી કેળવાયલો લાગે છે."

સર બ્રાડલો "એના મુખમંડળ ઉપર સત્ય, વિનય, ચાંચલ્યતા અને માધુર્યતાનુ તેજ પ્રકાશે છે. સહસા પ્રેમ વાત્સલ્ય તેના તરફ આકર્ષાય છે. એની મધુર ગિરામાંથી પ્રસાદ અનુભવવો."

મિસ ફ્લોરા: તમે પ્રશ્નોત્તર કરો.

સર બ્રાડલો: ના, તમે કરો.

મિસ ફ્લોરા: કુમાર, આપનુ નામ શુ ?

કુમાર: આ દેહને સ્નેહધન કહે છે.

મિસ ફ્લોરા: તમે કેટલા ભાઈ છો ?

સ્નેહધન: સંસાર યાત્રામાં બેની ગણુના ગણાય છે.

મિસ ફ્લોરા: તેઓ કયા કાર્યમાં દક્ષતા ધારણુ કરે છે.

સ્નેહધન: તેનો મ્હને પરિચય નથી.

મિસ ફ્લોરા: તમે તમારા બંધુ વર્ગથી અજ્ઞાન છો એ શુ ?

સ્નેહધન: મડેમ સાહેબ, મ્હારા વડિલ ભાઇ હતા એમ કથા છે, પણુ જ્યારે મ્હારી કુમુદબાને એના પ્રશ્ન કરૂં છું ત્યારે ઉત્તર મળતો નથી. તેઓ મુખ કરમાવે છે. અને અલક બ્હેનને પુછુ છુ તો રડવાનો પાર નથી રાખતાં. હવે મ્હારે એ વાત જાણુવી કયાંથી? મ્હારા ભાઇનું વૃત્તાંત જાણુવા મન બહુ થાય છે. હેં, ભાઇનું હેત કહેવું હોતુ હશે ?

મિસ ફ્લોરા: બહુ મીઠું. વારૂ, કુમુદબા સાથે તમારો શો સંબંધ છે ?

સ્નેહધન: તે મ્હારાં પાલક છે. તેમને માટે મને બહુ માન છે. તે

બહુ હેતાળ ને મમતાળ છે. તેમને હું બા કહું છું પરંતુ અલક બ્હેન તેમને ભાભી કહે છે.

મિસ ફ્લોરાઃ તમને તમારા ભાઇનો પરિચય નથી, છતાં તેને માટે તમે આટલી બધી આતુરતા કેમ રાખો છો?

સ્નેહધનઃ જ્યારે આપની પાસે ઉભેલા મહા પુરૂષને જોઉં છું ત્યારે બાંધવ યાદ આવે છે. અને રામાયણની રામ લક્ષ્મણની વાતો કુમુદબાથી શ્રવણ કરેલી તેથી તેવું તેવું કરવાનું મન થાય છે.

આ ઉત્તર શ્રવણથી સર બ્રાડલોના હૃદયમાં પ્રેમ દ્રવિભૂત થયો. તેની ચક્ષુમાં પ્રેમ બિન્દુ તરવરી આવ્યું. તેણે જરા આડું જોઈ મુખ મડળ ઉપર રૂમાલ ફેરવી નાંખ્યો, ને પ્રેમ દ્રષ્ટિથી સુકુમારને નિહાળી રહ્યો. સ્નેહધને પણ વિચલિત ચક્ષુથી પ્રેમપૂર્ણ નિહાળ્યાં કર્યું. બન્નેની ચક્ષુ ટસે ટસ મળી. એટલામાં શિક્ષાકાર્યથી પરવારેલી કુમુદે સ્નેહધનને બૂમ પાડી.

"જી, હાજર થાઉં છું." એમ કહેતાં કહેતાં વિદ્યુત જેવી ત્વરાથી તે કુમુદને આવી મળ્યો.

સર બ્રાડલો જરા નિઃશ્વાસ મુકતાં બોલ્યોઃ આહા, આ બાળક કેવું મનોહર અને સુશીલ છે.

મિસ ફ્લોરા "મંજુલ અને મીઠું છે." વાત કરતાં કરતાં બન્ને જણા વાટિકાની બહાર નિકળી ગયાં.

સ્નેહધન દોડતો દોડતો આવી કુમુદને બાઝી પડયો.

કુમુદ. "કુમાર, શું કરતા હતા?"

સ્નેહધનઃ કુમુદબા, પેલા સાહેબ અને મઢમ સાહેબ જાય છે તેમની સાથે વાતો કરતો હતો.

કુમુદઃ "શી વાત કરી?"

સ્નેહધનઃ "તમે મુખ કરમાવો નહિ અને રીસ ચઢાવો નહિ તો કહું."

કુમુદઃ "કુમાર, કહો એમ નહિ કરૂં."

સ્નેહધનઃ "મ્હને પેલા સાહેબને જોઈ પ્રીતિ ઉભરાઈ ગઈ. કોણ જાણે મ્હારા હૃદયમાં શું થવા લાગ્યું કે કાળજું ધડકવા લાગ્યું અને જાણે તેમને

બાઝી પડ્યુ એમ થયું. મ્હને રામ અને ભરતના સ્નેહની તમે વાત કરેલી ને યાદ આવી. એવા સ્નેહનો લ્હાવો રીતે મળે?"

કુમુદે નીચા વળી સ્નેહધનને હૃદય સરસો ચાંપ્યો. મનમાં સ્ફુરણા થઇ કે: કુમારને ભ્રાતૃવત્સલતા ઉભરાઇ છે. તેણે પ્રકટપણે ઉત્તર કર્યો: "બધુ, સહવાસથી."

સ્નેહધન "રામ અને લક્ષ્મણ જેવા બધુ સહવાસનું સુખ કેવું હશે?"

કુમુદે ઉંડો નિઃશ્વાસ મુકયો. તે નિરૂત્તર રહી.

સ્નેહધન: "કુમુદબા, તમે પાછુ મ્હોં કરમાવ્યું? જ્યારે હુ ભાઈની વાત કરૂછુ ત્યારે તમે એમ કેમ કરો છો? હુ રિસાઇશ."

કુમુદ: "કુમાર, એવું કરતા ના એ અવગુણજ બધા અનિષ્ટનું મૂળ છે."

એમ બોલતાં બોલતાં અંતઃનિશ્વાસથી હૃદય ખાલી કર્યું. શોકની છાયા પસરી ગઇ. તેની છાયા સ્નેહ નના હૃદય ઉપર પડી.

સ્નેહધને આર્જવતા હેત અને મમતા બતાવતાં કહ્યું કુમુદબા, હું કઇ કોઇ દિવસ રિસાઉ છુ? મ્હારા સમ તમે નાખુશ થાઓ તો. હુ એ અવગુણને આડે પણ નહિ જાઉ."

કુમુદ: "કુમાર, જીવતા રહો ને સુખી થાઓ."

સ્નેહધન "પણ તમે લવ કુશના બાધવ ભાવની ગોઠડી કહેલી છે, ત્યારથી મ્હારા મનમાં એના એજ વિચાર આવ્યા કરે છે. રામ અને લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન, લવ અને કુશ એવ જોડી બંધાઇ હેત પ્રીતના અનુભવ કરીએ, પરાક્રમ કરીએ, જગતમા સદ્નામના મેળવીએ, પણ એ બધુ ભાઈ વિના કેમ થાય? આહા, બધુ એ શબ્દમાં કેવી મિઠાશ છે?"

જેમ જેમ કુમારનું વાણી રહસ્ય કુમુદના કર્ણદ્વાર ઉપર પડતું ગયુ, તેમ તેમ તેનુ હૃદય જર્જરિત થઇ માર્મિકતાથી મન વલોવાતું ગયું. તેણે મુખમુદ્રાને ગંભિર કરી ઉત્ત કર્યો આજે આકાશ પુષ્પવત્ વાત કેમ કરો છો? આજે કયા લોકમા તમારા ભાઈ હશે એ કોણ જાણે છે?"

સ્નેહધન: "કુમુદબા, કૃષ્ણ પરમાત્મા પરમ યોગસિદ્ધિને પામ્યા હતા. તેમણે ગુરૂપત્નિને તેનો પુત્ર આણી આપ્યો હતો અને પરલોકમાં ગયેલા

પુત્રોને દેવકી માતાએ માંગવાથી આણ્યા હતા. તમે પણ યોગ સાધો છો. ગમે તે લોકમાં ભાઈ હોય તે કેમ ન આણી આપો? મ્હારે તો ભાઇ જોઇએ અને જોઇએજ. તમે કહેતાં હતાં કે ગુરૂપત્નિએ વર માગ્યું ત્યારે કૃષ્ણ પરમાત્માએ દિકરો આપ્યો અને દેવકી માએ કહ્યું ત્યારે પરલોકથી દિકરા આણ્યા હતા ત્યારે હુ કહુ છુ કે મારા ભાઇને આપો. તમે પણ યોગી જેવાંજ છો."

ઉભયમાં શોક ઉભરાયો. કુમારના મિઠાં વચનોએ મિઠી મિઠી વાતોમાંથી શોક મોહનું વિષ ઉત્પન્ન કર્યું. કુમુદની હૃદયવૃત્તિ બહુજ નરમ થેઇ, વિચાર, વિકાર અને શોકને અનુભવી રહી હતી. તેણે નિઃશ્વાસ નાખતાં નાખતા પ્રતિ ઉત્તર કર્યો. "કુમાર, ક્યા એ મહા વિભૂતિઓની વાતો અને ક્યા હુ રંક અબળા? પ્રભુ તમારી ઇચ્છા પરિપૂર્ણ કરો.

સ્નેહધન "તમે વરી આજે આમ કેમ કરી જાઓ છો? આમાં કૃષ્ણ પરમાત્મા પુરૂષ હતા અને તમે રંક અબળા છો એમ કેમ મનાય? તમેજ શિક્ષણ આપતા હતાં કે, ચંદ્રાગતની સ્ત્રી શ્રીમતિની, વ્રતના પ્રભાવથી પાતાળ લોકથી પતિ પામી હતી અને સાવિત્રી યમ પાસેથી પણ પતિને પાછી લાવી હતી. તો પછી ગમે તે લોકમા હોય પણ મ્હને તો મ્હારા ભાઈ જોઇએ અને જોઇએ કે પછી રામ અને લક્ષ્મણ જેવું કરાય ને પરાક્રમ બતાવાય. બાંધવ વિના ક્હાંય કોણ ઝાલે? મ્હને તો હવે ખરેખર એવુ મન થયુ છે તમે તો જે વાતો કરો છો તેવું કરી બતાવતા નથી અને કરવા દેતાયે નથી કુમુદમા, એ તે કેવું? હુ તો રડી પડીશ."

ખરેખર બન્ને જણ રડી પડયાં, અને હૃદય ખાલી થયુ ત્યાં સુધી અશ્રુધારા વર્ષાવી રહ્યા. કુમારને છાતી સાથે ચાંપી છાનો રાખવા સાડીના પાલવવડે તેના આંસુ લુછ્યા અને સોડીયાવડે પોતાનાં આંસુ લુછ્યાં અને બોલીઃ "કુમાર, મિથ્યા શોક શિદ કરો છો? રડીને શિદને રડાવો છો? આજે તમને આ શું થયુ છે? શાંત થઈ કલેશ છોડો."

સ્નેહધનઃ "હુ ક્યા કલેશ કરૂ છુ? તમને રડતાં જોઉં છું ત્યારે મારૂં મન ઉભરાય છે, અને આંસુ ખાળ્યાં રહેતા નથી. લ્યો, તમે છાના રહો તો હુ પણ રહી જાઉં."

કુમુદ. "લ્યો, આ આંસુ લુછ્યાં. તમે શાંત થાઓ."

સ્નેહધન: "કુમુદબા, તમે યોગ અને પુરૂષાર્થની સિદ્ધિની વાતો તો મ્હોટી મ્હોટી કરો છો, પણ કરી બતાવતાં તો કંઇએ નથી. તમેજ યોગવાસિષ્ઠ વાંચતાં વાંચતા ઉપદેશ કરતાં હતાં ને पौरुषेण दरन्तेभ्य संकटेभ्य सुबुद्धय ॥ (શ્રેષ્ટ બુદ્ધિવાળા પુરૂષો પુરૂષાર્થ કરવાથીજ અનાયાસે ભયંકર સંકટમાંથી તરે છે)

કુમુદ. "સાધ્ય અને અસાધ્ય એવા બે પુરૂષાર્થ છે, તેનો વિવેક પણ વિચારવાનો છે."

સ્નેહધન: "જગતમાં પુરૂષાર્થ આગળ કંઇ અસાધ્ય નથી એમ રણજિતસિંહનો દાખલો આપી તમેજ કહેતાં હતાં ને આજે આમ કેમ કહો છો? કહેવામાં પકડાઇ ગયા છો."

કુમુદ: "હા ભાઈ, અમે પકડાઇ ગયાં છીએ તો અમારી આંગળી પકડી ઘેર ચાલો"

સ્નેહધન દોડતો દોડતો ઘરમા પેશી ગયો કુમુદ વિચારના વમળમા ગુંચવાતી ગુંચવાતી, હોઠે આગળી મૂકી વિચાર કરતાં કરતાં મગજમાથી કંઈ વિસ્મૃત થયેલુ તાજુ કરતી હોય તેમ પોતાની સ્મૃત્તિ તાજી કરવા લાગી: "હા, પરિચિત જન જણાય છે. સ્વર પણ પરિચિત છે. અરે.' કહી ઉંડો નિઃશ્વાસ મૂકયો. "ખરેખર, સ્વર તો એમના જેવોજ. મુખમુદ્રામાં કંઈક ફેર છે. ના, પોષાક અને વખત વહેવાથી ફેર છે. હા, મુખમુદ્રા પણ એજ. અરે, આ કલ્પના અસ્થાને છે. અસંભવિત સંભવિત ધારી ભ્રમણા કરવી એ ભ્રમણુતા છે. આમ તે હોય? ના, ના, આ તો ક્યાં યુરોપનાં વિદ્વજ્જન અને વળી શ્રીમાન. વિદ્યા તો શ્રમે પ્રાપ્ત થાય, પણ અઢળક દ્રવ્યની કંઈ સંભાવના છે. ના, ના, આ તો ખોટી ભ્રમણા છે. અરે, પણ બાળ સ્નેહધનને આ શું પ્રેરણા થઇ હશે? શુ કંઇ ઈશ્વરી સંકેત હશે? નિર્મળ નિઃસ્વાર્થ હૃદયમાં ભ્રાતૃભાવનાના અનુચિન્તવ્યા ભણકારા શા હશે? એ વિચાર કરવા કામના નથી. ભ્રમણામાં ભમી જવાય. ના, ના, તોપણ સંદેહ પડયો ત્યાં તપાસ કરવી. તપાસ કરવામાં

આપણું શુ જાય છે? પણ હાય, હાય, ત્રણ ત્રણ વર્ષે તે આવી કલ્પના પણ સંભવે? મન કેવુ ગાંડુ છે? ન કલ્પવાનું કલ્પે છે. અનંત દુઃખોનું કારણ મનજ છે. વર્ષાદ થતાજ પર્વતોમાથી અનેક ઐાષધિઓ ઉગે છે તેમ મન વિચારના ઘોડા ઉપર બેઠું કે સેંકડો સુખ દુઃખના અંકુરો ઉત્પન્ન થયાજ છે. માટે મનને તો વિવેકમાંજ રહેવા દેવું જોઇએ.'' આવા આવા વિચારમાં રાત્રિનો કાળ વ્યતિત થયો પ્રાતઃકાળે પાકી તપાસ કરવાનો નિશ્ચય કર્યો અને નિદ્રાને આધિન થઇ.

મર બ્રાડલો પોતાના નિવાસ સ્થાન ઉપર જઇ જરા એકાન્તે બેઠા. સ્નેહધનનાં માર્મિક વચનોથી તેના હૃદયમા ભ્રાતૃભાવનો ઉદધિ ઉભરાઇ ગયો હતો. "ધન, ઐશ્વર્ય, અને ઉત્તમનુ સબંધી સિવાય શુ પ્રયોજન? અરે, પણ લાવણ્યમયી કુમુદને ઝેરના કેરથી દારૂણ દુઃખ આપ્યા પછી કેમ મુખ બતાવી શકુ? આજના સકળ વર્તમાનથી અને સ્નેહધનના વર્તનથી મ્હારી પરિક્ષા કાલે થઇ જવાની. પ્રાતઃકાળ પ્રથમ પ્રયાણ કરીજ નાંખવું'' પ્રાતઃકાળની લાલ ઉષાની છટા પ્રસરતા પહેલાં તો અતિથિએ કલ્યાણગ્રામના પ્રદેશ ઉપરથી મોટરને દોડાવી દીધી. આશાથી ભરેલી કુમુદ પ્રાતઃકાળમાં ઉઠી શુ કરશે? તેના ચિત્તની શી સ્થિતિ થશે? ચિત્ત રૂપી વેદિ ઉપર નિરાશા અને દુઃખોનો અગ્નિ પ્રદીપ્ત થઈ મહાન જ્વાળા પ્રસરાવશે. પ્રભુ કોઇને નિરાશાની પરાકાષ્ટા અનુભવાવનો નહિ.

પ્રકરણ ૭ મું.

વિદ્યાચતુર અને અતિથિ.

दैवं पुरुष कारेण यो निवर्तितुमिच्छति
इह वाऽ मुत्र जगति ससम्पूर्णा भिवाञ्छितः ॥ १
ये समुद्योग मुत्सृज्य स्थिता दैव परायणाः
ते धर्ममर्थं कामंच नाशयन्त्यात्मविद्विषः ॥ २
संवित्स्पन्दो मनःस्पन्द ऐंद्रियस्पन्द एवच
एतानि पुरुषार्थस्य रुपाण्येभ्यः फलोदयः ॥ ३

(योगवासिष्ठ)

"જે માણસ પુરૂષાર્થથી દૈવનો પરાભવ કરવા ઇચ્છે છે તે માણસના આ લોકમાં કે પરલોકમાં સઘળા મનોરથો સંપૂર્ણ થાય છે (૧).

પોતે પોતાનીજ શત્રુતા કરનારા જે લોકો ઉદ્યોગને છોડી દઈ દૈવનેજ આધિન થઇ રહે છે, તેઓ ધર્મનો, અર્થનો અને કામનો નાશ કરે છે (૨).

પુરૂષાર્થનું સ્ફુરણ, પુરૂષાર્થના સાધનોની ઈચ્છા અને તેથી ઇંદ્રિયોની પ્રવૃત્તિ, એટલા પુરૂષાર્થનાં રૂપ છે અને એઓથીજ ફળની પ્રાપ્તિ થાય છે." (૩).

* * *

કલ્યાણગ્રામમાંથી નિકળેલો સર બ્રાડલો, મિસ ફ્લોરાની સાથે મુસાફરી કરતો અને નિવાસ કરતો રત્નનગરીમાં આવી પહોંચ્યો હતો. રત્નનગરીના બુદ્ધિશીળ દિવાન વિદ્યાચતુરને ત્યાં તેમની યોગ્યતા પ્રમાણે આદર સત્કારથી આતિથ્ય થઇ રહ્યું હતું. રત્નન-

ગરીનો પ્રધાન અને અતિથિ વ્યાપાર સંબંધે વિનોદે ચઢ્યા. ભારતવર્ષના નિર્માલ્ય વ્યાપારો માટે ક્લેશ ભરેલા ઉદ્‌ગાર કહાડી વિદ્યાચતુરે શરૂઆત કરી: " ભારતના વ્યાપારો ઉન્નતિ ક્રમમા ક્યારે આવશે ? આશા ઉભરાવે છે, અમી પૂરે છે. ત્યાર પહેલાં વ્યાપારી મંડળનું અનિતિજ વલણ ઢલણ નિરાશા પ્રબળ કરી મનને નિર્બળ બનાવે છે."

સર બ્રાડલો: " વ્યાપારમાં અનિતિનુ વલણ ઢલણ અનિષ્ટકારક છે, નીતિનાં ફળ ઉત્તમ શ્રેણિમાં લઈ જનારાં અને મહત્ના સ્થાપન કરનારાં છે. ત્યારે અનિતિનાં ફળો અધમતામા લઈ જઈ અનિષ્ટતા કરનારાં છે. વિશેષ કરી તે અધોગતિનાં સાધનભૂત છે. નીતિનાં એ ફળમાંથી મહાન તથા ચિરસ્થાઇ સુખો ઉદ્‌ભવે છે, અને અનીતિની ઉપાધિમાંથી ભયંકર વિનાશનુ વિષ વિસ્તરે છે, અને તે ભમુકી ભસ્મીભૂત કરે છે. વ્યાપારમાં ફતેહ મેળવવા માટે શક્તિ કરતા સદ્‌વર્તનશીળ ચરિત્ર ઉપર વધુ આધાર રહે છે."

વિદ્યાચતુર: " તૃષ્ણાનાં તુરંગ ઉપર દોડનાર વ્યાપારીઓ ધંધાની રપ-ટામાં મહાન શ્રીમાન થવાની ઇચ્છા રાખી માત્ર દ્રવ્ય કેમ મેળવી શકાય એટલુજ વિચારે છે. તેની કેફમાં તેમને નીતિ, રીતિ, દયા કે પાપ પુન્યનો વિવેક રહેતો નથી."

સર બ્રાડલો: " આપનુ કહેવું સત્ય છે. કેવળ સુવર્ણનો મ્હોટો જથ્થો મેળવી શ્રીમાન કેમ થવું એજ સૂત્ર તેમના મનોઘટમાં રમી રહ્યું હોય છે."

વિદ્યા ચતુર. "અરે, મહાન શ્રીમાન થવાની તૃષ્ણામાં જેમ ફાવ્યુ તેમ ખેલવા મંડી જાય છે. પછી વ્યાપારમાં ખોટ આવો કે નફો આવો તેની ચિંતા નહિ. નફો ન મળ્યો તો નવલ કલ્પના ગોઠવી, આશા બાંધી, કાલ્પનિક લાભોની કલ્પનાના ફંદમાં ફસ્યા જાય છે. ફસે છે અને ફસાવે છે."

સર બ્રાડલો: " આપે સત્ય અવલોકન કર્યું છે. વ્યાપારી આલમના લોભીઆઓ મ્હને આ વ્યાપાર નથી આવડતો કે નથી સમજાતો એમ કહેતાજ નથી. તેઓ સર્વજ્ઞ હોય તેમ સર્વજ્ઞતાનો આડંબર રાખી કાર્ય ધકેલ્યા જાય છે. એ એમની મનુષ્ય હૃદય ઉપર છાપ પાડવાની પદ્ધતિ છે."

વિદ્યાચતુર: " જે એમના ટૅપમાં લેવાઇ ગયા તે બધાને નિર્માલ્ય ગણી

તેઓ ફુલાય છે. જે એમના લાભને આડે આવે છે તે બધાની લુચ્ચામાં જ ગણત્રી ગણે છે, અને જે એમના ઉપર વિશ્વાસ રાખી ઠગાય છે તેને કેવળ મૂર્ખા ગણે છે!"

સર બ્રાડલો: "એવા નરાધમો ધિક્કારને પાત્ર છે. જેમનુ જીવન ઉજ્વળ નથી તેમનું જીવન કામનુ શુ? વ્યાપારમા ઠગાઈથી લાભ મળે છે, એ માનવું ભૂલ ભરેલુ છે. લાભપ્રદ વ્યાપાર કરવાને નિત્યક્રમ એ એક સચોટ સિદ્ધાન્ત છે, અને પ્રત્યેક વિષયમાં આંતરગત થઇ નિપુણતા મેળવવાથી જ વ્યાપારમાં મહત્તા અને શ્રેષ્ઠતા મેળવાય છે."

વિદ્યાચતુર. "વ્યાપારીઓ લાભવશ થઇ અનેક તર્ક વિતર્કોથી જનપંથમાં લાભની જાળ બિછાવી નવીન નવીન માર્ગો ઉપર દોડે છે અને ફસાવે છે, તેઓ જનમંડળ અને પોતાની જાત એ બેના દ્રોહી છે."

સર બ્રાડલો. "ભલે, પાપ ભરેલી લાભવૃત્તિને કાબુમા રાખી નવીન પ્રવૃત્તિથી યત્ન કરે તો તે ધન્યવાદને પાત્ર છે. નવા નવા તર્ક વિતર્કથી નવીન માર્ગો ખોલી તે તરફ દોડે અને જનમંડળને તે ઉપર ધસારો કરાવે એ બુદ્ધિવિજય છે. પરંતુ તે કાર્યના સૂત્રધારે ફત્તેહમંદ થવાની કુંચી બરાબર સમજી, કાર્યસિદ્ધિ કરવાની મહાન ફરજ લક્ષમાં રાખી વર્તન રાખવું એ અવશ્યનુ છે. તે સાથે ઉત્સાહ, અતિશ્રમ અને દક્ષતાથી રચેલી કાર્યક્રમની પદ્ધતિ એટલાની અવશ્ય જરૂર છે."

વિદ્યાચતુર: "સાંપ્રત કાળમાં શેરો, મીલો, બોન્ડો, લોનો, સ્ટિમરો, રેલ્વેઓ, નેહેરો, એરશિપો, ખેતીવાડી, તથા ખાણો; એ બધા ઉદ્યોગો ખોલવાની આવસ્યકતા છે, અને તે સિવાય ભારતવર્ષનો ઉદય નથી."

સર બ્રાડલો: "સર્વ દેશોનો ઉદય એ ઉદ્યોગોની ખિલવણી ઉપર છે, પરતુ લોભગ્રસ્ત પુરૂષો લોભની જાળ બિછાવી તે માર્ગ ઉપર પ્રજામંડળને દોડાવી ફસાવે છે. એવા નરાધમોનાં હૃદય પથ્થર જેવાં કઠણ હોય છે. માટે તેમના મુખમાંથી જે ઉદ્ગાર નિકળે તેથી ઠગાતાં સાવધાન રહેવું. વળી લોભની મોહજાળ બિછાવનારા એવા પ્રપંચમાધુર્યત્વથી વાણી પ્રવાહ ચલાવે છે કે, તેના ફાંદામાં સર્વ ફસાઇ જાય છે. કેમકે તેમને ડૉળ ઘાલી

ઢોંગ કરતાં સારો આવડતો હોય છે. આવા નરોથી કાર્યની ઉત્પાદકતા અનર્થકર્તા છે પરંતુ એ કાર્યો, કર્તવ્ય સમજનાર પુરૂષોના હાથથી ઉન્નતિ ક્રમમાં મુકાય અને તેમા જે પુરૂષ કાર્ય ઉપાડે તેનામાં રહસ્યની ખાંચ ખુંચો સમજવાની શક્તિ હોય અને યોગ્ય તર્ક, ચિત્તશક્તિ અને નિયમિત્તતા ભરેલી દેખરેખ, અને તે સાથે સમય પરત્વે મળતી પ્રત્યેક તકનો લાભ લેવાની કાર્ય-વાહિની શક્તિ અને ઉત્સાહ હોય તો તે માટે પુરતું છે ”

વિદ્યાચતુર “ વ્યાપારમાં જોડાયા સિવાય કોઇપણ પ્રજાનો પ્રારબ્ધ માર્ગ ઉન્નત થતો નથી. પરતુ જ્યારે અધમ નરોના વર્તમાન મળે છે ત્યારે મનોવૃત્તિ પાછી હઠે છે કે એ માર્ગને કેમ ઉન્નત કરવો ? ”

સર બ્રાડલો: “ દિવાન સાહેબ, વ્યાપારી ઉપર છેક અશ્રદ્ધાવાળા પણ ન થાઓ બુદ્ધિવાન પુરૂષો કાર્ય ઉપાડે છે એમાં કંઇ તેઓ બદદાનતથી કાય કરે છે એમ કલ્પવુ શ્રેયસ્કર નથી. કેમકે સાહસિક પુરૂષો ઘુમે છે, તેમાં કેટલીક વખત સવળા પાસા પડે છે અને કેટલીક વખત અવળા પાસા પણ પડે છે. તેથી કાર્યને તજવું યોગ્ય નથી. જેને કાર્ય સોપો તે કાર્યદક્ષ હોવો જોઇએ એ સિદ્ધાંત સચોટ રાખો. ”

વિદ્યાચતુર: “ હાલમાં ચાલતા જન પ્રવાહમા કેમ માર્ગ લેવો તે સુજતું નથી, અને તેથી અમારૂ રાજ્ય હાલમાં કેટલાક ઉદ્યોગાર ભમાં સ્તંભ્યુ છે.”

સર બ્રાડલો “ જગતના વ્યાપારી ઉત્પાતે આપને સ્તંભાવ્યા હશે, પરંતુ યુરોપ, અમેરિકા, એસિયા અને આફ્રિકામાં પ્રારબ્ધને ઉન્નત કરવા શરાફો, દલાલો, એન્જીનીઅરો, કંટ્રાકટરો, વકીલો અને ઉચ્ચ બુદ્ધિવાન પુરૂષો પણ ફાંફાં મારી રહ્યા હોય છે. તેઓ ઉન્નતિ ક્રમમાં પ્રારબ્ધ રંગ ખિલાવે છે અને પ્રસંગ આવે અધોગતિમાં પડી ફસે છે, અને ફસાવે પણ છે. આમાં મુખ્યત્વે કરી બહુ લોભિયા હોય છે તેજ ફસાય છે. સામાન્ય બુદ્ધિશીળ વ્યવહારિક માણસો તો ડૂબતા નથી અને ડુબાડતા નથી. પરંતુ સત્ય કહીએ તો વ્યાપાર એટલેજ સાવચેતી રાખવાનું દારૂખાનું છે. એમાં ગાફેલ રહ્યા કે આગ લાગી અને વ્યાપારમાં એક વખત છક્કડ ખાધી ને આગ લાગી કે સર્વસ્વ બળીને ખાખ ! અસ્ત વ્યસ્ત, બીજો માર્ગજ નહિ.

વ્યાપારમાં મુખ્ય મુદ્દો એ છે કે જોખમદારીને વશ ન થવું. પણ જોખ
દારીને તાબે રાખવી. એ વ્યાપારની મહા કળા છે એ કળા ચુકાઇ કે
રહ્યું ! અદ્ધર હવામાં ઉડનારને કોણ ઝીલે ?

વિદ્યાચતુરઃ " અમે પણ એજ લક્ષણો ઉપર લક્ષ આપી પ્રજાને દો
ધારીએ છીએ. "

સર બ્રાડલોઃ " ના, તેમ પણ થઈ શકે નહિ. તેને તો ઉન્નતિક્ર
મુકવાજ દો. પ્રજાને ઘુમવા દો કેમકે જ્યારે આ દેશની પ્રજા, યુરોપની
પ્રમાણે ઘણી રીતે ઘડાશે ત્યારે તેને યોગ્ય શિક્ષણ મળશે. કેમકે વ્યા
કહો, ધંધો કહો, કે રોજગાર કહો, એ સમયના કાળચક્ર પ્રમાણે રીતિ રિ
બદલે છે. વ્યાપારનાં કાર્ય ગુપ્ત ભેદી રાખવાં પડે છે. તેમાં કેટલોક
દેખાવનો ભપકો અને ટાપટીપ રાખવી પડે છે. તેથી બાહ્ય દ્રષ્ટિથી
સ્વરૂપ દ્રષ્ટિગોચર થતું નથી, અને તેનું ગુહ્ય સ્વરૂપ દીર્ઘદ્રષ્ટિથી પરા
પેદા સિવાય આભાસ આપી શકે એમ હોતું નથી. એ સાથે એ
લક્ષમાં લેવાનુ અવશ્યનુ છે કે, નિપુણ વ્યાપારીઓનાં મગજો રોજ નવી
યોજનાઓના ઉત્પાદક હોય છે. તેમાની એકાદ યોજના જનમંડળને
બેસતી થઈ ગઈ તો તેના વિજયની પતાકા ફરકી રહે છે તેની ગણના
એમ નથી. આ પ્રમાણથી આપના ધ્યાનમા આવશે કે યોજના માત્ર ઘડવી
મૂર્ખતા છે, એ વિચારજ મૂર્ખતા ભરેલા છે. પરતુ યોજના અનુકૂળ પડવ
સંજોગો, પ્રમાણિકપણા ઉપર આધાર રાખે છે. "

વિદ્યાચતુરઃ " ત્યારે આપ એ સિદ્ધાંત ઉપર આવો છો કે પ્રજા
ઓને વ્યાપારમા દોડવા દેવો. "

સર બ્રાડલોઃ "હા, તમારી પ્રજાને નાસિપાસ ન કરતાં ઉન્નતિ માર્ગ
ધસવા દેવી. ફક્ત તેને નીતિનાં બંધનની જરૂર છે. પ્રજા વ્યાપારમાં ન
પડે ત્યાં સુધી યોગ્ય શિક્ષણ મેળવી શકશે નહિ. વ્યાપારનાં સકળ કા
કસોટી કહાડનારાં હોય છે. કાર્યદક્ષતા સાથે અનુભવની એમાં ખા
આવશ્યકતા છે. ન્હાનાં મ્હોટાં બજારો સર્વ કાળ સરખાં હોતાં નથી. મ્હો
વ્યાપાર સાથે ન્હાના વ્યાપારનો નિકટનો સંબંધ હોય છે. તે સંબંધ

બંધબેસ્તો કરી શકે તેજ વ્યાપારમાં જયવંત થાય છે. વળી એટલીજ આવશ્યકતા નાણાં બજાર અને વ્યાપાર સાથે લક્ષ આપવાની છે. બન્ને બજારો સાથે સરખાં ચાલતાં હોતાં નથી. એક બજાર તેજીમાં હોય ત્યારે બીજું મંદીમાં હોય છે. નાણાં બજારમાં સગવડ હોય છે ત્યારે માલના બજારમાં પ્રતિકૂળતા હોય છે અને વ્યાપારની તેજી મંદીમાં નાણાં બજાર એક સરખી સ્થિતિમાં હોયજ નહિ. એ લક્ષમાં રાખી દક્ષ પુરૂષોએ કળ વળથી કાર્યદક્ષ થવાની બુદ્ધિ વાપરવી એજ વ્યાપાર બુદ્ધિની કુનેહ છે."

વિદ્યાચતુર "અલ્પજ્ઞ જનો ખરે વ્યાપારે ન જતાં સટ્ટે ચઢી જાય છે તે માટે પ્રતિબંધક કાયદો કરવા વિચાર છે."

સર બ્રાડલો: "આપનો એ વિચાર સ્તુતિપાત્ર છે. થોડે નાણે મ્હોટો વ્યાપાર કરનાર લોભાઆઓને સટ્ટાનો માર્ગ સરળ લાગે છે. પરંતુ સટ્ટો જેટલો સહેલો છે તેટલોજ નાશ કરનાર ભયંકર શસ્ત્ર છે. કોઈ પણ વ્યાપારી ગૃહસ્થે એ માર્ગે જવું ઉચિત નથી. વ્યાપાર એ એક દિવ્ય જ્ઞાનમય વિદ્યા છે. જે મનુષ્ય ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાનનો વિચાર કરી એ વિદ્યાને સૂક્ષ્મ બુદ્ધિથી વાપરે છે તેને યારી દે છે એ વિદ્યા મૂર્ખાઓ કે સટોરીઆઓને પ્રાપ્ત થવી દુર્ઘટ છે ઉદ્ધતાઇથી વ્યાપાર કરવાથી વ્યાપારીની સ્થિતિ વિકટ થઈ પડે છે, માટ વ્યાપારી ગૃહસ્થોએ શાંત રહી ગંભીરતાથી વ્યાપારની કુંચી હલાવવી યોગ્ય છે. એ સૂત્ર લક્ષમાં રાખી આપના રાજ્યમાં સટ્ટાનો પ્રતિબંધ કરશો તો પ્રજાના હિતમાં હિતકર થશે."

વિદ્યાચતુર: "અમારી પ્રજા વ્યાપારી આલમમાં નામના કહાડે અને દેશ પરદેશ સાથે વ્યાપાર વૃદ્ધિ કરે એવી અમારી પવિત્ર ઇચ્છા છે."

સર બ્રાડલો: "યુરોપ, અમેરિકા તથા જાપાન આદિ દેશોમાં ઉદ્યોગો જે ધમધમાટ મચાવી સરસાઈ ભોગવે છે તેનું શિક્ષણ તમારી પ્રજાને આપો. તમારા સ્ટેટની મદદથી બેન્કનું સાધન કરી આપી નાણાની અનુકૂળતા કરી આપો. તે છતાં પણ પરદેશી બજારમાં પ્રવેશ કરવાને તમારે નામદાર બ્રિટીશ સરકારની મદદની જરૂર પડશે માટે તેમની મદદ લેજો. એ ઉદાર સરકાર તમને બનતી મદદ આપશે એવી મ્હારી ખાત્રી છે. પરદેશી

પ્રજા સાથે તમારી પ્રજાને વ્યાપારની હરીફાઈમાં ઉતારવા, દ્રવ્ય, કુશળતા, ચાંચલ્યતા, સદ્‌વર્તન, પ્રમાણિકપણું, સાહસિકપણું ઉન્નત કરવાની આવશ્યક્તા છે. તે સાથે સત્તાની મદદની અનુકૂળતાની જરૂર છે. તમારી પ્રજા જેમ જેમ સમુદ્ર અને પૃથ્વી ખેડશે તેમ તેમ કાળે કરી તેમને સર્વ સમ્પતિ પ્રાપ્ત થશે અને લક્ષ્મિ તથા વૈભવ તેમના દાસ બની રહેશે.”

વિદ્યાચતુર “સમુદ્ર અને પૃથ્વી પર્યટણ માટે અમારી પ્રજા માટે અમે માર્ગ ખુલ્લો કર્યો છે. અમારું સ્ટેટ સર્વ ભાર વહેવા ધારે છે. હવે એ ખર્ચ કેમ ઉભા કરવો એનાજ વિચારમા છીએ.”

સર બ્રાડલો “તમે જરા ઉદાર રહેજો. પ્રજાને નિપુણ થઇ વ્યાપારી થવા દો અને તમે તમારૂં રાજ્યત્વ સાચવો. તમારી પ્રજા ધનાઢ્ય થશે એ તમારૂંજ દ્રવ્ય વધે છે એમ માનજો જાપાનનો શેહેનશાહ મિકાડો એક આદર્શ નૃપતિ થઇ ગયો છે, એમાં લેશ પણ શકા નથી. ત્યા તો ખરો રાજા એજ કહેવાય છે. હમણાં હુ એની રાજ્ય વ્યવસ્થાનોજ અભ્યાસ કરી રહ્યો છુ. હવે તે પ્રમાણે ભારતવર્ષમાં વ્યાપાર, ખેતી અને હુન્નરની વૃદ્ધિ કરવાની યોજના તૈયાર થાય અને જાપાનની ઉન્નતિ જે રીતે થઇ તેજ રીતિ ગ્રહણ કરવામાં આવે તો આપની અને ભારતવર્ષની પ્રજા સુવર્ણગિરિપર આનંદ કલ્લોલ કરે.”

વિદ્યાચતુરઃ “વ્યાપારના સૂત્રોનુ સામાન્યપણે આજે ઠીક પૃથક્કરણ થયુ છે. પરંતુ અમારા સ્ટેટ સાથે ભારતવર્ષના વ્યાપારની ખાસ સકલના ગુથવી જરૂરની છે. જ્યાંસુધી પરદેશના બજારમાં ભારત વ્યાપાર કરતું નહિ થાય ત્યાં સુધી મહાન જય નથી. હુ જાણું છુ કે શેહેનશાહ મિકાડોએ ચાળીસ વર્ષમાં પ્રજાને વ્યાપાર અને હુન્નરને શિખરે ચઢાવી દીધી છે. આજે તે પ્રજા સુધરેલા દેશના હુન્નરને ટક્કર મારે એવી વસ્તુઓ બનાવે છે. ખેતી કરવામાં અને વિજ્ઞાન વિદ્યામાં જાપાનની પ્રજા નિપુણ થઇ રહી છે. તમે ગમે તે દેશનો માલ લાવી જાપાન મોકલો કે પછી ત્યાંથી તેનાજ જોટાનો તેવોજ માલ તમને સસ્તી કિંમતે મળશે. એ શુ બતાવે છે? મિકાડોની ભારે કાળજી અને પ્રજા વત્સલતાનો એ અચુક પુરાવો છે. અમારે પણ તેમજ કરવું ઉચિત છે. તમે મદદ કરજો.”

સર બ્રાડલો: હુ મ્હારાથી બનતી દરેક પ્રકારની મદદ આપવા તૈયારજ છું. વ્યાપાર વ્યવહારનો કાળક્રમ એટલો બધો આગળ ચાલ્યો છે કે, અમે ઈંગ્લેન્ડને એજ સલાહ આપી રહ્યા છીએ કે: "યુરોપની જૂદી જૂદી પ્રજા, કોલોનીઓ, અમેરિકા, અને જાપાન વ્યાપારમાં પૂર વેગે વધ્યાં જાય છે, તેનો પૂર પ્રવાહ ઈંગ્લેન્ડના વ્યાપારને ખંચાવશે, માટે ઈંગ્લેંડે વ્યાપારમાં આગળ વધવું જોઇએ. ઈંગ્લેન્ડ સાથે ભારતવર્ષને સાંધશો તો તમે જગત માત્રને વ્યાપારમાં થરથરાવી વ્યાપારી આલમમાં ચક્રવર્તિપદ ધારણ કરશો. ભારતવર્ષ ધન વૈભવમાં તાજુ થશે, પરંતુ જ્યારે અવર દેશો ધમ ધમાટ કરી ઈંગ્લેન્ડને પાછળ પાડવા યત્ન કરે છે, ત્યારે ભારત કે જે ઇંગ્લેન્ડનુ એક અંગ છે તેને ઉન્નતિમાં લાવી આગળીએ આંગળી ઝાલી ભૂમંડળમાં કેમ વીર હાક ન વગાડવી?"

વિદ્યાચતુર: "આપના વિચારને ઈંગ્લેન્ડના બુદ્ધિવાન પુરૂષો સંમત આપો. તથાસ્તુ."

સર બ્રાડલો: "ભારતના ઉદ્યોગની દરેક શાખા ખિલવવાની છે. તે કેવી રીતે ખિલવવી તે સબંધી જૂદી જૂદી યોજનાઓ રચવાની જરૂર છે, અને ભારત વ્યાપારમા કેમ ફાવતું નથી તેની ખાંચ ખુચો ચર્ચવાની આવશ્યકતા છે. તે અવકાશે વિચારીશુ.'

દિવાનજીની પાસે બેઠેલો રાજ્ય બારોટ આ સર્વ વિવાદ શ્રવણ કરતાં કરતાં સ્તબ્ધ જેવો થઈ ગયો હતો. તેનું મનન કરતાં કરતાં મગજ તંત્રને તાણી રહ્યો હતો. તેની મુખમુદ્રા ઉપર તિરસ્કારની છાયા પ્રસરી ગઈ હતી; અને આંખમાં દેશભક્તિ ઉભરાઈ રહી હતી. તેમના તરફ દિવાન સાહેબની દ્રષ્ટિ પડતાંજ બારોટે જરા ખુખારો ખાધો અને સ્ફુર્તિ આણી મુખકમળ ઉપર વિદ્યુત જેવી ચાંચલ્યતા દર્શાવતાં મુછના આમળા દીધા.

વિદ્યાચતુર: "કેમ બારોટજી, શુ વિચારમાં પડયા છો?"

રાજબારોટ: "બાપુ, હું તો આ બધી વાતચિત સાંભળી પુતળુંજ બની ગયો છુ."

વિદ્યાચતુર: "કેમ, એમ કેમ?"

રાજબારોટ: "આવા ઉજળા શંખ જેવા જણાતા દેશને પાયમાલ

કરનારા શંખભારતિ છે. એ જાણીને મ્હારી મગજતુલા તો ઉત્પાત કરી રહી છે. બાપુ, હદ, હદ, ભારતની દુર્દશા !!' આહા ! મ્હારા ભારત! ત્હારામાં વસનારાજ ત્હારા આ હાલ કરે છે ! "

વિદ્યાચતુરઃ "લક્ષ્મિનો લોભ એવોજ છે. બારોટજી! વ્યાપારી વર્ગ લક્ષ્મિનો દાસ છે. તેઓ લોભાંધ થઈ અનર્થના અનેક માર્ગ ઓળગે છે. તે નીતિજ્ઞ થાય તો સામાન્ય જન મંડળનું રક્ષણ થાય, વ્યાપારની વૃદ્ધિ થાય, અને દેશમાં ઘણી સરળતા થાય."

રાજબારોટ આંખથી વિદ્યુત જેવા ચમકારા મારતો લાંબા લાંબા હાથ કરતાં બોલ્યોઃ "બાપુ, મ્હારી વાણીના શસ્ત્રપ્રવાહથી તેમની શુદ્ધશાન ઠેકાણે લાવવા તૈયાર છુ."

વિદ્યાચતુરઃ "બારોટજી, અમારી વાતચિત દરમ્યાન આપે એ વિષય ઉપર કંઇ કવિતા બવિતા તૈયાર કરી છે કે શુ?"

રાજબારોટઃ "હા હા, બાપુ, આપ સાંભળો અને આપના સાહેબ પણ સાંભળો. બારોટોના ઝડાકા તો જૂવો."

સર બ્રાડલોઃ "બારોટજી, શ્રવણ કરાવો ત્યારે."

વિદ્યાચતુરઃ "ચલાવો બારોટજી."

એક, બે અને ત્રણ ખુખારા ખાધા અને રંગમાં ખિલેલા બારોટ શબ્દ પ્રહાર કરતાં કરતાં, લાંબા લાંબા હાથ કરી કવિતા ઉચ્ચારવા માંડીઃ

(કવિત.)

વ્યાપારીનો વેશ કરી, વ્હેવાર ન રાખે લેશ;
એવા વિવેક હીન, જનને ધિઃકાર છે.
વિવેક વિચાર તજી, વિહારી થઇને ફરે;
વિચરે વિનય રહિત, તેનો શો વિચાર છે.
પર દ્રવ્ય હરવાને, અહર્નિશ પાશ નાખે;
પ્રભુ તણા ડર તણી, જેને ન દરકાર છે.
કુટિલ કુકર્મો કરી, કાળી ટીલી માથે લે છે;
એવા કાળા મુખવાળા, કુડાને ધિઃક્કાર છે. (૧)

વિદ્યાચતુરઃ "શાબાશ, શાબાશ, બારોટજી શાબાશ."

રાજબારોટ—"અરે બાપુ, મીઠી મીઠી વાતો કરી જેઓ ભોળાઓને ભરમાવે છે તેમને માટે પણ જરા સાંભળોઃ

સાકરીઆ વાણી થકી, સત્ય રહિત વાતો કહી;
ઉલટ સુલટ સમજાવીને, સપડાવે છે.
માખણ બતાવે, તેમાં આપણ ન આવે લેશ;
ખોટી ખટપટ કરી, શાખને ગુમાવે છે.
કરોડોનુ ફડ્ડુ કરવા, કોટિ પોતે ઉધી બાંધે;
કરોડો કુભાંડ રચી કુડાં કર્મો બાંધે છે.
વિશ્વમાં વિશ્વાસ ખોઇ, માન પાન હીન થઇ;
વિગ્રહોની જાળ બાંધી, વિપત્તિને સાંધે છે. (૨)

રાજબારોટઃ "અરે બાપુ, કેટલાક લુચ્ચા વ્યાપારીઓ નવા નવા ફન્દના ફાસા તૈયાર કરી તેમાં બધાને ફસાવે છે તે સંબધી પણ સાંભળો." બારોટજીએ હાથના ચાળા કરતા ઉદ્દગાર કહાડયોઃ

ફંદો છંદો ઉધા બાંધી, ખધો થઇ બંદો ફરે;
અક્કલ વિનાનો અંધો, અંતે તો ફસાય છે.
અસત્યના ધંધામાંથી, સાર ક્યાંથી મળી શકે;
આખરે વિશ્વાસઘાતી, પૂરો વગોવાય છે.
લીમજી, ભીમજી, ને ખીમજી, ખટાઉ બની;
ખટપટો ભારે રાખી, ખટલા ઉપાડે છે.
લાલા માળાવાળા બની, ગળાં કાપી ગરીબોના;
આખરે વડીલો તણુ, નામને ડુબાડે છે. (૩)

વિદ્યાચતુર. "વાહ વાહ બારોટજી, પણ એવાઓ માટે શું કરવું ?"

રાજબારોટઃ "બાપુ, મ્હારે મન તો સહેલો સટ ઉપાય એજ છે કેઃ

અક્કલ વિનાના એવા, અંધાઓનો ઓઘો બાળો;
દેશમાંથી દુર કરવા, દુરાગ્રહ ધારોને.
પિંઢારા પિંજારા જેવા, પાપીઓને પુરા કરી;

ચળવળ પુરી કરી, રૂડી રીત બાંધોને.
વિવેક વિનય થકી, વહેવારીયા રીત ધારી;
વિશ્વના વેપાર બધા, વ્હેવારમાં લાવોને.
અંગમાં ઉમંગ લાવી, અનિતિના પાશ કહાડી;
રીતિ નીતિ રૂડી થકી, વ્યાપાર ખિલાવોને. (૪)

વિદ્યાચતુર: "બારોટજી ઠીક કરી પરંતુ હવે કરવું શું? શું વ્યાપાર ઉદ્યોગને મોઢે તાળું દેવું?"

રાજબારોટ: "બાપુ એમ તે થાય? થોડા કાળા મેઢા માટે દેશ ડુબાય? એ તો નીતિનો સૂર્ય ઉદય થશે કે પ્રપંચનું તિમિર નાશ પામશે.

"દેશ ને વિદેશ માંહે, વિચરો વિવેકે કરી,
વણજ વ્યાપાર તણી, પુરી ખોજ કાઢીને.
રીતિ નીતિ રૂડી રાખી, હિમ્મતથી હામ ધરો:
ચચળતા રાખી ચિત્તે, પુરી શાખ પાડીને.
દેશ ને વિદેશ મધ્યે, બધારણ બાંધો રૂડાં,
કુડા કૃત્ય કરવા તણા, સર્વ માર્ગ કાઢીને.
ન્હાના મોટા વાડા સાંધી, મહાજનનો સંઘ સાંધી;
વ્યાપાર વધારો આખા, વિશ્વમાં વિચારીને." (૫)

સર આડલો: "થેંકયુ મિ. બારોટજી!"

વિદ્યાચતુર: "વાહ વાહ, બારોટજી, ખુબ કરી."

રાજબારોટ: "બાપુ, અમે તો તમારાં રમકડા છીએ."

એટલામાં ઘડીઆળમાં સાડાનવનો ટકોરો થયો. ગુડબાઈ કહી બન્ને છુટા પડયા. અતિથિ, સૌંદર્ય ઉદ્યાનના પુસ્તકાલયમાં આવેલા નિવાસ સ્થાનમાં શયનાર્થે ગયો. તર્ક અને વિતર્કમાં પડેલા વિદ્યાચતુરે હૃદયમાંથી ઉદ્દગાર કહાડયો: "અહા, પ્રાચીન ભારત, ત્હારી અર્વાચીન ગણાતી પણ પ્રાચીન વ્યાપાર કળામાં નિપુણતા મેળવી તું જયવંત થઈ કયારે દિપશે? ઓ મારા ભારત પ્રદેશ! તું સુખ વૈભવના શિખરે હાસ્ય કરતું કયારે જણાશે?



પ્રકરણ ૮ મું.

સૌંદર્ય-ઉદ્યાનમાં અતિથિની રાત્રિ.

વિવિધ ચર્ચા કરી શ્રમિત થયેલો અતિથિ વિશ્રાન્તિ માટે શયન સ્થાનમાં ગયો. સૌંદર્ય ઉદ્યાન* આપણે નિહાળ્યું છે. એમાં આવેલા પ્રાસાદના એક ભાગમાં અતિથિનો ઉતારો હતો. સૌદર્ય ઉદ્યાન અને તેમાં આવેલા પ્રાસાદ-મેહેલ-ની વ્યવસ્થા પ્રધાન-પત્નિના હાથમાં હતી. તેમાં તે પ્રતિદિન નવલ નવલ ફેરફારો કર્યા કરતી હતી. પ્રધાન પત્નિએ પ્રાચીન સંસ્કૃત કવિઓની કલ્પનાથી લખાયલાં વર્ણનો ઉપર લક્ષ આપ., તેમની રસિકતાને અનુસરી તથા સાંપ્રત દેશકાળ સ્થિતિને અનુલક્ષી તેમા આર્ય વૈભવ માટે રચના રચી હતી; તેમજ પાશ્ચિમાત્ય પવનથી દેશમાં પડેલા સસ્કારો લક્ષમાં લઇ અગ્રેજી ઢબની રીતિ નીતિ અને બપકો ધ્યાનમાં લઇ પ્રાસાદને સર્વદેશી અનુકુળતામય બનાવી સૌંદર્ય-તાનો અધિદેવ બનાવ્યો હતો. બાળક કુસુમ, જે સ્થાનમાં વિકસી વિ-નોદ કરતી હતી, તે કરતાં આજે ઉદ્યાનમાં અને પ્રાસાદમાં વધારે સૌંદર્યતા અને ભવ્યતા વધી હતી. નવા અતિથિઓની સૂચનાથી અને નવીન નવીન ગ્રંથોના અવલોકનથી સારગ્રાહિ સામગ્રીઓ યથા સમયે સર્વને યથાયોગ્ય ભોક્તમાન કરાવાતી હતી. કુમુદના સંસાર તંત્રની છિન્નભિન્નતા થવાથી પ્રધાન પત્નિ ઉદાસીન જણાતી, પણ તેથી તેણે પોતાના

* સરસ્વતિચંદ્રના ૩ જા ભાગમાં સૌંદર્ય ઉદ્યાનનું વર્ણન છે.

કર્ત્તવ્યમાં ખામી આણુી નહોતી. પોતાના સર્વ કર્ત્તવ્યમાં પ્રાસાદ અને ઉદ્યાનને વિસરી ગઇ નહોતી. તેથી તેમાં ગ્રીષ્મ, વર્ષા, શરદ તથા હેમંતાદિ ઋતુઓમાં પ્રાત:કાળ, મધ્યાહ્નકાળ તથા સાયંકાળના વખતમાં રાત્રિની ચંદ્રિકા સમયમાં તથા અન્ધકારના સમયમાં હરવા ફરવા માટે નૌતમ અનુકૂળતા સચવાઈ રહી હતી. રાજ્યદ્વારી તેમજ સામાન્ય પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકોને લાભ લેવા લાયક અનુપમ સ્થાનો યોગ્ય રીતિએ રચી રાખ્યાં હતાં વિનોદ, વિહાર અને સુખ ભોગવવાની જેવી રચના હતી તેવીજ ચિંતા, શોક અને દુ:ખના ઉભરા કાઢવાના ખુણુાઓ અને ઝીણી ઝીણી ચિંતાઓના આપોઆપ ખુલાસા થઈ સમાધાન થાય એવા પ્રસંગોનાં સ્થાનો ગોઠવ્યાં હતાં. આવી રીતે ત્યાં સૃષ્ટિ ચમત્કારના ન્હાના મ્હોટા અનેક ચિત્તાકર્ષક દેખાવોનો બહોળો જમાવ કરેલો હતો. સૌદર્યતાને અનુલક્ષી ચકરીઓ, કુંજો, મંડપો, વેલો ચઢાવેલી પર્ણકુટીઓ, તથા હીંચકે હીંચવાનાં સ્થાનો યોગ્ય ક્રમમાં દિપતા હતા. ફુવારા, ઝરા, ધોધો, ન્હાનાં તળાવો વગેરે જળાશયના કૃત્રિમ દેખાવો મનોહર રીતિએ ઉભા કરેલા હતા અરણ્ય, મેદાનો, રેતાળ પ્રદેશના દેખાવો, પહાડ, પર્વતના ઉંચા અને કોતરના નીચા તથા ગુહાઓના ઉંડા કૃત્રિમ દેખાવો સૃષ્ટિ સાદર્યની અદ્ભૂતતાને ઉભરાવતા હતા એ સર્વની વ્યવસ્થા પ્રધાન પત્નિ કરતી અને તેમાં ઉત્તરોત્તર વધારો સુધારો કરવામાં શિથિલતા દર્શાવતી નહોતી. ઉદ્યાનમાં આવેલા પ્રાસાદમાં અતિથિ માટે ખાસ યોજના રચેલી હતી. પરંતુ આજે અતિથિ બે હતા, અને ગોઠવણવાળો ભાગ એક હતો. તેમની સગવડ કરવાનો ભાર પતિસહચારિણી પ્રધાનપત્નિને શિર આવ્યો. સમયાનુકૂળ ચતુર ગૃહિણીને કુમુદવાળા ઓરડાની સ્મૃત્તિ આવી. કુમુદ હાલમાં હાજર નહોતી તેમ હાલ આવે એવો સંભવ જણાયો નહોતો. તેથી ગોઠવણ કરવાની ઉતાવળમ પ્રાસાદના કુમુદવાળા ભાગમાં મુકામ અપાયો હતો. અતિથિના ખાસ ઓરડામાં મિસ ફ્લોરાનો સામાન જઈ પડયો હતો ત્યારે બીજા અતિથિનો સામાન કુમુદવાળા પ્રાસાદના ભાગમાં જઇ પડયો હતો. આ મુકામની વ્યવસ્થા કુદ્રતિ રીતે ગોઠવાઇ ગઈ હતી. એમ કરવામાં કોઇનો હાથ કે

કાંઈ વિચાર નહોતો. સેવકોને આજ્ઞા અપાઈ ને સેવકોએ ત્વરા ને ત્વરામાં ગોઠવણુ કરી દીધી હતી. આજે અતિથિ, કુમુદવાળા ઓરડામાં વિશ્રાન્તિ લેવા માટે ગયો.

સૌંદર્ય ઉદ્યાન અને આખા પ્રાસાદ-મહેલ-નું વર્ણન કરી કાળક્ષેપ કરવો જરૂરનો નથી. પરંતુ કુમુદના આશ્રમ ઠામમાં શી વ્યવસ્થા હતી, તે ઉપર સ્વાભાવિક દોડતી જીજ્ઞાસાને તૃપ્ત કરવા અવલોકન કરીશું તો અયોગ્ય ગણાશે નહિ.

ઉદ્યાનના મધ્ય ભાગમા આવેલા પ્રાસાદના પૂર્વ ભાગમાં કુમુદનો આશ્રય નિર્માણુ થયેલો હતો. મંડપ ભાગ ભવ્ય અને ઉંચી બાંધણીનો હતો. તેની પાછળ એક અગાશી હતી, અને તેની પાછળ ગુણસુંદરીને બેસવા ઉઠવાનો ભાગ હતો. કુમુદની સંસારી સ્થિતિ વિલક્ષણુ દશાને પામી ત્યાર પછી એ ઓરડામાં બે જાળીયાં પડાવી ગુણસુંદરીથી જ્યારે ઇચ્છા થાય ત્યારે નજર થઈ શકે એવી ગોઠવણ કરેલી હતી. બાંધણી ભવ્ય મનોહર તેમ શાંતિ ઉત્પન્ન કરે એવી હતી. તેમા પ્રાચીન અને અર્વાચીન બેના મિશ્રણની વ્યવસ્થા હતી. જે જોનારને અનુપમ લાગવા સાથે કુમુદના સૌભાગ્યકાળ તથા વૈધવ્યકાળ બેનું સ્મરણ કરાવતી હતી દ્વાર સ્હામુ ન્હાનો સરખો ફુવારો હતો. અને તેની આગળ પાછળ તુલસીનાં કુંડા ગોઠવેલાં હતાં પગથિયાં ચઢતાં જ દ્વાર ઉપર પ્રણવ મંત્ર ૐનુ સ્મરણ કરાવતો નખ્તો ટાંગેલો હતો. અંદરની રચના એક બાજુએ ભવ્યતા, રસિકતા, સૌંદર્યતા અને સુઘડતાનુ ભાન કરાવતી ત્યારે બીજી બાજુએ સુચિ, શુદ્ધિ, શાંતિ તથા યોગ વિભૂતિનુ ભાન કરાવતી હતી. મનોહરતા અને વૈભવનાં ઘણાં સાધનો આ ઓરડામાંથી ખસેડયા હતાં. પરંતુ કુમુદની બાલ્ય કાળની અથઇતિ દ્રષ્ટિગોચર થાય તેવાં સર્વ ચિહ્નો તેણે સંઘરી રાખ્યાં હતાં. દ્વારમાં પેસતાં જ વિદ્યાચતુરનો ફોટોગ્રાફ ગોઠવેલો હતો. અને તેના સામુના દ્વાર ઉપર ગુણસુંદરીનો ફોટોગ્રાફ મૂકયો હતો. એક બાજુએ બાલ્યકાળના બધા ગુજરાતી અને અંગ્રેજી પુસ્તકો સફાઈથી ગોઠવ્યાં હતાં. અને તે સાથે બાલ્યકાળની કુમુદની, કુસુમની, સરસ્વતિચંદ્રની તથા બુદ્ધિધન

આદિ પોતાના સ્વસુર પક્ષની તથા બીજી સખીઓની અને પરિચયમાં આવેલા આમ જનોની છબીઓ હતી. બીજી બાજુએ ગેરૂથી રંગેલે કપડે બાંધેલાં સંસ્કૃત પુસ્તકો અને તે તરફ મહાત્મા વિષ્ણુદાસ, રાધોદાસ, વિહારપુરી, ચંદ્રાવલી મૈયા, મોહિની મૈયા, બિંદુમતી, ભક્તિ મૈયા વગેરે ભક્ત જનમંડળના ફોટોગ્રાફ હતા. તે તરફ એક સોફા ઉપર મૃગચર્મ અને ઉનનું વસ્ત્ર પડેલું હતું. તે સોફાની સ્હામુ સર્વાંગ ચિત્રેલી પ્રમાદધનની છબી અને તેની પાસે કુમુદની હાથ જોડી કંથાધારી ઉભેલી છબી ગોઠવેલી હતી. સઘળી છબીઓ ઉપર રક્ત રંગનાં રેશમી કવરો ઢાંકેલાં હતાં.

આ સર્વના મધ્ય ભાગમાં અતિથિ સારૂ ટેબલ ખુરસીઓ તથા બીજો જોઇતો અસબાબ ગોઠવ્યો હતો. અને સુવા સારૂ પગથીઆંવાળો છત્ર-પલંગ ઉભો કરી આપ્યો હતો. ઓરડાના બીજા ભાગમાં ન્હાની મ્હોટી ઉપદેશની કહેવતો તથા શ્લોકો કુમુદે સ્વહસ્તે સુંદર અક્ષરે લખી ટાંગેલા હતા તે જ્યાંના ત્યાં હતા. લાઇટ પૂર દમામથી ઝગઝગી રહી હતી.

શ્રમિત થયેલો અતિથિ શૈયા ઉપર પડયો. ઘટિકા માત્ર આંખો વિંચી શ્રમને શાંત પાડયો. ચક્ષુઓ ખુલતાંજ પ્રાસાદની ભવ્યતા ઉપર દૃષ્ટિ ગઇ. ત્યાંથી બારીમાં અને બારીમાંથી ઉદ્યાનમાં પડી. આ સમયે અનુપમ સૌંદર્યતાથી નભમંડળને આનંદમય કરી રહેલો ચંદ્ર પૂર્વ દિશાની ક્ષિતિજ રેખાથી કેટલેક ઉંચે ચડયો હતો. તેનાં કિરણો ઉદ્યાનમાં અને પ્રાસાદના ઘણા ભાગમાં વાંકાં ચુંકાં થઇને જઇ શકાય ત્યાં જઈ ચૂકયાં હતાં. ઉદ્યાન અને રત્નનગરીના માર્ગ ઉપર પ્રકાશ પાડીને અંધકારની મહત્તાને નષ્ટ કરી, લીલા છમ વસ્ત્ર સજેલી મેદિની ઉપર સ્ત્રીના અંગને ન ઢાંકે અને ન પ્રત્યક્ષ કરે એવી ઝીણી મલમલની મ્હોટી ચાદરની પેઠે ઢંકાતી ચંદ્રિકા, સૌંદર્યતા દર્શાવતી, ચતુર રસિક જનની આંખને અણુસારા કરતી આનંદ કલ્લોલ કરી રહી હતી. તેની સૌંદર્યતાને નિહાળતો નિહાળતો અતિથિ શૈયામાં બેઠો થયો. તેની દ્રષ્ટિ એક લેખ ઉપર પડી.

भोगाभोग विलोप कोप कलहैरस्तोक [illegible] ।
कामं काममकाम धाम समय योगं वियोगानुगम् ॥

रोगोद्गार विकार पाक विषमं निर्मूल्य नेत्र व्यथाः ।
सेकं मोक्ष फलस्य संशय तरोहे कं विवेकं नुमः ॥

"ભોગના વિસ્તારનો જેના વડે વિનાશ થાય છે. ક્રોધ કલહ વડે ઘણા શોકથી જે વ્યાપ્ત રહે છે, જેનો સમય સંયોગ છતાં વિયોગ સહિતજ છે, જેનુ પરિણામ પ્રકટપણે રોગ વિષમ વિકારરૂપ છે, તેવા કામને જે મૂળમાંથી ઉખેડી વિષય વ્યથાને દૂર કરી નાંખે છે. અર્થાત્ એનું ફળ મોક્ષ છે. વિષય સુખમાં દુઃખનો તર્ક કરવા રૂપ વૈરાગ્ય વૃક્ષનાં મૂળને જે જળ સિંચન સમાન છે એવા એક વિવેકનેજ અમે નમસ્કાર કરીએ છીએ."

કુમુદે સ્વહસ્તે લખેલા લેખ ઉપર દૃષ્ટિ પડતાં અતિથિ ચમક્યો. અંતઃકરણમાં છુપાયલા ઘાએ પ્રત્યાઘાત કર્યો. હૃદયે ઉછળવા માંડયું, અને ઉછળેલા હૃદયમાંની જિજ્ઞાસાયે એને ઉઠાડયો. લેખની પાસે ગયો. એક બે અને ત્રણ વાર લેખ વાંચ્યો. પ્રિયાના મનોહર હસ્તાક્ષરથી પ્રિયાનું સ્મર્ણ તાજુ થયુ. વિચારમાંથી મન વિકારમાં ગયુ. લેખ તરફની દૃષ્ટિ નીચે પડતાં આગળી કથા દૃષ્ટિએ પડી. કંથા ઉપર હાથ લંબાવ્યો. તેને ઉંચી કરતાં બે હાથ જોડી પવિત્રતાનો સંસ્કાર જણાવતી, ઉદાસીનતા ધારણ કરેલી કુમુદની કંથાધારી છબી દૃષ્ટિએ પડી. છબી જોતાંજ મુખનુ નૂર ઝાંખુ થયું. વિવર્ણ થઈ ગયેલો અને બ્હીલો બનેલો અતિથિ નીચુ જ જોઇ રહ્યો. અંતઃકરણમાંથી ખેદ ભરેલો દીર્ઘ નિશ્વાસ વહી રહ્યો. કુમુદસુંદરી સાયે પોતાની આગલી વર્તણુકનું ભાન થતાં નખશિખ સુધી કમ્પી ઉઠયો. તેની નીચે બીજો હસ્ત લેખ હતો તે વાંચવા લાગ્યો:

ज्वलतु गगने रात्रौ रात्रावखण्ड कलः शशी
दहतु मदनः किंवा मृत्योः परेण विद्यास्यति ।
ममतु दयितः श्लाघ्यस्तातो जनन्य मलन्वया
कुल ममलिनं नत्येवायं जनो नच जीवितम् ॥

"ચંદ્ર, ગગનમાં રાત્રિએ પૂર્ણકળામાં પ્રકટો ! મદન મ્હને બાળી નાંખો ! મૃત્યુથી વધારે તે એ શું કરવાનો હતો ? હું તો મ્હારા શ્લાઘ્ય તાતને, વિમળ વંશની જનનીને, અને વિમળ કુળને દયિત ગણું છું. તેના

આગળ મારો પ્રિયજન પણ દયિત નથી, અને આ મારૂં જીવન પણ દયિત નથી " (ભવભૂતિ).

આ લેખ વાંચતાં વાંચતાં અતિથિ ઉંડા વિચારમાં પડયો. મસ્તિકમા પૂર્વ સબધના અનેક વિચારો તરવરવા લાગ્યા. તે વિચારતાં વિચારતાં મુખ દીન થઈ ગયુ અવલોકન કરનાર શક્તિની જિજ્ઞાસાએ આગળ ચાલવા માંડયું અતિથિએ પાસેના તખ્તા ઉપરનો ગલેફ ઉચો કર્યો. ગલેફ ઉંચો થતાંજ તેની નીચે પ્રમાદધનનુ સર્વાંગ ચિત્ર દષ્ટિએ પડયુ. ચિત્ર જોતાંજ અતિથિ દિગમુઢ થઈ ગયો તેનુ મુખ મ્લાન ગરિબડુ બની ગયુ અંતઃકરણ ઉંડા નિઃશ્વાસથી ભરાઇ ગયેલુ ડસડસી રહ્યું છાતીએ હાથ મકી પૂર્વ જન્મને સ્મૃત્તિમાં તાર્કત કરતો હોય તેમ છબીને જોતો જોતો આવેશમા આવી ગયો. હૃદયના ચિરાઇને કટકા થતા અનુભવવા લાગ્યો. છબી નીચે હસ્ત લેખ હતો:

દ્રુત વિલંબિત છંદ.

જગત ચક્ર ભલે અટકી પડે, અરિત ને ગૃહ વાયુ ભલે ખટે.
ધર કરે ક્ષરતા જઈ અક્ષરે, પણ પતિ પરણી ન સતી ફરે.

(ઇંદ વધ આખ્યાન.)

पतिर्हि देवो नारीणां पतिर्बन्धुः पतिर्गतिः ।
पत्युर्गति समा नास्ति दैवतं वा यथा पतिः ॥

" પતિજ સ્ત્રીઓના દેવ, સખા અને ઉત્તમ ગતિ ગણાય છે. સ્ત્રીઓને પતિના જેવો આશ્રય અથવા દૈવત (બીજુ) નથી. "

"સ્ત્રીનુ સર્વ સૌભાગ્ય અને પરમતત્વ પતિમાં છે." અતિથિએ છબી ઉપર એક બે ત્રણ એમ અનેકવાર દષ્ટિ કરી સ્થભિત થઈ ગયો. લેખ વાંચતાં જ ચંદ્રિકાના તેજ પેઠે કુમુદની મનોનિગ્રહની ઉજ્વળતાએ છાપ પાડી. અને તે વિચારતાં વિચારતાં તો મનોભાવનામાં કુમુદની શિયળ રક્ષિણી બુદ્ધિએ જય મેળવ્યો. પરાજય પામેલો અતિથિ વિલક્ષણ દશાને અનુભવતો આંસુ વર્ષાવવા લાગ્યો. આંસુની ધારા અટકી જ નહિ. વળી

જિજ્ઞાસાએ તરફડીયાં માર્યાં. કુમુદની કંથાધારી છબી નિહાળતાં વૃત્તિ ગઈ. છબીને હાથમાં લીધી અને તેની પાસેજ સૌભાગ્યના સાદા પણ સફાઇ ભરેલા અલંકારોથી અલંકૃત થયેલી કુમુદની મુગ્ધાવસ્થાની બીજી છબી હતી તે લીધી. હૃદય–પ્રીતિના બળે હૃદયને ધડકાવી મુક્યું. મસ્તિકને ધમધમાવી નાખ્યું, મનને બેબાકળું વિહ્‌વળ બ્હિલું બનાવી દીધુ. મનની વેદનામાં ને વેદનામાં બન્ને છબીઓને નિહાળતો નિહાળતો અતિથિ ટેબલ પાસે ગયો. ટેબલ ઉપર બન્ને છબીઓને એક બીજા સામુ ગોઠવી. અને પ્રત્યેક પ્રત્યેક અંગને એક બીજા સાથે સરખાવવા લાગ્યો. કુમુદની મુગ્ધા વયની મનોહરતાની છાપ પાડતી છબીને નિહાળતાં અને સ્મર્ણ કરતાં પૂર્વ સબંધ સ્મર્ણમાં તાજો થયો. પ્રેમ વેલડીએ કરેલી પ્રેમ ચેષ્ટાનો અંતરસાક્ષી આતો બન્યો. દૈન્ય મુદ્રાથી ઘટિકા પર્યંત છબી સામું નિહાળી રહ્યો. પોતાની જાત ઉપર ક્રોધ કરી, ભૃકુટિ ચ્હડાવી પગ ઠબકાર્યો. ધિક્કારના અનેક ઉદ્‌ગાર કહાડનાં જાત ઉપર તિરસ્કાર વર્ષાવ્યો. દુષ્ટ સંગતિ ઉપર અનેક ફિટકારના ફટકા માર્યા. કેટલીકવાર સુધી બોલ્યા ચાલ્યા વિના, હાલ્યાવિના, સ્તબ્ધ રૂપે પોતાના ચિરાના હૃદયની ચીસો અનાહત નાદ પેઠે સાંભળતો બેબાકળો થયો હોય તેમ મૌન્ય ધારી રહ્યો. નેત્રોએ આંસુનો વર્ષાદ વર્ષાવવા માંડયો હતો તે હજી અટકયો નહોતો. ઇષ્ટ મૂર્તિની છબી નિહાળતો નિહાળતો ધરાતો નહોતો. તેની તરફથી નયનને નિવૃત્ત કરવાની હૃદય શકિત રહી નહોતી. દુઃખિત અંતઃકરણની ગુહાના ચિરામાથી ધ્વાન થયો:

"અરેરે! મ્હે એને બહુ વિતાડયું મ્હારે લીધેજ એના આ હાલ થયા છે. એને માટે શું કરૂં? મ્હે મ્હારે હાથેજ મ્હારી આભ્યંતર સ્થિતિ બગાડી છે. મ્હેં દુષ્ટે અમૃત વેલીમા વિષનો સસ્કાર કરી તેને ભસ્મીભૂત કરી મુકી છે. હું દુષ્ટ છુ. હું નિર્દય છું. હુ કૃતઘ્ન છું. ખરેખર મ્હનેજ ત્હારા ગુણોની પરીક્ષા ન આવડી. જે કાળમાં રસિકતાની અજમેલી રસધર્મથી રગવા આવી ત્યારે મ્હેંજ તેનો અનાદર કર્યો. અમૃતનો પ્યાલો હાથમાં આવેલો ફેંકી દીધો. હવે તેને લેવા આ મૂર્ખ મન વૃથા તલપાપડ થાય છે. ત્હને તે અધિકાર શો? અરેરે, મ્હે તે એવાં શાં પાપ કર્મ કર્યાં

કે આવી મહાદેવી જેવી મનોહરાને દુઃખી કરવાને બુદ્ધિ સુજી. અરેરે, **पूर्वे दत्तेषु या कन्या.** પૂર્વે દત્તે મળી પણ ભોક્તા ન થવાયું." અંતઃકરણમાંથી ઉંડો નિશ્વાસ બહાર નિકળ્યો તે સાથે જરા બબડયો.

> **क्रतु धनाना फल मग्र्य माहुः ।**
> **फलं क्रतूनाम विवाद्रि पुण्यम् ॥**
> **पुण्यस्य पूर्णं फल मिन्द्र लोको-**
> **द्विरष्ट वर्षाः स्त्रिय एव नाकम् ॥ १ ॥**

"ધનનું મુખ્ય ફળ યજ્ઞ યાગ કરવો તે છે. યજ્ઞનું ફળ સુંદર ઉત્તમ પુણ્ય થાય તે છે. સારા પુણ્યનું ફળ સ્વર્ગ છે અને સ્વર્ગ પામવાનું ફળ સુંદર સ્ત્રી છે. ખરેખર, ક્રૂર રાક્ષસ તે હુંજ છુ. મ્હારા જેવો બીજો મૂર્ખ કોણ? અરેરે, દુષ્ટ હૃદય, ત્હને તે કોની ઉપમા આપુ!"

> **विकसति सहकारे दुःसहे कर्णिकारे ।**[1]
> **मधुकर परिहारे पस्मिते सिन्धु वारे ॥**
> **अहह विरहभीत्वा कामिनी कण्ठ लग्नां ।**
> **त्यजति नववसन्ते हन्त कापालिकः कः ॥**

જેમ જેમ છબીને નિહાળવા લાગ્યો તેમ તેમ પ્રેમાળ પત્નિના પૂર્વ પ્રેમ સ્મર્ણે તેના મનના મર્મને અણુચિન્ત્યા વલોવવા માંડયા. તજેલી પ્રીયાના કુતૂહલો સ્મર્ણમાં સ્ફુરી રહ્યાં અને પ્રિયતમાએ પ્રથમ અવસ્થામા રસ અને ઉત્સાહથી આંખને, કાનને, અને હૃદયને જે રસિકતા અનુભવાવી હતી, તે રસનો ફુવારો હૃદયમાં જોર ભેર ઉડવા લાગ્યો. રસજ્ઞતાના અમૃતની મહત્તાને અનુભવવાની શક્તિવાળી પ્રિયાંગના સાથે જે વિલાસ અનુભવ્યા હતા તે ચિત્ર અતિથિના હૃદયમાં તાદશ્ય ખડું થયું. પ્રેમ અનુભવના ચમત્કારને જેમ જેમ સ્મર્ણમાં અનુભવતો ગયો તેમ તેમ વિરહ અગ્નિની

---

૧ જે સમયે આંબાનું વન પ્રફુલ્લિત થયેલુ છે, ભ્રમરનો ત્યાગ કરનારા પણ પુષ્કળ વિકસ્વર થયેલા કણેરના વનને નિહાળી સિંધુવાર (નગોડના વૃક્ષ) નું વન પ્રફુલિતપણે હસે છે, તે સમયમાં વિરહના ભયથી કંઠે વળગેલી કામિનીને શું કાપાલિક પણ ત્યાગ કરી શકે?

જ્વાળા રોમાંચને ખડાં કરી નખથી શિખા પર્યંત ફરી વળી. પ્રેમ અગ્નિની જ્વાળાથી સપડાયલા અતિથિના હૃદયમાં આ ભીષણ વેદનાનો આઘાત થયો. અને ક્ષણે ક્ષણે તેના હૃદયમાં વિચાર પ્રબળ થવા લાગ્યા. તેણે પ્રિયાંગનાની બન્ને છબિ ઉપર દૃષ્ટિ ફેરવી. ત્યાંથી પ્રાસાદની છત ઉપર નાંખી. ત્યાંથી નૈશ આકાશ તરફ નાંખી, ઘણી વાર સુધી સ્થિર નેત્રે જોઈજ રહ્યો. ભૃકુટીને વક્ર કરી કંઇક વિચારીજ રહ્યો.

અંતઃકરણમાંથી ધ્વનિ નિકળ્યો. " આહા, આ શું ! પિતાના ભયથી સુવર્ણપુરનો ત્યાગ શો ? સમુદ્રમાં પડવું શું ? તેમાંથી સ્ટીમર ઉપર જઇ બચવું શુ ? ત્યાં મિ. ડબલ્યુ સી. ફૅાસેટ સાથે સબંધ શો ? ગ્રિવ્સ કૅાટનના ભાગીઆનો મેળાપ શો ? લંડનમાં જવું શું ? ઉદ્યોગ હુન્નરની સીમાને અવલોકવી શી ? યુરોપ અને અમેરિકાનુ પર્યટન શુ ? જાપાનમાં કોબેમાં જવું શુ ? આ નવા પ્રયાણનો આરંભ શો ? પ્રીયાનો કલહ શો ? તેના પ્રેમની વેદના શી ? અરેરે, આભ્યંતરથી ભ્રષ્ટ થયેલો, અનઅધિકારી થયેલો, અધિકારથી તરછોડેલીને કયાં શોધવા નિકળ્યો છે ? ખરેખર, લગ્ન બંધનના પ્રેમની સત્તા અનિવાર્ય છે. અરે, પણ તે કયાં અને કેવી રીતે સત્તા ચલાવે છે ! હવે આ પુનર્જન્મ છે. હા, પુનર્જન્મમાં ગત જન્મના અધિકારની સત્તા શી ? કર્મના અનુલ્લંઘનીય નિયમની સત્તા તુટી શકે એવી નથી. મનુષ્ય જેવાં કર્મ કરે છે તેવાં કર્મનું ફળ તેને પ્રાપ્ત થાય છે. આકડો વાવનારને આમ્ર ફળનો લાભ મળતો નથી, કૌવચ વાવનારને મોગરાનો લાભ મળતો નથી. બાવળ વાવનારને શૂળો ભોકાયા સિવાય રહેતી નથી. દુષ્ટ કર્મ કરીને સુખાનુભવ પ્રાપ્ત કરવાની આશા રાખનારની આશા કોટી કલ્પે પણ સફળ થતી નથી. કર્મ પોતાના યોગ્ય અથવા અયોગ્ય પ્રકાર પ્રમાણેજ સુખ અથવા દુઃખનાં ફળને પ્રકટાવે છે. આ નિયમાનુસારે મ્હારા કુત્સિત કૃત્યોને લીધેજ હું પિતાજીથી તજાયો છું. વડીલ જનોએ મ્હને કલંકિત ઠરાવ્યો છે. જગત જનોએ મ્હારી નિંદા કરી છે. પ્રીયાની પ્રીતિથી ભ્રષ્ટ થયો છું. આપ્ત જનોમાં મહા દુઃખાગ્નિ પ્રકટાવ્યો છે. તે દુઃખાગ્નિની માતા આહૂતિ થઈ છે. આહા, માતા, પવિત્ર માતા, ત્હારો બદલો શી રીતે વાળીશ !" એક ભીષણ

નિઃશ્વાસનો મહા આઘાત નિકળ્યો. અને શ્વાસ સાથે પાછો મનમાં સમ્યે પણ હૃદય ગુહામાં મ્હોટી ફાટ પાડી અતિથિને સ્તબ્ધ કર્યો. તે મૌન્ય ધારી ઘટિકાની ઘટિકા સુધી ડુસકુસી બેસી રહ્યો. વળી પ્રીયાંગનાની છબી ઉપ દૃષ્ટિ પડી. તેની ભગ્ની કંથાએ મનમાં ઉલ્કાપાત ઉત્પન્ન કર્યો: “ અરેરે મ્હારા જેવો કૃતઘ્ન કોઇ નથી. સ્વામી ભક્તિ પરાયણ સાધ્વી, ત્હારી પ્રીતિનો બદલો વાળવો તો રહ્યો, પણ ત્હારી પ્રેમ ભરી ભક્તિનો અનાદર કરી ત્હને જે દુઃખ આપ્યું છે, તે મ્હારાં દુષ્ટ કૃત્યોથી ત્હારા મનને કેટલુ દુઃખ થતુ હશે ? ત્હારા કોમળ હૃદય ઉપર કેટલા ચિરા પડયા હશે ? ત્હારી સુશીલતાને કેટલુ ઓછું લાગ્યું હશે ? ત્હારી રસજ્ઞતાને કેટલો ધોક્કો પહોચ્યો હશે ? ત્હારા કલ્પેલા સુખની અભિલાષાઓ કેટલી બધી ઉધી વળી હશે ? પ્રેમ બંધનથી બાંધવા ધારેલા ત્હારા કેટલા કાલ્પનિક કિલ્લા તુટી ગયા હશે ? અને જ્યારે મ્હારા અવસાન કાળના સમાચાર મળ્યા હશે ત્યારે ત્હને જીવવું કેવું અળખામણું લાગ્યુ હશે ? ત્હારા દિવસો કેમ જતા હશે ત્હારા જેવી પ્રેમાળ પ્રેમદાના અંતઃકરણને કાળી નાગ જેવા મ્હેં ડંખ માર્યા મ્હે અવિચારે અનાદર કર્યો ! અરેરે, બાહ્યાભ્યંતરથી ભ્રષ્ટ થયેલો હવે ત્હને મળીને પણ શુ કરનાર છુ ? જોવું અને રોવું, એમ કરવામાં સાર શુ છે? મુવેલાને જીવતો મનાવવામાં લાભ શો ? બાહ્યાભ્યંતરથી ભ્રષ્ટ થયેલાને જીવતે. જાણી જીવતી મહા દુઃખી થાવ તે થવા દઇશ નહિ. અગમ્ય વેશે છુપો છુપો ભટકીશ, અને મ્હારા હૃદયમાં ઉત્પન્ન થયેલા પ્રીતિના સંસ્કારને ઉત્તરોત્તર ઉન્નત કરી તેની અગ્નિ જ્વાળામાં બળી મરીશ.”

હાલ્યા ચાલ્યા વિના ઘડીકવાર સુધી જોઇ રહ્યો. સ્તબ્ધ થયેલા મૌન્ય હૃદય ઉપર ચિરા પડયા તેના અનાહત નાદે નેત્રમાંથી અશ્રુધારા વર્ષાવવા માંડી.

ઇષ્ટ પ્રતિમા ભણી વાંકો વળી તેને સંબોધિને બોલ્યો: “ આ હૃદય જો. ત્હારા ત્યાગથી મ્હને જરા પણ શાંતિ નથી. અરે, એ હું કોને જણાવું? મ્હારા સુખ દુઃખની ભાગીયણ પત્નિને મ્હેંજ દુઃખી કરી છે. મ્હેંજ મ્હારો અધિકાર ઉંધો વાળ્યો છે. હૃદય કોને બતાવું ? કોને બતાવું ? ” હૃદય ગુહામાંથી એવો ધ્વનિ થયો અને તેના ચિરામાંથી નિકળતા નિઃશ્વાસ સાથે કંઠ જોડાયો:—

શિખરણિ વૃત્ત.

" કથૂ કેવી રીતે કઠિન કૃત્યો મુજ (અવળાં) અવનવાં;
પુરા કુડા દીસે, અધમ ધર્મોથી અભિ ભર્યાં.
પડ્યા પાસા ઉંધા, હૃદયગત વાતો રદ થઇ;
પડી ભાંગી આશા, દિવસ થકિ જે તૂં દુર ગઈ.
મ્હારે દુષ્કર્મે, પુરી પુનિત બાજી રદ થઇ;
ખરે મ્હેં ખોઇ છે, સગુણ મણિ માળા સુખે થઇ.
અરે મ્હેં પાપીએ, પરમ દુઃખ દીધું વિણ દયા;
સદા જેણે મૂને, અતિ સુખ તણા આશ્રય લહ્યા.
હવે નીત્યે રહે છે, નયન તુજ વીના જળ ભરી,
તુટી મારી આશા, અધવચ ગયાં સુખ વિખરી.
પુરો પીડાયો છુ, પુનિત તુજ પ્રેમે ટળવળી;
તજી યુવા મધ્યે, ભર રસ ભરેલી રસ કલી.
હવે આ સંસારે, વિકટ પુરૂં ત્હારૂં મિલન છે;
પ્રિયા પ્રેમી તારા, વિરહ થકિ સારૂં મરણ છે.
પડયા હૃદયે ચિરા, પરમ દુઃખ કેરા અવનવા;
બતાવું રે કોને ? તુજ વિના ધરે કો મુજ દયા.
અરે આ સસારે, કવણ મૃદુ શબ્દે સુખ કરે,
વિના ત્હારા મ્હારી, કવણ ચિત ચિંતા દુર કરે.

આ સમયે પ્રાસાદની ગચ્ચીમાં પડતા જાળીયાં આગળ એક દિવ્ય દેહલતા લપાઇ લપાઇને કંપતી જણાતી હતી. આશ્ચર્યથી ચકિત થયેલી દેહલતાનું હૃદય ઉદ્વેગથી પરિપૂર્ણ, છલ્લાછલ ઉભરાઈ ગયુ હતું. શૂન્ય હૃદય-વાળી જડભરત પેઠે ઉભી રહી. આંખને ફેરવી શકતી નહોતી. તેના હૃદયમાં શું ભાવ ઉત્પન્ન થતો હતો તેની તેને સમજ પડતી નહોતી. ઉચ્ચ અભિલાષાના તરંગો હૃદય સાગરમાં ઉછળવા લાગ્યા. હૃદય તરંગોમાં નૌકાની પેઠે દેહલતાની અધિદેવી હિંડોળા ખાવા લાગી. તેના મર્મ ભાગને ખેંચી કહાડવા લાગી, અને અનેક તર્ક વિતર્કથી રૂંધાયલા અંતઃકરણમાંથી

આંતર મર્મના ચીરાઓની અસહ્ય વેદનાએ તેને બાબરી બનાવી દીધી. તેણે મગજમાંથી હૃદયમાં અને હૃદયમાંથી મગજમાં કપિની પેઠે કુદકારા માર્યા. કપિ-ઘા ન્યાયે આંતર ઘાને વિસ્તીર્ણ કરી નાખ્યો. હૃદય ઘાએ દેહલતાને કંપાવવા માંડી. તેના વિકારને અનુભવતી નખ શિખ સુધી થરથરવા લાગી. તે બેબાકળી બની, ભય વ્યાકુળી બ્હીલી થયેલી, વિચલિત ચિત્તથી સ્થિર દ્રષ્ટિએ જાળીયામાંથી લપાઇ છુપાઇને જોવા લાગી. કાન માંડીને સાંભળવા લાગી. વિચિત્ર દેખાવે શંકા આણી. પરિચિત અવાજે મન ખેંચ્યું. બુદ્ધિ-દિપકવડે અંધકારમાં રહેલી આશાને સ્પષ્ટ કરવા લલચાવી. તેના હૃદયના ચીરામાંથી મહા યત્ને થોડુંક બોલાઇ ગયું.-“પ્રભુએ મ્હારૂં જીવન તે કેવું ઘડયું હશે ? હજુ આ દેહને શુ શું સંસ્કાર થવાના હશે ? ”

આંતર ઉર્મીને આશાનાં કિરણ મળવાથી સતેજ થયેલા કાન જાળીયા સાથે જડાયા અને તેમાં ધીમે ધીમે ધ્વનિ જવા લાગ્યો. તેના અર્થભાવે હૃદયમાં ભરાવા માંડયું અને ઉભરાવા માંડયું. કાનમાં અવાજ આવ્યો:-

“મને બેળે બેળે, સ્વજન ગણી પ્રીતિરસ ભર્યો;
ખરે મે મુર્ખાએ પુનિત રસને વિષજ કર્યો.
હવે કોની સાથે મુજ હૃદયનું દુઃખ જણવું ?
મને કીધું નક્કિ, તુજ જપ જપતાંજ મરવું.

આર્ય મહિલાના આંતર ધર્મમાં ધ્વનિ થયો:-“ અરેરે ! એવું ના કરતા. ” દયાની અધિદેવીને દયા આવી.

“પુરા પ્રેમે નિત્યે, તુજ પિયુષ પાવા પ્રિતિ થકી,
કરી જુદા રંગો, અવ નવિન રીતે રિઝવતી;
હવે ના શું આણે, તુજ હૃદય મધ્યે જરિ દયા,
તજી છે પાપીએ પુનિત પદ વાળી કર ક્ષમા.

“ અરેરે ! આ શું ? પરમ ભાગ્યહિણી પાસે ક્ષમા શી ? હતભાગિનીને પાપમાં ન નાખો. ” દયાની અધિદેવીએ આર્જવતાથી હાથ જોડયા.

“હતો તારી સંગે, રસિક રસ કેવા ભજવતી;
કટાક્ષો ત્હારાથી, મૃદુ રસ ભરીને રિઝવતી.

હવે એવી લીલા, કવણ કાળે હું લેઈ શકું ?
ગયા તે તો દિનો, નસિબ ઉલટે તે ઉડિ ગયું.
ક્વચિદ્ હું આવીને, દુઃખ દેતો'તો વચનથી;
ત્હને હું મારંતો, અરર કૃતિ તે પાપીજ નડી.
કદાપી જો ભાગ્યે, ફરિ થકિ મળું ઇષ્ટ મુરતી;
ક્ષમા માગું ત્હારી, મુજ કર રહી એજ યુક્તિ.

ઇષ્ટ જનની અંતરની વાત જાણી કંપ થયો. હૃદયમાંથી ભીષણ નિઃશ્વાસ નિકળ્યો.–

"ધરી હૈયા સાથે, સદય મૃદુ આલિંગન કરી;
વહીને ઓષ્ટેથી, મધુર વદને ચૂંબન કરી.
કરી નીચાં નેત્રો, પરમ પ્રિતથી જે નિરખતી;
હવે આ પાપીને, નહિ શું સ્વિકારે મન ધરી.

"અરેરે આમ ના કરો, આર્ય મહિલાના સતિત્વ માટે સંશય શો ? અરે, પણ મ્હારી ત્રિકાળ અવસ્થા કેવી ? ભાગ્યદેવી, ત્હને હું શુ કહુ ?" નેત્રમાંથી અશ્રુધારા ચાલી. પણ કર્ણ તો જાળીયામાં જ જડાઇ રહ્યા.

"મહા લક્ષ્મી જેવી, લટભ લટકાળી મધુરતા;
શશી મૂખી તૂમાં, અતિશય સુધાની શિતળતા.
પ્રિયાના લાવણ્યે, પુનિત રસ વામે મુજ ઉરે;
મહાદેવી ત્હારા, હૃદય વણ ક્યા આ મન ઠરે ?

અંતર ઉર્મિમાં આનંદનાં કિરણો પ્રકાશ્યાં. અને નિઃશ્વાસ મુકયો:– "અરેરે, પાણી વહિ ગયા પછી પાળ" !

"મ્હને મીઠા મીઠા, મધુર વચનોથી વશ કરી;
મતિ મ્હારી ઠારી, સુખદ રસ દેતી રસ ધરી.
ઝુલાવી ઝુલંતી, રસિક મદ માંડી રસધરા;
વિના ત્હારા મ્હારા, દિન કયમ જશે રે મનહરા.

ધીમે ધીમે મ્હારા, પટ હૃદયમાં રંગ ભરવા;
વિલાસી વિશ્રાંતે, કરતી રસ ધર્મો અવનવા.
ક્વચિત્ ધારિ વિણા, વિજય મન કરંતી કરિ મયા.
ક્વચિત્ પુસ્તક ધારી, વિનય નય દેતી ધરિ દયા."

આતુર હૃદયે, હૃદય ખુંપાવી શ્રવણ કરવા માંડયું:-

"ગુલાબી સાળુડે, ક્વચિત્ મન ખેંચી વશ કરી,
પુરા સ્નેહે નેહે, મદન નયને કૌતક ભરી.
વિલાસો મ્હારાને, રમણિય નિરાંતે ખિલવતી,
ગયા એવા વારા, વિવિધ કલ્લોલે રિઝવતી.

"પ્રિયા મૂર્તિ ત્હારી, હૃદય પટમાં જો વસિ રહી,
ભૂલાવી ભૂલે ના, હૃદય રથ મધ્યે જડિ સહી.
શશાંગી કાન્તિ તો, લલિત લાવણ્યેથી મન વસી,
કરે છે ઉત્પાતો, અધિક દુઃખ દે છે મન કસી."

આહા! ઇષ્ટ જનનો મોહ અનિવાર્ય છે. ધર્મ બંધનમાં બંધાયલા સંબંધી જનોના સ્નેહનો પાસ કેવુ પરિણામ પામે છે? "હાય! આ તે હું શું અનુભવું છું! ભુલાવી ભૂલે ના હૃદય રથ મધ્યે જડિ સહી." આ વાક્યની શ્રવણ ઇચ્છા કલ્પે પણ કલ્પી નહોતી. પ્રીતિ પ્રીતિના સાર રૂપે પરિણામ પામે છે. પ્રણયિનુ હૃદય પ્રણયિનીના હૃદયનાં દર્શન રૂપ છે. સત્યાનુભવિ મહાશયોનુ આ કથન હુ આજે અનુભવું છું. ધર્મ બધનથી થયેલો સંબધ પણ પૂર્વોક્ત છે. તે સ્થૂળ સૂક્ષ્મદેહમાં પૂર્વ સંસ્કારથી એવો જડાયલો રહ્યો છે કે, મન કદાપી અનેક સ્થાને ભટકે પણ ત્યાં શાંત થતુંજ નથી. દિવામાં જેમ તેલ અને પ્રકાશનો સતત્ સહચાર રહે છે, તેમ પૂર્વ સંબંધથી બંધાયલા સંબંધનો સહચાર રહે છે. ધર્મ સંબંધમાંજ બુદ્ધિ સુસ્થિર અને સુપ્રતિષ્ઠિત થાય છે." આશાના કિરણથી પ્રફુલ્લ થયેલા હૃદયભાવને સ્વસ્થ કરી આતુર અંતઃકરણે વળી શ્રવણ કરવા માંડયું:-

"ક્વચિત્ ગોરા ગાલો, અંબર પટ મધે છુપવતી,
ક્વચિત્ ગોરે ભાલે, પુરણ ચંદ્રકને દિસવતી.

ક્વચિત્ વેણી ગુંથી, કરણુ ફુલ મધ્યે ઝુલવતી;
ક્વચિત્ નૂપુર સૂરે, મદન મ્હારાને ખિલવતી."
ક્વચિત્ અંકે બેસી, નવલ કરતી તું અડપલાં;
ક્વચિત્ ફે ફે શબ્દે, પ્રણય કરતિ તૂં કર્ણમાં.
ક્વચિત્ બાળે વેશે, નિવિ નિતંબોને છુપવતી;
ક્વચિત્ ગોરા રંગે, લલિતસું લિલા લહરતી."

પૂર્વ ક્રીડા અનુભતી હોય તેમ સાંભળનારીનું મન પ્રફુલ્લ થયું અને માનગર્વ ખંડિતાને મનાવતાં આનંદ અનુભવતી માનનિની પેઠે પ્રિયાને સ્વામિ મીઠો લાગ્યો. આનદ પ્રફુલ્લ થતા અંતઃકરણ ઉપર કોમળ સૂરના સુસવાટા વહેતાજ રહ્યા:

"વિણા પુસ્તક ધારી, ખરી સંસારે તું સરસ્વતી;
સદા દેવી જેવી, મૃદુ સુખ ભરતી સહચરી.
ગુણી જ્ઞાની શાણી, સદા દુઃખ હરતી સરવનાં;
પુરી આણી શાંતી, દુ:ખ ગૃહ વિષે ના રહિ મણા.
"સગાં સાથી સર્વે, અનુચિત જનોમાં હળિ જઈ,
પિતા માતા કેરા હૃદય મધે પૂરિ વસિ ગઈ;
વિદેશે દેશે તો, કિરતિ મહા ત્હારી સ્ફુરિ રહી,
ખરા મેં મુર્ખાએ, અરર કિંમત તો નવ લહી."

સાધવીએ હડપચી ઉપર હાથ મુકી પળવાર નીચુ જોઈ હૃદય ઉપર હાથ મૂક્યો. ને વિચારમાં નિમગ્ન થઇ. ઇષ્ટ જનની સ્તુતિથી પ્રેમ ભારમા દબાઈ. દબાઈ ગયેલાં અંતઃકરણને પ્રેમામૃત સિંચન મળવાથી પ્રેમ જીવનના ચાંચલ્યે ચળવળાટ વધાર્યો. એના મનમાં શુ વર્તુ હતું, તેની એને સમજ પડતી નહોતી. વિચાર, વિકાર અને વિભ્રમમા ભ્રમણાએ ભમાવવા માડી. "હા સ્વરમાં તો વાંધોજ નથી. આકૃતિમાં કંઇક કૃત્રિમતા લાગે છે. ઉદ્‌ગાર પણ મ્હારા જીવનને અનુસરતા છે. હાય, હાય, આ શું? હું સ્વપ્નમાં છું કે જાગૃતમા છુ. મનને કંઇ પણ ખાત્રી નથી. પ્રભુની અસિમ લીલ

વિલક્ષણુતાની હું ભોગ થઇચ્છું.'' ભેદાયલા મર્મમાંથી નિ:શ્વાસની મહા જ્વાલા નિકળી. ભ્રમણુામાં ભમતી સંશયાત્મક થયેલી, સંયમને છેદવા યત્ન કરી આંખ અને કાન માંડી જાળીયા આગળ જડાઈ ગઇ. વળી તેના કાન ઉપર સ્વર આવ્યો:

" [1]પદ્મા કરી ચોળી, મૃદુ વિનયથી દઇ મ્હને,
કટાક્ષો ત્રાંસા દૈ, ચકિત કરિ થોભી નહિ કને;
અરે આ તો ઠાલા, અફળ ઉભરા છેજ સઘળા,
વદુ શું સ્વ મૂખે, મુજ કઠિન કૃત્યો નિરબળાં."

"કુડાં કાળી[2] કૃત્યે, મુઢ મતિ મ્હને હાય ન સુજે,
વિચારંતા તે તો, હૃદય મહિ વન્હી નવ બુઝે;
અરે નિ:શ્વાસોથી, નયન દ્વયથી અશ્રુ ઝરતાં,
ધવાયુ છે હૈયુ, દુ:ખદ દુ:ખ જાયે ન કયતાં."

વિભ્રાંત થયેલાં અંતઃકરણુમાં ધ્વનિ થયો: "આ તો એજ, એમાં જરા પણુ સંશય નહિ. આ, એ પદ્મા તથા કુલટા કૃષ્ણુકલિકાને સંબોધી બોલ્યા. "

અતિથિએ ક્રોધે ભૃકુટી ચ્હડાવી પગનો પ્રહાર કરતાં કૃષ્ણુકલિકા પ્રત્યે ધિ:ક્કારના ફુત્કાર ઉડાવતા ફરી ઉદ્દગાર કહાડયો:

"કુડાં કાળી કૃત્યે, મુઢ મતિ મ્હને હાય ન સુજે."

"અરે દુષ્ટ કૃષ્ણુકલિકા, ત્હારાં કૃત્યથીજ મ્હારી ધાર્મિક અને સંસારી સ્થિતિ નષ્ટ થઇ છે."

વળી દિનતાથી દ્રવતા મુખમાંથી ઉદ્દગાર આગળ ચાલ્યો:—

"કુડાં એવાં કૃત્યો, કપિ રૂપ સર્વે કરિ અને,
પુરા મ્હેં પાપીએ, છળ વિધિ કર્યો પ્રીય જનને;
અરે સંભારંતાં, સઘળું અવળું મુજ મનને,
દબાયે છે હૈયું, નિશદિન તપે તાપ સુ-તને."

---

૧ રાજ્ય રાજેશ્વરમાંથી પદ્મા વેસ્યાનો કમખો જડયો હતો. તે કુમુદે પ્રમાદધનને આપ્યો હતો. ૨ કૃષ્ણુકલિકા.

"પ્રયાસે જે મૂર્તિ, પ્રિય જન ગણી દુઃખ હરતી;
સદા ધીમે ધીમે, રસિક કરવા ગુણિ મથતી.
પ્રિયા એવે કાળે, સુલલિત સુખ મ્હેં નવ લિધું;
કુડા કુરંગોથી, વિષય રૂપિ મ્હેં તો વિષ પિધું."

"વિરોધે વ્યાપ્યો છે, દુઃખદ ઘન છાયા રસ બધે;
ગયૂ ઔદાર્યે સૌ, ઉન્નતિ ક્રમ પાછો ક્યમ વધે.
કદિ તાતા યત્ને, યદિ પૂરવ પુન્યો ઉદ્ભવે;
નિરાશા લાગે છે ગત્ વિભવ શૂં ફાલશે હવે ?"

"અરે હાય હાય! નિરાશાનું ઝરણુ ઉભય ઉરે સરખું જ વહે છે."

"ગુરૂ જેવી લાગી, જડભરત મનને રસિક તો,
કળી ના શક્યો હુ, ઉચ્ચ રસિકતાની કિમત તો;
પશુ વૃત્તિ વાળું, ક્ષુદ્ર મન મ્હારૂં નવ ખિલ્યું,
વિના ત્હારા મ્હારૂં, મન નવ વિશ્રાંતિ થકિ ઠર્યું."

પૂર્ણ પ્રાયશ્ચિતના ઉદ્ગારોને અનુભવતી સાભળનારી આંશલી ફાંફલી બની ગઇ. અંતઃકરણ ઉપર "વિના ત્હારા મ્હારૂં મન નવ વિશ્રાંતિ થકિ ઠર્યું." એ શબ્દોએ કુતૂહળ કરી મુક્યું. પ્રેમધ્વનિએ અંતઃકરણને ઉભરાવવા માડયું. હૃદયમાં ધમધમાટ થઈ રહ્યો. ધમધમી રહેલા હૃદય ઉપર વળી પ્રેમ વાક્યે પ્રહાર કર્યો:—

"ફર્યો પૂરો મહિયે, વળિ વિલોક્યું મેં અતિ ઘણું,
પુરો રળ્યો ખંતે, નહિ મણા રાખી વળિ અણું;
ગુણી જ્ઞાની સાથે, સુજ્ઞ પરિચયમાં હળિ ગયો,
વિના ત્હારી મૂર્તિ તદપિ જીવ આ શાંત ન થયો."

"ઉંચી રીતિ નીતિ, મૃદુ વદન નિર્દોષથી ભર્યું,
વિલાસો મ્હારામાં, સકળ મન જેનુ હતું ઠર્યું;
અતિ ખંતે ખંતે, નવલ સુખ દેતી દિન દિને,
થતાં સ્મર્ણો ત્હેનાં, વિકટ દુઃખ થાયે મુજ મને."

"સુઘડ જ્યોત્સ્નાથી જે ભૃકુટિ પુર મ્હારે ભભકતી.
સદા શીલે સત્યે, સુવર્ણમય કાંતિ ઝમકતી.
શશી રેખા જેવી, વિભુતિ તુજ ભાળે ભભકતી.
ખરે એ સ્મર્ણે તો, મતિ ગતિ થઇ છે ચમકતી."

"નમીને કલ્યાણી, પ્રફુલ વદને વાત કરતી.
મૃદુ બોલી બોલી, વિનય વિકટે ભાત ભરતી.
સગાં સ્નેહી સાથે, અતિ ઉમળકે તું વિચરતી.
ખરે દેવી જેવી, સકળ જનને શાંત કરતી."

શબ્દ શ્રવણથી સાંભળનારી લજ્જાવનત વદના થઇ. તેના હૃદયમાં અનેક નવાજ ભાવો ઉત્પન્ન થયા. હૃદય મંદિરમાં ઉચ્ચ અભિલાષાઓએ ઉલ્લાસમાં સ્ફુરવા માડયુ. એકલી જાળીની પાસે છાનીમાની પ્રેમથી ઉછળતી, દબાયલા અંતઃકરણે નિઃશબ્દે અશ્રુધારા વર્ષાવતી ઉભી. અશ્રુધારોથી ગાલ ભીંજાઈ ગયા. હૃદયના શત ધા કટકા અનુભવ્યા. અંતઃકરણને કંઈ સુઝતુંજ નથી. માર્ગ વિનાનું અંતઃકરણ અંધની પેઠે અધર તાલ લટકવા લાગ્યુ. ફાંફાં મારવા લાગ્યુ, સ્વર તો કાન ઉપર અથડાતોજ રહ્યો.

"સમીપે આ કાળે, સુખ શું લઈ આવું તુજ કને,
મનસ્વી વિચારો, જરિ અભય ના દે મુજ મને.
હવે એકે રસ્તો, મુઢ મતિ મ્હને હોય ન સુઝે.
વિના મર્ણે હાવે, હૃદય ગત વન્હિ નહિ બુઝે,"

"હવે આજે જોતાં, અતિ ઉમલકે કોણુ મળશે.
મીઠી મીઠી વાતો, અતિ પ્રિતથી કોણુ કરશે.
હવે શુ નિર્બાધે, વિચરી શકીશ હુ તુજ કને.
અરે હાયે આજે, મરણુ મિઠું લાગેછ મુજને."

"ક્ષમા કરો, ક્ષમા કરો; કર્ણ દ્વારપર આવા શબ્દ ન નાખો. આર્યધર્મે આર્ય રમણિયોને પતિ સિવાય બીજું કંઇજ સૂચવ્યું નથી. આપને આવી શંકા શી ?"

नसा स्त्री त्वभिमं तव्या यस्या भर्ता न तुष्यति ॥
तुष्टे भर्तरि नारीणां तुष्टः स्यात्परमेश्वरः ॥

"જે સ્ત્રીવડે પતિ સંતોષ પામતો નથી, તેને સ્ત્રી માનવી નહિ. સ્ત્રીઓને પતિ પ્રસન્ન થયે પરમેશ્વર પ્રસન થાય છે." (શાંતિ પર્વ)

शुश्रूषां परिचर्यां करोत्य विमनाः सदा ॥
सु प्रतीता विनीता च सा नारी धर्म भागिनी. ॥

"જે સ્ત્રી પ્રસન્ન મનવડે નિરંતર પતિની સેવા ચાકરી કરે, મર્યાદામાં રહે અને વિનય રાખે હેને ધર્મ ભાગી જાણવી."

"અરેરે! વિધાતાની વિચિત્ર ઈચ્છા! સંસારનાં અવનવાં ચિત્રો મારી આગળ ઉભાં કરી મ્હને તું કેમ થકવે છે? નેત્રના પલકારા જેટલો કાળ, યુગાન્તર જેટલો અનુભવે છે. અનેક ભવોનો અનુભવ એક ભવમાં થવા માંડયો છે. મ્હારૂં પ્રારબ્ધ શું? મ્હારો ધર્મ શો? મ્હારા ધર્મથી હું પતિત થઈ નથી, થવાની નથી અને થઇશ પણ નહિ." અનેક સંકલ્પ વિકલ્પોએ સાંભળનારીના ચિત્તમાં ચમકારા કરી ચમત્કાર કરવા માંડયા. સ્તબ્ધ થયેલી બાળાએ હૃદય ગુહામાં થતા ઉલ્કાપાતોને અશ્રુની ધારા ચલાવતાં અનુભવ્યા.

અતિથિની તુટેલી હૃદય ગુહામાંથી નિકળતા અનાહત નાદે, અશ્રુધારા વર્ષાવતી હૃદય વેદના સાથે ગર્જવા માંડયું.

"હવે કેવી રીતે, મુજ હૃદયનું દુઃખ જણવું?
વિયોગી વ્હાલીને, કવણ વિધિ થકિ હું વિનવું?
દિધાં દુઃખો ભારી, હૃદય તે તણું કેમ મનવું?
ખરી વૃત્તિ મ્હારી, જણવિ કેમ એને રિઝવું?"

દીન મુખે દયાર્દ્રભાવ દર્શાવતા અતિથિના શબ્દોથી કુમુદના મસ્તિકમાં રમ્ય વિચારોએ તરવરવા માંડયું. તેના શોકાગ્નિથી ભસ્મીભૂત થયેલા અંતઃકરણમાં આનંદ ઉર્મિએ સ્ફુર્તિ પુરી. પતિભક્તિપરાયણ સાધ્વીને પતિ પ્રત્યે દયા અને ભાવના ઉભરાવા માંડી: "મ્હારા જેવી ભાગ્યહિન ઉપર આટની બધી કૃપા શી? મ્હારાથી આપના હૃદયની પરીક્ષા થઈ નથી.

જાણે અજાણે દોષ મુક્યા છે. આપની અંતઃભાવનાની ઉંચી પરીક્ષા કરવામાં હું ઠગાઈ છું. અરેરે ! મ્હારે માટે આપ આટલું આટલું ટળવળો છો ! આપને જરા પણ શાંતિ નથી. હૃદયના એ ઉદ્‌ગારો સ્પષ્ટાભાસ આપે છે. આપને માટે હું શું કરૂં ? અરે, મ્હારે માટેજ આપ આટલી વ્યથા પામો છો, અને તે મ્હારા પિતાનાજ ઘરમાં. તેમાં પણ મ્હારા જ આશ્રમમાં. અહા હા ! દૈવ, તું મ્હારી પૂંઠ કેમ છોડતો નથી ? અરે રે ! કેવી કૌતુકી સ્થિતિ છે ? કે જે સ્થિતિમાં કયો ધર્મ ગ્રાહ્ય છે તે સમજાતો જ નથી, પળાતો નથી અને પાળવાનો મનને હુકમ પણ થઈ શકતો નથી. હાય હાય ! મ્હારી તે ત્રિકાળ દશા કેવી ? ભૂતકાળમાં થયેલા સંસ્કારોના અવનવિન વિચારો ! મ્હારા મગજ ઉપર વારા ફરતી ચઢી મસ્તી ન કરો. મ્હને રંકને ન સતાવો, બળેલાં અંતઃકરણમાં પ્રેમ જીવનનાં બીજને સજીવન ન કરો. અરેરે, મ્હારે માટે આપના હૃદયમાં આવો પુનિત પ્રેમ પ્રકાશે છે, તેનો તો મ્હને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. મ્હારા વ્યથા વશ પડેલાં અંતઃકરણે કેવા કેવા ઉદ્‌ગાર કઢાવ્યા છે ! હાય હાય, પતિવ્રતાના ભાગ્યના મહેશ, મ્હને ક્ષમા નહિ કરો ? હું ઠગાઇ છું. મનુષ્ય હૃદયની પરિક્ષા ઘણીજ ઉંડી છે. મ્હેં આપના હૃદયની ગુહામાં રચાયેલાં પ્રેમ જીવનને પરખ્યું નથી. મ્હારા ઉદ્‌ગાર શું અસત્ય નહોતા ?

* " અરે નિર્માલ્ય નારી રે !
" હું નો અભિલાષ જાણી લે.
" મરી જા રે ! મરી જા રે !
" મને છોડી, છુટી જા રે ! "

" ના, ના, આવા વિચારના હૃદયમાં આવો પ્રેમજીવન પ્રવાહ કેમ પ્રવાહિત રહે ? " પ્રેમજીવન પુરનારના ઉપર ઉપકારના ઉભરા ઉભરાવા માંડયા, અને શ્રવણે પોતાનું શ્રવણ કરવાનું કામ જાળીયાં સાથે જડાઈ વધારે વધારે કરવા માંડયું.

* સરસ્વતિચંદ્ર ભાગ ૨ ના પૃષ્ઠ ૧૯૫ માં છે.

"મહા દેવી ત્હારા, મહત્ ગુણ ગાને મન હર્યું;
મળી ના વિશ્રાંતિ, મૃદુ જગ રંગે ન મન ઠર્યું.
પુરા પશ્ચાતાપે, પુનિત છબિને હું વિનવિને;
ઠરૂં એની પાસે, અગર મરૂં વિના તે નિર્જને."

"અરે, અરે, એવું સાહસ કોટી કલ્પે કલ્પતા ના." કંપતા અંતઃકરણે કુમુદે મનમાં ને મનમાં ઉદ્‌ગાર કર્યો.

"અધીકારી ત્હારો, જગત નિયમે હું નથિ હવે,
થયો છું ગોઝારો, વચન વદને થકિ આ ભવે.
મહારી આ ટાણે, ભયંકર થઇ છે અવદશા;
હવે લાગે પાકા, તુજ મિલનના રે વસવસા."

પતિધર્મપરાયણ સાધ્વીના ચિત્તમાં પવિત્રતાના અને વિપરિત સ્થિતિ કાળના વિચારો ઉભરાવા લાગ્યા. શરીર ઉપર શોક ભરી અસર પ્રસરી ગઈ, અને તેના ચિત્તમાં વમળ જાળ ડો'ળાઈ ગઈ. ડો'ળાયલા અંતઃકરણમાંથી દીર્ઘ નિઃશ્વાસ નિકળ્યો અને નિરાશાના ચિહ્‌ને કુતૂહળ દર્શાવ્યું.

અતિથિ ક્ષણવાર થંભ્યો. કંઇ બોલ્યો ચાલ્યો નહિ અને માત્ર કુમુદની બાલ્યકાળની અને કંથાધારી વૈધવ્ય દર્શાવતી છબિને જોઇ જ રહ્યો. હૃદયાગ્નિથી તપતા અંતઃકરણે તપતાં તપતાં તુલના કરવા માંડી. તપેલા અંતઃકરણમાંથી ધ્વનિ થયોઃ—

"છતાં મ્હારા ત્હારી, થઈ અવનવિત અવદશા,
ધરી કંથા અંગે, કુમુદ શુ નિહાળું ગ્રહદશા?
નહીં મ્હેં જાણીતી, ગતિ તુજ તણી આવિજ થશે;
ખરે ઓધ્યતેથી, અતિ દુઃખ સહ્યું છે હરનિશે.
હૃદય મ્હારૂં ત્રાસે, છબિ નિહાળતાંજ તુજ તણી,
મુખે નાહિ સુર્ખી, કૃશ બની શરીરે અતિ ઘણી.
કપાળે ના ભાળું, સુમન ચંદ્રક ચિત્ત હરતો.
દિસે ગાત્રો લાગે, ટિલડિ યા ટપકી વિણુ તો.

મૃગાક્ષીના નયનો, અંજન વિણ લૂખા અતિ દિસે,
નથી સ્ફુર્તી પુરી, અતિ ચમકતી જે ચોદિશે;
સુની નાસા દીસે, વિરહિત વેસર મૌક્તિક જડી,
લુખા કર્ણો દીસે, વિહિન ઝાલર મૌક્તિક મણી.
ભ્રકુટી ભાળતા, ભભક નવ દીસે મનહરા,
થયા ઓષ્ટ્રા ફીકા, ધવળતા પસરી પુરી જરા,
દિસે વેણી લુખી, નવ સુગન્ધિત તૈલથી ભરી,
જટાધારી લઈ તો, શિર મણિ ચમકે નવ જરી.
કુણા કાં'ડાં મધ્યે કનક કંકણુ તો ન ચળકે,
રૂડા પાદો મધ્યે, નુપુર મણી કાન્તિ ન ઝળકે,
મણી માળા કંઠે, સુલલિત રૂડી ન લહરતી,
નિવિ નિતમ્બોની, મદન ઉપાધિને સહરતી.
ઉદાસી શી લાગી, પરમ શુદ્ધ શાંતિ સર કરી,
પરિતાપો સોસી, પુનિત બની પુરી મન ધરી;
વિસાર્યા વિષયો સૌ, વિષવત્ ગણીને થરથરી,
ધરી અંગે કંથા, સકળ શણગારો દુર કરી."

"અરેરે, મ્હારે લીધે આની આ સ્થિતિ થઇ છે? હવે હું આ વિડમ્બનામાંથી તેને શી રીતે મુક્ત કરૂં? સંસારનો પ્રવાહ કેવો વહે છે? મ્હારા અધમ કૃત્યથી આ બિચારી સુશીલાની શું સ્થિતિ થઈ? હરિ, હરિ, હું પણ શું થોડુ અનુભવું છું! પ્રિય જનનો વિયોગ આહા, કેવો હૃદયભેદક છે. હૃદયના વજ્ર જેવા પડને વિંધી નાખે છે અને હૃદયપટ ઉપર જે પ્રેમી ચિત્ર આલેખાય છે તે કદિ ભુસાતું નથી. ધર્મબંધનથી પ્રેમબંધન સુદૃઢ થાય છે ત્યારે તેનું બળ મહાત્મ્ય મહદ્ પરાક્રમી થાય છે. તે કોઇથી પણ પરાજય થતું નથી. પ્રેમપ્રવાહના વેગ આગળ શૂરા સંતો અને ભક્તો પણ મંદતા પામે છે. તત્વવિચાર, વિદ્વતા અને આત્મજ્ઞાન એ બધાં અર્થશૂન્ય, બળહિન લાગે છે. મનોવ્યથાની મહાન વેદના અનુભવ્યા વિના તેની કિંમત અંકાતી નથી. અરેરે, અજ્ઞાનતામાં બેદરકારીથી કરેલાં કૃત્યોનો

પરિપાક થતાં શું અનુભવ અનુભવાય છે? અરેરે ! યૌવન મિઠાશમાં વિષ ભેળ્યું. જીંદગીના પ્રથમાનંદનો વિકાસ અને પ્રીતિ સુખના ઉલ્લાસની લલિત લહરીઓનો હૃદયમાં વિકાસ, એ સર્વ ઉભયને માત્ર સ્વપ્ન દર્શન જેવુંજ થયું છે લગ્ન ગ્રન્થિની પવિત્રતા, લગ્નપ્રેમની ઉચ્ચતા, ગૃહસંસારની દિવ્યતાને દિપાવે એવી તું, મ્હારાં ઔધત્ય ભરેલાં સાહસથી કડવા અનુભવને અનુભવે છે. હરિ, હરિ. આ તો સુગ્રીવ અને વાનરની વાત જેવો ઘાટ થયો છે. રખડાવી ને રખડ્યો છું. અરેરે ! મ્હેં કેવી નિર્દયતા રચી ? ધર્મશીલા ઉપર કેવા ખોટા આરોપ મુકયા ? દુષ્ટ કૃષ્ણકલિકાના કુસંગથી કેવાં કૌતક કર્યા ?"

मोह जालस्य यानिर्हि मूढैरेव समागमः
अहन्यहनि धर्म्मस्य यानिः साधु समागमः ॥

"મૂઢનો સમાગમ કેવળ મોહ ઉત્પન્ન કરનાર છે. નિત્ય સાધુ સમાગમ, ધર્મનો ઉત્પાદક છે."

"દુષ્ટ સંગતિનો લાભ મળ્યો. દુષ્ટ સંગતિએ પ્રેમજીવનને ભષ્મીભૂત કરી નાખી મતમય કરી નાખ્યું. ભષ્મીભૂત થયેલું પ્રેમજીવન સજીવન થનાર નથી. તુટેલી બાજી સંધાનાર નથી. ઉભય જીવનને ભ્રષ્ટ કરનારને શિક્ષા થવા યોગ્ય છે. પ્રેમજીવનને ભષ્મીભૂત કરનાર હૃદય વેદનાથી પ્રેમ ભડકે બળે છે, પણ નિરાપરાધિને, વિના અપરાધે મૃત જીવનમય કરનારને, દેહાન્ત શાસન સિવાય બીજું શાસન નથી. તેને તે થવુંજ જોઇએ.

"હવે શા સારૂ આ, મૃત જીવનમા મોહ ધરવો;
હવે શા સારૂ આ, જડ વપુનો ભાર સહવો.
હવે શા સારૂ આ, ગત વિષયનો શોક કરવો;
હવે તો આ દે(હ)ને વિસરજન સ્વર્ગેજ કરવો."

"પ્રેમજીવનને નષ્ટ કરનારા દુઃખી દેહ, તું એ શિક્ષાને જ પાત્ર છે. હરિ, હરિ, આ કેવી વિલક્ષણ વિડમ્બના ! એ વિડમ્બનાનો અવધિ નથી, ઉપાય નથી. પડદો ફોડતાં સુખ નથી, તેમજ નહિ ફોડવામાં પણ સુખ નથી. દુઃખી થતી કુમુદને સુખી કરવા મન ઉત્સુક છે, પણ તેનો કંઇ માર્ગ નથી. માર્ગ કહાડતાં વિડમ્બના વધે છે. વિડમ્બનાની જાળને ઉકેલવાની શક્તિ નથી.

ત્યારે જેણે વિડમ્બના ઉભી કરી છે તેને ભોગવવા દો. દુઃખી દુર્ભાગી જીવનને ભોગવવામાં અને ભવિષ્યમાં સુખ નથી એવા જીવનને લંબાવવામાં શું સાર છે ? હા, હા, એનો ઉપાય સીધો અને સ્હેલો છે." એમ કહી ભૃકુટીને કઠોર કરી, ક્રોધાધિન થયેલો અતિથિ જુસ્સામાં ઉભો થયો. પગને ઠપકાવ્યો અને ટેબલ ઉપર મુષ્ટિ પ્રહાર કર્યો.

આ દેખાવથી જાળીયામા કંપતી દેહલતા વિષમય થઇ, પથ્થરના પુતળા જેવી થઇ ગઈ. એક, બે, ત્રણ એમ અનેકવાર દૃષ્ટિ નાખી, તેથી મનની ખાત્રી થઇ કે આ તો જરૂર પોતે કંઇક ક્રૂર સાહસ કરવા માગે છે. એ ભયંકર ભયાનકતાએ કુમુદને ગભરાવી, ડરાવી, શિથિલ કરી બેબાકળી કરી. હૃદય ઉપર ભાર આવી પડયો. ઉદ્ગાર કાઢવા પ્રયત્ન કરતાં છતાં પણ મ્હોમાંથી એક શબ્દ પણ નિકળતો નથી. આંખો આંસુથી છલકાઇ ગઇ. પાંપણોથી ગાલ ઉપર, હોઠ ઉપર અને સ્તન ઉપર આંસુની ધારા શ્રવી રહી. હૃદય ધબકવા માંડયું. "હાય, હાય." આ સિવાય બીજો ઉદ્ગાર નિકળીજ શકયો નહિ. નિઃશ્વાસના સુસવાટા શ્વાસ સાથે મ્હોડેથી વહેવા માંડયા. તે ડસડસીને પથ્થરના પુતળા પેઠે સ્તબ્ધ થઇ ગઇ.

અતિથિએ હાથમાં પિસ્તોલ લીધી. તેમાં દારૂ ભર્યો. તેમાં ગોળી નાંખી અને બડબડયોઃ—

"હવે શા સારૂ આ મૃત જીવનમાં મોહ ધરવો ? હવે તો આ દેહને વિસર્જન જ કરવો. કંથાધારી મહાદેવી, ત્હારી મૂર્તિના ચર્ણ આગળજ આ પતિત પંચમહાભૂતને વિસર્જન કરૂં છું. મ્હને ક્ષમા કરજે."

ક્રોધાકુળ થયેલો અતિથિ ટોટી શોધવા ફાંફાં મારવા લાગ્યો. ટોટીની ડબ્બી ખોલતાં નિચલો લેખ દ્રષ્ટિએ પડયો

"स.सा विदधी न क्रियामः"

"કોઈ ક્રિયામાં સાહસ કરવું નહિ."

મન જરા અટકયું એટલે શાંત થયું. શાંત થતાંજ વિચાર આવ્યો. વિચાર આવતાંજ લેખ ફરી વાંચ્યો. એટલે વિચાર જ્યોતિએ જીવનતત્ત્વ ઉપર અજવાળું નાખ્યું અને આ કૃત્ય પુરૂષાર્થ રહિત સાહસ લાગ્યું.

प्रज्ञाळ मानसं दुःखं हन्यात शरीरमौषद्यम.

"જ્ઞાનથી માનસિક દુઃખ અને ઔષધથી શરીરનું દુઃખ દૂર કરવું."

એ વિચારે, વિડમ્બનાની ગુચ ખોલવા સંકેત કર્યો. મને હાથ ઉપર હુકમ કર્યો અને હાથે અગ્ન્યાસ્ત્ર (પિસ્તોલ) ને દૂર ફેંકી દીધું.

જાળીયાંમાં લપાયલી કુમુદની વ્યાકુળતા શાંત પડી. હૃદયના ઉંડા ભાગમાંથી નિઃશ્વાસ સાથે "હાઆઆસ" શબ્દ ધ્વનિ નિકળ્યો અને પાછો સમાયો. જોનારીએ જોયાજ કર્યું.

પિસ્તોલ દૂર ફેંકી અતિથિ દૃઢ ચિત્તવૃત્તિથી કુમુદની છબી સામું સંયમ કરી તટસ્થ ઉભો રહ્યો.

"કુમુદ, હને શી રીતે સુખી કરૂં?"


"કંથા ધારી મહાદેવી, હારા હૃદય શાંત્વન માટે કંઈ પ્રાયશ્ચિત છે?"

"પ્રભુ, માર્ગ દર્શન દો."

"કંથાધારી ભગવતી, હારા તપશ્ચર્યા બળે ઉભય દુઃખના અવધિનો માર્ગ ખોલ."

*　　*　　*　　*

તટસ્થ ઉભેલો અતિથિ "કુમુદ, કુમુદ"નો પ્રેમમય ઉદ્‌ગાર કહાડતો એકાએક પલંગ ઉપર પડયો.



પ્રકરણ ૯ મું.

કંપતી દેહલતાની સ્થિતિ.

"एको धर्म्मः परंश्रेयः क्षमैका शांन्ति रुत्तमां ।
विद्यैका परमां तृप्तिर हिंसैका सुखा वहां ॥
शुभाशुभ फलं कर्म्म मनो वाग्देह सम्लवं ॥
कर्म्मज गतयो तृणा मुत्तमाद्यम मध्यमाः ॥
मनु स्मृ. श्लोक १२१-१२२

ચિરાયલી હૃદય ગુહામાં, આશાના અંકુરથી આશ્ચર્યચકિત થયેલી કંપતી દેહલતા અગાસીમાં ધીમે ધીમે પગ ઉપાડતી, શયન-શૈયા તરફ જતાં જતાં વિભ્રમમાં પડી. ફરી ફરી જાળીયાં તરફ નિહાળતી શૈયામાં જઇ પડી. ઉદ્વેગ અને આશાની પરિસીમાથી છલાછલ ભરાયલું હૃદય ઉછાળા મારી, ઉચ્ચ આશાના તરંગને ચકડોળે ચઢાવી, હૃદય સાગરને મહા તોફાને ચઢાવી રહ્યું હતું. તોફાની તરંગોએ મગજની તર્ક વિતર્ક શક્તિને દિગ્મૂઢ કરવાથી તેને આધિન થયેલીને પોતાની સ્થિતિનુ ભાન નહોતું. તેના મનની ગુંચવણોએ જેમ જેમ વખત જતો ગયો તેમ

* ધર્મ એજ એક પરમશ્રેયનું સાધન છે. ક્ષમા એ ઉત્તમ શાંતિ છે. વિદ્યા એ પરમ તૃપ્તિ છે, અને અહિંસા એ સુખનું સાધન છે.

માનસિક, વાચિક અને શારીરિક, એ ત્રણે પ્રકારનાં કર્મથી શુભ અને અશુભ ફળ ઉત્પન્ન થાય છે. મનુષ્યની ઉત્તમ, મધ્યમ અને અધમ ગતિ કર્મથી થાય છે.

તેમ જાળ લાંબી પ્રસારવા માંડી, અને ગુંચમાં ગુચ ભરાવાથી ગુંચોનો કુંજ વધવા માંડયો. કુસુદ નિષ્પંદ દ્રષ્ટિથી પથારીમાં પડી પડી છત ઉપર દ્રષ્ટિ ઠારી આંસુ સારવા લાગી. ગાઢ નિઃશ્વાસે વહેવા માંડયુ. તેની હૃદય ગુહામાંથી મહાભારત યત્ને પણ શબ્દ નિકળતો નહોતો અંતર ઉર્મીમાં નવિન આશાનાં કિરણોએ પ્રકાશનો અંકુર ઉત્પન્ન કર્યો હતો. તેમણે એને હર્ષ શોકથી બહુ બેબાકળી બનાવી, ગભરાવી, આંસુના પ્રવાહ સાથે વાણીનો પ્રવાહ વહેવડાવતી કરી. નેત્રમાથી છલાછલ વહેતો આંસુનો પ્રવાહ કર્ણ પ્રદેશથી ઉતરી પથારીમાંના તકીઆને પલાળી રહ્યો, ત્યારે હૃદય ગુહામાંથી નિકળતો વાણીનો પ્રવાહ હૃદયને ચિરી શયન ગૃહને શોકવ્યાપ્ત કરી ધ્વનિત થઇ રહ્યોઃ

"હૃદય બળે છે ભડકે મ્હારૂ,
ચિત્ત વિષે હુ તે શુ વિચારૂં.
સુઝે નહિ એકે રે વાટ,
લાગે મનને અતિ ઉચ્ચાટ.
ત્રિકાળ વિષે શી સ્થિતિ મ્હારી,
ભોગ વિયોગ વિષે ભમનારી.
નિરખું શુ હું કૌતુક આજ.
દિસે છે વિપરિત મહારાજ.
અમુઝણ થાયે મનને ઘણી,
શિદ સતાવો જગના ધણી.
અશરણને લો શરણે નાથ,
દો સુબુદ્ધિ ગ્રહિ મુજ હાથ.
જીવન મ્હારૂં ચૂર્ણ થયું છે,
વિપરિતતાને વેગે વહ્યુ છે.
સ્થિરતાએ નવ બેસે ઠરી,
પળ પળમાં જાયે છે ફરી."

ઉદ્ગાર કહાડતાં કહાડતાં મુખ દીન થઈ ગયુ. શોક અને આશાના ઉર્મો, એના મનને વલોવવા લાગ્યા. સ્વર્ગસ્થ ગણાયલા પતિની જીવનઆશાના

વિચારે વિલક્ષણ વિકારિણી કરી. ભુલાયલો પતિ હૃદયપટ ઉપર ચિત્રાઈ સ્ફુરી આવ્યો. જે જે સુખ દુઃખના પ્રસંગો વિતેલા તેના અવનવિત રંગના ફુવારાની ધારાઓ ઉડવા લાગી. સમર્થ અભિલાષો સિદ્ધ કરવા, પ્રેમમય જીવનને ઉન્નત કરવાને બાંધેલા કિલ્લાની ભ્રાંતિઓ ત્હેને ભમાવવા લાગી. જગમાં સહધર્માચારિણી થઇ. સહચાર કાળે વિચરવા કરેલા સંકલ્પ વિકલ્પો તેની ચોપાસ વિંટળાઇ વળવા લાગ્યા. તે સ્તબ્ધ થઇ દિગ્મૂઢપણે શૈયામાં પડી પડી છત સ્હામુ જોઈ રહી. વળી ઉદ્દ્‌ગાર નિકળ્યોઃ—

" શુ દેખું છું વિપરિત ઘાટ,
મનને લાગે અતિ ઉચાટ.
હૃદયે હાર ખાધી બહુ વાર,
ક્ષણે ક્ષણે થયું છે ખુવાર.
પ્રાણેશ્વરે ન લીધી સભાળ,
છેદી પ્રિત તણી પરનાળ.
ત્યાગી ત્યાગ લીધો તત્કાળ,
જીવનને કિધુ બેતાલ ! "

આ ઉદ્દ્‌ગાર નિકળતાંજ મુખ ઉપર શોકના સેરડા તરી આવ્યા. હૃદયમાંથી ઉંડા નિઃશ્વાસે નિકળીને શયનગૃહના વાતાવરણને શોકમય કરી નાંખ્યું. જેમ વિજળીનો ચમકારો ક્ષણ માત્રમાં મહા ઉલ્કાપાત કરે તેમ હૃદય ગુહામાંથી પૂર્વ કાળથી સંસ્કારિત થયેલા પ્રેમ બીજે ચમત્કારોનો હૃદય ઉપર સજ્જડ ઘા માર્યો. મહાન ગાંભિર્ય રાખી સહન કરનારીએ સહન કર્યો. પણ ચિરાયલી હૃદય ગુહામાંથી ઉદ્દ્‌ગારો બહાર નિકળ્યા સિવાય રહ્યા નહિ.

"ખરેખર સરસ્વતિચંદ્ર, મ્હારે મન તમારો વાંક વસનાર નથા, અને મ્હારૂં મન તે માનનાર પણ નથી. તોપણ મ્હારા પ્રથમ જીવનમાં પ્રેમમંત્ર સુઠી પ્રીતિની શુદ્ધ અપરિસીમ પરનાલિકાનું ભાન કરાવી, પ્રેમબીજ રોપી તેના અંકુરને તમે જ ઉન્નત કર્યું. એ વાત સત્ય. તમે રસજ્ઞ કરવા ધારેલા વિનયશીળ શરીરની અંતર ઉર્મી સ્ફુરતાં પહેલાં છેદી એ પણ સત્ય. અસ્વા-

મિકા થયેલી આપના સ્વાધિનમાં આવેલી તે કાળે આપે સમર્થ કામ શસ્ત્ર-ના ઘાથી બચાવી મ્હારા પાતિવ્રત્યનુ રક્ષણુ કરી વર્તમાન અને ભવિષ્યથી બચાવી એ પણુ સત્ય. મ્હને કલ્યાણુ બુદ્ધિથી શમદમના પૂન્યમાર્ગને પ્રત્યક્ષ કરાવ્યો તે પણુ સત્ય. જોકે આ કાળે જગત સાથેનો મ્હારો શારીરિક યોગ નષ્ટ થયેલો છે, માનસિક યોગમાં તૃપ્ત રહું છુ, ઉભયને અનુભવી અપૂર્વ આનંદને અનુભવું છુ. એ બધાની ભાગી થવું એ આપના ઉપદેશના કૃપા પ્રસાદનું ફળ છે, એ પણુ સત્ય. આપ અંતર સબંધે સખા અને ગુરૂ છો. અને કુસુમના હૃદય વલ્લભ સબંધને લીધે મ્હારા ત્હમે આપ્ત અને પુર્વવત્ છો, પણુ પૂર્વવત્ સંબંધને લીધે, મ્હારા ભૂતકાળના ભાગ્યને ભસ્મીભૂત કર-નાર અને પ્રેમ જીવનમાં ભડકો લગાડનાર તમેજ છો. અરેરે, હજી પણુ ભવિષ્યના જીવનનો ભેદ ક્યાં જણાય છે?" બંધ પડેલા ઉદ્દગારે ધ્વનિ કરવા માંડ્યો:—

અરેરે!

"પરણ્યે પરહરી પેહેલી તકે,
જીવન નષ્ટ કીધું કતકે;
અતિ પ્રિય વસ્તુ જગમાં જેહ,
તે તો જાણું છું એક દેહ.
દેહ છે સર્વનું મૂળાધાર,
જેથી સકળ ચાલે વ્યવહાર;
તન રક્ષા ધર્મ સર્વથી મ્હોટો,
તે તજે આવે સર્વનો ટોટો.
પ્રાણુ છે સર્વ થકી રે શ્રેષ્ટ,
એથી અન્ય સકળ છે નેષ્ટ;
તેને પરહર્યો પળની માંય,
સમુદ્રમાં ઝોકાવી કાય.
સુસંગતિ છે સુખનું મૂળ,
દુષ્ટ સંગતથી થાયે શૂળ;

કુબુદ્ધિના સાથી થયા નાથ,
પાડી પડયા વિપત્તિને હાથ.
બુદ્ધિ સુજ્ઞાન યુક્ત ન હોય,
તો તો નિરંતર દુ:ખધા જોય:
વિપત્તિમાં મુજને તો ઉતારી,
પોતાની દેહને ન ઉગારી.
જગમાં સુખના હેતુ જેહ,
તે જાતાં સઘળુ તજ્યુ મેહ;
નાના લલિત સુદર વ્યવહાર,
તન મનથી ત્યાગ્યા ઝટવાર.
રજની વ્યવહાર રંગની કરી,
ભગવી કંથા પ્રેમે ધરી;

" અરે રે, જળમાં અદ્રશ્ય થયાના—અવસાનના અત્યંત દુઃખદ્ વર્તમાન, વજ્રપાત સમ જરાપણુ રૂઝાતા નથી. દુખનો અનિવાર્ય ઓઘ મનને કલેશમય પ્રવાહમાં આકર્ષિ જાય છે. મમત્વથી બધાયલા શરીરમા કલેશ થાય એ સ્વાભાવિક છે. મેરૂ સમાન ધૈર્યવાળા મહા પુરૂષોનાં હૃદયો પણ ક્ષણુવાર ખસી ગયાં છે, તો મ્હારી અબળાની શી તાકાત? વિદ્વાનો અને તત્વવેત્તાઓની મહાન બુદ્ધિ જ્યાં બધાઈ જાય છે, વજ્રપિંડ વિંધતી સાક્ષરો અને કવિઓની શક્તિ જ્યાં મંદ થાય છે. અનુભવ, વિદ્વતા, આત્મજ્ઞાન અને તત્વજ્ઞાન વાદીઓનાં ગમે તેવાં સાર્થક વચનો જ્યાં નિર્થક નિવડે છે, ત્યાં મ્હારી શી તાકાત? દૈવની અકલિત શક્તિ ન કળિ શકાય એવી છે. અરે રે! યૌવનના વિકાસ પ્રારંભમાજ, જીવન યાત્રાના પ્રયાણુની શરૂવાતમાંજ, હૃદયમર્મ વિકસતાં પહેલાંજ, પ્રીતિયજ્ઞનો પરમ ધર્મ સમજાતાં પ્રથમજ યૌવનની મિઠાશમાં પૂર વહાલ ઉપજતાં પહેલાંજ હૃદયભેદક બનાવે વિયોગરૂપી વિષ ભેળી દીધું.

અરે રે!

" વ્હાલા વિદાય થઈ ચાલ્યા ગયા, ગયા હા!
મૂકી ગયા નયન નિર્મળ આંસુ ઘેર્યા.

કૂણું મિઠું જીવન ઝેર ઝીણે ભરાયું;
અરે રે, પ્રેમિલું હૃદય ઝૂરે શોક ભીનું.

છલાછલ આંસુથી ભરાયલી આંખમાંથી ક્ષણે ક્ષણે બિંદુધારા વહેવા માંડી. શોકસાગરે હૃદયમાં ઉલ્કાપાત કરવા માંડયો અને ઉદ્‌ગાર નિસરવા માંડયાઃ

"પરમ ધરમ રીતિથી કરી,
અચળ ભક્તિ સ્વામિમાં ધરી.
હૃદયે રાખ્યા હૃદયાધાર,
પ્રેમ જીવન કેરા આધાર.
પૂર્વ કર્મથી વિખુટી થઈ,
પણ અંતરમાં છબી આ રહી.
સતિ જીવનનો પતિ વહેવાર,
ધર્મ જીવનનો એ અધિકાર.
સપ્ત પદિની પ્રતિજ્ઞા જેહ,
પ્રેમે નેમે પાળી તેહ.
અસત્યવાદિની નથી થઈ નાથ,
પ્રાણ જીવનને અરપી હાથ.
દંભ વિના પતિ સાથે રહી,
અધર્મ પથે જરા નથી ગઈ.
તરછોડી નાથે ઘણી વાર,
પણ નવ લીધો દોષ લગાર.
પ્રિય હિત કરીને ઠરવા માટ,
હૃદયે ધાર્યા'તા બહુ ઘાટ.
પ્રભુએ લીધી સ્વર્ગની વાટ,
આશા ભાંગી ભાંગ્યા ઘાટ.

દીન હૃદયની રંક કુમુદને "આશા ભાંગી, ભાંગ્યા ઘાટ" એ શબ્દો ઉચ્ચારતાં ઉચ્ચારતાં વિચારો ઉડયા. વિચારોએ દુઃખદ વિકારોના ઉભરા

ઉભરાવ્યા અને તે ઉભરાણના ઘાથી ઘવાયલી હૃદય ગુહામાંથી શોણિતનો પ્રવાહ ચક્ષુદ્વારા જળ થઇ વહેવા માંડયો. આશાભંગ થયેલી બાલિકાઓ ! તમારા ઘાને આ લેખથી તાજા કરવા બેદરકાર થજો. અસહ્ય અપરિસીમ ચિંતામાં ખેંચાઇ હૃદયને ભસ્મીભૂત કરવામાં સાર નથી. પૂર્વ કર્મના પ્રારબ્ધને મિથ્યા કરવા માટે ચિંતા બળવત્ત નથી. ચિંતા એ એનો પુરૂષાર્થ નથી. ચિંતાથી લાભ નથી. હાનિ વેઠી સંસારને હાનિ કરવામાં શું સાર છે ? રોઇને રડાવવું એ શું ? ખોઇને ખોવડાવવું એ શુ ? જો પુરૂષાર્થ સુઝે તો પુરૂષાર્થ કરજે. હાલ તો ભાવિને આધિન થવાના સૂત્રથી શાંત્વન મેળવી કુસુદના રિહ્ગાર પ્રત્યે લક્ષ આપઃ

" પ્રારબ્ધ ઉલટે ઉલટી ગયુ,
અસ્ત વ્યસ્ત જીવન તો થયુ.
પૂર્વ જન્મનાં પ્રગટયાં પાપ,
દુઃખી જીવનથી ભરાયું માપ.
પૂર્વે ન કર્યા પુન્ય ને દાન,
જપ તપ કિધાં નહિ બળવાન.
સાધુ સંત સતોષ્યા નથી,
ધર્મ કર્મ કાંઇ કીધાં નથી.
પૂજન અર્ચન કરીને દાન,
સંતોષ્યા નથી પ્રભુ બળવાન.
યજ્ઞ યાગ કીધા વિણુ મહાન,
ક્યાંથી પામીએ સુખ સમાન.
પૂર્વે દત્ત જો કીધું હોય,
તો તો આ ભવમાં સૌ હોય.
કોટિક કરીને કુડાં કામ,
તોડયાં હશે ધર્મનાં ધામ.
પ્રેમી જોડાંને જૂદાં કરી,
દીધાં હશે દુઃખો દિલ ધરી.

પ્રેમ જીવનને કરીને નષ્ટ,
દીધું હશે ભયંકર કષ્ટ.
યોગી જનને કરીને ભ્રષ્ટ,
સંસારી કીધા હશે નષ્ટ.
પ્રેમી જોડાં પર કરીને ઘાવ,
લીધા હશે કિલ્મિષના દાવ.
પ્રેમ જીવનને ભ્રષ્ટ કરનાર,
કેમ કરી ઉતરે ભવ પાર ?"

છાતી ઉપર હાથ મુકી નયન પથને ભીંત ઉપર સ્થિર કરી સ્તબ્ધ થયેલી કુમુદ મગજમાં કંઇ શોધતી હોય તેમ શોધી પોતાનો બચાવ કરવાને પ્રતિ ઉત્તર કરતી હોય તેમ ઉદ્‌ગાર કહાડવા લાગી:

" આ ભવમાં કંઈ કીધું નથી,
સત્ય નિયમ વ્રત તોડ્યાં નથી.
પતિમાં રાખી પૂરી પ્રિત,
નેક વૃત્તિથી રહી છું નિત.
સપ્ત પદિની પ્રતિજ્ઞા જેહ,
તે પ્રેમે પાળી છે મેહ.
અંતઃ રંગે કિધાં તોફાન,
તેને મ્હેં તોડયાં બળવાન.
અંગ વિભૂતિ સાચવી સાર,
એ પ્રભુનો પૂરો ઉપકાર.
સુંદરી જનનું ભૂષણ જેહ,
પતિવ્રત્ત પૂરણ પાળ્યું તેહ.
દેહે નિયમે નથી થઈ નષ્ટ,
વિપરિત મદને દીધાં કષ્ટ.
યોગ્ય અયોગ્ય સંયોગજ આવ્યા,
વિપરિતતાએ દાવજ સાંધ્યા.

શુદ્ધ કસોટી માંહી કસાઇ,
પતિવૃત્ત ધર્મમાં રહી છું જડાઇ.
ધર્મ કર્મથી વિભૂતિ વધે છે,
જન્મ જન્માંતરે ફળ તો મળે છે.
મહાજન એવું કહે છે કથી,
પ્રત્યક્ષ બીજું પારખું નથી.
આજ તણો જોવાથી ઠાઠ,
વિપરિતતાનો દીસે ઘાટ.
કારમું આ છે સ્વપ્ન કે સત્ય ?
જે હું દેખું છું પ્રત્યક્ષ.
વિધવા સૌભાગ્યવતિ થાય.
એ તે કૌતુક શું દેખાય ? "

આશાના શુભ્ર કિરણથી આશ્ચર્ય ચકિત થયેલી કુમુદના મુખમંડળ ઉપર એ વિચારથી ઉત્સાહની સ્ફુર્તિ પ્રસરી રહી. કંઇક નવીન કૌતક અનુભવતી હોય તેમ હૃદયમા નવિનતા અનુભવવા લાગી. કંઇક આશાના કિરણથી પ્રકાશ પાડતી બોલી·

" આશાના અંકુર દેખાય,
દૈવ કૃપાથી સત્ય જો થાય.
દૈવી વિપરિતતા દેખાય,
ભાગ્ય દશા ગતિ ઉલટી જાય.
પૂર્વ પુરાણે વ્યાખ્યા એક,
શ્રીમંતિની દીસે નેક.
ભાગ્ય. ફુટેલું પામી ફરી;
શંકર વૃત્ત પુરૂં આદરી. "

આર્ય દેશની શુદ્ધ આર્યાઓ ! તમારા મહાબળની તુલોતવિત તુલના તોલવાની મ્હારા જેવી પામરમાં ક્યાંથી શક્તિ હોય ! સતી સાધવીઓની અસિમ શક્તિના ગુણાનુવાદ માટે દંભભર્યા વિચારોને માર્ગ સુજે એમ નથી.

સાત્વિક વૃત્તિની અધિદેવીઓના સત્તા પ્રસાદમાં મહા કલ્યાણ છે, અને જ્યારે તેમના કૃપા પ્રસાદનો કળશ ઢોળાય ત્યારે તો ત્રણે લોકમાં શું બાકી રહે?

અનુસુયાના કૃપા પ્રસાદથી નર્મદાને શું નથી મળ્યું ? સાવિત્રીના તપ પ્રભાવથી તેના પતિકુળને ભૂષણવંત થવામાં શી બાકી રહી હતી ? શ્રીમંતિનીના વૃત્તાચરણથી નષ્ટ થયેલા પતિનું જીવન કેવી આશ્ચર્યતાથી પુનઃ પ્રાપ્ત થયું હતું ? દમયંતી, તારા, સીતા, અને મૈત્રી આદિ મહા સમર્થ સતી સાધ્વીઓનાં જીવન કેવો સુબોધ આપે છે' શુદ્ધ મહિલાની જોડ ભૂમંડળમાં મળવી મુસ્કેલ છે. પ્રાચીન આર્યમહિલાના ગુણાનુવાદનાં કથનો શ્રવણ કર્યા પછી નિશ્ચય થાય છે કે તેવાં રમણી રત્નો, યુરોપ, અમેરિકા કે આર્મિનિયામાં જડે એમ નથી. થોડા અનુભવથી સિદ્ધ થવા લાગ્યુ છે કે આર્યાવર્તની બાલિકાઓને પશ્ચિમ તરફની કેળવણી આપવાથી શુદ્ધ આર્યાના સંસ્કારો પડવા અને તેવા લાભ સંસારને મળવા મુસ્કેલ છે. ત્યારે આર્ય મહિલાઓ ! દીન રંક કુમુદની આર્જવતા ધ્યાનમાં લઈ તમે મૈત્રી, સાવિત્રી અને સીતાનું અનુકરણ કરી તેવી થવા યત્નવાન થાઓ. જ્યારે સદ્‌વિચારો સેવાય છે ત્યારે અંતઃકરણની તેવીજ સ્થિતિ થાય છે. ઉચ્ચ સ્થિતિ પામવાને ઉચ્ચ ચિન્તવનની જરૂર છે. દીર્ઘકાળથી સેવેલાં સદાચરણો સદ્‌વિવેકે ફળે છે. એ વિચાર સ્ફુરતાં કુમુદે લાંબો નિઃશ્વાસ મુક્યો

“ મ્હેં નથી કીધુ એવું વૃત્ત,
આશા બાંધુ છું હું અસત્ય.
પૂર્વ પૂણ્યથી આશા ફળે.
ખોયેલુ ભાગ્ય ફરી મળે.
વડીલ સ્નેહી કે વ્રતનું પૂણ્ય,
એમાં શું નિશ્ચય કરૂં અન્ય.
કર્મ કથાનો મ્હારો ભાગ,
વિચારતાં ઉઠે છે આગ.
હૃદયને નવ સુઝે ઘાટ;
કોણ બતાવે સત્યની વાટ. ”

મર્મોથી છેદાયલી હૃદય ગુહામાં ગુંચવાયલી કુમુદ ક્ષણભર થોભી. સ્થિર વૃત્તિ કરી નમન કરતી હોય તેમ ચિહ્ન કરી દીન મુખથી આર્જવતા દર્શાવતી બોલીઃ

" જગ પાવન શ્રી યોગિરાજ,
શાન્ત દાન્ત શ્રી ગુરૂ મહારાજ.
ચરણ શરણ ત્હારે છું નાથ;
ઝાલો ભવસાગરમાં હાથ.
ચંદ્રાવળી સતી સાધવી,
આવી ખોલો ગુંચ માવડી.
શોક મૂઢ વિકારિણી નાર;
ત્હેંને શરણે લો આ વાર.
શાંત દાંત સિદ્ધેશ્વરી માત,
જાણે છે તું સર્વે વાત.
વિઘ્ન તોડી મુજ મહેશ્વરી,
સત્ય દર્શક થા માતેશ્વરી. "

" માતેશ્વરી ચંદ્રાવળી મૈયા, ત્હારી ભગવી કંથાધારી પુત્રીની હવે તો સંભાળ લે. હવે ગુંચોના કુંજમાં ગુંગળાવ નહિ. મા, રંક અનાથનું તું પૂર્વકાળથી શાન્તવન કરતી આવી છે. માજી, આજે તું કેમ દૂર છે? મર્મોથી મ્હારૂં હૃદય વ્હલોવાઇ જાય છે. ભૂત અને ભવિષ્યના ભણકારા ભડકાવે છે, ગભરાવે છે, ગુંચવાવે છે અને કંઇ પણ ગમ પડવા દેતા નથી. મ્હારા હૃદયનો ખુલાસો ક્યાં કરૂં ? આ સંસારમાં મ્હારા તે શા હાલ ? સંસારમાં બબ્બે પુરૂષોને ખપ ન લાગી. આત્મહત્યા કરવા ગઈ, ત્યાં જમે પણ ન સંઘરી. સ્વાર્પણ કરવા ગઇ ત્યાં સંસારના ભણકારા વાગ્યા. ત્યારે વૈધવ્યને મિઠું માની બેઠી તેમાં હવે સૌભાગ્ય ડોકીયાં કરે છે. મહા દુઃખે સંસારને ભુલી મનને મનાવ્યું. વૈરાગ્યાધિન કીધું, ભગવું ધર્યું. ત્યારે સૌભાગ્યનુ કુમ કુમ ગેરૂનો ત્યાગ કરાવવા તત્પર થયું છે. ભગવી કંથાને જરકસીની સાડી કરવા મથન કરે છે. અમાંગલિક થયેલા અવયવોને મંગળ ભૂષણોથી

અલંકૃત કરવા ઉદ્યોગ આરંભે છે. સંસારમાં એકથી અનેક સ્થિતિનું રૂપાંતર પામતી પામતી રોડાની પેઠે અથડાતી ત્હારી પુત્રી હવે કંટાળી છે. એના ઉપર કૃપા કર. અનંત અંધકારમાં વિદ્યુતના ચમકારા જેવો સૌભાગ્યની આશાનો અંકુર આ શો ચમત્કાર બતાવે છે ? ત્હેની જરાયે ગમ પડતી નથી. માતુશ્રી, સત્યદર્શક થા. મ્હારા હૃદયના ગુચવાડાને ભાંગ."

છેલ્લા ઉદ્દગાર કાઢતી કાઢતી કુમુદ, ગદગદ કંઠથી ગલગલિત થઇ ગયેલી ચંદ્રાવળીનું ધ્યાન કરતી હોય તેમ છત સામ્ સ્થિર દ્રષ્ટિ કરી ઘટિકા સુધી જોઈ રહી. ચંદ્રાવળીની પ્રતિમાને ધ્યાનમાં ખડી કરી દ્રઢ સંયમ કર્યો. ચંદ્રાવળીનુ સંપૂર્ણ ધ્યાન થતાંજ તેના સન્મુખ જાણે પોતાના હૃદયનો ભાર ઓછો કરતી હોય તેમ હૃદય મોકળું મુકી રડી પડી. જરા ઉભરાથી હૃદય ખાલી થયુ એટલે મન સ્થિર થયુ અને હૃદયમાં નવું બળ આવ્યું. તેણે જરા સ્થિર ચિત્તે ફરી સયમ કર્યો, "શ્રી વિષ્ણુદાસ ગુરૂ મહારાજ, ગુરૂ મહારાજ." એ શબ્દનો ઉચ્ચાર કર્યો. સ્થિર ચિત્તે હાથ જોડી તટસ્થ વૃત્તિએ ચિન્તવન કર્યું.

अनुष्टुप छंद.

अखंडानंद बोधेन शिष्य संताप हारिणे ।
सच्चिदानंद रुपाय श्री वीष्णु गुरवे नमः ॥
विश्वेश्वरं विश्वरुपम विश्वं विश्वतो मुखं ।
विश्वंभरं विश्वनाथं विश्वमूर्ति नमो नमः ॥

ચિન્તવન કરતાં કરતાં કુમુદ નિદ્રાને આધિન થઇ ગઈ. નિદ્રાને આધિન થયેલી કુમુદ તે સ્થિતિમાં પણ શાંત નહોતી. તેની અડધી વિંચેલી આંખો જેનારને તે જાગતી હોય એવું ભાન કરાવતી હતી. તેની યોગિની જેવી તેજ જ્યોતિથી ચમકારા મારતી મુખમુદ્રા ઉપર ભય, હર્ષ, શોક, આશ્ચર્ય અને ક્લેશયુક્ત દેખાવના ભાવો વારે ઘડીએ પસાર થતા હોય તેમ જણાતું હતું, અને તેના પ્રત્યાઘાતો હૃદય સ્થાનમાં પ્રવેશ કરી દેહમાં શીત જડતા, રોમોદ્દગમ, દૈન્ય અને કંપની ધ્રુજારીનો ભાસ કરાવતાં જણાતા હતા. કેશપાશ છૂટો થઈ પથારીમાં પસરી ગયો હતો. ઓઢેલી કંથા અવ્યવસ્થિત

થઇ ગઇ હતી. કપાળ ઉપર પ્રસ્વેદની ઝરી ફુટી બિંદુ બધાયાં હતાં. રક્ત સુકાઇ જવાથી સુકા પડેલા કંપતા અધરોષ્ઠ ફિક્કા જણાતા હતા. વારે વારે શરીરની શિથિળતા જણાતાં નિદ્રિત કુમુદની વિપત્તિનો અનુભવ થતો હતો. તેનાં ભવાં, આંખ અને નાકની આકૃતિ ક્ષણે ક્ષણે વિચિત્ર રૂપ ધારણ કરતી, તેથી જાણે તેના હૃદયનાં નવિન ધૈર્ય, નિડરતા, હર્ષ, અને આશાના અંકૂર ફુટવાથી નવિન જ્યોતિનો ફુવારો મહા આનંદ વર્ષાવી રહ્યો હોય એમ ભાન થતું હતું. દ્રઢ સંયમ કીધા પછી નિદ્રામાં પડેલી કુમુદને સ્વપ્ન આવ્યું. એ સ્વપ્ન સૃષ્ટિની અલૌકિકતામાં આપણા નયન પથને માર્ગ આપી આવકારદાયક કરીએ.

પ્રાસાદમાં શૈયાપર પડેલી કુમુદ પાસે અનુપમ તેજસ્વી વિભૂતિથી દિપતી ચંદ્રાવળી મૈયા આવી. ચંદ્રાવળીએ શ્વેત ચંદ્ર જેવું વસ્ત્ર ધારણ કર્યું હતું. કપોળમાં ચંદ્રરેખા જેવી ભસ્મની આડ કરી હતી. ગળામાં સ્ફટિકની મનોહર માળા પેહેરી હતી. હાથમાં માતાજીનું ત્રિશૂળ ધારણ કર્યું હતું. ચંદ્રાવળીને જોતાંજ કુમુદ ગદ્‌ગદિત થઇ આંસુ સારતી મૌન્ય ધારી તેના ખોળામાં પડી. એટલામા એક મહાન ભયંકર ગર્જના થઈ અને તે થવા સાથેજ ચંદ્રાવળીની પાછળ અનુપમ તેજનો પુંજ જણાયો. તેજપુંજમાંથી દૈવી વિભૂતિ ઉત્પન્ન થઈ, તેનુ ચંદ્ર જેવું આહ્‌લાદકારક મુખ, તેજસ્વી સ્નિગ્ધ લાંબા કાળા મેઘ સરખા કેશ, મૃગજેવી મનોહર આંખ, કામદેવના ધનુષ્ય જેવી વાંકી ભ્રૂકુટી, શુક જેવી મનોહર નાસિકા, દાડમની કળી જેવા અણીઆળા, હીરા જેવા ચળકતા દાંત, પ્રવાળના રંગ જેવા અધરોષ્ટ, કમળ નાળ જેવા કોમળ હાથ, કદલીના સ્તંભ જેવા મનોહર પગ અને તેના પ્રત્યેક અવયવની મનોહર સૌંદર્યતા મહાન વિભૂતિનુ ભાન કરાવી રહી હતી. કાનમાં દિપી રહેલાં રત્નજડિત કુંડલો, પગમાં દિપતાં ઝાંઝરો, કંઠસ્થાનમાં ઝુકી રહેલી મુક્તાફળની માળા, અને દિવ્ય કંકણુથી દિપતા આઠે હાથમાં આવી રહેલાં આયુદ્ધથી અસિમ મહત્તાની છાપ પડતી હતી.

દિવ્ય વિભૂતિએ કુમુદના ગળામાં શ્વેત પદ્મની માળા આરોપી. રૂદ્રાક્ષનો કંઠો ચંદ્રાવળીના ગળામાં પહેરાવ્યો. દરેકની કંઠમાળાને પદ્મનાળથી

ગાંઠી દીધી. કુમુદ તે દેવિ વિભૂતિ ભણી એકી ટસે જોઈ રહી. દેવિ વિભૂતિએ કુમકુમનો ચાંદલો કર્યો. એટલામાં દેવિ વિભૂતિના વાહને રૌદ્ર ગર્જના કરી. એક હાથમાં કુમુદ અને બીજા હાથમાં ચદ્રાવળીને લેઈ દેવી વિભૂતિ સિંહ ઉપર આરૂઢ થઇ ગગનમંડળ પ્રત્યે ચઢી. ચંદ્રમંડળ અને તારાગણોને નિહાળતાં કુમુદ દિગ્મુઢ થઈ ગઇ. તેણે ચંદ્રાવળી સ્હામુ જોયુ. સિંહ અને અષ્ટભુજા મૂર્તિ અલોપ થઇ ગઇ. કુમુદ અને ચંદ્રાવળી ગગનમંડળમાં અધર લટકી રહ્યાં. ભયથી વ્યાકુળ થયેલી કુમુદે ચંદ્રાવળી તરફ જોયાં કર્યું. ચંદ્રાવળીએ હાથ લાંબો કર્યો, તે સાથે એક પાંખ ચદ્રાવળીને અને બીજી પાંખ કુમુદને થઇ અને જોડીયાં પક્ષિની પેઠે બન્ને અદ્ધર ઉડવા લાગ્યા. ઉડતાં ઉડતા સૃષ્ટિ ઉપર અનેક વનો ઉપવનો, રમણિય વૃક્ષ ઘટાવાળા મનોહર પ્રદેશો, સરોવરો, સરિતા અને નદના અનેક પ્રવાહો, પહાડો, પર્વતો અને નગરોના અનેક દેખાવો દ્રષ્ટિગોચર થવા લાગ્યા. બને જણાએ ગગન મંડળમા ચક્કરો ઉપર ચક્કરો ખાવા માંડયા. ચક્કરો ખાતાં ખાતાં કુમુદ થાકી.

કુમુદે પ્રશ્ન કર્યો· "માતાજી, આ અનુભવ શુ થાય છે ?"

ચંદ્રાવલી: "ભૂમંડળનો અનુભવ છે."

કુમુદે પુનઃ પ્રશ્ન કર્યો: "મ્હને કંઈ સમજાતું નથી."

ચદ્રાવલી: "દ્રષ્ટિ નાખી નિહાળ, ગુરૂ કૃપા પ્રસાદથી ભાન થશે.'

તેની પાંખોએ જોરભેર ભ્રમણ કરવા માંડયુ

નર્મદા નદીનો પ્રદેશ દ્રષ્ટિએ પડયો ચંદ્રાવળી વર્ણન કરતી ગઇ—શુળનદ તીર્થ, ભીમેશ્વર, નારદેશ્વર, આગ્નિયેશ્વર, તથા અનુક્રમે વરૂણેશ્વર, તે આગળ કોટિ તીર્થ છે. દેવતીર્થ, અમરકટક, રાવણેશ્વર, ઋણુતીર્થ, વટેશ્વર, તુરાસંગમ, સોમતીર્થ, પિંગલેશ્વર, કર્કોટેશ્વર, તથા નદિતીર્થ, અને દીપેશ્વર તીર્થ, જ્યાં વ્યાસજીનુ ધામ છે.

પાંખોએ બહુ જોરથી ચક્કર લીધું અને ભૃગુપુર દ્રષ્ટિએ પડયુ. ત્યાંનાં તીર્થ જોતાં ચંદ્રાવળીએ કહ્યુ: "*હરિશ્ચંદ્રપુર કે જે અંતરિક્ષ લોકમાં દેખાય

* મત્સ્ય પુરાણ પૃષ્ઠ ૫૧૨.

છે તે અહિં છે." ત્યાંથી કુમુદની દ્રષ્ટિ સૂવર્ણ બિંદુશ્વરમાં પડી. કુમુદે મહા તેજનો પૂંજ જોયો અને પ્રશ્ન કર્યો: "માતાજી, આ શું છે?"

ચંદ્રાવળી: "એ સતિ સાધવી ધનકુરબાના ગુરૂ મહારાજનો આશ્રમ છે."

"તે કોણ હતાં?"

"ભરૂચના બ્રહ્મક્ષત્રીમા દેસાઇ કુટુંબમા છેલ્લાં થયેલાં *સતિ છે. સતિત્વનો તેજ પ્રવાહ પરમ પૂજ્ય છે." એટલામાં એક મહાન ચક્કર આવ્યુ અને તે ચક્કરના પ્રવાહમાં તેઓ દધિચી મુનિના આશ્રમ પાસે થોભ્યા. આશ્રમ મહાન રમ્ય હતો. રાયણનાં વૃક્ષ ઉપર તપશ્ચર્યા કાળનો મહાત્માનો ઘટ થયેલો ઓજસ દ્રષ્ટિગોચર થયો.

કુમુદે પ્રશ્ન કર્યો: "આ શું આશ્ચર્ય છે?'

ચંદ્રાવળી: "મહાત્માના સંબંધમાં પ્રશ્ન ન કરતાં જોયા કર."

ભવ્ય ભભક મારતાં સુંદર દેવાલયોમા સમાધિ દીઠી. મહા દિવ્ય ગંધ અને તેજનો પ્રવાહ ચાલી રહ્યા હતો.

ભ્રમણ વાયુનો હેલ્લો લાગ્યો. ચક્કર મહાબળથી ફર્યું. બન્ને જણા ક્ષણ વારમાં ચિત્ર વિચિત્ર શિલાઓના શિખરોથી આચ્છાદન થયેલા સુંદરગિરિ ઉપર આવી લાગ્યા. સુંદરગિરિનો પર્વત જોતાંજ આશ્ચર્ય ચકિત થયેલી કુમુદે હર્ષ ધ્વનિથી સૂચન કર્યુ કે "માજી, આ તો સુંદરગિરિ."

ચંદ્રાવળીએ મ્હોં મલકાવી આનદ દર્શાવ્યો. આ બે જીવાત્મા સુંદરગિરિ ઉપર આવ્યા, ત્યારે નક્ષત્રગણ અસ્ત થવાની તૈયારીમાં હતા. યોગીઓ ઉઠવાની તૈયારી કરવા લાગ્યા હતા અને શાંત પર્વત ઉપર ધીમે ધીમે વ્યવહાર કાળનુ ચૈતન્ય પસરવા માંડયું હતું.

રાધેદાસનાં પ્રથમ દર્શન થતાંજ ચંદ્રાવળીએ પ્રશ્ન કર્યો: "ગુરૂ મહારાજ કહાં હય."

---

* ભરૂચમા બ્રહ્મક્ષત્રી જ્ઞાતિમાં સ્વ. કલ્યાણરાયજી હકુમતરાયજી દેસાઇજીનું કુટુંબ સુવિખ્યાત છે. તેમના કુટુંબમાં થયેલા ઉક્ત સતી માતાનાં પગલાં હજુ દશાશ્વમેધના ઓવારા ઉપર એક ન્હાની ડેહેરીના આકારમાં જોવામાં આવે છે.

રાધેદાસ: "અગમ્ય સ્થાનમેં, અદ્‌ભૂત કાર્યમેં, ગુપ્ત સંકેતમેં બૈઠે હંય."

ચંદ્રાવળી: "મધુરીકા સંદેહ નિવેદન કરનેકા હય."

રાધેદાસે સવિનય પ્રતિ ઉત્તર કર્યો: "ગુરૂજીકે પાસ જાનેમેં આપકું પ્રતિબંધ નહિં હય. આપ અગમ્ય સ્થાનમે લે જાવ. જયસી મૈયાકી મરજી."

કુમુદ: "ગુરૂ મહારાજે આજે ગુપ્ત એકાન્ત કેમ શોધ્યો હશે?"

ચંદ્રાવળી. "મહાત્માઓનાં સર્વ કાર્ય કારણભૂત હોય છે. તેમાં સામાન્ય બુદ્ધિ પ્રવેશ કરી શકતી નથી; પરંતુ એટલું જણાવવું મ્હને યોગ્ય જણાય છે કેઃ સંયમ સિદ્ધિ માટે એકાંતવાસ મુખ્ય છે. એકાન્ત રૂપ જળસિંચનના પ્રભાવથી હૃદયવૃક્ષ અંતરાદેશરૂપ ફળના ભારથી સત્વર નમે છે. ગૃહસ્થાશ્રમમાં હિસાબ વિના જેમ ગડબડ ગોટાળો આવે છે તેમ એકાન્ત સેવન વિના મનુષ્યનું અંતઃકરણ વિવિધ ચક્કર ઉપર ચઢે છે, અને એકાન્ત સેવાય સાવધાનીથી નિશ્ચયાત્મક નિર્ણય ઉપર આવી શકાતું નથી. એકાન્ત એ બહિર વિચરી થાકી ગયેલી વૃત્તિનો શ્રમ ઉતારનાર આરામ ખુરસી છે. એકાન્તમાં શાંત વિચારથી થાકેલી આત્મવૃત્તિ ટટાર થાય છે. ભૂલોકમાં ભરૂપી દોરીથી વિવિધ વિકૃતિ થતાં લોભ, મોહ, મદ, મત્સરાદિ પાશના મહા જાળાં ગુંથાયલા છે. તે જાળાંમાંથી વૃત્તિને શુદ્ધ પ્રદેશ ઉપર લઈ જવાનો એજ માર્ગ છે. એકાન્ત સિવાય અણિમા સિદ્ધિ પ્રાપ્ત થતી નથી, અને જ્યારે અણિમા સિદ્ધિના પ્રદેશમાં મન જાય છે ત્યારે પારમાર્થિક મનુષ્યત્વનું યથાર્થ ભાન થાય છે. એટલુંજ નહિ પરંતુ મહાજનોને સાક્ષાત પરમાત્માની ગુઢ સાંકેતિક ભાષાનો બોધ થાય છે, અને તેના યોગથીજ મહાત્માઓ પ્રાણી, પદાર્થ તથા નક્ષત્રમંડળના અગમ્ય પ્રદેશરૂપ અકળનીય પુસ્તકને ઉકેલી શકે છે. મનુષ્યની આંતર વૃત્તિને વાંચી શકે છે અને ભૂત ભવિષ્યના અકળનીય અકથનીય પ્રદેશના લેખો ઉકેલી શકે છે. અકળનીય સિદ્ધાંતોને સિદ્ધ કરવા મહાત્માઓ અણિમા સિદ્ધિને સંયમથી સાધવા એકાન્ત લે છે, અને એવા કાર્યમાં તેઓ યોજાએલા હોય છે ત્યારે તે મહા મહત્ત્વના ભરેલું હોય છે.

કુમુદ: "માતાજી, ત્યારે શું ગુરૂ મહારાજનાં દર્શન નહિ થાય ? સત્ય દર્શન એમને એમજ રહેશે ?"

ચંદ્રાવળી: "ના, બેટા. ગુરૂ મહારાજને સર્વની ચિંતા છે. તેમને સત્ય માર્ગ દર્શક કરાવવો ન હોત તો મ્હને ત્હારી પાસે આવવાને કેમ પ્રેરત ?"

કુમુદ: "ગુરૂ મહારાજના ગુપ્ત સંકેત સ્થાનમાં કેમ જવાશે? તે ક્યાં હશે ?"

ચંદ્રાવળી: "અગમ્ય સ્થાન અગમ્યજ છે, પણ મહાત્માના કૃપા પ્રસાદથી ત્યાં જવાશે. તુ ધિરજ ધર, મ્હારો હાથ પકડ અને મ્હારી સાથે ચાલવા માંડ."

ચાલતાં ચાલતાં મહા અંધકાર ભરેલો માર્ગ આવ્યો. તેમાંથી બને જણા ઉડી ખોમાં સરી ગયાં. ખોના પ્રદેશમાંથી ઉંચે દૃષ્ટિ કરતા સૂર્ય મંડળને સ્પર્શ કરતો હોય એવો ઉંચો અને અનેક વર્ણોવાળા વિચિત્ર વનોથી પ્રફુલ્લ થયેલો પર્વત દૃષ્ટિગોચર થયો. પર્વતને સ્પર્શેલાં વાદળાંનો સમહ મનોહર દેખાતો હતો. સ્વચ્છ પુષ્પોની લત્તાઓના અગ્ર ભાગો આગળ સારસપક્ષિઓ વિશ્રામ લેતા જણાયાં. નેતરનાં વૃક્ષોથી પ્રબળ વિસ્તારવાળા ઝગ દ કાઇ ગયલા દ્રષ્ટિગોચર થયા. શિલાઓના ખાડામાં ઉગેલી લતાઓ વૃક્ષના આશ્રયરહિત હોવાથી પવનથી કંપાયમાન થયેલી છિન્નભિન્ન પથરાયલી જણાઇ. શિખર ઉપરથી શિલા ઉપર પડતા પાણીના પ્રવાહોની થતી છિન્નભિન્નતાથી જૂદાં પડતાં પાણીનાં રજકણો જાણે મોતીનો સમૂહ વિખરાતો હોય એમ દેખાવા લાગ્યુ. વૃક્ષોથી ભરપૂર થયેલાં વનો શિતળતાનુ ગાંભિર્ય દર્શાવતાં દૃષ્ટિ સન્મુખ ઉભાં થયાં. પર્વતની મનોહરતા જોઇ મોહિત થયેલી કુમુદ બારિકીથી નિહાળવા લાગી. એટલામાં ઉંડાણમાં માર્ગ આવ્યો. તે માર્ગ આગળ જતાંજ શિખર ઉપર તથા માર્ગની બાજુએ જ્યોતિર્લતા નામની ઔષધિઓ દિવાઓની પેઠ મહા તેજ પ્રસારી રહેલી જોઇ. કુમુદ આશ્ચર્યચકિત થઈ. હવે માર્ગ નહોતો. દિવ્ય જ્યોતિર્લતાઓ દિવ્ય તેજ ભભકાવી રહી હતી. ત્યાંથી ક્યાં જવાશે એ પ્રશ્ન

કરતાં પહેલાંજ ચંદ્રાવળીએ પર્વતને સ્પર્શ કરતાંજ તેના બે ભાગ થયેલા જણાયા, અને તેમાં પ્રવેશ કરતાં મનોહર અગમ્ય સ્થાન દૃષ્ટિગોચર થયું. સ્ફટિક અને નીલમણિનાં મિશ્રણવાળી ગુહા મનોહર હતી. ચંદન, કપૂર, તથા કેસરના વૃક્ષોમાંથી સુગંધી લઈ વાતો વાયુ સર્વત્ર વ્યાપી ગયો હતો. ત્યાં મૃગચર્મો પડેલાં હતાં. દરેક મૃગચર્મો પાસે અગ્નિ ભારેલી ધુણીઓ ધુધવાતી હતી. રૂદ્રાક્ષની માળા અને સુંદર જળથી ભરેલી તુમડી પ્રત્યેક આસન પાસે પડેલી હતી. કુમુદે આ જોતાંજ ચંદ્રાવળી સામે દૃષ્ટિ કરી. ચંદ્રાવળીએ કાંઇ પણ પ્રશ્ન ન કરવાની ઇસારત કરી. ગુહાના અંતર ભાગની સ્ફટિકની ભીંત ઉપર મણીધર નાગ ફેણુ વડે ફુંફાડા મારતો, વિષના ફુવારા ઉડાવી રહેલો દૃષ્ટિગોચર થયો. કુમુદ કમ્પી ગઈ અને ડરથી સ્તબ્ધ થઈ ગઇ. ચંદ્રાવળીએ નાગની ફેણુ પકડીને જરાક મરોડી એટલામાં શિલાના બે ભાગ થઇ ગયા. ચંદ્રાવલી અને કુમુદ અંદર પેઠાં અને શિલા સંધાઇ ગઈ. કુમુદ આશ્ચર્યચકિત થઇ ગઈ. આગળ ચાલતાં મહા ભય ઉત્પન્ન થયો. આખો માર્ગ જીવતા સર્પનાં બિછાનાથી આચ્છાદન થયેલો હોય તેમ સળવળતા અને ફંણોથી ફુંફાડા મારતા નાગોથી ભરેલો દેખાયો. તે ઉપર પગ દઇ જતાં કુમુદ ગાભરી બની ગઇ. ચંદ્રાવળીએ હાથ પકડી ખેંચી. પગને સ્પર્શ થતાંજ મુખમલ જેવા સુવાળા નાગોના બિછાનામાં મહા દિવ્યતા લાગી. આગળ ચાલતાં રૌદ્રગર્જના કરતા વિકાળ સિંહોની જોડી દ્રષ્ટિગોચર થઈ. કુમુદના તો હાંજાજ ગગડી ગયા. ચંદ્રાવળીને જોતાંજ સિંહોએ તેના પાદ ઉપર માથું મુકી નમન કર્યું. બે સિંહની વચ્ચેના પ્રદેશમાં પગ મુકતાંજ મહાન વિદ્યુતનો ચમકારો થયો, અને જ્યોત્સ્નાનો ઝગમઘાટ થઇ રહ્યો. ચંદ્રાવળી કુમુદનો હાથ પકડી જ્યોતિના પ્રદેશમા કુદી પડી. કુદકારો મારતાં જાણે ઉંડાણમાં લપસી પડયાં હોય એવો અનુભવ થયો. જમીનને પગનો સ્પર્શ થતાંજ જ્યોતિ શાંત થઈ. ઉંચી દૃષ્ટિ કરતાં ગુહા મંડપમાં મહાન દિવ્ય વિભૂતિમાન મહાત્માઓ દૃષ્ટિગોચર થયા. પરમ ઐશ્વર્યથી વિરાજીત મહાત્માના ડાબા વિભાગ ઉપર વિશ્વણુદાસ બેઠા હતા. ચંદ્રાવળી અને કુમુદે સાષ્ટાંગ પ્રણામ કર્યો. ગુરૂ મહારાજે અમૃતમય દૃષ્ટિથી પોતાના નેત્રદ્વારા સર્વમાં અમૃત રેડયુ. ચકિત થયેલી કુમુદ હાથ જોડી ઉભી રહી.

વિશ્વધુદાસઃ "બેટા કુમુદ, પ્રશ્નોત્તરમાં કાળ વ્યતિત કરવાને અવકાશ નથી. મ્હારી પાસે આવ. મૃગચર્મ ઉપર પદ્માસન વાળી બેસ. અને ચક્ષુ મિંચી સ્થિર ચિત્તે સંયમ કર. ત્હારા મનની સર્વ પ્રકારે પ્રતિતિ થશે. વર્ત્તમાન કાળથી આગળ જતી નહિ."

કુમુદે વિનયથી નમન કર્યું અને પદ્માસન વાળી સંયમ કર્યો. ગુરૂ મહારાજે જમણો કર કુમુદના મસ્તક ઉપર મુક્યો. ક્ષણ માત્રમાં કુમુદ વિલક્ષણુતા અનુભવવા લાગી. વાચક, કુમુદના અનુભવ માર્ગ ઉપર આપણા નયન પથને લબાવવા દઇશું.

પ્રકરણ ૧૦ મું.

સ્વપ્નમાં સંયમ.

રથઃ શરીરં પુરુષસ્ય દૃષ્ટં આત્મા નિયન્તેન્દ્રિયાણ્યાહુરશ્વાન્ ।
તૈરપ્રમત્તઃ કુશલી સદશ્વૈર્દાન્તૈઃ સુખં યાતિ રથીવ ધીરઃ ॥

"શરીર એ રથ, આત્મા એ નિયન્તા અને સર્વ ઇન્દ્રિયો એ અશ્વ સ્વરૂપ છે ધીર વ્યક્તિએ, અપ્રમત્ત થઇને, વશ થયેલા સારા અશ્વવાળા રથ ઉપર અધિરૂઢ થયેલા સારથીની પેઠે ઇન્દ્રિયોદ્વારા પરમસુખે સંચરન કરવું." વનપર્વ ૨૧૦–૨૩.

સત્યદર્શન કરવા ઇચ્છતી કુમુદસુદરી સ્વપ્નમાં ગુરૂ કૃપાથી સયમમાં અલૌકિકતા અનુભવે છે. પદ્માસન વાળી બેઠેલી કુમુદના હાથની ગુરૂ મહારાજે જ્ઞાનમુદ્રા વળાવી અને મસ્તક ઉપર હાથ મૂક્યો કે તેની સાથેજ સયગ થઇ ગયો

हृदये चित्त संवित (પાતંજલ સુત્ર) હૃદયમાં (સંયમ કરવાથી) ચિત્તનુ જ્ઞાન થાય છે. અને તે સયમ જ્યારે સ્થાર્થમય થાય છે, ત્યારે યોગીને પ્રાતિભ, શ્રાવણ, વેદન, આદર્શ, આસ્વાદ અને વાર્તા, એ છ પ્રકારનું ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે. અર્થાત્ સ્વાર્થમય સયમથી મન એ સૂક્ષ્મ વ્યવહિતાદિ વસ્તુઓને જાણવાના સામર્થ્યવાળું થાય છે. એટલે દિવ્ય શબ્દ શ્રવણ, દિવ્ય સ્પર્શાનુભવ, દિવ્ય સ્વરૂપનું દર્શન, દિવ્ય રસના સ્વાદનુ જ્ઞાન, અને દિવ્ય ગંધનો અનુભવ થાય છે. અન્ય સાહાય્ય વિના યોગથી ઉપજેલા શુક્લ ધર્મયુક્ત મનમાં જે સૂક્ષ્મ, વ્યવહિત, વિપ્રકૃષ્ટ, અતીત અને અનાગત

પદાર્થોને યથાર્થ જાણુવાનુ સામર્થ્ય આવિર્ભાવ પામે છે. તેને **પ્રતિભ** કહે છે. દિવ્ય શબ્દને ગ્રહણુ કરવાના સામર્થ્યવાળું શ્રોત્ર તે **શ્રાવણ**, દિવ્યસ્પર્શને ગ્રહણુ કરવાની શક્તિ તેને **વેદન**, દિવ્યરૂપને ગ્રહણુ કરવાના બળવાળું તે **આદર્શ**, દિવ્યરસને ગ્રહણુ કરવાના સામર્થ્યવાળી રસનાને **આસ્વાદન**, અને દિવ્ય ગંધને ગ્રહણુ કરવાના બળવાળી જે નાસિકા તેને **વાર્તા** કહે છે.

પ્રાતિભના પ્રાદુર્ભાવથી સૂક્ષ્માદિ પદાર્થોનું જ્ઞાન, શ્રાવણુથી દિવ્ય શબ્દનુ જ્ઞાન, વેદનથી દિવ્ય સ્પર્શનું જ્ઞાન, આદર્શથી દિવ્ય રૂપનું જ્ઞાન, આસ્વાદથી દિવ્ય રસનું જ્ઞાન, અને વાર્તાથી દિવ્ય ગધનું જ્ઞાન–યોગીયોને–થાય છે. તે સ્થાર્થમય સંયમનું આનુષંગિક ફળ છે. યોગીઓ તે વિભૂતિઓનો પ્રસાદ કૃપાથી બીજાઓને પણુ આપી શકે છે. કુમુદસુદરી આજે ગુરૂ કૃપા પ્રસાદથી ભૂતકાળ અને વર્તમાનકાળનાં કાર્યોને અનુભવવા લાગી. સુભદ્રા અને સમુદ્રના સંગમ આગળનો રમણિય પ્રદેશ તેને દ્દષ્ટિગોચર થયો. ઉછળતાં મોજાથી સુભદ્રાનો વેગ સમુદ્ર તરફ પૂર જોસમાં મહાઘોષ કરતો વહેતો હતો અને તેના સ્હામુ સમુદ્રના તરંગો ભીષણુ ગર્જના કરતાં ધસતાં હતાં. બન્ને રેજાઓનું સગ્રામ થતાં જળનાં અનંત રજકણો ઉડતા અને સફેદ ફીણુનો રૂપેરી રંગનો ઉભરો ઉભરાતો દ્રષ્ટિગોચર થતો. અને તેમના પાછા પછડાવાથી કાનના પડદાને ફાડી નાખે એવો મહાઘોષ થતો. સુભદ્રા અને રત્નાકરના રેજાઓના સંગ્રામમા સુભદ્રામાંથી જતી અને સમુદ્રમાંથી આવતી અનેક વસ્તુઓ અથડાતી પછડાતી અને છિન્નભિન્ન દશાને પામતી હતી. તેમાં એક ઝાડની ડાળીએ મનુષ્ય આકૃતિ બાઝેલી અને તે લાકડું સુભદ્રા અને રત્નાકરનાં રેજાઓની મારામારીમાં સુભદ્રા અને રત્નાકર વચ્ચે હિંચકા ખાતું જણાયુ. લાકડે બાઝેલી આકૃતિ ધારી ધારીને જોતાં પુરૂષની જણાઇ. તે પુરૂષની આકૃતિ કિશોર વયમાં ખિલેલા તરૂણુની હતી. શરીર ઉપર વસ્ત્ર નહતું. રેશમીકોરની ધોતીનો કછોટો વાળ્યો હતો. લાકડા સાથે હાથની ચૂડ સજ્જડ ભરાવેલી હોવાથી મુખમુદ્રા છેક લાકડાની અડોઅડ દબાઈ ગયેલી હતી. તેથી તે ઓળખી શકાતી નહોતી. કેશપાશ પાણીથી તરબોળ થયેલા છુટા વિખરાઈ ગયેલા અને સુગંધિત તેલ લગાવેલા

હોવાથી ચળક ચળક થતા હતા. ગૌરવર્ણું, શરીર રૂવાબદાર, ચિત્તાકર્ષક હતું. ધારી ધારીને જોતાં કુમુદ ઘટિકા માત્ર સ્તબ્ધ થઇ ગઇ. ભયના કંપ-થી તેણે આંખ વિંચી કે તત્ક્ષણાત રત્નાકરમાં તણાતા મનુષ્ય આકૃતિવાળા લાકડા ઉપર પોતે જઇ બેઠેલી જણાઈ. ભયંકર ગર્જના કરતાં સમુદ્રના તરંગો લાકડાં સાથે અથડાવા લાગ્યાં. લાકડું, મનુષ્ય આકૃતિ અને કુમુદ-સુંદરી, એ ત્રણે જણ મહાવેગથી સમુદ્રમાં તણાવા લાગ્યાં. ભયથી થર થર કંપતિ કુમુદે લાકડા સાથે સજ્જડ થયેલી આકૃતિને નિહાળી નિહાળીને જોઈ. "એ તો એજ" એમ મન સાથે નિશ્ચય થયો. તેને બેભાન હાલતમાં જોઇ અમંગળ શંકાથી કંપી ઉઠી અને અંતરમાં ઉંડો ત્રાસ પડયો. હૃદય ગુહામાં ચિરા પડયા. નયનમાંથી આંસુની ધારા વહેવા માંડી. અમાંગલિક શંકાથી ઉંડો નિઃશ્વાસ મૂકયો અને આકુળવ્યાકુળ થઇ ગઇ. તે અમંગળ શંકાથી ખિન્ન થયેલી ધ્રુજતી ધ્રુજતી સ્થિર દ્રષ્ટિથી પ્રેમમૂર્તિને નિહાળી રહી. સમુદ્રના તરંગો સાથે ઉછળતું લાકડું મહાસમુદ્રના પ્રવાહમાં પડયું. એટલામાં દિવાદાંડી નજરે પડી. તે સાથે કાનને ફાડી નાખે એવી સિસોટી-નો અવાજ કાને આવ્યો. દિવાદાંડી પાસે સંજ્ઞાદર્શક વાવટા લટકાવ્યા હતા. ત્યાં એક સ્ટીમર ઉભેલી દેખાઇ. તે સ્ટિમર ઉપરથી કોઇએ જૉલી બોટ (ન્હાની હોડી) એકદમ પાણીમાં ઝુકાવી. ખલાસીઓ બોટને લાકડા સ્હામી હંકારી આવતા જણાયા. ટુંકા વખતમા હોડી નજીક આવી અને તે પરના માણસોએ ચપળતાથી લાકડે બાઝેલી મનુષ્ય આકૃતિને હોડીમાં લઇ લીધી. તે સાથે કુમુદસુંદરી પણ હોડીમાં ગઈ. હોડી સ્ટીમર તરફ હંકરાઈ જવા લાગી. હોડીમાં બેસી સ્ટીમર તરફ જતાં શહેરનો મનોહર દેખાવ દૃષ્ટિગોચર થતો હતો. સુદર મહેલો, અટારીઓ અને બગિચાના દેખાવો મનને આકર્ષણ કરતા હતા. હોડીમા બેઠેલો ખલાસી કંઇક લવતો હતો. વિજળીના દિવાથી દેદિપ્ય દેખાતો મનોહર મહેલ રાણાસાહેબનો છે. પાસેનો પવનચક્રિરૂપી પતાકાનો દેખાવ દેતો બંગલો દિવાન સાહેબનો છે, પાસે ગેસ્ટ હાઉસ છે અને પેલી દિવાદાંડી. આ-ટલું વર્ણન કરતાંમાં સ્ટીમર આવી પહોંચી. સ્ટીમર ઉપર ઇન્ડસ Inds એવું મોટે અક્ષરે અંગ્રેજીમાં લખેલું હતું. સ્વ. સ્ટી. ને. કંપનીની સ્ટીમર હતી.

"પ્રિય મૂર્તિ સાથે કુમુદ પણ સ્ટીમર ઉપર ગઇ, એટલામાં સ્હામી બાજુએથી ટપાલ અને ઉતારૂ લઈ હોડી આવી. ટપાલના કાગળની રસીદ કૅપ્ટનને આપી, અને બંદર ઉપરથી વાવટાની સંજ્ઞા અપાઇ એટલે સ્ટીમરે સિસોટી વગાડી. સમુદ્રના પાણીમાં વેગથી ધસતાં, સફેદ સફેદ ફીણનો પ્રવાહ ચલાવતાં સ્ટીમરે ગમન કરવા માંડયું. સ્ટીમર ઉપર ચઢતાં પહેલાં તો ડૉકટર ઔષધના ઉપચારો કરવાની તૈયારી કરી ઉભા રહ્યા હતા. સમુદ્રમાંથી કહાડેલી અચેતન હાલતની પુરૂષ આકૃતિને એક સુંદર કેબીનમાં લઇ જઇ ઔષધોપચાર કરવા માંડયા. ક્ષણ માત્રમાં શરીરમાં ગરમીનો સંચાર થઇ ગયો, અને પ્રિય મૂર્તિને હાલન ચાલન કરતી જોઈ કુમુદને જરા શાંતિ વળી, ધૈર્ય આવ્યું અને અમંગળને ઠેકાણે મંગળમય આશાનાં કિરણોએ હૃદય ઉપર ઝળકવા માંડયું. એડન આવતાં સુધી પુરી શુદ્ધિ આવી નહોતી. એડન આવતાંજ કઇક નવીન નિહાળવાની જીજ્ઞાસાના અંકુરે પ્રિય મૂર્તિને ઉત્તેજીત કરી. તેથી તથા બે અગ્રેજ ગૃહસ્થો દયાભાવથી વારવાર આગતા સ્વાગતા કરવામાં ભાગ લેતા હતા. તેમણે પ્રેરણા કરવાથી પ્રિય મૂર્તિમાં કંઇક નવીન ઉત્સાહ આવ્યો. ઉત્સાહે પોતાનું કાર્ય કર્યું, અને ડૂબેલા પુરૂષના તનની સ્થિતિ સાથે મનની સ્થિતિ ઉત્તરોતર સુધરતી ગઇ. આગતા સ્વાગતા કરનાર ગૃહસ્થમાં એકનુ નામ ડબલ્યુ. સી. ફૉસેટ હતું અને બીજા ગ્રીવ્સ કૉટનના ભાગીઆ હતા. કુમુદ સુંદરી પણ પ્રિય મૂર્તિની સાથે બધો અનુભવ કરતી હતી. ડાક્ટરે સારવાર કરવા માંડી તે વખતે ડુબેલા પુરૂષના શરીર ઉપરથી કેટલાક અલંકારો હાથ લાગ્યા. હાથની આગળીની હીરાની વીંટી, હાથનુ નક્કર કડું, ગળામાંની મોતીની કંઠી અને કાનમાં પહેરેલી મોતીની કંઠી. એ સર્વે ચિજની કિમ્મત લગભગ, મોતીનો ભાવ બહુ ચઢેલો હોવાથી, ત્રણ હજાર સુધીની અંકાઇ હતી. તેમાંથી અંગ્રેજ ગ્રહસ્થોની ભલામણથી ફર્સ્ટક્લાસની ટિકિટ લેવાઇ. તબીયત નાદુરસ્ત હોવાથી જ્યાં ઓછામાં ઓછા ઝોલાં લાગે અને વધારેમાં વધારે તાજી હવા આવે ત્યાં તેની કેબિન હતી. આ કેબિન ન્હાના મહેલ જેવી હતી. એને ચાર બારીઓ હતી. તેમાં ઉના પાણીનો

---

* પ્રમાદધન.

બંબ હતો. સુંદર આરસની મેજ હતી. તેની પાસે કપડાં મુકવાનું કબાટ હતું. બીજી વસ્તુઓ મુકવા માટે ખેંચવાના ખાનાનું કબાટ હતું. એક ઘોડી ઉપર મ્હોં ધોવાનુ વાસણ હતું. તેનો ખપ ન હોય ત્યારે એક ખાનામાં અદ્રષ્ય થઇ જતું હતું. સુંદર બિછાના સાથે એક મોટો સોફા હતો આ સિવાય અનેક પ્રકારની બીજી સગવડ હતી. કૅબિનની બહાર આવતાંજ બોટની વિશાળતા ઉપર દ્દષ્ટિ ગઇ. બોટ આશરે ૩૪૦૦ ટન વજનની હતી. તેમાં સઘળા પ્રકારના ઉતારૂઓ સારૂ સપૂર્ણ ગોઠવણ રાખેલી હતી. દરેક કૅબિનમાં ત્રણ ત્રણ ઉતારૂ સારૂ સગવડ હતી. આ સિવાય ખેચવા ઉઘાડવાના સુંદર પડદાઓ જડેલા હતા. સ્ટીમરમાં કૅપ્ટન, ઍન્જીનિયર, કોઠારી, ડૉકટર, વગેરે જૂદાં જૂદાં કાર્યો માટે જૂદા જૂદા અધિકારીઓ હતા. ન્હાવા તથા ખાવા પીવા સારૂ તથા શયન કરવા સારૂ અતિ ઉત્તમ પ્રકારની યોજના હતી. સ્ટીમરમાંનો વૈભવ, રાજ્યમહેલના વૈભવનુ અનુકરણ કરે એવો હતો. સંગિતનો હૉલ જૂદો હતો. તેમ તેમાં પુસ્તકશાળા પણ હતી. તેમા અપૂર્વ સગવડ હતી. દુધની સગવડ માટે સ્ટીમર ઉપરજ બકરા તથા ભેંસો પણ હતાં. સર્વ પ્રકારે વૈભવની જરૂરી ચીજનો તેમાં તોટો નહોતો. સર્વ ગોઠવણ સંતોષકારક હતી

મુંબાઇથી ૧૬૫૦ મૈલને છેટે આવેલું એડન ઉત્તરોત્તર ઉન્નતિમાં આવતું દ્દષ્ટિગોચર થયુ. ફ્રેન્ચ, જર્મન, ઇટાલિયન તથા અગ્રેજ સરકારના ફડફડતા વાવટા ભવ્યતાની છાપ પાડતા હતા. શહેરમાં ઉદ્યોગ અર્થે હિન્દુ, પારસી, મુસલમાન, વ્હોરા અને મેમણની વસ્તી વસેલી જણાઇ. તેમાં આરબ, સોમાલી અને યાહુદીઓ પણ ઓછા નહોતા. પાણીની તગી ટાળવા પાણીની વિશાળ ટાંકીઓ ખાસ જોવા જેવી હોવાથી તે જોઇ સ્ટીમર ઉપર ગયા. સિસોટીનો અવાજ થયો, અને સ્ટીમર પવનના વેગથી ચાલવા લાગી. સ્ટીમર એડનથી રાતા સમુદ્રમાં પેઠી. સમુદ્રમાં અતિશય ગરમી લાગવા માંડી. પંખીઆ માછલીઓ ક્ષણે ક્ષણે બોટ ઉપર ઉડી આવવા લાગી. આફ્રિકાના ડુંગરો દ્દષ્ય થવા લાગ્યા. તે સાથે વિચિત્ર ખડકોએ દ્દષ્ટિને તાજુબ કરી. એટલામાં સ્વેઝ આવ્યું. ત્યાં શાર્ક માછલીઓ દ્દષ્ટિગોચર થઇ. નાળના મ્હોડા આગળ વૉટર બ્રેક બાંધેલો છે. તે અવલોકન

કરતાં કરતાં સ્ટીમરે સ્વેઝની ચેનલ અને પોર્ટશેડ છોડી ભુમધ્ય સમુદ્રમાં દોડવા માંડયું. પોર્ટસૈયદથી ૧૬૦ મૈલને છેટે આવેલું એલેકઝાન્ડ્રિયા દષ્ટિગોચર થયું. પ્રાચીન કીર્તિના દ્રષ્ટાંત સ્વરૂપ એલેકઝાન્ડ્રિયાનો ભવ્ય કિનારો, પશ્ચિમ ઉત્તરથી દક્ષિણ પશ્ચિમ લગી ગોળ વર્તુલાકૃતિથી અને સુંદર ભવનોથી ભભકી રહ્યો હતો. અનેક સ્ટીમરોના લંગરાવાથી સુશોભિતતાનો અધિદેવ થયેલો કિનારો, મછવાઓ અને ન્હાનાં મ્હોટાં વહાણોને સમુદ્રના મોજાંથી ડોલાવતો હતો. સમુદ્ર જાણે અનેક હીંચકાઓનો સમૂહ સંગ્રહી બેઠો હોય એવી છાપ પાડવા લાગ્યો. એના વાયવ્યકોણ ઉપર આવેલી દીવાદાંડી, અને તેની પાછળ કાઠી ઉપર ફરફરતા તુર્કી સરકારના વાવટાની બલિહારી બાંકી હતી. રક્ત વસ્ત્રપટ ઉપર સ્વેત અર્ધ ચંદ્રકૃતિ સાથે સ્વેત તારા જેવી આકૃતિ પાડેલો વાવટો ફડફડાટ કરી મનોહરતા દર્શાવતો, મન ખેંચતો હતો. તેમાં તાડ જેવી ઉંચી દેખાતી પવનચક્કિઓ હેડંબા રાક્ષસીની પેઠે ફુરરર ફુરરર ઉડતી, ડોકીયાં કરતી, નટ ચરિત્ર કરતી હોય તેમ છાપ પાડી રહી હતી. તેમાં તુર્કી મનવાર ઉપરથી સરકારી બેન્ડનો મધુર સ્વર શ્રોતાજનોના કર્ણમાં મધુરતા વર્ષાવી શાન્તિ પસારી રહ્યો હતો. તે છોડી સ્ટીમર સમુદ્રથી ઘેરાયલા પર્વત જેવા મનોહર માલ્ટા પાસે આવી પહોંચી. જૂદી જૂદી ત્રણ ટેકરી ઉપર વસેલું મનોહર શહેર, જાણે પાણીથી ઘેરાયલો પર્વત સન્મુખ ખડો હોય તેવી છાપ પાડે છે. સેંટ જૉનનું દેવળ ક્રિશ્ચિયનોના પરમ મંગળનું મહાન ભવ્યતાવાળું સ્થાન દષ્ટિને આંજી નાખવા લાગ્યું. નાઇટ્સ ઑફ સેન્ટ્ જૉનના પ્રાચીન કાળનાં બખ્તર, તોપો અને પ્રાચીન અસ્ત્ર શસ્ત્રની અગણિત સંખ્યા તથા વીર પુરૂષોના જેવાં દ્રષ્ય થતાં પુતળાંઓ પ્રાચીન વીરતાનું ભાન કરાવતાં હતાં. ઇટાલીઅન તથા અરબ્બી મળી ખીચડો થયેલી ભાષાના રસધ્વનિ શ્રવણ કરતાં કરતાં સ્ટીમર સ્પેનના પર્વતોનું દિગ્દર્શન કરાવતી જીબ્રાલ્ટરના બંદરમાં પેઠી. યુરોપની કુંચી સમાન જીબ્રાલ્ટરની ભવ્યતા બાંકી હતી. તેના મકાનોનું સૌંદર્ય થોડું લક્ષ ખેંચે એવું છે. તોપણ ગામમાં વ્યાપારી મંડળનું ધ્યાન ખેંચનાર "એક્સ્ચેંજ" નામનું મકાન સૌંદર્ય માટે ગર્વ બતાવ્યા સિવાય રહ્યું

નહિ, અને નગ્ન જનને હરવા ફરવાનું સ્થાન "અલ્ અચેડા" એ પણ લક્ષ ખેંચવામાં બાકી રાખ્યું નહિ. કિલ્લા ઉપર બાર બાર ટનની તોપોએ ભયંકર દેખાવ દઈ જોનારની આંખ આંજવામાં બાકી રાખી નહિ. પહાડને કોરી બાંધેલા બુરૂજોની ભવ્યતાએ તેની મજબુતાઇની ખાત્રી આપવાને પાછી પ્હાની કહાડી નહિ. ડુંગરમા રહેલી ગુહાઓએ પોતાની સંપૂર્ણ વિક્રાળ વિકટતા બતાવી. આ સર્વનું દિગ્દર્શન કરતાં કરતાં સ્પેન અને આફ્રિકાના કિનારાના પ્રદેશને છોડતાં છોડતાં 'બે ઑફ બીસ્કે'માં પેઠા. કેપ-ટ્રફાલગર તથા "સેન્ટ વિન્સેન્ટ" જ્યાં મહાન નૌકાયુદ્ધ થયાનુ લોક વર્ણન કરતા હતા તે છોડી, સ્પેનના રાજ્યકર્ત્તાના લાલ અને પીળા રંગના વાવટાથી રાજ્યગૌરવ દર્શાવતા ગામોને છોડી પોર્ટુગાલના બર્લિન રૉકની ટેકરી તથા પોર્ટો વગેરે કિનારાના પ્રદેશને તજી "સોધામપ્ટન" નજીક આવી પહોંચ્યા.

ઉદયમાન ચંદ્રકળા જેવી શૃંગારની અધિશ્વરી બનેલી સોધામપ્ટનની ભૂમિ દૃષ્ટિને ઠારવા લાગી. બન્ને કિનારાની લીલીછંમ દેખાતી ભૂમિ રમ્ય દેખાવની મહત્તા જણાવવા લાગી. રમણિય સમુદ્રના તીર પ્રદેશ ઉપર લંગરના અંકુશમાં રહેલાં પણ નિરંકુશપણે ડોલતાં હજારો વહાણો, સ્ટીમરો અને ન્હાની મ્હોટી હોડીઓ નિર્ભયપણે વિચરતી આનંદ કરતી જણાતી હતી. મનુષ્યસૃષ્ટિના સ્થૂળ દેહમાં આરોગ્ય, વિર્ય, સુન્દ્રતા, વિદ્યા, સાધુતા, અસાધુતા, સરળતા, કઠિનતા અને કુતૂહળ બતાવનારી મહાન શક્તિઓ છે, તેનું દિગ્દર્શન થવા માંડયું. ઈંગ્લેન્ડની મહાન સમૃદ્ધિ, વૈભવ, ભોગ, તથા ત્યાગ, પ્રમાણિકતા અને અપ્રમાણિકતાના સર્વદર્શી સંસ્કારોનાં દર્શન થવા લાગ્યાં. ગોદીની ભવ્ય ઇમારતોની ભવ્યતા આગળ સ્થાને સ્થાને ઉદ્યોગે લાગેલા ઉદ્યોગી સમૂહની ચાંચલ્યતાએ મનભર મનોહરતાનાં ચિત્ર ખડાં કરવા માંડયાં. કસ્ટમ હાઉસની કષ્ટકર રીતિઓનો અનુભવ લઇ રહેતામાં તો રેલ્વેનો ઘંટ વાગ્યો. અંગ્રેજ સાથીઓ સાથે સર્વ મંડળ વાર્તા વિનોદ કરતું રેલ્વે ઉપર આવી લાગ્યું. ભારતવર્ષમાં ચાલતી રેલ્વે કરતાં આ રેલ્વેનો વેગ ભારે હતો. તેમજ સુખ સગવડનાં સાધનો પણ ઉચ્ચ કોટીનાં હતાં. લોકસંઘનો મહાન સમૂહ ચટપટ ગાડીયોમાં સમાઈ ગયો; અને લંડનના વોટર્લુ સ્ટેશન આગળ રેલ્વે તિવ્રતાથી જઇ પહોંચી. અસીમ તિવ-

તાથી હર્ષિત થતા ઉતારૂઓએ સ્ટેશનના પ્લેટફૉર્મ ઉપર સામાનનો ઢગલો વાળી દીધો અને સર્વે ઉતરી પડ્યા. સ્ટેશન જેમ જેમ પાસે આવતું તેમ સર્વ હર્ષિત થતા અને સમુદ્રમાંથી બચેલા પુરૂષના હૃદયમાં ચિંતાએ ઉલ્કાપાત કરવા માંડ્યો. સર્વે ઉતર્યા તે સાથે પરિચિત થયેલા અંગ્રેજ ગ્રહસ્થો સાથે અમે પણ ઉતર્યા. એમના મુખમંડળની કાન્તિ લાવણ્યરહિત થવા લાગી. કરમાયલા મુખમાંથી નિઃશ્વાસ ઉભરાવા માંડ્યો અને અંતઃકરણમાં અનેક શંકાઓ ઉત્પન્ન થઈ. તેની છાયા મુખમંડળ ઉપર તરી આવી. મ્હને દયા આવી, પણ એટલામાં મિ. ડબલ્યુ સી. ફ્રૅાસેટે તેમનો હાથ પકડ્યો અને સ્નેહમય વાણીથી કહ્યું: "આપ યોગ્ય માર્ગે લાગો અને આપને યોગ્ય લાગે ત્યાં સુધી મ્હારા ભેગા રહેજો. અપરિચિત નગ્રમાં દ્રવ્ય વિના દુઃખી થશો. આપના જ્ઞાનની પરિપાક દશા કરવાને મ્હારી સગતિની આપને આવશ્યકતા છે."

બીજા ગૃહસ્થે તેમના કહેવા ઉપર વજન મુક્યું, અને વિનયથી મ્હોં મલકાવતાં સર્વે પ્રકારે મદદ કરવાનું વચન આપતાં સંમતિ દર્શાવી. મજુરે ઘોડાની બગીમાં સામાન મુક્યો. ગાડી લંડનના ભવ્યતાવાળા માર્ગને ભેદતી નોતમ કૃત્રિમ અને અકૃત્રિમ સૌંદર્યને નિહાળાવતી ઓગણીશમા ડાર્ચેસ્ટર પેલેસમાં જઇ પહોંચી. નિવાસ સ્થાન આવ્યુ. સ્નેહી અને અતિથિએ સ્થાનનો આશ્રય લઈ, મુસાફરીના શ્રમને ઉતારવાને એકે સોફા ઉપર અને બીજાએ આરામચેર ઉપર પડી વિશ્રામ લેવા માંડ્યો. સહનિવાસમાં કેટલોક કાળ વિતી ગયો. તે કાળ વિતતો ગયો તેમ તેમ નવીન સૃષ્ટિનું દર્શન થતાં, અને એ સૃષ્ટિના મહા ઉદ્યોગ, બુદ્ધિ અને પરાક્રમના પ્રવાહનું હાર્દ સમજાતાં એમનું શરીર કંપવા લાગ્યું. ચિત્તમાં નવીન નવીન ચમત્કારોએ ચમકારા કરવા માંડ્યા. હૃદયમાં પ્રકટેલા વિચારોએ મુખમુદ્રા ઉપર સ્ફુર્તિ આણી અને ચર્ચામાં તેનું પ્રતિબિંબ હૃદયમળને બળિષ્ટ કરવા લાગ્યું. મિ. ડબલ્યુ. સી. ફૅાસેટના પ્રયત્નથી, સહચારથી તથા ઉપદેશથી અધમતામાં સડેલું હૃદય ઉચ્ચ સંસ્કારને પામ્યું, ઉચ્ચ અભિલાષી થયું. પારસને સ્પર્શ કરતાં કથિર કાંચનતાને પામે છે, તેમ અહિં પણ તેવોજ ચમત્કાર થયો. ઈંગ્લાન્ડની ન્હાની મ્હોટી પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ ઇમારતો જોઇ. નાના પ્રકારના અલૌકિક અનુભવો અનુભવાયા અને તેનાં દિગ્દર્શને કુમુદને સ્મૃત્તિ નષ્ટ

કર્યા જેવી બ્હાવરી બનાવી. એક વિચારતાં બીજું આવે અને બીજું નિહાળતાં ત્રીજું અવલોકાય. અપૂર્વ ઉચ્ચતાને પામેલા અપરિચિત પ્રદેશનાં વિદ્યાકળા, વૈભવ અને ઉદ્યોગનાં સાધનોએ કુમુદને બ્હાવરી બનાવી અને એક કોથળામાં ગજા ઉપરાંત ભાર ભરવાથી જેવી દશા થાય તેવી રીતે સામટો અનહદ અનુભવનો સમૂહ તેના મગજ ઉપર ધસી જવાથી તેનુ મગજ અતિ ચમત્કારથી બ્હાવરૂ બની ગયું અને મુર્ચ્છાને વશ થઈ ગયુ મુર્ચ્છામાંથી જાગૃતિમાં આવતા ઘણા કાળનો અંતરાય પડી ગયેલો લાગ્યો. જાગૃતિમાં આવતાંજ લંડનના "રૉયલ એક્સ્ચેન્જ" નામના મકાનમા અતિથિને વ્યાપારી આલમમા દમામ દર્શાવતો નિહાળ્યો. અનેક સોદા થતા, અનેકને ઉત્તર અપાતા, અનેક જણના કાર્યમા સહાનુભૂતિ પુરાતી, એટલુંજ નહિ પરંતુ સમયાનુકૂળ કુશળતા જોઈ તેના પ્રત્ય સર્વે વિનય અને માનવાળી લાગણી દર્શાવતું જણાયુ મહાન દ્રવ્યાધિશની પંક્તિમા તેમનુ પદ ધરાતું નિહાળીતા કુમુદ તાજુબ થઈ ગઇ. તે સાથેજ શરીર ઉપર વિદ્યાપદિને છાજતો ચાદ લટકેલો દૃષ્ટિગોચર થયો. કુમુદે નીચા વળી વળીને વાંચવા માંડ્યો, પણ કંઈ સમજાયુ નહિ તે ઉપર "મહાન કુશળ વ્યાપારી" અક્ષર કોતરેલા જણાયા. "રૉયલ ઍક્સ્ચેન્જ" માંથી કાર્ય આટોપી "ક્યુ ગાર્ડન" માં ઉપડી ગયાં. "ક્યુ ગાર્ડન" વનસ્પતિના સમૂહથી આચ્છાદિત થયેલો વનસ્પતિશાસ્ત્રનું દર્શન દેવા લાગ્યો. કુમુદના મનમા મહા નિ:શ્વાસ છુટ્યો. દેશ વિદેશની વનસ્પતિનું દિગ્દર્શન દેતો આવો બાગ ભારતવર્ષમાં નથી, એ હતભાગ્ય ઉપર તેણે ફિટકાર માર્યો અતિથિ "સાઉથ કેનસિંગટનના મ્યુઝિયમમા" ભાષણ કરતો દેખાયો. વક્તાની ગાંભીર્ય ભરેલી શૈલી જોઈ કુમુદ છક થઈ ગઇ. અતિથિની સામાન્ય પ્રકારની કુશળતાની છાપ એવી પડતી દેખાઇ કે તે જોઇ તે આનંદાશ્ચર્ય પામી, આનંદ અનુભવવા લાગી. વ્યાપાર અને ઉદ્યોગ સંબંધે નવીન નવીન કૌતુકો જણાયાં. રાજ્યદ્વારી પ્રસંગોમાં મહાન ચાંચલ્યતા દર્શાવતા અતિથિને નિહાળ્યો. ટુંકા વખતમાં અતિથિ સમુદ્રપ્રયાણ કરતો જણાયો. તેણે થોમસ કુકની કંપની પાસેથી અમેરિકા થઇ જાપાન જવાની સામટી ટિકીટ લીધી.

પ્રકરણ ૧૧ મું.

સંયમનું અનુસંધાન.

इन्द्रियाणां निरोधेन रागद्वेष क्षयेण च ।
अहिंसया च भूतानाममृतत्त्वाय कल्पते ॥

मनु. ६–६०

"ઇન્દ્રિય સંયમ, રાગ દ્વેષઆદિનો ક્ષય, અને પ્રાણી માત્ર પ્રત્યે અહિંસા દ્વારા મનુષ્ય અમૃતત્વ મેળવવા યોગ્ય થાય છે.

* * *

સ્વામીના જીવનસ્વરૂપનુ ભાન થવા ઉત્સુક થયેલી કુમુદસુંદરીને સ્વપ્નમાં થયેલો સંયમ ચાલુજ હતો.

થોમસ કુકની કંપનીમાંથી ટિકીટ લઇ પ્રયાણના ઉત્સાહ-પ્રવાહને આધિન થએલો અતિથિ સ્ટીમરમાં બેઠો. સ્ટીમર ઉપર નિરીક્ષા કરનાર કુમુદ પણ સાથેજ હતી. દષ્ટિમર્યાદામાં જળમય પ્રદેશ વિના હવે બીજુ દષ્ટિ-ગોચર થતું નહિ. ભરસમુદ્રમાં સૃષ્ટિલીલા નિહાળતો અતિથિ સ્ટીમર ઉપર છેક આગળના ભાગમાં બેઠો બેઠો ગંભીરતાથી મનન કરતો હતો. તેના હાથમાં એક પુસ્તક હતું, તેમાં કંઇક લખતો અને પાછું બંધ કરતો. આમાં કુમુ-દનો જીવ ભરાયો. મહાસાગરમાં તેજ પાડતો સૂર્ય અસ્તાચળમાં પેસી ગયો. તેજ અને જળની વચ્ચે શ્યામતા ડોકિયું કરવા લાગી. સૃષ્ટિદેવીએ શાંતતા પ્રસારવા માંડી. મહાન પ્રચંડ સમુદ્ર ઉપર કાળાશનો ઝભ્ભો ફરી વળ્યો. જેમ શીદિભાઇને કાળો કોટ પહેરાવ્યો હોય તેમ સમુદ્રભાઈ ઉંડા જળને લીધે મૂળ તો

કાળા હતા અને તેમાં વળી રાત્રિએ કાળાશનું પ્રતિબિંબ પાડયું; એટલે તે ભયંકરતાનો અધિદેવ થઇ ઘૂઘવા લાગ્યો. શીદિભાઇના મુખમાં જેમ સ્વેત દાંત ચળકી કંઇક સૌંદર્ય અને કંઇક ભયાનકતાનું ભાન કરાવે છે તેમ આકાશનાં નક્ષત્ર ગણ અને ન્હાના મ્હોટા તારાઓએ કંઇક ચળકતી ચળકી સૃષ્ટિ સૌંદર્યની મહત્તા દર્શાવી. સ્ટીમર તો પાણી કાપતી વેગવાહિનીજ રહી. ઘણાં બંદરો કર્યાં. એકથી બીજી સ્ટીમરોમાં ફેરફાર પણ થયા. ઉષ્ણ અને સમશિતોષ્ણ કટિબંધોના અનુભવો પણ થયા. ઉષ્ણ અને સમશિતોષ્ણ કટિબંધોમાં ઋતુનું પ્રમાણ વિચિત્ર હોય છે. ઘડિકમાં સાગર ઉપર સવિતાનારાયણ પૂર્ણ તપે છે, અને બીજી ઘડીએ ગગનતળમાંથી ધુમ્મસ સમુદ્રતળ સુધી છાઇ જાય છે. ધુમ્મસ ધાડો વર્ષે છે, ત્યારે બે ત્રણ હાથથી પણ વધારે દૂર દૃષ્ટિ ચાલતી નથી. એવે સમયે સ્ટીમરનુ સીટીનું ભૂંગળું ઘોર ગર્જના કરી રહે છે. આ નવીન દેખાવે ઘડીભર કુમુદ્‌ને ગભરાવી, પણ તેની સહવાસિની થયેલીને હવે વધુ કૌતુક લાગતું હતું નહિ. હવે એનું લક્ષ દેશવિદેશની ભૂગોળની મર્યાદા પર નહોતું, અને તેથી તે દરેક શહેર અને માર્ગનું નિરીક્ષણ કરતી નહોતી; પરંતુ સારગ્રાહિ થવા સત્વનું તારતમ્ય કાઢતી હતી. અતિથિની બુકમાં એનુ લક્ષ સચોટ લાગી રહ્યુ હતું. તે બુક અતિથિના ગજવામાં રહેતી, તેથી તે નિરૂપાય બનતી. અતિથિ રોજ એમાં પોતાનો અનુભવ ટપકાવતો. અનુભવ ટપકાવતાં પુસ્તક એક દિવસ કૅબિનના કોચ ઉપર પડી રહ્યું. કુમુદે પુસ્તક ઉઘાડી વાંચ્યુ.

"જનસમાજનું કલ્યાણ અને દેશોન્નતિ કરવાને પરિશ્રમની જરૂર છે. એ કાર્ય માટે લગભગ પિસ્તાલીશ હજાર અમેરિકનો પારિસમાં રહે છે અને નવીન શોધ બહાર પડતાંજ પોતાને દેશ વર્તમાન પહોંચાડે છે. તેમ પોતાની નવલ શોધોને પ્રસારી લાભ લેછે. પ્રત્યેક મોસમમાં લગભગ એંસી હજાર અમેરિકનો, મિસરની પિરામીડો જોવા જાય છે અને ભૂતકાળના કળાકૌશલ્ય ઉપર લક્ષ આપે છે.

"અમેરિકનોમાં લગભગ ચાલીશ ટકા જેટલા માણસો જગતનું પર્યટન કરી આવેલા છે અને દરરોજ નવીન નવીન વિદ્યાકળા માટે યત્નશીલ રહે

છે. જે જે દેશમાં નવલતા નિરખે છે અને જેમાં સારગ્રાહિ વ્યાપાર જણાય છે તે તુરત ઉપાડી લે છે. આ તે પ્રજાનો ઉજ્વળ ઉદ્યોગ છે. ઉદ્યોગ કંઈ ઘેર બેઠા બેઠાંજ ઉન્નતિ ક્રમમાં ઉકળતો નથી: જર્મની કરતા કૃષિ વિદ્યા તથા સાયન્સમાં હવે અમેરિકા પાછળ નથી. અમેરિકાની યુનિવર્સિટીઓમાં દુનિયામાં ચાલતી સર્વે જૂની અને નવી વિદ્યાનો સમાસ થઇ રહેલો છે. અમેરિકાનો વ્યાપાર દુનિયાના પોણા ભાગમાં ડોકિયાં કરી રહ્યો છે. યાંત્રિક કળામા હજી ઈંગ્લેંડ, અમેરિકાથી મહાન થયુ નથી."

"ઓ, હો, આ તો બધો અમેરિકાનો અનુભવ ચિત્ર્યો છે" ચકિત બનાં કુમુદે થોડા પાનાં ઉલટપાલટ કર્યા. તેમાં નીચેનુ લખાણુ દ્રષ્ટિગોચર થયુ.

"અધમ સંગતિનાં ફળ, અને ઉદ્ધતાઈ ભરેલા કર્ત્યોની હવે પરિસીમા ભોગવાઇ ગઇ છે. હવે નીતિનિપૂણ થવા આત્મ નિરીક્ષક થવાની આવશ્યકતા છે. તેને માટે સદ્‌ગુણને પ્રતિકૂળ થતા પડ એવી ટેવોના ત્યાગ કરી અનુકૂળ ટેવોને સ્થાપન કરવી આવશ્યકીય છે. કુસંગતિ, કુટેવો, સ્વાભાવિક આસુરી તરંગો અને મનોવૃત્તિ ઉપર સામ્રાજ્ય ચલાવનાર ગહન વિકારો, વિહારો અને વિચારોને વશ કરવા નિત્ય નિરીક્ષાની આવશ્યકતા છે"

નિત્ય નોંધ પોથી:-

૧ **મિતાહાર:** અજીર્ણ થાય અને કાર્ય માટે અકુશળ થવાય એવુ અને એટલુ ખાવુ નહિ. માસાહારી થવુ નહિ. મદ્ય આદિ દુર્વ્યસન કરવા નહિ. દરેક વ્યસન દુ:ખના દાતા છે, અનીતિના અધિપતિ છે. આરોગ્યનો આધાર મિતાહાર ઉપર છે.

૨ **મૌન્ય:** નજીવી વાતમા મૌન્ય રાખવું. પરમાર્થ સધાતો હોય કે પોતાનો સ્વાર્થ બગડતો હોય તે સમયેજ બોલવુ. તે સિવાય વ્યર્થ લવારો કરવો નહિ.

૩ **વ્યવસ્થા:** દરેક કાર્યમાં વ્યવસ્થા રાખવી. અવ્યવસ્થિત કાર્ય પદ્ધતિવાળો મનુષ્ય નિરર્થક માર્યો જાય છે. દરેક કામ યોગ્ય વખતે કરવું. મુલ્તવી રાખવાથી માઠાં પરિણામ આવે છે. જે કંઇ કરવું તે સ્થિતિ વિચારીને, ગોઠવીને વ્યવસ્થિત રીતેજ કરવું.

૪ **નિશ્ચય:** સંપૂર્ણ વિચાર કરી નિશ્ચય કરવો. નિશ્ચય કર્યા પછી અડગ થઈ કાર્ય આરંભવું અને તે પરિપૂર્ણ કરવું.

૫ **કરકસર:** કરકસર એ બીજો દીકરો છે. પરોપકારાર્થે તથા આત્મરક્ષણાર્થે ખર્ચ કરવો. પારકાને દુઃખ થાય એવા અને અનીતિને માર્ગે ખર્ચ કરવો નહિ.

૬ **ઉદ્યોગ:** સતત્ પ્રયત્નશીળ રહેવું. લાભકર્તા ઉદ્યોગ કરવો. નકામાં અને અનિષ્ટ કાર્ય કરવા નહિ.

૭ **શુદ્ધભાવ:** નિર્દોષ અને ન્યાય પરાયણતાનો વિચાર કરવો. બોલવું પણ તેવુંજ વ્યાપારી કે સાંસારિક પ્રસંગમાં બીજાને નુકશાન થાય કે દગો દેવાય એવા કૃત્ય કરવાં નહિ.

૮ **ન્યાય:** જનમંડળના લાભાર્થે યત્ન કરવાની ફરજ છે, તે ભૂલી કોઈનું અનિષ્ટ કરવું નહિ. એ ફરજથી પતન થવું નહિ.

૯ **ક્ષમા:** હદપાર જવું નહિ, તેમજ કોઇએ હદપાર નુકશાન કર્યું હોય તોપણ દક્ષ થઈ વેર લેવા કરતાં ક્ષમાશીળ થવું એમાંજ મનુષ્યની મહત્તા છે. પોતાના કાર્યે પાછળજ મંડયા રહેવું દુસ્મનોની પૂંઠે લાગવાથી પોતાનું કાર્ય થઈ શકતું નથી.

૧૦ **સ્વચ્છતા:** શારીરિક સંપત્તિ ઉપર, વસ્ત્રાદિ અલંકાર ઉપર તથા ઘરમાં અસ્વચ્છતા રહેવા દેવી નહિ.

૧૧ **શાંતિ:** નજીવી બાબતોથી અથવા સાધારણ કે અનિવાર્ય અકસ્માતથી મનને ઉગ્ર કરી શાંતિનો ભંગ કરવો નહિ.

૧૨ **નમ્રતા:** મહાપુરૂષોને અનુલક્ષિ નમ્ર રહેવું. 'નમ્યુ તે સૌને ગમ્યુ.'

પાનું ઉથલાવતાં દરેક ગુણવાર પાનું જુદું પાડી તારીખવાર નિત્યનોધ કરી હતી. તે સાથે એક કલાકવાર નિરીક્ષાનો કોઠો હતો. પ્રાતઃકાળ, મધ્યાહ્નકાળ, સાયંકાળ અને રાત્રિયે શુ શુ કરવું અને કર્યું, તે સર્વ તેમા દર્શાવ્યુ હતું. દરેક તારીખમાં દુર્ગુણ માટે કાળું ટપકું અને સદ્દગુણ માટે રાતું ટપકું કરતો અને આખરે તેના સરવાળા તાણેલા હતા. આવી રીતે અતિથિએ સદ્દગુણસંપન્ન થવા પ્રયાસ કરી મહદ્દગુણ સત્તા પ્રાપ્ત કરી હતી.

તે નિહાળી કુમુદે ઉંડો નિશ્વાસ મુકયો. "આહા, શું પ્રસંશનીય ભગિરથ પરિશ્રમ છે? જો મેં પૂર્વકાળમાં આશ્રય લીધો હોત તો કાંઈ આ વિપત્તિ આવત? અરેરે! મ્હારાજ ભાગ્યની પરિસીમા છે. જે સ્થિતિ અદ્રષ્ય છે, તે સ્થિતિ દ્રષ્ય હાલનમાં હોત તો કેવું આશ્વાસન મળત?"

વળી થોડાં પાનાં ઉલટાવ્યાં, તેમાં શકાના મથાળા નીચે સંક્ષિપ્તમાં કંઈક લખ્યું હતું:

"કુમુદના આચરણ માટે જરા પણ સંદેહ લઈ જવાનુ કારણ હોય તો તે નવીનચંદ્ર છે નવીનચંદ્ર ઉત્તમ નરરત્ન છે. તેના આચરણ માટે જરાપણ શંકાનો અવકાશ નથી. પરંતુ એજ સરસ્વતિચંદ્ર હોય તો, કુમુદનું મન તેના આગલા વિવાહિત પુરૂષ તરફ તણાય એ થોડું શક ભરેલું છે. જેટલા જેટલાના વિવાહ એક ઠેકાણેથી ભાગી બીજે ઠેકાણે થયા છે, તેવાં દરેક સ્ત્રી પુરૂષને કોઈ સ્થળે એકઠાં મળેલાં હોય ત્યારે નિહાળવું શું ચિતાર થાય છે? આંખો કેવી લેહેકાય છે? મનોવૃત્તિ કેવી નાચે છે? ઉષ્ણ શ્વાસ કેવો વિચિત્ર રીતે વહે છે? અને ઉંડા નિઃશ્વાસ કેવી રીતે મુકાય છે? હા, પ્રેમને એક વખત જે તરફ વાળેલો હોય છે તે તરફથી પાછો ખસેડતાં તેનુ ભુસી નાખેલુ ચિત્ર પ્રસંગોપાત પાછું હૃદયપટ ઉપર તાજું થાય છે અને તે ઉભયને નવીન કલ્પના કરાવે છે એમાં જરાપણ શક નથી. એવા થયેલા વિવાહ તોડનાર પતિવ્રતા અને બ્રહ્મચારીઓનાં વ્રતને ખંડન કરનાર અનાયાસે મહાપાતકના કારણરૂપ થાય છે."

શકા વાંચી કુમુદનું હૃદય થડકી ગયુ. મુખ મ્લાન થઇ ગયું અને તે પર વિચાર કરવા લાગી: "સ્વામીના મનમાં મ્હારા શુદ્ધ ચરિત્ર માટે શકા છે, અને તેને માટે સિદ્ધાંત પણ સચોટ મુકેલો છે. તે ન્યાયપરાયણ કેમ ના કહી શકાય? આત્મા આત્માનો સાક્ષી છે, તે શાખ પૂરે છે. સરસ્વતિચંદ્ર જેવા જ્ઞાતા મ્હારા ગુરૂ ન થયા હોત તો હું ભ્રષ્ટ થઈ હોત, પરંતુ પવિત્ર આચરણ! ત્હારી મ્હને સહાયતા છે."

એટલામાં નિરીક્ષા પોથીમાં નીચે લખેલા સમાધાન ઉપર દૃષ્ટિ ગઇ:

"ભારતવર્ષમાં ગયા પછી, સુક્ષ્મ નિરીક્ષણ કરતાં કુમુદમાં મ્હારા

પ્રત્યે પ્રજ્વલિત પ્રીતિ રહેલી જણાશે, તન મનથી ભ્રષ્ટ ન થતાં આત્મબળથી આત્મસિદ્ધિને ટકાવી રહી હશે તો શાસ્ત્ર અને લોક વ્યવસ્થાથી ઉત્તમ માર્ગ કહાડી, વડિલોને શાન્ત્વન આપી ત્હેનો સ્વીકાર કરવો, અને ભ્રષ્ટ પાતકી થઈ હોય અને તેનું ચિત્ત પૂર્વના વિવાહિત પતિમાંજ ચોંટ્યુ હોય તો તેને અપરોક્ષ રીતે સમજાવી, કોઈ જનસેવાના કાર્યમાં યોજી અથવા કોઇ બીજે માર્ગે વાળી, અદ્રષ્ય રહી તેના હિતનું ચિન્તવન કરી, જીવનપર્યંત બ્રહ્મચારી રહી, જનકલ્યાણમા પ્રવર્તવું."

કુમુદના મનને જરા આશ્વાસન મળ્યુ. તે મનમાંજ બોલી: "દયાના અધિદેવ ! તમે મનુષ્ય મટી હવે દેવ થયા છો. તન મનના નાથ, તમારો ઉપકાર હું કયા વાળીશ ? ગરીબ કુમુદને હરેક પ્રકારે સુખ કરવા તત્પર છો. રંક કુમુદમાં જરા પણ શંકા ન કરો. પતિવ્રતાનું દૈવત છે. ગુણસુંદરીની દિકરીમાં ગુણની હીણુતા કેમ હોય ? જેનાં માતપિતા ઉજ્વલ છે તેનાં કૃત્યો માટ શંકા શી? અરે ! પણ સ્વામિના મનમાં મ્હારા પતિવ્રત માટે શંકાએ ઘર કર્યું છે. અરે રે, હજુ પણ આ નિષ્ઠુર જીવન ટકી રહ્યું છે ? હૃદય, તું ફાટી કેમ જતું નથી ? અરે, પણ જીવનનાથને પુનઃ પતિ કરતાં સુધીજ ત્હારે ટકવાની જરૂર છે, ત્યાંસુધી આ સૃષ્ટિનો પવન ખા. અરે રે !" કહીને કુમુદે ચિરાયલી હૃદય ગુહામાંથી ગાઢ નિઃશ્વાસ મુક્યો. આ નોંધપોથીની શંકાથી તેને જે આઘાત લાગ્યો તેણે તો એના ચિત્તના ચીરા કર્યા અને મગજ ચગડોળે ચઢાવ્યું. તેથી અમેરિકાના પ્રયાણમાં તેનુ ચિત્ત ભ્રમિત રહ્યું અને તેથીજ અમેરિકાના અદ્ભુત અકથનીય વૃત્તાંતમાં લક્ષ ન રહ્યું. અમેરિકાનું સવિસ્તર ચિત્ર નિરૂપણુ કરતાં અનેક ગ્રંથો ભરાય એમ છે, પણ તે ઉપલા કારણથી સારઆહિ કુમુદને યાદ ન રહ્યું; પરંતુ વચ્ચે વચ્ચેના મહાન ચમત્કાર સ્વચ્છ ચાદર ઉપર થિગડાં માર્યા હોય તેમ સ્મૃતિમાં રહ્યા. કેલિફોર્નિયામાં અઢાર કરોડની બક્ષિસ આપી એક તરૂણીએ ઉજ્વળ ઔદાર્ય દર્શાવી યુનિવર્સિટિ સ્થાપી હતી. તેની મહત્તા અને દક્ષતા વિચારી કુમુદ ચકિત થઈ ગઇ. ઘણી યુનિવર્સિટિઓને નિહાળી. તેનો વિદ્યાક્રમ ભારતની યુનિવર્સિટિ કરતાં વિશેષ મહત્તા ભરેલો હતો. ત્યાંની યુનિવર્સિટિ-

ઓ બી. એ. એમ. એ. ના શિક્ષણ સાથે તન, મન, અને બળનું પણ શિક્ષણ આપે છે. યુદ્ધ શિક્ષણ, કૃષિવિદ્યા, લુહાર, સુથાર અને કડીયાનું કામ, તેમ વ્યાપારિક કળાનું શિક્ષણ પણ અપાય છે, જમીન, ખાણો ઉદ્‌ભિજ્જ વસ્તુઓ કેવી રીતે ઉપયોગમાં લાવવી, તથા નિર્જીવ વસ્તુને કેવી રીતે મૂલ્યવાન બનાવવી, એ શિખવવા સાથે જરૂરનું શિક્ષણ અપાય છે, તે એવા ક્રમથી અને સરળતાથી અપાય છે કે, વ્યવહારમાં ઉપયોગી અને હેતુ સિદ્ધ કરનારી હોય છે. પિષ્ટપેષણ કે નિરૂપયોગી હોતી નથી. કેટલીક યુનિવર્સિટિઓ મફત વિદ્યાદાન આપે છે. ચિકાગોની યુનિવર્સિટિનાં નિરીક્ષણથી તો હદજ વળી. ત્યાં અંતર વિદ્યાનુ નિરીક્ષણ થાય છે અને વિદ્યાર્થિના દક્ષતા, યોગ્યતા અને આરોગ્યતા ઉપર વધુ લક્ષ અપાય છે.

વ્યાપાર અને કળાકૌશલ્યની અદ્‌ભુતતાએ તો કુમુદને છક કરી નાખી. વૉશિંગ્ટન અને ચિકાગોની ભવ્ય દુકાનો અજબ વેપાર કરતી ચકિત કરી નાખે એવી છે. કેટલીક દુકાનોને તો નહાના કસ્બાની ઉપમા આપીએ તો ચાલે. લગભગ પચીસ મજલાવાળી એક દુકાનના વ્યાપારે કુમુદને આશ્ચર્યમાં નાખી. દરેક મજલામા નવીન નવીન વ્યાપારના સાહિત્ય ભરેલા હતાં. ત્યાં ગ્રાહકનો અને વકરાનો પાર નથી. દરેક માળમા યંત્રની સહાયતાથી તુરત જવાય અવાય છે. દરેક ગ્રાહક સાથે સભ્યતા અને વિનયથી પ્રમાણિકપણે વર્તન ચાલે છે. વ્યાપાર વિનય, ગ્રહણ કરવા જોગ લાગ્યો. વ્યાપારીનો વિનય હલકા ભારે ગ્રાહક સાથે એક સરખોજ હોય છે. તેમ જે વસ્તુ ઉપર જેટલી કિંમત હોય છે તેટલીજ લેવાય છે. વ્યાપારીઓ ગ્રાહક સાથે માનપૂર્વક મધુરતાથીજ વાતો કરે છે અને વર્તે છે. કોઈ ગ્રાહક ખરિદ્યા વિના માત્ર વસ્તુઓની કિંમતો પુછી પુછીને હેરાન કરે, અને વગર ખરિદે ચાલ્યો જાય તોપણ વિનયથી વ્યાપારીઓ, તેમને દરવાજા સુધી વળાવવા જઇને રીત પ્રમાણે સાહેબ સલામ કરવામાં કે વિનય બતાવવામાં શિથિલ થતા નથી. આ વિનય એ વ્યાપારના વૃદ્ધિ કરવાની કુંચી છે. સત્ય, શીળત્વ, ચોખ્ખી રહેણી કરણી એ વ્યાપારિક છાપ પાડનારાં મહા સાધન છે.

કુમુદે આખા દેશમાં બ્રહ્મચર્યથી થયેલા બળવાન-હૃષ્ટપુષ્ટ-બાળક અને

બાલિકાઓને નિહાળી. દેશોદય અને આત્મકલ્યાણનો એજ માર્ગ છે એમ તે મન સાથે વિચારવા લાગી. યુદ્ધકળા અને યાંત્રિકશાળાઓ તથા કારખાનાંઓની અદ્ભુતતા જોઈ કુમુદને ભારે સંતાપ થયો અને મનમાંજ બડબડી.–"હાય, ભારતમાં આવું એકે નથી. ત્યાં આવું તે ક્યારે થશે?" હૃદય તરંગમાં દેશપ્રીતિના વિચારે નૌકા પેઠે ડોલવા માંડયું. સાગરના અંત્યભાગે ક્ષિતિજ-રેખા પેઠે ભારતની દુર્દશાનાં ચિત્રે ચિત્રાઇ તેના મર્મભાગને હચમચાવી નાખ્યો. તે સ્વપ્નમાં ને સ્વપ્નમાં ઉથલપાથલ કરવા લાગી, અને અમેરિકા-ના વ્યાપાર ઉદ્યોગના નવીન દેખાવોના ચમત્કારોથી, તેના મન ઉપર અત્યંત બોજો આવવાથી મૂર્છાવશ થઈ ગઈ. તે મૂર્છાવસ્થામાથી જરા જાગૃત થઇ ત્યારે જાપાનનો આ બાજુનો કિનારો દૃષ્ટિગોચર થયો.

જાપાનનુ મનોહર શહેર કોબે જોઈ કુમુદ સ્તબ્ધ થઇ ગઇ. શહેર અલૌકિક સૌંદર્ય દર્શાવતું રળિયામણું સ્વચ્છ છે. રસ્તા પહોળા અને ભવ્ય મકાનોથી ભરપૂર છે. ત્યાં સ્ટીમર પહોચતાંજ જકાતખાતાના અમલદારોએ સર્વેનો માલ તપાસ્યો. તેની સાથે અતિથિની પણ ઝડતી લેવાઇ. કુમુદ આ કૌતુકથી જરા ચકિત બની; પરંતુ તેની જાણમા આવ્યું કે અહિં મ્હોટો જર્મનીનો ગવર્નર હોય કે ઇંગ્લેન્ડનો પ્રધાન હોય કે અમેરિકાનો પ્રેસિડેન્ટ હોય તોપણ તેનો દરેકે દરેક લગેજ તપાસાય છે અને તેના હાલ કાઠીયા-વાડમાંથી આવતાં વિરમગામના સ્ટેશન ઉપર લોર્ડ કર્ઝનની નીતિથી દર્શાય છે તેવા થાય છે. ત્યારબાદ શહેરમાં જવાની પરવાનગી થાય છે. સેંકડો જાપા-નીસોને હર્ષભેર ઉદ્યોગે લાગેલા જોઇ કુમુદ આભીજ થઇ ગઇ. કેટલાક વ્યાપારી-ઓ સ્ટીમર ઉપર પોતાનો માલ બતાવવા આવ્યા, તેમા ચિત્રો, જાપાનીસ ફેન્સી વસ્તુઓ, છરીઓ, સાબુ, મોજાં અને ગંજીફાક વગેરે મૂખ્ય હતાં. જાપાનીસો દેખાવે ઠિંગણા ખરા પરંતુ તેમના શરીરના દરેક અવયવો પૂર્ણતાને પામેલા મજબુત હતા. આંખમાં વિલક્ષણ ધૂર્તતા અને ચકોરતા દર્શન દેતી હતી. તેઓ પ્રથમ મમતાની સાથે નમૃતાથી ડોકું નમાવી વાત કરનારા, પરંતુ કાર્યદક્ષતામાં એવા નિપૂણ કે તેમની કાર્ય સાધવાની કળા માપી શકાય નહિ. કોબેબંદરની વિશાળતા અને ભવ્યતા મનોહર છે. ત્યા સેંકડો સ્ટીમરો ડોલાં ખાતી દૃષ્ટિગોચર થય.

ત્યાં યુરોપ અને અમેરિકાનાં મૂખ્ય મૂખ્ય દેશના કોન્સલો (વકીલો) રહે છે. તેમના રૅાપ મપાયા. આ શહેર જાપાનના વ્યાપારનું મુખ્ય મથક છે. શહેરમાં જવાની પરવાનગી મળતાંજ અતિથિ ઉદ્યોગના પરમ ધામરૂપ અને નૂતન કળાકૌશલ્યથી ભરપૂર, કોબે નગરમાં મિ. કે. હાસમની ઑફિસમાં ગયો. કોબેમાં તેમ યાકોહોમા; ખ્યોટા તથા ટોકીઓ વગેરે અલૌકિક ઔદ્યોગિક પ્રેક્ષણિય નગરોને તથા "નાગાસાકી", "મોજી" વગેરે બંદરો નિહાળી અતિથિએ મહાન્ અનુભવ મેળવ્યો. સમગ્ર જાપાનનું તારતમ્ય કહાડતાં તેને જણાયું કે જાપાનનો રાજા એ પ્રજારૂપી શરીરના આત્મા જેવો છે. જાપાનીસ પ્રજા એટલી બધી રાજભક્ત જણાઇ કે, રાજા એજ જાણે પ્રજાનો ઇશ્વિર છે. રાજા પ્રજાનો પરસ્પર વિલક્ષણ પ્રેમ જણાયો. ત્યાના પ્રત્યેક શહેરમાં હુન્નર ઉદ્યોગનાં એટલાં બધાં કારખાનાં જણાયાં કે જગતની કોઇ પણ હુન્નરકળા ભાગ્યેજ બાકી રહી હશે. અહા! કૃષિની ઉન્નત દશાએ તો અતિથિની જીવનસાર્થકતાજ કરી. જાપાનનું કોઈ પણ ખેતર ખેતી વિનાનું જણાયુ નહિ; ઉત્સાહથી કામ કરતા ખેડુતોના ઘરમાં લક્ષ્મિનો ટોટો નથી. તેઓ ભારતવર્ષના ખેડુતો જેવા દરિદ્રી જણાયા નહિ. જ્યાં જોઇએ ત્યાં કૃષિનાં અને હુન્નર ઉદ્યોગનાં સંગ્રહસ્થાનો તથા તે તે ઉદ્યોગને ખિલવવાના નવીન નવીન પ્રયોગો નજરે પડયા. જૂદા જૂદા દેશના હુન્નરના નમુના સાથે જાપાનીસ હુન્નરનો નમુનો, માલની કિમ્મત તથા બીજા દેશ કરતાં સસ્તો ભાવ જણાયો. જૂદા જૂદા અનુભવી અમલદારો પરદેશ મુસાફરી કરી તે તે વિદ્યા વિજ્ઞાન, અને હુન્નર ઉદ્યોગ શીખી આવી પોતાના દેશને તેનો લાભ આપતા જણાયા. દેશનો ઉદ્યોગ વ્યાપાર ખિલવવાને અનેક બેંકો ઉભી થયેલી જણાઇ. પ્રત્યેક બેંકરો વ્યાપારી અને ઉદ્યોગી જનોને પૈસા ધીરી તેમને ઉત્તેજન આપતા જણાયા. એ વખતે પ્રેક્ષકથી એક ઉડો નિઃશ્વાસ નંખાઇ ગયો. તેણે કહ્યું: "અહા! ભારતવર્ષ! ત્હારી બેંકોનુ ગાડરીઆ પ્રવાહ જેવું ધોરણ કયાં? અને આ દેશની વ્યાપારોત્તેજક તથા હુન્નરોત્તેજક બેંકો કયાં? ત્હારા દેશના ફક્ત નફાના આંકડા વધારનારા બેંકોત્પાદકોનો હૃદયઆશય કયાં? અને આ દેશના ખરા દેશ-

ભક્ત અને વ્યાપાર હુન્નરવર્ધક બેંકોત્પાદકોના હૃદયનો ઉચ્ચ આશય ક્યાં ? ત્યાંની બેંકોમાં વ્યાપારીઓને અને ઉદ્યોગી જનોને કરોડો રૂપિયાની ધીરધાર થતી દેખાઈ. બેંક આગળ ઉભેલા એક વ્યાપારીને કોઇ પરદેશીએ પ્રશ્ન કર્યો. ત્હેના જવાબમાં સંભળાયું કેઃ અમારા જાપાનમાં એવો નિયમ છે કે એક જાપાનીસ બીજા જાપાનીસને ઠગતો નથી, અને તેથીજ કરોડો રૂપિયાની ધીરધાર થાય છે. એ સાંભળી "ધન્ય ધન્ય" શબ્દ કહેવાઈ ગયા. અને એવીજ પ્રતિજ્ઞા ભારતવાસીઓ લે તો હિંદ દેશ કેવી ઉચ્ચ સ્થિતિ પર મૂકાય તેનું ભાન થયું. આગળ ચાલતા એક પાગોડા (બુદ્ધ મંદિર) જોવામાં આવ્યુ. તેના તરફ દૃષ્ટિ ફેંકતાં દરવાજાપર ત્રણ યુવતિઓ બેઠેલી જણાઇ. એક યુવતિએ આંખે બે હાથ દીધા હતા. બીજીએ બે કાને, અને ત્રીજીએ પોતાને મોઢે બે હાથ દીધા હતા. આ દૃષ્ય જોઇ એક જાપાનીસને તેનું રહસ્ય પૂછતાં જણાયું કેઃ એ સ્ત્રીઓ જાપાનીસોને કિંબહુના જોનાર જનસમૂહને શિખામણ આપે છે કેઃ "કોઇની નિંદા કાને સાંભળવી નહિં, મ્હોઢેથી કોઇની નિંદા કરવી નહિ, તેમજ આંખવડે કોઇનું નઠારૂં થતું જોવું નહિઃ" જે દેશના હૃદયમાં આવો ઉચ્ચ અભિલાષા હોય તે દેશ સુખ વૈભવને શિખરે ચઢે તેમાં બાકી શુ ? અહા ! જાપાન ! જાપાન ! તું સર્વ દેશને સભ્યતા શિખવે એવો બન્યો છે. ઓ મ્હારા પ્રિય ભારતવર્ષ ! તું પણ એવું ક્યારે શિખશે ? અને તું પણ એવા સુખ વૈભવને શિખરે ક્યારે ચઢશે ?" એવા ઉદ્‌ગારો કહાડતાં કહાડતાંજ બાળક–બાલિકાઓની નિશાળોમાં અપાતી શારીરિક, માનસિક, ઔદ્યોગિક કેળવણીનું દિગ્દર્શન કર્યું. અહા ! કેવાં હૃષ્ટપુષ્ટ બાળકો ! કેટલા આનંદથી કેળવણી લે છે ? ક્યાં ભારતવર્ષના મરકટ જેવા વિદ્યાર્થિઓ અને ક્યાં જાપાનના બળવાન વિદ્યાર્થિઓ ! સર્વત્ર કેળવણીની શાળાઓ જોઇ હૃદય પ્રફુલ્લ થયું. માસ્તરો અને મિસ્ટ્રેસોના ચ્હેરા ઉપર આનંદની છાયા હતી, તેમજ વિદ્યાર્થિઓના ચ્હેરા પણ આનંદદર્શક હતા. આપણા દેશની પેઠે માસ્તર અને મિસ્ટ્રેસોના ચ્હેરા જેમ ઘોડાના તોબરા જેવા હોય છે, અને વિદ્યાર્થિઓ માસ્તરોને જોતાંજ જાણે "વાઘ" આવ્યો હોય તેમ બ્હીતા હોયછે

તેવુ જણાયુ નહિ ! ઓ જાપાન ! ત્હારૂં જે જોયું તેમાં સોભાગ્યજ જણાયુ. ધન્ય છે ત્હને ! ધન્ય ત્હારી પ્રજા અને ધન્ય ત્હારો રાજા ! ફરતાં ફરતાં ક્ષેત્રો તરફ નજર ગઇ. ત્યાં શું જણાયું ? ઓહો ! જ્યાં જોઇએ ત્યાં એક તસુ જેટલી જગ્યા પણ ખેતી વગરની નકામી જણાઈ નહિં. પ્રત્યેક સ્થળે લીલી કુંજર જેવી ખેતીવાડી દૃષ્યમાન થઇ. ક્યાં ભારતવર્ષનાં કરોડો એકર નકામા પડેલાં સ્મશાન જેવાં ખેતરો, અને ક્યાં પ્રત્યેક તસુ જેટલી જગ્યામાં પણ ખેતીવાળું જાપાન ! ખરેખર જાપાનમાં ખેતીનો પ્રદેશ ન્હાનો હોવા છતાં પુષ્કળ ઉત્પન્ન થાય છે. તેનું કારણુ એજ કે ત્યાંના ખેડૂતો શ્રમ કરનાર, નવીન વૈજ્ઞાનિક ખાતર ખતથી મેળવી ધાન્ય ઉત્પન્ન કરનાર જણાયા ! આગળ ચાલતાં કેટલાક ગાડીવાળાઓને વર્તમાનપત્રો વાંચી આનંદ કરતા જોતાંજ ભારતવર્ષના વાચનને અપ્રિય ગણી બેઠેલા નિરક્ષર ગાડીવાળાઓની અવદશા ઉપર દયા ઉત્પન્ન થઇ. ત્યાંના વિદ્વાનોની દેશને ખીલવવાની લાગણી સંબંધી તેમનુ જીવન વ્રત જાણ્યું ત્યારે અંતઃકરણુ આનંદ પ્રફુલ્લ થયુ. ત્યાંનો રાજા મિકાડો એ ત્યાંની પ્રજામાં ઇશ્વરરૂપ ગણાય છે તેનુ કારણુ એ જણાયુ કે તે પ્રજાને સુખ સમૃદ્ધિ આપવા હમેશાં દક્ષ રહે છે. પ્રજામા વિદ્યા, વિજ્ઞાન, ઉદ્યોગ, હુન્નર, કળા, વ્યાપાર વધે અને પ્રજાને પારકા દેશો ઉપર આધાર રાખવો ન પડે તે માટે પોતાના દેશના યુવાનોને પરદેશમાં મોકલી ત્યાંથી ગ્રાહ્ય કરવા જેવી વિદ્યા શિખવે છે અને પછી તેને પોતાના દેશમાં ઉચ્ચ ઓહ્દે ચઢાવે છે. જાપાનમા પણ એક સમય ભારતવર્ષના જેવોજ પરદેશગમન માટે નિષેધ હતો પણ પાછળથી જ્યારે તેઓએ પરદેશગમનના ફાયદા જાણ્યા ત્યારે ઉચ્ચ કુળના પુરૂષો ગુપચુપ ઇંગ્લંડાદિ દેશોમાં જઈ જૂદા જૂદા વિષયોનો અભ્યાસ કરી આવ્યા અને તેમણે પોતાના સ્વાત્મભોગે દેશને ઉચ્ચ સ્થિતિએ લાવી મૂક્યો. શહેનશાહ મિકાડોએ પણ અંતઃકરણપૂર્વક પ્રત્યેક જાતિની અનુકૂળતા કરી આપી પ્રજાને ઉચ્ચ સ્થિતિએ મૂકી દીધી છે વળી મિકાડો પોતે જાતે કવિતાનો શોખિન છે અને રાજ્યમાંના કવિઓને પોતાની સમક્ષ બોલાવી કવિતાઓ રચાવે છે તથા ત્હેમને ઇનામ આપે

છે. એટલું જ નહિ, પણ ન્હાનાં બાળકો પણ કવિતા બનાવી નિર્ભય ચિત્તે રાજા સમક્ષ હાજર થાય છે. એ તે કેટલી સરળતા ! કેટલી પ્રજાભક્તિ! જાપાનની શ્રીમંત સ્ત્રીઓ અને બાળકીઓ પણ ઘરમાં ન્હાના મ્હોટા ઉદ્યોગો કરતી જોવામાં આવી. તે જોઇ અતિથિએ ભારતવર્ષના શ્રીમંતોની નિરૂદ્યોગી અને આળસુ સ્ત્રીઓ માટે ઉંડો નિઃશ્વાસ નાંખ્યો ! આ સર્વ જોઈ અતિથિ અનેક પ્રકારના વિચારો કરતો કરતો પોતાના નિવાસ સ્થાનમાં આવી પહોંચ્યો. કુમુદને પણ એ સર્વનું દિગ્દર્શન થયું. એ જોઈ કુમુદ છક થઈ ગઈ. કોબેમાં મનોહર બંગલામાં બેઠેલા અતિથિનું મન આજે સ્થિર નહોતું. તેના હાથમાં સચિત્ર "ભારત જીવન" માસિક પત્ર હતું. તેમાં કુમુદની કથા પહેરેલી ગાંભિર્યદર્શક છબિ આવી હતી. તે જોઇ અતિથિ ભારે નિઃશ્વાસ મુકતો હતો. પ્રેમયાતના ભોગવતો અતિથિ, ખિન્ન થયેલો અસ્વસ્થ હૃદયથી ખુરસી ઉપરથી ઉઠયો. પ્રેમ દુઃખથી ક્રોધાક્રાન્ત થયેલા, ચિઢવાયલા બ્હેબાકળા મગજે પિસ્તોલ ભરી અને બે હાથ ઉંચા કરી ઉદ્ગાર કહાડયો કેઃ "મ્હારી કુમુદ, ત્હને દુઃખ દેનારને આ સિવાય અન્ય પ્રાયશ્ચિત્ત નથી" આ શબ્દ ઉચ્ચારણ કરી પેટમાં જેવી પિસ્તોલ ચાંપવા જાય છે કે, એકદમ એક તરૂણ વીરે તેને બે હાથે બાથ ભીડી પિસ્તોલ દૂર ફેંકી દીધી. દૂર પડેલી પિસ્તોલમાંથી ભયંકર શબ્દધ્વનિ થયો. તે સાથેજ કુમુદના હાંજા ગગડી ગયા. ચક્ષુમાંથી શ્રાવણ ભાદરવો વહેવા માંડયો. તરૂણે અતિથિને સવિનય શાંત્વન આપ્યું. અતિથિએ જર્મન મેલ સ્ટીમર "શોર્ન હોર્સ્ટ"માં બેસી ભારતવર્ષમાં આવવા નિશ્ચય કર્યો. ગભરાયલી કુમુદને આથી શાંત્વન મળ્યુ અને કંઇક આશાનુ અંકુર ઉન્નત થયું. મનવારો, ટોર્પીડો તથા અનેક ન્હાની મ્હોટી સ્ટીમરોને મુકી સ્ટીમર "શોર્નહોર્ટ" ભરદરિયે પડી હોંગકોંગ તરફ હંકેલાઇ ગઇ. અસરકારક દેખાવો જોવાથી અતિથિ તેમ કુમુદનાં અંતઃકરણ અસ્વસ્થ હતાં. અતિથિ રાત્રિનો દેખાવ નિહાળવા સ્ટીમરના આગલા ભાગમાં બેઠો. સુમ્ સુમ્ કરતી કાળી કરાળ રાત્રિએ, સમગ્ર આકાશ તથા મહાસાગરના તટ ઉપર કાળી ચાદર બિછાવી દીધી અને સમુદ્રની કાળાશ સાથે રાત્રિની કાળાશે મળી ભયંકરતા પાથરી.

તેમાં ઝગઝગતા ન્હાના મ્હોટા તારાઓએ કાળી કાલિકાના નાકમાં હીરાની નથનિ ચળકતી હોય તેમ ચળકીને મનોહરતાની મિઠાશ પૂરી હતી. એટલામાં ધુમસનું જોર વધ્યું. ધુમસના જોર સાથે સ્ટીમરના ભુંગળામાંથી સિસોટીએ પૂર્ણ ધ્વનિથી ફુંકાવા માંડયું. કેમકે ધુમસના પ્રભાવથી ચાર હાથ છેટેની ચીજ પણ જણાતી નહોતી. સ્ટીમર પૂર વેગથી ચાલતી હતી. શેંઘાઇ બંદર આવતાં એક સ્ટીમર આડી અથડાઈ પડી અને તેના વચ્ચેથી બે ટુકડા થઇ ગયા. આ ભયંકર બનાવથી બન્ને સ્ટીમરો ઉપરનાં માણસો અને તે સાથે અતિથિ અને કુમુદ બેબાકળાં બની ગયાં. જોતજોતામાં ટુટેલી સ્ટીમર દરિયાને તળીએ પહોંચી ગઈ. હજારો જીવાત્માઓનો કોલાહલ થઇ રહ્યો. હાનિનો પાર ન રહ્યો. અતિથિ થરથરી ગયો અને દયાભાવથી કંપતી કુમુદ દિગ્મૂઢ થઇ ગઇ. સ્ટીમરે પ્રયાણ શરૂ કર્યું. એટલામાં પ્રચન્ડ વ્હેલ મચ્છનો દેખાવ દષ્ટિગોચર થયો. પ્રથમ પાણીના ફુવારા જેવું જણાયુ. દૂરથી દેખાતી વ્હેલ માછલી સમર્થ હતી. તેણે ત્રણ વખત પાણીના ફુવારા ઉંચે ઉરાડયા, તે છેક વીશ પચીશ વામ ઉંચા ઉડયા હશે. આ ભયંકર પ્રાણીની ભયકર રમતથી કુમુદ શોકમુઢ થયેલી નિહાળીજ રહી. ભય સામે સજ્જ થવાની તૈયારી કરવા લાગી, પણ તે ક્ષણવારમાં અદ્રષ્ય થઇ ગયુ. શેઘાઇથી સિલોન થઈ સ્ટીમર મુબાઇ આવી પહોંચી. પાલવાના બદર ઉપર સ્ટિમ લૉન્ચમાં બેસી બીજાઓ સાથે મિસ ફ્લોરા અતિથિના સત્કાર માટે સન્મુખ આવી હતી. અતિથિ સાથે કુમુદ પણ ઉતરી. પાલવા ઉપર પારસી પ્રમદાનું મોટું ટોળું ભમતું હતું. તેમજ સત્કારાર્થે ઘણા સભ્યજનો પણ આવેલા દષ્ટિગોચર થતા હતા. ઘણા ઉતારૂઓના સ્નેહી સાથી આવી પહોંચ્યા હતા. એક પછી એક વિક્ટોરિયા અને ટ્રામમાં બેસી બેસીને સિધાવ્યા, તેમ અતિથિ પણ બ્રુમમાં બેસી મિસ ફ્લોરા સાથે ઉતારે ગયો. ત્યાંથી કલ્યાણઆશ્રમમાં અતિથિ ભાષણ કરતો દષ્ટિગોચર થયો. કુમુદે પોતાનેજ પોતાની દષ્ટિ સમક્ષ રદિયો આપતાં નિહાળી.

આ બનાવથી તે આશ્ચર્યચકિત થઈ. ત્યાંથી અતિથિ સુવર્ણપુરના પોલિટિકલ એજન્ટ સાથે ધીરપુરના ગરાસીઆ અને બુદ્ધિધનનો પ્રસંગ શ્રવણ કરતો નિહાળ્યો. તેમાં કુમુદના કર્ણપટપર એક શબ્દ આવ્યો: “બુદ્ધિ-

ધનને દિવાનપદ ઉપરથી ખસેડી સખ્ત શિક્ષા કરવી પડશે." આ શબ્દ-ધ્વનિએ તેને કંપાવી મુકી ને બ્હાવરી બનાવી દીધી. હવે અતિથિ રત્ન-નગરીમાં દાખલ થયેલો દષ્ટિગોચર થયો અને ત્યાંથી કુમુદના પુસ્તકાલયમાં જોવામાં આવ્યો. કુમુદ ચકિત થઈ ગઈ. કુમુદે બીજી કુમુદ જોઇ, અને જાગૃતિમાં અનુભવેલો અનુભવ અનુભવ્યો. કુમુદ ચકિત થતી વર્ત્તમાન જોઇ રહી. વર્ત્તમાન જોનારીને ભવિષ્યની ઇચ્છા થઇ. ભવિષ્ય જોવાની ઇચ્છા થતાંજ કરાળ કાળ જેવી પ્રચંડ કાળભૈરવીની મૂર્તિ ગગનમંડળને રોધ કરતી, કાળ દંડને ફરકાવતી, રૌદ્ર ગર્જના કરતી, ક્રૂર દષ્ટિથી ભયવ્યાકુળ થતી દષ્ટિગોચર થઇ. ભય વ્યાકુળ થયેલી કુમુદે ભયને મારે છાતીને ફાડી નાખે એવી જીવન મર્યાદાને અનુભવતી કારમી ચીસ પાડી, અને ચંદ્રાવળીની સૉડનો આશ્રય લેતાં તેની સૉડમાં લપાઇ જવા યત્ન કર્યો. તેના કર્ણદ્વાર પર સ્વર આવ્યો: "અધિરી, ઇચ્છાવૃત્તિથી આજ્ઞા લોપી તેં ત્હારો અધિકાર ખોયો છે." આ સ્વરે કુમુદને પાણીથી પાતળી બનાવી દીધી, અને ગગન-મંડળમાંથી ઉડાણમાં ઉતરી પડતી હોય તેમ તે નીચે પડી. શય્યા ઉપર અશ્રુધારા અનુભવવા લાગી. ભયંકરતા અનુભવનારીનું કાળજું ધડકી રહ્યું છે. ધડકતે હૃદયે તેણે ચક્ષુ ખોલી ત્યારે નભોમંડળમાં લાલ ઉષાને ઓળંગી સૂર્યનારાયણ હજી જગત્ માત્રને તેજસ્વી કરી રહ્યા નહતા.

ગાલ ઉપર આંગળી મુકી અનુભવનારી ઉંડા વિચારમાં તલ્લિન થઇ હતી.

પ્રકરણ ૧૨ મું.

નિરાશામાં આશા અને આશામાં નિરાશા!

"આશા નિરાશા હૃદયે સ્ફુરે છે,
ક્ષણે અમિ, અગ્નિ ક્ષણે ભરે છે.
જીવિત કૃતિને શુદ્ધ ન્યાય દે છે,
પ્રભુ કળાનો મહા બોધ દે છે."

નભ મંડળમાં લાલ ઉષાનો રંગ ફેલાતાં પહેલાં કુમુદની આંખ સ્વપ્નમાંથી ઉઘડી ચુકી હતી. નિરાશાના પ્રદેશમાં આશાનાં કિરણનો પ્રતાપ બળવાન થતાં પહેલાં નિરાશાનો અંધકાર તેને ડોકીઆં કરતો ગુંચવતો જણાતો હતો. ભય વ્યાકુલ થયેલી નિદ્રામાંથી ઝબકીને જાગી અને ઉંડા વિચારમાં પડી. આંતરવૃત્તિને સમાધાન આપતા પહેલાં તો અનેક કુતર્કોએ કુચેષ્ટા કરી તેની આંતરવૃત્તિ ડોહોળી નાંખવા માંડી. આકુળ વ્યાકુળ સ્થિતિમાં ચક્ષુ ખોલી ફાટી ફાટી ચક્ષુઓને ચોતરફ ચગાવી, વળી બંધ કરી. આશાના અંકુરે હૃદયમાં રંગ પૂર્યો. નિરાશાને ખસેડી આનંદનો ઉમળકો ઉભરાયો. ક્ષણમાત્રમાં રંગ ફર્યો. ઉદાસિનતાના પડદાએ મુખમુદ્રા ઉપર ગંભીરતા પ્રસારી આશાને દબાવી, પરંતુ સ્વપ્ન ચમત્કારથી તેના હૃદયમાં એક નવીન ભાવ ઉદય થયો હતો. તે ભાવે તેની આંતરવૃત્તિને અવનવિત રીતે વશ કરી હતી, તેથી કુમુદ પથારીમાં પડી પડી સ્થિર દ્રષ્ટિએ છત સ્હામુ કેટલીકવાર સુધી જોઈ રહી. શરીર ઉપર પડેલી રજાઈ લાંબી કરી

પગ સુધી પ્રસારી અને છાતી ઉપર હાથ મુકી આંખને વારે વારે ફાડી ફાડીને જોતી હોય અને સ્મૃતિને તાજી કરવા મગજને ખેંચી ખેંચી તેનું અનુમોદન મેળવતી હોય અને ખાત્રી કરતી હોય તેમ વધારે વાર પડી રહી નહિ, એટલામાં તો તેની આંખમાંથી આંસુની ધારા ચાલવા લાગી. આંસુની ધારાએ તેના ગાલ ભિંજવી દયામણી બનાવી દીધી, પરતુ તેના શૂન્ય થતા હૃદયમાં સાંસારિક આશાનાં બીજે અંકુર ફોડયુ હતું, તેથી વદન પ્રફુલ્લ થતું જણાયુ. પ્રફુલ્લવદનાના હૃદયમાં આશાએ ચમત્કાર કર્યો. ગુંચવાયલા હૃદયમાંથી આશાના ઉદ્‌ગારોએ વહેવા માંડયુઃ—

"હવે વિયોગ શુ ટળશે?
પુનિત વિશ્રામ શુ મળશે?
નિરંતર સુખ શુ લઇશુ?
અતિ આનંદે શુ રહિશુ?"

કુમુદનુ મન વધારે ચંચળ થયુ, તેથી હૃદય ઉન્મત્ત થઇ જરા ઉછળ્યું અને પૂર્વસ્મર્ણના પ્રભાવે હૃદયમાં ભાવ તાજો કર્યો.

"હૃદય મંદિરમાં રહો છો,
પુનિત પ્રેમે વિરાજીત છો,
સ્વર્ગિય પિયુષ પાઓ છો,
અમિ અરપી ધરાઓ છો."

બોલતાં બોલતાં વળી વિચારમાં પડી. મ્હોંને સંકોચતાં અને દયાર્દ્રભાવ દર્શાવતાં હાથનો ચાળો કરતાં બોલીઃ—

"રસિક શંકા કરો શાને?
ફરે અદકું ધરો શાને?
મિથ્યા ભ્રમથી ભમો શાને?
દુઃખે દેહને દમો શાને?
પધારો પ્રેમ જીવનમાં,
ધરો શંકા નહિ મનમાં.

ચરણુ રજ કેરી છું દાસી,
કરો શંકા શાને ત્રાસી?
શંકાનું શૂળ કહાડીને,
સ્વિકારો સ્નેહિ સાથીને.
સુધા...મૃત પી પાઇને,
કરો તૃપ્તિ પધારીને.

દયામણે મોઢે હૃદય પર હાથ મુકી બોલીઃ—

હૃદય ગુહા ચીરાએ છે,
નયન તો આંસુ સારે છે.
જીવન આ ઝેરી લાગે છે,
વિવિધ મર્મે વિંધાએ છે.

અરેરે!

વિવિધ સ્મર્ણો સ્મરાવીને,
નવિન રંગે રંગાવીને;
માયાએ ખુબ રમાડી છે,
વિધિ રેખે ભમાવી છે.

"હા, આજના સ્વપ્ન દર્શનના ચમત્કાર સાથે મ્હારા ચાલતા અનુભવનો વિચાર કરૂં ત્યારે શી નિશ્ચયાત્મક વૃત્તિ ઉપર આવું? સ્વપ્ન સાચાં નથી. હા, એ સત્ય છે. બધાં સ્વપ્ન સાચાં નથી, પરંતુ અનુભવના અનુસંધાનનું સ્વપ્ન વૃત્તાંત શું નિશ્ચય કરાવે છે? હું તે જાગ્રતમાં છું, સ્વપ્નમાં છું કે ભ્રમણામાં છું, તેનો નિશ્ચય કરવાને પણ શંકાશીળ થાઉં છું. રાત્રિનું વૃત્તાંત ખરેખર મ્હારી જાગૃતિનું છે, અને ગુરૂ મહારાજ તથા ચંદ્રાવળી મૈયાના પ્રસાદથી સ્વપ્ન દર્શન થયું, તેમાં જે ખાત્રી થાય છે તેથી સંદેહ છેદન થાય છે. યોગ સિદ્ધિદ્વારા મહાત્મા સર્વે કાર્યમાં કૃપાપ્રસાદ દર્શાવવા સમર્થ છે. મહાત્માનો કૃપાપ્રસાદ સત્ય દર્શન દર્શાવી ખાત્રી આપે છે. હા, ખાત્રી આપે છે, પરંતુ ભવિષ્યનો ભરમ જરા પણ જણાતો નથી. ગમે તેમ છે. મન, વચન અને કર્મથી પતિસેવા કરવી એ મ્હારૂં કર્તવ્ય

છે, અને હવે એ કર્તવ્ય મારે હાથ ધરવું ઉચિત છે. સત્સંગ કદિ નિષ્ફળ જતો નથી. સાધુના સમાગમથી કોઇ પણ પ્રકારનો ભય રહેતો નથી. સરસ્વતિચંદ્ર, ખરેખર તમે સાધુ છો. તમારા સંસર્ગમાં હું વખતો વખત વિલક્ષણ સ્થિતિમાં આવ્યા છતાં મ્હારા પતિવ્રત્ત ધર્મનું તમે રક્ષણ કર્યું છે. આજે હું ઉજળે મોઢે ધર્મપરાયણ છું, તે તમારી સાધુતાનોજ પ્રતાપ છે. અધમ સુખોની ઇચ્છાથી ધર્મ તજવાને જરા પણ અધમ મન કર્યું હોત અને કામ વાસનાને તાબે થઇ, મનની અદ્રઢ સ્થિતિ કરી, પુનર્લગ્નના વિચારને અનુમોદન આપ્યું હોત તો આજે જે વિચાર કરવાનો અને અનુભવ ભોગવવાનો વખત આવ્યો છે તે શું આવત? અને ઉજળે મોઢે કોઇને મોં પણ બતાવી શકાત?"

"આહા! પતિવ્રતાનાં વ્રત્ત આગળ કામદુધા, કલ્પતરૂ કે ચિન્તામણિ શી ગણત્રીમાં છે? સ્ત્રીની સર્વ સત્તા પતિવ્રત્તમાંજ છે. આ સર્વોત્તમ વ્રત્તમાંજ પરમ ધર્મ, પરમ કલ્યાણનું સાધન અને પરમ દૈવત સમાયલું છે. પતિવ્રત્તના પ્રભાવથીંજ સ્ત્રીઓ મહા મુનિયો વડે સન્માનિત થઇ છે. જગતમાં પ્રસંશાને પામી છે, અને દેવલોકમાં મહત્તા મેળવવાને ભાગ્યશાળી થયેલી છે. ઓ પતિવ્રત્ત! ત્હારી મહત્તા હું આજે આંકી શકતી નથી. જગતમાં એવો કયો અભ્યુદય છે કે તે પતિવ્રત્તા પ્રાપ્ત ન કરી શકે? જગતમાં એવો કયો કામ છે કે તે પતિવ્રત્તા ન મેળવી શકે? જગતમાં એવો કયો અર્થ છે કે તે પતિવ્રતા ન સિદ્ધ કરી શકે? મહાત્માઓ શિક્ષા આપે છે તે સત્ય છે કે, પતિની સેવાથીજ પતિવ્રતાઓ સંસાર સાગરના પારને પામેલી છે. દુઃખરૂપ દાવાનળથી મુક્ત થઈ છે. પરમ અભ્યુદયને પાત્ર થયેલી છે, અને એ સર્વ મન, વચન અને કર્મથી સિદ્ધ કરવું એ મ્હારૂં કર્ત્તવ્ય હવે મ્હારે શિરે આવ્યું છે તે હું પૂર્ણ કરીશ. રંક કુમુદની બુદ્ધિમતિ બ્હેનો, હું વિના છાકે સવિનયથી કહું તેનો દોષ ન લાવતાં ધ્યાનમાં ઉતારવા કૃપા કરજો. પતિવ્રતાનો પ્રતાપ એ એક સર્વોત્તમ કલ્યાણનું સાધન, વિજયનું મૂળ અને સર્વના ઉદયનું કારણ છે. સર્વાંશે તે ઉત્તમ સંતતિ તથા સંપત્તિરૂપ કલ્પલતાને ઉત્પન્ન કરનારૂં સાધન છે. તેમજ પવિત્ર યશ રૂપ અમૃત આપનારે

સ્થાન છે. જનલોક કે સ્વર્ગલોકમાં એવો એક્કે પદાર્થ નથી કે તે પતિવ્રતના પ્રતાપ પાસે મળવો અલભ્ય હોય. દમયંતિના પતિવ્રત પ્રતાપથી નળ રાજા અપ્રતિમ આપત્તિથી મુક્ત થઈ સ્વરાજ્ય પામ્યા. સીતાના સતિત્વથી ભગવાન રામચંદ્ર, રાવણ જેવા સમર્થ વૈરીનો વિનાશ કરી કુળપરંપરાના રાજ્યને પ્રાપ્ત થયા. સાવિત્રીના મહા પતિવ્રત પ્રતાપથી સત્યવાન કુળસહ ઉન્નતિ ક્રમમાં આવ્યો. શ્રીમંતનિના વ્રત પ્રતાપથી તે ડુબેલું સૌભાગ્ય પામી અને તેના પતિને સ્વરાજ્ય પ્રાપ્ત થયું. અનુસુયાના પતિવ્રત પ્રતાપથી દ્રેવેંદ્ર પુત્રવત થયા. પતિવ્રત એ સ્ત્રીનું સર્વ દૈવત છે, અને પતિવ્રતા કુલિન સ્ત્રી એ કુળનું, ઘરનું, નગરનું, દેશનું અને જનમંડળનું દૈવત છે. આ વાત સાત્વિક બ્હેનો ભુલતાં નહિ. વિષય વાંચ્છનાની કુડી ટેવને આધિન થઇ હું સ્વચ્છંદી બની હોત તો મ્હારૂં કલંકિત કૃત્ય મ્હને કેટલુ ડંખત? ક્ષણિક સુખ ઇચ્છાથી દોરાઇ હોત તો મ્હારી શી દુર્દશા થાત? હા, સત્યને કસોટી છે અને કસોટીમાં કસાયા સિવાય પરમ સુખની આશા વ્યર્થ છે. તરૂણાવસ્થામાં થતા વિકારોને વશ થઇ ક્ષણિક મોહમા લુબ્ધ થતાં સર્વકાળ સાવધાન રહેવું એ શું શ્રેયસ્કર નથી? એક પગથિયુ ચૂકયાં કે કેટલા હાનિ થાય છે? તે તમારા મનનેજ પુછો. પ્રભુએ મ્હને બચાવી છે. આજે મ્હારૂં મન તેના આનંદને અનુભવે છે. સત્યનો બેલી પ્રભુ છે. હા, છે ને ફરી છે એ કોઇ ભુલતાં નહિ."

સ્મિત હાસ્ય કરતી, અંતઃમાં ને અંતઃમા આનંદ પ્રફુલ્લ થયેલી કુમુદ, આનંદની અસિમ સીમાને અનુભવતી પથારીમાં પડી પડી આનંદના ઉભરા કહાડવા લાગીઃ—

" મને આવે આજે, પરમ મંગળનો ઉમળકો,
ખરે દીસે જાણે, વિકટ ગત કાળ વહિ ગયો.
હૃદયમાં ઉપાતો, અવનવિત રીતે ચળકતા,
હરે છે સંતાપો, વળિ કરે છે છમકલાં.
પુરી થૈ છે મ્હારી, અકળિત અતિશે અવદશા,
ફળો ચાખ્યાં કૂડાં, કલહ પ્રણયનાં ભાગ્ય વશ આ.

હવે સંભારંતા, હૃદય મહિં વન્હિ શિદ ભરો,
કરી કૂ તર્કોને, ઉભય મન દુઃખી ક્યમ કરો.
પ્રભુ દાસી કેરૂ, હૃદય નવ જોતા, ક્યમ ડરો,
પુરા પ્રેમી થૈને, હૃદય શંકાથી શિદ ભરો ?
ગમે તેવી પીડા, અકથ દુઃખનો ભાર ભરશે,
પ્રીતિ કિર્ણા મ્હારાં, તમ હૃદય વિના ન ઠરશે.
પ્રભૂ પૂરા પ્રેમે, અધિક અમિ અર્પો કરી દયા,
મયા રાખો ઝાઝી, મહત્ મમતાથી ધરિ મયા.
વિદેશે દેશે તો, રઝળિ મુજ સારૂ દુઃખિ થયા,
રહો ગુપ્ત શાને, રટન કરૂં ત્યારે તજી દયા.
સદાના છો સાથી, કમળ મુખ જોવા તમ ચહું,
નિહાળું હું ક્યારે, ચિત મુજ થયુ આતુર બહુ.
મળો વેગે આવી, અમૃત રસ રેલો રસ ધરી,
મળે ના વિશ્રાંતિ, તમ હૃદય વિના ચિત જરી.
ઉગારી ને તારો, સંશય મન કેરો દુર કરી,
હવે વેગે આવો, ભિતિ ભય છોડો હદ કરી.
પ્રિતિ યત્રે વ્હાલા, મનહર કળા નૌતમ કરી,
રિઝીને રિઝાવો, રસિક વલ્લભ છો રસ ભરી.

* * *

જરા વિચારમાં ને વિચારમાં છત સામુ દૃષ્ટિ નાંખી. હોઠ ઉપર આંગળી મુકી મનમાં ને મનમાં વિચારવા લાગીઃ શું એમના મનમાં મ્હારી ખાત્રી નહિ હોય? શા માટે મ્હારાથી છુપાતા હશે? ગમે તેમ હોય પણ એમના મનમા ઉંડુ શલ્ય છે કે શરમ છે. હવે એનો ભેદ કેમ તોડવો ? વળી ઉદ્ગાર નિકળ્યોઃ—

" હવે શાને માટે, વિપરિત રીતે 'રો' વિચરતા,
કરો શાને માટે, નયન દ્વયમાં અશ્રુ ઝરતાં.
છુપો શાને માટે, રસિક છબિને રે છુપવતા,
પુરી થૈ છે ખાત્રી, પુનિત મુખ મુદ્રા નિરખતાં. "

ફરો છો તો ફંદે, પણ ફસિ પડો છો હૃદયમાં,
વિચારીને સ્વામિ, હૃદય ભય રાખોની હદમાં.
ખમી ભારે દુઃખો, પરિચિત થઇ શું આ કરો ?
નિરાશા ધારિને, ઉભય મન અગ્નિ ક્યમ ભરો ?
સુશીલ જ્યોત્સ્નાથી, ભૃકુટિ પુર વ્હારે ભભકતી,
ન છૂપી છૂપાયે, સુવર્ણમય કાન્તિ ઝમકતી.
શશી જેવી મુદ્રા, વિભુતિ ભરી પુરિ ચમકતી,
નિહાળ'તા સ્નેહી, જન થકિ રહે કેમ છુપતી ?"

પ્રેમઘેલી, પ્રેમાર્દ્રવૃત્તિથી હાથ જોડી વિનતિ કરતી હોય તેમ વિનય દર્શાવતી દીનતાથી સ્નેહછાકમાં બોલી:—

"હવે જાણી મ્હે તો, હૃદય ગત પુરી તમ તણી,
તદા શાને માટે, અધિક દુઃખ દો છો મન કસી.
નકામાં ઠાલાં છે, કલ્પિત ભય કેરાં અડપલાં,
મ્હને લાગે કૂડાં, જિવન મુજનાં છે વિતકડાં."

પથારીમાં પડી પડી હૃદય તરફ હાથ કરી પ્રશ્ન કરતી હોય તેમ બોલી:—

"મનોહારી મૂર્તિ, હૃદય મધ્યે આ વસી રહી,
પુરી આલેખું છું, પુનિત તમ મૂર્તિ મન મહીં.
પુરા પ્રેમે વ્હાલા, હૃદય સુક્ષ્મમાં રિઝી રમો,
સ્થુલે પેખૂં ત્યારે, પુનિત મુર્તિ કહો ક્યમ છુપો ?"

* * * * *

દુઃખ અને પીડામાં ઉછરેલી કુમુદ ઘડીભર સ્તંભિ, એટલામાં તો એના મુખ ઉપર શોકની છાયા ફરી વળી અને પ્રફુલ્લ મુખ ઝાંખુઝપ ખેદિત થઇ ગયું. કુમુદના મનમાં શંકા આવી અને દુઃખમાં ઉછરેલીને દુઃખજ ભાસવા લાગ્યું. જેમ સાપથી બીધેલો રજ્જુને પણ સાપ ધારી ડર્યા કરે, તેમ દુઃખના વિચારોથી ભરાઇ ગયેલા તેના મગજમાં તેનુંજ ચિંતન થઇ શંકાનું વમળ ઉભું થયું. તેણે પથારીમાં પડયાં પડયાં લાંબો હાથ કરી પ્રશ્ન કર્યો:—

"હવે કો'ને કે'વી, સકળ મનની આ ભ્રમણુતા,
પુરી પીડાઇને, અકલિત સહું છું વિકળતા.
વિવેકે વ્હાલાને, વિનય નયથી કેમ મનવું ?
પુરી શાંતિ અર્પી, હ્રદય તેનું કેમ ઠરવું ?"

ઉંડો નિઃશ્વાસ મુકતાં બોલીઃ—

"દશા મ્હારી આ તો, દીન દીન જનોથી દીન બની,
અધીકારો મારા, અધમ પદ પામ્યા રદ બની.
સ્થિતિ છિન્ને ભિન્ને, ભયમય થઇ છે અવદશા,
સુધારૂં શી રીતે, ઉભય મનમાં છે વસવસા !"

અરેરે ! અણુધાર્યાં કેટલાં બધાં વમળ છેઃ—

"વિધી સંસારીની, વળિ ધરમ શાસ્ત્રો તણી નડે,
વળી જ્ઞાતિ નાતી, તણું વમળ વચ્ચે કદિ પડે.
રીતિ ભીતિ જોતાં, વડિલ મત વચ્ચે કદિ અડે,
પતિવ્રતની સામે, સકળ બંધન એ નહિ નડે."

વળી ઊંડો નિઃશ્વાસ મુકતાં મુકતાં બોલીઃ "વિધિ રેખા, ત્હને શું કહું ?"

"પુરી પીડાઇ છું, અસિમ અતિ દુઃખો સહી કરી,
સીમા સુખો કેરી, નવલ નવ દિસે મન જરી.
ગુણી જ્ઞાનિ વાતો, સકળ મન માંહિ ગઇ ડુબી,
વિધિ રેખા કેરી, અવનવિન દિસે ખરી ખુબી !
પુરી આ સંસારે, વિપરિત દિસે છે અવદશા,
સુઝે નાહિં માર્ગો, ક્ષણુ ક્ષણુ સ્ફુરે છે વસવસા.
ઝુરી ઝુરાવું છું, વિકળ અતિ થાઉં વિણુ કળા,
દિસે નાહિં દીશા, દિન દિન બની છું હિણુકળા."

દીનતાથી દીન બનેલી આકુલી વ્યાકુલી, માર્ગ ન સુઝવાથી, નિરાશાથી ગભરાયલી અકળાયલી આંસુ સારતી બોલીઃ—

હવે સંસારે આ, સુલભ સુખને કેમ ભરવાં ?
હવે સંસારે આ, વિકટ દુઃખને કેમ હરવાં ?

હવે સંસારે આ, સુખદ મારગો કેમ કરવા ?
બિની તોડી ભારી, પ્રિય જનને કેમ રિઝવવા ?

આંસુ સારતી સારતી કુમુદ પથારીમાં પડી રહી. સ્વચ્છ આકાશમાં સૂર્ય, પોતાનાં સુંદર કિરણોને પ્રસારી સૃષ્ટિનો મનોહર દેખાવ કરી રહ્યો હતો તે તરફ તેનું ધ્યાન ખેચાયું નહોતું. તેની ચક્ષુઓ આંસુથી ભરાઇ ગઈ. ચક્ષુ પ્રદેશમાંથી આંસુની ધારા કાન આગળ થઈ માથા નીચે દબાયલા તકીઆને પલાળી રહી હતી. તેવામાં સુંદરે બુમ પાડીઃ " કેમ બેટા કુમુદ, હજી કેમ ઉઠી નથી ? "

કુમુદે ચટપટ આંસુ લુછી નાંખી ખોખરો સ્વર દબાવવાનો પ્રયત્ન કરતાં પ્રતિઉત્તર કર્યોઃ " અમસ્થી. "

સુંદરે ધારી ધારીને કુમુદ સ્હામુ જોયુ.

કુમુદની મુખમુદ્રા શોકાર્દ્ર ભાવથી દ્રવતી અને આખો આંસુ સારેલી લાગી. તે બોલી ચાલી નહિ. આજે પ્રમાદધનનું સંવત્સરી હતું. આથી તેને શોકનુ કારણુ ધારી પોતાના હૃદયને શોકમય કરતી પાછી ગઈ. ઘરમાં જતાં ગુણસુંદરી સામી મળી તેણે સુદરને પ્રશ્ન કર્યોઃ

" કેમ ભાભીજી, મ્હોં કેમ ઉતરી ગયુ છે ? "

" ના રે, કઇ નહિ. " શોકમય સ્વરથી સુંદરે પ્રતિઉત્તર કર્યો.

ગુણસુંદરીએ આગ્રહથી કારણુ જાણુવા પ્રશ્ન કર્યોઃ " ના, ના, ખરૂ કારણુ કહો. "

દીનતા ભરેલો ભાવ બતાવતાં દુઃખિયારી ભાભીએ ઉત્તર કર્યોઃ "ના, ના, એમાં શુ કહેવા જેવું ને ન કહેવા જેવું હતું ? હુ કુમુદ પાસે ગઇ હતી. એ બિચારી દુઃખિયારીને જોઈને મ્હને વધારે લાગી આવ્યું. માટે આજે તમે એને છેડતાં નહિ. "

શોકની વાતથી શોક વધ્યો અને ઘરમાં સર્વ કોઈ શાંત અને શોકમય થઇ ગયાં.

પ્રકરણ ૧૩ મું.

વસંતની એક રાત્રિ.

पा[illegible]ल भृतो वाताः शाखा नवां[illegible]र कोटयो
मधुर विरुतोत्कण्ठा वाचः प्रियाः पिक पक्षिणाम्।
विरल सुरत स्वेद[illegible] वधू वदनेन्दवः
प्रसरति मधौ रात्र्यां जातोन कस्य गुणोदयः ॥ (शृंगार शतक.)*
साध्वी शीलवती दया वसुमती दाक्षिण्य लज्जावती।
तन्वी पाप पराङ्मुखी स्मितवती मुग्धा प्रिया लापिनी।
देव ब्राह्मण बंधु सज्जनरता यस्यास्ति भार्या गृहे।
तस्यार्था गम काम फलदा कुर्वन्ति पुण्य प्रियाः ॥ §

આનન્દમયી લહેરોમાં નાચતાં કુસુમના સ્વામીભક્તિપરાયણ થયેલા હૃદયમાં નવીન ભાવ ઉદય થયો. તે વિચારવા લાગી: “સ્વામી વિદ્યા, કળા અને નીતિનો પૂર્ણ પ્રકાશ કરવા તન, મન, ધનનો હોમ કરી રહ્યા છે, અને તેમની પ્રેરણાથી માયારૂપ અલબેલી મુંબઇના

---

* વસત ઋતુનો ફેલાવો થાય છે ત્યારે વાયુ સુગંધીને ધારણ કરે છે. શાખાઓમાં નવાકુર આવે છે કોયલોની મધુર વાણી ઉત્કંઠા ઉત્પન્ન કરે છે માટે-જ તે પ્રિય લાગે છે, અને રાત્રિમા ચદ્ર જેવા સ્ત્રીઓના મુખ ઉપર કામ ક્રીડાના શ્રમથી પ્રસ્વેદના ઝીણાં ઝીણાં મોતીઓ બંધાય છે. વસંત ઋતુમાં કયા ગુણોનો ઉદય થતો નથી?

§ જે પુરૂષના ઘરમા સ્ત્રી પતિવ્રતા, શીળવતી, દયારૂપી ધનવાળી, ડહાપણ ભરેલી, લજ્જાવાળી, પાપથી દૂર રહેનારી, હસતા મુખવાળી, દેખાવડી, પ્રિય બોલનારી, દેવ, બ્રાહ્મણ, કુટુંબીઓ તથા સજ્જન પુરૂષોપર પ્રીતિ રાખનારી હોય છે, તે પુરૂષના ધર્મ, અર્થ, કામ અને મોક્ષને, પુણ્ય ઉપર પ્રીતિ ધરાવનારા દેવો સફળ કરે છે.

વ્યાપારીઓ પૂર્ણ પુરૂષાર્થથી વ્યાપારના મંત્ર તંત્રમાં લચીપચી રહ્યા છે, ત્યારે બીજી બાજુએ વિદેશીય કળાનું અનુકરણ કરી કળાકૌશલ્યની હરિફાઇમાં વધવા કળાવાનો મચી રહ્યા છે. અને બુદ્ધિવાનો બુદ્ધિ કળાને ચાકે ચઢાવી નવીન કળાની શોધમાં મંડી રહ્યા છે. વિદ્યાકળાની સુખરૂપ રેલી કરવા મહાજનો પ્રતિદિન વિચારી જ રહ્યા છે. વ્યાપારને દેશવિદેશમાં લંબાવવા આડતીઆઓ ઘુમીજ રહ્યા છે. કવિજનો આળસુ જનોને કવિતાથી ઉન્નતિ ક્રમમાં મુકવા ઉશ્કેરી રહ્યા છે. વ્યાપારને સહાય કરવા દેશ વિદેશ નાણાની મદદ સારૂ બેંકો કહાડી રહ્યા છે અને તેની શાખાઓ ચારે ખંડમાં પ્રસરાવી દીધી છે. વળી સમુદ્ર પર્યટનને માટે ભારત જનના ધર્મ, રીતિ, નીતિને અનુકૂળ કરવા નૌકાઓ બંધાવી ચલાવી રહ્યા છે. તાર અને ટેલેફોનમાં નવીન સુધારા કરાવવા મંડી ગયા છે. વિદ્યાકળાના અર્થિઓને ઉચ્ચ કેળવણી આપી દેશ વિદેશ કેળવવા મોકલી રહ્યા છે વિદ્યુતના જોરથી યંત્રો ચલાવવા, જળ પ્રવાહથી કાર્યો કરવા, તથા સૂર્યના તાપને કામે લગાડી ભાનુતાપનાં યંત્રોને પ્રયોગશાળામાં સુધરાવી રહ્યા છે. વિદ્વાનો સાથે વાદ વિવાદ કરી ભારતવર્ષને હુન્નરકળામાં ચઢીઆતો કરવાના વિચારને હચમચાવી રહ્યા છે. આટલો બધો શ્રમ લેનારના આનંદ માટે મ્હારે શું કરવું ?

सुख दुःखानि सर्वाणि त्वया सह विभज्यते
यत्र त्वं तदहं तत्र प्रथमे सात्र वीदितम् ॥

સપ્તપદિ કાળે આ પ્રતિજ્ઞાઓ કરી છે તેને પાર ઉતારવા યત્નશાળી થવાની આવસ્યકતા છે. મુંબઇના આધિ વ્યાધિ અને ઉપાધિથી શ્રમિત થયેલાને શાન્ત્વન આપવાનું કર્તવ્ય શી રીતે પુરૂં કરૂં ? ખરેખર, અલબેલી મુંબઈ રંક જનોને ઉદ્યોગનું પોષણ આપનાર મહામાયા છે. રઝળતાં રખડતાંનું આશ્રય સ્થાન છે. અન્ન વિનાનાં, દ્રવ્ય વિનાનાં, દુઃખી રંકોનું રક્ષણ કરનાર રક્ષક છે. વિદ્યાકળા નિપુણોનું વિશ્રામ ઠામ છે. પરંતુ વિદ્યાકળાના ઉદાર આશ્રયદાતા, રાજ્યદ્વારી મહાશયો, અને દેશ દાઝવાળાને તો જરાપણ વિશ્રામ ન આપનાર વીર ભૂમિ છે. શારીરિક વ્યાપારને વિશ્રાન્તિ જરૂરની છે. વિદ્યાકળાના વ્યસનીને તેની દરકાર ક્યાં છે ? અરે ! પણ

સ્વામી જ્યારે બાહ્ય વ્યાપાર ચલાવે છે ત્યારે ગૃહરાજ્યમાં આનંદ ઉપાધિનો વ્યાપાર મ્હારેજ ઉપાડવાનો છે. પૂર્વની વંદનીય વિદુષિયો પતિને પ્રેમાનંદમાં કેવી રીતે પ્રફુલ્લ કરતી હતી ? સ્વામી સર્વ ગુણના અધિશ્વર છે. તેમના આંતર મર્મને આનન્દિત કરવા શા યત્ન કરૂં ? હૃદય, મન અને પ્રાણ, એ તો પ્રાણેશ પાસેજ ધર્યાં રહે છે. પણ તેમને વિશ્રાંતિ શી રીતે આપું ? "

ઉચ્ચાભિલાષામાં હૃદય નિઃશબ્દે વિદીર્ણ થયું. નિષ્પંદ દૃષ્ટિથી કુસુમ રંગ મેહેલની છત ઉપર દ્રષ્ટિ ઠારી રહી. ગૃહિણીના તપ વિચારમાં કલ્પનાએ અંકુર ફોડયુંઃ " આ તો વસંત ઋતુ છે, વસંતની મોહિનીમાં વિશ્રાંતિ આપું. હૃદયનાથને હૃદય પારણેથી પ્રેમ પારણે ઝુલાવું, ડોલાવું અને મ્હારા આમરંગી રંગે રંગી રંગાઉં. "

યૌવનકાળના ચંચળ ઉન્મત્ત હૃદયે સુખની અભિલાષામાં રંગમહેલને શણુગારવા માંડયો. સાહિત્ય સંપન્નતાની કંઇ ખામી નહોતી. ક્રમમાંજ જરા ફેરફાર કરવાનો હતો, તે દાસ દાસીઓ પાસે કરાવી નાંખ્યો. વચ્ચેના ભાગમા હીંડોળો ઉભો કરી દીધો. ચારે બાજુએ શ્વેત બિલ્લોરના આરસાઓને એક બીજામાં પ્રતિબિંબ પડે તેમ ગોઠવાવ્યા. હીંડોળાથી થોડે છેટે અને તેની મર્યાદામાં આરસનુ ગોળ ટેબલ ગોઠવી દીધું. અને તેની પેલી તરફ પલંગને પુષ્પોથી શણુગારી દીધો.

પુસ્તકો અને સાહિત્યનાં સાધનો રોજની રીત પ્રમાણે ત્યાંનાં ત્યાંજ રહેવા દીધાં. આયનાવાળા ટેબલ ઉપર ગુલાલ ભરેલા કોસેટા અને સુગંધિત પદાર્થો ગોઠવાવ્યા, ને તેની નીચે ન્હાનો પિચકારી જેવો હાથ બંબો, કેસરનો રંગ ભરી અદ્રષ્ય મુકી રાખ્યો, અને યાંત્રિક યુક્તિથી ચાંપ દાબે ત્યારે તે ઉડે એમ ગોઠવી ચાંપને હીંડોળા પાસે ગોઠવી. બીજી બાજુએ આયના પાસેના ટેબલ ઉપર ગુલાબજળ ભરેલો ચાંદીનો ફુવારો, તેના તેજ ગુલાબજળથી ઉડયા કરે એવી યુક્તિવાળો ગોઠવી રાખ્યો; અને અત્તર, સેન્ટ આદિ સુગંધિત પદાર્થ ગોઠવ્યા. ત્રીજી બાજુએ આયના પાસેના ટેબલ ઉપર પુષ્પમાળાઓ અને પુષ્પોનો ઢગલો ગોઠવી દીધો. ચોથી બાજુએ આયના પાસેના ટેબલ ઉપર ફળ ફળાદિ મેવા સાથે ઉકાળેલું દુધ આદિ ભોજ્ય

પદાર્થો ગોઠવ્યા. રંગમહેલમાંનો ગાલીચો બહાર કઢાવી નાંખ્યો. સુંદર આરસની ફરસબંધીને સાફસુફ કરી વિજળીના પંખાને ફરફરાવી દીધો અને રોશનીથી રંગમેહેલને ઝગઝગતો કરી દીધો.

મનોહરરૂપ લાવણ્યવતિ, પતિને વિશ્રાન્તિ અને આનંદ કેમ મળે તે સંબંધી ગાલ ઉપર આંગળી મુકી વિચારવા લાગીઃ "પતિ, એજ સ્ત્રીની પરમ ગતિ છે. પતિના હ્રદયમાં વસી, તેના અંતઃ આત્માને પરમ વિશ્રાન્તિ અને આનંદ આપી તેમની શ્રમિત થયેલી શરીર સ્મૃદ્ધિને આસ્વાસન આપવું એ સ્ત્રીનું ખરૂં કર્ત્તવ્ય છે. સ્વામી સંસારના વહન માટે, પરમાર્થ માટે તથા દેશોન્નતિ માટે, મહા કષ્ટો સહન કરી શ્રમિત થાય છે. તે તરફ નજર કરતાં તેમના પ્રતિ સૌમ્યદર્શી અને શીળવાન રહી તેમના પ્રેમપાત્ર બનવું. તેમ થવાને નમ્ર, વિનયી, મૃદુભાષિણી થવું એ જરૂરનું છે. સંસારમાં નમ્રતા અને ધૈર્યથીજ પ્રેમ વધે છે અને વ્યાવહારિક કાર્યમાં પણ નમ્રતાથી અસરળતા સરી જાય છે અને આનંદની મીઠી મહત્તા ભરેલી અમી અર્પે છે. સંસારને સુખમય કરવા માટે મોટા પેટની પણ જરૂર ખરી. પતિ સહચારિણી પદ પામવાને રૂપ, યૌવન, ધન કે જ્ઞાન એટલુંજ બસ નથી, પરંતુ વિનય નયથી તેના આત્મરંગને ખિલાવી હિલાવી આંતર તૃપ્તી આપવી એ પણ જરૂરનું છે. સ્વામીની જ્ઞાનશ્રેણી મહાન છે. મહાન પુરૂષના વિલાસ પણ મહાન હોય છે. તેના આંતરમર્મને જાણી લેવાનુ કામ દુર્ઘટ છે. મારી શક્તિ તો અલ્પ છે, તો પણ આંતરશ્રદ્ધા બલિષ્ટ છે. આંતર અને બાહ્ય સર્વ સ્થળે પરમ ચૈતન્ય વિચરે છે. તે ઇચ્છા શક્તિના પરમાણુ આન્દોલન દ્વારા પ્રેરે છે, માટે ઉત્તમ ઇચ્છા દ્વારા પતિમા સુખ વિલાસ વૃત્તિ રચું."

બાલ સૂર્યનાં કિરણની પેઠે નૂતન પ્રેમ વિચારમાં આનંદ કલ્લોલ રમમાણ થયેલા ચિત્તે, દ્રવ્ય લાવણ્યનો ઉત્કર્ષ કરવા યત્નો આરંભ્યા.

બાહ્ય લાવણ્ય વિના આકર્ષણ નથી. જ્ઞાન અને પુસ્તકો એ પતિની દૃષ્ટિને ઠારતાં નથી, પણ શરિર સૌંદર્ય એજ દૃષ્ટિને આકર્ષે છે. લલિત લાવણ્ય, એ હ્રદયની પ્રેમ પાંખડીઓને વિકસાવે છે. વાણી માધુર્ય, એ

સુધારસ રેલી રસ પુરે છે. બુદ્ધિચારિત્ર્ય, એ સમય રંગને અનુલક્ષિ અપૂર્વ સુખ અનુભવાવે છે. શુષ્ક વિદ્યા એ પતિનું આંતર હરતી નથી. સ્વચ્છંદતા એ પતિના આંતરમાં નિવાસ કરતી નથી. ઉચ્છૃંખળતા એ પતિના હૃદયમાં અમી પુરતી નથી. સ્વતંત્ર સ્વેચ્છાચારિપણું એ પતિના હૃદયમાં પ્રેમ વિકસાવતું નથી. કૃત્રિમ સૌંદર્ય એ કૃત્રિમ કાર્યો કરે છે, પરંતુ જીવનના સતત્ સાથીનું હૃદય તેથી ભોળવાતું નથી. હૃદયનાથના હૃદયમાં અમૃત પુરવાને, નિવાસ કરવાને, વિશ્રાન્તિ પમાડવાને, અપૂર્વ દૈવી પ્રેમ અનુભવવાને, નિર્દોષ, શુદ્ધ, મમત્વરહિત, ધર્મપરાયણ, આંતર પ્રેમની આવશ્યકતા છે. તેમાં કૃત્રિમતાની ચાંચ ખૂંપતી નથી. ઢોંગમાં પ્રેમ વિકસતો નથી. ફિસિયારીમાં ખિલતો નથી. કપડાંના ઉલ્કાપાતથી કે રૂમાલના પછાડાથી મહત્તા આવતી નથી. લક્ષ્મીથી તે ઠગાતો નથી. વિશુદ્ધ પ્રેમ એ તો ઇશ્વરી પ્રસાદ છે. ઇશ્વિરી ગુણો સાથેજ તે પ્રસાદ રહે છે. ઇશ્વરી સત્તા, અદ્રષ્ય રીતે સર્વ પ્રત્યે સાક્ષિભૂત છે. મનસા, વાચા અને કર્મણાથી હૃદયનાથને હૃદય અર્પાયા સિવાય, અનહદ સુખની અમી વરસતી નથી. અપૂર્વ સુખની સીમા ઇચ્છિનારીએ લગ્ન બંધનનો હેતુ વિચારી, સતિત્વનો પ્રભાવ ધ્યાનમાં લઇ, પ્રેમ જીવનની મહત્તા અનુલક્ષિ, ઇહલૌકિક અને પારલૌકિક સુખ સમૃદ્ધિ સંપાદન કરવા શુદ્ધ આચાર, વિચાર અને વાણીદ્વારા પતિસેવામાં હૃદય અર્પવું એજ ઉચિત છે.

કુસુમે આયના પાસે ઉભાં રહી ધીમે ધીમે બાહ્ય સૌંદર્ય શણગાર્યું. સુગોળ બાહુમાં સુગોળ માણિક્ય બંગડી ધારણ કરી, સુગોળ આંગળીમાં સુગોળ રત્ન અંગુઠી ચળકાવી. સુગોળ ગ્રીવામાં ગોળ ગોળ મોતીની મનોહર માળા સુગોળ પયોધર સુધી લટકાવી. કેશ પ્રદેશમાં કર્ણફુલની મૌક્તિક સેરો લટકાવી, અને મનોહર રક્ત વાસંતી રંગનાં અશોક પુષ્પના ગુચ્છાથી કેશપાશ શણગાર્યો. નરમ અને ઝીણા વાસંતી સાળુથી શરીર આચ્છાદન કર્યું. સાટીનના વાસંતી કમખાને છાતી સાથે તંગ પહેર્યો. સુવાસિત પદાર્થોથી સર્વ સ્થળ સુવાસિત કરી નાખ્યું. આયનામાં જોનારી પોતાનેજ ભૂલી. પોતેજ પોતાના પર પળવાર મોહલુબ્ધ થઇ ગઇ. પતિના જીવન આનંદમાં આનંદ માનનારી-

એ ઘટિકા માત્ર પતિની છબિમાં દષ્ટિ પરોવી પ્રેમ નમન કર્યું, અને હૃદયમાં માનસિક પ્રેમ પૂજન કર્યું. પતિપ્રાણા, પતિસ્વરૂપના ભાનમાં તદાકાર થઇ ગઇ.

અસ્વચ્છતાની અધિદેવીઓ, કટુભાષણની સ્વાદિયણો, કંકાસને શોધનારીઓ, અભિમાન મમત્ત્વની ભરેલી સ્વચ્છદાઓ, ફિસિયારીની મહાદેવીઓ, પરપતિમાં મુગ્ધ થતી અનાચારિણીઓ, અધર્માચર્ણને આદર આપતી અધર્માણીઓ, ફેલફિતુરથી ઠગતી ઠગણીઓ, અસત્યવાદી કર્કશાઓ, પરહિતને નષ્ટ કરતી કુટીલ કુત્સિત કર્માચારિણીઓ, તમે તો દુર્ગુણોને તજો ત્યાંસુધી કે પછી આવતા જન્મમાં સદગુણી થાઓ ત્યાંસુધી પતિના શુદ્ધ ધાર્મિક પ્રેમ જીવનના સુધારસમાં આનદ કલ્લોલ કરવાનું મુલ્તવીજ રાખજો.

પ્રેમ જીવનમાં એક વખત સંશયે નિવાસ કર્યો તો પછી તે મધુર જીવન નષ્ટ ભ્રષ્ટ થાય છે. પ્રેમ જીવનને ઉન્નત કરવાને શુદ્ધ હૃદયમા પવિત્ર પ્રેમ એજ માત્રા છે. એજ રસાયણ છે. એજ જીવનનાથને વશ કરનાર મહા મંત્ર છે, જંત્ર છે અને તત્ર છે.

ઉન્નત નીલ આકાશમાં શુભ્ર ચંદ્ર ચઢી આવ્યો, અને સમુદ્ર તથા ભૂમડળ ઉપર શ્વેત કિરણ વિસ્તારતો વિસ્તારતો કુસુમના રંગમહેલમાં પ્રવેશી ગયો. તે સાથે સુધા વર્ષાવતો મન્દ મન્દ વાયુ પણ દાખલ થયો અને કુસુમના રંગભુવનને સુખદાયક સ્થળ બનાવવા લાગ્યો. ચંદ્રને અવલોકતાં અવલોકતાં તો હૃદયમાં અનેક ભાવો ઉદય થયા. મનની સ્થિરતા ચલાયમાન થઇ કંપવા લાગી, નાસિકાની નસે ઉન્નત થઇ લાલ સુરખી પ્રસારવા માંડી. ગાલ ઉપર નારંગી રગની રતાશે દીપવા માંડયું. ઉષ્ણ નિઃશ્વાસે પ્રકટી વહેવા માડયુ અને દેહલતાની પાખડીએ પાંખડી ખિલાવી દીધી. એટલામાં ખભા ઉપર પવિત્ર હાથનો સ્પર્શ થયો. સ્પર્શ સાથે મન્મથના ચમત્કાર બળ વડે તે પરવશ જેવી થઈ ગઈ અને થોડીવાર નીચું જોઇ રહી.

થોડીવારમાં પ્રેમ ઉલ્લાસથી નાચતાં ચક્ષુઓ એકી ટસે જોઇ રહ્યાં. સ્થિર જેવાં થઈ ગયા. પવન અને પાણીના ઝપાટાથી ડોલતા કમળ નાળ જેવી કુસુમ, એક પાસ ચંદ્રની આહ્લાદકારક સૌંદર્યતાથી ઉભરાયલા પ્રેમહૃદયથી અને બીજી બાજુએ પતિના કોમળ કર સ્પર્શથી પરવશ થયેલી

ડોલી રહી. કરસ્પર્શના આકર્ષણથી આકર્ષાઈ હીંડોળા ઉપર જઈ બેઠી.

ચંદ્રનાં કિરણથી પ્રકાશિત થયેલું કુસુમનુ ગૌર વર્ણ સરસ્વતિચંદ્ર જોઈ રહ્યો. પ્રેમ જ્યોતિપૂર્ણ ચક્ષુ અને કમળ પત્ર જેવા ગાલ, અને પ્રેમોન્નત વદન મંડળ ઉપર દૃષ્ટિ ઠરી કુસુમના હૃદયમાં એક નવલ ભાવ ઉદય થયો. તેનું હૃદય ધબકવા લાગ્યું. શરીર કંપવા લાગ્યું. હૃદય, મન, અને પ્રાણ સર્વે તે એક પ્રેમમૂર્તિ તરફ ધસી ગયાં. દેવવિનિંદિત મૂર્તિ સામું તે પ્રેમપૂર્ણ દૃષ્ટિયે જોઈ રહી. ત્યાંથી આંખ ફેરવવાનીએ શક્તિ રહી નહોતી. ઉચ્ચ અભિલાષાના ઉલ્લાસમાં નિમગ્ન થએલી કુસુમને સરસ્વતિચંદ્ર પણ જોઈજ રહ્યો. ચક્ષુ અને હૃદય એકમેકને મળી ઉન્મત્ત થયાં.

પ્રેમી હૃદય એકમેકને મળી ઉન્મત્ત થાય છે ત્યારે પરસ્પરના પ્રેમમાં આનંદ પ્રફુલ્લ થઇ ઉભય જગતને વિસરે છે. સ્થાન તથા કાળને પણ ભુલી જાય છે. દોષ તથા ગુણ વિસ્મૃત થાય છે. નીચે પૃથ્વી છે અને ઉપર આકાશ છે એ પણ સ્મર્ણમાં રહેતું નથી. કેવળ પ્રણય સુખ વિના અન્ય સર્વ વિસ્મૃત થાય છે, ત્યારે જગતમાં ઇંદ્રપુરી અવતીર્ણ થઇ હોય એમ ભાસે છે. આ દમ્પત્તિ મન્મથ દેવનો મહા પ્રસાદ પામી ડોલી રહ્યાં હતાં.

ઉભયના પરસ્પર સ્પર્શથી અને અવલોકનથી ઉભયે રોમાંચ અનુભવ્યો. તેમની હૃદયવૃત્તિમા પ્રેમરસે પ્રેમરસને વધાર્યો ને ઉભરાવ્યો. દૃષ્ટિએ દૃષ્ટિ સંધાવાથી કોઇએ પલકારો માર્યો નહિ. એક બીજાને નિહાળવામાં સામસામી ચક્ષુઓ વિના સકળ જગતને તો શુ પરંતુ પોતાને પણ સ્મર્ણમાં રાખી શકાયુ નહિ. લજ્જાવિનિત થએલી કુસુમના ગાલ ઉપર રતાશ ચળકવા માંડી. તેણે કંપતાં કંપતા રૂપાની ઘંટડી જેવા નાદથી ઉચ્ચાર કકાડયો: "આજે આપને ઘણું અસુરૂં થયું."

લલનાના ચંદ્રવદન ઉપર દૃષ્ટિ ઠારતાં પરવશ થયેલા સરસ્વતિચંદ્રે પ્રતિઉત્તર કર્યો: "પ્રેમ ચિન્તવનને લીધે તમને એમ લાગે છે."

કુસુમ: "અમે ચિન્તવન કર્યા કરીએ એ તો અમારો ધર્મ છે, પરંતુ તમને તો શરીરની ફિકરે નહિ. નાથ જુવો, અતિ શ્રમથી શરીર કેવું થઇ ગયું છે?" મધુર વાણીમાં પટુતા લાવી પ્રેમ અને દયા દર્શાવતાં કહ્યું.

સરસ્વતિચંદ્ર: "પ્રાણ, હમણાં જાહેર પ્રજાની સેવાનો બોજો વધારે છે. સ્થૂળ દેહ ઉપર તેની અસર છે."

કુસુમ: "શું વિશ્રામની આવશ્યકતા નથી? જીવનને ટકાવવાનું એ પણ સાધન છે ને જીવનથીજ સર્વ કાર્ય સાધ્ય થવાની આશા છે. તેને નિભાવવા માટે ઉત્તમ પૌષ્ટિક ખોરાક, વિશ્રામ અને થોડી કસરતની પણ જરૂર છે. બળદ અને ઘોડાને ચંદીની રાતબ જોઇએ ત્યારે મનુષ્યના સ્થૂળ દેહને ઉન્નત કરવા પણ કંઈ યોજના હોવી જોઇએ કે નહિ? નાથ, વિચારના અતિશ્રમથી પણ દેહ જર્જરિત થાય છે."

સરસ્વતિચંદ્ર: "ભારતની સેવા માટે જે કરીએ તે ઓછું છે. સત્ય વાત છે કે સ્થૂળ દેહનું સ્વાસ્થ્ય સંભાળવું જોઇએ છતાં પણ કોઇકિ પ્રસંગે દેશસેવા અને જનસેવા આગળ દેહસેવાની વિશેષ દરકાર રાખવાની નથી. દેશને માટે પ્રાણાર્પણ થાય, સર્વસ્વની આહૂતિ અપાય તો પણ ચિંતા નહિ. સ્વાર્થનો ભોગ અપાયા વગર દેશસેવા થતીજ નથી."

પતિની મુખમુદ્રા ઉપરથી હૃદય પરીક્ષક, પતિના હૃદયની ચિકિત્સા પામી ગઇ કે: પતિના મગજમાં દેશ વાત્સલ્ય ઉભરાયું છે. જ્યાં સુધી તેનું ચક્ર ઠેકાણે પડશે નહિ, ત્યાં સુધી સંસાર અને હું, તેમના હૃદયને જડનાર નથી. માટે એમના મગજની ગાડીમાં બેઠા સિવાય છુટકો નથી.

પ્રેમવાહિનિએ ધીમે ધીમે પતિના મગજમાં પેસવા માંડયું: "કયા વિષયો હાલ પ્રાધાન્યત્વ પામેલા છે?"

સરસ્વતિચંદ્ર: "સ્વરાજ્ય (Home rule) અને ઉદ્યોગોન્નતિ. (Industrial Developement.)"

કુસુમ: "આધુનિક દુનિયાના અમેરિકનો અને જાપાનીશોએ એ પ્રયોગને પૂર્ણ અનુભવ્યો છે. ઉદ્યોગોન્નતિ પૂર્ણ માત્રાએ થવીજ જોઈએ. સ્વરાજ્યની હમણાં કશી આવશ્યકતા નથી. ભારત વર્ષના ખૂણે ખૂણામાં નવા ઉદ્યોગો ઉત્પન્ન કરવા જોઇએ. જૂના ઉદ્યોગોને ઉત્તેજન મળવું જોઈએ અને પ્રજાએ પોતાના સ્વાશ્રય ઉપરજ ભારત વર્ષના લુપ્ત ગૌરવને ઝળકાવવું જોઈએ."

સરસ્વતિચંદ્રઃ " સંસ્થાનિક પ્રજાઓના જેવું સ્વરાજ્ય મળે એજ અમારી ઇચ્છા છે. ભારત વર્ષ જેવા અનેક જ્ઞાતિવાળા દેશને માટે બ્રિટિશ ગવર્નમેન્ટના છત્ર નીચેનું સ્વરાજ્ય (Home rule) યોગ્ય થઇ પડે એમ છે. પરંતુ તે પહેલાં ભારત વર્ષના ઉદ્યોગોને ઉત્તેજન મળે એવાજ પ્રયાસો કરવાનો અમારો ઉદ્દેશ છે. સ્વરાજ્યને માટે હાલ અમારો વિશેષ આગ્રહ નથી."

કુસુમઃ "નાથ, ઉદ્યોગ વિના વ્યાપાર નથી, વ્યાપાર વિના લક્ષ્મી નથી અને લક્ષ્મી વિના ભારતની ઉન્નતિ કહેવાશે નહિ. માટે પ્રથમ તો દેશની પ્રજાને કેળવવી જોઇએ. દેશના ઉદ્યોગો ઉન્નત થયાથી દેશનું કેવું કલ્યાણ થશે તે તેમને સમજાવવા સતત ભગીરથ પ્રયત્ન કરવો જોઇએ. પ્રમાણિકપણે દેશી ઉદ્યોગો ચાલે અને તેને દેશીઓ તરફથી ઉત્તેજન મળતું રહે તો પછી ભારત વર્ષના સુખવિભવમાં શું બાકી રહે? ઉદ્યોગોની પ્રગતિ એજ દેશને સુખી બનાવનાર મૂળ સૂત્ર છે. જે જે દેશોને આપણે સુખને શિખરે જોઈએ છીએ તે સર્વ ઉદ્યોગનાજ પ્રતાપ છે, સ્વરાજ્યના થોડા. જાપાન અને અવર સંસ્થાનોની પ્રજાઓને ઉન્નત થવામાં એજ સાહ્યભૂત થયુ છે. હુન્નર ઉદ્યોગની અને નીતિની કેળવણી માટે, અને આત્મોન્નતિ કે દેશોન્નતિ માટે સ્વાર્થનો ભોગ આપી સતત પ્રયાસ કરવો એજ મનુષ્યમાં મનુષ્યત્વને ઉન્નત કરનારૂં બીજ છે."

સરસ્વતિચંદ્રઃ " જેઓ ઉચ્ચ અભિલાષા ધરે છે અને પ્રમાણિકપણે સાહસ ખેડે છે તેઓજ સર્વદા વિજય પામે છે. ઉચ્ચ અભિલાષા ન ધરનાર અને ઉત્સાહથી સાહસને ન ધરનાર મનુષ્યો સસલાની પેઠે ડરી બેસે છે, તેઓ જ્યાં હોય છે ત્યાં ખાબોચીઆના જળની પેઠે ગંધાયા કરે છે. સંશય એ વિજયનો મહાન શત્રુ છે. સર્વદા અભય થઇ નિશ્ચિંત જીવે પવિત્ર કાર્યને લક્ષમાં લઇ પ્રવૃત્તિ કરનાર જય પામે છે. ભારત વર્ષના હુન્નર ઉદ્યોગના સંબંધમાં પણ એમજ છે."

કુસુમઃ "કાયદેસરના બંધારણમાં સ્વરાજ્ય અને ઉદ્યોગોન્નતિ થવામાં શું હરકત છે?"

સરસ્વતિચંદ્રઃ "કાયદેસરના બંધારણમાંજ અમે સર્વેએ એ કાર્યો પાર

પાટવાનો ઉદ્દેશ ધારણ કર્યો છે. તેમાં પણ પ્રથમ તો આ દેશના ઉદ્યોગોનેજ ખિલવવા ભગીરથ પ્રયત્ન કરીશું. સ્વરાજ્યને માટે આ દેશ યોગ્ય થતાંજ બુદ્ધિમાન રાજ્યકર્ત્તા તરફથી મળ્યા તે વગર રહેશે નહિં એવી અમારી ખાત્રી છે અને તેથી તેને માટે અમારે કંઇ પણ પ્રયત્ન કરવાની હમણાં જરૂર નથી.”

કુસુમ: “સ્વાર્થાધમતિ કોઈ કાળમાં વિજયી થઇ નથી અને થશે પણ નહિ સ્વાર્થનો મહાન ભોગ આપીને, શારીરિક સુખ દુઃખની પરવા કર્યા વગરજ ઉદ્યોગ કરવાનુ વિરત્વ ભારતમા પ્રકટાવો. બીજાના ઉપર આધાર રાખવાનુ છોડી દો. આત્મબળ ઉપર આધાર રાખો. સ્વજાતિબળ ઉપર વિશ્વાસ રાખી યત્ન કરનારા આખા વિશ્વપર વિજય મેળવે છે. ભૂતકાળની બીકતાને ભસ્મીભૂત કરો. ભવિષ્યકાળના ભયને તોપને ગોળે ઉડાવી દો, અને ઉદય કાળના ચિત્રને આલેખવા સાથે વર્તમાન કાળમા પ્રયત્નશીલ થાઓ. ઉન્નત થયેલા દેશના જનમ ડળમાં જન્મેલાં બીજાં મનુષ્યો છે તેવા જ ભારતમાં જન્મેલાં મનુષ્યો એ પણ મનુષ્યો જ છે. તેઓ કાંઇ પશુ નથી. સર્વ મનુષ્યને સર્વ પ્રકારનાં સુખ ભોગવવાનો સરખો હક્ક છે. સર્વને સુખ ભોગવવાની ઇચ્છા થાયછે જ. મનુષ્યની શક્તિ અદ્‌ભુત છે, અસાધારણ છે. કલ્પના પણ ન કરી શકાય એવી છે, અને તે ક્યારે વિલક્ષણ રૂપ ધરે છે તે પણ કલ્પાવું દુર્ઘટ છે. પૂર્વકાળમાં મનુષ્ય રૂપે વીર ભીષ્મ, ભીમ, અર્જુન, વ્યાસ, શંકર, અને સાંપ્રત કાળમાં ફ્રેંકલિન, વૉશિંગ્ટન, ગૅરિબૉલ્ડી, નેપોલીઅન, ગ્લૅડસ્ટન, પ્રિન્સ બિસ્માર્ક, અને શિવાજી, રણજીતસિંહ, રાણા પ્રતાપ વિગેરે ભારતવર્ષના અનેક વીરો અને જાપાનવાસીઓને જે ઇશ્વરે મનુષ્ય બનાવ્યા છે તેજ ઇશ્વરે સામ્પ્રતના ભારત જનોને પણ બનાવ્યા છે. સર્વ મનુષ્ય પ્રાણીમાં બુદ્ધિતત્ત્વ સરખું છે અને હક પણ સરખા છે. તેને કેળવવાપર આધાર છે. અયોગ્યને સુયોગ્ય બનાવવાની આવશ્યકતા છે. પ્રમાદ, આળસ, બીરૂતા અને ભય શંકાને દૂર મુકી, વીરત્વ ધારી ઉદ્યોગે લાગનારને સર્વ અનુકૂળ છે. ભારતવાસીઓને ઉદ્યોગપ્રિય બનાવો અને તેમને કેળવી સુખી બનાવો. એટલે સર્વસ્વ મળ્યું એમ સમજાશે.”

સરસ્વતિચંદ્રઃ "ભારત વર્ષમાં સ્વરાજ્ય (Home rule) ન હોવાથી ભૂમંડળમાં ભારતની પ્રજાનો દરજ્જો ઘણોજ હલકો પડે છે."

કુસુમઃ "ભારતની યોગ્યતા થશે અને ઐક્યતા ભરેલી માગણી ઇંગ્લેં-ન્ડની પ્રજાના કાન ઉપર જશે તો ન્યાયપરાયણુ માગણીઓ તેઓ કબુલ રાખશે એવી આપણી ખાત્રી છે. આપણા પ્રજાપ્રેમી શાહેનશાહ પંચમ જ્યોર્જની વિદ્યુત જેવી પરિક્ષક શક્તિ અદ્દભૂત છે. તેઓ સર્વ પ્રજાને સ-માનજ ગણે છે. ભારત વર્ષની પ્રજાને પણુ તેઓ પોતાની બીજી પ્રજા જે-વીજ ગણે છે. માટે પ્રથમ ઉદ્યોગ હુન્નર પાછળ મંડો અને પ્રજાને શિ-ખવો કે તેઓ ઉદ્યોગપ્રિય થાય, તેમજ દેશી ઉદ્યોગોને ઉત્તજન આપે. સ્વરાજ તો તેઓ પોતાની ખુશીથીજ અર્પણુ કરશે."

સરસ્વતિચંદ્ર "તું શું કહે છે?"

કુસુમઃ "પ્રભુપ્રણિત સિદ્ધાંતથી કહુંછું, અને એ વાતની સત્યતા ઇ-તિહાસનાં પાનાં ઉલટાવતાં જણાશે. ઇંગ્લેન્ડે કોને સ્વરાજ્ય આપ્યું નથી? ફક્ત ભારત સિવાયજ સર્વ મ્હોટાં સંસ્થાનોને સ્વરાજ્ય આપ્યાં છે અને તે વિગ્રહ સિવાયજ સરલતાથી આપ્યા છે. હા, અમેરિકા સાથે તો વિગ્રહ થયો હતો. પરંતુ તે સદિ ઉપરની વાત છે અને તે કાળમાં ઇંગ્લેન્ડની પ્રજાના વિચાર સાંકડા હતા. તેના સાંકડા વિચારને અમેરિકાએ પાઠ શિ-ખવ્યો, અને તે શિક્ષણુ ક્રમાનુસાર તે ચાલે છે અને ચાલશે. નિર્બળ–નિર્બુદ્ધ પુરૂષોને તો સ્ત્રીઓ પણુ વશ થતી નથી, અને આળસુઓને તો કુટી ઉપરનું ફળ ખાવાને પણુ પરાકાષ્ઠા થાય છે!"

સરસ્વતિચંદ્ર જરા મુછમાં હસ્યો.

કુસુમ બોલીઃ "તમે શું હસો છો? સ્વાવલંબન, ન્યાય અને સત્યનો પક્ષ પકડો. અંતઃકરણુ પૂર્વક દેશના ઉદ્યોગોને ઉન્નત કરવા યત્ન કરો. અ-ધમ જીવન ગાળવા કરતાં સમસ્ત પ્રજાએ ઉચ્ચ સ્થિતિએ જવું એવો નિશ્ચય કરો. જો ભારતના નેતા પુરૂષોથી નહિ બને તો અમે સ્ત્રીઓ સર્વ અર્થ કરી આપીશું."

સરસ્વતિચંદ્રને અટ્ટહાસ્ય થયું. તે ખડખડ હસી પડ્યો અને બોલ્યોઃ

"દેવિ ! અમારાથી બનતું કરવા અમે કદી પણ ચુકીશું નહિં. દેશના કાર્યમાં સન્માર્ગ ચૂકવો એનુંજ નામ આત્મઘાત છે. આત્મઘાતિ નેતાઓ કદિ સચોટ કાર્યો કરી શકતા નથી. દેશનાં કાર્ય કરવાને તો તન, મન અને ધનનો ભોગ આપી ભેખ ધારણ કરી સર્વ કાર્યો કરવાં જોઇએ. અમારૂં મંડળ તેજ પદ્ધતિથી કામ કરશે "

આ વિનોદમાં સ્વામિને આનંદિત થતો જોઈ કુસુમે હાવભાવ ભરેલી વિચારમય શ્રેણિથી બોલવાનુ લંબાવ્યુ: " પ્રાણેશ, સ્વરાજ્યની વાત પડતી મૂકો. હાલ તો પ્રથમ ત્રણ વાત ઉપર પૂર્ણ લક્ષ આપવું અવશ્યનુ છે. ખેતી, હુન્નર અને વ્યાપારને ઉન્નત કરવાં જોઇએ. એની ઉન્નતિ વડેજ ભારત-વર્ષને સાચું સુખ મળશે. એ સંબંધી મેં કઇક વિચારી રાખ્યુ છે "

સરસ્વતિચંદ્ર: " કહો જોઇએ. સસ્કારિક સ્ત્રીઓના કોમળ હ્રદયમાંથી દયામિશ્રિત વિચારોજ બહાર પડે છે, એટલે તે ગ્રાહ્ય કરવા યોગ્ય હોવા જોઇએ."

કુસુમ : "ખેતી માટે ભારતનાં જૂદાં જૂદાં શહેરોમાં એગ્રિકલ્ચરલ કૉલેજો સ્થાપવી. તે માટે સ્વદેશી ભાષામાં ત્રણ વર્ષનો અભ્યાસક્રમ ઠેરવવો અને તેનું જ્ઞાન મુખ્યત્વે કરીને ખેડુત વર્ગને ખાસ આપવું. હુન્નર માટે પણ જૂદાં જૂદાં શેહેરોમાં હુન્નરશાળાઓ સ્થાપવી અને તેમાં ન્હાના મ્હોટા તમામ ઉદ્યોગોનું શિક્ષણ મળે એવી ગોઠવણ કરવી. આપણા દેશમાં ટાંકણીથી તે એન્જીન સુધીના પ્રત્યેક ઉદ્યોગો સજીવન થવા જોઇએ. તે માટે સ્વદેશી ભાષામાં અભ્યાસક્રમ ઠેરવી સરળ શિક્ષણ આપવું. વ્યાપાર માટે વ્યાપારી (Commercial) કૉલેજો સ્થાપવી અને તેમાં અભ્યાસક્રમની સરળ ગોઠ-વણ કરવી, પરંતુ તે પૂર્વે સર્વ પ્રકારના વ્યાપારી વર્ગની કૉન્ફરન્સ ભરવી. તે કૉન્ફરન્સમાં ભારતના તમામ વ્યાપારીઓને નિમંત્રણ કરવું અને તેમની આગળ ભારતમાં ચાલતા અને ચાલી શકે એવા કયા ઉદ્યોગો છે તેનુ દિગ્દર્શન કરાવવું, તથા પરદેશના ક્યા ક્યા વ્યાપારો આપણે ત્યાં ચાલે છે અને તેના પ્રતિસ્પર્ધ તરીકે વ્યાપારો ઉપાડી લેવાને આપણામાં શી શી ખામીઓ છે તથા શાં શાં સાધનની આપણને આવશ્યકતા છે તે દર્શાવવું,

અને કેવી રીતે લાભ મેળવી શકાય એમ છે તે તથા વ્યાપાર શી રીતે ફળપ્રદ થઈ શકે એમ છે તે સંબંધી મેળવી શકાય એટલી હકીકત મેળવવી, અને તેનું સ્પષ્ટિકરણ કરી રાખેલાં ચોપાનિયાં પ્રથમથીજ સર્વ વ્યાપારીઓને પુરા પાડવાં. આ વ્યાપારી મંડળને તેના હિતાહિતનો બોધ બોધી, પ્રથમથી નક્કી કરી રાખેલા ઉદ્યોગો ઉપાડી લેવા વિજ્ઞપ્તિ કરવી; અને લીમિટેડ (જોઇન્ટ સ્ટોક) કંપનીઓ ઉભી કરી પ્રત્યેક કાર્ય કરવામાં તેમને સરળતા કરી આપવી. વ્યાપારીઓએ એક બીજાને અનુકૂળ પડતા ભાગીઆ શોધી, શેરો કહાડી પ્રત્યેક વ્યાપારને ઉપાડી લેવા. જે હુન્નરનુ કારખાનુ કહાડવાનું ધ્યાનમાં આવે તેને માટે ઉદ્યોગ આરંભનારનો અનુયાયિ અથવા તેને વિશ્વાસ આવે તેવો પુરૂપ ઉદ્યોગ શિખવા યુરોપ અમેરિકા કે જાપાન જ્યાં અનુકૂળતા હોય ત્યાં જાય. ઉદ્યોગ શીખી આવનાર પાછો આવવા સાથેજ વ્યાપારી કળામા નિપૂણ એવા એજન્ટો નવા કામ માટે તૈયાર થાય અને એજન્ટ થનારા જેઓ પોતાની સાખ અને ઇમાનદારી માટે જોઇતી જામિનગીરી આપે તેમની દ્વારા દેશ વિદેશમાં વ્યાપારને ખિલવવો. આથી તુરત ફળ સિદ્ધિનો માર્ગ મળે છે. પછી બીજા સાધનો યથા સમયે થઇ રહેશે. સ્વદેશાભિમાન સાથે સ્વાશ્રયને વિશેષ પ્રેરો. વ્યાપારની મોટી રચના રચી તેને બુદ્ધિબળ અને દ્રવ્ય સામગ્રિથી વિજયવંત બનાવો."

સરસ્વતિચંદ્ર: "તમારા વિચાર અતિ ઉત્તમ છે, પણ તમારી વિચાર સંકલનામાં થોડો ફેરફાર કરી ઉપયોગમાં લઈ શકાય એમ છે. તેની ના પાડી શકાય એમ નથી. એ સબંધી અમે કોઇક ચોક્કસ નિયમ ઉપર આ-વીશુ, પરંતુ ઇંગ્લેન્ડના જૂદા જૂદા વિદ્વાનોના જૂદા જૂદા અભિપ્રાયને લીધે આ દેશની પ્રજા પણ જૂદા જૂદા વિચારોમાં પડી ગઈ છે, પણ અમે ખાસ વિજયવંત માર્ગ શોધીશુ. ઈંગ્લેન્ડ અને હિંદની મૈત્રિ ચીરકાળ ટકી રહે અને હિંદ ઉન્નત દશા પામે એવી સંકલના ગોઠવીશું."

કુસુમ: "ઇંગ્લેન્ડના વિદ્વજ્જનોના વિચારો ભારત તનુજો પ્રત્યે મમતા ભરેલા છે, અને તેમના તરફથી તેવા ઉદ્ગારો પ્રસંગોપાત બહાર પણ પડે છે. મિ. બ્લેર ઉદ્ગાર કહાડે છે કે:—

"He would therefore urge for the establishment of a better understanding with their Indian fellow subjects. If Englishmen could not arrive at the pitch of loving their Indian neighbours quite so tenderly as themselves they could surely try to show a civil interest in their well-being. Surely they owed something to the people of a country, which gives their livelihood."

"હું આગ્રહ કરૂં છું કે, આપણા ભાઇબંધ હિંદી પ્રજા વર્ગ સાથેનો આપણો સંબંધ વધારે સારો થાય તેમ કરવા આપણે પગલાં લેવાં જોઇએ. જો અંગ્રેજો પોતાના હિંદી પાડોશી પ્રત્યે અત્યંત પ્રીતિભાવ બતાવી શકતા ન હોય તો, ભાઇબંધના ભાવથી તેઓએ તેમનાં હિતને લગતી બાબતમાં ઉમંગ તો બતાવવોજ જોઇએ. જે દેશમાંથી તેઓ પોતાનું પોષણ મેળવે છે તે દેશના લોકો પ્રત્યે તેમની આટલી ફરજ તો ખચિત રહેલીજ છે."

મિ. બ્લેરનો અભિપ્રાય તદ્દન સત્ય છે. હિંદુસ્થાનની પ્રજા, રાજાને ઇશ્વરી અંશ સમજે છે. પશ્ચિમની ઝટ ઉશ્કેરાઈ જનારી જાતિયો પેઠે કદી પણ ઉશ્કેરાઇ જાય તેવી તે નથી. હું એટલુંજ બતાવવા માગું છુ કે ઇંગ્લેન્ડના વિદ્વાન આગેવાનોની ભારતવર્ષ પ્રત્યે સહાનુભૂતિ છે."

સરસ્વતિચંદ્ર: "ઇંગ્લેન્ડની પ્રજાને કેળવાયલી પ્રજાના ખરેખરા બળનું ભાન છે. ને અમેરિકાએ તેનુ તેને મહાન શિક્ષણ આપેલુ છે. આખરે મ્હને પણ આશા છે કે, ભારતવર્ષ યોગ્ય થતાંજ ઇંગ્લેન્ડ સદ્‌વિવેક બુદ્ધિથી જાગ્રત થઇ જ્યારે ત્યારે તેને સ્વરાજ્ય (Home rule) આપશે. કાળ નિર્ણય કરવાનું દુર્ઘટ છે. સ્વાવલંબનના બળ ઉપર તે આધાર રાખે છે. ઑાન. મિ. ગોખલેએ પણ એજ મતલબનું કહ્યું છે:

"What the situation demands is not mere devotion, but the highest form of love for the motherland, a love that would burn up all self and make all

sacrifice for the country a pure joy. If a sufficient number of us were animated by such a love, and may come forward to dedicate their lives wholly to the service of the Country, no power on earth can keep us back. Then indeed shall we catch a glimpse of that vision of glory, which once seen, will not let us take our eyes off it. Then shall all doubts and misgivings vanish, all superstitious disappear and our India shall march onwards slowly but steadily to realise that destiny of which we should dream by night and on which we should muse by day."

"સામ્પ્રતના જેવા બારિક સમયે જે અગત્ય છે તે સાધારણ પ્રેમની નહિં, પણ માતૃભૂમિને માટે ઉચ્ચ પ્રકારના પ્રેમનીજ અગત્ય છે, કે જેને ખાતર પ્રત્યેક મનુષ્ય જાતિભોગ આપવામાંજ આનંદ માને. આપણામાંના માત્ર પુરતાં થઇ પડે એટલાં મનુષ્યોજ, એવા દેશ દેશ પ્રેમમાં બધાઇ, પોતાની જન્મભૂમિની સેવા બજાવવા માટે પોતાનાં જીવન અર્પણ કરે તો આ પૃથ્વિ ઉપરની કોઈ પણ શક્તિ આપણને ઉન્નત થતાં પાછળ રાખી શકે નહિં. ત્યારેજ આપણે ખરી કીર્તિ જાણી શકીશું કે જે એક વખત જોયા પછી તેના તરફથી દૃષ્ટિ ખસેડવાની ઇચ્છાજ થશે નહિં. ત્યારેજ સર્વ શંકાઓ અને વ્હેમો દૂર થશે, અતિશયોક્તિ અદૃષ્ય થશે, અને આપણું ભારતવર્ષ ધીમે ધીમે પણ દૃઢપણે આગળ ને આગળ વધતું જશે અને તે હાલતે પહોંચશે, કે જેનું આપણે રાત્રે સ્વપ્ન જોવું જોઇએ અને દિવસે તેના ઉપર પુખ્ત વિચાર કરવો જોઇએ."

કુસુમઃ "સત્ય છે. શ્રીયુત ગોખલે કહે છે તે સત્ય છે. માતૃભૂમિને ખાતર તાત્કાલિક નફો દર્શાવતી નોકરી કરવાને બદલે દેશના ઉદ્યોગોને સજીવન કરવા. એજ મર્માર્થ છે. ભારત તનુજોમાં સુશિક્ષીત વર્ગની માત્ર નોકરી કરવાનીજ કુટેવ સર્વથી વિશેષ દયાપાત્ર છે. યુનિવર્સિટીના ઉડયા ઓછે વત્તે

પગારે ગમે ત્યાં નોકરી ચાકરી કરી જીવન મર્યાદા દાસત્વપણામાં ગાળે છે ! તેઓ જો જૂદા જૂદા હુન્નર ઉદ્યોગમાં પડતા હોય તો કેવું સારૂં? મિ. ગ્રાનવીલ શાર્પ જેમ જગતમાંથી ગુલામગીરીને નષ્ટ કરી તેમ તેઓ નોકરી પ્રત્યે અણગમો બતાવી ઉદ્યોગ માર્ગે દોરાય તેમ નથી? મ્હોટા મ્હોટા શ્રીમંતોને જોઇશુ તો તેઓ નોકરી કરતાજ જણાય છે. તેઓ જો કોઇ પણ પ્રકારના ઉદ્યોગમાં પડે તો કેટલું કલ્યાણકારક થાય ?"

સરસ્વતિચંદ્ર: "એમનુ જીવન દયાપાત્ર છે. સ્વલ્પ કમાણીમાં સંતોષ માનનાર મનુષ્યો થોડા પગારના વ્યર્થ મોહ પાશમાં ફસે છે. પરંતુ બીજી બાજુએ તેઓ નિરૂપાય પણ છે. કારણ કે હુન્નર શિખવાનાં સાધન નથી. જો તેમને સાધન સંપન્ન કરવામાં આવે તો તેમની નોકરીની ગુલામગીરી છૂટે."

કુસુમ: "થોડાંક મનુષ્યો તાત્કાલિક નફો બતાવનારી નોકરી કરતાં ઉદ્યોગે વળગે. એજ કે બીજું ? દયાના અધિદેવ, *મી. ગ્રાનવીલ શાર્પની પેઠે તમે પણ શ્રમ કરી, ભારતનાં તનુજોને હુન્નર ઉદ્યોગ શિખવાનાં સાધનોની અનુકૂળતા કરી આપી શું મ્હારા પર કૃપા નહિ કરો ?"

સરસ્વતિચંદ્ર: "વ્યાપાર, કૃષિ અને ઉદ્યોગનાં સાધનોમાં એ સર્વનો સમાવેશ થાય એમ છે. નોકરી ઉપરથી ખોટો મોહ ઉતરશે અને વ્યાપારાદિ માર્ગો ફળપ્રદ દેખાશે કે સર્વ તે તરફ ઢળશે. એને માટે ખાસ વિચાર કરી યોજના યોજીશું. સર ફિરોજશાહ, મિ. દિનશા એદલજી વાચ્છા, ઑન. મિ. સેટલવાડ, ઑન. ગો. ક. પારેખ, ઑન. ફાજલભાઇ, ઑન. રમણભાઈ, ઑન. સર ચિનુભાઈ વગેરે સજ્જનો તથા દરેક જીલ્લાના આગેવાનો અને સરકારી અમલદારોનું એક મોટું સમ્મેલન કરી, સર્વની સહાનુભૂતિ અને આશ્રય મેળવી ગુજરાતના મુખ્ય મુખ્ય શહેરોમાં ઇન્ડસ્ટ્રીયલ સ્કુલો ઉઘાડવાનોજ સંકલ્પ કર્યો છે. પડી ભાગેલા ઉદ્યોગોને સજીવન કરવાનીજ પ્રતિજ્ઞા કરી છે. અમારા સુખ અને સ્વાર્થનો ભોગ આપીને જીવન પર્યંત એજ કાર્ય પરિપૂર્ણ કરવાનો દૃઢ સંકલ્પ કર્યો છે. પરંતુ સુશિક્ષિત વર્ગનું મોહ

* મિ. ગ્રાનવીલ શાર્પ, એક અંગ્રેજ ગ્રંથકર્તા, ઈ. સ. ૧૭૩૪ થી ૧૮૧૩. એ ગુલામોનો વકીલ હતો.

ભરેલુ વલણુ નોકરી–દાસત્વ તરફજ કેંદ્રાભિગામી થયેલું છે.”

કુસુમઃ “જે દેશની પ્રજા એવા દાસત્વની સાંકળમાં સંકલાય છે, અને તેમાં ટેવાઈ જાય છે તેને દાસત્વનું દુઃખ જણાતું નથી અને તે સ્થિતિમાં તેમને મહદ્ વ્યથાઓ થાય છે, છતાં તે દાસત્વના બંધનની વ્યથા છે એમ ભાન પણુ થતું નથી. એ તો સામાન્ય જનવૃત્તિનું વલણુ છે અને તે દયાપાત્ર છે. પ્રાચીન કાળમાં નોકરીમાં રહેનારો વર્ગ નોકરીમાંજ સુખ માનતો હતો. એવાં અધમ આચરણોની નબળાઇ જનરંગમાં આદિ કાળથી છે. તેને અનુલક્ષી ભીરૂ થવું એ તો ભીરૂતા છે. ઉચ્ચ વિદ્યા પ્રાપ્ત કરનાર વર્ગ ધીમે ધીમે હુન્નર ઉદ્યોગમાં પડે તો નોકરી કરતાં વિશેષ અર્થપ્રાપ્તિ થાય અને દેશોદ્ધાર પણુ થઇ શકે. સર ફિરોજશાહ અને સર ચિનુભાઈ આદિ સર્વે દેશાભિમાની વીર પુરૂષોએ હવે દેશમાં ઠેર ઠેર ઉદ્યોગનાં સાધનો વધે એવા યત્ન કરવા મંડી પડવું જોઇએ. કીર્તિદાન કરતાં ગુપ્ત દાનનું મહત્ત્વ વધે છે. અને અંતઃકરણપૂર્વક દેશની લાગણી રાખી દેશી બંધુઓને સુખી કરવા યત્ન કરવા એમાંજ ખરો પ્રરોપકાર સમાયલો છે, ગુર્જર રત્ન પ્રૉ. ગજ્જર સાહેબે પણુ કલકત્તાવાળા પ્રૉ. જગદીશચંદ્ર બસુની પેઠે રસાયણુ શાસ્ત્રમાં નવી નવી શોધો કરી ગુજરાત અને કાઠીયાવાડના યુવક રત્નોને તે વિદ્યામાં તૈયાર કરવા જોઇએ.

“હું સત્ય કહું છું કે આપણા આગેવાનોએ હજુ સુધી સ્વદેશી ઉદ્યોગો વધારવા માટે હૃદયપૂર્વક કંઈ પણુ કર્યું નથી ગુજરાત અને કાઠીયાવાડમાંથી એક ફંડ ઉભું કરી તેમાંથી બુદ્ધિમાન યુવકોને પરદેશમાં મોકલી તેમને ઉદ્યોગો શિખવવા જોઇએ.

સરસ્વતિચંદ્રઃ “સેવકવૃત્તિમાં મોહાન્ધ થયેલાં મનુષ્યો દેશોદ્ધારના કાર્યમાં વિના કારણુ વિપત્તિ લાવનાર છે, એટલુંજ નહિ પરતુ બીજા ઉપર વિપત્તિ વર્ષાવનાર સાધનરૂપ છે. અમારા મંડળના સર્વ સભ્યોને અને પ્રૉ. ગજ્જર સાહેબને આગ્રહપૂર્વકજ ભલામણુ કરી છે. તેઓ પોતાની ફરજ બજાવવા તૈયાર થશેજ.

કુસુમઃ “એ વૃત્તિમાં મોહાન્ધ થયેલાનો મોહ છોડાવવા માટે રણુ-

સંગ્રામ કરવો એ વિકટજ છે, પણ વિકટતામાંથી પસાર થવું એમાંજ મહત્તા છે. વિકટતામાંથી માર્ગ કહાડનાર મહાપુરૂષનોજ જય દુંદુભિ થાય છે. કોઇ પણ મહદ્ કાર્ય પ્રથમ વિકટ લાગે છે, પરંતુ જરા સરળતા થતાંજ અભ્યુદય દેખનાર વર્ગની આંખ ખુલી જાય છે. અનુભવથી સિદ્ધ થએલું છે કે, અભ્યુદયની સામે જે અડચણો આવી પડે છે તે દ્રઢાગ્રહથી મંડયા રહેનાનારથી દૂર થાય છે. વિપત્તિની સુચના એ તો મનને દ્રઢ કરનાર, વિરત્વને ઉત્તેજીત કરનાર, નીતિની મહત્વત્તાને અંકાવનાર, નિશ્ચયાત્મકતાને ઉન્નત કરનાર ઉત્તમ શિક્ષણ છે. પ્રથમ શ્રીમંત વિદ્વાનોને ઉદ્યોગની મહત્વતા સમજાવવી, તેમને તેનાપર મોહ ઉત્પન્ન કરવો અને પછી તેમને તેજ કાર્ય પરત્વે પ્રેરવા. તમારા મંડળે એજ કાર્ય કરવું ઉચિત છે."

સરસ્વતિચંદ્ર: "એ ખરૂં પણ ઉદર નિર્વાહના સાધનની નાસિપાસી તેમને ગભરાવી નાંખે છે. ઉદ્યોગમાં પ્રથમ વિશેષ અર્થ લાભ જણાતો નથી."

કુસુમ: "નાથ, અભ્યુદયની આશા સંકળના તેમને યથાર્થ સમજાવવા સાથે, ઉત્તેજનનાં તત્કાળ ફળપ્રદ સાધન બતાવી ઉત્તેજન આપવાથી, તેની યથાર્થ યોગ્યતા સમજાવવાથી નાસિપાસી દૂર જાય એમ છે અને તેથીજ નોકરીમાં મહત્વાકાંક્ષા ધરાવનાર પોતાનો મહાન અભ્યુદય બીજા માર્ગમાં વિચારી શકશે કે તરત ભાવના તેમને તે તરફ વાળશે. ભાવના અને ઉત્સાહ એ ઉન્નતિના ખાતર રૂપ છે."

સરસ્વતિચંદ્ર: "હાલની દેશ સ્થિતિ જૂદી છે. જેમ વધારે વિદ્વત્તા તેમ ઓછી કાર્ય દક્ષતા. બી. એ. કે એલ. એલ. બી. થયા કે બસ, નોકરીમાં ગોઠવાઇ જવાની મહત્વાકાંક્ષા ઉત્પન્ન થાય છે. ત્યાં બીજી વાત શી?"

સરસ્વતિચંદ્ર: "તમે આજે આ વાયરે કેમ ચઢયાં છો?"

કુસુમ: "આપનું વાવેલું અંકુર ઉન્નત થયું છે. મ્હારા શયનગ્રહમાં મ્હારા વિચાર દર્શાવવા હું સ્વતંત્ર છું. દેશના અભ્યુદય માટે વિચાર કરવો એ વર્ત્તમાન અને ભવિષ્યની પ્રજાની સલામતી માટે જરૂરનું છે. અંતઃકરણને કોઇ બાંધી શકયુ નથી, ને બાંધી શકનાર નથી. જે પ્રજાએ પોતાના ગ્રહસ્થાશ્રમની સ્વાતંત્ર્યતા અને પ્રજા તરીકેના કાયદાસરના હકો ખોયા છે,

તેણે પોતાનો ધર્મ અને અભ્યુદય બન્ને ખોયાં છે. નાથ, કહો, જે સુશિક્ષિત વર્ગ નોકરીમાં જોડાય છે અને તન, મન અર્પિ મહાશ્રમ ઉઠાવે છે, તેટલી જ સેવા અને તન મન દેશના અને પોતાના અભ્યુદય માટે હુન્નર ઉદ્યોગ શિખવાના કાર્યમાં લગાડે તો કેટલી અર્થ સિદ્ધિ થાય ? દેશનો કેટલે દરજ્જે અભ્યુદય થાય ?"

સરસ્વતિચંદ્ર. "આંધળો આંખનેજ રડે છે." એમ કહી ઉષ્ણ નિશ્વાસ નાખતાં પણ હાસ્યજનક ચેષ્ટા કરતાં કુસુમ સામુ જોઈ રહ્યો.

કુસુમ: "નાથ, એવી ચેષ્ટા કરતા નહિ. સ્વાશ્રય અને આત્મોન્નતિની પ્રણાલિકાની ઘટના આર્યતનુજોમાં સ્ફુરવા દો. આર્ય પ્રજા અને પ્રાચીન કાળની મહત્વ પામેલી પ્રજા છે એ વીર ભૂમિમાં વસતી વીર પ્રજાને ઉન્નતિ ક્રમમા મુકવા સુઉદ્યોગ કરો. ને બુદ્ધિબળ સાથે હુન્નર, વ્યાપાર અને ખેતીના ઉદ્યોગને ખિલાવી શ્રીસત્તાથી વિજયવંત કરવા માર્ગ ખોલો. અમેરિકા, આફ્રિકા, અને યુરોપાદિ દેશોમાં ભારત તનુજો વ્યાપારાદિ માટે વસે છે. તેમની સાહ્યતા લઈ નોકરીમાજ કેવળ ગુલામ તરીકે જીવન વ્યતીત કરનારાઓને મદદ કરો. તેમને ઉદ્યોગ પ્રિય બનાવો."

સરસ્વતિચંદ્ર: "જેનામાં ઉત્સાહ અને દ્રઢતા નથી, તે કાયર જનો માટે શુ વિચારીએ? મહાન ગુણો વિના અભ્યુદય ક્યાં છે? મહાન સમર્થ બુદ્ધિ હોય, ગુણના ભડાર હોય, નીતિના તત્ત્વવેતા હોય, સ્થિાન પણ અનેક પ્રકારે અનુકૂળ હોય, પરંતુ ઉત્સાહ અને દ્રઢતાથી કાર્યદક્ષપણું ન હોય તો તે શું કરી શકશે? એ ઉચ્ચ ગુણો વિના મનુષ્યત્વની કિમત નથી. એટલુજ નહિ પરતુ તે બે પગથી ચાલનાર પશુત્વ ધારણ કરનાર મનુષ્ય છે. અથવા તો મનુષ્ય ગણનાની બહારનું પ્રાણી છે."

રોમાન્ચ અનુભવતાં દેશ પ્રેમથી ગળગળી થઈ જતાં કુસુમ બોલી: "નાથ! ભારતની પ્રજાને આવું સંબોધન લગાડતા નહિ."

સરસ્વતિચંદ્ર: "ભારતની પ્રજાનો હું પૂર્ણ ભક્ત છું. સ્વાર્પણ અને પ્રાણાર્પણ કરવા તત્પર છું. પરંતુ ઘણા કાળથી ઉદ્ધાર કરવાની યોજનાઓની સંકળના ગુંથવા છતાં પણ પરિપક્વ દશાનું ચિહ્ન જણાતું નથી, અને તેનો

દોષ ઉછરતા સુશિક્ષિતો ઉપર સહસા આરોપણ થઇ જાય છે."

દયાર્દ્ર ભાવથી કુસુમ બોલી: "ના, નાથ, એમનો યત્કિંચિત્ દોષ દ્રષ્ટિએ લાવતા ના. નાણાની જરૂર, ક્ષુધાની પીડા અને માર્ગની પ્રતિકૂળતાના તે ભોગ થયેલા છે."

સરસ્વતિચંદ્ર "નોકરીની ગુલામગીરીના મોહમાં અંધ થએલાઓને માર્ગ ખોલવા છતાં રસ્તે લાગવાનુ સુઝશે નહિ. ખાળકુંડીમાં પડેલા કીડાને ઉત્સાહ અને દ્રઢતા વડે પ્રાપ્ત થતી ઉદ્યોગ સ્વાતંત્ર્યની સુખરૂપ હવામાં ગમનાર નથી."

કુસુમ: "પ્રાણેશ, અભ્યુદય સૂચક યોજના કરો. તે છતાં તેમની શુદ્ધ સાન ઠેકાણે નહિ આવે તો, અમે સ્ત્રીજાતિ એકદમ તેમને ઠેકાણે લાવી દઇશું."

હાસ્ય કરતાં કરતાં સરસ્વતિચંદ્રે પ્રશ્ન કર્યો: "કહો, તમે શી રીતે તેમની શુદ્ધસાન ઠેકાણે લાવશો ?"

કુસુમ: "સ્ત્રી મહા મંડળમાં અમે ઠરાવ કરીશું કે, માત્ર નોકરીમાં જીવન ગાળનાર તરૂણો સાથે કુમારિકાઓએ પરણવું નહિ. નોકરોમાંજ પડયા રહેનાર સ્વામીના સુખના ભાગીઆ સ્ત્રીઓએ થવું નહિ. સ્ત્રી મંડળમાં જે શ્રેણી મહત્તા પામેછે તે જયવંત નિવડે છે. હવે અમારી ભવિષ્યની પ્રજાની ગળથુથીમાં એજ પ્રેરણા પ્રેરીશું. કહો નાથ, સ્ત્રીઓના હાથમાં શું નથી ? ભારતના ઉન્નતિક્રમમાં સતિત્વ ધારી મહાદેવીઓથીજ અને તેમની મહત્તાથીજ પ્રાચીન કાળ ચળકયો હતો. તમારૂં મંડળ ધીમુ કામ કરશે અથવા યોગ્ય દિશામા નાહં વર્તે તો અમારૂં સ્ત્રીમંડળ જાહેર રીતે તેમને માથે ઠપકાનો વર્ષાદ વર્ષાવીશું, વર્તમાન પત્રોદ્વારા તેમને શિખામણ આપીશું. અને તેમ છતાં જો તમારૂં આગેવાન મંડળ ઠેકાણે નહિં આવે તો અમારૂં સ્ત્રીમંડળ દેશની સેવા બજાવવા તયાર થશે. દેશી ઉદ્યોગ વધારવા અને સજીવન કરવાની યોજના યોજીશુ. અમે ભારતની પ્રજા પાસેથી ભિક્ષા માંગીને ફંડો ઉઘરાવીશું અને ઉદ્યોગી સંસ્થાઓ ઉભી કરીશું."

"યુરોપ અને અમેરિકાની અનેક બાળાઓએ દેશસેવા માટે મહત્તા

બતાવી છે. સાંપ્રતકાળની જાપાનીસ વીર માતાઓએ હદ કરી છે. પ્રાણેશ, ભારતની બાલિકાઓનું હૃદયબળ નિર્બળ સમજતા નહિ. સ્વાર્પણ કરવાનો પ્રાચીનકાળથીજ તેમનો સ્વભાવ પરિચિત છે નેક, ટેક અને સતિત્ત્વ માટે ભારતની અનેક ક્ષાત્ર કુળભૂષણ નારી રત્નોએ સ્વાર્પણ અને દેહાર્પણ કર્યાં છે. હિંદુસ્થાનનો ઇતિહાસ ઉથલાવતાં એવાં અનેક નારી રત્નો જણાઇ આવશે કે જેણે દેશોન્નતિના કાર્યમાં અગ્રગણ્ય ભાગ ભજવ્યો છે. વખત આવ્યે અમે પણ તેમ કરીશું."

સરસ્વતિચંદ્ર: "આત્મબળના પ્રવાહથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે. દૃઢ સંકલ્પથી નિશ્ચય કરેલું કાર્ય સર્વથા યશવંત થાય છે. મહા નિશ્ચય થવા સાથેજ વિકટ માર્ગ ખુલ્લો થઇ સરળ થાય છે. સર્વ મહાકાર્ય માટે એ આત્મબળની આવશ્યકતા છે. તમારૂં પ્રેરેલું કાર્ય સદ્‌વિવેક બુદ્ધિથી આદરીશું તો તે ફળદાયી થઇ પડશે. એમાં સંદેહ નથી. અમારાથી જે ન થાય તે તમે કરજો. બસ થયું. પરંતુ આજે તો તમે દેશની વકીલાત સારી કરી."

લજ્જાવિનિત થયેલી કુસુમ, સ્વામીના ઉદ્‌ગારથી મનોઘટની ચિકિત્સા પામી ગઇ અને શ્રમિતનો શ્રમ ઉતારવા લક્ષમાં લેતી હીંડોળેથી ઉઠી હાથમાં સાફ કરેલો મેવો લઇ ત્વરાથી પતિ પાસે લાવી બેઠી અને બોલી: "નાથ જરા લ્યો. શ્રમિત થયા છો."

સરસ્વતિચંદ્ર: "વળી આ ક્યાંથી લાવ્યાં? દેશસેવામાં કલાક વ્યતીત કર્યો. હવે દેહસેવા એવી લાંબી ધારી છે કે શુ?"

કુસુમ: "નાથ, સેવા એજ દાસીનો ધર્મ છે. હું જમાડું તે જમો." એમ કહેતાં કહેતા નારંગીની ચીરી પતિના મ્હોંમાં ઘાલી દીધી."

સરસ્વતિચંદ્રે પ્રેમ દ્રવતિ ચક્ષુથી જોયા કર્યું. કુસુમે હાથમાં દ્રાક્ષ લઇ સ્વામીના મુખમા મુકી. સ્વામીએ સ્નેહ મમતાથી સ્વીકારી.

પૂર્ણ ચંદ્રનો પ્રકાશ બારીમાંથી હિંડોળા ઉપર સ્નિગ્ધ કિરણો વર્ષાવી રહ્યો હતો. પતિના દેવ વિનિંદિત અવયવ નિહાળતી સતિ સાધ્વી લજ્જાવનત વદના થતી કુસુમ, ધીમે ધીમે હૃદય ભાવને વિકસિત કરતી પતિનો

હૃદયોલ્લાસ વધારવા લાગી. સ્વામીએ નિષ્પંદ દૃષ્ટિથી નિહાળતાં નિહાળતાં હાથમાં મેવો લઇ પ્રિયાનું મુખ ભરી દીધું. સ્વામીએ કર્યું તેવુંજ કૃત્ય પ્રિયાએ ત્વરાથી પ્રેમ ચાતુર્યે દર્શાવતાં કર્યું.

પ્રેમ તરંગમાં ઉછળતા હૃદયથી સ્વામીને પરાણે પરાણે નવીન નવીન સામગ્રીઓ લાવી તૃપ્ત કર્યો. પત્નિને ઉદાર વદન મંડળની છાયામાં ચાંપતાં ચાંપતાં, પ્રેમાંજલી અર્પતાં અર્પતાં, હૃદય-મનને તૃપ્ત કરતાં સ્વામીએ પ્રિયાને તૃપ્તિ આપી. પ્રિયાએ વિલક્ષણ પ્રેમ કુતૂહળ કર્યું. શું કર્યું ? તે અવર્ણનીય. વિનોદ ચક્ષુ સમક્ષ થયે તુલના થશે.

પ્રકરણ ૧૪ મું.

મધ્યરાત્રિ. (અનુસંધાન.)

" ધીમે ધીમે વદન હસતે, સ્નેહિ બાળા નિહાળે,
વાંકી ડોકે નમતિ નમતિ, સ્વામિનું મુખ ભાળે.
પ્રેમે તાકી નજર ચપળા, પ્રેમની જાળ નાખે,
ખેંચી લેતી કમળ નયની, સ્વામિ જે દ્રષ્ટિ નાખે. "

રત્ન મુદ્રિકાથી દીપતી આંગળીઓથી સ્વામીના મુખમાં મુખવાસ પુરતી કુસુમ, મંદમંદ હાસ્ય કરતી હિંડોળા પાસે પતિને આકર્ષિ ગઈ. સરસ્વતિચંદ્રના હૃદયમાં પ્રિયાના હૃદયભાવથી મોહવિદ્યુત ચમક્યું. નિષ્પંદ દૃષ્ટિથી નિહાળતાં નિહાળતાં તેના હૃદયમાં નવીન ઉલ્લાસ તરવરી આવ્યો. તેમાં મગ્ન થયેલો, કુસુમના સુલલિત અવયવોને ખેંચતો હિંડોળા ઉપર બેઠો. હૃદય મનથી વશ થયેલી તાપસી ગૃહિણી એકતાર થયેલા તપસ્વી યોગિની પેઠે પતિમાં એકતાર થયેલી, સ્વામી પ્રેમપરાયણ ઉન્મત્ત થયેલા હૃદયથી, અપૂર્વ સુખની અભિલાષાથી પતિની અડોઅડ બેઠી. ચંચળ ઉન્મત્ત હૃદયવતિએ મંદમંદ હાસ્ય કરતાં હિંડોળા ઉપર બેઠાં બેઠાં પગવતી કળ દબાવી કેસરનો વાસંતી રંગ પતિના વદનમંડળ ઉપર પસરાવી દીધો. પતિ આશ્ચર્યચકિત થયો. સ્નેહપૂર્ણ મંદ હાસ્ય કરતાં પ્રેમ કિરણો ફેંકતાં બોલ્યો: "આ નવીન ક્રિયા શી ?" ધડકતા હૃદયથી પ્રેમ-

વશ થયેલીએ કોકિલ વિનિંદિત શબ્દે પ્રેમ મધુ મુકતાં પ્રાત ઉત્તર કર્યો: "એ તો વસંતની લીલા છે." એમ કહી નીચું નિહાળતાં હાથમાં મલમલનું બારીક પેરણુ અને પચીયું લઈ, સ્વામીનાં ભીંજેલાં વસ્ત્ર કહાડી નાંખી નવાં સજાવ્યાં અને સુનેરી બાદલુથી ભરેલી દિલ્લીસાઈ સફેદ મલમલની બારીક ટોપી સજાવી, સ્વામીને નિહાળી રહી.

કોકિલ શબ્દે ટહુકો પૂર્યો: "સ્વામી, હવે તો રાધિકેષ જેવા દૃષ્ય થાઓ છો."

સરસ્વતિચંદ્ર: "ત્યારે તમે રાધા થવા ઇચ્છો છો ?"

કુસુમ: "તમે કૃષ્ણ થાઓ ત્યારે મ્હારે રાધા થવું પણ પડે."

એમ બોલતાં બોલતાં પગવતી કળ દબાવી. હિંડોળા ઉપર અદૃષ્ય રાખેલી કળમાંથી ગુલાલ ફરફર ઉડી રહ્યું. બીજી કળ દબાવી એટલે સેન્ટની વૃષ્ટિ થઈ રહી. સુગંધની લહેરી પ્રસરી રહી. તિક્ષ્ણ બુદ્ધિશીળ પતિએ તિવ્રતાથી જેમ પત્નિએ કર્યું તેજ પ્રમાણે ટેબલ ઉપર પડેલા ગુલાલના ગોશેટા લઇ એક ઉપર એક નાખી પ્રિયાને ગુલાલથી રગદોળી નાખી. કોમળ કરથી પ્રિયાના કેશપાશને અને મુખમંડળને લાલ લાલ કરી નાખ્યાં. સ્વામીના બાહુબંધમાં ચબદાએલીએ તે બંધથી મુક્ત થવા યત્ન કર્યો. વસંતી સાળુ ચોળાઇ ગયો. આખુ વદનમંડળ ગુલાલથી રંગાઇને સ્વેત વદન મિશ્ર રંગથી ચમકવા લાગ્યુ.

રોમાંચ અનુભવતી બાલિકાએ મધુર મધુર વાકયો ઉચ્ચારતાં ધડકતે હૃદયે સ્વામીના શરીરને પણ તેવુંજ રંગી નાખ્યું. રંગમહેલ વસંતી રંગથી રંગાઈ ગયો. બધે ગુલાલ ગુલાલ થઇ રહ્યું. શ્રમિત થયેલી કુસુમ વિચનિત ચિત્તથી સ્વામીના અવયવોનો આશ્રય લેતી હિંડોળા ઉપર બેઠી સ્વામીએ ફરી ગુલાલ લઇ આખા વદનમંડળ ઉપર ચોળતાં ચોળતાં મુખ મસળી નાખ્યુ. શ્રમથી હાંફતી હાંફતી પ્રિતમને બે હાથે વારતી વારતી કુસુમ બોલી: "હવે નાથ હદ થઇ, થાકી ગઈ છું. માફ કરો."

"લ્યો, ચાલો ત્યારે હવે સ્વસ્થ થાઓ." પતિએ આસ્વાસન આપ્યુ.

પ્રેમ ઉલ્લાસમાં ઉન્નત થયેલી કુસુમે મીઠું મીઠું બોલતાં, નિચું

નિહાળતાં અભિલાષા દર્શાવી: "સ્વામી, આપ મોરલી વગાડો તો દીપે."

સ્મિત હાસ્ય કરતાં મગ્ન ચિત્તે સરસ્વતિચંદ્ર બોલ્યો: "તમારૂં મન રાધાના વિહારમાં ઉલ્લાસિત થયું છે."

કુસુમ: "નાથ, રાધા રાધા કહેતા નહિ. રાધાને તો વિયોગે રહેવું પડયું હતું. મ્હારે રાધા થવું નથી." એમ કહેતાં કહેતાં સ્વામીના હાથમાં મોરલી આપી. પ્રેમસુધા વર્ષાવતી કુસુમ પતિની મૂર્તિને ઝાંખી રહી.

"લ્યો, હું મોરલી વગાડું છું, પણ તમે સારંગી લઇ ગાઓ તોજ." સરસ્વતિચંદ્રે ઉલ્લાસમય હૃદયે ઇચ્છા દર્શાવી.

"હા, તમે જો મોરલી વગાડો તો હું ગાઉ."

"લ્યો, ગાઓ ત્યારે."

સરસ્વતિચંદ્રે મોરલીની ધૂન મચાવી મુકી. મોરલીના નાદે કુસુમના અવયવોને પ્રેમની આનન્દમયી લેહેરોમા નચાવી નાંખ્યા. વદનમંડળ નાદ ચૈતન્યથી તરંગ વેગમાં ઉછળી ગયું, ને શ્રૃંગારરસનો યથાયોગ્ય પ્રયોગ થવાથી શબ્દ વિષયજન્ય આનન્દની પરિસીમાને પામી ગઇ. મોરલીનો નાદ નાદ તરંગને વહેવડાવી રંગમેહેલને પણ ગર્જાવી રહ્યો.

હવે પ્રિયાના મધુર ગાનનો વારો આવ્યો. લાજાળી કુસુમ, લજ્જામાંજ રહીને પરિપૂર્ણ પ્રેમ ઉલ્લાસ પુરતાં ગાવાની તૈયારી કરવા લાગી.

ભારતવર્ષમાં સંગીત વિદ્યા પ્રાચીનકાળથી પ્રચલિન છે. સંગીતમાં ગાંધર્વ વેદ સમાયલો છે, અને નાદબ્રહ્મનો વિચાર કરતાં તે પણ એનોજ વિભાગ છે. સામવેદના ઉપવેદ ગાંધર્વવેદમાંથી સંગીત વિદ્યાની ઉત્પત્તિ છે. વેદમાં ઉદાત્ત, અનુદાત્ત, અને સ્વરીત એવા ત્રણ સ્વરો છે. તેમાં ગાયનકળામાં આવતાં ષડ્જાદિ સાતે સ્વરોનો સમાવેશ થાય છે. પાણિની મુનિએ શિક્ષામાં એ વિષય સ્પષ્ટ સમજાવેલો છે. ઉન્નતિક્રમને પામેલી ગાયનકળામાં પાણિની મુનિના કાળમાં સામ સંગીતને મળતા સાત સ્વરોનું ગાન પ્રચલિત હતું. તે સામગાનના પ્રસાવ, ઉદ્‌ગીથ, પ્રતિહાર અને નિધન એવા ચાર વિભાગ છે. સંગીતકળા એ વખતમાં એટલી શ્રેષ્ટતાને પામેલી હતી કે, મહાત્મા યાજ્ઞવલ્ક્ય મુનિએ તેને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂ-

પાર્શ્વની ફળદાયિની કહેલી છે. જો તત્ત્વવિચારપૂર્વક એનો પ્રયોગ થાય તો પરમાનંદ પ્રાપ્ત થવાનું એ એક દ્વાર છે. પ્રાચીનકાળના ઋષિ મુનિઓ એ હેતુથીજ એ વિદ્યાનો સંગ્રહ કરતા કે જે અલ્પ સમયમાં દુઃખની નિવૃત્તિ કરવા સાથે આનંદની પ્રાપ્તિ કરે છે.

બ્રહ્મનાદ એ સંગીતકળાથી પણ ઉપરનો ભાગ છે, પરંતુ બ્રહ્મનાદ સાથે સંગીતનો ધાડો સંબંધ છે, અગર બ્રહ્મનાદમાંથી મળતી પ્રસાદી છે એમ કહીએ તો તે ચાલે. બ્રહ્મનાદ એટલે અનાહતનાદ અખંડિત જે ચરાચર અવકાશ માત્રમાં વ્યાપી રહ્યો છે તે કે જે જગતનુ પરમ ચૈતન્ય, પરમ દૈવત અને પરમ જીવન છે, અને સમુદ્રનાં મોજાં પેઠે વિલાસરૂપ જોવામાં આવે છે, જે જગતના આદિઅંતમાં બીજ રૂપે રહેલો છે, એના સ્વરોમં અવર્ણનીય મનોરંજકતા છે. તે બ્રહ્મરન્ધ્રમાં વિકાસ પામે છે, તેનું જ્ઞાન યોગીઓ યોગાભ્યાસથી અનુભવસિદ્ધ કરે છે. ગાયનકળામાં જે નાદ કામ લાગે છે તે આહતનાદ કહેવાય છે. એ નાદ પ્રાણવાયુ અને અગ્નિના યોગથી ઉત્પન્ન થાય છે. આત્માને જ્યારે ઇચ્છા થાય છે ત્યારે અંતઃકરણને પ્રેરણા કરે છે; અને અંતઃકરણ, શરીરમાં રહેલા અગ્નિને પ્રેરે છે. અગ્નિ, બ્રહ્મરંધ્રની ગ્રંથીના વાયુને પ્રેરે છે અને તે વાયુ નાભિ, હૃદય, કંઠ, મસ્તક અને છેવટે મુખદ્વારા નાદને પ્રકાશ કરે છે. તે ઉત્પન્ન થવાનો આધાર કંઠ નળીની અંદર રહેલા અવાજ તંતુ ઉપર રહે છે. એ આહતનાદમાંથી સંગીત સ્વરગાન ઉત્પન્ન થાય છે. આહતનાદથી ઉત્પન્ન થયેલા સંગીતથી વિવિધ પ્રકારનાં આકૃતિઓ, રૂપો તથા રંગો ઉત્પન્ન થાય છે. એ પ્રાચીન ગાનકળાના નાયકોએ નિરૂપણ કરેલું છે. નાદની મારફતેજ સંગીતમાં ભાવ, રસ, અર્થ વગેરે ધ્વનિ વ્યંજીત કરી શકાય છે, ને તેની રચનાથી ગાયક એક એક સૃષ્ટિ ઉપજાવી શકે છે. એમ સંગીતનો સંબંધ છેક બ્રહ્મનાદના મૂળ પર્યન્ત પહોંચે છે. આ સંગીતકળામાં પતિ પત્નિ ઉભય પારંગતતાને પામેલાં હતાં. તેના રસની છાયા ઉભયના હૃદય ઉપર બળ અજમાવી મુગ્ધ કરી રહી હતી.

કુસુમે પ્રશ્ન કર્યો: "શું ગાઉં ?"

સરસ્વતિચંદ્રઃ "વસંત છે, હોરી. આજે તમે ભારતવર્ષના વકીલ થયાં છો, માટે વિષય તો એજ રાખજો."

કુસુમે કંઠ તંતુઓને વ્યવસ્થામાં આણી તાલ સુરની ઘટના ગોઠવી ગાન આરંભ્યું:—

હોરી.

નાથ હજી કેમ પ્રકટી ના પ્રભુતા, નાથ હજી કેમ પ્રકટી ના પ્રભુતા,
ભારત યત્નો ભારત જનને, કેમ ન દે સુમહત્તા.
વિશ્વે જણાએ દેશ દેશમાં, અનંત રંગો ફરતા,
કાળતણા ગાળા નથી કેમ સરતા, નાથ હજી કેમ પ્રકટી ના પ્રભુતા. (૧)
ઉદય રંગ સુરંગ ન લાગ્યો, વસંતે વસંતે ધસંતા,
ઉદ્યોગ યોગ સુયોગ ન ફાલ્યો, ફાળે ફાળો ભરંતા;
યુક્તિ પ્રયુક્તિ કરંતા, નાથ હજી કેમ પ્રકટી ના પ્રભુતા. (૨)
દિન પ્રતિ દિન દીનતા પ્રસરે, દિસે નહિ સુલભતા,
વ્યાપારે વૃદ્ધિ નવ દીસે, ખનિજ ખેતીએ ન મહત્તા;
ભાગ્યતણી એવી છે શું ક્રુરતા, નાથ હજી કેમ પ્રકટી ના પ્રભુતા. (૩)
યોગ્ય પ્રયોગ સુયોગ કરેથી, રીતિ સુનીતિ ધરંતા,
વિનય વિવેક વિગતે વિચારી, ભીરૂ ભીતિ તજંતા;
પ્રસરે પરિપૂર્ણ વિજયતા, નાથ હજી કેમ પ્રકટી ના પ્રભુતા. (૪)

કુસુમે પલટા ઉપર પલટા લઇ તાલસુરમાં રંગ જમાવ્યો. સ્વામીએ મોરલીથી નાદની પૂર્તિ આપી. આહત્નાદની અનહદ લીલા ખિલાવી ગાન પુરૂ થયુ. કુસુમ, જીવિતેશ્વર સ્હામુ ઉલ્લાસ મગ્ન ચિત્તે નિહાળી રહી. સ્વામીએ ધન્યવાદ આપતાં સંસ્કૃતમાં કંઇક શ્રવણ કરવા ઇચ્છા દર્શાવી. કુસુમે તાલસુરના રંગમાં રંગ જમાવતાં શાસ્ત્રીનું રચેલું પ્રાર્થનાષ્ટક લલકાર્યું.

आनन्द कन्द ! निरुपाधि दयाद्दगन्तान्
विन्यस्याति त्वमिति वेद विदो वदन्ति ।
हा ! तत्कुतः प्रबल दुःख दवानलेन
दंदह्यते सपदि भारत वर्ष मीश? ॥ १ ॥

---

(૧) હે આનન્દ કન્દ, હે આનન્દને આપવાવાળા ! વેદને જાણુવાવાળા એવા વિદ્વાનો કહે છે કે, આપ સહજ દયાળુ છો. આપના નેત્રોમાં

तत्किं वृथैव तव कारुणि कत्व मीश
वेदास्तथा मुनिवराः परिघोष यन्ति ?
नोचेद्दयासदन ? सान्द्र कटाक्ष पातैः
श्रीभारतं पतित मुद्रियते कुतोन ? ॥ २ ॥
यां भीरताय धरणी बहु धान्य युक्तां
सर्वोपि कान्चनमयी मनुतेस्म लोकेः ।
तत्राद्य मुष्टि चण तदाऽ नाप्नुवन्तो
दुर्भिक्ष पीडित जनाः शतशो म्रिन्यते ॥ ३ ॥
रत्नो पलाय ि निर्गत सान्द्ररोचिः
स्तोमैरदीपि भवनेन पुरा हि येषान् ।
सद्म रु मालायेतु गलितान्धकारं
हा ! अद्य तैलमपि तेन जना लभन्ते ॥ ४ ॥

જે છે તે દયા ભરી છે અને આપ ઉપાધિ રહિત એવી દયાદ્રષ્ટિ સવ ઉપર રાખો છો, તો પછી, હે ઇશ ! આ સમયની મધ્યે ભારતવર્ષ શા કારણને લઈને પ્રબલ દુઃખાબ્ધિમાં દગ્ધ રહ્યું છે તે કૃપા કરી બતાવો તો ખરા

(૨) હે ઇશ ! હે કરૂણાનિધિ ! ત્યારે વેદ અને મુનિવરો, આપની દયાળુતા વિષેની જુઠીજ પ્રશંસા કરી રહ્યા છે કે શુ ? શું આપ કરૂણામય નથી ? હે પ્રભુ ! હે પરમાત્મન્ ! જો તેમ ન હોય તો આપ કે જે દયાનુ સ્વરૂપ છો તે શા કારણને લઈને આપના કૃપા કટાક્ષોથી આ પતિત ભારતનો ઉદ્ધાર કરતા નથી ?

(૩) આ ભારતભૂમિ કે જેને સર્વે લોક ધન ધાન્યથી પરિપૂર્ણ— અરે સોનાની ખાણ સ્વરૂપ માનતા હતા તેજ ધનધાન્યથી પરિપૂર્ણ અને સુવર્ણની ખાણ એવી ભારતભૂમિમાં આજે એક મુઠી ચણા સારૂ સેંકડો અને હજારો દુર્ભિક્ષથી પીડાયલા મનુષ્યો અન્ન વિના મરણ શરણ થાય છે !

(૪) કોઇ સમયને વિષે જેઓનાં ઘર રત્નમય દિપકોથી પ્રકાશમાન

यथा कृषिःफल कांक्षित काम धेनुः
पूर्व समा-ततरा फलतिस्म भूरि।
साप्यद्य वृष्टि सलिल प्रभृतेर भावा
च्छुष्का विशोषयति भारतवासि चेतः ॥ ५ ॥
वाणिज्यमस्य सकलं जलधौ निमग्नं
यन्त्रादिकस्य तु कथैव न चालनीया।
आच्छादितुं बत! शरीरमपि स्वकीयं
हा तात! न प्रभवति स्वयमत्र वासि ॥ ६ ॥
दण्डं भवानदित भारत दुष्कृतीना-
मस्माभिरप्यतितरां विपदो विषोढाः।
चेतो दयार्द्र मधुना तु कुरुष्व तात!
क्षिप्रं प्रहाण भुजयोर्निजयो स्तथा स्मान ॥ ७ ॥

થતાં હતા, હાય, હાય! તેજ ઘરમાંનો અંધકાર દુર કરવાને આજે એક પૂરી બદામનું તેલ મળતું નથી.

(૫) સર્વ ઇચ્છાઓને પરિપૂર્ણ કરનાવાળી એવી કામધેનુ સ્વરૂપ જે કૃષિ, તે આદરપૂર્વક અને સારી રીતે કરવામાં આવતા પેહેલાં ઇચ્છાનું રૂપ મન માન્યું ધાન્ય આપતી હતી, પરંતુ તેજ આ વખતે વૃષ્ટિ અને જળના અભાવે શુષ્ક થઇ ભારતવાસીઓના હૃદયને શુષ્ક કરી રહી છે.

(૬) હે તાત! અહિંનો સર્વ વાણિજ્ય વ્યાપાર જલધિ નામ સમુદ્રને વિષે ડૂબી ગયો છે. યંત્રો અને સંચાની તો પછી વાતજ શું? તેઓનું તો માણસો નામ પણ ભૂલી ગયાં છે. વળી હે તાત! શરીર ઢાંકવાને એક હાથ કપડું પણ ઘણાં માણસોને મળતું નથી. હાય હાય! એવી રીતે આ ભારતની ભૂમિ કેવા અધઃપાતને પામી છે.

(૭) હે દીનાનાથ! હે દીનબંધુ! ભારતે જે જે પણ કંઈ દુષ્કર્મો કર્યા હોય તેની શિક્ષા હવે આપ તેને પૂર્ણ દઇ ચૂકયા છો અને અમારા ઉપર આવેલી ખુબ વિપત્તિ-વેદનાઓને અમે વેઠી લીધી છે. તો હે તાત! હવે આપ આપના ચિત્તને દયાર્દ્ર કરી અમને શીઘ્ર આપનો હાથ આપી અમારા દુઃખોનો નાશ કરો.

ऊरी कृत्य दयां दयामृतनिधे! संजात रोषावधे ।
कुर्या भारतवासिनां मृत मनस्स्वेतादृसी पेरणाम् ।
भूयो येन महेश। भारत भुवः सञ्जायता मुन्नतिः
किंच क्षौणितलं विनिर्मल यशोव्यासोत्र मुष्ट्राषहु ॥ ८ ॥

શાંત રાત્રિમાં જ્યોતિપૂર્ણ ચંદ્રે પ્રકાશી, રૂપેરી કિરણરૂપ વસ્ત્ર ઓરાડી નભમંડળ અને ભૂમંડળને પ્રકાશમય કરી મુક્યું છે. આ સમયે સંગીત ચાતુર્યથી મદમસ્ત થયેલાં દંપતિ મદન દેવનો પ્રસાદ પામી પ્રેમ તરંગના રંગમાં છલ્લાછલ ઉભરાઈ પરમ આનંદમય દશાને પામ્યાં હતાં. તે મહા આનંદ રંગ સમયે એક ભયંકર નાગ, કુસુમની દ્રષ્ટિગોચર થયો. તે જોતાં વેંનમાંજ કુસુમ એકદમ સ્તબ્ધ થઇ ગઇ. પતિના પગને એકદમ હિંડોળા ઉપર લઇ લેતી જડવત્ બની ગઈ. તિક્ષ્ણ બુદ્ધિવંત સ્વામી કારણ સમજી ગયો. તે પણ દિગ્મુઢ બની ગયો. બન્નેના શરીરમાં પરસેવાની ઝરી ફુટી ગઇ. બન્ને ગભરાઇ ગયાં પ્રાણાન્તની પરિસીમા મપાઇ. મોરલી હાથમાંથી સરી પડી. ફેણ માંડી ડોલી રહેલા નાગે કુંફાડા મારવા માડયા. મોરલીનો નાદ બંધ થવાથી ગુસ્સે ચઢેલા નાગે વધુ કુફાડા માર્યા અને ફેણ અફાળવા માંડી. કુસુમે કારમી ચીસ પાડી તેથી હેવડી ઉપરના સિપાઇઓ અને ઘરનાં બધાં માણસો ગભરાઈ ગયાં. અને તે તરફ દોડી આવ્યાં પણ રંગમહેલ અંદરથી બંધ હતો. બહારથી બારણાં ઠોકાવા માડયાં પણ બારણાં ઉઘાડે કોણ? દ્વાર નવી પદ્ધતિનાં મજબુત હતાં. કુવાડાથી પરાકાષ્ઠાએ ચિરે ચીરાય એવાં નહોતાં. અને આવે સમયે એ પ્રયોગ કરવાનો અવકાશ નહોતો. અંદરથી કુસુમની કારમી ચીસો પડતી ને બહારથી ગુમાનબા અને લક્ષ્મિનંદન બહાર ઉભાં ઉભાં ધ્રુજી રહ્યાં હતાં. આવા વિષમ કાળમાં સુમાર્ગે

---

(૮) હે ઇશ! આપના ક્રોધની હવે અવધી થઈ. હે દયામૃતનિધિ! દયાસ્વરૂપ અમૃત નિધિ! દયાસાગર! હવે આપ દયા કરીને ભારતવાસીઓના મરેલા હૃદયમાં એવી પ્રેરણા કરો કે જેથી કરીને આ ભારતવર્ષ ફરી ઉન્નતિને પામી, તેનો વિમલ યશ સર્વ દુનિયાને વિષે વ્યાપે.

લેવો તે સરસ્વતિચંદ્રને સુઝયું નહિ. "નાગ, નાગ," એ શબ્દો સાંભળી બહારનાં માણસો બહુ ગભરાયાં, અને જીવનમર્યાદાના અંતનો ભય થતાં સર્વે કંપી ઉઠયાં, થરથરી ગયાં. ગુમાન હાય, હાય, કરતી ઉન્મત્ત વાઘણની પેઠે મદદ માટે ગર્જના કરતી છણછણી રહી, પણ શું કરે ? દ્વાર બંધ ત્યાં સૌ લાચાર.

ભયથી કંપતાં પતિપત્નિ એક બીજા સ્હામુ જોઈ રહ્યાં. દ્વાર ખોલ્યા સિવાય બીજો માર્ગ નહોતો. નાગ જબરદસ્ત હતો, તે દ્વાર અને હિંડોળાની વચ્ચે પડયો હતો. હવે કયો માર્ગ ઉચિત છે તે સુજતું નહોતું. સરસ્વતિચદ્રે તેને પકડવાની હિમ્મત ધરવા માંડી. સ્વામી પ્રત્યે એક નિષ્ઠાવાળીએ તેને અટકાવ્યો. બુદ્ધિમતીએ ઓઠ ઉપર આંગળી મુકી જરા વિચાર કર્યો. તિક્ષ્ણ બુદ્ધિ તંત્રમાં તરંગ ઉઠયો, અને હિંડોળા ઉપર પડેલા આરસને હાથમાં લઇ કુસુમે હિંડોળા પાસે સળગેલી દીપમાળાનો આશ્રય લઇ નાગ ઉપર દીપકનુ પ્રતિબિંબ પાડયુ. નાગ ગભરાયો અને ગુંચળું ખોલી ખુણામાં ભરાવા ધસ્યો, તેમ તેમ કુસુમ તેની પાછળ પ્રતિબિંબ નાંખતી ગઈ. નાગ પણ ચોગરદમની ચીસો, બુમો અને પ્રતિબિંબથી ગભરાયલો ખુણામાં ભરાઈ ગયો. આ સંધિનો લાભ લઇ દુર્વહનીય પ્રાણાન્ત ભીતિને તુચ્છ ગણી કુસુમ દ્વાર ભણી ધસી. વિદ્યુત જેવી ત્વરાથી દ્વાર ખોલી રંગમહેલની બહાર ઉછળી પડી. પડતાં પડતાં મૂર્છાગત થઇ ગઇ. સર્વે અનુચરો ધસ્યા ધસ્યા અંદર ગયા ને નાગને મહા પરાકાષ્ટાએ પકડયો. નાગ પકડાયો કે ગુમાન હાંફ્લી ફાંફ્લી સરસ્વતિચંદ્ર પાસે દોડી ગઈ અને આશ્વાસન આપવા લાગી. લક્ષ્મિનંદન દોડતો દોડતો આવી પુત્રને બાઝી પડયો. સરસ્વતિચંદ્રે સવિનય પિતા માતાને પ્રણામ કર્યા. પિતાએ પુત્રના શરીર ઉપર આશિર્વાદ આપતાં હાથ ફેરવ્યો. હાથ ગુલાલથી લાલચોળ થઇ ગયો. ગુમાન પાસે ઉભી રહી ધડકતા હૃદયવાળા અને થરથર ધ્રુજતા સરસ્વતિચંદ્રને જરા પાણી પાઇ સાંત્વન આપ્યું. છાતી ઉપર અને વાંસા ઉપર હાથ ફેરવ્યો. ગુમાનના હાથ ઉપર અને વસ્ત્ર ઉપર ગુલાલ ચોંટયું. લક્ષ્મિનંદને ચકિત થતાં રંગમહેલની ચેષ્ટા તપાસી લીધી અને મનમાં આનંદ પામતો પા-

મનો રંગમહેલની બહાર નિકળ્યો. ગુમાન કમ્મરે હાથ મુકી હડપચીએ આંગળી અડકાડી ચાપલ્યતાથી બધુ નિહાળી ગઇ. આખો રંગમહેલ ગુલાલ અને વસંતી રંગથી ચકમાચૂર થઇ ગયો હતો. સેન્ટ અને અત્તરની પરિમળતા બ્હેક બ્હેક થઈ રહી હતી. પુષ્પ અને સુગંધી ધુપો બ્હેકી રહ્યા હતા. આ બધી મન્મથ દેવની ઉપાધિ જોઇ મીરાં થનારીના ગૃહસ્થાશ્રમમા રંગવિલાસની ભવ્યતા જોઇ ગુમાન ઉલ્લાસ મગ્ન થઈ જવલંત પ્રેમભાવથી જોઈ રહી. એટલામાં લક્ષ્મિનન્દને બુમ પાડી "અરે ! બધાં શુ કરો છો ? આ બિચારી બેભાન થઇને પડી છે. તેને જુવો તો ખરા."

ગુમાન વિદ્યુત જેવી ત્વરાથી રંગમહેલની બહાર જઈ ઉભી. મૃતપાય જેવી કુસુમને નિહાળતાં તેનું મુખ મ્લાન થઇ ગયુ. હૃદય ચિંતાથી થરથરી ગયુ. હૃદયપટ ઉપર કારી ચીરો પડયો ને તેમાથી ઉષ્ણ નિશ્વાસનો ધ્વનિ ધમધમી રહ્યો. સબળ ચિંતાવતીએ તત્ક્ષણ નીચે બેસી જઇ કુસુમના શરીરને ખોળામાં લીધુ શબવત્ શરીરને જોઇ આખમાંથી ખર ખર આંસુ સરી પડયાં. છેડાથી જરા લુછ્યાં અને દીન મુખે કહ્યું: "બેટા કુસુમ, જરા બોલ તો ખરી."

ઉત્તર ન મળવાથી મૂર્છાવશ થયેલીના મુખને હાથથી ઝાલી આમ તેમ ફેરવ્યુ અને દીન વદને આંસુ ટપકાવી રહી. લક્ષ્મિનંદન માથા આગળ આવી ઉભો રહ્યો અને લજ્જા વિનિત થયેલો ભયથી ચમકેલો સરસ્વતિચંદ્ર જરા દૂર ઉભો રહ્યો. સર્વ મંડળ શોકમગ્ન થઈ ગયુ અને દીન મુખથી એક બીજા સ્હામુ જોઈ રહ્યું. એટલામાં ગંગા ભાભી સહસા કાર્યવશાત્ ત્યાં આવી પહોંચી. તે આ શોક લીલા જોઇ ચમકી. બધાં ડાકટર, ડાકટરનો પોકાર કરી રહ્યાં. ગંગાએ જરા આગળ આવી ગુમાન પાસે જગા લીધી, અને કુસુમના કાળજા ઉપર હાથ મૂકયો.

ગંગા: "ગુમાનબા, ગભરાશો માં. કાળજું ધડકે છે જરા પાણી લાવો."

ગંગાએ પાણીની છાલકો ઉપર છાલકો મારી એટલે જરા મૂર્છા વળી. પાણીની છાલકોનો પ્રયોગ શરૂ રાખ્યો. કુસુમ અને ગુમાનનું શરીર જળથી

બીનું થઇ ગયું. બેચાર પળ વીતી એટલામાં કુસુમનો અંતરાત્મા જાગ્યો. તે ધામે રહીને બેઠી થઈ ને સ્હામી બેઠી. ગુમાનનું શરીર કુસુમના શરીર ઉપરના રંગ અને ગુલાલમાં પાણી ભળવાથી રંગબેરંગ થઇ ગયું હતું. કુસુમના શરીરની તો વાતજ ન પુછો. ગંગા ભાભીએ કુસુમનો ગાલ લાલચોળ જોઈ ગાલે હાથ લગાડયો. હાથે ગુલાલ લાગવાથી બોલી ઉઠી: "આ શું?"

ગુમાન ચંચળ નયનથી મુખ મલકાવતી હાસ્યનું ચિહ્ન દર્શાવતી ઉઠી ચાલી ગઇ. ગુમાન અને લક્ષ્મિનંદન પોતાની મેડી તરફ ગયાં. મેડી તરફ જતા જતાં ગુમાને લક્ષ્મિનંદનને પંચીએ હાથ લુછ્યો.

લક્ષ્મિનદન. "આ શું? મ્હારૂ પંચીયુ બગાડીશ."

ગુમાને સ્મિત હાસ્ય કરતા કહ્યું: "તમારી વહુનુ પરાક્રમ. મ્હારૂં આખું શરીર બગડયુ તો તમારા પંચીયાની શી ફીકર?"

લક્ષ્મિનદન· "આ તોફાન શું?

ગુમાનઃ "જેનાં છોકરા રાસલીલા રમે તેના બાપને થોડી પ્રસાદીએ ન મળે કે?" એમ કહી હાસ્ય કરતી સ્હામુ જોઈ રહી. આનંદદર્શક મુખમુદ્રાવી અમૃતભરી દ્રષ્ટિ નાખતા લક્ષ્મિનદને ઉત્તર ન કર્યો.

ગુમાનઃ "આ સમયે ગંગા આવી પહોંચી તે પણ ઠીક થયુ છે. એ બટક બોલી પુરો રંગ જમાવશે મ્હારૂં મન તો ત્યા જવાનું થાય છે."

લક્ષ્મિનદન. "અરે! તારાથી ત્યાં જવાય, છોકરવાદ બુદ્ધિના છોકરાં ગમે તે કરે."

ગુમાનઃ "ગગા તો એની ઝાટકણી કહાડી નાખશે. સાભળવાની મઝા પડશે."

લક્ષ્મિનંદનઃ "અરે, તું ત્યા જાય તો એ બિચારી શરમાઈને મરી જાય."

આનંદયુક્ત હૃદયે અટકચાળું કરતાં ગુમાને પાણીથી તરબોલ થયેલો રંગવાળો વસ્ત્રનો છેડો છટકાર્યો. લક્ષ્મિનદનનુ બધુ શરીર રંગના છાંટાથી છંટકાઇ ગયુ.

લક્ષ્મિનંદનઃ "ચાલ, હટ્ હટ્, આ શું? વસ્ત્ર બગાડયાં! પથારી

રંગ રંગવાળી થઇ ગઇ. ચાકરો હસશે, અને જેવી કુસુમની તેવી તારી ફજેતી થશે. એ તો ઉમ્મરે દીપે."

ગુમાનઃ "લ્યો, ત્યારે શું હું ઘરડી થઈ ગઈ કે? હું ભાઇની બરોબરી છું."

લક્ષ્મિનંદનઃ "અરે પણ કહે તો મ્હોટી છે કની?" હૃદયમાં ઉદ્ભવેલા વિકારથી, વક્ર નયનથી મુખ મલકાવતી મલકાવતી ગુમાન પતિને નિહાળી રહી. ધ્રુજી રહી. પ્રણય અને પ્રેમપૂર્ણ વચનો ઉચ્ચારતો લક્ષ્મિનંદન ટાઢથી અને વિકારથી કંપતી ગુમાનના શરીર પાસે ગયો, અને ધીરેથી બે હાથ લંબાવી તેને હૃદય સરસી દાબી."

ગુમાનઃ "જાઓ જાઓ હટો, આ શું કરો છો?"

જરા જરા સ્મિત કરતો લક્ષ્મિનંદન બોલ્યોઃ "મનમાં ભાવે ને મુંડી હલાવે."

ગુમાનઃ "નહિ, નહિ, બળ્યું દૂર રહોની એમ શું કરો છો? તમને પણ ન્હાનપણ આવ્યું."

લક્ષ્મિનંદનઃ "બેધારી તરવાર રાખે છે તો."

ગુમાનઃ "નાથ, બધું રંગમહેલમાં જોયું'તું કે?"

લક્ષ્મિનંદનઃ "એમાં આપણે શું જોવાનું હતું? છોકરાં, ત્યાં બધુંયે હોય."

ગુમાનઃ "ના, ના, મ્હારૂં એમ કહેવું નથી. હોય પણ શું આટલું બધું હોય? બીજા કોઇને જુવાની નહોતી? શું એકલાં કુસુમબાઇ સારૂંજ આવું બધું હોતું હશે. હા, હા, હા. એ બધું તોફાન કુસમનુંજ."

લક્ષ્મિનંદનઃ "એને એકલીને શિદને વગોવે છે!"

ગુમાનઃ "હા, હા, એ તો એજ. ભાઇ તો બિચારો આખો દિવસ કામમાં કાયર ને કાયર."

લક્ષ્મિનંદનઃ "સાસુઓને વહુઓનોજ દોષ સહસા જડે છે."

ગુમાનઃ "હા, હા, એ તો અમે બૈરાંઓજ જાણીએ. મીરાં થવાનો ઢોંગ કરતી હતી તે ક્યાં જઇ ઉભી છે."

લક્ષ્મિનંદનઃ " હોય, છોકરાં છે. વચે લિંબોડી પણ પાકે છે. ટક, ટક કરતી હવે સુવા દે. "

ગુમાનઃ " ચાલો ત્યારે, હવે નહિ બોલીએ. વહુનું જરાક કંઈ કહીએ છીએ કે ચાટકો ચઢે છે. "

એમ કહેતાં કહેતાં પાસું ફેરવી ગુમાન સુતી.

કુસુમનો હાથ પકડી ધમધમ કરતી ગંગા રંગમહેલમાં દાખલ થઈ બોલીઃ " ભાઇ, ત્હમારા ભાઇને બોલાવોની ! "

સરસ્વતિચંદ્રઃ " કેમ ? "

ગંગાઃ "ડોસી દાદરેથી પડી ગયાં છે. શરીરે સારૂં છે. પરંતુ એમના વિના મ્હોમાં જીભ ઘાલતાં નથી. "

સરસ્વતિચંદ્રે હાથમાં ટેલીફોનનું ભુંગળું લીધું. ઘંટડીના નાદ ઉપર નાદ કર્યા, સામેથી જવાબ આવ્યો એટલે પુછયુંઃ

" કોણ ? "

" હું ચંદ્રકાન્ત. "

" તમે તાકીદે એરશીપમાં બેસીને આવો. "

" કેમ ? "

" માજી દાદરેથી પડી ગયાં છે. "

" શરીરે કેમ છે ? "

" સારૂં છે. "

" ત્યારે અત્યારે નહિ આવું તો નહિ ચાલે ? "

" ના, ગંગા ભાભી ઘેરથી ખાસ આવ્યાં છે. માટે અહિં આવી ત્યાં સજોડે જજો. "

ગંગાઃ "તમે પણ હાસ્ય કરો છો તો ! " એમ કહેતાં કહેતાં ચોગરદમ ચક્ષુ ચગાવતી ચકિત થતી કુસુમ સ્હામું નિહાળતાં નિહાળતાં બોલીઃ " કુસુમ ભાભી, આ બધું શું ? "

કુસુમે સ્મિત મુખ મલકાવતાં, લજ્જાવિનિત થતાં પ્રતિ ઉત્તર કર્યોઃ " પુછો તમારા ભાઇને. "

ગંગા: "કાલાં શુ કહાડો છો ? તમે કહોની."

સરસ્વતિચંદ્ર: "હા ભાભી, એમની પાસેજ કહેવડાવો."

ગંગા: "હા, હા." કહેતાં કહેતાં કુસુમનો હાથ ઝાલી વિનોદમાં તેનુ બધું શરીર હચમચાવી નાખ્યુ.

કુસુમ; "ભાભીજી, બધ્યુ આમ શુ કરો છો ?"

વિનોદમાં હાથનો ચાળો કરી ગંગા બોલી: "ચાલો, મ્હને ન કહેતા. તમારા ભાઇને કહેજો."

"ભાઈ સાહેબ, ગગા ભાભી, એવું ન કરાવતા." લજ્જા વિનયમાં મુખ મલકાવતાં આર્જવતાથી કુસુમે કહ્યુ.

સરસ્વતિચદ્રે હાસ્યમાં ટઉકો પુરતાં કહ્યું: "ભાભી, એમ કર્યા સિવાય એ પાસરાં થવાનાં નથી."

"નાથ, લ્યો વરી, તમે પણ એમ ન કહેતા."

એમ કહેતાં કહેતાં કુસુમ ત્યાંથી સટકી ગઈ. આયનામા મુખ જોઈ રૂમાલથી સાફ કરી નાંખ્યુ અને રગથી લદબદ થયેલો સાળુ કહાડી નાખી ઝીકની બદામી રગની સાડી પેહેરી પાછી સામુ આવી ઉભી.

ગગા: "હુ સમજી, તમે તમારો બચાવ કરવા સજ્જ થઈ આવ્યા છો."

પ્રેમ લહરીમાં કટાક્ષ કરતા જમણી આંખ જરા મચકોડતા સરસ્વતિચદ્રે કહ્યું: "જોઇ, ઇદ્રજાલિક જાળ !"

ગંગા: "હું એમનાં બધાં ચરિત્ર જાણુ છુ."

કુસુમ: "નાથ, તમે પણ સળી આપો છો તો."

ગંગાએ હાસ્યમાં મમતા પુરતા કહ્યુ: "હા, હા, તમે તો જાદુથી પ્રેમનાં વાદળાં એકઠાં કરો છો અને આનદ વર્ષાને વર્ષાવો છો. તે વર્ષાદમા અમારા ભાઇને આજે ભિંજાવ્યા."

કુતૂહલમાં ભાગ લેતાં સરસ્વતિચદ્રે કહ્યુ: "એમના જાદુથી આપણે સભાળવાનું છે. ચંદ્રકાન્ત આવશે ત્યારે એ આપણુને આંજી નાંખશે."

ગંગા: "ખરી વાત ક્યાં છુપવાની છે ! રંગમહેલના ચાળાએ ક્યારનીએ જાહેર ખબર છપાવી મુકી છે ?"

પ્રફુલ્લ મુખથી આનંદિત થતી કુસુમ બોલી: "હા, હું પણ સત્યનોજ પક્ષ કરવા મ્હોટી ભાભીને વિનંતિ કરૂં છું કે ન્યાય તોલો. મ્હારૂં શરીર અને કેશપાશ કોણે ગુલાલથી ભરી દીધા ?"

સરસ્વતિચંદ્રે મુખ મલકાવતાં કહ્યું: "ભાભી પુછો, આ પેરણુ અને ટોપી કોણે પહેરાવ્યાં અને હીંડોળા પાસે તો જાઓ. બધી યાંત્રિક કળા તો તપાસો.'

ગંગા હીંડોળા પાસે ગઈ. ચકિત થઇ નિહાળવા લાગી. હીંડોળા પાસે જતાંજ સહસા એક કળ ઉપર પગ પડી ગયો. ઉપરથી કેસરી રંગની ધારા વર્ષી રહી. ગંગાનું શરીર તરબોળ થઇ ગયુ. ગંગા ચમકી. ત્યાંથી જરા દૂર ખસી. બીજી કળ ઉપર અનાયાસે પડયો. તેમાંથી ગુલાલ વર્ષી રહ્યું. આથી વધારે ગભરાઇ દૂર ન્હાસવા લાગી. એટલે ત્રીજી કળ આવી ગઇ. તેમાંથી સેન્ટ અને પરિમળનો વર્ષાદ વર્ષી રહ્યો. ગંગા આ બધાંથી ચકિત થઇ ગાભરી બની ગઇ. ક્ષણેક સુધી સ્તબ્ધ થઈ ગઇ અને કયાં જવું અને કઇ બાજુએ ખસવું તે સુઝયુ નહિ. કુસુમે અટ્ટહાસ્ય કર્યું. કુસુમે જેમ હાસ્ય કરવા માડયુ તેમ ગંગા ચીડાતી ગઇ.

ગંગાએ ચ્હીડમાં ને ચ્હીડમાંજ પ્રશ્ન કર્યો: "કુસુમ ભાભી, બોલો તો ખરાં. મ્હારે કઈ બાજુએ ખસવું? જ્યાં જાઉં છુ ત્યાં તમારી કળોજ અથડાય છે અને જાદુ જેવું થાય છે. તમે તો ખરેખરાં જાદુગરણી નિકળ્યાં!"

આનંદ કલ્લોલમાં વધારો કરતાં કુસુમે પ્રતિઉત્તર કર્યો: "ભાભીજી, મ્હારૂં કહેવું સવળુ નહિ પડે. તમારા ભાઇને પુછો."

સરસ્વતિચંદ્ર: "જાઓને, ભાભીનો હાથ પકડીને લાવોની."

કુસુમે મંદ મંદ સ્મિત કરતાં ઉત્તર કર્યો. "ના, મ્હારે તો જવું નથી. એમના જેવા મ્હારા હાલ થવા દેવા નથી."

ગંગા આથી જરા વધારે ચ્હીડાઈ. સરસ્વતિચંદ્રને હાસ્ય થયું.

સરસ્વતિચંદ્ર: "ભાભી, જોયુ, કેટલુ પક્કાપણું છે? તમે હવે ગભરાતાં નહિ. મ્હારી ખુરસી તરફ ચાલ્યાં આવો."

ગંગાએ ખુરસી તરફ ગમન કર્યું, તો ત્યાં એક બટન ઉપર પગ પડયો. જેથી એકદમ ઇલેક્ટ્રિક લાઇટ આખા રંગમહેલમાં ચમકી રહી. ગંગા છલંગ મારીને સરસ્વતિચંદ્રની ખુરસી પાસે જઇ ઉભી, એટલામાં ચંદ્રકાન્ત રંગ-મહેલમાં દાખલ થયો.

ચંદ્રકાન્ત રંગમહેલની અંદર સર્વને વિલક્ષણ અને વિચિત્ર વેશધારી જોઈ ચકિત થયો.

ચંદ્રકાન્તનો આદરસત્કાર કરી કુસુમ મુખ મલકાવતી મલકાવતી જરા ખુણામાં ઉભી રહી.

ચંદ્રકાન્તે પ્રશ્ન કર્યો: "આ વિચિત્રતા ભરેલું, મનને સમજ ન પડે એવું શું છે?"

આનંદ પ્રફુલ્લ વદન ઉપર હાસ્ય સ્ફુરતાં કુસુમે પ્રતિઉત્તર કર્યો: "સત્ય છે તેજ આપ નિહાળો છો."

ચકિત થયેલી ગંગાએ કહ્યું: "તમે આમ થઇને આવજો. પેલા ઈંદ્રજાળિક હીંડોળા પાસે જતા નહિ."

ચંદ્રકાન્ત: "વળી એ શું છે?"

ગંગા: "આ બધું નિહાળો છો તેનું આદિ કારણ તમારાં ચતુર ભાભીની જાદુકળા છે."

સરસ્વતિચંદ્ર: "ભાભી, હું નહોતો કહેતો કે એ સાવચેતીનો પાયો રચે છે.!"

કુસુમ: "આમાંએ મ્હારો વાંક કે? ભાભીજીને હું અડકી પણ છું.?"

ગંગા: "હા, હા, તમે અને તમેજ આ બધું કર્યું."

કુસુમ: "સત્ય કહો તો સારૂ. મ્હેં તો તમને હીંડોળા પાસે જવાનું પણ કહ્યું નહોતું!"

ચંદ્રકાન્ત: "પણ હીંડોળામાં છે શું?"

એમ કહેતાં કહેતાં ચંદ્રકાન્ત હીંડોળા પાસે ધસી ગયો અને ઉપર બેસીને જોરથી હીંચવા લાગ્યો. પગનો પ્રહાર પડવા સાથેજ ઉપરથી ગુલાલ ફરફર પડવા લાગ્યું અને ધબક લેતો કે બીજો હેલવારો થતાંજ વસંતી

રંગની વૃષ્ટિ વર્ષી રહી. ચમકીને ચકિત થતાં ચંદ્રકાન્ત હીંડોળા ઉપરથી ઉઠી ગયો. આથી સર્વેને અટ્ટહાસ્ય આવ્યું.

"હું કહેતીજ હતીને. તમે કંઇ માનો એવા છો ?" હસતાં હસતાં ગંગાએ કહ્યું.

ચંદ્રકાન્તે, પાઘડીને લુગડાં રંગબેરંગી થઇ ગયાં તે નિહાળતાં ચકિત થતાં કહ્યું: "આ તે શું ?"

ચાતુર્યે નિપુણ કુસુમ, મુખમંડળ મલકાવતી મલકાવતી લજ્જાવિનિત થતી બોલી: "પુછોની પોતાને."

ચંદ્રકાન્ત. "સરસ્વતિચંદ્ર, આજે આ બધું છે શું ?"

સરસ્વતિચંદ્ર: "ગંગા ભાભી બધું કહેશે."

કુસુમ: "આપ દૃષ્ટિગોચર કરોછો તે જોઇ સત્ય ન્યાય કરજો."

ગંગા: "તમે બધું જાણુશો ત્યારે હસી હસીને પેટમાં દુ:ખવા લાગશે."

ખરેખર, બધાંને પુષ્કળ હાસ્ય થયું, અને જેમ જેમ બધાં હાસ્ય કરતાં ગયાં તેમ તેમ ચંદ્રકાન્ત પણ જાણુવાને વધારે ઉત્સુક થતો ગયો.

ચંદ્રકાન્ત: "પણ કહો તો ખરા, બધાં હાસ્ય શું કરોછો ?"

ગંગા: "તમારાં ભાભીની જાદુઇ ચાતુર્યકળા છે."

કુસુમે ધીમે રહીને કહ્યું: "હૃદયતંત્રના જાણુકાર છો. હૃદયતંત્રમાં જે હોય તે ખરૂં સ્પષ્ટ કરાવવા માંડયું ત્યારે સ્પષ્ટિકરણુ કરૂં છું."

ધીમે ધીમે સકળ વૃત્તાંત ચંદ્રકાન્તના કર્ણુદ્વાર ઉપર પડયો.

ચંદ્રકાન્ત: "ભાભી તમે તો ગજબ કર્યો. તમારી પ્રેમ ચાતુર્યની કળામાં મહત્તા નથી એમ કોણુ કહી શકે એમ છે ?"

પ્રફુલ્લ વદને પ્રેમરશ્મિ પ્રસારતી કુસુમ બોલી: "ભાઇ, આપ ન્યાયનું રૂપ છો. શાસ્ત્રમાં કહેલું છે કે, પ્રણુવિનિનું હૃદય પ્રણુયિના હૃદય દર્પણુ રૂપ છે. તે સુત્ર સિદ્ધાંતે ન્યાય તોલો."

ચંદ્રકાન્તે ગંભિરતાથી દીર્ઘદષ્ટિ પહોંચાડતો હોય તેમ મુખમુદ્રા કરી પ્રતિઉત્તર કર્યો: "સત્ય છે. તમને અનુમોદન આપું છું."

સરસ્વતિચંદ્રે મુખ મલકાવતાં કહ્યું: "ગંગા ભાભી, આપણે હાર્યાં. ન્યાય થયો અને વળી હુકમનામું પણુ કરી આપ્યું."

કુસુમે વિનયથી લજવાતાં લજવાતાં ઉત્તર દીધોઃ "સત્ય હોય તે સત્યજ ઠરે, સત્યનો જય બને."

ગંગા ગર્જના કરતાં ચંદ્રકાન્ત સામુ જોઇ બોલીઃ "તમે પણ વિચાર્યાં કર્યા સિવાય ભાભીને ત્રાજને બેઠા. આજે એમણે સૌને વિતાડયુ છે તે જુવો તો ખરા. ગુમાનબા તો સ્હવારે જાહેરનામું ચ્હોંડશે."

ચંદ્રકાન્ત. "ભાભીના આજના ઉન્નત ચરિત્રથી તેમને ધન્યવાદ આપુ છું. એટલુંજ નહિ પરંતુ આજે સરસ્વતિચંદ્રને બચાવવા પ્રાણાર્પણ કરવા તત્પર થયેલીએ પોતાના ચારિત્ર્યથી જે છાપ પાડી છે તેને માટે આપણે સઘળાં તેમનાં ઓશિંગણ છીએ."

બે હાથ જોડી વિનય દર્શાવતાં કુસુમ બોલી. "ચંદ્રકાન્તભાઈ, રંક ઉપર એટલો બધો ઉપકાર ચઢાવતા નહિ. હું તો દાસી છું. મેં તો મ્હારો છાયાધર્મ બજાવ્યો છે. ઇશ્વરે આજે સર્વને ઉજળાં રાખ્યાં તેથી તેજ મહાન વિભૂતિને સર્વ ધન્યવાદ ઘટે છે."

સર્વને વિષમકાળનુ સ્મર્ણ થતાં ગદ્‌ગદિત થઇ ગયા ને ચક્ષુમાં પ્રેમ બિન્દુ ટપકી રહ્યાં.

ચંદ્રકાન્તઃ અવર દેશોના સંસાર ચરિત્ર તપાસતાં આર્ય મહિલાઓમાં પ્રાચીન કાળથી સ્વામી પરાયણતાનો મહાન ગુણ દષ્ટિગોચર થાય છે. આર્ય સંસાર તરફ દષ્ટિ ફેંકતાં સ્પષ્ટાભાસ થાય છે કે, પ્રેમમયી આર્યપત્નિઓ, હજારો યાતનાઓ, હજારો દુઃખો અને અસહ્ય અપમાનો સહન કરવા છતાં સ્વામિ પ્રત્યે એક નિષ્ઠાવાળી રહે છે, અને જ્યારે તે સ્ત્રી મટી માતા તરીકેની ફરજમાં આવે છે ત્યારે પીડા, અગવડો, અસહ્ય દુઃખો અને મહાન દરિદ્રતા સહન કરી, પુત્ર તથા પુત્રીઓનુ લાલન પાલન કરે છે. આર્ય મહિલાઓની સહનશીલતા એ એક મહાન દિવ્ય ગુણ છે. તેથીજ દુઃસહ્ય યાતનામાં પણ આર્યસંસાર આટલો પણ સુખ ભોગવતો દષ્ટિગોચર થાય છે અને ભારતના પૂર્વના સુદિનનો ઉદય થવામાં એ ગુણ એક મહાન આશા છે."

ગંગાભાભી અને ચંદ્રકાન્ત ટાઢથી કમ્પતાં હતાં. તેમને સારૂ સમય સુચકતાવાળી કુસુમ વસ્ત્ર લઇ આવી.

"લ્યો ભાભીજી, આ નવી સાડી પ્હેરો." કુસુમે સવિનય કહ્યું.

ચંદ્રકાન્તે હાસ્ય કરતાં કહ્યું: "તમે તો નવી સાડી પામ્યાં."

કુસુમ: "લ્યો ત્યારે, તમે પણ વસ્ત્ર બદલો."

ગંગા: "ભાભીએ તો વસંતનો ફગવો આપ્યો."

કુસુમ: "ભાભીજી, તમે તો મ્હોટાં છો. ફગવો માગવાનો તો મ્હારો હક્ક છે.'

ગંગા: "આજે બ્હેન તમને જે ન આપીએ તે ઓછું છે. આજે તમે તો બધાને ઉજળાં રાખ્યાં છે."

સરસ્વતિચંદ્ર. "ચંદ્રકાન્ત, સર બ્રાડલોને ગયે કેટલા દિવસ થયા?"

ચંદ્રકાન્ત· "મ્હને તો એ ગૃહસ્થ વિલક્ષણ લાગે છે."

સરસ્વતિચંદ્ર· "આબેહુબ પ્રમાદધન જેવાજ છે."

ચંદ્રકાન્ત· "એમ કહેવાય?"

સરસ્વતિચંદ્ર· "મ્હને તો શંકા નથી, પરતુ જરા પાકી તપાસ થાય તો ઠીક."

ચંદ્રકાન્ત "એ તો રત્નનગરી જનાર છે. એ કલ્યાણાશ્રમમાં આવ્યા ત્યારે કુમુદથી પરખાયલા નહિ.''

સરસ્વતિચંદ્ર: "કંઈ છાયા પડેલી, પરતુ એ વિષય એવો ગૂઢ છે કે પાકી તપાસ સિવાય કંઇ પણ ઉચરાય નહિ."

ચંદ્રકાન્ત: "ત્યારે તો આપણે એની પાકી તપાસ કરવી જોઇએ.

સરસ્વતિચંદ્ર: "હું એજ વિચારમાં છું. તમને હવે ઘણો વખત થઈ ગયો છે, માટે માજીને જોઇ તેમને સાંત્વન કરો. ને જ્યારે તેમની ઇચ્છા તૃપ્ત થાય ત્યારે જજો અને જતી વખત મળતાં જજો."

ચંદ્રકાન્ત અને ગંગા ગયાં. વિચારશૂન્ય થયેલી કુસુમ ક્ષણભર ચકિત થયેલી આનંદ દર્શાવતી બોલી: "પ્રાણેશ, શુ પ્રમાદધનભાઇ જડે તેમ છે?"

સરસ્વતિચંદ્ર: "મ્હને તો પાકી ખાત્રી છે."

કુસુમ: "મ્હને રત્નનગરી પત્ર લખવા દો. હાશ, જો એમજ હોય તો મ્હારી બેન કેવી સુખી થાય!"

પ્રકરણ ૧૫ મું.

નિ:સાર સંસાર.

"સંસારે સઘળુ દિસે, કાચા રંગ સમાન,
વધુ સુખ તે વધુ ચપળ, વિદ્યુત તેજ પ્રમાણ."

ગુણસુંદરીના ગૃહસંસારની જંજાળ રચનાનું રૂપાંતર થઈ ગયુ હતું, પણ કુટુંબ વાત્સલ્ય અને પ્રેમભક્તિ સંપૂર્ણપણે સચવાઇ રહ્યા હતાં. વૃદ્ધ માનચતુરનો જીવન દિપક હજી સતેજ હતો, તેથી વચમાં તુટેલી સાંકળના સ્નેહીઓ, સ્નેહ સંબંધથી આકર્ષાઇ આકર્ષાઇ એકત્ર થતા અને સુખ દુ:ખના ભાગીઆ થતા. તે સર્વેને સમાન ભાવથી ભેળાં કરી ગુણસુંદરી કુટુંબ મહિષીની પેઠે સર્વનું સન્માન કરી આનંદ કલ્લોલ કરતી હતી. બાવીશ ત્રેવીશ વર્ષની વયમાં કુટુંબ જાળનો ભાર જે શરીરે વહ્યો હતો, તે શરીર હજી કુટુંબની કાળજીમાં ને કાળજીમાંજ કાર્ય દક્ષતા વાપરતું અટક્યુ નહોતું. કુટુંબનાં માણસોની ભરતી વખતો વખત ભરાતી અને વેરાતી, પણ કુટુંબમાં વડિલનો મોભો રાખી રહેલી ગુણસુંદરી સર્વની આશ્વાસનાનું સ્થાન હતું. કુટુંબમાંથી કેટલાંક કાળને વશ થયાં હતાં. ત્યારે કેટલાંક બાળવયમાંથી કિશોર વયમાં અને કિશોર વયમાંથી પાકટ વયમાં આવવા લાગ્યાં હતાં.

કુમારી,[૧] સાલસબા,[૨] મનોહરી[૩] તથા હરિપ્રસાદ,[૪] એ સર્વે પૂખ્ત વયે પહોચ્યાં હતાં; અને ગુણસુંદરીના આગ્રહથી આ સમયે સૌંદર્ય ઉદ્યાનમાં ભેળાં થયાં હતાં. ગુણસુંદરીને કુટુંબ મેલાવડો ગમતો અને તે પોતાના સ્વભાવ પ્રમાણે, કારણવશાત્ ભેગાં કરી, સર્વને સંતોષી આનંદ કરાવતી ને કરતી. ગત્ દિવસોના સંસાર વૈભવને સંભારી સંભારીને કહેતી કે, "ગઇ તક ફરી મળતી નથી. આવેલુ સુખ ભોગવવું ને ભોગવાવવું. વારે વારે સુખ આવતું નથી, અને કુટુંબની પણ સમુદ્ર પેઠે ભરતી ઓટ થાય છે. ભરતીમાં જે મોજ છે તે મોજ ઓટમાં મળતી નથી. અને ફરી ભરતી થાય છે ત્યારે કાળબળ ફરી ગયું હોય છે. એટલે એ ન્યાયતુલાએ આગલા પાછલા સંસારની અંદર, પ્રથમની અમૃતમય માધુર્યતા રહેતી નથી. માટે આવેલા સુખને પ્રમાદથી ખોવું નહિ. સાત્વિક કુટુંબ વૈભવ એ સ્વર્ગ સુખથી અધિક છે."

આજે સુદરની શોકાર્દ્ર ભાવથી દ્રવતી મુખમુદ્રા જોઇ ગુણસુંદરી પણ તેવી થઇ ગઇ, અને કુમુદને નિમિત્તે સુંદર અને ગુણસુદરીનું મુખ ઉતરેલું જોઇ આખા કુટુંબ ઉપર શોકની છાયા પસરી ગઇ. તેમાં આજે પ્રમાદધનની સંવત્સરી હોવાથી ઘરમાં સર્વ કોઇ શોકમય બની ગયાં.

છાતીમાં ડૂમો ભરાયલો હોવાથી સુંદર પાછલા ઓરડામાં ગઇ. ત્યારે આખમાંથી આંસુ સારતી ગુણસુદરી પાછલી બારીએ હાથ ટેકવી ઉભી ઉભી રડાય એટલુ રડી. વિધવા દિકરીના દુઃખની પરિસીમા માપી અસાર સંસારની નિઃસારતાનુ દુઃખ સહી રહી હતી.

સવારના આઠ સાડાઆઠનો વખત થયો હતો. કુમારી અને મનોહરી રાંધણી પાસે શાક સુધારતાં બેઠાં હતાં. ગુણસુંદરીનું શોકાર્દ્ર મુખ સાલસબાના જોવામાં આવતાં શોકમય થયેલી તે બે જણી ભેગી ત્રીજી

---

૧ કુમારી–વિદ્યાચતુરની બેન. દુઃખબાની દિકરી.

૨ સાલસબા–ચંચળના દિકરા ચશપ્રસાદની વહુ.

૩ મનોહરી–હરિપ્રસાદની વહુ.

૪ હરિપ્રસાદ–માનચતુરનો દિકરો.

બળી. ત્રણે શોકમય થયેલાં એક બીજા સ્હામું જોઇ રહ્યાં. શાક સુધારવાની છરી ઢીલી પડી, અને સર્વના મુખમાંથી એક સરખો નિઃશ્વાસ બહાર પડયો.

મનોહરી: "દુનિયામાં ઘણાના ગૃહસ્થાશ્રમ સ્મશાનવત્ બની ગયા છે."

કુમારી: "અરેરે! આશા ભરેલાં પરિણિત જોડાંની આશાઓને અં-કુર આવતાં પહેલા તો નષ્ટ ભ્રષ્ટ થતા જોઇએ છીએ. ખરેખર, સંસાર એ નિઃસારતાનુ સ્થાન છે."

સાલસબા: "બાળ વયમાં સીતા અને રામ, તથા સાવિત્રી અને સત્ય-વાનની કથાઓ શ્રવણ કરતાં તે વખતે સંસાર, જીવન પતિ પત્નિના પરસ્પર અખંડિત સ્નેહ અને ભક્તિનો સુખી સમય હશે એમ ધારતા, અને રસ-મય સુખી જીંદગીના સ્વપ્ન કલ્પતાં પણ મોટાં થયાં એટલે આંખો ખુલી અને સંસારનું ખરૂં સ્વરૂપ સમજાયુ."

મનોહરી: "સંસારમાં શાન્તિ અને સુખની આશા એ ધુમાડાના બાચકા જેવી છે."

કુમારી: "ભણેલાં અને વગર ભણેલાંના સંસાર સુખમાં ફેર ખરો"

મનોહરી: "વગર ભણેલાનો ભડકો ને ભણેલાંની હોળી."

સાલસબા: "એમ કેમ?"

મનોહરી: "અમારા જેવાં વગર ભણેલાનો ભડકો ને ભણેલા સર-સ્વતિચંદ્રની હોળી! કુમુદની દુર્દશા જોની."

સાલસબા: "પરસ્પર સ્હેજસાજ ખામોશી ન રાખવાથી સંસા-રમાં આવતા અનિષ્ઠ પરિણામને અટકાવી શકાતું નથી. જીંદગીની ઉજ્વળ સુખમય આશાઓ નષ્ટ થાય છે ને ગઇ તક ફરી આવતી નથી."

કુમારી: "શું ભણેલાંઓ પણ જીવનના સુખનાં સાધનો માટે બેદર-કાર રહેતાં હશે?"

મનોહરી: "અક્કડતા અને શંકાથી ઉદ્ધત થએલાં ભણેલાંઓજ કપોળ કલ્પિત સ્વચ્છંદને તાબે થઇ મિથ્યા અભિમાનમાં સંસારને વરઘોડે ચઢે છે, તેમની વાતજ કરતી નહિ. એ તો કાળો કોટ, શ્વેત કૉલર અને ફ્ક્નો સાજ સજવામાં શૂરા છે. પછી તે અહોનિશ મેલાં રહેલાં વસ્ત્રો અંગને વળગે

એટલી એમના અંગની પણ દરકારવાળા નથી. અને વ્યવહાર કાળમાં, મિથ્યા મમતામાં, વૈમનસ્ય કરવામાં, ભ્રષ્ટાભ્રષ્ટ કરી ધર્મને વગોવી કજીયા કરવામાં, સારે કે નરસે સારી કે નરસી ક્ષણિક નામના મેળવવામાં, અનેક પ્રકારના દુ:ખ દેવામાં અને ભોગવવામાં મહા જય હોય એમ મિથ્યાભિમાનથી અર્થ રહિત ઉપાધિ વ્હોરવામાં આયુષ્યનો અંત લાવવામાં પૂરા છે."

સાલસબા: "એટલો બધો દોષ ન મુકો."

મનોહરી: "તપાસો. દેહશુદ્ધિ અને ચિત્તશુદ્ધિની અપેક્ષા છે? કોટ કોલર ને ચ્હાનો પ્યાલો અને વધુ કરે તો ફુટપાથ પર હાથ ઝાલીને ચાલો. એટલામાં ત્રણ ભુવનનુ સુખ ને બીજો બધો ધબડકો."

સાલસબા: "દેહશુદ્ધિ ને ચિત્તશુદ્ધિ સાથે સંસારને શુ સબંધ છે?"

મનોહરી: "અહંતા અને મિથ્યા અભિમાનથી મદોન્મત્ત થએલાંનાં મનના મળ ધોવાતા નથી મનની શુદ્ધિ સિવાય મિથ્યાભિમાન અને કપોળ કલ્પિત સ્વચ્છંદીપણું શાંત થતું નથી. અને તે શાત થયા સિવાય ચિત્તશુદ્ધિ ક્યાથી? ચિત્તશુદ્ધિ ન હોય ત્યાં સંસારસુખ તથા ધર્મતત્ત્વ કેમ ઝળકે? અને એને અભાવે નીતિના આચરણને આવકાર ભાગ્યેજ હોય. નીતિ અને ધર્માચરણથી નષ્ટ થયેલાંનું આત્મહિત ક્યાંથી હોય? અને આત્મહિત ન કરી શકતો હોય તે પરહિત શુ કરી શકે? કેવળ ભણેલામાં ખપતા, ભાષાજ્ઞાનથી વાચાળ થાય છે. અને તેથી વિવેક કે વિચાર વિનાનો ઘોઘાટ કરી મુકે છે. પરતુ તેઓ પોતાનુ કે જનસમાજનુ કલ્યાણ કરવાની શક્તિ ધરાવી શકતાં નથી."

સાલસબા: "શું વિદ્વાનો અને ભણેલામાં ફેર છે?" ચકિત થતાં પુછ્યુ.

મનોહરીએ ચક્ષુને વિકસાવી પ્રતિઉત્તર કર્યો. "હા. વિદ્યા પ્રાપ્ત કરી ચિત્તશુદ્ધિથી સુસંસ્કારી થયેલા હોય તે વિદ્વાનો અને ભણીગણી વિવેક કે વિચાર વિના સ્વચ્છંદે ભાંગડો વાટનાર ચક્રમો તે ભણેલા, એવા બે વિભાગ થાય."

સાલસબા: "ત્યારે તમે ચક્રમનો વર્ગ જુદો પાડી તેને માટે કહો છો?"

મનોહરી: "હા, એ ભણેલા ગણેલા ચક્રમો, વગર ભણેલા મૂર્ખાઓ કરતાં દૈત્ય સમાન છે."

સાલસબાએ હાથનો ચાળો કરતાં કહ્યું: "આટલો બધો આક્ષેપ મ્હારે મન વસતો નથી."

મનોહરીએ કટાક્ષથી મ્હોં મલકાવી હાથ ઝાલી કહ્યું: "લો, ભણેલા ગણેલાનાં ખોપાળાંનો ઇતિહાસ વાંચી હિસાબ તપાસો. સત્ય તુલના થશે."

સાલસબા: "કહો, ક્યાંથી તપાસશો?"

મનોહરી: "સુખ ને સુધારાનું સ્થાન મુંબઈ, માટે મુંબઇથી શરૂવાત કરીએ."

"હા, હું મુબાઇ ગઇ'તી ત્યારે સીતાપતી પંડિતનું જોડું જોઈ હુ તો છક થઈ ગઇ'તી. મનોહર સૌંદર્ય, અધિકાર, છત અને છોકરાં, એના સુખ-ની તે શી પરિસીમા?" સાલસબાએ આનન્દ પ્રફુલ્લ વદને દર્શાવ્યુ.

અટ્ટહાસ્ય કરતાં મનોહરીએ ઉત્તર કર્યો. "એમનુ સુખ એમને હજો એવું સુખ આપણુને જોઇતું નથી."

આશ્ચર્ય ચકિત થતાં સાલસબાએ પ્રશ્ન કર્યો: "એમ કેમ?"

"એ તો નાટકના રાજા જેવો એમનો ગૃહ સંસાર છે. બગીમાં બેસી બહાર જવાનો ખેલ ખલાસ થયો કે બાઇ બાઇની ઓરડીમાં અને બાઇ બાઇના રૉપમાં. બેંતાલીશ વર્ષે પણુ તાડન સંસ્કાર છે. ઘરમાં બાઇનો વિશ્વાસ ન મળે ને ગૃહવ્યવસ્થામાં એક દિવસ તેલ નહિ તો બીજે દિવસે મરચુ નહિ. સંશય અને કલેશનુ અધિષ્ઠાન છે." મનોહરીએ કહ્યું.

સાલસબા: "એમ તે હોય!"

મનોહરી: "એમાં તો ઉંડાં ઉતરતાંજ નહિ. ઢમઢોલ, માંહી પોલ ને ઉપર છત્તર છાયા. આ તો રાજ્યદ્વારી ખાતુ પત્યું. હવે પકડો કેળવણીખાતું. ગુલાબભાઇ માસ્તર બી. એ."

સાલસબા: "એ તો વિદ્વાન, ઉદાર, હિમ્મતવાન, પરમાર્થ વૃત્તિવાળા, દયાર્દ્રવૃત્તિથી ઘણાના આશ્રયદાતા છે."

મનોહરીએ હાથનો ચાળો કરતાં કહ્યું: "એ બધું ડહાપણુ ખરૂં, પણુ ઘરનાં છોકરાં ધંટી ચાટે ને ઉપાધીઆને આટો આપવા જેવું."

સાલસબા: "એવું તે શું છે?"

મનોહરી: "ત્રણ ત્રણ ચચ્ચાર સ્ત્રીઓએ પણ ધરાયા નહિ. એકનો ત્યાગ, બીજીનું માથુ મુંડયું. નાક કપાતાં રહી ગયું. એ બધા સંસ્કારોની પરિસીમા છે. ત્રાહિ તોબા !"

કુમારી: "ભાભીજી એ તો કહો."

મનોહરી: "ભણેલા ને વગર ભણેલાની તુલનામાં પારકી નિંદાનું પ્રયોજન શું ?"

સાલસબા: "બળ્યું; તમે એવું અટકલું બોલી ચુપ રહો, ને હમારી ઉત્સુકતા વધે છે. તમારે એટલું તો કહેવુંજ પડશે."

મનોહરી: "એમાં સાર શુ છે ? ત્રાસ અને દયા. માસ્તર તો બિચારા પ્રેમાળ અને પ્રેમપરાયણ પણ સાસુજીને તે ગમતું નહિ. એક દિવસે રસોઇઓ માંદો થયો. રસોઇઆએ કહ્યું, "ભાભી, વડામાં મ્હારો જીવ છે. વડુ ખવરાવો તો સારો થાઉં." ભાભીએ કડછીમાં વડું તાળ્યું ને રસોઇઓ તાવે પડેલો સુતો હતો ત્યાં આપવા ગઇ. સાસુએ આ દાવ સાધી બારણું દઈ સાંકળ ચઢાવી, વહુ ઉપર દોષારોપણ કરી ચીસો પાડી મુકી. દિકરાને કચેરીએથી બોલાવ્યો. વહુએ બહુએ આજીજી કરી પણ સાસુજીએ સાંકળ ખોલીજ નહિ. માસ્તરને આવતાં આવતાં તો માએ એટલો વિષનો નિશો ચઢાવ્યો કે ન્યાય અન્યાયનો વિચાર કરતાં પહેલાં, સત્યાસત્ય શું છે તે પુછતાં પહેલાં, બૈરીનો ચોટલો કાપી નાંખ્યો, ને અસ્ત્રાથી નાક કાપવાની તૈયારી કરી. માંદા પડેલા રસોઇયાએ વચ્ચે પડી અસ્ત્રો ઝુંટવી લીધો. નાકે ડાઘો પડી રહ્યો. માસ્તરે પ્રિયાનો ત્યાગ કર્યો. કહો ! હવે ભણેલાની ન્યાયવૃત્તિની કિંમત તમે કયાં આંકશો ? આમાં દયા અને ત્રાસ સિવાય બીજું કાંઇ છે ? વળી કનકપ્રસાદ બી. એ. નું વ્યાખ્યાન તો કંઇ ઓરજ છે."

કુમારી: "ભાભી, કહો તે શું છે ?"

મનોહરી: "કનકપ્રસાદ બી. એ. ની સ્ત્રી પસંદ કરવાની રીતિએ તો સંસાર વ્યવહારમાં આંગળાં કરડાવ્યાં ! પારકી છોકરીઓની પરિક્ષા કરી પસંદગી બતાવવી, પૈસા ઓહીયાં કરવા, ને વરી પાછી બીજે સ્થળે પસંદગી

નાંખવી. એમ બબ્બે સ્થળે કર્યું. ત્રીજે સ્થળે લગ્ન કર્યું. ત્યાં પણ શું ? આને પૈસે મોજ માણવી. પૈસાના વાધા પડયા કે ચૌદમું રતન. કહો એ પૈસાના કેવા સગા ? કહો એ તે વિદ્વત્તા કે ચક્રમતા ?"

સાલસબા: "બાપુ, ભણ્યા ગણ્યા આવું શિદ કરતા હશે ? એમના ભણતરમાં ધૂળ પડી."

મનોહરીએ ક્રોધમય ચક્ષુ વિકસાવી બે આંગળી અક્કડ કરી ક્રોધમાં કહ્યું "અરે, મ્હારા જેવી કોઇ કુમારિકા મળી હોત તો પેટમાં કટારીજ ખોસી દીધી હોત, કે ઢોંગ ધતુરા અવળા નિકળત."

કુમારી: "હા, એ તો મેં ઓળખ્યો, પેલો દાઢીવાળો."

સાલસબા: "આવા કેટલા હશે ?"

મનોહરી: "ભણ્યા ગણ્યાના ભવાડા હજી તો ઘણાએ છે. રતિપતી-લાલનો રાંપનો વરી જુદો. પોતે કાળા સીતીના ભાઇ પણ બાઇએ મડમ થવું જોઇએ. અંગ્રેજી ભણવું જોઇએ. બિચારી અગ્રેજી શીખી. હવે એટિ-કેટ નથી. તેનો વાંધો નિકળ્યો. પાણી ગ્રહણ કર્યું હતું એટલે ખાડમા પડી હતી. જખ મારીને એટિકેટ શીખી કહે લોન્ડી નવાબ તો કે નવાબ કહ્યા છતાંએ આખરે સંસારના કિનારા ઉપર આતુર ચાતકની પેંઠ સંસાર સુખની તૃષ્ણાના વિચારમાં ને વિચારમાં બિચારી સંસાર ત્યાગી ગઇ."

કુમારી: "હાય, હાય, આ તો ભીષણ ક્રૂરતા !"

મનોહરી: "વળી વિલાયતમાં જઈ આવેલા બારિસ્ટર સાહેબની બલિહારી એથી પણ વધે એમ છે. રત્નલાલ બારિસ્ટર સાહેબના મનમાં તુરંગ આવ્યો. પ્રિયાનો ત્યાગ કર્યો. મૌન્ય ધારણ કર્યું. પ્રિયાએ માફી ચાહી, યાતના કરી પણ કંઈ પ્રતિઉત્તર નહિ. ભીષણ દુઃખની યાતના વેઠ-તીજ રહી. દૈત્યને દયાનો પાશ લાગ્યોજ નહિ."

કુમારી: "આ તો બૈરી ઉપર બારિસ્ટરપણું ચલાવ્યું. વાહ રે મ્હારા બારિસ્ટર સાહેબ ?"

મનોહરી: "મણીભદ્ર વકિલના વગોણાનું વલોણુ વિષ ઉત્પન્ન કરે એવું છે. સમાન વયનાં પતિપત્નિ આનંદ કલ્લોલ કરતાં. પ્રિયા સાચા બોલી

પણ જરા બહુ બોલી હતી. સાસુ નણદને ખરો ને ચોખ્ખો ઉત્તર આપતી તેથી અંટસ વધતો ગયો. સાચા બોલી સાસરે ન સમાય તેમ સાચું કહેતાં આડું પડયું. અને ગૃહરાજ્યમાં કંકાસનુ મૂળ ઝામ્યું. બ્હેને ભાઇના સાચા જુઠા કાન ભંભેર્યાજ કર્યા. આખરે પતિએ મહા કલેશને લીધે પ્રિયાનો ત્યાગ કર્યો. સત્ય વાતનો ન્યાય ન થયો. એક સ્ત્રી થઈ તે ગત થઇ, બીજી થઇ તેનો કંકાસમાં ક્ષય થયો. અસારના વલોણામાંથી ક્ષયનું વિષ ચઢયુ ને નિકંદન ગયુ."

"વકિલે ઘણાના કેસ ચલાવ્યા હતા. જન પ્રકૃતિના માહિતગાર હતા. કેમ સત્ય ન તારવ્યુ?" કુમારીએ પ્રશ્ન કર્યો.

"સત્યની વાતજ જવા દેની. એક પ્રસિદ્ધ વકિલે તો પોતાની ધર્મ પત્નિના મંગળ ફેરાનો ઈન્કાર કરી લગનનો પણ ઇન્કાર કર્યો હતો. ભણેલા ગણેલામાં ખપતા ઢબ્બુઓનાં યુક્તિ ભરેલા જુઠાણાને જવા દેની." મનોહરીએ મરડાટમાં કહ્યું.

"લોક લજ્જાને ઉંચી મુકનાર ભણેલા, હડહડતા જુઠ્ઠા ઢબ્બુઓની ગુહ્ય સાન કોઈ ઠેકાણે આણે એવું નથી?" સાલસબાએ સાલસાઇથી પ્રશ્ન ઉલટાવ્યો.

"કોઈ માથાની મળે તો એમ પણ થાય. પેલા મુનસફ સાહેબે ઘણુએ કર્યું. નવી કરેલી પત્નિનો સ્વિકાર ન કરવાને ઘણી ગતો રમ્યા પણ આખરે બાઇ સાહેબ કૉર્ટે ચઢયાં ને કાયદા પ્રમાણે ધણીનો કબજો લીધો અને માથું મારી ધણીના ઘરમાં રહી." મનોહરીએ વિગતેથી કહ્યું.

"એ તે ખરી માથાની." કુમારીએ ટાપસી પુરી.

સાલસબા: "વારૂ, એવું તે થતું હશે? પરાણે પ્રિત તે કેમ રહે?"

મનોહરી: "ધણી ન બોલે ચાલે તો બૈરી કૉર્ટમાં દરખાસ્ત ભરી અમલ કરાવે એવી છે."

કુમારીને ખડખડ હાસ્ય થયુ. તે હસતાં હસતાં બોલી "આવું આવું ન કહેતાં. એવું સાંભળીને બૈરીઓ કૉર્ટમા જશે ને બૈરાથી કૉર્ટ ઉભરાશે."

"મલિન વિચાર, અપવિત્ર વિકાર, ક્ષુદ્ર સંકલ્પો, અને પાતકી આ-ચારમાં લચ્યા પચ્યા રહેલા ભણ્યા ગણ્યાનો ડોળ રાખનારા ઠગ્ગુઓને તો પાંસરા તીર જેવા કરવા જોઇએ." મનોહરીએ અક્કડ છાતી કહાડી રૂઆબમાંજ કહ્યું.

સાલસભા: "પાઠશાળામાં શિક્ષણ લીધેલી બાળાઓ, સંસારને યથા-સાંગ સુખમય કરી શકે છે ?"

મનોહરી: "સર્વાંશે નહિ. પરંતુ નિરક્ષર ડોસીઓ સાથે સરખાવતાં નીતિ રીતિમાં તો તેમનાથી સંતોષ થયો નથી. ઉચ્છૃંખલ, અધર્માચરણી, સ્વચ્છંદિ, અને ભમતિલીઓ વધુ નિવડે છે. તેમના ગૃહસ્થાશ્રમમાં ક્લેશ, ચિન્તા, મનોવ્યથા, હેરાનગતી ને ત્રાસ અવર્ણનીય હોય છે. ભણેલીગણેલી રૂક્ષ્મણી ઈંગ્લેન્ડ જઈ ડાક્ટર બની આવી અને પતિનો ત્યાગ કર્યો પછી સુખ તે ક્યાંથી હોય ? ઝુરી ઝુરીને મ્રરે એ તે વિદ્યા ? પાઠશાળામાં જતી કંચનગૌરી પંદરે દિવસે બાપને ત્યાં પાછી આવી આ તે ઉચ્ચ સંસ્કારો ! આનંદમલ્લની ભત્રીજી ભણીગણી મ્હોટી થઇ. ધણી નાપસંદ પડયો. ઘર ન માંડયું. કાકાએ ઘણું સમજાવ્યુ. પતિએ વિનય કર્યો છતાં સાસરે જતાં પેટમાં ચુંક આવે. પોતાનો ભવ બાળ્યો ને બીજાનો ખરાબ કર્યો. બાઇ સાહેબ વિલાયત જઈ બેઠાં. એવી બૈરીઓ ગરીબ ગૃહસ્થાશ્રમને શા કામની ? એ ભણતરને કેવું કહેવું ? ભણેલી અને ભણેલાની હોળી તે આવી ને આવી છે ને તે હોળીમાં આપણાં કુમુદ બ્હેન પડયાં છે."

"વગર ભણેલાના ભડકા. તેમની બુદ્ધિ ટુંકી તેમ ક્લેશ કંકાસે ટુંકા. વિજળીનાં વગોણાં, જમનાનાં જાદુ ટોણાં, ઘેલાભાઇની ગોદાગોદી ને કમળા-ગૌરીનો કંકાસ. કજોડાંની કહાણીઓ ને દેરાણી જેઠાણીઓનાં મ્હેણાં ઓઠાં ! ધણી ધણીઆણીઓનાં છોકરવાદી રિસામણાં મનામણાં. ન્હાનાં મ્હોટાં છમ-કલાં. ભડકો થાય ને બુઝાય. લોક લજ્જાએ કે પ્રેમની લાગણીએ, છુટાં થએલાં ભેગાં થાય ને તુટેલા સંસારનું ગાડુ ચ્હીલે પડે. વિનયે કે વચે તુટેલા પ્રેમને થિગડું દેવાય ને સંસાર મીઠો લાગે. અમારા જેવાં વગર ભણેલાંના ભડકા તો વધે અને વખને ઠંડા થાય પણ ભણેલા ગણેલા સર-

સ્વતિચંદ્રે સળગાવેલી હોળી જો ને, હોલવેલી હોલવાય છે ! આજે બધાનાં મન ઉદ્વેગમય છે. સુંદર કાકી ઓરડામાં ફરે છે. ગુણસુંદરી કાકી બારીએ ઉભાં ઉભરો ખાલી કરે છે. કુમુદ તો હજી દુઃખની ચિતામાં ભસ્મીભૂત થયેલી સળવળતીજ નથી. ”

હાંફલો ફાંફલો હરિપ્રસાદ ગુણસુંદરીને શોધતો શોધતો આવ્યો. તે સર્વેને કરૂણારસની રેલીમાં ખિન્ન થયેલાં જોઇને દિગ્મૂઢ થઈ ગયો. તેણે ગુણસુંદરી ક્યાં છે? એવો પ્રશ્ન કર્યો. મનોહરીએ આંગળીથી ઇસારો કરી પાછલી બારી બતાવી. હરિપ્રસાદે કાકીના હાથમાં પત્ર મૂક્યો. બેનારીએ આંખને લુછી. ઉંડો નિઃશ્વાસ મુકતાં પત્ર હાથમાં લીધો. પત્રને ફોડ્યો. વાંચતાં વાંચતાં સ્તબ્ધ થઈ ગઇ. આનંદ અને ખેદ બેની અસર અનુભવતી નિરુત્તર સજ્જડ થઇ ગઇ. ચતુર સુદર, ગુણસુંદરીની સ્થિતિનો ભેદ પામી ગઇ. સફાળી પાસે આવી બેઠી. ગુણસુંદરીએ પોતાના હાથમાંનો પત્ર સુંદરગૌરીને આપ્યો. સુંદરગૌરીએ પત્રમાં મન પરોવ્યુ.

મુંબઈ. તા. ૪ ગુરૂવાર.

પરમપુજ્ય માતુશ્રી.

સુ. રત્નનગરી.

મુબઇથી લિ. ચિ. કુસુમના સાષ્ટાંગ પ્રણામ માન્ય કરવા કૃપા કરશોજી. આપના અને પિતાજીશ્રીના કૃપાપ્રસાદથી આનંદમાં છું.

વિશેષ, સર બ્રાડલો નામના ગૃહસ્થ આપના તરફના પ્રદેશો નિહાળવાના નિમિત્તે પધારેલા છે. તેઓ દેખાવે સ્પષ્ટ ભાસે છે. પરંતુ તેઓ હાલ લન્ડન નગરીના મહાન નર તરીકે તથા મહાન સમૃદ્ધિવાન વ્યાપારી તરીકે ઓળખાય છે. એમાં મ્હોટો ભ્રમ છે.

આવા સમૃદ્ધિવાન મહાનરને આપણા આપ્ત છે એમ પણ કેમ કહી શકાય? ત્યારે બીજી તરફથી તેઓ આપણા આપ્ત છે એમ પાકી ખાત્રી થાય છે. વિશેષ વર્તમાન મેળવવા માટે પોતેશ્રીએ લન્ડન તાર કર્યો છે. એ દરમ્યાન આપને તથા પિતાજીશ્રીને જે ધર્મ ગ્રાહ્ય થતો હોય તે ગ્રાહ્ય કરશો. પરંતુ પાંજરામાં આવેલા પંખીને ઉડવા દેતાં નહિજી.

ઉત્તર લખશો. અત્ર સર્વ કુશળ. તત્રાસ્તુ.

લિ. આપનો કૃપાપ્રસાદ ઇચ્છિનાર ચર્ણરજ

કુસુમના અનેક પ્રણામ.

સુંદરે ગુણસુંદરી સામુ જોયું ને ગુણસુંદરીએ સુંદર સામુ જોયું.

"હાય, હાય, એ તો હમણાંજ ટાંગામાં બેસીને ગયા." સુંદરે સફાળા થઇ ઉદ્ગાર કહાડયો.

ગુણસુંદરી "હેં." કહી ફાટેલી આંખ જોઇ રહી.

સુંદરે હરિપ્રસાદને હુકમ કર્યો "ભાઇ, આ પત્ર તમે જાતેજ તમારા કાકાને આપી આવો ને તે સાથે વડિલને આ વર્તમાનની ખબર આપો."

સુંદર ને ગુણસુંદરી કુસુમના વિદ્યાલયમા ગયા. ત્યા અતિથિની ટ્રંક પડેલી હતી. સુંદરે તેને ખંખોળી. એક રબરના પાકિટમાથી રૂપાનું ફ્રેમ નિકળ્યું. તેમાં કુસુદની છબી હતી. સુંદરે તે ગુણસુંદરીને બતાવી ને તેના સ્હામુ જોઇ રહી. શંકા, આનંદ અને ખેદના હીંચોળામાં આંચકા ખાતા ખાતાં બન્ને એક બીજા સામુ જોઇ રહ્યાં. હવે કયો ધર્મ ગ્રાહ્ય છે તે કોણ કોને પુછે? અસ્વસ્થ મગજમાં સંશય અને ભ્રમણાના આંચકા વાગ્યાજ ગયા.



પ્રકરણ ૧૬ મું.

શોક સાગરમાં આશાની ઉષા.

" આશા મધુર અમૃતને ભરે છે,
આનંદ રશ્મિ હૃદયે પુરે છે.
શોકાગ્નિનો નાશ પુરો કરે છે,
આશા સ્ફુરે રંગ બધા ફરે છે."

સૌથી વધારે સાત્વિક અને તલસ્પર્શિ બુદ્ધિની અસિમ સીમાના પંથમાં પહોંચેલી, કઠિનમાં કઠિન પ્રસંગોમાં કઠિન કસોટીમાં કસાયલી કુમુદના મનોબળે પવિત્રતાના પ્રતાપે હાર્દ ઉકેલ્યું. આત્મબળના .ાણુ થયેલી જ્યોતિએ અદ્ભૂત બળ પ્રેર્યું. નન્દન વનની લહરીઓમાંથી સ્ફુરતા પવન વેગના જેવા વિચારો દોડવા લાગ્યા. તેણે હાથમાં કલમ ઝાલી. વળી મ્હોંમાં કલમ ઘાલી, વિચારમાં પડી.

આજે સૌંદર્ય ઉદ્યાનમાં ખિલેલા અનંત કુસુમની લહરીઓ તેને સ્પર્શ કરી શકી નહિ. મંજરિઓમાં ઝુલતાં રમ્ય પુષ્પોની સૌંદર્યતા તેને આકર્ષિ શકી નહિ. અમૃત કુંડ જેવા મનોહર ફુવારામાંથી સ્ત્રવતિ અનંત ધારાઓ તેના ચિત્તનું ખેંચાણુ કરી શકી નહિ. તેણે મ્હોંમાંની કલમને બે આંગળી વચ્ચે દાબી હડપચીને અંગુઠાથી સ્પર્શ કરી ઉદ્ગાર કહાડયો: " મ્હારામાં સત્ત્વ નથી, મનોહરતા નથી, પવિત્રતા નથી, હું કંટાળા ભરેલી છું. એવું

જેઓ એક વખત ધારતા, તે આજે મ્હને પરમ પવિત્ર ધારે છે, મ્હારી મહત્તા માને છે, પોતાના દોષને સ્વિકારે છે, મ્હને નિર્દોષ ધારે છે, મ્હારી ગુણગ્રતા વિચારે છે, ને મ્હારામાં વિશ્વનું સૌંદર્ય જુવે છે. મ્હારે માટે આટલુ આટલું સહે છે તેની પ્રીતિને અને કૃપાને પાત્ર થવું એજ મ્હારૂં કર્ત્તવ્ય છે. શું એ સત્ય છે? હા, એજ સત્ય છે. મનુષ્ય જીવનમાં ક્ષમા અને ધૈર્ય એ મહા દિવ્યતા છે. મનુષ્ય માત્રનું હિત થાય, શ્રેય થાય, ક્લેશાર્ત જીંદગીઓમાં આનંદ અને સુખનાં અમૃતજળ સિંચાય, તિમિર ભર્યા જીવનમાં પ્રીતિનાં કિરણોથી પ્રકાશની પ્રભા ફેલાય, નિચામાં નિચા અનુભવથી ખરડાયલાઓનાં જીવનને ઉંચે ખેંચાય, ખોયેલું ચારિત્ર્ય બળ પાછુ મેળવી ઉન્નત પંથે ચ્હડાવાય, ત્યારેજ જન્મની સાર્થકતા થાય. હા, સંસાર અને આચાર વિચાર વડે મ્હારો માર્ગ ગુંચવાયલો છે, પરંતુ આ તો કર્ત્તવ્યધર્મની કસોટી છે. એને ભેદવાને પણ પ્રયત્નશીળ થવું પડશે. સ્ત્રી ધર્મને તે ગ્રાહ્ય છે. મૃદુતા, સ્નેહ, સુંદરતા, સ્વાર્પણભાવ, સહનશીળતા, અને ભક્તિ, એ સર્વની ઉરવાહિની સ્ત્રી છે. અને વીરત્વતા, દ્રઢતા, ધીરતા, પ્રીતિ, કર્ત્તવ્ય, એ સર્વનું પોષણ કરનાર પુરૂષ છે. એ સંયુક્ત ગુણોનું સંમિલન પતિ અને પત્નિરૂપ યુગલ જોડાવાથીજ થાય છે. ત્યારેજ જગતના કર્ત્તવ્યધર્મ યથાસાંગ બજાવાય છે. આ કાળે મ્હારે આવશ્યક ધર્મ બજાવવાનો છે તે બજાવવોજ પડશે. આ કર્ત્તવ્ય બજાવવામાં કોને શું કહેવું? કેવી રીતે કહેવું? જીભ શી રીતે ઉપાડવી? આ વર્ત્તમાનને કોણ માનશે? હવે કેવી રીતે મનાવવું? આપ્ત જનોનું કેવી રીતે ખેંચાણ કરવું? શું બોલવું?" એ વિચારે કુમુદની આંખમાં આંસુ તરવરી આવ્યાં. મુખારવિંદ કરમાઇ ગયું. કર્ત્તવ્યે આત્મબળ આણ્યું. તેણે મિસ ફ્લોરા માર્ફતે કાર્યને અમલમાં આણવાનો નિશ્ચય કર્યો. પત્ર હાથમાં લીધો ને શોકસાગરમાં ડુબેલીએ કલમને ખડીઆમાં બોળી લેખ શરૂ કર્યો:-

વ્હાલાં બ્હેન મિસ ફ્લોરા.

મુ. રત્નનગરી.

આપના અત્રેના પ્રવાસને અભિવંદન આપુંછું. આપ તથા આપની

સાથે પધારેલા મહાશયના દર્શનની અપેક્ષા રાખું છું. આપને તથા તેઓશ્રીને ક્યો વખત અનુકુળ પડશે તે કૃપા કરી દર્શાવશો."

લિ. જગત માત્રના કલ્યાણને ઇચ્છતી,
નમ્ર, આધિન–કુમુદ.

પત્ર એન્વેલપમાં બંધ કર્યો. મિસ ફ્લોરાના નામનું સરનામુ કર્યું. સિપાહીને બોલાવવા બટન દાબ્યુ. નાદ થતાંજ સિપાહી હાજર થયો.'

"આ પત્રિકા મડમ સાહેબને આપી આવો." કુમુદે આજ્ઞા કરી.

"બોટ ખુબ" કહી સિપાહી પત્રિકા લઇ ગયો. પત્રિકા લઇને નીચે ઉતરતાજ મડમ સાહેબ અને આવેલા અતિથિ બન્ને બહાર ગયાના વર્તમાન જાણ્યા. ટાંગો જતો જોઈ સિપાહી પત્રિકા લઈ પાછળ દોડયો. ટાંગો ગામ બહાર નિકળી ગયો. સિપાહીએ દોડી પહોંચી ને ચિઠ્ઠી આપી. ચાલતે ટાંગે ચિટ્ટી વાંચી. મિસ ફ્લોરાએ ચિઠ્ઠી અતિથિના હાથમાં મુકી. તેણે વાંચી ગજવામાં મુકી. મિસ ફ્લોરાએ અતિથિના સ્હામુ જોયું. કંઇ ઉત્તર મળ્યો નહિ. મિસ ફ્લોરાએ સિપાહી તરફ હાથ હલાવી રજા આપી. "બોટ ખુબ" ને પ્રતિઉત્તર કરી સિપાહી પાછો ફર્યો.

આતુરતાથી પ્રતિઉત્તરની રાહ જોતી કુમુદ દ્વારમાં ઉભી ઉભી સંકલ્પ વિકલ્પો કરવા લાગી. તેના સકલ્પો અનિવાર્ય હતા. હૃદયમાં ઉઠતા પ્રશ્નો પણ કામના નહોતા, પ્રતિઉત્તર ન મળે એવા કઠિન હતા. ઉતર આપે એવું કોઇ એની પાસે નહોતું. કોમળ હૃદયમાં ઉભરાતા વિચારે ઉભરા કહાડવા માંડયા:—

"ઉંડાં દુઃખડાં કોને કહેવાં?
કારી ઘા છે કાતિલ એવા.
હૈયું આજ નિસાસા લે છે,
આંસુડાંને પૂરે વ્હે છે."

વિચાર સ્તંભ્યા. પાછી વિચાર સંકલનાની સાંકળ ચાલી:—

"ભાવિ ભૂત તણા ભણકારા,
આણે છે એ આંસુ ધારા.

હૃદય-દાહ પ્રજળ્યાજ કરે છે,
શ્વાસો પુરા દુઃખના લે છે."

કુમુદ હડપચીએ આંગળી લગાડી બોલીઃ—

"ગયેલું કેમ ગયેલ મનાય,
પ્રત્યક્ષ થયલું કેમ વિસરાય.
હૃદય આંખ પુરે છે સાખ,
અંતર બળી થાએ છે ખાખ."

વિચારની સાંકળમાંથી ડોકીયું કરતાં નયનને ગચ્ચીના જાળીઆના પ્રદેશમાં સ્ત્રીવર્ગની છાંયા જણાઈ. મનને કુતૂહળ લાગ્યું, એટલે કર્ણ જાળીઆમાં ધર્યા. સંભળાયું એટલું સાંભળ્યું. નેત્રને પ્રવૃત્તિમાં મુકી નિહાળ્યું. ગુણસુંદરી અને સુંદર કાકીને અતિથિની ટ્રંક ખોલતાં દૃષ્ટિગોચર કર્યા. તેમાંથી એક ફોટોગ્રાફ નિકળ્યો. તેની સાથે એક અંગ્રેજીમાં પત્ર હતો. એક બીજાને અરસપરસ બતાવ્યો. સંકલ્પ વિકલ્પમાં પડેલી ગુણસુંદરી બોલી: "આ તે શું?"

હૃદયમાંથી નિઃશ્વાસ મુકતાં આતૂરતાથી સુંદરે પ્રતિઉત્તર કર્યો: "અંતરની જીજ્ઞાસામાં ઇષ્ટ હતું તેજ પ્રત્યક્ષ થાય છે."

"શું આ પુરાવો છે?" ગુણસુંદરીએ ધ્રુજતા અંતઃકરણમાંથી હર્ષ અને ગંભિરતાથી ગુંચવાતાં પ્રશ્ન કર્યો.

"કુસુમ પત્રમાં સંકેત કરે છે. અનુભવમાં આવવા યોગ્ય આવે છે. હવે યોગ્ય ભૂમિકા ઉપર તપાસ થશે ત્યારે ખાત્રી થશે." સુંદરે ઉત્તર દીધો.

અંતર જીજ્ઞાસાથી જાળીઆમાં લપાયલી કુમુદે દૃષ્ટિને પાંપણોમાંથી ઉચી વળવા દઈ, ચક્ષુની શક્તિ જેટલી ખેંચાય એટલી ખેંચી નિશ્ચય કરવા પ્રતિમા સ્હામી નાંખી તો પોતાનીજ પ્રતિમા જણાઇ. સાનંદાશ્ચર્યતાથી, કંપતે સ્વરે, અધિર હૃદયના ઉભરાતા વિકારથી સ્તબ્ધ થઈ દૃષ્ટિપાત કરી રહી. ગુણસુંદરી અને સુંદર પ્રાસાદમાં આવ્યાં. એણે તો દૃષ્ટિથી નિહાળ્યા કર્યું ને વિચારવા લાગી.

"સંસારીનો જીવન પ્રવાહ દિવસ જેવો છે. દિવસને અંગે જેમ તડકો અને છાંયડો, પ્રકાશ અને અંધારૂં, તે પ્રમાણે જીવન પ્રવાહમાં પણ સર્વદા સુખ અને દુઃખ, તેમજ હર્ષ અને શોક વહિ રહેલાં છે. સંસારી જનોમાં પતિપત્નિના ધર્મ સંબંધી તેમના હૃદય ઉપર મહાન સત્તા રહે છે. ચક્ષુના પ્રદેશને બંધ કરી જોતાંજ હૃદયપટ ઉપર આલેખાયલી પ્રેમ પ્રતિમા તદાકાર ઉભી થાય છે. ધર્મના જ્ઞાનવાળી હૃદય શુદ્ધિનો નિશ્ચય તો સર્વ ધર્મ જેને શ્રેષ્ટ ગણે છે તે પતિવ્રતનોજ પક્ષપાત કરે છે, અને તેજ સ્ત્રી માત્રનો ધર્મ છે. પતિવ્રત ધર્મથી ભ્રષ્ટ થયેલી ભ્રષ્ટાઓને પણ ઉન્મત્ત દશા જાય છે, ત્યારે તેમના હૃદયની શુદ્ધ પ્રેમવૃત્તિની દૃષ્ટિ ધર્મપતિમાંજ ઠરે છે. તેનેજ શોધે છે, અને તેની હૃદયવૃત્તિ ત્યાં સુધી શાંત થતી નથી. તેજ દશા ઉન્મત્ત દશામાં પ્રવૃત્ત થયેલા પુરૂષોને પણ ભોગવવી પડે છે. પુરૂષનું મન આથડે અને ભમી ભમીને થાકે ત્યારે આખરે ધર્મ પત્નિમાં જાય ત્યાં સુધી હૃદયને તૃપ્તિ કે શાન્તિ મળતી નથી. આ સિદ્ધાંત-ન્યાયે પ્રાણેશની સ્થિતિ કળાય છે. તૃપ્તિ ઉભયને નથી. અધિરતાનો અંત નથી. ધૈર્ય ધરી માર્ગ ખોળી શકતાં નથી. મ્હારાથી ખોળી શકાતો નથી મ્હારા જીવિત નાથના હૃદયમાંથી હું પારા પેઠે સરી ગઈ નથી. સ્વામીના હૃદય કિલ્લામાં સબળ છાપો મારેલો છે. તેમની આંતર ઇચ્છા પારદર્શક જણાઇ ચુકી છે. પરંતુ કર્ત્તવ્ય સિદ્ધિમાં શંકા છે. હવે અમારૂં સખીકૃત્ય કોણ કરે? શુષ્ક થયેલા જીવન માર્ગમાં અમૃત રેડી ચૈતન્ય કોણ આણે? સંસારની મર્યાદા કેટલી હદ સુધી રાખવી? અધિકાર ક્યાં સુધી અટકાવવો? સ્ત્રી ધર્મનો એ અધિકાર છે. યથાકાળે સંસારમાં સ્ત્રીને પોતાને હાથેજ પોતાનો અધિકાર ચલાવવો પડે છે. પરમ સાધવી સીતાએ પતિ સાથે વનવાસ જવામાં પોતાનાજ હાથમાં અધિકાર લીધો હતો. દ્રુપદ પુત્રિ દ્રૌપદિએ રાજ્યભ્રષ્ટ થયા પછી પતિની સાથેજ સંબંધ રાખ્યો હતો. પરમ સાધ્વી સાવિત્રીએ પરમ પુરૂષાર્થ કરવાનો અધિકાર હાથમાં લઈ પતિને જીવન દશા પ્રાપ્ત કરાવી હતી. ગત કાળનો વિષમય અનુભવ વિસ્મૃત કરાવી કલ્યાણકારક, હૃદયપાવન કૃપાપ્રસાદનું સેવન કરી, પ્રેમ આસ્વાદન કરાવવાનો અધિકાર શું આ કાળે મ્હને પ્રાપ્ત થાય

છે ? પ્રાણેશની હૃદય ગુહામાં હું વસી છું. હવે તો ફક્ત હૃદયમાં અમુઝણ ભરાઇ ગઇ છે. એકજ ઘટિકા માત્ર હૃદય ઉઘાડવાનો અવસર મળે તો બસ. કહેવાનુ કહી લેવાય અને સાંભળવાનુ સાંભળી લેવાય. સ્વામીના હૃદયમાં સૂક્ષ્મ પ્રીતિની પવિત્ર વાસના સ્ફુરી છે. રસ ચેતન ઉદ્દિપન થયુ છે. પ્રેમ ધર્મ અતિ સૂક્ષ્મ દશાને પામ્યો છે. ભેદનો પડદો ભેદાયલો છે. હવે સંસારી રીતિ નીતિની મતિ એજ અમુઝણ ભરેલી છે. તેને દૂર કરવી તે મ્હારો અધિકાર. તેમાં સંસારી અપવાદથી બચવાને વિવેક વાપરવો એ પણ ધર્મ. સમપદિ કાળે કરેલી પ્રતિજ્ઞા પાળવી એ પરમ ધર્મ." વિચારની ઘટમાળા ચાલતી હતી એટલામાં સિપાહીએ ડોકીયુ કર્યું. "કેમ શુ પ્રતિ ઉત્તર છે ?" આતુર અંતઃકરણથી છલ્લાછલ રેલાતા હૃદયવાળી કુમુદે ચક્ષુ ચગાવી પ્રશ્ન કર્યો.

"મડમ સાહેબને પત્રિકા આપી. તેમણે વાંચી અતિથિને આપી અતિથિએ વાંચી ગજવામાં મુકી. મડમ સાહેબને કાઇ ઉત્તર આપ્યો નહિ, જેથી મડમ સાહેબે મને "બોટ બુબ" કહ્યુ. ને ટાગો તો ચાલતો થયો" સિપાહીએ પ્રતિઉત્તર કર્યો

કુમુદ આ વર્તમાન સાભળી સાનંદાશ્ચર્યથી ચકિત થઈ સ્તબ્ધ થઈ ગઈ. તેના હૃદયપટ ઉપર વામની, મોહિની મૈયા, ચંદ્રાવળી, બસરી, બિન્દુ તથા ગુરૂમહારાજની છબી આલેખાઈ ગઇ. સુંદરગિરીનુ સ્મરણ થતાં આશાના કિરણોએ અમૃત રેલ્યું: "મોહિની, બિન્દુ, ભક્તિ અને ચંદ્રાવળી મૈયા ક્યાં ઓછાં છે ? સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાસનાના મર્મભાગને જાણી તેની જાળ ઉકેલી નાખે એવાં છે. છિન્નભિન્ન થયેલી જીવન સૃષ્ટિમાં કલ્યાણ વિભૂતિના અમૃતમય પરમાણુઓ પ્રેરે એમ છે. કર્મ વિપાક હવે સંસિદ્ધિને પામ્યો હોય એમ ભાસે છે. ગુરૂ શ્રી કલ્યાણદાતા છે. બધો ભાર તેમને શિર છે."

એવા વિચાર વડે જરા વિશ્રાન્તિ મળી, પણ વામની અને બિન્દુ હાસ્યમાં કેવા શબ્દપ્રહાર કરશે ? એ વિચારે હૃદયપટ ઉપર શરમની છાયા છવાઇ ગઇ. તે મનમાં ને મનમાં બોલી:—

"વામની, હવે ત્હારા ટહેલ ટકોરાનો વખત આવ્યો છે. બિન્દુ, તું તો રસધર્મની અધિદેવી છે. સુંદરગિરિમાં જ્યારે આ વર્તમાન પ્રસિદ્ધ થશે

ત્યારે ત્હારા હૃદયપટ ઉપર મહા આનંદ સ્ફુરી રહેશે. માતા ચંદ્રાવળીના દયાસાગર હૃદયમાં પ્રેમ તરંગો ઉછળી રહેશે. હા, શંકિત મનના મર્મનો મળ ધોઈ ધોઇ નિર્મળ કરશે એમાં શક નથી. મ્હારા હૃદયમાં પ્રબળ અન્ધકાર વ્યાપ્ત થઇને ગભરામણુ કરાવતો હતો તે હવે નિવૃત્ત થાય છે. અસતુષ્ટ મનની બુદ્ધિ સતુષ્ટ થશે ને હૃદયને તૃપ્તિ થશે. પણુ મોહિની મૈયાએ વાક્ય પ્રહારથી ગુણિયલને ઝાટકી નાંખી દુર્દશા કરી હતી. તેમ બટક બોલી વામની ન કરે તો સારૂં. ગમે તેમ છે પરંતુ શકિત મનના મમને વાક્ય પ્રહારના ધોકરણાથી ધોવાની જરૂર પડવાની ને બિન્દુને મઝા પડવાની " મનમાં જરા હાસ્ય આવ્યુ. વિચારની સાંકળ આગળ ચાલી. "સાધુજનોનાં વાક્યરૂપી અમૃતોચ્ચારથી શાંતિ માર્ગનુ દિગ્દર્શન થશે. શ્રી ગુરૂજીની પરમ વિભૂતિના બળથી પરમ તૃપ્તિ સાથે શાંતિ થશે. વિના કારણ શકિત રહેતું, ક્ષોભ પામેલું હૃદય આશ્વાસન પામશે. હાશ, આથી જરા શાંતિ વળે છે. પરતુ શકાના આવર્ણથી ઘેરાયલુ મગજ ક્યા ભટકવા જશે તેનો શો ભરોસો? સુદરગિરિ ન જતાં કમ અવર સ્થળે જાય તો શુ પરિણામ આવે?" આ શંકાએ તેને બહાવરી બનાવી. અને તેની મતિ ગુમ થઇ ગઇ. તે શકા અને આશામાં ગોથાં ખાતા હૃદયમાંથી ધ્વનિ નિકળ્યો.–

"*પુરા સ્નેહે નેહે, પુનિત મૂરતિ શુ નિરખશે!
રૂડી રીતે ભાતે, રસિક વલ્લભ શુ રિઝવશે!
સદા સત્યે શીળે, વિકળ મતિ તજી શુ ઠરશે!
ઉપાધી ત્યાગીને, વિનય વિગતેથી શુ ભરશે!
તથા પૂર્વો ફેરી, ઉભય હૃદયેથી શુ ટળશે!
મતી ઠારી સારી, મહદ મહતાને શુ ભરશે!
વિચારીને જોતાં, વિકટ ગત આ તો અતિ દિશે!
સદા તાતા યત્ને, હૃદય વન્હિ કેમ બુજશે!

* અંતરલાપિકામાં પુરૂસઉત્તમ (પુરૂષોત્તમ) વિસરામ (વિશ્રામ) મહાવજી (માવજી) નામ નિકળે છે. મિ. પુરૂષોત્તમ વિશ્રામ માવજી સાથે વાતચિતના પ્રસંગે તેમના બગલામા આ કવિતા કહેવામા આવી હતી.

કહ્યો:—

રાખેલી નીતિની, પુરણુ શાખો કોણુ પુરશે !
મહા શંકાઓની, સકળ નિવૃત્તિ કોણુ કરશે !

આશ્ચર્ય ચકિત થઈ લાંબો હાથ કરતાં ઉચ્ચાર કર્યો: ખરેખર,

મહા માયા ત્હારા, અટલ નિયમોની તો હદ છે;
વજીદ્રાખોરી એ, સકળ જગની એ ઠગ છે.

"મહામાયા, ત્હારી અકળ કળાને કોઇ પહોંચવા શક્તિવાન નથી. ત્હારા આવર્ણમાંથી બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્ર બચ્યા નથી, તો મુજ રંકના તે શા આશરા ? હવે તો હદ થઇ હદ."

એમ ઉચરતાં ઉચરતાં મ્હોં કરમોડી હાય સાથે હાથ જોડી નિઃશ્વાસ મુક્યો. પ્રાસાદમાં લક્ષ ખેંચાયુ. ગુણસુંદરીને સુન્દરના કુતૂહળ તરફ મન ગયુ. તેમના સર્વ હાવભાવ તેણે લક્ષપૂર્વક નિહાળ્યા અને શ્રવણ થઇ શકે એવું હતું તે શ્રવણ પણ કર્યું.

ગુણસુંદરી પુસ્તકાલયમાંથી નિકળી પોતાના ઓરડામાં જઇ ગળગળી થઇ ગયેલી, હર્ષ અને શોકમાં ડુબેલી કઇ નહિ સુઝવાથી આરામાસનમા બેસી ગઇ. તે જાણે તેમાં ડુબી ગઇ હોય તેમ ઢળી ગઇ. નેત્રમાંથી અશ્રુ ધારા વહી રહી.

સુદર: "ભાભીજી, આવે વખતે આમ ગાંડા ન કહાડો."

ગુણસુંદરી: "મ્હને તો આ દિકરીથી જરાયે સા'તા ન વળી. એનુ જીવન અદ્ભૂતતાથી ભરેલું છે. નિરાશા ને આશા રોજ ને રોજ એના જીવનમાં ડોકીયાં કર્યાજ કરે છે. હાય, હાય, મ્હારી આ નિષ્કલંક અને નિષ્કંચન દિકરીને અવળાસવળા સર્વે વા વાવા માંડયા છે. ડાહ્યામાં ડાહ્યા માણસની પણ બુદ્ધિ ઠેકાણે રહે એવું નથી. સુંદરભાભી, આ તે શુ થવા બેઠુ છે તે કાંઇ સમજાતું નથી."

સુદર: "ભાભીજી, ખાલી મનને વલોવ્યા ન કરો, તેમ દુઃખ પણ માની ન લ્યો. આમાં કંઇક સારૂંજ છે."

ગુણસુંદરી: "શું સારૂં ?. કદાચ પ્રમાદધન વટલેલ વંઠેલ નિકળ્યા તો પછી શુ? સંસારમાં બેવડી ફજેતી."

સુંદર: "આવે શુભ ટાણે આવા વિચાર ન કરો. એવો દિ ક્યાંથી કે એજ પ્રમાદધનભાઈ ઠરે."

ગુણસુદરી: "એવું તે કંઇ હોય? વર્ષો વિત્યાં. એ તો કઇ ઠાગો હશે! આમા વગોણું થાય અને પ્રતિષ્ઠા જાય. એ સિવાય મ્હને બીજું કઇ સમજાતું નથી. નવા યુગની નવી વાતો."

સુદર: "ના ભાભીજી, તમારૂં હૃદય શ્રાથી બ્હાવરૂં થયું છે. ખોટા તર્ક વિતર્ક કરો નહિ. આ સાથેના પત્રથી કઈક વધારે ખુલાસો થશે. હરિપ્રસાદ દરબારમાં ગયો છે, તે હમણાં વિદ્યાચતુરભાઇને તેડતો આવશે. આ બધી ગુચવણમાં પડી રહેવા કરતા વડિલને દિવાનખાનામાંથી બોલાવો. વડિલ એનો તડ ને ફડ ન્યાય કરશે, માર્ગ કહાડશે, ને ગુચવણને દૂર કરશે."

એટલામા તો મનોહરી વડિલ પાસે દોડી પહોંચી. માનચતુર લાકડી ટકવતો ટેકવતો આવી પહોંચ્યો. ડોસાને જોઈ વાત્સલ્યથી ઉભરાઈ ગયેલા હૃદયથી ગુણસુંદરી મોકળું મ્હોં મુકી રડી પડી: "ઓ દિકરીરે" કરી પોક મુકી. આથી ડોસો ગભરાઇ ગયો બધાં ગભરાયાં ને સુમસામ શાંત થઇ ગયાં. કોઇ કોઇની સાથે બોલે નહિ ને કોઈ કઈ ઉત્તર કરે નહિ. આથી ડોસો ગભરાયો ને ધૈર્યથી બોલ્યો "શું છે? કોઈ કંઇ બોલો તો ખરાં. ગુણિયલ બેટા, કઈ કહ્યા સિવાય શુ સમજાય? તમે બધાં આંસુ સારો છો ને રડો છો, મને કઇ જણાવશો પણ ખરાં કે શુ છે?"

સુંદર: "વડિલ, ગુણિયલ તો ગાંડાં થઈ ગયાં છે. રડવા જેવું તો કઇજ નથી."

માનચતુર: "ત્યારે રડે છે કેમ, તે તો જરા સમજાવ કે ઉપાય થાય; વાતનો મર્મ સમજાય."

સુંદર: "આ તો પ્રમાદધન મળી આવ્યા જેવા વર્તમાન છે."

માનચતુર: "શુ પ્રમાદધન જીવે છે? ગાંડાં શું કહાડો છો?"

સુંદર: "ના વડિલ, જરા ધ્યાનમાં લેવા જેવું છે."

માનચતુર: "ત્યારે તેમાં મ્હારાં ભોળાં ભટાક રડવા શું બેઠાં? ખરી વાત હોય તે કહો. જેથી ખરા ખોટાનો વિચાર થાય."

સુંદર: "આપણે ત્યાં અંગ્રેજ અતિથિ જે આવેલા છે તે પ્રમાદધનભાઈ છે. કુસુમ મુંબઈથી એવો સંકેત લખે છે."

માનચતુર: "ભલે, એમ હોય તો તે વિચારાશે. એમાં રડો છો શાને ?"

સુંદર: "અંગ્રેજ થઈ ગયેલા હવે આપણને શું કામના ?"

માનચતુર: "મ્હને બધો સંસાર આવડે છે. સંસારના વાને તો ઝુલાવીએ તેમ ઝુલે. 'દુનિયા ઝુકતી હય, ઝુકાનેવાલા ચાહિએ.' અંગ્રેજ થયો હશે કે દુનિયાપાર ગયો હશે. તેને નાગરનો નાગર બનાવતાં ક્યાં નથી આવડતું? ગાયનું છાંણું, મુતર ને ગંગાજળની ક્યાં ખોટ છે ? પરંતુ એ વાત ખરી છે કે ખોટી તેની ખાત્રી શી ? કે ઉમ્મર થઈને ગત ગઈ છે. બહુ દુઃખે દુબળી થઈ છે તેમ ગાંડા ઘેલા કહાડતી પણ બહુ થઈ છે. એમાં નડારા વર્તમાન શા છે કે રડવા બેઠાં છો ? છાના રહો ને આંસુ લુછો તો તો બધી વાત સાભળી તડફડ તોડ કહાડી નાંખીશ. આ ડોસો પણ હજારોને પડી શાસ્ત્રાર્થ કહાડવાને પુરતો છે."

સુંદર: "તમે વડિલ માથે છતાં અમારે ગભરામણ શી ? આ તો એમને મન એમ વસ્યું કે, આવા આશા ભરેલા વર્તમાન આવ્યા ત્યારે તેમાં જાતિભ્રષ્ટતા અને ધર્મભ્રષ્ટતાના ભડકાની હોળી આવીને ઉભી રહી છે."

માનચતુર: "હોળી બોળી બોલતી નહિ. માંગલિક વર્તમાનમાં અમંગળ ચિહ્ન કરતાં નહિ. એવો દિ ક્યાંથી કે આ વર્તમાન સત્ય ઠરે. સત્ય ઠરશે તો આ ડોસાના ઋષિમુનિના શાસ્ત્રાર્થો એવા છે કે, તેને કંઈ નડતર નડશેજ નહિ. ઋષિ મુનિયોએ કંઈ દુઃખ સારૂ શાસ્ત્રો નથી ઘડયાં. પણ સર્વનાં કલ્યાણ અને પરમહિતને સારૂ ઘડયાં છે સમજ્યા કે ?"

સુંદર: "એ તો લોકોમાં આપણાં વગોણાં થાય, આબરૂના કાંકરા થાય, ને નાત જાતમાં મ્હોં કહાડીને ન બોલાય. એ વિચારે ગુણસુંદરી થરથરી ગયાં છે."

માનચતુર: "તમે બોલ્યાં તો ઠીક, પરંતુ એ વાત સત્ય છે કે કેમ તેનો શોધ બોધ કીધો છે ? ગામમાં પેસવાના સાંસા ને પટેલને ઘેર ઉનાં

પાણી. આબરૂના કાંકરા તે શાથી થયા ને શું કુત્સિત કીધું કે આબરૂનુ વગોણું થઇ ગયું. ને ગોળને પાણીએ નાહી ગયા. ”

ગુણસુંદરી: “ શોધમાં તો કુસુમનો પત્ર. ”

માનચતુર: “ પત્રમાં કયાં ચોખ્ખું લખ્યું છે ? એને શંકા આવી છે ને તે લખી છે. એમા કયો ઇડરીઓ ગઢ જીત્યાં ! દરિયામાં પસાયતું હુંડી લ્યો. ”

ગુણસુંદરી ધ્રુજતાં ધ્રુજતાં બોલી: “ વધુ શોધ કરી છે. ”

“ થોડાં બોલાં, ભારેખમ થઇને શાલમાં વીંટી વીંટીને પાચસેરી ના મારો. જે ખરૂં હોય તે કહો તો મુંઝ. થોડું થોડુ બોલી ગુચવણો ઉભી ના કરો. ” એમ બોલતાં બોલતા માનચતુરે લાકડી નીચે મુકી.

સુંદર લાંબો હાથ કરીને અતિથિની ટ્રંકમાંથી મેળવેલી છબી અને પત્ર માનચતુરના હાથમાં મુકતાં બોલી: “ કુસુમનો પત્ર આવ્યા પછી અમે અતિથિના ઉતારામાં ગયા. ત્યાં તેમની ટ્રંકમાંથી આ કુમુદની છબી ને પત્ર હાથ લાગ્યાં છે. તેથી જે આભાસ પડે તે ખરો. ”

“ હા, પણ છબીઓ તો બજારમાં બહુએ મળે છે. ને આજ કાલના પેલા પેપર બેપરવાલા જેની ને તેની છબીઓ વહેચ્યાંજ કરે છે. તેથી થયું શું ? ” માનચતુરે છબી હાથમાં લેતાં કહ્યું.

“ ના વડિલ, સાથે આ અંગ્રેજીમાં પત્ર છે. ” સુંદરે વધારામાં કહ્યું.

“ કાગળ તમે વાંચ્યો છે ? ” માનચતુરે પ્રશ્ન કર્યો.

“ ના, ” સુંદરે શરમ ભરેલે ચહેરે મહાત થઇ જવાથી ઉત્તર કર્યો.

“ માનચતુર: “ ત્યારે તમે તો બધાં અનઘડ જણાઓ છો. વા વાયેથી નળીયું ખસ્યુ, તે દેખીને કુતરૂ ભસ્યું. કોઇ કહે મે દીઠો ચોર, તેથી થયો બહુ શોર બકોર. વાહરે મ્હારાં ડાહ્યાં ડમરાં સુંદર ને ગુણિયલ. વાત નથી, વાંતનો પાયો નથી, ને તમારાં વગોણાં શાં થયા ને આબરૂ ક્યાં વેચાઇ ગઇ ને નાક શાં કપાઇ ગયાં ? ગુસ્સામાં ને ગુસ્સામાં કંઇ છોકરીને કહ્યું તો નથી ને ? મ્હારી રાંક દિકરીને આડી ને અવળી સા'રી નાંખી છે ? ખબડદાર, મ્હારી દિકરીને એક શબ્દ પણ કહ્યો તો. ”

સુંદર: "ના વડિલ, અમે કુમુદને કંઈ પણ કહ્યુંજ નથી. એ બિચારી હજી એના સુવાના ઓરડામાં છે. ત્યાંથી બ્હાર નિકળીજ નથી."

માનચતુર: "વારૂ ઠીક, તું કહે છે કે હજી તે સુતી છે. ત્યાંથી બ્હાર આવીજ નથી. ત્યારે લાવ ત્હારો કાગળ એટલામાં વાંચી લઉં."

સુંદરે લાંબો હાથ કરી વડિલના હાથમાં પત્ર મુકતાં ઉચ્ચાર કર્યો: "એ વિલાયતથી આવેલો લાગે છે."

'હા, હા, એ તો તમારી બધી શોધો વિલાયતમાંજ થાય છે ને! આ તો અંગ્રેજીમાં લખેલો છે." ડોસાએ પાકિટ ઉપર નીચે ઉલટાવી ઉત્તર કર્યો. એટલામાં હરિપ્રસાદ આવી પહોંચ્યો. માનચતુરે હરિપ્રસાદને આજ્ઞા કરી: "અલ્યા હરિપ્રસાદ, આ પત્ર વાંચ તો."

હરિપ્રસાદે સવિનય પત્ર હાથમા લઇ વાંચવા માંડયો. ને તેનો સાર ગુજરાતીમાં કહેવા માંડયો. સર્વ એક ચિત્ત થઇ આતુર અંતઃકરણે શ્રવણ કરવા લાગ્યાં.

વેલ્સ પેલેસ નંબર ૧૧૦૯.
ટેલેગ્રાફીક એડ્રેસ–"કેઇથિફુલ"–લન્ડન.

"મ્હારા વ્હાલા ભાઈ,

"આપનો અસિમ સ્નેહમય પત્ર જાપાનથી લખેલો પહોંચ્યો છે. જાપાનની દૈવિ ઉત્સાહ શક્તિમાં શુભમતિ પ્રજાનો વેગ મહત્તા ભરેલો છે. ને ભવિષ્યમાં મહાન કાર્યોને પાર પાડશે ને જગતને આશ્ચર્યચકિત કરશે, એ આપના પ્રણિત સિદ્ધાંતને શબ્દશઃ સત્ય માનું છું. આપનો અમેરિકાનો અનુભવ જાપાન સાથે જોડતાં જે દિર્ઘ દૃષ્ટિથી આપે અવલોકન કર્યું છે તેની કિમ્મત આંકી શકાતી નથી. અમેરિકાની કર્ત્તવ્ય પરાયણ શક્તિ પૂર્ણિમાની ચંદ્રકળા પેઠે ઉન્નતિની ટોચે ચઢી પૂર્ણ રીતે પ્રકાશવા લાગી છે. ત્યારે જાપાનની પ્રખર ચેષ્ટાવાળી અને દૈવિ સત્વથી વૃદ્ધિને પામતી દ્રુત ગતિવાળી ઉન્નત શક્તિનો વેગ ક્યાં થોભશે તે અંકાવું અશક્ય છે. ઈંગ્લેન્ડ એ ઉન્નતિ માર્ગનો પ્રાણવાયુ છે. જાપાન એની પાસેથી ઘણું શિખ્યું છે. ને બીજા દેશો હજી શિખશે.

"જાપાનના મનોહર પ્રદેશમાં આપની પ્રિયાંગનાનું આપને સ્મરણ થયું એ વર્તમાને મ્હને સતેજ કરી છે ને આપને સતેજ કરવાને ઉત્તેજીત કરી છે. આપની પ્રિયાના પ્રેમ ઐશ્વર્ય માટે આપે જે પ્રશંસા કરેલી હતી તે મ્હારા હૃદયપટ ઉપર ચિત્રાઈ રહેલી છે. આવી અપૂર્વ પ્રેમવાહિની સદ્‌ગુણ સંપન્ન પ્રિયા આપને છે એ અભિમાનથી મ્હને મહા આનંદ થાય છે. તે સાથે આવી ગુણજ્ઞ પ્રેમવાહિની પ્રિયાને તરછોડનારનાં અંતઃકરણની ગુહામાં કેવાં તત્વો ક્ષણે ક્ષણે વિકૃતિ કરે છે તે મ્હને સમજાતું નથી. ગમે તેમ છે, પરંતુ મ્હારૂં નિર્બળ મન એટલું તો માપી ચુક્યું છે કે, આપનું શંકિત અંતઃકરણ અનેક શંકાઓના આશયોથી ખરડાયલું છે ને તે શંકાઓની નિર્બળતાથી આપ આપને ઠગો છો, ઠગાયા છો, અને હજી નહિ ઠગો તેનો મ્હને ભરોંસો પડતો નથી. માટે પ્રાર્થના કરી આપને વિદિત કરૂં છું કે, આપના હૃદયતંત્રના અવ્યવસ્થિત તનમનાટને નિયમમાં રાખી, જે કર્તવ્ય કરવાની ધારણાએ આપ ઇન્ડિયા પધાર્યા છો તે સંપૂર્ણ કરશો. આપની મનોવૃત્તિને જાગૃત કરી આપને આપની પ્રેમવાહિની તરફ દોરવવા મેં કેટલીક શોધ કરી આપની પ્રિયાંગનાની અતિ ઉત્તમ છબી હિન્દુસ્થાનમાંથી પેદા કરી મંગાવી છે. તે આ સાથે મોકલી છે તે પ્રેમસહ સ્વિકારવા કૃપા કરશો.

"આપની પ્રિયાંગનાનો સ્વિકાર કરી આ છબીના બદલામાં તમો બન્નેની ભેગી છબીની માગણી કરૂં તો તે અયોગ્ય નહિ ગણો.

"આપ ઈંગ્લેન્ડથી નિકળ્યા તે દિવસની મ્હારી પ્રતિજ્ઞાનું આપને સ્મરણ હશે. જ્યાં સુધી આપ આપની સહચારિણીને મેળવી સુખી નહિ થાઓ ત્યાં સુધી "હું સંસાર સાગરને કિનારે ઉભી રહીશ." એ મ્હારી પ્રતિજ્ઞાને દ્રઢતાથી વળગી રહી છું અને રહીશ. આપે હવે મ્હારા ઉપરની દયાથી, કે સહચારિણીના પ્રેમથી કે કર્તવ્ય ધર્મથી કે જે આપના ધ્યાનમાં આવે તે વિધાનથી આપની સહચારિણીનો સ્વિકાર કરી મ્હારા હૃદયપટ ઉપર અસિમ આનંદની રેલી છલકાવશો.

"આપની પ્રત્યેક ખંડોમાંની કક્ષાઓ ઉત્તમ કાર્યો કરી રહેલી છે. પિતાજી અતિ શ્રમથી સર્વ ભાર ઉપાડે છે. ને અમે સર્વે આપની જાનની પેઠે રાહ જોઇએ છીએ." લિ. આપની સ્નેહમયી.

મિસ-ફ્રૉસેટ.

માનચતુર: "હા, આમાંથી કંઇક આશાનું અંકુર બંધાય છે. પરંત સ્પષ્ટ નિર્ણય ઉપર આવી શકાતું નથી. લખનારી જબરી છે, ને જબરે પીછો લીધેલો લાગે છે. તે મ્હારા જેવી ખંધી છે. એ ખંધીથી ખુલાસે થશે ને આખરે ખરે રસ્તે જવાશે."

એટલામાં વિદ્યાચતુર દરબારમાંથી આવી પહોંચ્યો. સર્વેને ભેગાં થએલ જોઇ ભેદ પામી ગયો. સર્વે જીજ્ઞાસુ હૃદયે સુમસામ નિહાળી રહ્યાં.

માનચતુરે હાથ લાંબો કરી પત્ર આપ્યો અને શાંતિ તોડી. વિદ્યાચતુરે હાથમાં પત્ર લઇ ઉપર નીચે તપાસ્યો. લન્ડનથી ઇન્ડિયા સુધીની છાપે જોઈ. પત્રનો આશય વાંચી મિસ ફૅાસેટની પ્રતિજ્ઞા વાંચી દમાની અધિદેવ ઉપર પ્રેમ વાત્સલ્ય તરી આવ્યું. સ્ત્રીની દયાર્દ્રવૃત્તિની મહત્તાએ ઉભળકે આણ્યો ને ગળગળો થઇ ગયો. પલવારમાં અણુચિન્ત્યા વર્તમાનથી હૃદય સ્તબ્ધ થયું. ચંચળ બની ચારે પાસે દૃષ્ટિ ફેરવવા લાગ્યો. તેના મનમાં આનંદ ચમકવા લાગ્યો. પણ નિરૂત્તર થયો.

માનચતુર: "ભાઇ, કેમ શું વિચાર ઉપર આવ્યો?"

વિદ્યાચતુર: "વડિલની જેવી આજ્ઞા."

માનચતુર: "હા ભાઇ હા, પણ સાર શો કહાડયો? ડાહ્યાં ડમરં ગુણસુંદરી આંસુ સારતાં બેઠાં ને તમે વડિલને પુછવા લાગ્યા."

વિદ્યાચતુર: "નિરાશાએ મ્હારી આશા પર આવરણ કરેલું છે. તેથી કંઈ સુઝતું નથી."

માનચતુર: "એ અતિથિ તો આપણે ત્યાં ત્રણ દિવસ થય આવ્ય છે. તમે કંઇ વાતચિત કરી હશેને?"

વિદ્યાચતુર: "હા જી."

માનચતુર: "મ્હને હા જીનો હા જીઓ નથી જોઇતો. મ્હને તો સાર જોઇએ છીએ."

વિદ્યાચતુર: "કેટલીક વાતોના ખુલાસા તો એટિકેટને લીધે પુછી શકાતા નથી."

માનચતુર: "ત્હારી એટિકેટને નાંખ ચુલામાં. જે કંઈ સમજાવં હોય તે સમજાવની."

વિદ્યાચતુર : "પિતાજી, આવેલા અતિથિ લન્ડન શહેરના નિવાસી છે. સરનો ઇલ્કાબ ધારણ કરે છે. મહાન પ્રસિદ્ધ વ્યાપારી છે. તેમની સમૃદ્ધિ પચાસ લાખ પાઉન્ડની ધારવામાં આવે છે. એમ મિસ ફ્લૉરાથી જણાયું છે."

માનચતુર : "હા, ભાઇ હા, એ તો મ્હેં પણ સાંભળ્યું છે. તેમના પરિચયથી કંઇ તારતમ્ય કહાડયું છે?"

વિદ્યાચતુર : "દેખાવે મ્હને પ્રમાદધન જેવા લાગે છે, પણ બહુ પર્યટનથી અતિશ્રુત થયેલા અનુભવી વ્યાપારમાં એક્કા છે. ક્યાં એમની બુદ્ધિ ને ક્યાં ક્ષુલ્લક પ્રમાદધન!"

માનચતુરઃ "તમારી બુદ્ધિ આવરણથી છવાયેલી છે એટલે હુ બીજું કાંઇ પુછતો નથી. એ તમારો અતિથિ પ્રમાદધન જેવો છે એવી તમારી ખાત્રી થાય છે? મ્હારે તો એટલુજ જાણવું છે. પ્રારબ્ધ ફરેથી ઘણા મર્ખાઓ ડાહ્યા થયેલા જોયા છે ને જાણ્યા છે."

વિદ્યાચતુરઃ "હા જી, સ્વરૂપે, શરીરે તથા વયે એ પ્રમાદધન છે. એમાં નો શક નથી."

માનચતુરઃ "મ્હારે એટલુંજ જોઇએ છે. ઘણા મુર્ખા ને પંડિત થયેલા સાંભળ્યા છે. વંઠેલ ને વંઠેલીઓ ને સદાચારશીળ થયેલા જોયલાં છે. વધારે વંઠેલા તો દુનિયાનો માર ખાઇ ખાઇને વહેલા સુધરેલા છે. અને ઉદ્યોગની પરિસીમાને પામી ઘણા રંક જનો ધન પ્રાપ્તિ કરી મહાન ધનાઢ્ય થયેલા છે એમાં શંકા નથી. પણ તમને શંકા થઇ ત્યારે તમે ઉપાય કેમ લીધો નહિ? મ્હને તો સુચવવું હતું."

વિદ્યાચતુરઃ "નિરાશાનાં આવરણમાં દબાયલા હૃદયને એ સુઝયુંજ નહિ."

માનચતુરઃ "કહો શો ઉપાય લેશો?"

વિદ્યાચતુરઃ "આપ આજ્ઞા કરો તે."

માનચતુરઃ "અતિથિ અત્રે છે."

વિદ્યાચતુરઃ "આજે પ્રાતઃકાળેજ સિધાર્યા છે."

માનચતુરઃ " હવે એ બાજી તો હાલમાં હાથથી ગઇ. કહો ગુણસુંદરી, તમે શું વલોણું વલોવ્યુ છે ? "

ગુણસુંદરી : " વડિલ, એમાં અમે સ્ત્રી વર્ગ શું કરી શકીએ ?"

માનચતુરઃ " તમારી અક્કલમાંજ આકડો ઉગ્યો છેને. પેલી છોકરીને પુછ્યું'તુંને. અંધારે પણ બૈરી ધણીને પારખી શકે છે ને પાતાળ લોકમાં કે સૂર્ય લોકમાં પણ તેની છાયાને પિછાની શકે છે. એ સ્ત્રીઓનો ધર્મ પણ મ્હારે સ્ત્રીઓને કહેવાનો. "

બધાં લેવાઈ ગયાં. ગુણસુંદરી નીચું જોઈ રહી, અને સુંદર હડપચીને આગળી અડકાડી વિચારી રહી. " આ ડોસાનો અનુભવતો જબરો દેખાય છે. અંધારે પણ બૈરી ધણીને પારખી શકે છે, એ સિદ્ધાંત સચોટ છે. ડોસો દુનિયાનો ખરો વૈદ છે. એનુ વૈદુંજ અકસીર નિવડશે. કડવાં ને મીઠાં ઓષધ પાતાં આવડે છે, ને રોગનુ નિદાન કરી મટાડતાં પણ આવડે છે. મ્હારા વડિલ, તમારી બુદ્ધિએ તો હદ વાળી. " એમ વિચારી સાન-દાશ્ચર્ય પામેલી વડિલ સામુ જોઇ રહી.

માનચતુરઃ " ચાલો, બધાં કામે લાગો. વિદ્યાચતુર, તમે તમારા માણસોને અતિથિની પાછળ સંભાળથી ચિકિત્સા કરવા મોકલો. ને સુંદર, તું કુમુદ પાસે જઇ તેના હૃદયમાંથી મર્મ જાણી મ્હને કહે. ગુણસુંદરી તમે તો બધાંને ખવડાવવા પિવડાવવાનુંજ કરો. તમારૂં આંસુ સારવાનુ પરાક્રમ અમને કામ લાગે એવું નથી. "

ગુણસુંદરી શરમાઈ ગઇ. માથા ઉપર હાથ ફેરવતો ફેરવતો, સ્મૃતિ તાજી કરતો હોય તેમ મગજમાંથી કંઈક ખેંચી કહાડતો હોય તેમ આંખને સ્થિર કરી માનચતુર બોલ્યો : વિદ્યાચતુર, પત્રને મથાળે જો તો, ટેલેગ્રાફિક સરનામું છે ?

વિદ્યાચતુર : " હાજી. "

માનચતુર : " એ તો અગ્રેજ ચરકલાં, બધું લખે એવાં છે. એ સર-નામાથી એ છોકરી ઉપર વિલાયત તાર કર, ને જો જે, જવાબ વાળવાના પૈસા પણ સાથે લાગા ભરજે. બધી વિગત ત્યાંથી મળશે. ને સાંજ સવાર

સુધીમાં બધી ગુંચવણનો પાર આવી કોકડુ ઉકલી જશે. એ છોકરી બડી બંધી છે. એનો પૂરેપૂરો પાર પામેલી છે ને એનું ચાલશે તો વિલાયતથી અહિઆં આવી બધાને સીધાંસટ કરી નાંખશે. કેમ હવે સમજ પડી કે ?"

વિદ્યાચતુરે પ્રતિઉત્તરમાં માથું ધુણાવ્યુ. વિદ્યુત જેવી ત્વરાથી સર્વેએ ડોસાની આજ્ઞા અનુસારે કામ કર્યું. ઘરનાં બધાં આજુબાજુ થઇ જઇ વિખરાઇ ગયાં સુંદર ધીમે ધીમે કુમુદના ઓરડા તરફ ગઇ. કુમુદે આ સર્વ અનુભવ ગુપ્તપણે કરી લીધો હતો.

સુંદર હીંડોળા ઉપર બેઠી. કુમુદને પોતાની પાસે બેસાડી. કાકીના ખોળામા માતૃભાવને અનુભવતી કુમુદ આંસુ સારતી પડી. કાકીએ ધીમે ધીમે મીઠા મીઠા અમૃતોપચારથી શાન્ત્વન આપતાં અંતરની જાળી ખોલવા માંડી.

કાકીએ પ્રેમગુહાને ખોલી ભત્રિજીને કેમ શાન્ત્વન આપ્યું ? ભત્રિજીએ મર્મ ધર્મમા કેમ જીવનદ્વાર ખોલ્યું ? એ અવર્ણનીય વાણી વિદ્વાન વાંચનાર વિચારી લેજો. કુમુદ, પળવાર નવા અણચિંતવ્યા વ્યવહાર ધર્મથી સ્તંભિત થઇ છાતી ઉપર હાથ રાખી કાકી સામુ જોઇ રહી. આંખમાંથી આનંદ અને શકાનાં આંસુ વહીજ રહ્યાં. શોક સાગરમાં આશાની ઉષાએ પ્રકાશ પાડવા માંડયો.

પ્રકરણ ૧૭ મું.

વેલ્સભુવનમાં તાર.

"ઉદ્યોગ યોગે અવનિમાં સૌ સુખ સઘળાં થાય છે,
પુરૂષાર્થ ચારે પામવાને યોગ્ય એથી થવાય છે.
સુનીતિ રીતિ પવિત્રતા થકિ તે રૂડાં ઓપાય છે,
કુનીતિ રીતિ અધમતાથી દુષ્ટ જન રોલાય છે."

વેલ્સભુવનના દિવાનખાનામાં મિ. ડબલ્યુ. સી. જૅરૅસટ હાથમાં કલમ લઇ કાગળો ઉપર સહીઓ કરવામાં રોકાયલો છે. તેણે થાકથી સ્વસ્થ થવા કલમને થંભાવી. જરા ઉંચી દૃષ્ટિ કરી, એટલે વિચાર શ્રેણીએ વહેવા માંડયું: "બ્રાડલોનો ઉદ્યોગ પ્રવાહ બહુ જોરથી વહી રહ્યો છે. ઇંગ્લેન્ડ, જર્મની, ફ્રાન્સ, રશિયા, આખો અમેરિકા, પૂર્વમાં ભારતવર્ષ, બ્રહ્મદેશ, ને સિયામમાં, ટીબેટ, ચીન, કંદહાર તથા તાતારમાં, ને જાપાન, કોરીઆ તથા મંચુરીઆમાં, દક્ષિણમાં છેક લંકા, જાવા, સુમાત્રામા અને આફ્રિકામાં, મિસર આદિ દેશોમાં મનભર પગભર વધી ગયો છે. ક્યાં રંક ભારતવાસી અને ક્યાં આ સમૃદ્ધિ? પુરૂષાર્થીને સઘળું નમિત થાય છે. અનેક સંકટોની જાળમાં ફસાયા છતાં નેક નિષ્ઠાથી ઉદ્યોગે વળગી રહેવાનું એ ફળ છે. વ્યાપારી થનારે નીતિ રીતિનું મહાવ્રત આચરવું પડે છે. પ્રથમ અનિવાર્ય દૃઢ સંકલ્પબળી ઇચ્છાથી ઉચ્ચ કાર્ય

આરંભવું. તે સાથે કાર્યને અનુલક્ષી ધૈર્યતાથી ધીમે ધીમે વધવું. બિન અનુભવે ઉચ્ચી ટોચે એકદમ ધસવું નહિ. જો એકદમ ઝિપલાવ્યું તો બિન અનુભવે હાનિજ થાય એ નિઃસંદેહ છે. તેમાં પણ પ્રથમ પ્રમાણિક, આબરૂદાર મમતાશીળ વ્યાપારીના અનુયાયી અર્થાત્ દાસ કે ઉમેદવાર થવું, કે જેથી વ્યાપારની ઘણી અને ઝીણી ગુંચો સમજાય, શિખાય, અને વ્યાપારી મંડળમાં પરિચય થવાથી ઘણા માર્ગના દ્વાર ખુલે. વ્યાપારી વર્ગમાં મહત્તા સંપાદન કરવા માટે દુનિયામાં ઉચ્ચ દશા પ્રાપ્ત કરવા, તથા પ્રશંસાપાત્ર જીવન મેળવવા ઇચ્છા હોય તો પ્રમાણિક, સત્ય વચની અને સરળ કાર્યદક્ષ થવું. તે સાથે વ્યાપારી થનારે સામાન્ય બુદ્ધિની સમય સુચકતાને ભૂલવી નહિ. જેની સાથે કાર્યકારણમાં જોડાવાનું થાય તેના કર્તવ્યની દશા તરફ સાવચેતીથી લક્ષ રાખવું કે ફસી પડાય નહિ. વ્યાપારમાં ફત્તેહ મેળવવાને તૈયાર થતાં પહેલાં સર્વ જાતનાં દુર્વ્યસનોથી દૂર રહેવા સાવચેત રહેવું, અને મુખ્યત્વે કરીને મદીરાનો તો ત્યાગજ કરવો. કેમકે દારૂડીઆઓ હમેશાં જોખમ ભરેલા ધંધાઓ માટે નાલાયક ઠરી ચૂક્યા છે. તે સાથે ખરા વ્યાપારીએ સટ્ટાબાજી કરવી નહિ. તેમ લોભને વશ થઇ સટ્ટાનો વ્યાપાર કરવા તરફ નજર પણ દોડાવવી નહિ. કેમકે સટ્ટો એ ખરો વ્યાપાર નથી. અંતે તે નિર્મૂળ કરનાર હરામ ચસ્કો છે. વ્યાપારીની આબરૂ, ધન સમૃદ્ધિ, અને પ્રમાણિકપણાને ધૂળધાણી કરનાર વિષ છે. સટ્ટાખોર એક દિવસ લક્ષાધિશ હોય છે ત્યારે બીજે દિવસે દેવાળીઓ દેખાય છે. સદ્ધર્મ વૃત્તિથી ધૈર્ય રાખી વ્યાપાર કરનાર પોતાને દુઃખી ન કરતાં, બીજાને દુઃખમાં ન નાખતાં, પોતાના વ્યાપાર કાળમાં આબરૂ અને ઐશ્વર્યથી મહત્તા મેળવે છે. ત્યારે સટ્ટાખોર જુગારી બધા લાભને ખોઇ આખરે ડૂબે છે. વ્યાપાર કંઈ મતાનમતથી કે હઠથી ચલાવવા જેવો માર્ગ નથી. કપોળ કલ્પિત માર્ગથી, બરોબર નફાટોટાનો હિસાબ કર્યા સિવાય વ્યાપારમાં વહેનારની સમૃદ્ધિ વહી જાય છે અને મુર્ખ સ્વચ્છંદી, મહત્તા, ધન અને આબરૂ ગુમાવી અધમતામાં આવી પડે છે અને બીજા અનેક જનોને પાયમાલ કરે છે. સ્વચ્છંદી ઉચ્છૃંખળ વ્યાપારીઓ સટ્ટાખોરથી પણ બુરા છે. મગજ ઉપર કાબુ ન રાખનાર

નરમ મગજના માણસો વ્યાપારમાં જલદી ગોથાં ખાઈ જાય છે. વિચાર કર્યા સિવાય અતિ લવારો કરનાર, મુદ્દા ઉપરથી નિશાન ચુકનાર અનઘડ ઉદ્ધતથી હમેશાં સાવચેત રહેવું. સત્ય છતાં અસત્ય મનાવવાના દુરાગ્રહવાળા મમતખોર મનુષ્યો વ્યાપારને માટે લાયક નથી. નમ્રતા, સુશીલતા, સમયસૂચકતા અને સત્યાસત્યને તારવનાર દીર્ઘદર્શી મનુષ્યો વ્યાપારમાં ફત્તેહમંદ થાય છે, થયા છે અને ભવિષ્યમાં થશે. વ્યવહારમાં પ્રમાણિક રહેનાર વ્યાપારી ગમે તેટલા સંકટમાં આવી પડયા છતાં આખરે ફત્તેહમંદ થાય છે. તેમજ મહા શ્રમે બ્રાડલો ફત્તેહમંદ થયો તે એના પ્રમાણિક પ્રયત્નોનો જય છે.''

એ વિચારશ્રેણીની સંકલના ગુંથનનો પ્રવાહ વહી રહ્યો છે, એટલામાં ટેબલ ઉપર તાર આવી પડયો ઘંટડી દાબી. ટકોરો થયો, એટલે તરતજ મિસ ફૅાસેટ હાજર થઈ ગઈ. " આ તમારો તાર છે." એમ કહી મિ. ફૅાસેટે તાર આપ્યો. વાંચતાં વાંચતાં સાનંદાશ્ચર્ય પામેલી મિસ ફૅાસેટ મંદ મંદ હાસ્ય કરતી, અપૂર્વ આનંદની લીલાને અનુભવવા લાગી.

મિ. ફૅાસેટઃ " શા આનંદના વર્ત્તમાન છે ? "

રૂપાની ઘંટડીના રવ જેવા સુકોમળ મધુર સ્વરથી મિસ ફૅાસેટે પ્રતિઉત્તર કર્યોઃ " આનંદનો પુંજ ઉભરાઈ જાય એવા વર્ત્તમાન છે. " એટલામાં પ્રફુલ્લવદના મિસિસ ફૅાસેટ પણ ત્યાં આવી અને ખુરસી ઉપર જગો લીધી. એક પછી એક એમ સર્વેએ તાર વાંચ્યો. સર્વને આનંદ થયો.

મિસ ફૅાસેટઃ " આજ સુધી અસહ્ય દુઃખોને ધૈર્યથી સહન કરનારી કુમુદ, વિડંબનાને અંતે પતિની પ્રીતિપાત્ર બનશે. "

" તારથી તો ત્હારા ભાઈના ઢંગ સીધા જણાતા નથી. " હાસ્ય કરતાં કરતાં મિસિસ ફૅાસેટે કહ્યું.

મિસ ફૅાસેટઃ " અલબત્ત, તે હજી પ્રસિદ્ધ પડયા નથી. આ તારથી તેમની શોધ ચાલે છે, એ પાકો પુરાવો છે.

મિસિસ ફૅાસેટઃ " નહિ નહિ. મિ. બ્રાડલો જાતેજ વક્ર હૃદયના, હઠીલા ભીરૂ છે. "

મિસ ડૉસેટ: "ના માજી, એ અનિંદિત પુરૂષને દોષ આરોપણ ન કરો."

મિસિસ ડૉસેટ "ગમે તેમ છે, પરંતુ એ સગળ રીતે સુગમ માર્ગ કહાડી શકતા નથી. પોતે ગુંચવાય છે ને સર્વને ગુંચવે છે."

મિસ ડૉસેટ "આશા જન્ય સુખેચ્છાની શ્રેનિથી દોરવાઇને તો એમ બિચારા ઇન્ડીયા ગયા છે."

મિસિસ ડૉસેટ "શુદ્ધધર્મ પરાયણ નિઃસ્વાર્થિ પ્રેમથી ચહાનાર શું પોતાની પ્રિયાના હૃદયનું આકર્ષણ ન કરી શકે ? કોને સમજાવે છે?"

મિસ ડૉસેટ "પ્રેમયાતનાના ભયાનક ઉદ્વેગમાં તેમનું હૃદય દબાઇ ગયું છે."

મિસિસ ડૉસેટ. "એવા હૃદયશૂન્ય થઇ પોતાનું અને પોતાની પ્રિયાનું જીવન નષ્ટભ્રષ્ટ કરે એ તે શું કાર્યદક્ષતા કે?"

મિસ ડૉસેટ. "જેણે આટલી આટલી દ્રવ્ય મેળવી વ્યાપારમાં ધીર દાક વગાડી તેમનામાં કાર્યદક્ષતા નથી' એ આરોપ મ્હારાથી તો સહન કરી શકાય તેમ નથી."

મિસિસ ડૉસેટ "સંસારમાં બાહ્ય કાર્ય કુશળતા કામ આવતી નથી. સંસાર દક્ષતામાં એકડા વિનાના મીંડાવાળા ત્હારા ભાઇની હિસિયારી મ્હારી આગળ મારતી નહિ. પારકી જણીનો અવતાર બોળ્યો ને પોતે રવડી મુવો ! પોતાની સન્મુખ ઉભેલી ઉચ્ચ હૃદયવૃત્તિવાળીના હૃદયને ખોલવાનો વારો લાવતો નથી ને અધમ શંકાઓનો રાજ્યદંડ લઇ લાજાળુની પેઠે પ્રિયાની દ્રષ્ટિગોચર ન થતાં હૃદયને બિડાયલું રાખી ભમ્યા કરે છે. જા, જઇને જો. એ વર્ત્તન ત્હને ખાત્રી આપશે."

મિસ ડૉસેટ: "એનો કંઈ માર્ગ ?"

મિસિસ ડૉસેટ: "આંખ આંખને જુવે ત્યારેજ હૃદય મનની ગુંચવણ ખુલે. પતિ પત્નિને એકાન્તનો સંકેત મળેથીજ સર્વ ખુલાસો થાય."

મિસ ડૉસેટ: "પ્રેમ જીવનની પ્રતિમા, સૌંદર્યની અધિદેવી ગણાતી, ને જગતમાં સાક્ષરતાનો દાવો કરનારી શું દોષને પાત્ર નથી ? પોતાના પતિને

પ્રેમ જીવનમાં નાખી શાંતિ આપવી એ શું સ્ત્રીના ચાતુર્યનું કર્તવ્ય નથી ?"

મિસિસ ફૅાસેટ: "જા, જા, લવારે ન ચઢ. ભાઇનો દોષ ઢાંકતાં ભાભીનો દોષ અગ્ર ન ધર. ભારતવર્ષની સ્ત્રીઓમાં સામાન્યપણે લજ્જાનો વિનય પ્રબળ હોય છે. તેમ છતાં પણ તેના નિર્દોષ હૃદયમાં પતિની છાયાની ભ્રાંતિ ઉભી થાય તો તે તર્ક વિતર્કથી, મોહક મંત્રથી પતિને આકર્ષવાને યત્ન કરે કે એમને એમ."

મિસ ફૅાસેટ: "આ તારથી જ્યારે આપણા સુધી વાત આવી છે ત્યારે શું એ પોતે અજ્ઞાત હશે ?"

મિસિસ ફૅાસેટ: "જ્યારે તે જ્ઞાત થશે ત્યારે સ્વામીમાં સત્ય નિષ્ઠા-વાણી સર્વ કરશે."

"ત્યારે હાલમાં શું માર્ગ ગ્રહણ કરવો ?" ગભરાયલા હૃદયથી ને કરમાયલા મુખથી મિસિસ ફૅાસેટે પ્રશ્ન કર્યો

મિ. ફૅાસેટ: "હાલ તાત્કાલિક તમે તારનો પ્રતિઉત્તર કરો. તેમાં મિ. બ્રાડલો તથા કુમુદના પૂર્વ વૃત્તાંતથી તમે માહિતગાર છો તે સર્વ દર્શાવો."

મિ. ફૅાસેટ: "મિ. બ્રાડલો માટે મ્હારો અંતરાત્મા ઘણોજ તણાય છે તે અનુભવ રહિત નિર્દોષ પણ શંકિત હૃદયવૃત્તિઓથી ગુંચવાયલો તરૂણ છે. તેની વૃત્તિઓનું પૃથક્કરણ અથવા સ્પષ્ટિકરણ કરવાને ત્હારી ત્યાં આવશ્યકતા છે. આવતા મેલમાં તું ઇન્ડિયા ઉપડી જા, ને એ વર્તમાન પણ તારમાં મિ. વિદ્યાચતુરને જણાવ."

મિસ ફૅાસેટ: "મ્હારે પણ વરી જવું પડશે કે ?"

"મનમાં ભાવે ને મુંડી હલાવે" હાસ્ય કરતાં કરતાં મિસિસ ફૅાસેટે તાનો માર્યો. "ખોટા આરોપ મુકતા ના." વિનય નયથી લજ્જાને દર્શાવતાં મિસ ફૅાસેટે બચાવ કર્યો, ને હાથમાં તારનું ફૅાર્મ લઈ લખવા બેઠી. તાર સંપૂર્ણ લખીને પિતાજીના હાથમાં મુકયો.

આનંદદર્શક મુખમુદ્રાથી એકાગ્ર ચિત્તે મા–દિકરીનો સંવાદ મિ. ફૅાસેટ શ્રવણ કરતો હતો. તે હાથમાં તાર લઈ વાંચી બોલ્યો: "લ્યો, તમે ઇન્ડિયા જવાનું તો લખ્યું દેખું." એમ કહી અટ્ટ હાસ્ય કર્યું.

મિસિસ ફૅાસેટે તાળી પાડી, હાસ્યમાં વધારો કરી પતિના વચનમાં અમૃત રેડયું.

હૃદયમર્મથી પકડાયલી મિસ ફૅાસેટે સવિનય પ્રતિઉત્તર કર્યો: "પિતાજીના પક્ષપાતિ ને માતાજીના પુત્રવત્ માટે જે આજ્ઞા થાય તેનું મ્હારાથી ઉલ્લંઘન કેમ થાય ?"

"મ્હારી દિકરી ડાહી તો ખરી, મનમાં ભાવતુંતું ને વૈદ્યે કહ્યું." મિસિસ ફૅાસેટે ટહૂકાર સાથે મુખ મલકાવ્યુ.

તાર કરાવી દીધો ને ચિંતામાલિન્યથી છુટી હોય તેમ "હા–સ" શબ્દધ્વનિ કરતાં શરીરને મરોડયુ. પિતાની પાસે જઈ કોકિલ વિનિંદિત શબ્દે પ્રશ્ન કર્યો: 'આ મ્હોટા પાકિટમાં શુ છે ?"

મિ. ફૅાસેટ: "સર બ્રાડલોની નવી યોજનાઓ છે."

"ત્યારે એમની બધી પૂર્વ કાળની યોજનાઓનુ શુ થયું ?" નિર્દોષ હૃદયવતિએ આતુરતાથી પ્રશ્ન કર્યો.

"વિશ્વાસઘાતી મ્યુર મેકેન્ઝી તો અદ્ધર ઉડી ગયો. પ્રપંચ સૂત્રવાદી શેક્સપિયર પ્રપંચ સુત્રાવળિમા ગુંચવતાં ગુંચવાઈ ગયો ને ગાંઠનું ગોપીચન્દન થઈ ગયુ. ફળ થતા પ્હેલાં વૃક્ષને ખાવા જાય તે ક્યાંથી પામે ? બીજાનુ અનિષ્ટ ઇચ્છનાર ઇષ્ટિની પ્રાપ્તિ કેમ કરી શકે ?" અનુભવી પિતાએ પુત્રિને પ્રતિઉત્તર કર્યો.

મિસ. ફૅાસેટ: "વ્યાપારમાં મુખ્ય કયો ઉદ્દેશ અગ્રગણ્ય છે ?"

"પ્રમાણિકપણા સાથે બુદ્ધિ ચાપલ્યના પૂર્ણ શ્રમથી ફળ ખાવાની ઇચ્છાવાળો આખરે ફત્તેહ પામે છે. પણ ફળ થતાં પ્હેલાં બિજને ખાનાર એટલે વ્યાપાર પુરો ખિલવ્યા પહેલાં તેની મુડી રૂપી બીજને ખાવા માંડે તો જેવી મૂળ ખવાવાથી વૃક્ષની સ્થિતિ થાય છે તેવી વ્યાપારીની થાય." મિ. ફૅાસેટે ગંભિરતાથી ઉત્તર કર્યો.

મિસ ફૅાસેટ: "પ્રપંચ સુત્રિઓ દુનિયાને બહુ આંજે છે. શું તેઓ કાર્યમાં જય પામે છે ?"

મિ. ફૅાસેટ: "અંતે નષ્ટ થાય છે. તેમની આંખે દેખાતો લાભ તે

બગે લાભ નથી. કાચુ તોડેલુ ફળ એ સ્વાદ આપતું નથી. જે વ્યાપારીઓ પ્રપંચ સૂત્રથી ઠગે છે તે વિશ્વાસ ખુવે છે. ભવિષ્યના મહા માર્ગનો રોધ કરે છે. ચાલતા વ્યાપારને હાનિમાં નાખે છે. તે વિશ્વાસઘાતકોને દુનિયા અને પ્રભુ, બન્ને મોડા વહેલા પુરી નસિહતે પહોંચાડે છે. સર બ્રાડલો સાથે પ્રપંચ કરનાર આજે તેના આભાર નીચે છે. દુનિયા તો દર્પણ છે બધાનો સરખો પુરુષાર્થ અને બધાનુએ પ્રારબ્ધ, એજ વ્યાપારમાં તો ગજો છે."

મિસ ફૉસેટ: "પિતાજી, નવી યોજના શી છે?"

મિ. ફૉસેટ: "રૂપાના ચલણવાળા દેશોના વ્યાપારીઓ સાથે એક સંપ કરી ચાંદીનો વ્યાપાર એક હથ્થુ કરવા દશ કરોડ પૌન્ડની એક લિમિટેડ કંપની સ્થાપવાની યોજના છે.

મિસ ફૉસેટ: "થાપણ ઘણીજ મ્હોટી છે. એ કેમ બનશે?"

મિ. ફૉસેટ: "કેપિટલ તો નોમીનલ (નામનીજ) રાખવાની છે શેરો પુરા ભરાવાના નથી. એસિયાખંડમાં ચાંદીના જેટલા વ્યાપારીઓ છે તે સર્વને તેમાં વિભાગી કરવાના છે. એમા ખાસ મર્મ છે. એ શેરોથી સર્વ વ્યાપારીઓને થોડું કે ઘણું કમાવાનુજ છે. ને તેથી સોનાનુ બજાર ટેકાણે રાખી શકાય એમ છે."

મિસ ફૉસેટ: "થાપણુ નામનીજ હોય તો પુરા કેમ પડાય?"

મિ. ફૉસેટ: "એની સાથે દુનિયાની મ્હોટી બેન્કોની શામેલગિરી રાખવાની છે. તે સર્વની સંપુટીથી આ કાર્ય કરવાનુ છે.

મિસ ફૉસેટ: "બધે સોનાનું ચલણુ થઇ જાય તો?"

મિ. ફૉસેટ: "એમાં સોનાનો વ્યાપાર પણ સમાવાની યોજના છે."

મિસ ફૉસેટ: "આ તો અદ્ભુત કામ છે!"

મિ. ફૉસેટ: "ચાંદીના ચલણુવાળો ખંડ ફક્ત એસિયાજ છે. એસિયામાં આપણો બ્હોળો વ્યાપાર છે. ચાંદીનું સુકાન બરોબર થાળે આણ્યા સિવાય એસિયાનો છુટકો નથી. જો બુદ્ધિવંત ઈંગ્લેન્ડ એની જોડે સમજીને નહિ જોડાય તો જાપાન કંઇક નૂતન માર્ગ કહાડશે, ને હાથમાં બાજી રહેશે નહિ."

મિસ ફૅાસેટ: "ઈંગ્લેન્ડને આજે કોની દરકાર છે? એ તો સર્વ વ્યાપારમાં શ્રેષ્ઠ છે."

મિ. ફૅાસેટ: "એ ભૂલ છે. શ્રેષ્ઠ તથા તેનો દાવો કરવાનું મદોન્મતપણું સદા સર્વદા કોઇનું નિભતું નથી. કાર્યદક્ષતા અને સરળતાજ સર્વદા જય પામે છે. મ્હારો મત એમ છે કે, ભારતવર્ષને અને એસિયાના કટલાક વિભાગોને દબાવવાનાં, એટલે પછાત રાખવાના લોભને લીધે દુનિયાના મ્હોટા ભાગના વ્યાપારમાં જર્મની, ફ્રાન્સ આદિ ફાવી ગયા છે. અમેરિકા સરસાઈ ભોગવે છે, ને જાપાન ધસ્યું જાય છે."

મિસ ફૅાસેટ: "ત્યારે શ્રેયસ્કર શું છે?"

મિ. ફૅાસેટ: "ઈંગ્લેન્ડ અને ભારતવર્ષે એકત્ર હિત જોડી વ્યાપારો કરવા ભારતવર્ષમા બધા વ્યાપારોનું મૂળ છે. તેને ખિલાવવાને ઇંગ્લેન્ડે ભારતવર્ષના લોકો સાથે જોડાઇ પુરૂષાર્થ કરવો. હવે ભારતવર્ષમાં પણ વ્યાપારની આખ ખુલી છે. એ આખને બળ જોરાવરીથી મિંચેલી રખાવવાથી મિંચાઈ રહેવાની નથી. જો ઇંગ્લેન્ડ ભારતવર્ષને પોતાની સાથે જોડી વ્યાપાર કાર્યમાં આગળ પાડશે તો તેની સરસાઈ રહેશે, અને ન્હાના મ્હોટા ભાઇઓની પેઠે એક દેશ બીજા દેશની આંગળી ઝાલીને ચાલશે, ને સુખી થશે.

મિસ ફૅાસેટ: "ભરતખડના ક્યા ક્યા વ્યાપારો ઉન્નતિમાં જશે?"

મિ. ફૅાસેટ. "ખેતિવાડી અને ખનિજ વ્યાપાર."

મિસ ફૅાસેટ: "એ તો એમનાં છેજ."

મિ. ફૅાસેટ: "એ હજી બચપણમાં છે. જ્યારે ઉન્નતિમાં આવશે ત્યારે જગત માત્રને ચકિત કરશે. જો ઇંગ્લેન્ડ, ખેતિવાડીને ખિલાવવાને ભારતવર્ષને બુદ્ધિ અને ધનથી સંપૂર્ણ સાહ્યકારી થશે તો અનંત વર્ષો સુધી માખણ ખાશે અને જો તેમાં થાપ ખાશે તો કાળ કંઈ કોઇને આધિન રહ્યો નથી ને રહેવાનો નથી. પોતાના કે પારકાના આશ્રયથી ઉન્નતિમાં આવશે ને પાણી પાણીનો રસ્તો કહાડશે. ખનિજને માટે પણ એમજ છે."

મિસ ફૅાસેટ: "ભારતવર્ષમાં ખનિજ ક્યાં ક્યાં છે?"

મિ. ફ્રૅાસેટ: " પાંચ છ હજાર વર્ષ થયાં આખો ભારતવર્ષ એ રસ સિદ્ધિથી ભરપૂર પડી રહેલો છે."

મિસ ફ્રૅાસેટ: " થોડાક દ્દષ્ટાંત તો આપો. "

મિ. ફ્રૅાસેટ: "ગવર્નમેન્ટે તેમજ દેશી રાજાઓએ થોડી કે ઘણી શોધો કરી છે તે વાંચો, ને તેમાં આ વધારો કરી લ્યો: **ત્રાંબુ**—હિમાલયની તળેટી, બંગાળ અને મધ્ય હિન્દુસ્થાનમાં, દક્ષિણમાં અહમદનગર પાસે ને પચમહાલમા." **લોઢું**—બંગાળા, રાજપિપળા સંસ્થાન, કાઠિયાવાડ અને ગુજરાત તેમ મધ્ય હિન્દુસ્થાનમાં ઘણે સ્થળે." **કોલસો**—"બંગાળ અને બીજા ઘણા ભાગમાં. **મૅંગેનીઝ**—પંચમહાલ, ગોવા, રાજપિપળા, કાઠિયાવાડ, બંગાળ અને મધ્ય હિન્દુસ્થાન." **સીસુ**—પચમહાલ, બગાળ, હિમાલયની તળેટી, અજમેર વગેરે સ્થળે." **ઘાસલેટ તેલ**—"કાઠિયાવાડ, સુરત જીલ્લામાં, અને દમણનાં પ્રદેશ પાસે ને બીજે સ્થળે. **આરસ**—રાજપિપળા સસ્થાન, આબુ, આરાસુરનો પ્રદેશ, મધ્ય હિન્દુસ્થાન, ગાયકવાડીમાં મોતીપુરા વગેરે. આરસની એક જાત એવી અજાયબ જેવી થાય છે કે જાણે ફુલ્સ્કેપ કાગળ. **ચિરોડી**—"કાઠિયાવાડ, ભરૂચ જીલ્લો, અને બીજે ઘણે સ્થળે." **એસબેસ્ટસ**—"કુશળગઢ, હિમાલયની તળેટી વગેરે બીજે ઘણે સ્થળે. ઘણાં ખનિજોની શોધનો આ મ્હોટો રિપોર્ટ છે. તેમાં ત્રાંબાની કેટલીક ખાણો ૪૦–૪૨ ટકા જેટલું ત્રાબું આપે એવી છે. ને સીસાની ખાણો તો એંશી ટકા પુરા પાડે એવી છે. ચાંદી, સુવર્ણ, હીરા, માણેક, પન્ના, સિલોનીઆ અને બીજા અનેક ખનિજ પદાર્થો પૂર્ણતાને પામી ગયા છે.

મિસ ફ્રૅાસેટ: " ઓ હો ! આ તો બહુ લાંબી નોંધ છે ! "

મિ. ફ્રૅાસેટ: " અમેરિકા અને જાપાનના પ્રવાહમાં ઇંગ્લેન્ડે સરસાઇ ભોગવવી હોય તો ભારતવર્ષના ખેડુતો અને મિન ઉદ્યોગવાળા વ્યાપારીઓને સંયુક્ત ધંધામાં નાખવાની સરળતા કરી આપી ઇંગ્લેન્ડનુ હિત સાચવી લેવું. હવે ભારતવર્ષને ઉદ્યોગમાં ખિલાવ્યા સિવાય ઇંગ્લેન્ડનું હિત સચવાશે નહિ. માટે મિ. બ્રાડલો આ સલાહ આપી રહ્યો છે "

મિસ ફૉસેટ: " મ્હને પણ સત્ય ભાસે છે. "

મિ. ફૉસેટ: " તમે ઇન્ડિયા જાઓ ત્યાં આ સર્વ ચર્ચા ચર્ચાવજો."

મિસ ફૉસેટ: " મ્હારે જવુંજ પડશે ? "

મિ. ફૉસેટ. " લખ્યુ છે તો તમે, હવે કઇ વાંધો છે ? "

તાર ટકોરા ખાતો ખાતો રત્નનગરી આવી પહોંચ્યો. તાર લઈ સિપાહી પ્રાસાદમાં આવતાંજ સર્વે, હૃદય મનને એકત્ર કરી ઉંચા સ્વામે જોઇ રહ્યાં. હરિપ્રસાદે માનચતુર પાસે તાર વાંચ્યો, ને સર્વેએ સાંભળ્યો. *

" અલ્યા હરિપ્રસાદ, એ છોકરી આવવાનું લખે છે ખરી, કેમ ? " માનચતુરે પ્રશ્ન કર્યો.

" હાજી." હરિપ્રસાદે પ્રતિઉત્તર કર્યો. " મ્હેં પરિક્ષા કરી છે કે આ છોકરી ખબરદાર ને ખધી છે. એ તે બૈરી, અને આ તો બધા બાવળીઆ. એ આવશે ત્યારેજ આ બધા ગુંચવાડાનો અંત આવશે. આતો એક વાત ખાસે બધાઇ. " એમ કહી માનચતુરે મન સાથે દ્રઢ સંકલ્પ કર્યો.

ગુણસુદરી અને સુદરગૌરી ડોસાનો તાનો સાંભળી મૌન રહ્યાં. કુમુદને કાને સર્વે વર્ત્તમાન ગયા. દરબારમાં વિદ્યાચતુર પાસે તાર ગયો ને વચાયો. સમાચાર ભરતી ઓટની પેઠે ઉછળ્યા ને શાંત થયા, પણ ડોસાનું મન શાન્ત થયુ નહોતું.

---

* પ્રકરણ ૩-૪મા કુમુદ તથા બાડલોના વર્તમાન છે તેમાનો સાર તારમા હતો.

પ્રકરણ ૧૮ મું.

શઠરાયની શઠતા.

रे खल तव खलु चरितं विदुषा मग्रे विविच्य कथयामि।
अथवालं पापात्मन् कथया कृतयापि ते हतया ॥

"રે દુષ્ટ પુરૂષ, ખરેખર, ત્હારા ચરિત્રનુ વિદ્વાનોની આગળ વિવેચન કરીને કહું છું કે વિદ્વાનો ખળથી દૂર રહે. પાપાત્મન, ના, ના, ત્હારી દુષ્ટ નિંદ્ય કથા પણ કરવી યોગ્ય નથી."

રાત્રિની કાળી કરાલ ચાદર જગત્ ઉપર પથરાવાની સંપૂર્ણ તૈયારી થઈ રહી હતી. રોળી કોળી વખતે શઠરાય પોતાની જાગિરીના ગામમાં, બંગલામાં બેઠો બેઠો નિઃશ્વાસ મુકી રહ્યો છે. મુછ ઉપર હાથ મુકી, તર્ક વિતર્કના આમળા દઈ રહ્યો હતો. સામુ ફક્ત દીવો બળતો હતો. તેની પાસે હમણાં કોઈ માણસ નહોતું લમણા ઉપર હાથ મુકી રૂપાંતર સ્થિતિનાં અસહ્ય દુઃખની વેદના સહન કરતો હતો, ને તેનું વેર લેવાની સંકલના ગુંથતો ગુંથતો તે ઉદ્વેગપૂર્ણ હૃદયથી વિચારમાં લીન થયેલો ભાસતો હતો. તેવામાં ખવાસે આવી કહ્યું: "ધીરપુરના ઠાકોરના પુત્ર મળવા ચાહે છે." શઠરાયનું હૃદય જરા ઉન્નત થયું. તેને અંદર લાવવા કહ્યું.

વાઘજી અંદર આવ્યો. શઠરાયે આદરપૂર્વક સવિનય બોલાવી પાસે

બેસાડયો. શઠરાય થોડી વાર ચુપ બેઠો. નિઃશબ્દથી વાઘજી તરફ સુતિક્ષ્ણ નજરથી નિહાળ્યું. ક્ષણેક વ્યતિત થતાંજ શઠરાયે કહ્યું: "મ્હને આપ તરફના પત્રો મળ્યા છે. તેમાંનું સર્વ મ્હારા લક્ષમાં છે. સમરરંગ ખેલીશું તો શત્રુને સ્હે આપીશુ, નમાવીશું."

વાઘજી: "અમે તો તમારી અનુમતિને અનુસરી રંગ કીધો પણ આવેલી બાજી ગઇ."

શઠરાય: "તેથી શું ખેદિત થયા છો?"

વાઘજી: "બાજી ગઇ તેથી ખેદિત નથી. હજારો બાજીઓ ગઇ ને હજારો બાજીઓ ગોઠવીશું."

શઠરાય: "તમારા પિતા યુદ્ધ કરતા પકડાયા ને વિપદ્મા પડ્યા તે માટે ખેદિત છો?"

વાઘજી: "વિપદમાં પડયાથી ખેદમાં પડવાનો સ્વભાવ નથી. એ તો રજપૂતને નસિબે લ્હાણું છે."

શઠરાય: "ત્યારે શા માટે ખેદિત છો?"

વાઘજી: "આપ જેવા બુદ્ધિશીળ પુરૂષની પ્રપંચ જાળ ફળિભૂત ના થઈ તેથી. જે પુરૂષના બુદ્ધિતંત્રથી આખું કાઠિયાવાડ ધ્રુજે છે, જે પુરૂષની પ્રપંચજાળમાંથી નર, વ્યાઘ્ર કે કીટ પતંગ જેવો અનુચર પણ છટકવા ન પામે, જે સર્વનાં માનને નમાવી દે, તેજ દુર્દશામાં પડ્યા છે, તેથી મ્હારૂં મન ખેદિત રહે છે. જેની હાક પોલીટિકલ એજન્ટને ડરાવે છે, જે ધારે તેને પોતાનાં પારકાં કરી શકે છે, જેણે દેશેદેશ અને ગામેગામ પોતાની બુદ્ધિકળાની આણ વર્તાવી છે, તે એક અનાથ વિધવાના ડરકણ દિકરાથી મહાત થાય છે. તે એક દરિદ્ર ભટ્ટને લીધે એક ગામડામાં જઇને વસે છે. જેણે અનેક રાજ્યદ્વારી પ્રસંગોને વટાવી દઈ ભલા ભલા રંગ રાખ્યા છે, કોઇને રાજગાદીએથી યમપુરીએ પહોંચાડયા છે, ને કંઇકને તખ્તનશિન કર્યા છે, તે આજે બે બદામના અધમ માણસને હાથે હાલહવાલ થાય છે, તે દેખી ખમાતું નથી. મ્હારા પિતાજી સાથે આપનો સ્નેહ છે. તે સ્નેહને સાટે આપ હુકમ કરો તે કરવા હું તૈયાર છું. કહો તો રાણાનું માથું ઉડાવી

નાખું, દિવાનનું નાક કાપી નાખું, અને આપના ગૌરવને દિપાવી આપું."

શઠરાયઃ "ઠાકોર, આપનું કહેવું સત્ય છે. પરંતુ તેમાં આપણો દિ શું વળ્યો?"

વાઘજીઃ "વેરને બદલે વેર, બીજું શું?"

શઠરાયઃ "આ તો ઘરનાં વેર ઝેર ન હોય, એ તો રાજરંગની શેતરંજની રમતો છે. દાવે દાવ લાવી રંગ જમાવવાનો છે. માથાં કાપે માથું જાય. એમાં સમૃદ્ધિ, સત્તા કે ગયેલી જાગિરો પાછી ન આવે. એ તો હોય તે પણ લેતી જાય, ને દુશ્મન હસાવીએ."

વાઘજીઃ "બાપુ પણ એમ કહાવી કહાવીનેજ વારે છે."

શઠરાયઃ "હા, ઠાકોર હા. સુરસિંહજી આજે શત્રુને હાથ છે. પથ્થર નીચે આવેલો હાથ દાવે ખેંચી લેવો એનું નામ ડહાપણ."

વાઘજીઃ "એ વાત વાણીઆને આવડે, રજપૂત તો એકનાં બે કરવાનું સમજે."

શઠરાયઃ "ઠાકોર, આ તે વખત નથી. તરવારોના વારા વહી ગયા. હવે તો દાવ પેચના વારા છે. સિંહનું ગૌરવ શિયાળવાંના દાવ પેચમાં ઘસડાઈ જાય છે."

વાઘજીઃ "શું એ તે ન્યાય?"

શઠરાયઃ "ભાઈ, ન્યાય ક્યાં માંગો છો? એવાં દેશી રાજ્યમાં ન્યાયની અદાલતોજ ક્યાં છે? એ બધી દગલબાજીની દુકાનો તો છે."

વાઘજીઃ "હવે મ્હારા કાન ખુલ્યા."

શઠરાયઃ "ન ખુલ્યા હોય તો પુરા ખોલો. ને ભુલ્યાં ત્યાંથી ફરી ગણો. હવે રણસ્પર્શી વીરોથી આપણું કામ થાય એવું નથી. હવે તો રણવાસમાં રહેતી દાસીઓથી કામ થાય એવું છે. અનુપમ બુદ્ધિવાન વીરો જે ન કરી શકે તે રણવાસની ખવાસણો પાર ઉતારે એમ છે. તીરને ભાથામાં રાખો ને તરવારને મ્યાનમાં રાખો. બંધુક ને તોપો કંઇ દરિદ્રતા કહાડનારી નથી. અને તો કહું, તે રસ્તો પકડો."

વાઘજીઃ "શું માર્ગ યોજો છો?"

શઠરાય: " રથી ખવાસણુ તેજપ્રભાના સુખનું પાન થઇ પડી છે. ને તેજપ્રના રાણાસાહેબને ગળે બાઝેલી છે. બુદ્ધિધને તેજપ્રભાને અપમાનિત કરેલી તેનો તેને પુરો દંશ છે. તેને રંગ ચઢાવો ને દ્વેષની સ્મૃતિ જાગ્રત કરી દિન પ્રતિદિન બળતા અગ્નિમાં ઘી હોમો. ધીમે ધીમે દ્વેષનો મહાન અગ્નિ પ્રજ્વલિત થશે. તેની જ્વાળામાં બુદ્ધિધનને ભસ્મીભૂત કરવાની યોજના ગોઠવો."

વાઘજી: " હા, ભા, હા, એ તો બધુંય સમજ્યો. રજપુતરો રંગ ગયો. આ તો ગોલા લોન્ડાઓના ખેલ આવ્યા. લાખે લાખ મળે પણ વીર તરંગિનું ગૌરવ તજી અનમી રહેનાર દાસ દાસીઓને અને વેશ્યાને નમે એ તો આ જીવનમાં બનનાર નથી."

શઠરાય: " રજપૂતોના સ્વભાવથી અવધિજ છે. કાર્યદક્ષ થવું અને સમયરંગ ખેલી લેવો એમાં નમવાનું શું ? ને વળી ગોલા લોન્ડા શાથી બન્યા ? વેશ્યા કે દાસી ગમે તે હોય. રાજાએ માની તે રાણી ને છાણાં વિણતી આણી. આપણે તો આપણા અર્થ સાથે કામ."

વાઘજી: " આપ તો વડિલ છો. ભા, ક્ષાત્ર ધર્મની છાયામાં રહી, વીરપ્રવર થઇ પ્રતાપથી સેહ આપવા અને તેમ કરતાં પ્રાણાર્પણ કરવા પણ તત્પર છું. પરંતુ ભા, આ તો ગળે ઉતરતું નથી."

શઠરાય: " એ કામ તમારાં ન હોય. ઠાકોર ચાલો, એમ ન કરતા પણ એ રંગમાં શામેલ તો રહેશોને? આ વખત ચતુરાઈ સિવાય બીજાનો નથી અને તેજપ્રભાને શોધ્યા સિવાય આપણો છુટકો નથી."

આ મંડળ જેમ દ્વેષના અગ્નિમાં બુદ્ધિધનને ભસ્મીભૂત કરવા મચતું હતું તેમ તેજપ્રભા પણ દ્વેષના આવર્ણથી નિંદ્ય કર્મો કરીને પણ તેને પાયમાલ કરવા યત્નશીળ થઇ રહેલી હતી.

તેજપ્રભાનું વય હાલ વીશ વર્ષનું હતું. તેના અવયવ સુકોમળ, ઉજ્જવલ અને લાવણ્યમય હતા. ચામડી પિળાશ પડતી ગૌર તેજસ્વી હતી. લલાટ સુંદર હતું તેના કરતાં પણ વિશેષ પ્રશસ્ત કરવા કૃત્રિમતાથી વાળોને ખુંટી કઢાવી વિસ્તીર્ણ કરાવેલું હતું. નાક છેડા ઉપરથી જરા બેઠેલું ને પાછલા

ભાગમાં જરા પેંડું ફરી જવાથી દબાઈ ગયું હોય એવું બેડોળ હતું. પરંતુ યૌવનનું સૌંદર્ય વિકસવાથી પ્રફુલ્લ ઉન્મત બાલિકા રાણાના હૃદયની અધિરાજ બની ગઇ હતી. બાલિકા નિચા કુટુંબમાં જન્મેલી અને પેથાપુરના ગરાસિયાની પુત્રી ગણાતી, પણ સત્ય શુ હતું તે સમજાયું નથી, અને આપણે સમજવાની જરૂર પણ નથી. ઉન્મત્ત બાલિકા યૌવનમાં પ્રવેશ કરતાંજ કહેવાતા પિતા સાથે રાજકોટમાં વસેલી. રાજકોટ આજકાલ રાજકુમારોના આવાસનું સ્થાન છે. રાજકુમાર કૉલેજમાં રહેલા કુમારોને એ પુરમાં વસવાટ કરવાની ફરજ પડે છે. તેથી યૌવનમાં આવતા રાજકુમારોથી ઘણી વખત ત્યાં અવનવા બનાવો બને છે. તેજપ્રભા સાથે ઘણાઓનો આંખ ચાલ્લો બનેલો અને તેથી રાજ્યમહેલની રાણી થવાની તેણે આશા બાંધેલી અને તેથી યૌવનદશા પ્રાપ્ત થતાંજ તેજપ્રભાએ પોતાનુ જીવન ઉચ્ચ દશામાં લાવવા ઘણાં પાખંડ કર્યા. પરંતુ વ્યર્થ ગયાં. જુનાગઢમાં બીબીને વેશે ને જામનગરમાં રજપુતાણીને વેશે યુક્તિ પ્રયુક્તિથી ઘણાંએ ફાંશં માર્યા. આખરે હારીને ભૂપસિંહને મોહજાળમાં ફસાવ્યા. ભૂપસિંહને તેજપ્રભા સાથે જોડાવામા બુદ્ધિધનની આડ હતી. તેજપ્રભાએ વિસ્તારપૂર્વક પ્રપંચ જાળપાથરી પણ એમાં બુદ્ધિધન સપડાયો નહિ પરંતુ રાણાજી તો લુબ્ધ થઇ ગયા ને અંધ બ યા. એના વિના એને એકે દિશા સુઝતી નહિ.

બુદ્ધિધને ઘણી દલિલો આપી. વેશ્યા સાથે લગ્ન કરવામાં અંતરાય નાંખ્યો અને છેલ્લી મહત્ત્વતા ભરેલી દલિલ એ પણ નિવેદન કરી કે:— "એને પેટ કુંવરી થશે તેને ક્યાં નાંખશો ? એની કુંવરીને કોણ લેશે ? તમારાં ફરઝંદનુ ભાવિ કેવું થશે? તમારી રજવાડામાં કેવી અપકીર્તિ થશે? જેણે એવું કર્યું છે તેમની કુવરીના હાલ જુવો? ચક્ષુભિસત્ય કરો. મરજી હોય તો મનમાની રાજ્ય કન્યા વરો. વેશ્યા વિત્તની સગી છે અને માન્યું નહિ માન્યું કરશો તો તન મન ને ધનની હાનિ કરવા સાથે વડિલોનાં માન ગૌરવને ખંડિત કરશો."

બુદ્ધિધનની બધી દલિલો સત્ય ભાસી, પરંતુ પ્રેમલુબ્ધ થયેલા અંધ અંતઃકરણને કંઇ માર્ગ ગમ્યોજ નહિ. તેજપ્રભાજ હૃદયનું રત્ન અને નેત્રનુ

મણી થઈ પડી હતી. બુદ્ધિધન રાજ્યકાર્ય પ્રસંગે મુંબઈ પધાર્યા, એટલે રાણાજીએ ગોરને બોલાવી તેજપ્રભા સાથે ચાર મંગળફેરા ફરી રાણી ઠરાવ્યાં ને તે ખુશખબ્તિનો તાર મુંબઈ બુદ્ધિધનભાઈ ઉપર કર્યો. તેઓ તાર વાંચી ખેદિત હૃદયે નિરાશ થયા, પરતુ રાણાની મુર્ખતા ઉપર સ્મિત આવ્યા સિવાય રહ્યું નહિ. "રાજાને ગમી તે રાણી ને નીચ ઉંચ ન જાણી. હા, એ તે એનું નામ." એમ વિચારી મન માર્યું, પરંતુ બુદ્ધિધનની મનોભાવનાના વલણનો પ્રભાવ તેજપ્રભા જાણી ચેતી ગઇ હતી. તે મનમાં કઠણુ આમળો રાખી દાવ શોધતી હતી.

હવે તેજપ્રભા પ્રબળ બળવતિ થઇ પડી હતી. રણવાસની રાણીઓમાં એની સત્તા પ્રબળ ગણાવા લાગી હતી. એણે પણ માથે છેડો મેલી પરક્રિયા સ્ત્રી જેવો વિનોદ વ્યવહાર આરંભ્યો હતો. મદીરામાં અને અનેક પ્રકારની કુચેષ્ટાઓમાં રાણાનો કાળ વ્યતીત થવા લાગ્યો. રાત દિવસનું ભાન ભુલાવા લાગ્યુ અને મન સાથે તનની પણ અવ્યવસ્થા થવા લાગી. બુદ્ધિધનભાઈ પ્રેમભાવથી વાતચિતની ટકોરમાં કહેતા પણ રાણા સાહેબ તેને હસી કહાડતા, અને ને વાતો રૂપાંતર થઈ સવાસલું લગાડનારાઓદ્વારા તેજપ્રભાને કાને જતી. તેથી તે વધુ કોપીલી બનતી ને સિંહની પેઠે દિવસે દિવસે છેડાયલી રહી ચાંદુ શોધતી હતી. પ્રતિદિન રાણા સાહેબને બુદ્ધિધન માટે વિષ રેડતી; પરતુ જેમ તેજપ્રભા રાણા સાહેબને ગળે વળગી હતી તેમ બુદ્ધિધન માટે રાણા સાહેબનો ઘણો ઉંચો મત બધાયલો હતો તે સાથે પૂર્વનો ઉપકાર અને તેમની સ્વામી પરાયણ સત્યનિષ્ઠા ભરેલી નોકરીને લીધે તેમની ઘણી જરૂર હતી તેથી તેમને છોડાય એમ નહોતું. આ પ્રમાણે બે તરફની જબરી ખેંચાતાણી થતી. તેજપ્રભા એમ જાણતી કે દિવાન બદલાય તો મ્હારૂં બળ વધે, અને તેને સારૂ તેણે પ્રબળ પ્રયત્નો આરંભ્યા. રાણા સાહેબને મદીરા પાઈ અનેક સારા નરતા પુરૂષોનાં વખાણ કરી દિવાનપદ ઉપર લાવવા પ્રયત્ન કર્યા પણ નિષ્ફળતા પ્રાપ્ત થઇ. આજે તેજપ્રભાની બુદ્ધિએ શઠરાયને શોધી કહાડયો. પ્રપંચ તત્ર કેમ રચવું તેની સલાહ સારૂ રધી સાથે તંત્ર રચી દાસી જાનબાઇને શઠરાયને ગામ મોકલી. દાસીને જોઈ વાઘજી એકદમ

ઝબક્યો. ચકિતની પેઠે જરાવાર નિર્વાક્ થઈ ગયો ને વિસ્મયોત્ફુલ્લ લોચનથી સામુ જોઈ રહ્યો. દાસીએ મૌન્ય તોડયું. "તમે પણ અત્રેજ છો તેથી સઘળો ઘાટ ઠીકાઠીકજ થશે. દુધમાં સાકર."

શઠરાયઃ "પધારો પધારો, બા સાહેબ આનંદમાં છે કની?"

જાનબાઇએ ઓવારણું લઈ આંગળાના કડાકા ફોડતાં પ્રતિઉત્તર કર્યો: "આપનું મંગળ ઇચ્છે છે ને આપની બુદ્ધિની વાખવા ગાય છે."

શઠરાયઃ "એ તો બા સાહેબની મ્હોટાઇ છે. આજકાલ બા સાહેબની બુદ્ધિને કોણ પહોંચે એમ છે? જેવું નામ છે તેવાંજ બુદ્ધિ અને ડહાપણમા પણ તેજજ છે."

જાનબાઈ: "મ્હોટા મ્હોટુંજ ભાખે."

શઠરાયઃ કહો, હવે શ્રી મુખનો શો હુકમ છે?"

"બા સાહેબ વિફળ પ્રયત્ન કરાવવા માગતાં નથી, અને વિફળ નિવડે એવું કરાવવા ધારતાંયે નથી. માટેજ આપને શોધ્યા છે." એમ કહી મોતીની કંઠી શઠરાયના ગળામાં આરોપી પ્રફુલ્લ અંતઃકરણે જાનબાઇ સામુ બેઠી.

"એનું પ્રયોજન શું હતું? આ દેહ બા સાહેબના અન્નનોજ બનેલો છે. તન મનથી બનતે પ્રયત્ને મદદ કરીશ, અને તેમ કરવામાં પ્રાણ જતા પણ પાછો પડીશ નહિ." શઠરાયે વિનયસર આશ્વાસન આપતાં કહ્યું.

"આપ ચીર વિશ્વાસી છો. બા સાહેબે મેલેલો વિશ્વાસ નિષ્ફળ નિવડનો નથી. બા સાહેબે કહાવ્યુ છે કે, આપનુ અપમાન કરનાર અહર્નિશ અમને પણ અપમાનિત કરે છે. હવે તે સ્હેવાતું નથી. તેનો તાકિદે અંત લાવો." જાનબાઇએ અથ ઇતિ દર્શાવતાં ખુલ્લા ભાવે કહ્યું.

શઠરાય· "લૂણહરામી, વિશ્વાસઘાતક, કપટાચારીને શિક્ષા કરવી એ તો આપના હાથમાં છે."

જાનબાઇ: "પ્રયત્નો તો કર્યા પરંતુ રાણા સાહેબ પાસે બધા વિફળ થયા. બાપુ, એ તો તમારી બુદ્ધિ વિના બધું અંધારૂં. અમે તે અમે ને તમે તે તમે. છડેછોક વેશ્યા વેશ્યા કહી વગોવે છે, ને બા સાહેબને પગથી તે માથા સુધી ઝાળ લાગે છે."

શઠરાયઃ "અરે, એવું કહેનારનું જડબું ન તોડી નાખું! સીતા જેવાં સાધવી ને વળી અન્નદાતાને એવું તે કહેવાય?"

જાનબાઈ: "દરબારમાં આપના જેવું કોઈ નથી, તેથીજ ફાવી ગયાં છે તો. આ તે કેવો અન્યાય?"

શઠરાયઃ "એનું શળ કહાડવું તે તો બા સાહેબને મન સ્હેલ છે."

જાનબાઇ: "બા સાહેબે તો બનતી બધે નજરો પહોંચાડી પણ ઘરમાં તો અલક કાગડી છે તે તુરત ચેતી જાય એવી છે. તેથી ત્યાં કંઇ ફાવ્યાંજ નહિ. ને જાતે પાછા નાગર એટલે આપણે ત્યાં તો વ્યવહાર બંધ. બાકી દહીં કે શીરામાં કયારનાંએ બે ઘડીમાં તડફડીઆં ખવડાવી દીધાં હોત. પણ ફવાતું નથી ને દાવ આવતો નથી."

"શાબાશ, શાબાશ, બા સાહેબની બુદ્ધિની હદ છે. ચાતુર્યકળા તો એમનીજ." શઠરાયે ઉત્તેજીત કરતાં કહ્યું ને મનમાં જરા વિચારમાં પડયો: "અહા! બ્રહ્મહત્યા સુધી નજર પહોંચાડી! સ્ત્રી ખરેખરી પિશાચિણી છે. બચ્ચા, ચેતતો રહેજે. આડું અવળું પડયું ને વિશ્વાસ રાખ્યો તો ત્હારોએ એજ ઘાટ."

જાનબાઇ: "બા, સાહેબ તો સર્વને પહોંચી વળે એવાં છે, અને ઘાટ આવે વિરાંગનાની પેઠે પેટમાં કટારી પણ ખોસી દે એવાં છે. પરંતુ તમારી સલાહ વિના અંધારૂં છે. હવે તો બધું સુકાન તમારા હાથમાં મુક્યુ છે."

શઠરાયઃ "બા સાહેબના હુકમને આધિન છું. વિશ્વાસ રાખો. વિચલિત ચિત્ત ન રાખો. કટારીનું કામ નથી ને વિષ પ્રયોગની પણ જરૂર નથી. ઉલટી બલા ગળે પડે. જમાનો ફરી ગયો છે તે સાથે ઉપાયો પણ ફર્યા છે. આપ દૃઢ નિશ્ચયથી સુકાન એક તંત્રથી ફેરવશો તો રાણા સાહેબએજ આપણી કટારી. પોલીટિકલ એજન્ટ અને મુંબઈ સરકારના કાનમાં ખોટા ખરા વ્હેમ નાંખવા એ આપણું વિષ, અને એ ત્રણેના અધિકારી મંડળને ફોડી ખોટા ખરા ઘોટળા ઉભા કરવા એ આપણો ફાંસો. લીલાપુર, મુબંઇ, ને કલકત્તા સરકારમાં રોજના નનામા અને કંઇક ઠાકોર જેવાં

નામના અરજા એ આપણું લશ્કર. ખરૂં કામ તો પૈસા વેરવાનું છે. દામ કરે સલામ. ખરાનું ખોટું ને ખોટાનું ખરૂં એ આ જમાનાનો રંગ છે. તેમાં કાવ્યા એટલે ચણા જેટલું નાક ગયુ તે ગળા બરોબર કર્યા સરખું છે."

આશાથી સતેજ થયેલા મનથી, ઉત્મત્ત થયેલા હૃદયથી જાનબાઇએ પ્રતિઉત્તર કર્યો. "પૈસાની પાળ બાંધવી હોય એટલી બાંધજો. પણ નાક લીધેજ બેસવાનુ નથી. પગ કહાડવો છે."

શઠરાયઃ "બા સાહેબને કહેજો, વિશ્વાસ રાખજો. સીતા જેવાં તમને સતાવી રાવણ જેવો અભિમાની થયો છે તેવો તેનો સંહાર થશે. તમારા જેવી દેવીના શ્રાપથી પુત્ર અને પુત્ર વધુ વિનાનો થયો છે. પત્નિ ગઇ છે. લ્હાય લેપાએ જીવન મર્ણ જેવું ભોગવે છે. એ મરેલાને મારતાં શી વાર છે? આ ઠાકોર બેઠા છે. આજે પોલીટિકલ એજન્ટ ને મુંબઇ સરકારમાં સુરસિંહને નામે ખોટા ખરા ગોળા મોકલું છું. "સુરસિંહને મારી નાંખી ગરાસ પચાવી પાડવા મથે છે. તેની પાસે રૂશ્વત માંગે છે ને વિષ આપવાની તેવડમાં છે." કહો, આ તો રંગે રગ ઝામે એવું છે ને? ખરે નામે અરજી ને બારીસ્ટરના પૈસા બાઇ સાહેબના. મિ. વહાડીઆ, મુન્શી અને મેટલવડને રોકીશુ. કહો, પ્રથમ પૈસાની તેવડનો જુવાબ કહો?"

જાનબાઈ: "પૈસાની હા. બીલ મોકલજો. તમારૂં મહેનતાણુંએ ખરૂ અને અમારાં જેવાં ગરિબ ઉપર દયા કરવીએ તમારે."

શઠરાય "મારે તો બા સાહેબની સેવા કરી બતાવવી છે. તમારાં બધાંનુ સાચવીશું. એમાં જરાયે ચિંતા રાખતાં નહિ."

જાનબાઇ: "તમે તો અમારા અન્નદાતા છો. દરબારમાં તમારા વિના અંધારૂજ થયું છે. ન મળે દેણુગી કે ન મળે કસુંબાપાણી ને ઠુંગણુ સાલ્લ, પાઘડીઓ ને અંબરોના વરસાદ તો બાપુ તમારે હાથે થતા. હવે બધું વખત ફરે પાછુ થશે. અમને આપનો પાકો ભરોંસો છે. અપમાનિત થવાથી બાને તો એવો દ્વેષ ભરાયો છે કે લાખ બે લાખ ખરચીને પણ કાટ કહાડવો."

શઠરાયઃ "હવે વિશ્વાસ રાખો. થોડા દિવસમાં શું રંગ ખેલાય છે.

મહા સમરાંગણમાં અગ્નિ સળગાવું છુ, ને ખોટારાના ઘોડા દોડાવું છુ. બા સાહેબ પૈસાની છોળો ઉડાવશે તો દુનિયામાં કોનું પેટ નથી ? ખરાનું ખોટું ને ખોટાનુ ખરૂં કયા થતું નથી ? ત્રણ ખુણાની ટોપીને વહેમમાં ગુચવી કે બેડો પાર ! તમારે કંઇ ચિંતા રાખવી નહિ. લ્યો, આ બસેની નોટ લેતાં જાઓ. ઘરમા સૌને આશ્વાસન આપો. ખાઓ, પીઓ ને મઝા કરો."

જાનબાઇ: "ના, બા, ના, તમારૂંજ ખાઇએ છીએ. એમ હોય નહિ."

શઠરાય: "મ્હારા સમ, ચાલે નહિ."

એમ કહી તેના ખોળામા નોટ નાંખી દીધી.

જાનબાઇ: "બાપુ, તમારા સોગન પાછા વળાતા નથી. આ દેહ તમારો છે. અડધી રાતે આપ કહેશો તે બધુ બા સાહેબ પાસે કરાવીશ."

શઠરાય: "કંઇ ચિંતા નહિ. આજે બધી અરજીઓ તૈયાર થઇ જશે મ્હારી મ્હેનત તો કરીશ પરંતુ બારીસ્ટરો પાસે ઠીક ઘડાવવી પડશે. તેમની મારફતે જાય તો વજન પડે. તડ ને ફડ કામ થયુંજ સમજોની. પરંતુ તેમની ફીના રૂપીઆ થોડા ઘણાએ આપવા પડશે. બા સાહેબ કહે તો હમણાં હું આપુ. પણ બા સાહેબનો હુકમ જોઇએ. ખરૂં કની ?"

જાનબાઈ: "હાજી, પરંતુ એ રૂપીઆ કેટલા જોઇશુ તે કહોની."

મુખ મ્લાન કરતા શઠરાયે ઉંડી ગણત્રી કરી પ્રતિઉત્તર કર્યો: "જાનબાઈ, ઓછામાં ઓછા પચીસ ત્રીશ હજાર તો જોઇશુજ. દુશ્મન જબરો છે. તે બા સાહેબ જાણે છે. પછી બા સાહેબની મરજી."

જાનબાઇ: "અરે ! એમાં મરજી શી ? આપના પચીશ ત્રીશ ને બા સાહેબ પાસે પાંત્રીશ ચાલીશ હજારની હા પડાવી મોકલી આપુ તારેજ આ ખવાસણ ખરી."

શઠરાય: "શાબાશ, રંગ, રંગ." કરી ખવાસણના હાથમાં તાળી આપી. જરા એકાંતમાં વાત કરવાને મસે ઉઠાડી ખભા ઉપર હાથ મુકી શઠરાયે ફરી કહ્યું: "જાનબાઈ, રૂપીઆ વિના બારીસ્ટરો કલમ નહિ ફેરે, અને આપણે ધારીએ છીએ એટલી ઉતાવળે કામ નહિ થાય." કાકલુદી કરતાં હાથમાં હડપચી ઝાલી જરા પ્રેમ ચક્ષુથી સ્નેહ ચિહ્ન કરતાં કહ્યું.

શઠરાય જેવા પુરૂષના હાથનો સ્પર્શ થતાંજ તેણે રોમાન્ચ અનુભવ્યો. કાળી બલ્લક જેવી કાલિકાને ઇંદ્રના સ્પર્શ જેવો અનુભવ થયો. પ્રેમમય ચક્ષુથી આધિન થયેલી ક્ષણભર સ્તંભી ને સવિનય મુખ મલકાવતી બોલી: "જી, એની ચિંતા નહિ. કાલે પાંત્રીશ હજારની રકમ આપના હાથમાં આવી પડશે."

"રંગ, રંગ." કહી વાંસો થાબડયો. જનનબાઇ મુખમુદ્રા મલકાવતી સામુ જોઇજ રહી.

આ કાઠિયાવાડી મલિન તંત્રના પ્રપંચમાં વાચનારની મનોવૃત્તિને ઉતારી વિશુદ્ધિમાં નાખતાં અટકવું એમાં આપણુ તેમ લેખિનીનુ ભલુ છે. માટે આગળ ચાલો.

ખટપટાસ્ત્ર શરૂ થયુ. હેવાય થયેલી, ગર્વને ડગનારીએ હેપના આડિ ભાંત્રમાં રૂપિયાની રકમ મોકલી અને વિશેષ મોકલવી શરૂ રાખી. જનનબાઇએ લોભ અને મોહથી સર્વ કાર્યમાં પ્રીતિ રાખી. શઠરાયની શઠતા ને સાહેબની સાધુતા સેળભેળ થઇ ગઇ. બાગારાનો રંગ બગ્યો ને ભરાયો. પેટને માટે ઠેઠ સુધી મુગે મ્હોડે ચાલ્યુ. ઉંટ બેસીને ઘેર આવ્યુ ત્યા સુધી બુદ્ધિધનને ખબરે ન પડી. બુદ્ધિધનની તપાસ થવા મુંબઇ સરકારે પોલીટિકલ એજન્ટને ડેમી ઑફિસિયલ ફરમાવ્યુ હતું. તે ફરમાન સાથે બીજો બધો મસાલો ભળવાથી ભભેરાઇને તે ભૂત થયો હતો. ખાસ એટલા સારૂ સ્વારી સુવર્ણપુર આવવાથી શઠરાયના આનંદનો પાર ન રહ્યો. તેણે તેજપ્રભાને કહાવ્યુ: "હવે રંગ તપાસવાનો છે. રાણા સાહેબને હવે હથિયાર બનાવો. એ કર્તવ્ય તમારૂ છે."

તેજ થયેલી તેજપ્રભા દુર્ભેદ્ય કાર્ય કરવા ભીષણ પ્રયત્નો આરંભી બેઠી. રાણા સાહેબને મદ્યપાનમાં પૂર ચકચૂર બનાવ્યા. બુદ્ધિધનની મુલાકાત બહારો બહારથી બંધ કરી. પોલીટિકલ એજન્ટ સાહેબનાં મડમ સાહેબ સારૂ હીરાનો હાર મંગાવી રાખ્યો. મેવા મીઠાઈ અને આગતા સ્વાગતાના સાધનોની રેલછેલ કરી. પટાવાળાથી તે દફતરદાર સુધી સર્વેનાં મન ઉપર ઉપકારનું વાદળ છાવર્યું.

બુદ્ધિધન ઉપર ઘણા પ્રકારના આરોપો ઉભા કર્યા હતા. ધીરપુરનો ગરાસ પચાવી પાડવાનો, તેના માલિક સુરસંગને મહાવ્યથા કરવાનો, વિષ આપવાનો ને લાંચ માગવાનો આરોપ સચોટ ઉભો કર્યો હતો. બીજાઓના હક્ક ઉપર તરાપ અને લાંચોની ન્હાની મ્હોટી ગપો એ સઘળા આરોપો રીતસર ગોઠવી નાંખેલા હતા. બ્હારવટીઆઓને ઉશ્કેરી આશ્રય આપી સરકાર વિરૂદ્ધ લડાઇ ઉભી કરવાનો પણ આરોપ ગોઠવવાનું ભુલ્યા નહોતા. કાગળ ઉપર વાઘના વાઘ ચિતરાઈ ગયા હતા અને મહાન ઉલ્કાપાત થઈ એમ્પાયરનાં એમ્પાયર ભસ્મીભૂત થવાનાં હોય, ન્યાયનો અંધકાર થઈ ગયો હોય, એવું સ્વરૂપાંતર યુક્તિ પર યુક્તિએ ગોઠવ્યુ હતું. વળી ચાર સમ્ય ગણાતા કળજુગી જનોથી વાર્તા વિનોદમા પોલીટિકલ એજન્ટના મનમા વિષ મેલાવવામાં પણ બાકી રાખ્યુ નહોતું. એટલુજ નહિ પરંતુ જ્યા જ્યા પોલીટિકલ એજન્ટનો મુકામ થોભનાર હતો, ત્યા ત્યાં અવનવિત વેષ ધારી વ્યાપારી, ખેડુત, ગરાસીઆ કે પટેલના નામથી તરેહવાર તોહોમતોની વાતો કહેવડાવી તેમના મનમાં વિષ ભર્યુ હતું. કરનાર તત્રકાર એક હતો અને જેમ નાટક ભજવાય તેમ આ બધો વેષ ભજવાયો હતો. જેનો સ્વપ્ને પણ કોઇને ખ્યાલ જાય એવું નહોતું કાગનો વાઘ ને ખોટાનું ખરૂં શઠરાયે શઠકળાથી હાલ તો કરી આપ્યુ હતું. પોલીટિકલ એજન્ટ ભમી ભમીને ભૂત થયો હતો. તેને કોઇ પણ પુરાવાની હવે દરકાર હોય કે ન્યૂનતા હોય એમ જણાતુ નહોતું. અને આ તંત્રથી સામાન્ય બુદ્ધિ પણ ઠગાય એમા સદેહ નહોતો.

શઠરાયે છેલ્લી અને યુક્તિ ભરેલી યોજના એ ગોઠવી હતી કે, ખુદ રાણા સાહેબ પાસેજ બુદ્ધિધન ઉપર હુમલો કરાવવો ને રૂબરૂમાં ફરિયાદ કરાવવી. તેને માટે તેજપ્રભાને પરિપૂર્ણ ઉશ્કેરી રાણાને હાથમાં લેવા યોજના ઘડેલી. રાણાને દારૂ પાઈ પોલીટિકલ એજન્ટ પાસે લઈ જવા, સાથે વિશ્વાસુ આદમીને મોકલવો અને સર્વ ઘટસ્ફોટ કરાવવાને આ છેલ્લું નિશાન બરોબર તાકી શઠરાય સજ્જ થયો હતો. હવે પોલીટિકલ એજન્ટનો મુકામ સુવર્ણપુર આવી લાગ્યો હતો.

બ્રીટિશ રાજ્ય અને દેશી રાજ્ય વચ્ચે ન્યાયી સત્તાની સાંકળ એ અપરિચિત સીમા દર્શાવનાર સ્પષ્ટાભાસ આપનાર યંત્ર છે. સર્વ રાજકુળ તેને નમિત છે. તેની ન્યાય પરાયણ ઇચ્છા એ મુદ્રા લેખ છે. તેનું અંશ કયે કાળે કેટલું પુરૂષાર્થ દર્શાવશે તે કોઈથી મપાયું નથી અને મપાય એવું પણ થોડું છે.

એની સત્તા તંત્રના બળનો પ્રવાહ પ્રબળ છે. તોપણ તેમાં શુદ્ધ ન્યાય એજ સૂક્ષ્મ સૂત્ર છે, પરિક્ષાપૂર્વક આચાર વિચારનો આશ્રય લઈ ધ્રુમવાનો વિવેક છે, એજ એમનો મહા જય છે. એજ રાજ્યતંત્રની ખુબી ને વિશ્વાસપાત્રતાની બલિહારી છે. કાળે કાળે કરાળ કાળ જેવું રૂપધારી મેઘ મંડળ ચઢી આવે, પણ વાયુનો વેગ જેમ મેઘ મંડળને વિખેરી શાંત કરે તેમ સત્ય જણાતાં કરાળ વિકાળતા સરલ શાંત બની વિકળતાને કળમાં લાવવા અંકુશિત કરી શકે છે. એ એની મહત્તા, ગૌરવ યોગ્ય અભિવંદનીય છે. પોલીટિકલ એજન્ટનું સત્તાઅંકુશ આજે અનેક સરાણ ઉપર ચઢી દિવાન ઉપર વજ્ર ઘા કરવા તત્પર થઈ આવ્યુ હતું. સ્વારી રૂઆબદાર હતી. સાથે સોલજરની એક પાર્ટી પણ કેમ્પ પાડવા આણી હતી. તેમના આવવાથી સુવર્ણપુરે દાર્શનિક મનોહર શોભા ધારણ કરી હતી. આંતર ગર્ભિત ભયની ભયંકરતા સર્વને થરથરાવી રહી હતી. નગર સાફસુફ કરી સ્વચ્છ બનાવી નાખ્યુ હતું. રાજ્યદ્વારી પુરૂષો હમેશ કરતાં આજે વધુ ચાંચલ્યતા દર્શાવતા હતા. ભદ્રા નદિના પ્રદેશ પાસેની ઝાડીમાં સાહેબનો તંબુ ઠોકાયો હતો. દફતરદારનો મુકામ દરબારના એક બંગલામાં હતો, ને તેની પાસેની ધર્મશાળામાં ઉતરતા કામદાર વર્ગનો મુકામ હતો. સ્ટેટ તરફથી સર્વનો સત્કાર થતો. એમાં ઉભયનાં માનનો હેતુ છે. દફતરદાર સાહેબ અને તેમના મંડળના માનને ખાતર આજ સાંજે દિવાન સાહેબે મેલાવડો કર્યો હતો. ભદ્રા નદિના છેડા ઉપર અને સમુદ્ર સંગમની પાસેના બંગલામાં સર્વને નિમંત્રણ હતું. બંગલાની આગળ પાછળ મનોહર બાગ હતો. તે મનોહર વાવટાઓથી શણગારી દીધો હતો. લશ્કરી બેન્ડ મધુર ધ્વનિ કહાડી રહ્યું હતું. કચેરી ખલાસ થતાંજ સાંજના સર્વે પધારી

ચુક્યાં હતાં. બંગલાના અગ્ર ભાગના વિશાળ દિવાનખાનામાં ગાદી તકિયાની બેઠક કરી હતી. સર્વે પધાર્યા એટલે બરદાસ્ત ખાતાના અનુચરોએ રૂપાની તાસકોમાં દ્રાક્ષ, અજીર, સક્કરજંદ, નારંગી, દાડમ, કેળાં વગેરે લીલો મેવો; બદામ, પિસ્તાં, ચારોળી, અખરોડ વગેરે સુકો મેવો, પિસ્તાં તથા બદામના રોટલા, પિસ્તાં બદામની સુરતી બરફી, સુનેરી વરખવાળા કોપરાપાક અને ચેવડો ભરી મુકી ગયા. તે દરેક સાથે રૂપાના પ્યાલામાં ચાહ ગોઠવાઇ ગઇ. દફતરદાર સાહેબ ને દિવાન સાહેબ સાથે સાથે બેઠા. સર્વેને સંપૂર્ણ આગ્રહ થયો ને યથારૂચી સર્વેએ ઉપભોગ લીધો. દિવાન અને દફતરદાર સાથે બેઠા હતા પરંતુ બન્નેની મુખમુદ્રા ઉપર વિચિત્ર વિકારની છાયા દ્રષ્ટિગોચર થતી હતી. દફતરદાર નવા હતા. જુના પરિચિત નહોતા. બુદ્ધિધન સમય રંગને પી ગયેલો પાકો ખેલાડુ હતો. તેણે મુખમુદ્રાને કળી જઇ ગુપ્ત બાતમીદારોથી સંકેત મેળવવા સંકેત કરી નાંખ્યો. તે છેક બંગલેથી સાહેબના તંબુ સુધી પહોંચી ગયો. બુદ્ધિધનની તિવ્ર દ્રષ્ટિ ચચળતા ધારણ કરી ચોગરદમ ભ્રમતી રહેતી હતી. સર્વ મંડળના આનંદ સારૂ હરિદાસ મહારાજની કથા રાખી હતી. મહારાજે સભા મંડપમાં આવી હાથના કરતાલ અને તંબુરાના ધ્વનિથી સર્વનુ લક્ષ ખેચ્યુ.

"રામા રામા રઘોત્તમા રામા આ આ આ.
રામા રામા રઘોત્તમા રામા આ આ આ.

પદ ગાતાં હરિદાસ બાવાએ હરિશ્ચંદ્રનું આખ્યાન છેડયું. સત્યની મહત્તા વખાણી. બુદ્ધિધનનું ચિત્ત બાતમીદારોમાં ચોંટયું હતું. એટલામાં નરભેરામે કાનમાં આવી મર્મ મંત્ર મુકયો. મન અધીરૂં થયું. સમયરંગ વિચારી ગંભિર થઈ બેઠો.

સર્વ મંડળ ઉથલપાથલ થઇ રહ્યું હતું. એક બીજાના કાન કરડાવા માંડયા હતા. કથા કરનાર પણ ચિકિત્સા પામી ગયો. તેણે ટુંકાણમાં કથા પતાવી. આરતિ થઇ ને હરિદાસ મહારાજ, દફતરદાર સાહેબ અને દિવાન સાહેબની વચ્ચે આડંબરથી બેઠો.

એવે સમયે જરા વાર્તા આલાપ કરવાની જરૂર ધરાય છે. તે કોટિને અનુલક્ષિ હરિદાસ બાવા બોલ્યા "આપ જેવા સજ્જનોનો સમાગમ દુર્લભ્ય છે."

सज्जनानां वचो द्रव्यं सहस्त्रादति रिज्यते ।
लक्षं चालोकित तस्य सौहार्द कोटितस्तथा ॥

"ઇશ્વરની સૃષ્ટિ લીલામા પૃથ્વીની કિમ્મતથી પણ અધિક કિમ્મત થાય એવા સજ્જન શિરોમણી મહા પુરૂષો છે, ને કુટી બદામથી પણ ન્યૂન કિમત થાય એવા અધમ પુરૂષો પણ છે. તેમા સજ્જનોને સર્વદા ધન્ય છે. તેઓ જનસમાજ તેમ દેવમંડળને પણ પ્રિય છે તેઓનુ જીવન સાફલ્ય છે. આપ ચન્દન વૃક્ષની પેઠે સર્વને સુખદાયી અને સુબોધદાયી છો "

બુદ્ધિધનનું મન વ્યાકુળતા પામી ગયુ હતુ. સ્થિર નહોતું પરંતુ વિવેકને ખાતર બોલવાની આવશ્યકતા હોવાથી બોલ્યો "આપ મહાભાગ સચ્ચરિત્રવાન પુરૂષોને સર્વ ઉત્તમ લાગે એ આપની મહત્તા છે."

હરિદાસ: "અરે મહારાજ ! અમારી તો આજકાલ ગણુતિજ ન પુછો. આ તો આપ સરખા આગળ સત્કાર છે. મહા કવિ અન્યોક્તિમા કોકિલાને કહે છે કે

अस्यां सखे बधिर लोका निवास भूमौ किं कूंजितेन
किल नोकिल कोमलेना ।
एतेहि दैवहतकास्त्वदा भिन्न वर्णत्वां काकमेव
कलयन्ति कलानभिज्ञाः ॥

"હે સખે કોકિલે, આ બ્હેરા લોકોની નિવાસ ભૂમિમાં ત્હારા કોમળ સ્વરનુ શુ પ્રયોજન છે ? કેમકે ભાગ્ય દશાથી હણાયલા, કળા ને કલવાણીને ન જાણનારા ત્હને ત્હારાથી જેનો વર્ણ જુદો નથી એવો કાગડોજ ધારે છે. આ સ્થિતિ સમય રંગને ઉદ્ભવે છે."

બુદ્ધિધન: "હંસ તે હંસ ને કાગ તે કાગ. આપની તુલના યોગ્ય સ્થળે થયા સિવાય રહે એવુંજ નથી."

હરિદાસ: "આપ સત્ય કહોછો. પરંતુ ધર્મ વૃત્તિ ઉપર જીવન એવું

નષ્ટભ્રષ્ટ થઇ ગયું છે કે, એક કવિ મૃગને અન્યોક્તિમાં કહે છે તેમ મૃગનું જીવન અમારા જીવન કરતાં મહા સુખકર જણાય છે. કવિ કહે છે કેઃ

यद्वक्त्रं मुहुरीक्षसे न धनिनां ब्रूषे न चाटून् मृषा ।
नैषां गर्व वचः शृणोषिनचतान् प्रत्याशया धावसि ॥
काले बाल तृणानि खादसि परं निद्रासि निद्रागमे ।
तन्मे ब्रुहि कुरङ्ग कुत्र भवतां किं नाम तप्तं तपः ॥

"હે હરિણ, તું ધનવાન પુરૂષોનુ મુખ વારવાર જોતું નથી કે કોકટ ચાટુ વચનો તેઓ પ્રતિ વદતું નથી તેમનાં ગર્વવાણી સાભળતું નથી કે તેઓ પ્રતિ આશાથી દોડતું નથી. ક્ષુધાને સમયે લીલા તૃણ ખાય છે ને નિદ્રા આવે છે ત્યારે નિદ્રિત થાય છે માટે હે કુરંગ! તે ક્યાં ને કયુ તપ તાપ્યુ છે તે તું મ્હને કહે!"

આ વાત દરમ્યાન તો નરભેરામે બે ત્રણ વખત કાનમા મર્મ મંત્ર મુકયા તેથી બુદ્ધિધન વધુ સતેજ થયા હરિદાસ મહારાજને વધુ કોઇ આ-પવાથી વિસ્તાર વધશે તેથી બીજી તરફ દ્રષ્ટિ કરવી. પાન ગુલાબની તાકીદ કરી. હાથમાં હાર લઈ દફતરદાર સાહેબના ગળામા આરોપણ કર્યો. બીજો હાર હરિદાસ મહારાજને પહેરાવ્યો અને પગ પાસે દક્ષિણા મુકી પ્રણામ કર્યા.

પાનગુલાબ જોત જોતામા વ્હેંચાઇ ગયાં. દિવાન સાહેબ દફતરદાર સાહેબને પગથીઆં સુધી વળાવવા ગયા. મેલાવડો વિસર્જન થયો. બુદ્ધિધન અને નરભેરામ એકાન્તમાં બેઠા. માથા ઉપરથી પાઘડી ઉતારી તકીઆ ઉપર હાથ અઢેલતાં બુદ્ધિધન બોલ્યોઃ "નરભેરામ, કામ ઘણું વધી ગયું લાગે છે. સંધિ ઘણી કથોલી સાધી છે."

નરભેરામઃ "કરવા જોગ બધો બન્દોબસ્ત કર્યો છે. વિદ્યાપ્રસાદને ઠેઠ તંબુ સુધી મોકલ્યો છે. રાણાસાહેબ જાતે ગયા છે. ને સાથે ગડબડ સામેલ થયેલો લાગે છે."

બુદ્ધિધનઃ "ગડબડ તે આખર ગડબડીઓજ નિવડયો. હવે તીર તો છુટી ચૂક્યું છે. કપાળમાં વાગે છે, હૃદયમાં વાગે છે કે પછી બે પગ વચ્ચે થઇને પસાર થઇ જાય છે."

નરભેરામઃ "હવે બધો આધાર રાણાસાહેબ ઉપર છે. શઠરાયે તો શઠ કળા પરિપૂર્ણ વાપરી છે. અને ઠઠ મુંબઇ સરકાર સુધી ખોટારાની ઉતરેડ ગોઠવી દીધી છે. હવે સત્યનો સાક્ષક પ્રભુ છે. તે સહાય કરે ત્યારે ખરો."

બુદ્ધિધનઃ "અરે, એમ હિમ્મત હારે બને છે! મ્હારો રાણો તે મ્હારો છે. ને મ્હારોજ રહેશે. મ્હને ખાત્રી છે કે, એમાંથી અવનવો રંગ આવશે. ગરબડનું તો કરવાનું તે કરીશું. પણ શઠરાય પકડાઇ જાય તો રંગ રહે. આ પ્રસંગે રાણાસાહેબને મ્હારી પાસે ઝડારોબ્હાર લાવવાની જરૂર છે. એ કામ પાર ઉતારવાને ત્હારે જાતે જવાની જરૂર છે"

નરભેરામઃ "ઠીક, એ કામ પાર ઉતારી લાવું." એમ કહી વિદ્યુત જેવી ત્વરાથી તે નિકળી પડયો. દિવાન મેળાવડાની સરભરામાં હતો ત્યારે તેજપ્રભા પ્રપંચજાળ ગુંથવામાં પડી હતી. રાણાને દારૂ પાઈ મન્તોન્મત્ત બનાવ્યો હતો. તેને પોષાક સજાવી પોલીટિકલ એજન્ટ સાહેબ પાસે મોકલવા તૈયાર કર્યો. રાણાએ વસ્ત્રાભૂષણ સજ્યાં. બધી તયારી કરી તેજપ્રભા આનંદ ચકડોળે ચઢી બધી ગોઠવણ રચવા લાગી. એટલામાં રાણાએ નાદુરસ્ત તબીયતનું બ્હાનું કહાડી જવાનું માંડી વાળવા માંડયું. તેજપ્રભા ચમકી. ધીમે ધીમે રાણાનું સુકાન ઠેકાણે લાવવા યત્નશીલ બની. વળી સુકાન ઠેકાણે આવ્યું.

ભૂપસિંહઃ "હું અત્યારે એકલો જવા માગતો નથી."

તેજપ્રભાઃ "જી, આપણા વિશ્વાસુ ગડબડદાસ સાથે છે. અને આપે ઘણા દિવસ થયા શ્રમ લઈ જે કામ કરવા ધાર્યું છે તેનો આ વખત છે.' વિનયથી અને નમ્રતાથી નીચાં વળીને કહ્યું.

દારૂની ધૂનમાં ભૂપસિંહે પ્રશ્ન કર્યો: મ્હારે જઇને કહેવું શું?"

તેજપ્રભાઃ "બીજુ શું? હજુરે તો એટલુંજ ઉચ્ચારવાનું છે કે, દિવાન બગડી ગયો છે. તેને બરતરફ કરવો છે. બસ, ટુંકું ને ટચ."

ભૂપસિંહઃ "બીજો દિવાન કોને નિમવો એ પુછશે ત્યારે શું કહેવું? કયાં બારણા પાછળ દિવાન ઉભો છે?"

હાસ્ય કરતી કરતી નેત્ર સાથે નેત્ર મેળવી પ્રેમમય કટાક્ષથી પ્રેમ

ભરતી રાણાના ખભા ઉપર હાથ ટેકવી તેજપ્રભા બોલી: "આપનો ચીર-વિશ્વાસુ માજી દિવાન શઠરાય આપની સેવા માટે તૈયાર છે"

ભૂપસિંહ: "તે ક્યાં છે? તે તો તેના ગામમાં પડ્યો હશે. અત્યારે કોઈ છે?"

આનંદમત્ત થયેલી હાથ હલાવતી હલાવતી બોલી: "હા જી, આપની પાસે અને આપની હજુરમાં છે?"

ભૂપસિંહ: "ક્યાં છે?"

રાણાના મુખમાંથી પ્રશ્ન નિકળતાંજ શઠરાય અંદરના ઓરડામાંથી રાણા પાસે હાજર થયો. પાઘડી ઉતારી બે હાથ જોડી ઉભો રહ્યો ને સવિનય બોલ્યો: "ખાવિંદનું લૂણ ખાધું છે, તે હલાલ કરવા આ દેહ તૈયાર છે."

શઠરાયને જોતાંજ રાણાનો નિસો ઉતરી ગયો. પૂર્વના પાકા શત્રુને પોતાના અંતઃપુરમાં દાખલ થયેલો જોઈ તેના પ્રપંચની જાળ સમજી ગયો, ચેતી ગયો, ને જાગૃત થઈ ગયો. ચોગર્દમ દૃષ્ટિ કરતાં બધું તેજપ્રભાનુ મંડળ વિંટળાયલુ જણાયુ. ના, હા, કરવામાં સાર નથી એવું જાણી સમયાનુસાર વલણ પકડી લીધુ. રથી અને જાનબાઈએ રાણા સાહેબના હાથ ઝાલ્યા અને ખમ્મા, ખમ્મા કહેતાં કહેતાં બગીમાં બેસાડ્યા. નીચે ઉતરતા સુધી તેજપ્રભાએ મંત્ર પૂર્યાજ કર્યો. સાથે ગરબડ બેઠો. શઠરાયને રાણાએ કંઈ પ્રતિઉત્તર કર્યો નહોતો. મુખમુદ્રાની ચિકિત્સા ઉપરથી તેને રાણાનો વિશ્વાસ આવ્યો નહિ. તે ઘોડા ઉપર બેઠો ને દૂર ઝાડીમાં રહ્યો. ગરબડ અને રાણા સાહેબ તંબુમાં પેઠા. આ સમયે વિદ્યાપ્રસાદ ત્યાં આવી લાગ્યો. તે સર્વે ચિકિત્સા તપાસી રહ્યા હતો.

પોલીટિકલ એજન્ટે પૂર રૂઆબમાં રાણાસાહેબની મુલાકાત લીધી. તેમણે વાતની શરૂવાત કરી:

"આપના રાજ્ય માટે ઘણી ફરિયાદો છે."

"શી છે?"

"તમારા દિવાનનો જુલમ બહુ વધી ગયો."

"શી બાબતમાં ?"

"ધીરપુરના ગરાસીઆને મારી નાખવા મથે છે. તેને કેદ કર્યો છે. હાથ કાપી નાંખ્યો છે. ઝેર આપવા માગે છે."

"એ તો જુનામાં જુનો કેસ છે. સુરસિંહે બહારવટીઆ તરીકે લડતાં પોતાનો હાથ ખોયો છે અને બીજા રાજ્ય વિરૂદ્ધ ગુન્હાઓ માટે શિક્ષામાં છે. તેના જજમેન્ટ આજ બે ત્રણ વર્ષ ઉપર અપાઈ ગયાં છે. સરકારને રિપોર્ટોથી વિદિત થઈ ચુકેલુ છે. એ બધુ નવા રૂપમાં તુત ને ખોટારૂં છે."

"શુ આપ આ સાચ્ચુ કહો છો ?"

"પાછલો કેસ જોવાથી આપ ખાત્રી કરી શકશો અને સુરસિંહને રૂબરૂમાં જોવાથી કંઇ પુછવાપણુંજ નહિ રહે. હાલ તેને રાજ્ય કેદી તરીકે રાખેલો છે. હજી એનો દિકરો વાઘજી બહારવટ રખડે છે. અને તેજ કારણથી ધીરપુરની જાગિર મુંબઈ સરકાર સાથે મસલત ચલાવી જપ્તિમાં રાખી છે."

"ત્યારે શું આ બધુ ખોટારૂ છે ?"

"હા જી."

"બીજી ફરીઆદ શઠરાય તરફથી આવે છે. તે બાબતનું શું કહેવાનું છે ?"

"શઠરાય એ સંપૂર્ણ શઠ છે. આ બધુ ખોટારૂં ઉભુ કરનાર તેજ શખ્સ છે. અને તે આટલામાં પકડાશે પણ ખરો."

રાણાનુ આ વાક્ય નિકળતાંજ સંધિ કરેલા સિપાઇએ નિશાની કરી કે શઠરાયે પોતાનો ઘોડો જીવજાન ઉપર આવી પોતાની જાગિર તરફ દોડાવી મુકયો.

"બુદ્ધિધન માટે તમારો શું અભિપ્રાય છે ?"

"બુદ્ધિધન પ્રમાણિક, વિશ્વાસુ અને ન્યાય પરાયણ કામ કરનાર મ્હારા જમણા હાથ જેવો માણસ છે. એના રાજ્યમાં કોઇને પણ ફરિયાદ કરવાનુ કારણ નથી. ફક્ત શઠરાય પોતાના પેટને માટે કૌતુક ઉભાં કરે છે."

"રાણી સાહેબ દિવાનથી નારાજ છે. એમ મેમ સાહેબ ફરિયાદ કરતાં હતાં."

રાણાસાહેબે મુખમુદ્રા મલકાવતા પ્રતિ ઉત્તર કર્યો: કાઠિયાવાડની રાણીઓની ઇચ્છા દિવાન ઉપર સત્તા ભોગવવાની હોય છે. દિવાનને પ્રમાણિકપણે વર્તવાનુ ને જોખમદારીનું કામ કરવાનું હોય છે. એટલે સહસા ફરિયાદ હોય. પણ તેમાં દિવાન કરતાં જનાનાનો વાંક વધુ હોય છે."

"દિવાન સંબંધી કંઇ વાંધો રહેતો નથી. પરંતુ મેમસાહેબની લાગણી ભરેલી માંગણી છે કે, રાણી સહેબનું તમારે દુઃખ દૂર કરવું."

રાણા સાહેબ: "બોત ખુબ."

મુલાકાત બરખાસ્ત થઈ. રાણા સાહેબ બહાર નિકળ્યા ને ગરબડ તો લાગલો નજર ચુકવતો કે પલાયનજ કરી ગયો. ગડબડને પલાયન કરતાં જોઇ નરભેરામના ટાંટીઆમાં બળ આવ્યુ. તે લાગલો છતો પડયો ને નીચા વળી સલામ કરી. દિવાન સાહેબનો સંદેશો કહી બંગલે રાહ જુવે છે એવું સુચન કર્યું.

શઠરાય અને તેજપ્રભાની કપટજાળથી રાણા સાહેબ કમ્પી ઉઠયા હતા. તેમને પોતાની સલામતી સારૂ પણ દિવાન પાસે જવાની જરૂર હતી. બગી બંગલા તરફ હંકરાઈ. નરભેરામ તેમાં બેસી ગયો. બંગલામાં આ સમયે બુદ્ધિધન સિવાય બીજું કોઇ નહોતું. રાણો અને દિવાન સ્નેહ ભર્યા ભેટયા. અને રસ ભરેલી શૈલીથી ભૂપસિંહે સર્વ વૃત્તાંત વર્ણવ્યુ. અને શઠરાયની જાળમાંથી બચ્યાનો પ્રભુનો પાડ માન્યો. પ્રેમમય ગદ્‌ગદિત થયેલા બુદ્ધિધનને રાણા સાહેબ બાઝી પડયા.

બુદ્ધિધન: "અન્નદાતા, આપની કૃપાનુ આ પરિણામ છે."

ભૂપસિંહ: "હુ ભૂતકાળ ભૂલી ગયો નથી."

બુદ્ધિધન: "અન્નદાતા, હજી બહુ સંભાળવાનું છે."

ભૂપસિંહ: "હું તો કહેનોજ આવ્યા છું કે શઠરાયનું જ્યાં સુધી કાટલું નહિ કરો ત્યાં સુધી તે જંપીને બેસનાર નથી."

બુદ્ધિધન: "પાપી પાપીને પાપે લેવાશે. ઉતાવળમાં સાર નથી. દાવે દાવે થશે તે થશે."

ભૂપસિંહ: જ્યારે ત્યારે એ દયાજ ડાકણુ થાય છે. ”

બુદ્ધિધન: “ ના જી, એજ દયા પ્રભુતા રૂપે પ્રતાપ વધારે છે ને સર્વે જાળમાથી બચાવે છે. ”

ભૂપસિંહ: “ તમે તો નઠારામાંથી પણુ સારૂં સારૂં શોધો છો. વારૂં, તમારી ધ્યાનમાં આવે તેમ કરજો, પણુ પેલી ટિચકુડી હદ ઉપરાંત વધી છે તેનુ કેમ કરીશું ? ”

બુદ્ધિધન: “ એ અધિકાર આપનો. એમાં પણુ વિષ વલોવીને વિષ કહાડવા બરોબરજ છે. શાંતિ, એ સિવાય બીજો ઉપાય નથી. ”

ભૂપસિંહ: “ વારૂં ભાઇ, એમાં પણુ શાંતિ. તમારે તો બધામાં શાંતિ, શાંતિ. ”

તેજપ્રભાના ગભરાટનો પાર રહ્યો નહિ. રથી ખવાસણુ બગલે આવી. દિવાન અને રાણાએ રાત ત્યાંજ ગાળી.

પોલીટિકલ એજન્ટે તપાસ કરી પણુ સાર જણુાયો નહિ. જેમ જેમ તપાસ કરી તેમ તેમ ખોટાઇ વધારે બહાર પડતું ગયું. તેણે તપાસ ઉપર પડદો નાંખ્યો ને નાકિદનુ કામ નિકળવાથી મુકામ સુવર્ણપુરથી ઉપડી ગયો. શકકળામાં ઝાંખા પડેલા શઠરાયનું ધડકતું કાળજુ, માથે તરવાર લટકાવી હોય તેમ ધડકતું ધડકતું દુઃખ સહિત કરી રહ્યું છે. ત્યારે દ્વેષ વિષની જવાળાથી બળી રહેલી તેજપ્રભાના દ્વેષની જ્વાળા શાંત થઇ નહોતી. તે પ્રતિદિન પ્રબળતાને પકડતી જતી હતી. અને કપટ તંત્રને રોજ વિસ્તીર્ણ કરવામા મચી હતી. તેની વિષ જવાળા ક્યાં સુધી વિસ્તાર પામી, કોને કોને ભસ્મીભૂત કરશે તે કલ્પાવું મુસ્કેલ છે. એ વિષ જવાળામાં તે પોતેજ કેવી રીતે ભસ્મીભૂત થશે તે કલ્પાવું મુસ્કેલ નથી.



પ્રકરણ ૧૯ મું.

અટુલી અલક.

" હૃદયથી પિતા, વ્હાલ રાખશે,
કદિ ન માતની ખોટ ભાંગશે;
નહિ બને જગે માડી તો ખરી,
અરર નવ મળે માડી ગઇ ફરી. "

* * * *

" ગોળ વિના જેવો કસાર,
માત વિના તેવો સંસાર.
માત વિના ચિંતા કો કરે ?
માત વિના મનડું ક્યા ઠરે ? "

નિઃશ્વાસ મુકતી અલકકીશોરી, માથે હાથ મુકી ભૂત અને વર્તમાનને વિચારતી વિમાસતી પિતાના ઘરમા બેઠી છે. સાગરના પૂરની પેઠે તરૂણાવસ્થાનો તનમનાટ ચઢેલો તે કાળ ચક્રના સપાટાથી સાગરની ઓટ પેઠે ઉતરી ગયો હતો. પિતાનો ઘર સંસાર અને સાસરાની અવસ્થા માથે પડવાથી બેવડા વ્યવસાયે તેને બ્હાવરી બનાવી દીધી હતી. જે પિતાના ઘરમાં પાર્વતી જેવી સૌભાગ્યસુંદરી અને મહાલક્ષ્મી જેવા કુમુદસુંદરી રૂપાની ઘંટડી જેવી મનોહર સ્વર ગર્જનાથી કાર્યભાર દીપાવતા રહ્યાં હતાં ત્યાં આજે એકલી અટુલી અલકકીશોરી અટુલી અટુલી ફરતી

હતી. ઘરમાં ફરતાં ફરતાં અને કામકાજ કરતાં કરતાં તેને માતાનું સ્મરણ થતું અને પ્રેમાળ ભોજાઇ સાંભરી આવતી, હૃદયનું દુ:ખ ઉભરાતું ને આંખો શ્રાવણ ભાદરવો સારતી. ઘરમાં સર્વ પ્રકારની અવ્યવસ્થા જોતી તેથી તથા પિતાના વૈભવમાં જે મિઠાશ, અમી અને રૈનક જોયેલી તે પોતાના ઘણા પ્રયત્નો છતાં પાછી આવતી નથી તે વિચારતાં, અને પિતાની અનેક પ્રકારે કાળજી રાખી ગ્રહરાજ્ય ચલાવવા છતાં તેમને શાંતિ મળતી નહોતી, એ તપાસતાં તે નિશ્ચય ઉપર આવી હતી કે: "પ્રધાન વિના રાજાનુ રાજ્ય નથી, તેમ ગૃહિણી સિવાય ઘર નથી. સ્ત્રી વિના વ્યવહારમાં ગૃહસ્થનુ ઘર શોભતું નથી. તેના સંસારમાંથી અમીની ઝરો ઉડી જાય છે. વ્યવહારમાં, વૈભવમાં, ક્ષણે ક્ષણે ખામી દેખાય છે. જે વિવેક અને વિનય નયથી કરવાનુ તે પૈસાથી થતું નથી. અને ગૃહિણીની સમયસરની સેવા વિના ઘરમા અને બાહ્ય સંસારમાં ખામી પડી જાય છે. ડાહ્યા પુરૂષો ફરી સંસાર માંડતા નથી તેનાં પ્રબળ કારણો છે. પરંતુ સસારમાં રહેનારે ગૃહિણી વિના ચલાવી લેવાની હિમ્મત કરવી તે સોયે સો ટકા જોખમકારક છે. પુરૂષ જાતના સંબંધમાં તો બધુંજ વાંધા ભર્યું. મરણ પછી વારસાની તકરાર આવે કે સાવકાં ઓરમાયાં કલેશ કરે એ કલ્પનાએ ફરી લગ્ન ન કરવા એ ખરેખર ઘર ડુબાવવા બરોબર છે. જીંદગીને અંતે વારસાનો વિચાર કરી આખી જીંદગી દુ:ખમાં કહાડવી એ તે કોના ઘરનો ન્યાય? ઓરમાયાં કલેશ કરશે એ વિચારતાં તો સગાં ભાંડુ કયાં જંપીને ખાય છે? એ તો કેળવણી ઉપર આધાર રાખે છે. સગાં ભાંડુ કરતાંએ સાવકાં ઓરમાયાં વધુ હળીમળી રહે છે ને સુખ ભોગવે છે. ને એક માનાં ભાંડુ કલેશ કંકાસથી દુ:ખી રહી એક બાજાનુ મ્હોં પણ જોતાં નથી. જુવાનીમાં તો ગમે તેમ જીવન ચલાવી શકે પરંતુ ઉતરતી વયે જીવનના રક્ષણની ઘણી અગત્ય છે. અને તે અગ્નિની માવજત ગૃહિણી સિવાય બીજાથી થતી નથી. એવી માવજત વિના પુરૂષનો આવરદા દશ વર્ષ ઓછો થઇ જાય છે. વૃદ્ધાવસ્થા વહેલી આવે છે. સંસારનાં દરેક કાર્યમાં વ્યય વધુ થાય છે, ને બીજાનાં ઓશિંગણુ થવું પડે છે. તેમાં જો દિકરીઓનો વિસ્તાર હોય તો

તેના સારે ને માઠે સર્વ પ્રસંગે તથા પ્રસુતિકાળના સંબંધમાં જે દુઃખદ અનુભવ થાય છે ને હજારોનાં ઓશિંગણુ થવું પડે છે તેથી તો ત્રાહી તોબા છે. એટલામાં ઉતરતી વયે માંદગી આવી કે વિપત્તિ આવી તો પુરૂષના તો પૂરા ભોગજ મળ્યા. એ બન્ને કાર્યમાં ગૃહિણીની દક્ષતાની જરૂર છે. તે સિવાય વિપત્તિનાં પૂરને ખાળવું અશક્ય છે. પિતાજી કહે છે કે ઉતરતી વયે પરણવું તે પારકી દિકરીનો અવતાર બોળવા બરાબર છે. હા, એ સત્ય છે પરંતુ એ તો વૃદ્ધાવસ્થા માટે છે. વૃદ્ધાવસ્થા વિનાના પુરૂષો ગૃહિણી સિવાય ચલાવી લેવા માગે તે તો કુટુંબ અને ઘર ડુબાવ્યા બરોબર છે. ને જો તેમાં બ્રહ્મચર્યાદિ દિક્ષા બરોબર ન સચવાઇ ને કુચ્છંદે પડાયું તો આલોક અને પરલોક બન્ને બગડયાં જાણવાં. ગમે તેમ છે પણ મનુ ભગવાન કહે છે કે: ગૃહસ્થાશ્રમમાં રહેનારને ગૃહિણીની આવશ્યકતા છે, નહિ તો બ્રહ્મચારી કે સન્યાસી થવું. હસવું ને લોટ ફાકવો એ બન્ને બનતુંજ નથી. ગમે તે કહો, ગૃહિણી સિવાયનો ગૃહસ્થાશ્રમજ નથી, નથી ને નથી." એમ કહેતાં કહેતાં હાથનો ચાળો કર્યો. વળી ચોગર્દમ ચક્ષુ ફેરવી નિઃશ્વાસ મુક્યો: " ઓ માડીરે, તું કેમ ચાલી ગઇ ? મ્હારી દયા કેમ ન આવી?"

" ગૉળ વિના મૉળો કંસાર;
માડી વિના લુખો સંસાર. "

"હા માડી, ત્હારા વિના સંસાર લુખો છે. હૃદયની વરાળ માડી વિના કયાં નિકળે ? હા માતા, તુંજ જગતમાં સુધા વર્ષાવનારી છે. જગદિશ્વર, શું માતા વિનાની રંક બાળકીઓની ત્હને દયા નથી આવતી ? માતાની સાથેજ બાળિકાઓનું પિતાના ઘરનુ સર્વ સુખ હરાઇ જાય છે. પિતા પ્રેમાળ, મમતાળ ને દયાળુ હોય તોપણુ શું ? માતાની અમૃતમય કૃપાદષ્ટિનો લાભ જીવનમાં ફરી મળતો નથી. માતા વિના નિરાશ્રય, હૃદયશૂન્ય બાલિકાના દુખનો આડો આંક છે."

માતૃ દુઃખથી ચિરાયલા હૃદયમાંથી ઉદ્‌ગાર નિકળવા લાગ્યા:

" જીવન લાગે છે કડવું બહું,
મરણુ કરી ઔષધી ચહું.

અમી ઉડી ઉલટ સંસાર,
રગે રગે વરસે અંગાર.
ઓ મ્હારી માડીરે, મ્હને લેતી કેમ ન ગઈરે ? ૧
માડી દુઃખડાં કોને કહેવાં,
ઉંડા ઘા છે કારી એવા.
તું વિણુ હૈયું નિસાસા લે છે,
ઉંડા દુઃખની ઝાળ ઝિલે છે.
ઓ મ્હારી માડીરે, દયા કેમ ન આણીરે. ૨
હૈયાના તારો તો તૂટયા,
અમી તણા ફુવારા ખૂટયા.
હૈયું ઠરવાનું નથી ઠામ,
નિરાશા દીસે છે તમામ.
ઓ મ્હારી માડીરે, મ્હને કચડી નાખીરે. ૩
પ્રેમ પિતાજી તણો છે અપાર,
પણ નવ પહોંચે ત્હને લગાર.
ક્ષણે ક્ષણે અંતરમાં સ્ફુરે છે.
આંસુડાં તો પૂરે વહે છે.
ઓ મ્હારી માડીરે, ત્હારા વિના ક્યાં ઠરાશેરે. ૪
ઉડી ગયા સંસારના મેવા,
તાજ તણા થયા તરણાં જેવાં.
દિકરીને માડીનુ કામ,
પળે પળે માડી વિશ્રામ,
ઓ મ્હારી માડીરે, ત્હારા વિના કેમ રહેવાશેરે." ૫

શોકોદ્ગાર કહાડતાં કહાડતાં આંખમાંથી આંસુની ધારા વહી રહી. ડાબે હાથે પાલવનો છેડો લઈ આંખ લુછતી ગઈ. જેમ જેમ આંખને લુછતી ગઇ, તેમ તેમ આંસુની અસ્ખલિત ધારા વહી રહી. એટલામાં કપોળમાં ગોળ મટોળ ચાંદલો કરેલી સુઘડ વનલીલા સોડિયામાં હાથ ઘાલી

સોડિયાને દબાવતી દબાવતી લજ્જા વિવેકથી ચોગર્દમ ધીમું ધીમું જોતી જોતી અલકકીશોરી પાસે આવી. અલકકીશોરીને આંસુ સારતી જોઇ તેની પાસે બેઠી.

વનલીલા: "અલક બ્હેન, કેમ ગાંડા કહાડો છો ?"

અલકકીશોરી: "બ્હેન, આવ મ્હારી પાસે બેસ. માતુશ્રી ને ભાભી મ્હારી આંખો આગળથી વિસરતાં નથી."

એમ કહેતા કહેતાં વનલીલાના ખભા ઉપર માથું મુકી ડુસ્કા ખાતાં ખાતા હૈયું મોકળું કર્યું. વનલીલાએ ધીમે ધીમે હૃદય ઉપર હાથ ફેરવી સાન્ત્વન આપવા કહ્યું. માતુશ્રીને માટે તો ઉપાય નથી, પરંતુ ભાભીને પત્ર લખશો તો ચાર દિવસમાં આવશે.'

અલકકીશોરી: "એ બિચારીને તે શું મુખ ઉપર અહિં વારે વારે બોલાવું ? આ ઘર ને બાર, બધું એની છાતીએ ચાલ્યું આવે. એ બિચારીનો ભગવો વેષ ઉલટો પરિતાપ વધારે. હાય હાય, હેં વનલીલા, આપણા સુખના દિવસો સ્વપ્ના જેવા થઇ ગયા !"

વનલીલા: "બ્હેન, પ્રભુને ગમે તે ખરૂં"

અલકકીશોરી. "હાય હાય, આવું દુઃખ તો કોઇને પણ નહિ હોય ! હજી શઠરાય જપીને બેસતો નથી, ને ધીરપુરના ગરાસીઆ તો હાથે કરીને-જ મુઆ. સરકાર સુધી પણ આંચળુ ચલાવ્યું. તેજપ્રભાને આટલો બધો દ્વેષ શો?'

વનલીલા: "પ્રભુ કરે તે ભલાને. સાચને આંચ નથી."

અલકકીશોરી: "હાય, હાય, દેવીના વખતના સુખના દિવસો તો ગયાજ. બિચારી કુમુદસુંદરીનું જીવન તે કેમ જશે ?"

એમ કહી ડુસકો મુકયો. વનલીલાએ સાડીનો પાલવ હાથમાં લઇ આંસુ લ્હોયાં.

વનલીલા: "બ્હેન, જરા શાંત પડો તો તો હું કંઇક કહેવા આવી છું તે કહું."

અલકકીશોરી: "મ્હારા નિરાશ થયેલા હૃદયને પારકી કુથલી ગમતી

નથી. હે વનલીલા, તેં રાંડે કૃષ્ણકલિકાની વાત જેવી સાંભળી તેવીજ મને કહી હોત, ને તેં ભાભીને ચેતાવી હોત તો આવું થાત*?"

વનલીલા: "હવે ગઇ ગુજરી વિચારે શું ફળ? **गतं न सोचामि.** હવે વર્તમાન કાળને સુધારી લ્યો."

અલકકીશોરી: "અનુતાપથી તપતા અમારા હૃદયને શાંતિ થવા અર્થે અમારાથી હવે શુ સુધારાય તેમ છે?"

વનલીલા: "જે વર્તમાન મ્હારા જાણવામાં આવ્યા છે તે સત્ય હશે તો મુરબ્બીશ્રીના ગૃહસ્થાશ્રમમાં ને તમારા હૃદયાકાશમાં જે ખગ્રાસ ગ્રહણ થતુ છે તે પ્રકાશિત થાય."

અલકકીશોરી: "એવા તે શા વર્તમાન છે?"

વનલીલા: "પ્રમાદધન જીવતાના વર્તમાન સાભળ્યા છે."

અલકકીશોરી: "હે! આટલે વર્ષે એ તે મનાય?"

વનલીલા "હા, સાંભળ્યા પ્રમાણે તો મહાભાગ્યોત્કર્ષતાને પણ પામ્યા છે."

અલકકીશોરી: "બ્હેન, ત્હારા મ્હોંમા ગોળ. પણ કહે, એ વર્તમાન ત્હારા કર્ણદ્વાર પર ક્યાથી આવ્યા?"

વનલીલા: લીલાપુરથી આવ્યા છે ને પાકે પાયે સાંભળ્યુ છે."

એટલામાં અમરસિંગે આવી અલકકીશોરીના હાથમા ટપાલનો પત્ર મુક્યો. અલકકીશોરીએ પત્ર નિહાળ્યો. મુબઇની છાપ જોઈ. કુસુમના અક્ષર પારખ્યા ને પત્ર ફોડયો.

મુંબઇ.
સરસ્વતિ–લક્ષ્મિ વિલાસ પૅલેસ.

"અખડ સૌભાગ્યવતા, પરમ સ્નેહામૃત, પુજ્ય, વ્હાલાં બ્હેન, અલકકીશોરી."

મુ. સુવર્ણપુર.

મુબઇથી લિ. નમ્ર આધિન આજ્ઞાંકિત કુસુમના પ્રણામ કૃપા કરી સ્વિકારશો. અત્રે શ્રી સહિત સર્વે કુશળ છીએ. આપની કુશળતા ચાહિએ છીએ.

---

* સરસ્વતિચંદ્ર ભાગ ૨. પૃષ્ઠ ૧૭૦.

આનંદવર્ધક વર્ત્તમાન એ છે કે મુરબ્બી શ્રી પ્રમાદધનભાઈની ભાળ લાગી છે તેઓશ્રીએ ઈંગ્લેન્ડમાં પ્રસિદ્ધ વ્યાપારીપદ મેળવ્યું છે. શ્રીમાન, વિદ્વાન અને સરકારના પક્ષપાતિ ઠરવાથી સરકારનાં સર આદિ ઉપપદો પણ મેળવવા ભાગ્યશાળી નિવડયા છે. સંપૂર્ણ વર્ત્તમાન હજુ ગુપ્ત રાખવાની આવશ્યકતા છે. આપના પિતાજીશ્રીને મ્હારા પ્રણામ કહેશો.

લિ. નમ્ર આધિન.

કુસુમના પ્રણામ.

પત્ર એક વખત વાંચ્યો. બીજી વખત વાચ્યો. હૃદયમાં શુ થતું હતું તે તે સમજી શક્તી નહોતી. મર્મભેદી હૃદય, હર્ષનો ઉલ્કાપાત કરતું હતું કે જ્ઞાન શૂન્ય થયેલુ જડ થયું હતું. અતિ દુઃખે ઘેરાયલા અંધકારમય હૃદયમાં આનદ રૂપી સૂર્યનો એકદમ પ્રકાશ પડવાથી શોકાર્દ્ર હૃદયમાંથી આર્ત્તનાદ સાથેજ મધુના જીવનના આનદદાયી વર્તમાનથી નિરાશ હૃદયમાં આશાના પ્રકાશે ઝાઝવાં આણ્યાં હતાં. આનંદની ધ્રુજારીમાં ધ્રુજતી ધ્રુજતી અલક બોલી. “ જગદિશ્વર, આ તે સ્વપ્ન છે કે સત્ય વર્તમાન છે ? ”

વનલીલાએ હૃદય શૂન્ય થયેલી અલકના હૃદય ઉપર હાથ ફેરવ્યો, આસ્વાસન આપ્યુ. “બ્હેન, મ્હારામાં વિશ્વાસ નથી ? આવા વર્તમાનને સત્ય હોયા સિવાય કોઈ કહેવા આવવાની હિમ્મત ધરે ? દુઃખીને દુઃખી કરવા તે કોણ આવે ? તમારાં બીપણુ અને દુર્વહનીય દુઃખને ખાલી ઉકેલવા કોની હિમ્મત ચાલે ? મગળ ટાણે અમંગળ શંકા ત્યાગો. ”

પરિતાપ સમાતાજ અલકકીશોરીની દુઃખી દશાની રાત્રિમાં સુવર્તમાન રૂપી ચંદ્રનાં શિતળ કિરણ પ્રકાશ્યાં ને તેણે પ્રસરી હૃદયને શિતળ કર્યુ. દુઃખદ શરીર ઉપર અમૃત સિંચન થયું. તેને જીવનમા ફેર જણાયો અને એ સુવર્તમાનની વધામણી કહેવા, હર્ષઘેલી થયેલી ધ્રુજતી ધ્રુજતી પિતાના દિવાનખાના તરફ ચાલી. તેનો હાથ ઝાલી સાથે સાથે વનલીલા પણ ગઈ.

બુદ્ધિધન ખુરસી ઉપર બેઠો બેઠો ટેબલ ઉપરના કાગળો અવલોકન કરતો હતો. અલકકીશોરીએ પિતાના ટેબલ ઉપર પત્ર મુક્યો. બુદ્ધિધને પત્ર હાથમાં લઇ વાંચ્યો. પુત્રપ્રેમ અને પ્રીતિ એક પછી એક હૃદયમાં જાગ્રત

થયાં. મનોવૃત્તિ સ્તબ્ધ થઇ ગઇ. પુત્રનું સ્મર્ણ થતાંજ તેનું સ્મર્ણ તાજું થયું. અસહ્ય વેદના સહેલા હૃદયને શોક સાગરમાં નૌકા મળવા જેટલો આનંદ થયો. અને તે આનંદના ઉભરાઓ નદીની રેલનો પ્રવાહ જેમ કિનારાના પ્રદેશને તોડી છિન્ન ભિન્ન કરી નાખે છે તેમ મગજના સર્વ વ્યવહારને રોકી નાંખ્યો. આંખમાં અંધકાર ચઢી ગયો. શરીરની અશક્તિએ આંખ મિંચાવી, ફરી મિંચાવી, બુદ્ધિધનને મૂર્છા આવી. હાથમાંથી પત્ર સરી પડ્યો. વનલીલાએ તથા અલકે ખુરસી પકડી લીધી. તેઓ ન હોત તો ભૂમિ ઉપર ઢળી પડત. બુદ્ધિધને ઉગ્ર બળથી મગજ ઉપર કાબુ મેળવ્યો

બુદ્ધિધન: "બેટા, આથી શુભવર્તમાન બીજા કહ્યા હોય ? આ પત્રને બીજા વર્તમાનથી પુષ્ટિ મળે છે?"

વનલીલા: ' હા જી.'

બુદ્ધિધન: "ક્યાંથી ?"

વનલીલાએ નીચું જોતાં જોતાં શરમાતાં શરમાતાં પ્રતિઉત્તર ર્યો "લીલાપુરથી."

"લીલાપુરથી એ વર્તમાન કોણ લાવ્યું?" બુદ્ધિધને ઉત્સુકતાથી પ્રશ્ન કર્યો.

વનલીલા નિરૂત્તર રહી.

અલકકીશોરીએ પ્રતિઉત્તર કર્યો: "વિદ્યાપ્રસાદ આવ્યા તે કંઇક વર્તમાન લાવ્યા છે." એટલામાં સ્નાન સંધ્યાથી પરવારેલો વિદ્યાપ્રસાદ દિવાનખાનામાં આવી ઉભો.

વનલીલા માથાનો છેડો આગળ તાણતી સોડીયામાં હાથ ઘાલતી દિવાનખાનાની બહાર નિકળી ગઈ.

બુદ્ધિધન: "વિદ્યાપ્રસાદ, શા વર્તમાન લાવ્યા છો?"

તેણે બે હાથ જોડી વિનયથી પ્રતિઉત્તર કર્યો: "લીલાપુરમાં પ્રમાદધનભાઇના કુશળ વર્તમાન સાંભળ્યા છે."

બુદ્ધિધન: "કોનાથી ?"

વિદ્યાપ્રસાદ: "ઘણે મુખેથી."

બુદ્ધિધનઃ "કહો, શા છે ?"

વિદ્યાપ્રસાદઃ "ઈંગ્લેન્ડમાં મ્હોટી મહત્તા પામ્યા છે ને હિંદુસ્થાનમાં આવ્યા છે."

બુદ્ધિધન· "વારૂ. એ તો ગોળ ગોળ. કંઇ ખાત્રી લાયક વર્તમાન કે નિશાન છે ?"

વિદ્યાપ્રસાદ· "તેઓ બ્રાડલોના નામથી પોતાને ઓળખાવે છે."

બુદ્ધિધને દીર્ઘ નિશ્વાસ મુક્યો. હર્ષિત મુખ મ્લાન થયું. મિ. બ્રાડલો નામના ગૃહસ્થ ભારતવર્ષમાં આવેલા છે, એ તો જગજાહેર છે. તેઓ તો ઇંગ્લેન્ડના પ્રસિદ્ધ વ્યાપારી છે અને પોલીટિકલ એજન્ટના મિત્ર છે. થોડા દિવસમાં અત્રે પણ આવશે એવી એજન્ટ સાહેબની પત્રિકા પણ આવી ચુકી છે. એ વાતમા પાકો ભરોસો બેસતો નથી. કઇ પાદા ફેર વાત તો નથી ?"

"ના જી.' વિદ્યાપ્રસાદે સવિનય પ્રતિઉત્તર કર્યો.

અલકકીશોરીનુ મુખ મ્લાન થયુ. ના અને હાની શંકામાં ઝોલા ખાવા લાગ્યું.

"જેટલી ખાત્રીથી તમે કહો છો તેટલું પ્રમાણુ આપી ખાત્રી કરી શકતા નથી." બુદ્ધિધને ફરી વિવેચન કર્યું.

"પાકે પાયે એવું પ્રસિદ્ધિમાં આવી ગયું છે કે, મિ. બ્રાડલો તેજ પ્રમાદધન છે. એમાં કંઈ શંકા નથી." વિદ્યાપ્રસાદે હિમ્મત ધરી પ્રતિઉત્તર કર્યો.

"કોણે સિદ્ધ કર્યુ ? બુદ્ધિધને પ્રશ્ન કર્યો.

વિદ્યાપ્રસાદ નિરૂત્તર રહ્યો. જરા વિચારમાં પડી ઉત્તર કર્યોઃ "રત્નનગરીમાં સિદ્ધ થયું છે." આતુરતાથી અધીરી થયેલી અલકકીશોરી વિદ્યુત જેવો ધડાકો કરતાં બોલીઃ "પિતાજી, હમણાં ને હમણાં એની પાકી તપાસ કરાવો."

"અલક બેટા, એની તપાસ નહિ કરાવીએ ત્યારે કોની કરાવીશુ ' હમણાં રત્નનગરી અને સુવર્ણાગરિ સ્વારો મોકલું છું, ને મુંબઇ વિગેરે સ્થળે તારો કરાવું છું. પરંતુ કુસુમના પત્રમાં વર્તમાન ગુપ્ત રાખવાનો સંકેત છે,

તેમા પણ કાંઇક રહસ્ય છે. હર્ષઘેલાં થવામાં એ ભૂલી જવાનું નથી. આ વાત બેધારી તરવાર જેવી છે. ગયેલું રત્ન પ્રભુએ પાછું આપવા ધાર્યું છે, તો હવેથી સૌ સારૂં થશે." પિતાએ પુત્રીને આસ્વાસન આપ્યુ.

"પિતાજી, મિ. ખાડલો પ્રમાદભાઈ કરે તો જ્ઞાતિ ધર્મ, અને આચાર વિચારના ભેદે જ્ઞાતિ વિગ્રહ–ભીતિ ઉત્પન્ન કરે છે." અલકે મ્લાન થયેલા મુખથી ગુચવાતાં ગુચવાતાં ભીતિ દર્શાવી.

બુદ્ધિધનઃ "ભીતિ ખોટી નથી. વિરોધ બુદ્ધિવાળાઓને ઉત્તેજીત કરી સતેજ કરશે અને જ્ઞાતિ સમુદાયમાં તો ઘણે ભાગે બહિષ્કારનો અધિકાર, મંદ બુદ્ધિવાળા કે રાગદ્વેષાદિકથી કલુષિત થએલા અંતઃકરણવાળાઓનાજ હાથમા શસ્ત્ર સમાન થઇ પડેલો હોય છે. તે શસ્ત્ર કેવી રીતે અને કેટલી હદે આપણી સ્થિતિ છિન્ન ભિન્ન કરી નાખશે તે કલ્પાતું અશક્ય છે."

અલકકીશોરીઃ "જ્ઞાતિ બંધનને હુ ધિકારૂં છુ. તેમાં સત્યાસત્ય કંઇ ભાસતું નથી. કેવળ ભેદબુદ્ધિથી અનિષ્ટજનક વસ્તુ સ્થિતિ છે."

બુદ્ધિધનઃ "જેટલા અંશમાં અનિષ્ટતા છે તેટલા અંશમાં અનિષ્ટતા સ્વિકારવા સાથે તેમાં સત્ય અને સત્વ નથી એમ પણ સ્વિકારવા જેવુ નથી."

અલકકીશોરીઃ "રાગ દ્વેષાદિથી સતેજ થયેલા દ્વેષ કેળવે, દુઃખી કરે, આપ્તજનોથી વિખુટાં પાડવા જેવી આજ્ઞા કરે, એવાં મંડળોમાં સત્વ ને સત્ય ભરેલું છે એવું તે કોણ માને? હુ તો એવી જ્ઞાતિઓનો ભાંગીને ભુક્કો કરી નાંખવા ઉત્સુક છું."

બુદ્ધિધનઃ "કર્મ સંવિભાગ અને પ્રવૃત્તિ નિવૃત્તિ નિયાત્મક વર્ણાશ્રમ વ્યવસ્થાનાં પ્રાચીન સત્ત્વોનાં આચરણમાં જ્ઞાતિ સંસ્થા રચાએલી છે, એ એમાં સત્ત્વ છે."

અલકકીશોરીઃ "એ સત્વ તો સત્યાનાશની પાટી છે! એમાં મ્હને તો સત્ય ભાસતું નથી."

બુદ્ધિધનઃ "દુઃખથી કાયર થએલી જરા શાંત થા, ને સમુદાયની એકતાના વિભાગ રૂપે જ્ઞાતિને જોવી બંધ કરી વ્યક્તિની વિવિધતાની અને પ્રથક્તાની મર્યાદા રૂપે જ્ઞાતિને તું જોઇશ, ત્યારે તેની પાછળ રહેલું સત્ય

સત્વ ત્હેને જણાશે. જ્ઞાતિ એ ગૃહ્ય આચાર વિચારમાં સમાનતાવાળા લગ્ન સંબંધથી જોડાવાને યોગ્ય એવાં કુટુમ્બોનો સમુદાય છે. આ સંકલનાથી ગૃહ્ય આચાર વિચારની સમાનતા અને એકતા સચવાય છે. ધન, યૌવન પ્રભુતાદિકથી ઉત્પન્ન થતી ઉચ્છૃઙ્ખલતા ઘણે અંશે દબાય છે. ને કુટુમ્બ સમુદાયની સેવા કરવાની અભિલાષાથી અથવા તેમના સદ્ભાવથી મનુષ્ય અનેક પ્રકારનાં સત્કર્મો કરવામાં પ્રવૃત્ત થાય છે.'

અલકકીશોરી: " પરંતુ આર્થિક જીવનમાં તો અનિષ્ટતાજ ઉભી કરે છે."

બુદ્ધિધન: "ના, એમ નથી. શાંત થઈ વિચાર. આર્થિક જીવનમાં જેમ મહાજન આદિ સંસ્થાઓ સમુદાયના હિતમાં ઉપયોગી થાય છે, રાજ્ય જીવનમાં જેમ નગર ગઢ વગેરે સંસ્થાઓ ઉત્કર્ષતાનું સંરક્ષણ કરે છે, તેમ જ્ઞાતિએ ગૃહ્ય જીવનમાં સદ્ અને અસદ્નો વિવેક કરાવનારૂં અને તેવા વિવેકને દિવ્ય અંશમાં ઉત્તેજીત કરી વિકસાવનારૂં અને કુટુમ્બ સમુદાયમાં ઐક્યતા આણનારૂં ઉપયોગી સાધન છે.'

અલકકીશોરી: 'મ્હને તો અનિષ્ટતાનું ભયંકર બંધન લાગે છે. એવા જ્ઞાતિબંધનનું કારણ શું તે તો મ્હને સમજાતુંજ નથી. એવી સંસ્થાઓ મનુષ્ય પ્રાણીઓનાં દુઃખને માટે કયા મુર્ખાએ ઘડી છે ?"

બુદ્ધિધન: " એ સંસ્થાઓમાં પ્રકૃતિ દેવીનો હાથ છે. જ્ઞાતિ કહો કે સંસ્થા કહો કે મંડળ કહો, જે કહેવું હોય તે કહો, તેનું બંધારણ પ્રકૃતિ ઘડે છે. હવા, પાણી, ભૂમિની આકૃતિ, જીવનનો પ્રકાર, આહાર વિહારનું સ્વરૂપ, એ બધું તે પોતાની અવિરત ક્રિયાથી મનુષ્ય શરીરને બાંધે છે. તે બધાનાં જડ સંવેદનો છુપાં અને પ્રકટમાં અજ્ઞાત રહેવા છતાં આપણા હૃદયમાં પ્રવેશ કરે છે. અને પરિણામે આપણા તથા મંડળના સ્વભાવને ઘડે છે. આ બધાંથી સૂક્ષ્મ આવર્ણ ઉત્પન્ન થાય છે કે જે માતા, પિતા અને ગુરૂજનોએ આપેલા બોધથીજ એકલું ઘડાતું નથી, પરંતુ આસપાસની રીતભાતો, ધાર્મિક મંતવ્યો અને પત્રો, પ્રકટ અથવા છુપી રીતે સાંભળેલી વાતો આપણા ઉપર ગુપ્ત-મુગી અસર કરે છે ને ટેવોને ઘડે છે. એ ટેવોના તંત્રને સમુદાયમાં ભેળવનાર સંસ્થા તે જ્ઞાતિ છે. કહે, હવે આમાં કંઈ પ્રકૃતિનો હાથ છે એ સત્ય છે કે નહિ."

અલકકીશોરી: " આપે જે સ્વરૂપ કહ્યું તે દેશકાળાદિ પ્રમાણે ઘડાયલું, પરંતુ રાગ દ્વેષાદિથી ત્રાસ આપની સંસ્થા શુ કુદ્રતિ છે ? "

બુદ્ધિધન: "સ્વરૂપમાં એ અતિશયોક્તિપણું આવી ગયું છે. તેનો પક્ષપાત કરવો યોગ્ય નથી. તેના પ્રમાણમાં તેને રાખવાની આવશ્યકતા છે. મ્હારૂ કહેવું એ છે કે, આચાર વિચારની સમાનતા અને એકત્રપણે ઉન્નતિ તરફ પ્રેરનાર એ જ્ઞાતિનુ એક મૂળ તત્ત્વ છે, અને તે વિજ્ઞાનને અનુલક્ષીને સ્થાયલું છે."

અલકકીશોરી: " એ રાગ દ્વેષાદિના મિશ્રણથી અનિષ્ટતાને પામ્યુ છે. તેને સુધારવાનો શો ઉપાય ? "

બુદ્ધિધન " સમય સૂચક બુદ્ધિ એને ઠેકાણે લાવે છે ને લાવશે. "

અલકકીશોરી: " પિતાજી, મ્હને એક વાત સાભરી "

બુદ્ધિધન: " શુ ? "

અલકકીશોરી: " કુમુદ ભાભીના વડિલ માનચતુર દુનિયા ખાધેલ ને સમયરંગ મગાવે એવા ને દાંવે સોગટી મારે એવા છે. સોએ સોને ભારે છે. બધા નાગરડા ને ઠાકરડાઓને ઘોળીને પી જાય એવા છે. શાસ્ત્રાર્થ તે રહે બધી ગજવામાં રાખે છે ને બધાંને પહોચી વળે એવા છે. પિતાજી, હુ તો મ્હારા પ્રમાદભાઇ સાથે રહીશ ને નાત બાતની દરકાર કરનાર નથી "

બુદ્ધિધન " ત્હારે તેની શી ફીકર છે ? પ્રભુ એ દહાડો તો આણે. જગદિશ્વર સર્વ સારૂં કરશે. " પિતાએ પુત્રીને ધીરજ આપી.

અલકના મગજમા હર્ષ ધ્વનિ પ્રસરી ગયો. અને ઘરમાં સર્વના મગજ ઉપર પ્રતિધ્વનિત થઇ ગયો. મલકાતી મલકાતી હર્ષઘેલી અલક દિવાનખાનાની બહાર આવી. પૂર્વના ગૌરવની છબી ચક્ષુ સમીપ તરવરવા લાગી. ઓરડામાં જઈ વનલીલાને બાઝી પડી. " બ્હેન, હવે આપણે સુખના દિવસ જોઇશું. " ઉત્સાહપૂર્ણ હૃદયથી બન્ને જણાં ભેટયાં.

વનલીલા: " દેવીના સહવાસમાં પૂર્વે જે સુખો અનુભવ્યાં છે, તે બધાં આજે અંતરમાં તરવરી આવે છે. અને તે દેવીની અક્ષય કીર્તિનુ સ્મર્ણ કરાવે છે. દેવીની મહાન ધર્મ વિભૂતિ આજના સુવર્તમાનથી નવી

નવી આશાઓના અંકુરો અંકુરિત કરે છે. હવે આ ઘરમાંથી શોક તિમિરાવૃત નાશ થશે અને પૂર્વના સુદિનનો ઉદય થશે. કુમુદના સૌભાગ્યનો સૂર્ય ઝળહળ જ્યોતિર્થી પ્રકાશશે, અને આપણે બધાં આનંદ મહાલીશું."

અલકકીશોરી: "સર્વ આશાથી નષ્ટ થયેલી કુમુદની મર્મભેદી સ્થિતિ કેવી થશે ?"

વનલીલા: "અઘોર તિમિરાવૃત રાત્રિના અંધકાર પછી પ્રભાતના સૂર્યની તેજોમય રશ્મિ વર્ષવાથી જેવો આનંદ થાય છે તેવી."

અલકકીશોરી: "એ મુઝાશે તો ઘણી."

વનલીલા: "હૃદયાકાશમાં આનંદ જ્યોતિ વિસ્તરશે તેના તેજમાં જરા ઝંખવાશે. મનમાં આગલા પાછલા વિચાર કષ્ટનાં કાળાં વાદળાં તરવરી આવશે. પણ આખરે આનંદ ઉલ્લાસથી એના હૃદયમાં રસનો ઉદધિ રેલાશે અને એના અનેક તરેહના અનુભવથી એની સાત્વિક વૃત્તિના મહા પ્રસાદનો અનુભવ આપણા સંસાર વ્યવહારમા આવશે."

અલકકીશોરી: "બુદ્ધિમતિ ગુણવતિ કુમુદ, અમારા ઘરને હવે દીપાવશે. હા, આ વિચારે તો મ્હને ગાંડી ઘેલીજ બનાવી છે."

વનલીલા: "હા, બ્હેન હા, એ વિચારજ એવો છે. એ આશાની તેજોમય રશ્મિ જગતમાં નવુ જીવન લાવે એવી છે તો આપણા સુખમાં નવું ચૈતન્ય મેલે તેમાં આશ્ચર્ય શું ?"

બન્નેની આંખો ઉત્સાહ અને ઉલ્લાસથી ચમકવા લાગી. બન્નેના હૃદયમાં નૂતન પ્રેમ પ્રજ્વલિત થયો. તે આનંદને અનુભવતાં છુટાં પડયાં.

ખુરસીમા બેઠેલો બુદ્ધિધન આશ્ચર્યચકિત થયેલો વિચાર વમળમાં ગુંચવાવા લાગ્યો: "શુ ખોવાયલુ રત્ન જડશે ? શૂન્ય થયેલુ ઘર મંગળમય થશે ? શું દુ:ખી કુમુદ સુખી થશે ? હા, પ્રભુ ત્હારી ગતિ ન્યારી છે. પળમાં રાયનો રંક ને રંકનો રાય કરનાર તુંજ સમર્થ છે. અરે પ્રમાદધન, બેટા પ્રમાદધન, જો, ત્હારી કુસંગતિનું ફળ કેવું આવ્યું છે ? કેટલાં આદમી દુ:ખી થયાં છે ? તેં કેટલાનાં જીવન નષ્ટ ભ્રષ્ટ કર્યા છે ? ત્હારી માતા કેટલું કલ્પાંત કરતી દેહ ત્યાગી ગઇ છે ? માતાની પ્રેમ યાતનાનો તેં યત્-

કિંચિત પણ વિચાર કર્યો હોય એમ જણાતું નથી. અરે રે, એ બિચારીએ પુત્ર દાહમાંજ પ્રાણ ત્યાગ કર્યો. વડિલોના જીવને કેટલું કલ્પાંત થાય છે એનો વિચાર ઉદ્ધત અનાચારીઓને ક્યાં હોય છે? કુપુત્રની ક્રુરતા મો રાક્ષસોની દુષ્ટતાથી પણ મહા દુષ્ટ છે. જેને પોતાના કુળનું અભિમાન નથી, માતા પિતા પર મમતા નથી, વડિલના પ્રેમની–મમતાની કિમ્મત નથી, એવાં ઉચ્છ્રંખળ અનાચારીઓ કેવી દશાને પામે છે? હા, હા, અધમોધમ હાલ થાય છે. જગતમાં ડરતા નથી ને ડરવા દેતા નથી. મદ ત્તાને પામતા નથી. મંદ અંધ થઇ મહા દુઃખમાં પિડાય છે. એ બધું કુસંગતિનું ફળ છે. આહા! મ્હારો સંસાર તે કેવો! સૌભાગ્ય દેવીએ રંક દશામાંથી ઉન્નતિમાં આવતાં સુધી કેટલી કેટલી વિપત્તિઓ વેઠી! વળી ઉદયકાળ આવ્યો. ઉદયકાળમાં સંસારને મહાન વૈભવી બનાવી દીપાવવો શો! અલ્પકાળમાં કુમુદે તેમાં સુધા પુરી સંસારને સુવાસિત કરવો શો! મહાન સમર્થ પ્રતિપક્ષિ શઠરાયનો અન્ત શો?

"ખરેખર, જગતમાં કોઇનુ ઐશ્વર્ય સ્થિર રહ્યું નથી, રહેવાનુ નથી ને રહેશે નહિ એ સિદ્ધ છે. આહા! મમતાની મોહ જાળ કેવી અંધ બનાવે છે. આકાશ પણ લય પામે છે, પૃથ્વીનો પણ પ્રલય થાય છે. તારાઓ ક્ષિણતા પામી જાય છે. ધ્રુવનું જીવન પણ અધ્રુવ છે. નરેંદ્રો અને દેવેંદ્રો પણ કાળને આધિન થાય છે. ઇંદ્રિ પણ હતો નહતો થાય છે. યમ જનને પણ કાળના સપાટામાંથી બચતો નથી, વાયુ પણ સત્તા રહિત થઇ જાય છે. ચંદ્ર પણ શુન્યતાને પામે છે, સૂર્ય પણ ખંડિતતાને આધિન છે અને અગ્નિ પણ અભાવને પ્રાપ્ત થાય છે. બ્રહ્મા, વિશ્ણુ ને રૂદ્ર પણ સમાપ્તિને પામે છે, તો મ્હારા જેવાની વિપરિત સ્થિતિ થાય એમાં શુ આશ્ચર્ય? હા, હા, એમજ થયું. ઉદયની સુલલિતતાનો લાભ લેતાં પહેલાંજ, ઉદય ઉષાનાં સુકિર્ણો પ્રકાશતાં પહેલાંજ, પુત્રની અધમતાએ ઉદયની અમીને સુકાવી નાંખી. અરેરે! ઉદય શું! અને સંસારની અમીનુ ઉડી જવું શુ! અરે, વળી આ પાછી પ્રભુતા પામેલા પ્રમાદધનની આશા શી? શું આ સત્ય વર્તમાન હશે? નષ્ટ થયેલા જીવનને સજીવન માત્રા મળ્યા જેવું થયું છે. આહા! પ્રભુ ત્હારો

કેટલો ઉપકાર માનું ?" નિરાશ થયેલા હૃદયમાં આશાની રશ્મિઓ ઉદય પામી, ને ચિરાયલા હૃદયમાં ગદગદિત થયેલો આશાજનક દીર્ઘ નિઃશ્વાસ પ્રકટ થયો.

અલકસુંદરીનું લક્ષ પિતાની આંતર વૃત્તિથી થયેલી સ્થિતિ ઉપર હતું. પિતાના નિઃશ્વાસ ધ્વનિથી તેનું હૃદય ગલિત થઈ ગયું.

"અરે રે ! પિતાજીની શાત્વના માટે શો ઉપાય ? માતા સિવાય એમનું શાંત્વન કોણ કરે ? સંસારમાં પુરૂષને પણ સ્ત્રીના પળે પળે જરૂર છે. ધન, બુદ્ધિ, વિદ્યા તથા સગાં સ્નેહિઓથી જે ખોટ પુરી પડતી નથી તે ખોટ સ્ત્રી પુરી પાડે છે. સંસારની વ્યવસ્થામાં અમૃત પુરી સ્ત્રીજ શાંતિ આપે છે. સ્ત્રી સિવાય બીજા પાસે હૃદયનો પૂર્ણ વિકાસ થતોજ નથી અને સ્ત્રીના આશ્વાસન સિવાય પુરૂષને પરમ શાંતિ મળતીજ નથી. સ્ત્રી ઘરનો સ્તંભ છે. સંસારમાં સ્ત્રી વિનાના પુરૂષનો વિવેક, બુદ્ધિ ને મમતા ઝાંખી જણાય છે. ઘર સંસારમાં ઓછી બુદ્ધિવાળી સ્ત્રી પણ જબરૂં આકર્ષણ કરી શકે છે. વડિલો, સંપત્તિ અને સન્તતિ, એ બધાનું સમાધાન રાખવાનું કાર્ય સ્ત્રી વિના થતું નથી. અને વિપત્તિમાં તો સ્ત્રી સિવાય બીજું આશ્વાસન નથી. સંસારનું ઢાંકણુ સ્ત્રી છે. હા, સંસારમાં દિકરીને માડીની જરૂર છે. તેમ પુરૂષને પણ સ્ત્રીની જરૂર છે." હૃદયમાંથી નિઃશ્વાસ સાથે ધ્વનિ નિકળ્યોઃ

ગરબો. "પ્રેમ ભરી માતાની વાતો,
હૃદય પટે ભરે છે ભાતો;
મુખડું માનું માયા વાળું,
પ્રેમ ભરેલું રે ક્યાં ભાળું ?"

* * *

અલક પિતાને શાંત્વન કરવા માટે ભોજનને નિમિત્તે બોલાવવા ગઇ. પિતા પુત્રીએ એક બીજા સ્હામું જોયું. અંતરઆત્માની શોકમય લાગણી જાગૃત થઇ, ને એક બીજા સ્હામુ જોતાંજ બાપ દીકરી રડી પડયાં. આંસુની ધારા છલ્લાછલ વહી રહી. આ કરૂણાનું ચિત્ર સંસારના અનુભવ સિવાય લેખિનીથી ચિત્રાય એવું નથી. દુખદ વર્તમાનમાં કરૂણાની રેલીએ જે અદ્ભુતતા કરી તે નવીન નથી. સંસારમાં એ અનવિત રીતે અનુભવાય છે ને અનુભવાશે.

પ્રકરણ ૨૦ મું.

સુવર્ણગિરિમાં શંકિત હૃદય ઉપર પ્રહાર.

उभाभ्यामेव पक्षाभ्यां यथा खे पक्षिणां गतिः ॥
तथैव ज्ञान कर्मभ्यां जायते परमं पदम् ॥ १ ॥
केवलात्कर्मणो ज्ञानान्नहि मोक्षाऽभिजायते ॥
किंतूभाभ्यां भवेन्मोक्षः साधनंतूभयं विदुः ॥२॥

(योगवासिष्ठ)

" જેમ આકાશમાં પક્ષીઓની ગતિ બન્ને પાંખોથીજ થાય છે તેમ જ્ઞાન અને કર્મ એ બન્ને સાધનથી મોક્ષ પ્રાપ્ત થાય છે માટે જ્ઞાન અને કર્મ એ બન્ને મોક્ષના સાધન છે, એમ મહાત્માઓ જાણે છે."

. તા૦

નભમંડળ અને ભૂમંડળ ઉપર સૂર્યે, જ્યોતિપૂર્ણ સુવર્ણ વસન પ્રસારી દીધું હતું. તેના પ્રભાવથી સૂર્યકમળના સૌન્દર્યશાળી સમૂહો, અનુપમ શોભાની ઝળે પ્રસારી સર્વનું ચિત્ત આકર્ષિ રહ્યા હતા. સુવર્ણગિરિના ઉંચાં નીચાં શિખરોની હાર અને ગાઢ જંગલ રાત્રિની અન્ધકારમય જાળથી મુક્ત થઈ, સુંદર ચળકતી પ્રકાશમય છતથી દ્રષ્ટિને ઠારી રહ્યાં હતાં. એવા અનુપમ શોભામય પ્રદેશના માર્ગ ઉપર ટાંગો ધીમે ધીમે હીંચકા હીંચકી ખાતો હેલાહેલીમાંથી પસાર થતો સુવર્ણગિરિની તળેટીના પ્રદેશ પાસે વાંક હતો ત્યાં આવી પહોંચ્યો. ઘોડાનું આખું શરીર ફીણથી ને પરસેવાથી નિગળતું હતું. ટાંગામાં બેઠેલા મનુષ્યના

પોશાક ઉપર પણ ધૂળની રજોટી પ્રસરી ગઇ હતી. સફેદ મુખ ઉપર રજોનો સમૂહ વળગવાથી કંઇક શ્યામતા દ્રષ્ટિગોચર થતી હતી. રજોના સમૂહને ખંખેરતાં ખંખેરતાં મિ. બ્રાડલો અને મિસ ફ્લોરા નીચે ઉતર્યા.

સુંદરગિરિ ઉપર જવાના વાંકવાળા પ્રદેશ આગળ ઘોડા અને ડોળીઓ લઈ એક મંડળ ઉભું થઇ રહ્યું હતું. ઘોડાવાળાઓએ નીચા વળી સલામ કરી. એમાંનાં થોડાં માણસો સુવર્ણપુરના પોલીટિકલ એજન્ટનાં અને કેટલાક રત્નનગરી રાજ્યનાં હતાં. તેમની સાથે અતિથિનો સત્કાર કરવાને વિષ્ણુદાસ મહારાજની આજ્ઞાથી રાધેદાસ વગેરે આવ્યા હતા.

મિ. બ્રાડલો અને મિસ ફ્લોરા સર્વના સમાગમમાં આવી મળ્યાં. તેઓએ સવિનય નમન કર્યું ને રાધેદાસે આશિર્વાદ દીધો. થોડા વખત સુધી ઘોડા ઉપર અને બીજો વખત ડોળીમાં બેસી સુંદરગિરિના યદુશૃંગ પાસે આવી પહોંચ્યાં.

યદુશ્રૃંગ ઉપર વિષ્ણુદાસ મહારાજના ત્રણે મઠોની વ્યવસ્થા તથા રચના સબંધી, તથા મઠની નિરીક્ષા કરનાર અધિષ્ઠાત્રિયો, તથા મઠની સ્થિતિ, મઠસ્થ સાધુજનોની રીતિ કૃત્તિ, મઠમા ચાલતા અભ્યાસ અને સદ્યોગ, સદ્વાસનાઓ અને અલખ બોધન સબંધી આપણે વિવેચન કરવાનુ રહ્યુ નથી. તે બધાં યથાક્રમમાં ચાલતાં હતાં તેમ ચાલી રહ્યાં હતાં. અને દિન પ્રતિદિન ઉન્નતિ ક્રમમાં જતાં હતા, તે સંબંધી એટલું સુચનજ બસ છે.

યદુશ્રૃંગના ખુલ્લા મેદાનમાં આંબાવાડિયાના કુંજ પાસે મિ. બ્રાડલો અને મિસ ફ્લોરાના તંબુ નંખાઈ ગયા હતા. તબુ પાસે પીપળાનું એક વૃક્ષ હતું. પીપળાના વૃક્ષની આગળ પાછળ થાળુ બાંધેલું હતું. તે થાળા ઉપર બન્ને અતિથિઓ બેઠા, ને સઘળુ નિહાળવા લાગ્યા. એટલામાં ચદ્રાવળી મૈયા, મોહિનીમૈયા, ભક્તિમૈયા વગેરે સર્વ મંડળ મિસ ફ્લોરાનુ સ્વાગત કરવા આવી પહોંચ્યું અને પીપળાના થાળા સામુ સ્વચ્છ અને સુંદર શીલાઓ પડી હતી તે ઉપર સૌ બેઠાં. મિસ ફ્લોરાએ એ સર્વને આદરપૂર્વક નમન કર્યું અને યોગિનીઓએ સત્કારપૂર્વક આશિષ આપી.

મિસ ફ્લોરા: " આપ સર્વેએ મારા ઉપર કૃપા કરી છે. આપ શું વિષય ચર્ચાવતાં હતાં ? "

ચંદ્રાવળી: " હરિચર્ચા સિવાય અહમ્ જનોને ત્યાં બીજી ચર્ચા શી હોય ? આપ જેવા અતિથિ અમારે ત્યાં પધારે ત્યારે આતિથ્ય સત્કાર કરવો એ અમારૂં કર્ત્તવ્ય છે. "

મિસ ફ્લોરા: " ત્યારે તો મને સર્વેને હરિચર્ચામાંથી ઉઠાડવાનું ખોટું કામ મ્હારે લીધે થયું. "

ચંદ્રાવળી: " **विवेका दशमो निधी**: વિવેક એ સર્વેનું કર્ત્તવ્ય છે. અમારૂં કર્ત્તવ્ય અમારે કરવું જ જોઇએ. "

મિસ ફ્લોરા: " તમારી હરિચર્ચાનો લાભ અમને આપવા કૃપા નહિ કરો ? "

ચંદ્રાવળી: " જરૂર, એ તો અમારૂં કર્ત્તવ્યજ છે. "

મિસ ફ્લોરા: " આપ કહો તે સ્થળે અમે આવવા રાજી છીએ. "

ચંદ્રાવળી: " અમ સાધુજનોને સર્વ સ્થળ સરખાં છે. ખલક અલ-મથી વ્યાપ્ત છે. "

મિસ ફ્લોરા: " જેવી આપની મરજી. "

ચંદ્રાવળી: " બેટા બિન્દુ, એમને એકાદ ભજન શ્રવણ કરાવ. "

પીપળાના વૃક્ષ તરૂ પાસે વાર્ત્તાવિનોદ ચાલતો હતો અને વિવેક શ્રેણીમાં મધ પુરાતું હતું તેજ વખતે તેથી અવનવિત દૃષ્ટિથી થોડું મંડળ દૂર ઉભું ઉભું આંતર ચિકિત્સા તપાસી અટપટી અટકળો આંકતું હતું.

બંસરીના ખભા ઉપર માથું મુકી, જરા તાકી તાકીને નિહાળી રામનીએ ઉદ્ગાર કહાડયો: " આ પુરૂષ અવનવિત કષ્ટોથી પીડિત છે, એનો હૃદયાનંદ દગ્ધ થયેલો છે. "

જરા લજ્જિત થતાં બંસરીએ પ્રતિઉત્તર કર્યો: " વિરહ તાપથી તપિત છે. "

જરા આંખની કીકીઓને વિકસાવી વામનીએ કુતૂહળ કરતાં કહ્યું: " મન્મથ પ્રસાદથી ભ્રષ્ટ થયેલ છે, તેના તાપને સહી રહ્યો છે. "

આશ્ચર્યે ચકિત દૃષ્ટિ ફરકાવતાં બંસરીએ કહ્યું: " મુખ મ્લાન થયેલું છે, ફિકાશ મારે છે. નયન ઊંડાં ઉતરેલાં છે અને અંતરમાં પ્રિય પ્રતિમાને આલેખી રહ્યા છે. હૃદય ઉષ્ણ સ્વાસથી ઉછળે છે. તમારી ચિકિત્સા સત્ય ભાસે છે. હવે કહો " સ્વક્રિયામાં કે પરક્રિયામાં આશક્ત છે ? "

ગંભિરતાથી મગજ ખેંચી પ્રતિઉત્તર કર્યો: " પ્રથમ પરક્રિયાથી ભ્રષ્ટ થયેલો, હમણાં સ્વક્રિયામાં આતુર છે. "

બંસરી: " સ્પષ્ટાભાષ કેમ થાય ? "

વામની: " વાર્ત્તાવિનોદમાં સંગીત પ્રહારથી ચમત્કાર આવશે. ચાલ, બિન્દુ ગાય છે. "

+સ્રાજ઼કને હાથમાં લઇ, કંઠ અને તન્ત્રી ઉભયના સ્વરોને યથાક્રમમાં લાવી ભાવથી સગીત પ્રગટાવતો, ભક્તિરસનો પ્રવાહ ફેલાવતો, સર્વને તન્મય કરતો બિન્દુનો મધુર કોકિલ વિનિંદિત સ્વર ધ્વનિ થવા લાગ્યો.

ઝળહળ ઝબકે જોની રે, બ્રહ્મ રંધ્રમાં જ્યોતી;
સહસ્ર કમળદળ ખીલેરે, મોક્ષામૃત મદ શ્રોતી.
ઝળહળ ઝબકે. ૧

અજર અમર પદ માટેરે, અભયામૃત મદ દેતી;
બળ બુદ્ધિ ઓજસ્‌માંરે, લખ અલખ ગતિ પ્રોતી.
ઝળહળ ઝબકે. ૨

નિરવાણ પદને માટેરે, દિવ્ય પ્રભામદ દેતી;
ચિન્મયતાથી ન્યાળીરે, જુગતીએ જો જ્યોતી.
ઝળહળ ઝબકે. ૩

સુંદર ગૌર મુખબિમ્બથી લાવણ્ય યુક્ત ઉભરાતા ભક્તિ રસનો પ્રવાહ, આડલો તથા મિસ ફલોરાના મનોરાજ્ય ઉપર છાપ મારી રહ્યો. આડલોના મનોરાજ્યમાં ધર્મ સંસ્કારે સત્તા મેળવી મનને જાગૃત કર્યું, અને બિંદુનું લાલિત્ય લાવણ્ય નિહાળી કુમુદ યાદ આવી. વિચારમાં ને વિકારમાં મન વિકસાયું ને કરમાયું.

+ એક જાતની સારંગી, સાધુઓ વાપરે છે તે.

મિસ ફ્લોરા: "ચંદ્રાવળી મૈયા, તમારા સુવર્ણગિરિ ઉપર ક્યા ક્યા મહાન અધિકારી અતિથિ આવી ગયેલા આપની જાણમાં છે."

ચંદ્રાવળી: "સુવર્ણગિરિ ઉપર અધિકારી સિવાય કોઇ અતિથિ આવી શકતોજ નથી. મહાત્માઓનો પક્ષપાત થાય છે ત્યારે અતિથિ આકર્ષાઇ આવે છે."

મિ. બ્રાડલો: "આપનું કહેવું સત્ય છે ને સર્વને આનંદ આપનારૂં છે; પરંતુ પ્રશ્નનો હેતુ એ છે કે આપની દૃષ્ટિમાં સાંપ્રત પ્રસંગમાં કેટલા ઉત્તમ અધિકારી આવી ગયા છે?"

ચંદ્રાવળી: "સાધુ પુરૂષોનું કથન કથાવું અશક્ય છે. સંસારી લોકમા નવિનચંદ્રજી ઓર મધુરીમૈયા અપૂર્વ સત અતિથિ દૃષ્ટિગોચર થયા."

મિસ ફ્લોરા: "મધુરી મૈયા શુ સંસારી હતાં?"

વામની: "અમારી મધુરી મહાન સાધ્વી, પરમ પવિત્ર પતિવ્રતા ધર્મની અધિદેવી અને સંસાર મંડળને છક કરે એવી છે, પરંતુ મહાન્ દુષ્ટ પતિથી પરમ દુઃખને પ્રાપ્ત થઈ હતી. તેના દુષ્ટ ઉચ્છૃંખલ, મતિહિણ પતિની હૃદયવાસના પરસ્ત્રીમાં લુબ્ધ થઇ ઉભય લોકમાં પતન પામેલી હતી. ગીતામાં કહ્યું છે કે;—

अनेक चित्त विभ्राता मोहजाल समा वृताः ।
प्रसक्ताः काम भोगेषु पतंति नरकेऽशुचौ ॥

(ગીતા અ. ૧૬ શ્લોક ૧૬.)

"અનેક મનોરથ કરતા એવા મનવડે ભ્રમ પામેલાં મત્સ્ય જેમ દોરાની જાળમાં બંધાઇ જાય છે તેમ મોહજાળમાં વીંટાએલા તેઓ, વિષય ભોગમાં લપટ થઇ અપવિત્ર નરકમાં પડે છે."

શ્લોક બોલતાં બોલતાં બંસરીનો હાથ વામનીએ દાબ્યો. બંસરીએ બ્રાડલોને તાકીને નિહાળ્યો. તેની મુખમુદ્રા ઝાંખી પડેલી લાગી.

મોહિની મૈયાએ ટકો પૂર્યો: "મહાન્ સાધ્વી, મહાદેવી મધુરી, અધમોધમ અનાચારી પતિનો ભોગ થઇ પડી હતી."

મિ. બ્રાડલોએ એ બધા શબ્દો સાંભળ્યા ન સાંભળ્યા કર્યા ને દૃષ્ટિ ફેરવી. મિસ ફ્લોરા એના મનનું માપ માપી ગઇ ને વાત ફેરવતાં બોલીઃ "કંઇક ઉપદેશનું ભજન ગાઓ."

સાજકને આગળ ધરી વામની ગાવાને બહાર કુદી પડી. હાવભાવ કરતાં સંગીત શરૂ કર્યું.

અંતરના અંધા રે, ઉંધુ ઉંધુ માને મને,
ભ્રમણામાં ભમેલા રે, ભ્રમિત થઇ દુષ્ટ બને.
પરનારીસું જારી રે, ધારી ધારી નિત કરે,
સ્વનારી નિહાળી રે, વારી વારી ક્લેશ ભરે.
પરનારીમાં અંધા રે, ધધા બધા ઉધા કરે,
વિષય વિલાસી રે, વિનય નયથી દૂર ફરે.
અંતર બળને તોડી રે, અધમતા ઉર ભરે,
દિવ્ય બળ જાતાં રે, દિવસ તેનો ઉંધો ફરે.
લોકાતીત પ્રદેશે રે, પામે નહિ શાંતિ જરી,
મનોબળ જાતાં રે, વિભુતિ જાયે ઉંગી સરી.
દિવ્ય આનંદ ન આવે રે, આણુ અણુ વિષ સ્ફુરે,
પરનારીસું જારી રે, સકળ સ્થળથી ભ્રષ્ટ કરે.
અંતર જો વિચારી રે, અંધા હોયે જ્ઞાન કંઇ,
ગતિ શી થઈ તારી રે, ઉંધે ધંધે અધમ થઈ.
મન ગતિ મતિને ઠારીરે, સત્સંગથી જાને ઠરી,
ગુરૂ ચરણ ચિત્ત ધારી રે, ભવ સિંધુ જાને તરી.

સંગીતનો જેમ જેમ સ્વર પ્રહાર થતો ગયો તેમ તેમ મિ. બ્રાડલોની મુખમુદ્રા ઉપર અવનવિત છાપ તરવરવા લાગી. મુખ મ્લાન થયું. અંતરમાં ગુંચવણુ ઉભી થઈ. તેણે મર્મસ્થાનને વ્હલોવી નાખવા માંડયું. એ બધાની છાંયા ચિકિત્સક મંડળને ખાત્રી આપતું ગયું. તેથી વામનીનું સંગીત પુરૂં થતાંજ બંસરીએ બીજું ઉપાડી લીધું.

ભવ એળે તે તો ખોયો, પરનારી માંહી મ્હોયો;
પૂરે પૂરો તું તો રોગો, એમાં સાર તેં શો જોયો.
ભવ એળે તેં તો ખોયો. ૧

બ્રાડલોના આંતરગતમાં સ્ફુરાયમાન થયું. "શું, આ મ્હનેજ સંબોધીને કહે છે? ખરેખર, ભવ એળેજ ગયો."

મદમસ્ત થઇને ફરતો, હજી કેમ નથી ઠરતો;
જાણી માની દુઃખમાં ગરતો, કેમ સાન નથી ધરતો.
ભવ એળે તેં તો ખોયો. ૨

"ખરેખર એમજ થાય છે." વળી ગાન શ્રવણ થવા લાગ્યું.

રિદ્ધિ સિદ્ધિ નષ્ટ થાશે, સુખ સમૃદ્ધિ તજાશે,
હલા હલ વ્યાપી જાશે, ગતિ જો શી ત્હારી થાશે.
ભવ એળે તેં તો ખોયો. ૩

"આવી સ્થિતિ થવામાં બાકી શી રહી છે? અરે રે પ્રભુ.

હજી વખત વિચારી, કર સતસંગ ભારી;
ભવ દુઃ[illegible]ને ટાળી, એવો અલખ વિહારી.
ભવ એળે તેં તો ખોયો. ૪

"હા, હજી વખત છે. આ શબ્દ આશાનું અમૃત સીંચે છે. અમૃતમાં મૃત સજીવનતા છે. વખત છે તો બધું છે. વખતને કેમ અનુકૂળ કરવો?" ઉંડો નિઃશ્વાસ મુકી વિચારમાં પડયો.

હાવભાવથી સંગીતના પ્રહાર બ્રાડલોના હૃદયપટ ઉપર પડી ગયા. બ્રાડલો પોતાના હૃદયને સમજી ગયો. તેનું નિર્મળ હૃદય જરજરિત થઇ ગયું. તેના દુષ્ટ કર્મની છાયાનાં વાદળાં તેના હૃદયાકાશની આસપાસ એકઠાં થઈ ગયાં અને નિબિડ કૃષ્ણવર્ણ ધારણ કરી, હમણાં વર્ષું હમણાં વર્ષું એવો દેખાવ અશ્રુથી તરવરેલાં ચક્ષુનો થઇ રહ્યો. મહા મહેનતે મનને કાબુમાં રાખી, આધીપાછી દૃષ્ટિ કરી આંખને કબજે રાખી, હૃદયની વ્યથાને પરાકાષ્ઠાએ છુપાવી રહ્યો. સાવધાની બહુએ રાખી પરંતુ ચિકિત્સા કરનારીઓની હૃદય-તુલાથી મનોવ્યથા છુપી રહી નહિ. નિઃશ્વાસ મુકતાં નિરાશ હૃદયના ભાવને

સમજનારી ચંદ્રાવળીએ આશાનાં સુધાબીજને વાવવાના હેતુથી બિન્દુને સુચવ્યું કે: "આશાપૂરે સૌની હરિ." એ સંગીત ઉપાડ.

ચંદ્રાવળીની આજ્ઞા થતાંજ બિન્દુએ તાન લલકાર્યું.

"ઉદાસીન ના થાશો રે, આશા પૂરે સૌની હરિ;
પૂરા ભાવે યાચો રે, અચળ વિશ્વાસ ધરી.
ઉદાસીન ના થાશોરે.

મિ. બ્રાડલો: મનમાંજ "શું ઉદાસીનતા ત્યાગવા મ્હને ઉપદેશ દે છે? આશાનુ અમૃત પુરે છે? અરે રે! એ ઉદાસીનતા ત્યાગી તજાય એમ છે"

"દીનતા ત્યાગો અન્યનીરે, અલખમાં આશા ભરી,
અધમ ઉદ્ધારક તારક રે, આશા પૂરે ત્હારી પૂરી.
ઉદાસીન ના થાશોરે.

"અરેરે! આ તો મ્હારા મનની નબળાઇનેજ પ્રહાર મારે છે. શુ મ્હારી આશા પુરાશે?" ગાન આગળ ચાલ્યું.

"સંશય ત્યાગી મનનારે, શ્રદ્ધા રાખી હૃદયે પૂરી;
દાતા એ તો એવોરે, ઐહિક પારલૌકિક સુખ દે ભરી.
ઉદાસીન ના થાશોરે.

"શુ મ્હારા મનમાં સંશય થયો તેનો આ પ્રતિઉત્તર કર્યો?"

"ધન, દારા ને વૈભવ રે, માંગો યશ કીર્તિ પૂરી;
અથવા જે કંઇ ઇચ્છશોરે, તે તો પૂરશે શ્રી હરિ.
ઉદાસીન ના થાશોરે.

"શું? હું કુમુદને માંગું છું માટે દારા શબ્દ સ્પષ્ટ કરી મ્હને ઉત્તેજીત તો કર્યો નહિ હોય? આ શું મ્હારા મનનાજ બધા ખુલાસા થાય છે?"

"શ્રદ્ધા રાખી પૂરીરે, હૃદયે જો પ્રેમ ભરી,
હૃદય અવાસેરે, જ્યોતિ ઝળકે પ્રકાશે પુરી.
ઉદાસીન ના થાશોરે.

ચિદ્દિ શક્તિ એ તો રે, આશા પૂરે સોની ખરી,
શ્વાસો શ્વાસ રટજોરે, શ્રદ્ધા રાખી અલખમાં પૂરી.
ઉદાસીન ના થાશોરે.

"શુ, ચિદ્દિશક્તિ સૌની આશા પૂરે છે ? મન એ કલ્પવૃક્ષ છે. કલ્પવૃક્ષ નીચે બેસીને જે યાચીએ તે મળે. ચિદ્દિશક્તિનો પ્રવાહ સચરાચર છે. ચિત્તે સંયમ કર્યો ને દ્રઢતા ધરી કે શક્તિએ શક્તિ વાપરી. ખરે, ત્યારે ચિદ્દિશક્તિજ મ્હારી આશા પૂરશે ? શું મ્હારા મનની નિર્બળતાને સબળ કરવા સચરાચર શક્તિ પરોક્ષ દ્વારાએ મ્હને જ્ઞાન કરાવી ભાન કરાવે છે ? આહા, શી અદ્ભૂતતા છે ?

વિચાર શ્રેણીમાં શ્રવના હૃદયપટ ઉપર, કર્ણદ્વારથી મોહિની મૈયાનો જાગૃતિ આપવા લાગ્યો.

"પ્રપંચી ફેલી ફિતુરીરે, શી ગતિ થાશે ત્હારી,
મદમસ્ત થઇ શુ મ્હાલેરે, અહંકૃત્તિનો મદ ધારી.
પ્રપંચી ફેલી ફિતુરીરે.

"અરેરે, મેં પ્રપંચ કરી ધર્મપત્નિને કલંકિત કરવાને ફેલ કરેલા તેને ફેદૃપી શું આ ચાબખા મારે છે ? અરે ! આ મંડળ તો બધું ચમત્કારિક આત્મબળવાળું, ભૂત ભવિષ્યના ભાનવાળું જણાય છે ?"

દુર્દમનીય ચિંતાથી વ્યાકુળ થયેલાએ નિઃશ્વાસ મુકયો. ગાન તો શરૂજ રહ્યું :—

"પ્રપચ જાળો ગુંથતોરે, અધમતામાં ગુંથાણો;
આત્મ સ્વરૂપ ભૂલીરે, આખરે તું શું કમાણો ?

"ખરેખર આ તો મ્હનેજ પકડી પાડયો. પ્રપંચમય જાળ ગુંથવામાં શું કમાયો ? અરે ખોયું, બધું ખોયું. કમાયો શું ? દુઃખ કમાયો. હા, પ્રપચની કમાઇમાં દુઃખજ મળે. વાવે તેવું લણે." ઉન્નત સાજકના રંગમાં રંગ મળતો ગયો ને સુર સાથે તાન ઉપડતુંજ ગયું:

"અધમોધમ ઉપાધિરે, કરી તું તો જગમાં ફરે,
વિનય નયને ત્યાગીરે, ઉંધે ઘડે પાણી ભરે.

"શું હું ઉંધે ઘડે પાણી ભરૂ છું ? હા, હા, આ બધું ઉંધે રસ્તેજ ઉંધું થયું છે, એટલે ઉંધો ઘડોજ તો."

" સંશય તજી અત્રળારે, સીધે રસ્તે જાની તરી.
ગુરૂ સુખી થઇનેરે, અલખ રસ પી પ્રેમ ધરી. "

" શું હજી ગુરૂમુખી થવાનું બાકી છે? અરે, જેની શિષ્યાઓ આવી સમર્થ છે, મનોગત જાણી જાય છે ત્યારે તેના ગુરૂ કેવા હશે? આ તો પૂરેપૂરી ફજેતીનો વારો આવ્યો. અહિં આવીને ફસાયો. અહિંથી ન્હાસી છૂટું તો કેમ? ગુરૂ પાસે ન જાઉં તો કેવું? ના, હવે થાય તે થવા દો. મિસ ફ્લોરા હવે મ્હારૂં કહ્યું માની ખસનાર નથી અને ખસવામાં મ્હારૂં હિત પણ નથી. જે થવાનું છે તે થવા દો. ભીતિનો પડદો ફુટયા સિવાય ભીતિ જનાર નથી. રાત્રિનો કૃષ્ણપટ ભેદાયા સિવાય સૂર્યનારાયણનાં જ્યોતિર્મય કિરણ પ્રસરનાર નથી. હવે પ્રકૃતિને આધિન થયા સિવાય છૂટકો નથી."

દુર્દમનીય વ્યથાથી આકુળ વ્યાકુળ થતા અતિથિને નિહાળી ચંદ્રાવળીને દયા આવી. કરૂણા શ્રેણિથી લદબદ થયેલી મુખમુદ્રા ઉપર સર્વની દૃષ્ટિ તરવરી રહી હતી. મનોભાવ આરપાર થઇ ગયો હતો, પરંતુ વિનય નયથી સર્વે સંભાળી સંભાળી ભાષણ કરતા હતાં. દુરદર્શી ચંદ્રાવળીએ બિન્દુને ઇસારો કર્યો, ને બિન્દુએ હાથમાં સાજક લઇને શાંત ચિત્તથી ભક્તિરસ રેલતાં ધ્વનિ બહાર કહાડવા માંડયોઃ—

" ગુરૂ અલખ વિભૂતિ દર્શાવોરે, દર્શાવોરે,
ત્રિવિધ તાપને હવે ટાળો રે, ટાળો રે.

" શું, આ મ્હારા મનની વાત જણાઈ ગઇ? ગુરૂજીને વિભૂતિ દર્શાવવાનું કહેવા તત્પર થઈ? અરે! મનમાં અંકુર ફુટતાં તો તે આત્મબળે જાણી જાય છે. એ બધી તો કુમુદની બહુ પ્રસંશા કરે છે. ત્યારે શું કુમુદ પણ આત્મબળથી બળિષ્ટ થઇ ગઇ હશે? આ અદ્‌ભૂતતા વિલક્ષણ છે. અરે! એનો ત્રિવિધ તાપો ટાળવાને વિનવે છે. શું મ્હારા ત્રિવિધ તાપો જશે? હા, ગુરૂ કૃપા હોય તો જાય." એટલામાં કાન ઉપર સ્વર અથડાયો.

" કરૂણા જળ કોમળ ઉર વર્ષાવોરે, વર્ષાવોરે,
તમ હૃદયમાં શાંતિ પ્રસરાવોરે, પ્રસરાવોરે.

" શું મ્હારા ઉપર કરૂણાનો મેઘ વર્ષશે? તમ હૃદયને શાંતિ અપાવવા

કહે છે? હા, હું તમ છું. મ્હને શાંતિની જરૂર છે. બિન્દુ, તેં ગુરૂને ખરી અરજ કરી છે. તું દયાની અધિદેવી છે.”

“દેહા ધ્યાસ તજાવી તત્વાભ્યાસ ખીલાવેરે, ખીલાવેરે;
સત્યિતિ સુખ દઇ જીવપદને વિસરાવેરે, વિસરાવેરે.

“ઓહો, આ તો મહાકૃપાનો ઉદ્દાધ ઉભરાયો.” મૌન્ય ધરી બ્યાડલો બેસીજ રહ્યો. એના મનોરાજ્યની ગડબડ એના હૃદયપટ ઉપર ઉલટ સુલટ બાજી માડતીજ રહી. તે સહૃદય વાંચકો કલ્પિ શકશે.

મિસ ફ્લોરાઃ “તમે બધાંએ બહુ ઉત્તમ ઉપદેશ દીધો. બિન્દુનું માધુર્ય અને લાલિત્ય અવર્ણનીય છે.”

ચંદ્રાવળી· “મ્હારી બિન્દુ કરતાં પણ મ્હારી મધુરીનું લાલિત્ય માધુર્ય અને સર્વજ્ઞતા ભારે.”

મિસ ફ્લોરાઃ “તમારી મધુરી કોણ?”

મોહિની મૈયાઃ “અમારા વિદ્યાચતુરનાં પુત્રી.”

મિસ. ફ્લોરાઃ “ત્યારે કુમુદ બ્હેનજ કે ની?”

ચંદ્રાવળીઃ “હા, હા, મ્હારી મધુરી તેજ કુમુદ.” આંખમાંથી પ્રેમનું બિન્દુ ટપકી ગયું. તે સાથે સર્વે મંડળમાં કુમુદની પ્રેમ વાત્સલ્યતા તરવરી આવી.

સર્વેએ યદુનંદનની જય બોલાવી. ગુરૂ મહારાજની જય બોલાવી અને ત્રીજી મધુરી મૈયાની જય બોલાવી ગગનમંડળને ગર્જાવી મુક્યુ. સર્વ મંડળની ગર્જના સાથે બ્યાડલોનું હૃદય ખળભળી ગયું.

પ્રકરણ ૨૧ મું.

ચિરંજીવી શ્રૃંગ ઉપર મહાત્મા.

" पुण्येनैव हि लभ्यते सुकृतिभिः सत्संगतिर्दुर्लभा ॥

" પૂર્વનાં પુણ્યથીજ ભાગ્યશાળી પુરૂષોને સત્સંગતિ આવી મળે છે."

પ્રાતઃકાળની અલૌકિક આનંદદાયિની તેજપ્રભા, જ્યોતિપૂર્ણ સૂર્યનારાયણની ઝળહળતી જ્યોતિ વડે ઝગઝગવાની તૈયારી કરી રહી છે. આખી રાત્રિએ વ્યતીત થયેલા સમય રંગની સંધિમાં, ઝાડલોના અંતઃકરણ ઉપર અનુપમ સંસ્કાર પડવા લાગ્યા છે.

અનેક તર્ક વિતર્કમાં રાત્રિ ગાળી કંટાળી ગયેલા અતિથિને, યોગીઓ દ્વારા પ્રાપ્ત થયેલા પ્રભુ સ્મરણના મંગળધ્વનિથી, ઘનનન ઘનનન થતા ઘંટનાદથી, શંખના ભૂં ભૂં ધ્વનિથી, તથા તપસ્વિનીઓના મધુર કોમળ સુસ્વરથી છવાઈ રહેલી ભૈરવી રાગિનીના મધુર આલાપથી નિર્મળ પ્રભાત મુગ્ધ કરી રહ્યું છે.

જપતપ કરવામાં તત્પર એવા સર્વ યોગીઓ અને યોગિનીઓ નિત્ય નૈમિત્તિક કર્મકાણ્ડથી પરવારી, તરણ તારણ તથા અધમોદ્ધારક ગુરૂશ્રીનું નામસ્મરણ ઉચ્ચ સ્વરે ઉચરી રહ્યાં છે ને યદુનંદનની જય ગર્જના ગર્જાવી રહ્યાં છે. સુપ્રભાત થયેલી ચંદ્રાવળી અને બિંદુમતિ આદિ તપસ્વિનીયોનું મંડળ,

સ્વાભાવિક સૌંદર્ય ઐશ્વર્યથી તથા તપતેજના વિભૂતિપ્રસાદથી અપ્રતિમ મહત્તા દર્શાવતું તત્પર થઇ આવેલું બ્રાડલોના વિશ્રામ ઠામ પાસે આનંદ ઉદધિ ઉભરાવી રહ્યું છે. તેમના તપઃતેજ અને અતિ ગંભિર મનોહર વેશ તરફ સ્વાભાવિક રીતે આશ્ચર્ય પામેલા મિ. બ્રાડલો અને મિસ ફ્લોરા પુજ્યભાવ અને સાનંદાશ્ચર્યથી તેમની સાથે ભળ્યાં. વિદ્યુત જેવી ચમકતી ચાલતી યોગિનીઓ અને યોગીઓ સાથે તેઓ ગિરિરાજમાં વિચરવા નિકળ્યાં.

ઇશ્વિરી લીલાનો અદ્‌ભૂત ચમત્કાર નિહાળતું નિહાળતું સર્વ મંડળ આગળ વધ્યું. ઉત્તરોત્તર માર્ગ બહુ કઠિન વાંકો ચુંકો અસંખ્ય શિલાઓથી છવાયલો તપશ્ચર્યાને યોગ્ય દિવ્ય ભૂમિનો પ્રદેશ આવવા લાગ્યો. શુભ્ર આકાશ સાથે મળી ગયેલાં શુદ્ધ કાળાં, ભયંકર, ગગન ચુંબિત ભવ્ય શિખરો દૃષ્ટિને ભાસ થવા લાગ્યાં. વાદળાંઓના વહન થતા પ્રવાહો અથડાવા લાગ્યા. સુવર્ણરજ તથા તામ્રાદિકની રજથી ચકચકિત થતી શિલાઓ તથા મણિમાણિક્ય આદિ રત્નનાં ગુપ્ત રહેલાં શિખરો, અમૂલ્ય દિવ્યૌષધીઓ, અતિ નિર્મળ શિતળ અને અમૃત જેવા જળનાં ઝરણાંઓ, અસંખ્ય મૃગાદિ વન પશુઓ, અતિ નવપલ્લવિત વૃક્ષ ઘટાઓ, સુશોભિત દિવ્ય લતાઓ, કમળવેષ્ટિત સરોવરો, પરિપક્વ ફળથી લચિ જતાં વૃક્ષો, દિવ્ય સુગંધી પ્રસારી રહેલા પુષ્પપુંજો તથા મધુર મધુર કલરવ કરી રહેલાં વિવિધ જાતિનાં પક્ષિગણો, તથા વિરાગની, જ્ઞાનની, રસની, ત્યાગની, પ્રેમની અને પ્રભુ લીલાની સ્થિતિ સર્વાશે ત્યાં અનુભવાય એવા સંયોગો જોનારનાં નેત્રને આકર્ષવા લાગ્યા. મિસ ફ્લોરા અને બ્રાડલોની વૃત્તિ અવનવિત ચમત્કારોથી જરા ઠરી અને વિષ્ણુદાસ મહારાજનાં દર્શન માટે વધુ જીજ્ઞાસુ થઇ. મહારાજના દર્શનનો પ્રશ્ન નિકળતાં સમાધિ ઉતરવાને થોડો કાળક્ષેપ થશે અને કાળની કિમ્મત કરવા કરતાં દિવ્ય દર્શનનો સંધિકાળ સાંધવો અત્યુત્તમ છે, એમ ચંદ્રાવળી બૈયા તરફથી સૂચન થયું. એ લાભ લેવા મિ. ફ્લોરા અને મિ. બ્રાડલોનો નિશ્ચય થયો તે સાથે કાળ પણ ઘણો જણાયો. ચંદ્રાવળીએ પ્રેમભાવથી શાંત્વન કર્યું અને તેટલો કાળ આ તીર્થમાં સુસંસ્કારી થઇને પરિપાક દશાને આણવાને અવસરનો જણા-

ચ્યો. પરિપાક દશા આણુવા તથા સૃષ્ટિસૌંદર્યની વિવિધતા નિહાળવા તેઓએ સુવર્ણગિરિ ઉપરનાં વન ઉપવનમાં સાધુગણો સાથે વિચરવા નિશ્ચય કર્યો. ચંદ્રાવળીએ એ સંજ્ઞાનુસાર વિધાન નક્કી કર્યું. આજે સર્વ ઉપવનની અલૌકિકતા નિહાળતાં હતાં. ચંદ્રાવળીની મન ઇચ્છા મિ.બ્રાડલોને ઉપવનના મનોહર ભાગમાં જરા એકાંત અનુભવ આપવાની થઈ. ગુરૂ પ્રેરણાથી તેના હૃદયમાં નવીન નવીન તરંગોના આઘાત ઉદ્દભવ્યા. તેને આધિન થઇ કેવળ અજ્ઞાત આજ્ઞાથી મધુરીના ગુણોનું મહાન કથન વિસ્તાર્યું. તે સત્વગુણી સ્ત્રીના મહાન ગુણોની સર્વ ઉપર સર્વોત્તમ દીવ્યતા પ્રસરી રહી. બ્રાડલોનાં સુક્ષ્મ પ્રીતિસ્થાન સુધી તેની મહાન અસર પહોંચી. ધર્મપત્નીના સદ્દગુણુ શ્રવણથી સુક્ષ્મ પ્રીતિ પુનરૂદ્દિપન થઇ, ને તેની જ્યોતિએ પ્રેમ આવરણને વિસ્તાર્યું. પ્રીતિ પ્રીતિના સારરૂપે પરિણામ પામે છે. પ્રીતિના સ્મર્ણાન્તે પૂર્વોક્ત ભોગ વિલાસો હૃદય મંદિરમાં સૂક્ષ્મ રૂપે અનુભવાય છે. તેથી ઇષ્ટ જન પ્રત્યે અધિક મોહ આકર્ષાય છે ને તેથી શાંતિ નષ્ટ થઈ ચિત્તની વ્યગ્રતા વધે છે. બ્રાડલો આ સ્થિતિ અનુભવતો હતો. રમ્ય ઉપવનની રમ્યતા નિહાળતાં નિહાળતાં મંડળ આગળ વધ્યું. મિ. બ્રાડલો પાછળ રહ્યો હતો તે નવિન સૌંદર્યતા નિહાળતો નિહાળતો છુટો પડયો કે પછી હૃદય તંત્રની ચિકિત્સાકાર ચંદ્રાવળીએ છુટો પાડયો.

ઉપવનમાં છુટા પડેલા બ્રાડલોને જરા એકાન્ત મળ્યો. તે સર્વમાં ભળવાની દરકાર છોડી રમ્ય વનની વાટિકામાં થોભ્યો. જેમ જેમ સૂક્ષ્મ પ્રીતિનો વિચાર વિસ્તરવા લાગ્યો તેમ તેમ કપિ ધા ન્યાયે પ્રેમહાઈ વધવા માંડયું. અને રત્નદીપ પેઠે પ્રેમજ્યોતિ તેના ખળભળેલા અંતઃકરણ ઉપર પ્રેમકિરણ પ્રસારવા લાગી, તેથી ખળભળેલા હૃદયમાં તીવ્ર વેદના વિસ્તીર્ણ થવા લાગી. હૃદયનો ગુપ્ત તાપ નિઃશ્વાસ દ્વારા વહેતાં વેદનાની જ્વાળા વિદ્યુત જેવા ચમકારા મારી કંપાવી, તર્ક વિતર્કે ચઢાવી હૃદયને શોકથી વલોવી નાંખીને બાળવા લાગી. એકાન્ત વાટિકામાં હૃદય ચિંતાનો પ્રવાહ હૃદયથી મસ્તક સુધી વ્યાપ્ત થઈ મગજમાં વિચારનાં મોજાંઓને ઉછાળવા લાગ્યો. વિચાર તંદ્રામાં મનોતંત્રનો મંત્ર ઉચ્છળવા લાગ્યો: “ અરે રે, આ બધા સંજોગો શું કરે છે ?

हा हा देवि ! स्फुटति हृदयं स्रंसते देह बन्धः
शून्यं मन्ये जगद् विरत ज्वाल मन्तर्ज्वलामि ।
सीदन्नन्धे तमसि विधुरो मज्जतो वान्तरात्मा ।
विष्वङ्मोहः स्थगयति कथं मन्द भाग्य करोमि ॥

"અરેરે દેવી, હૃદય ફાટી જાય છે. દેહબન્ધ છૂટી જાય છે. જગતને શૂન્યકાર જેવું ધારૂં છું. જ્વાળા વિરામ ન પામે એવી રીતે અંદર બળું છું. અન્તરાત્મા વિષણ્ણ થઇ વિવશ બની શોકના ગાઢ અન્ધકારમાં જાણે ડૂબી જાય છે. સર્વ તરફથી મોહ ઢાંકી દે છે; મન્દ ભાગ્ય હું શું કરૂં ?"

ખરેખરઃ—

"મનો ગતને વલોવે છે,
અતિ શોકે સતાવે છે.
મહા કંપે કંપાવે છે,
હૃદય દુઃખે ભરાવે છે." ૧

સુક્ષ્મ પ્રીતિ, ઇંધન વિના અગ્નિજ્વાળા વિસ્તારે છે. મન દુઃખથી ઉભરાય છે ને હૃદય કંપે છે. હું કેવો નિર્માલ્ય છું. પવિત્ર પ્રેમવતીને મેં અવદશામાં આણી અને હજી તે દશામાંથી છોડાવી શકતો નથી. બાયલાની પેઠે બીરૂતા ધારી ભડકયા કરૂંછું. ખરેખર, આ મ્હારાં કાળાં કૃત્યોનું પ્રાયશ્ચિત જ છે. હવે આત્મદોષને નિહાળી શકુંછું. તિરસ્કાર બુદ્ધિથી નહિ પરંતુ ઉદ્ધતાઇ ભરેલી ઉદ્ધતાઇથી અને કલંકિત બુદ્ધિની ઉશ્કેરણીથી સર્વ થયું છે. આ તો ભેદ તોડવાને જેમ જેમ યત્ન કરૂંછું તેમ તેમ ગુંચવાઉંછું:

"વિશ્વાસે વધુ છું જ્યાં,
અતિ ત્રાસે બળું છું ત્યાં.
હૃદયગત શાંત ના થાયે,
ઉરે દુઃખોજ ઉભરાયે." ૨

"મ્હારા મનનો તાપ સમતો નથી, અને હૃદય ગુહામાં ઉંડા મર્મોને ઉકેલવાની મ્હારી યુક્તિ કે બુદ્ધિ કામ કરતી નથી. ઝીણી ઝીણી ગુંચોના

મર્મો સમજાતા નથી ને તે સમજવાને મ્હારૂં મન પરિપકવ દશાને પામ્યું નથી. તેને કયો વિધિ ખોલશે ?"

"ઝીણાં દુઃખો તણી જાળી,
વિધિ રંગે છે ગુંચાળી.
ગુંચોની ગ્રંથીને ખોલી,
થશે કો ? સુખનો બેલી." ૩

"બુદ્ધિજ્યોતિ યોગ્ય માર્ગમાં ગતિ કરતી નથી હવે એને કેમ પ્રભાવતિ કરવી ?"

"રચ્યું સંકેત રે કેવો,
બળે દુઃખો તણી વેલો.
ખિલે સુખો તણા બાગો,
મળે રસ ધર્મના લાગો." ૪

"અરે, એક દુઃખ ને બીજું હસવું."

"દિસે છે વામની વાંકી,
ચિકિત્સામાં પુરી પાકી.
કરે છે કૌતુકો ભારી,
નવલતાનેજ વિસ્તારી." ૫

"વામનીના ચાળા અને ચટકા ખરેખર નવીનજ લાગે છે. એ પાકી ચિકિત્સક છે. જ્યારે સામાન્ય સાધુધર્મધારકોમાં આવી શક્તિ છે ત્યારે પકવદશાને પામેલાઓની મહત્તા કેવી આંકવી ?" મન, વાણી અને શરીરથી અનન્ય ભક્તિમાં જોડાયલી, યોગમાં નિપુણ થયેલી, શમ દમાદિથી મન આદિને સ્થિર રાખી શ્રદ્ધાપૂર્વક નિરંતર બ્રહ્મમાં નિમગ્ન રહેનારી તે સંસાર વાસનાના રંગોનું શું હવે અનુષ્ઠાન કરશે ?"

"રચ્યું છું વ્યર્થ આ રંગો,
દિસે છે યોગના ઢંગો.
પ્રિયા યોગિની શું રે'શે ?
હૃદય રંગે ન રંગાશે." ૬

ઘટા ઘટ યોગમાં ઝુંપી,
પિધી છે યોગની બુટી.
પઢી છે યોગની લીપી,
રહી છે યોગમાં દીપી." ૭

"નિષ્કામ કર્મોદ્વારા જેનું અંતઃકરણ પરમ શુદ્ધતાને પામ્યું છે, લૌકિક વ્યવહાર જેણે ત્યાગ્યા છે અને ઈષ્ટ કૃપાથી કામ ક્રોધાદિક જેણે વશ કર્યા છે, તે શું મિથ્યા જગ પ્રપંચમાં જોડાશે ?"

"જુડો જગ ધર્મ નહિ જોડે,
સુધાકર યોગ નહિ તોડે.
હૃદય વિલાસ નહિ માંડે,
સુસિદ્ધિ આવશે આડે." ૮

"મહાત્મા જનોથી સિદ્ધ થઇ ચુકયુ છે કેઃ—

"વિભુતિ યોગની પામી,
અખંડાનંદમાં જામી.
સુસિદ્ધિથી પ્રકાશી છે,
જગત્ માત્રમાં વિકાસી છે." ૯

"અને તેથી શકા આવે છે કે ?

"હવે, રસ ધર્મ શુ ગ્રહશે ?
ક્ષણિક જગમાં મતિ દેશે ?
નિરાશા તો સતાવે છે,
ક્ષણે ક્ષણે ભમાવે છે." ૧૦

"અરે, રે. આ વિચારે તોઃ—

"જગત્ શુન્યકાર ભાસે છે,
હૃદય તો ફાટી જાયે છે.
નિરાશાને વધારે છે,
જ્વાળાને વિસ્તારે છે." ૧૧

ભગ્ન હૃદયથી દીન થયેલા બ્રાડલોએ નિઃશ્વાસો ઉપર નિઃશ્વાસો મુકી ગગન મંડળ ઉપર દૃષ્ટિ ઠારી ક્ષણુ ક્ષણુ ભર દિગ્મૂઢતા ધારણુ કરી. એટલામાં મિસ ફ્લોરા પાછળથી આવી સન્મુખ ઉભી. બ્રાડલો મુખ ઉપર રૂમાલ ફેરવી દીન મુખે ટગર ટગર નિહાળી રહ્યો.

મિસ ફ્લોરા: " મિ. બ્રાડલો, આપના હૃદય સાગરમાં દુઃખના તરંગો ઉભરાય છે ને ઉછળે છે. આપ તે છુપાવો છો પણુ છુપાતાં નથી. હવે એ દુઃખ ઉપાડવા અમને અધિકાર આપો."

બ્રાડલો: " હા, દુઃખ છે, તે ના કહેતો નથી, પરંતુ ગુપ્ત વેદના પ્રકટ થઈ શકે એમ નથી."

મિસ ફ્લોરા: "પ્રકાશ કર્યા વિના દુઃખનો અવધિ નથી."

બ્રાડલો: " આપનો મધુર હૃદય ઉદધિ, દયાનાં તરંગોથી ઉભરાય છે. એ દયાના તરંગોની છાલકો મ્હારી હૃદય મલીનતાને ધોઇ શકતી નથી."

મિસ ફ્લોરા: " ચંદ્ર પ્રકાશથી અંધકાર દૂર થાય છે."

બ્રાડલો: " અમાવાસ્યામાં ચંદ્ર પ્રકાશનો સંભવ નથી."

મિસ ફ્લોરા: " ચંદ્રના પ્રકાશનો સંભવ નથી, પરંતુ અમાવાસ્યાને દિને સૂર્યના પ્રકાશનો સંભવ તો છે."

બ્રાડલો: " સુંદર કોમળ સૌગંધિક પુષ્પ માળાને અતિ નિષ્ઠુરતાથી, ગ્રીષ્મ મધ્યાહ્નમાં સૂર્યના પ્રકાશમાંજ ભષ્મીભૂત કરી છે. તે ભષ્મીભૂત થયેલી વિભૂતિમા મધુર ચૈતન્યનો સંભવ ક્યાં છે !"

મિસ ફ્લોરા: " દયાના તરંગો પ્રેમામૃત ઉત્પન્ન કરે છે ને તે સ્નેહામૃત ભષ્મીભૂત હૃદયમાં આશામૃત સુધા આનંદ ઉભરાવે છે."

બ્રાડલો: " મ્હારૂં હૃદય તેને માટે પાત્ર નથી."

મિસ ફ્લોરા: " પાત્રાપાત્રનો વિચાર તમારે કરવાનો નથી. અમૃત એટલેજ સંજીવની વિભૂતિ. સંજીવની વિભૂતિ ઉત્પન્ન થઇ કે અનિષ્ટ સત્વર નાશ થઇ કલ્યાણુનો વર્ષાદ વર્ષે છે "

એટલામાં ચંદ્રાવળી મૈયા પાસે આવ્યાં. સાધ્વીના વિભૂતિ વિલસિત સુંદર અવયવોથી અને પવિત્રતાના ચમત્કારથી બ્રાડલો ચમક્યો અને હબક્યો

હોય એમ મૌન ધારી ગયો; તે પરાકાષ્ઠાએ બોલ્યો: "ક્ષમા કરો, મ્હારૂં ચિત્ત કંઈ પણ ઉદ્‌ગાર કહાડવાને અપ્રસન્ન છે."

ચંદ્રાવળી: "સુહૃદયવર્ય, આપના અપ્રસન્ન ચિત્તને પ્રસન્ન કરવું એ અમારૂં સાધુ જનનું કર્તવ્ય છે."

બ્રાડલો: "મ્હારી અભિલાષા એ તરફ વળતી નથી."

ચંદ્રાવળી: "આપની વૃત્તિની પ્રધાન અભિલાષા સુંદરગિરિ ઉપર ગુપ્ત રહેશે નહિ. અમો સાધુજન બળાત્કારે વૃત્તિ વાળતાં નથી. પરંતુ પ્રસન્નતાથી આપના મનોયોગને શાંત કરી સદ્‌ભાવનાથી ઉદાસીનતા નષ્ટ કરી શાંતિ આપીએ છીએ."

મિ. બ્રાડલો મૌન ધારી રહ્યો.

ચંદ્રાવળી: "ઔદાસીનતા, ઉન્નતિ ક્રમને રોધ કરનાર છે. તમારૂં અતિ દુઃખ ન્યાય માધુર્યથી નષ્ટ થશે.

મિ. બ્રાડલોના હૃદયમાં ઉત્કમ્પ પ્રકટયો. ચક્ષુમાં આંસુ ભરાયાં. ઓષ્ઠ બંધ થઇ ગયા.

ચંદ્રાવળી: "મહાશય, આપ જેવા નિખાલસ, અને પવિત્ર અંતઃકરણ-વાળાનું સત્વર કલ્યાણ સંધાશે. સુવર્ણગિરિ ઉપર પધારેલા અતિથિ ઉપર અદ્રશ્ય સત્તાઓ સર્વદા કલ્યાણ વર્ષાવે છે અને સર્વ સંકટોને ભસ્મીભૂત કરી હૃદયસ્થળને ચૂર્ણ કરી આનંદામૃતથી પૂર્ણ કરી અભ્યુદયને વિકસાવે છે."

બ્રાડલો ચમકી ઉઠયો ને ઉંચું જોઇ, "સાધુ જનનું વાક્ય ફળો." એમ કહી વદન કર્યું.

સર્વ મંડળ આશ્રમમાં ગયું. નાના પ્રકારના આનંદમાં કાળ વ્યતીત થતાંજ ગુરૂની સમાધિ ઉતરવાનો સમય પ્રકટ થયો. સર્વે સાવધાન થઈ આજે ગુરૂ દર્શને જવા તત્પર થયાં.

ચિરંજીવી શ્રૃંગના શિખર ઉપર આવેલી સૌમનસ્ય ગુહા અને તેની પાછળ આવેલી વસંતગુહાથી પણ દૂર આવેલી સિદ્ધપીઠ નામની ગુહામાં મહાત્મા શ્રી વિષ્ણુદાસજી સમાધિમાં બિરાજેલા હતા. મદશ્રૃંગ અને ચિરંજીવીશ્રૃંગ વચ્ચે ઉંચા નીચા ખડકોમાં, ભયંકર ઉંડી ખીણોમાં અને ઝાડી ઝાડીનાં વનો

અને ઉપવનોમાં થઇને જવાનો બે કલાકનો માર્ગ હતો. એ શૃંગનાં શિખર ઉપર યોગીઓના ઉપયોગમાં આવે એવી આશરે પચાસ પોણોસો ગુહાઓ આબાદ હતી. તેમાંની કેટલીક કુદ્રતિ રીતે સ્વાભાવિક હતી અને કેટલીક પ્રાચીનકાળના મહાત્માઓએ કારિગરો પાસે કોતરી કઢાવી યોગાભ્યાસ માટે અનુકૂળ કરી હતી. મુખ્ય મુખ્ય ગુહાઓમાં હઠપ્રદીપિકામાં વર્ણવેલા નિયમોનો આધાર લીધેલો હતો.

સિદ્ધપીઠની ગુહા ઉંડાણની ખીણમાં હતી, પરંતુ ગુહા કોતરવામાં એવી અદ્ભૂતતા વાપરી હતી કે ત્યાં સૂર્યનો પ્રકાશ યથાસાંગ પહોંચતો હતો. આ ગુહાનો સભાખંડ પચાસ ગજના વિસ્તારવાળો હતો. ગુહાના ખંડો સભાખડની નીચે ત્રણ માળમાં કોતરેલા હતા. ત્રણે ખંડ ભવ્ય હતા અને તે ઉત્તરોત્તર એક બીજાથી નીચા હતા, છતાં ત્યાં હવા અજવાળું સરખી રીતે પ્રવેશ કરતું હતું. ઉંચેના ખડક પ્રદેશમાંથી જળનો પ્રવાહ ઉંચેથી નીચેની ખીણમાં થઇ ગુહા પાસેથી વહેતો હતો. તેમાંથી જળ લેવાનું સાધન ત્રણે માળમાંથી સુગમતા ભરેલું રાખ્યું હતું. ગુહાના બાજુના ભાગમાં બારીઓ હતી. તે બારીઓ બહાર દૃષ્ટિ કરતાં ખીણના પ્રદેશમાં પુષ્પલતાઓ, દિવ્યલતાઓ તથા યોગ્યાભ્યાસમાં કામ લાગે એવાં કંદમૂળો દૃષ્ટિગોચર થતાં હતાં. તે લેવા મુકવાની અનુકૂળતા ત્રણે માળમાંથી સરખી થતી. આ રચના મનોહર, ચિત્તાકર્ષક, અને દરેક માળમાં યોગાભ્યાસમાં બેઠેલા યોગીઓને એક બીજાને અડચણ ન થાય એમ સંપૂર્ણ અનુકૂળ થાય એવી હતી. અને શીત ઉષ્ણતાના દોષથી રહિત હતી. સિદ્ધપીઠની ગુહામાં પરમ સિદ્ધિ પ્રાપ્ત કરનારા સિદ્ધોનેજ દાખલ થવા દેતા, કે શ્રીગુરૂને પરમ સિદ્ધિ ઉદ્‌ભવાવવી હોય ત્યારે પોતે તેમાં સમાધિષ્ટ થતા. અનધિકારી જનને એ ગુહામાં પ્રવેશ કરાવવામાં આવતો નહિ, અને અધિકારી સિદ્ધોને સિદ્ધ કરવા માટે તેમાં લાવ્યા સિવાય રહેવાતું નહોતું. એ ગુહાના સભાખંડમાં આવતાંજ મનોમય કોષમાં રહેલાં અનંત જન્મના ચારિત્ર્ય ઉદ્‌ભવતાં, અનધિકારીને ભયંકરતા આપતાં, અને સિદ્ધ જનોને પરિપક્વ દશાએ પહોંચાડતાં.

યદુશ્રૃંગ ઉપરનું સર્વે મંડળ સિદ્ધપીઠ તરફ જવા તૈયાર થયું. યોગીઓના સમૂહે, પ્રભુસ્મરણના મંગળધ્વનિથી, ડફ, ઝાંઝર, નોબત અને ઘંટાના નાદથી અને શંખોના ધ્વનિથી મહાન ગર્જના ગજાવી મુકી. તેમનો મધુર કોમળ સુસ્વર સર્વ સ્થળે પ્રસરી રહ્યો, એ સ્વર ગિરિ ગુહાઓ અને કંદરામાં તથા ગગન મંડળમાં ગર્જી રહ્યો. પર્વતના શિખરોથી તે છેક નીચેના પ્રદેશ સુધી પડઘા પાડી રહ્યો.

તપતેજનાં વિભૂતિ ઐશ્વર્યથી અપ્રતિમ મહત્તા પામેલા રાઘોદાસ, વિહારપુરી રાઘેદાસ, સુંદરદાસ, સૂરદાસ, જ્ઞાનભારતી અને માયાપુરી આદિ અનેક સિદ્ધજનો, ચંદ્રાવળી, ભક્તિમૈયા, મોહિનીમૈયા, વામનીમૈયા અને બિન્દુમતી આદિ અનેક યોગિનીઓ, આનંદ ઉદધિ ઉભરાવતાં એકત્ર થયાં છે. તેમની સાથે મિસ ફ્લોરા અને મિ. બ્રાડલો પુજ્ય ભાવથી ભળ્યાં. સર્વ મંડળ સિદ્ધપીઠ તરફ વળ્યું. અનેક ઝાડ તાડ, અને પહાડી જંગલના વિકટ ભાગને વટાવતાં, ખીણ, કોતરો અને ખડકોને અતિક્રમણ કરતાં સૌ સિદ્ધપીઠ પાસે આવી લાગ્યાં.

સિદ્ધપીઠનો પ્રદેશ, યોગ વિભૂતિની સિદ્ધિઓથી મંગળમય ચમત્કાર દર્શાવી રહ્યો હતો. જ્યોતિર્લતામાથી અનંત દિવ્યજ્યોતિ વિદ્યુત્ પ્રકાશ પાડી રહી હતી. સૌગંધિત દિવ્ય લતામાથી દૈવી પરિમળ પ્રસરી રહી હતી. મધુર કલરવ કરી રહેલાં અનેક પક્ષીગણો કર્ણેન્દ્રિયને તૃપ્ત કરી રહ્યાં હતા. ક્રૂર અને હિંસક પશુઓ ક્રૂરતાનો ત્યાગ કરી વ્યાઘ્ર મૃગ સાથે અને મયુર સર્પ સાથે આનંદ કલ્લોલ કરી રહ્યાં હતાં. આ સાથે વિરાગની, ત્યાગની ને પ્રભુતાની અનંત વિભૂતિ લીલા વિસ્તરી રહી હતી. આ અપૂર્વ સંજોગોથી મિસ ફ્લોરા અને બ્રાડલો સાનંદાશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં.

રાઘોદાસ અને વિહારપુરી સિદ્ધપીઠની છેલ્લી ગુહામાં ગયા. ગુરુશ્રીને સાષ્ટાંગ પ્રણામ કર્યા. એટલામાં તો સમાધિમાંથી ગુરુચક્ષુ ઉઘડયાં. વિહારપુરીએ શંખનાદ કીધો અને ઉપરના મંડળે યદુનંદનની જય ગર્જના ગર્જાવી મુકી. વિષ્ણુદાસ મહારાજ નીચેથી સભાખંડમાં આવ્યા. સર્વેએ સાષ્ટાંગ પ્રણામ કીધા.

મિસ ફ્લોરા અને મિ. બ્રાડલોએ પણ તેમનું અનુકરણ કર્યું. સર્વ મંડળ અર્ધગોળાકારમાં ગુરૂ સમક્ષ બેઠું. ઉચ્ચ આસન ઉપરથી વિશ્ણુદાસની દૃષ્ટિમાંથી અમૃત વરસવા માંડયું. સર્વના મનચિંતિત મનોરથ પુરાતા જણાયા. આનંદ તપનો ઉદધિ ઉભરાવા માંડયો. મિ. બ્રાડલોના મનોમય કોષમાંથી અનંત ચિત્રો તેને ભડકાવવા, ભમાવવા લાગ્યાં. તેનું મુખ નિસ્તેજ થતું ગયું. યોગ અને યોગની વિભૂતિ માટે શંકાસ્પદ થવા લાગ્યું. તેના મનમાં પ્રશ્ન ઉત્પન્ન થયો "શું ગોરખે જાલંધરને સુવર્ણનો ગિરિ બનાવ્યો હતો એ સત્ય? ના, ના ગપ્પાંજ! યોગી પાસે ભસ્મ અને ભગવું એજ દેખાય છે. ત્યાં વળી આવી ભાવનાઓ શી? નારદ, વિશ્વામિત્ર અને વાસિષ્ઠ એ સર્વ ત્રણે લોકમાં વિચરતા એ શું સત્ય? ગપ્પાંજ! અનંત પ્રદેશમાં જોઇ શકે, શ્રવણ કરી શકે, વાર્તાલાપ કરી શકે, દર્શન દઈ શકે, જઇ શકે, અપ, તેજ, વાયુ અને આકાશમાં વિચરી શકે અને અગ્નિમાં પ્રવેશ કરી શકે એ શું સત્ય? આ કુદરતથી પ્રતિકૂળ કેમ સત્ય મનાય?"

અનેક વિચારોથી મ્લાન હૃદયમય થયેલા બ્રાડલો ઉપર વિશ્ણુદાસ મહારાજની દૃષ્ટિ ઠરી. ગુરૂએ પાસે આવવા સંજ્ઞા કરી.

વિશ્ણુદાસે સપ્રેમ પ્રશ્ન કર્યો: "આપનું હૃદય સંશયાત્મક છે."

બ્રાડલો સન્મુખ ગયો, પણ નિરૂત્તર રહ્યો.

વિશ્ણુદાસ: "યોગ વિભૂતિની સત્યતા ને શુદ્ધતાનું રહસ્ય દૃષ્ટિગોચર કરવું છે?"

મિ. બ્રાડલો: "વિદ્યા અને વિભૂતિમાં ફેર છે. વિદ્યા એ દાર્શનિક કળા છે અને વિભૂતિ એ અગમ્ય કહેણી છે."

વિશ્નુદાસ: "વિભૂતિ એ સાત્વિક કળાનું રહસ્ય છે. કહેણી કે ગપ્પાં નથી અને વિદ્યાકળા એ સ્થૂળ સંસ્કારમાં દ્રષ્ટિભૂત થતું કૌશલ્ય છે. અર્થાત્ અધ્યાત્મ બળથી ઉત્પન્ન થતું બળ એ વિભૂતિ છે, અને બુદ્ધિ તંત્રથી પંચમહાભૂતના બળને સ્થૂળ દૃષ્ટિમાં દીપાવવું એ કળા છે. વિદ્યા તો બન્ને છે. સ્થૂળ વિદ્યાવાદીઓ યોગની પ્રાચીન કળાઓમાંની કેટલીકને સ્થૂળ ક્રિયાથી પામ્યા છે અને હજી પામશે તે સત્ય છે, એમ તમે માનો છો અને જાણો

છો. દૂરથી શ્રવણ કરવું, ટેલેફોન તથા વાયરલેસ ટેલેગ્રાફ, આકાશમાં અનંત દૂરના પ્રદેશમાં જઇ શકવું, (બલુન તથા ઍરશીપ.) આ બધું તમને સ્થૂળ વિદ્યામાં સત્ય થાય છે તો આધ્યાત્મિક વિદ્યાકળાના બળમાં શંકા શી?"

મિ. બ્રાડલો: "હૃદયતત્ર એ કેમ સ્વિકારે?"

વિશ્વણુદાસ: "હૃદયપદ્મ ને સાધુ સમાગમ એ સૂર્ય પેઠે ઉઘડે છે."

મિ. બ્રાડલો: "હૃદયપદ્મ કેમ ખુલે?"

વિશ્વણુદાસ: "સૂર્ય કિરણ તો સર્વત્ર પડે છે; પરંતુ કમળ પુષ્પજ તેના સંબંધને સફળ કરે છે."

મિ. બ્રાડલો: "અવિદ્યાથી બિડાએલા હૃદયને ચક્ષુભિ સત્યં થઇ ક્યાંથી શાંતિ મળે?"

વિશ્વણુદાસ: "સાધુ સમાગમથી સાધુતા ઉદ્ભવે છે, અને સાધુવૃત્તિ સત્ય રહસ્ય જાણવાને પાત્ર છે."

મિ. બ્રાડલો: "પાત્રતાનો અધિકાર ક્યાં નિશ્ચય થાય છે?"

"લક્ષ્ય સ્વરૂપ ઇશ હાલ તમારા ઉપર કલ્યાણ વર્ષાવે છે, તેની અમો તમોને તૃપ્ત કરશે." એમ કહેતાં કહેતાં વિશ્વણુદાસ મહારાજે મિ. બ્રાડલોને પાસે ખેંચ્યો. દૃષ્ટિપાત કરી એક મંડળ કર્યું અને જળનું પ્રોક્ષણ કર્યું. દૃષ્ટિ લક્ષ પરોવવા આજ્ઞા કરી. બ્રાડલોએ દૃષ્ટિ પરોવી એટલે રત્ન ખચિત સૂવર્ણગિરિ દૃષ્ટિએ પડ્યો. તેણે આંખને વીંચી દીધી. વિશ્વણુદાસે ફરી એક મંડળ કર્યું. જળ પ્રોક્ષણ કર્યું. એક નલિકા બ્રાડલોના ચક્ષુ સન્મુખ ધરી. બ્રાડલોની દૃષ્ટિ લંડનના પોતાના વેલ્સભુવનમાં ગઇ. મિસિસ ફૅાસેટ અને મિ. ફૅાસેટ વાર્તા વિનોદ કરી રહ્યાં છે. ત્યાંથી દૃષ્ટિ મુંબઇમાં સરસ્વતિચંદ્રના ભુવનમાં ગઇ. મિસ ફૅાસેટ દૃષ્ટિએ પડી. એટલામાં વિશ્વણુદાસ મહારાજે બીજી નલિકા તેના કર્ણ આગળ ધરી. મિસ ફૅાસેટે હાસ્ય કરવા સાથે ઉદ્ગાર કહાડ્યો. "બાઇ, હું આવું છું. ઇંગ્લેન્ડથી નિકળી મુંબઇ આવી ચુકી છું. હવે તમારી સમીપ આવું છું." બ્રાડલો તો આ દેખાવ જોઇ સ્તબ્ધ થઇ ગયો.

વિશ્વણુદાસ: "આપની ઇચ્છાનું ફળ દાર્શનિક થયું છે. અને બાકી રહેલું સ્પષ્ટ દૃષ્ટિગોચર થશે.—અધિકાર આવે સર્વ સિદ્ધ થાય છે."

બાડલો: " મ્હારા ક્ષુદ્ર હૃદયને અધિકાર ક્યાં છે ? "

વિશ્વણુદાસ:

"क्षिप्रं भवति धर्मात्मा, शश्वच्छान्तिं निगच्छति ।
कौंतेय प्रतिजानीहि, न मे भक्तः प्रणश्यति ॥"

(ગીતા. અ. ૯ શ્લોક ૩૧)

" કૃષ્ણ પરમાત્મા બોધ કરે છે કે બહુ સમયનો દુરાચારી પણ ધર્મમાં પ્રીતિવાળો થવાથી મહાન વૈરાગ્યવાન થઇ શકે છે, તો અધિકારી થવામાં તમે નિરાશા કેમ ધારો છો ? "

બાડલો: " ભગવન ! મ્હને નિરાશાજ પ્રિય છે. મ્હારી આશાઓ વિષ રૂપ છે. "

વિશ્વણુદાસ: " અતિ સૂક્ષ્મ અંતરંગમા વિષરૂપે સાલતી આશા જ્યારે પરિપક્વ દશાને પામે છે ત્યારે હૃદયપાવક કૃપાનાથ કૃપાનો વર્ષાદ વર્ષાવી કલ્યાણ અનુભવાવે છે, ને વિષમય આશા તેજ અમૃત પેરે અમી પ્રસરાવે છે."

બાડલોએ ઉત્સુકતાથી પ્રશ્ન કર્યો: " તે ક્યારે અનુભવાશે ? "

વિશ્વણુદાસ: " સત્વર. "

સર્વ મંડળે ગુરૂ વાક્ય નિકળતાંજ યદુનંદનની જય ગર્જના ગર્જાવી, પરંતુ બાડલો તો અણુચિંત્યો ચમકયો હોય તેમ બ્હેબાકળો બની ગયો. તેના નેત્રાએ તેના હૃદય સામું જોયાંજ કર્યું.

વિશ્વણુદાસની દૃષ્ટિ ચંદ્રાવળી તરફ આકર્ષાતાંજ તેણે કર્ણ સતેજ કર્યા.

"દેવી, બિન્દુ અને મધુરી આદિ મંડળ આનંદમાં તો છે ? "

ચંદ્રાવળી: " યદુનંદનના કૃપાપ્રસાદ અને આપના પ્રતાપથી સુંદરગિરિ ઉપર સર્વ આનંદમાં છે. સુંદરગિરિ ઉપર પગ મુકનાર પણ પાત્ન થાય છે. નિમ્ન દેશમાંથી આવેલા પણ સુઆશ્રયથી સુશ્રેય સાધે છે! અપવાદ ફક્ત મ્હારી મધુરીનો છે. મધુરીના કુશળ શું કહું ? "

એમ કહેતાં કહેતાં તેના નેત્રમાં આંસુ ભરાઈ ગયાં. હૃદયમાં દયાર્દ્રતાનો ઉભરાયલો ઉદધિ ઉછળતો જણાયો. નેત્રને ગુરૂ ઉપર નાંખી પોતાના હૃદય સામે વાળ્યાં.

વિશ્ણુદાસ: "દેવી, મધુરીના મધુર ઐશ્વર્ય માટે શંકા શી ?"

નેત્રમાં જરા દીનતા અને આશ્ચર્ય દર્શાવતાં ચંદ્રાવળી બોલી: "સાધુ જનનું વચન અમૃતમય છે, પરંતુ મધુરીનું દુઃખ સ્મર્ણ થતાંજ હૃદયથી ખમાતું નથી. સત્ગુરૂનું શરણ થવા છતાં પણ અવધિ નથી."

વિશ્ણુદાસ: "દેવી, ત્હારી મધુરીનુ સકળ ઐશ્વર્ય સધાય અને સૌભાગ્ય સુધરી જાય તો કેવું ?"

સાનંદાશ્ચર્યથી પણ કમ્પતા હૃદયથી અતિ નમ્ર વદનકાન્તિ કરી હાથ જોડી ચંદ્રાવળી બોલી: "કૃપાનિધાન, રંક મધુરીનું એટલું બધુ હાસ્ય થાય ! સકળ ઐશ્વર્ય સુધરે પરંતુ સૌભાગ્યવતી કેમ થઇ શકે ? મૃત પતિનુ જીવન કેમ સંભવે ? ગત પતિનું જીવન સંભવિત છે તો તેવી સૌભાગ્ય દશા કલંકિત છે. મ્હારી મધુરીને કલંકિત જોવા ઇચ્છતી નથી. મ્હારી મધુરી નિષ્કલંક રહે એજ ભાવના છે. નિષ્કલંક સૌભાગ્યની ઇચ્છા કોને ન હોય ?"

વિશ્ણુદાસ: "તમારી હૃદયભાવના ફળિભૂત થાઓ."

ચંદ્રાવળી: "અસંભવિત સંભવિત કેમ થાય ? સાધુજનના ઉદ્‌ગાર સત્ય અને શાંતિના દાતા છે. તે ઉદ્‌ગાર ભ્રમણા કેમ ઉત્પન્ન કરે છે ?"

વાક્ય પુરૂ થતાં પહેલાં હૃદયમાં ઉત્કમ્પ સ્પષ્ટ થયો ને ચક્ષુમાંથી આસુ વહેવા લાગ્યાં.

વિશ્ણુદાસ: "ચંદ્રાવળીજી, ક્ષમા કરો. સત્ય ભાષણની અસંભાવના નથી. સમાધિ અન્તે સત્યજ પ્રત્યક્ષ થાય છે."

ચંદ્રાવળી: "સૂક્ષ્મ વિભૂતિ કળાની હું જ્ઞાતા નથી. આપના સૂક્ષ્મ ભેદની પરિભાષાને મ્હારી સ્થૂળ બુદ્ધિ પહોંચી વળતી નથી."

વિશ્ણુદાસ: "તમારા પક્ષપાતનું સ્થાન, ભુમંડળનું રત્ન, તપસ્વિનીઓનું મહાન દૈવત, સંસારનાં કલ્યાણની મેધાવી, વિદ્યા કળાની અધિ દેવી અને અલખ ભગવાનની કૃપા પાત્રનું, સૌભાગ્ય અને સર્વ ઐશ્વર્ય સધાય એમાં શંકા શી ?"

એમ ઉચ્ચરતાં ઉચ્ચરતાં વિશ્ણુદાસે જલાંજલીથી સાવધાન કરી, નેત્ર આકર્ષણથી આડલોને સંબોધી શબ્દધ્વનિ પ્રકટાવ્યો. "મહાશય, આપજ પ્રમાદધન છો અને કુમુદના સ્વામી છો."

પ્રમાદધન પ્રેમદ્રવિત અંતઃકરણથી સાષ્ટાંગ પ્રણામ કરતો કરતો બોલ્યોઃ "મહાત્મા, આપ ધર્મની અને સિદ્ધિની અપૂર્વ ચૈતન્ય મૂર્તિ છો."

સર્વ મંડળ આશ્ચર્યચકિત થયું ને મહાન ઉત્સાહમાં પ્રેરાઈ ગયું. ઘંટારવ તથા શંખનાદો કર્યા. યદુનંદનની અને વિશ્વણુદાસની જય ગર્જના ગર્જાવી મુકી.

વિશ્વણુદાસ મહારાજે મધુરી મૈયાની જય પોકારી. સર્વેએ જયને અનુમોદન આપતાં આપતા ગગન મંડળને ગર્જાવી નાખ્યુ.

પ્રમાદધને ચંદ્રાવળી મૈયાની જય બોલાવી અને સર્વેએ તેને ઉપાડી લીધી.

વિશ્વણુદાસ: "આપ અને મધુરી, ચંદ્રાવળીના પક્ષપાતી થવાથી સિદ્ધ જનોએ વિક્ષેપનાં આવરણને નષ્ટ કરી તમારા કલ્યાણ માર્ગને ઉદ્દીપન કર્યો છે. મધુરીના મહાન તપ પ્રભાવ અને મનોનિગ્રહથી મહાન ઐશ્વર્ય સિદ્ધિ આધિન થઇ ગઇ છે. યોગની યુક્તિઓના વિધાનથી અને અધ્યાત્મબળના પ્રભાવથી ત્રણલોકમાં તેની માન્યતા ગણાઇ ગઇ છે. વાસિષ્ટ અને નારદની મહાન શક્તિઓ એને નિમિત્ત થઇ છે. સિદ્ધલોક, મહર્લોક અને તપઃલોકની પ્રીતિ એના ઉપર વરસી રહી છે. નભમંડળ અને નક્ષત્ર મંડળમાં એની મહત્તા માન્ય થઇ ગઇ છે. એની બુદ્ધિ ઐશ્વર્ય ઉપર શંકાશીળ થશે નહિ. પામર અજ્ઞ જનોની નિંદા સ્તુતિથી ઠગાશે નહિ. તેમ તમારે માટે ખાસ કહેવાની આવશ્યકતા છે કે એકદેશી અનુભવથી, વિદ્યાથી, અને બુદ્ધિથી વાણીના વેગમા ઝપાટાબંધ તણાઓ છો તેમ તણાતા નહિ. મહાન સજ્જનતા ધારી, અધ્યાત્મબળમાં અચળ રહી જનમંડળનું કલ્યાણ કરવામાં લક્ષ રાખજો. પરમ શુદ્ધ બુદ્ધિથી ધૈર્ય રાખી, શરીરાદિને નિયમમાં રાખી શબ્દાદિ પાંચ વિષયોને ત્યાગી, રાગદ્વેષનો ત્યાગ કરી, લક્ષ્યાત્માને લક્ષ્ય કરવા મન દોરજો. યમ, નિયમ અને અષ્ટાંગ યોગાદિના દઢ અભ્યાસથી મન, વાણી અને કાયાને જીતવા નિરંતર ધ્યાનયોગપરાયણ થવામાં પ્રમાદ ધરતા નહિ. સતશાસ્ત્રવિરૂદ્ધ અસતનો આગ્રહ, તથા કામ, ક્રોધ, અને મદનો પરિત્યાગ કરી સર્વ વિક્ષેપોથી રહિત થવા યત્ન કરજો. શ્રવણ મનનનો સુદઢ અભ્યાસ રાખી સ્થૂળ, સૂક્ષ્મ અને લિંગ શરીરથી તમારા આત્માને પ્રથક્ સમજજો,

ને સર્વભૂતોમાં રાગદ્વેષ રહિત થઇ સર્વવ્યાપકરૂપ પરિણામવાળો અને જે સત્ય જ્ઞાનને આનંદ રૂપ છે તેને જાણવા, નિદિધ્યાસનને સાધ્ય કરવા પ્રમાદ કરતા નહિ. નિષ્કામપણે સર્વ કર્મો આદરતાં વિવેકયુક્ત ચિત્ત વડે લૌકિક વૈદિક સર્વ કર્મો અલક્ષ્ય પરાવર—પરબ્રહ્મનું લક્ષ્યાત્મ નિધિ સ્વરૂપ જેને સંસાર ઇશને નામે ઓળખે છે તેને અર્પણ કરી, મન, વાણી અને શરીરથી તેને શરણે જઇ, સમાધિરૂપ ઉત્તમ શાંતિ પામવા યત્નશાળી થજો. તમને દેહશુદ્ધિ આદિ પ્રાયશ્ચિતથી સુસંસ્કારી કરવા સાથે ગીતામાં બ્રાહ્મીય કર્મનાં લક્ષણો વર્ણવેલાં છે તે લાવવા આજ્ઞા કરૂં છું અને તમો યત્નશીળ થશો તો તેનાં સંપૂર્ણ સ્વરૂપો તમારામાં ઉદ્‌ભવો એવી આશિષ આપુ છુ.

शमो दम स्तपः शौचं, क्षांतिरार्जव मेव च ।

ज्ञानं विज्ञानमास्तिक्यं, ब्रह्मकर्म स्वभावजम् ॥*

"મનને વશ રાખવું, ઇંદ્રિયોને વશ રાખવી, શરીરને નઠારા કર્મોથી રોકી સારાં કામોમાં લગાડવું, શરીરની તથા મનની શુદ્ધિ, દુર્જનોએ કઠિન વચનોથી નિરાદર કર્યા છતાં મનમાં ક્રોધાદિ વિકાર ઉપજવા ન દેવા, કુટિલતાથી રહિતપણું, જ્ઞાન વિજ્ઞાનમા આસ્તિક બુદ્ધિ; એ નવ બ્રાહ્મણોના કર્મો છે."

પ્રમાદધને વિષ્ણુદાસજીને પુનઃ સાષ્ટાંગ પ્રણામ કર્યા. સર્વેએ યદુનંદનની જય ગર્જના કરી. ચંદ્રાવળી વિષ્ણુદાસને ચરણે પડી અને ઉઠતી ઉઠતી બોલી: "મહાત્મા! મ્હારી મધુરી ઉપર આપે અપૂર્વ કૃપા પ્રસાદ વર્ષાવ્યો છે. આપના અમૃતોદ્‌ગારથી મહાન તૃપ્તિની હેલી વરસી રહી છે." તેના નેત્રમાં આનંદાશ્રુ ભરાઇ ગયાં. હાથ જોડી પ્રેમાશ્રુથી ન્હાતી ફરી બોલી: "મહાત્મા, મ્હારી મધુરીને દર્શને બોલાવું?"

વિષ્ણુદાસ: "મહાદેવી, મધુરી શૈયા ઉચ્ચ સંસ્કારને પામી, ઉચ્ચ દશાના અનુભવથી મહાન વિભૂતિને પામી છે. તેને અદ્રષ્ય સત્તાઓએ અષ્ટ સિદ્ધિ, નવ નિદ્ધિ, પંચતત્ત્વો અને સપ્તલોકની અધિકારી બનાવી છે. એનો પ્રકાશ ભારતવર્ષમાં વિલસી જગત્ માત્રમાં પ્રકાશિત થનાર છે. તેનો મહા

* (ગીતા. અધ્યાય ૧૮ શ્લોક ૪૨)

ઉન્નતિકાળનો અરુણોદય થઈ રહ્યો છે. એના હૃદયોદ્‌ગાર શ્રવણ કરવાને મિથ્યાકાળ ક્ષેપ કરવાનો હાલ અવકાશ નથી. મધુરી તથા પ્રમાદધનના પિતાના હૃદય શાંત્વનાર્થે, તથા પરમ દુઃખની પૂર્ણાહુતિના આનંદ અર્થે સત્વર તેમને સુવર્તમાન મોકલવાની આવશ્યકતા છે. અને સુવર્ણપુરમાં સત્વર બધાં આવી મળે એવી અંતઃ ઇચ્છા છે. તમે પાસે આવો. આ મંડળમાંથી સર્વને સુવર્તમાનના ધ્વનિથી આનંદિત કરો અને પ્રત્યેક જનોને પ્રત્યેક વિમાન (ઍર શીપ) સત્વર મોકલી રાજ રાજેશ્વરમાં જવા અનુમોદન આપો. ”

ચંદ્રાવળી સાનંદાશ્ચર્યથી પ્રેમ હર્ષિત થયેલી ગુરૂના પાદ પાસેના મંડળ પાસે ગઈ. મંડળમાં દૃષ્ટિ કરતાં અદ્‌ભૂતતા નિહાળી. હાથમાં નળિકા લીધી. નેત્ર અને હૃદયનો સંયમ કીધો. મનોદ્‌ગાર નિકળતાંજ તેને સ્થાન અને પુરૂષો દૃષ્ટિગમ્ય થવા લાગ્યા.

બુદ્ધિધનને રાજરાજેશ્વરમાં સુવર્તમાન પહોંચ્યા.

વિદ્યાચતુર, ગુણસુંદરી, સુંદર કાકી અને કુમુદને રત્નનગરીમાં પહોંચ્યા.

સરસ્વતિચંદ્ર, કુસુમ અને મિસ જૅાસેટને મુબઇમાં પહોંચ્યા.

ચંદ્રકાન્ત, ગંગા ભાભી અને સકળ સભ્ય મંડળોને કલ્યાણગ્રામ્યમાં પહોંચ્યા.

વર્તમાન સાથે ગુહાના દ્વાર ભાગમાંથી એક એક વિમાન તે દિશા તરફ ચાલવા લાગ્યું. આશ્ચર્ય કુતૂહળથી સાનંદાશ્ચર્ય પામેલું સર્વ મંડળ સ્તબ્ધ થઇ ગયું.

વિશ્વગુહાસે કલ્યાણ દૃષ્ટિથી અમી વર્ષાવતાં ચંદ્રાવળી અને રાધેદાસને પ્રમાદધન સાથે સુવર્ણપુર જઇ સર્વને શાંત્વન અર્પવા આજ્ઞા કરી. ફરી સમાધિમાં બેસવા વૃત્તિ દર્શાવી. સુવર્ણગિરિ ઉપરના મુખ્ય સતો તથા ચંદ્રાવળી આદિ સાધ્વિઓ, પ્રમાદધન તથા મિસ ફ્લૉરા સાથે દૈવી કૃપાથી ઉત્પન્ન થયેલા ઍરશીપમાં બેસી સુવર્ણગિરિ તરફ રવાના થયાં. સાધુ જનોએ જય જયના ઉદ્‌ગારની ગર્જનાઓ કરી અને મહાત્માશ્રી સમાધિસ્થ થયા. સુવર્ણગિરિ ઉપર આનંદનો ઉદધિ ઉભરાઈ રહ્યો.

ગગન મંડળને ભેદ કરતું ઍરશીપ (વિમાન) સૂં સૂં સુસવાટા કરતું ગતિમાન થઇ રહ્યું છે. અંદર બેઠેલી મિસ ફ્લોરાએ પ્રફુલ્લ અભિમાનથી આનંદાશ્ચર્ય દર્શાવતાં હાથથી પ્રમાદધનની પીઠ પંપાળતાં ને વિશ્રાન્તિ આપતાં વિનોદમાં કહ્યું: " મિ. બ્રાડલો, તમારી હૃદય ગુહાનું ગાંભિર્ય અતિ મહદ્ છે. આટલો બધો કાળ સમિપમાં રહેવા છતાં પણ હૃદય વેદનાનો મંદ પ્રકાશ પણ અનુભવાવ્યો નથી. આપના હૃદયની આવી નિષ્ઠુરતાથી, વિદ્યાચતુરની કુટુમ્બ વત્સલતામાં મ્હારી કેવી દશા તમે કરી છે ? "

નિચી દૃષ્ટિથી મંજુલ મુખને મલકાવી શરમના ભારથી પાછી દૃષ્ટિને નિચી કરી અને પ્રતિઉત્તર કર્યો: " આપના મધુરત ઠપકા માટે નિરૂત્તર છું. પરંતુ આપે આન્તરિક ચક્ષુથી હૃદયમાં પ્રવેશ કર્યો હોત તો તમારા જેવી મેધાવીને અંતઃવૃત્તિની પરિક્ષા અસાધ્ય નહોતી. "

મિસ ફ્લોરા: " વાહરે ! દોપ તો મ્હારે શીરજ રાખ્યો. "

આનંદ કુતૂહળમાં ભાગ લેતાં, ચંદ્રાવળીના મુખમાંથી મધુર અને ગંભીર વાણી પ્રસાદનો પ્રવાહ પ્રવાહિત થયો. " મહાશય, આપની હૃદય વાસના જ્વાળાની વિષપ્રભા, બિન્દુ અને વામની આદિ દેવીઓના હૃદયાકાશમાં પ્રકાશિત થઇ હતી. પરંતુ સાધવી મધુરીનાં આપ આપ્ત છો એ મ્હારી આવરણ પામેલી હૃદયવૃત્તિને સુઝયુ નહિ, એ આપની અગમ્ય દુર્ભેદ્ય હૃદયગુહાની મહા ખુબી છે; અને અમે તેમાં ચાંચ પણ પોરવી શક્યાં નહિ, એ આપના હૃદયતંત્રની દુર્ભેદ્યતાનું મહાન મહાત્મ્ય છે."

લજ્જાર્થી નિચું જોઇ પ્રમાદધને ઉત્તર કર્યો: " મહાદેવી, મહાન પ્રાયશ્ચિતથી પ્રજળી રહેલાના હૃદયને વચન પ્રવાહથી કમ્પાવો ના. "

ચંદ્રાવળી: " મહાભાગ, આપના હૃદયમાં મહાન શાંતિની વિભૂતિ પ્રકટાવવા ગુરૂ મહારાજની કૃપા વર્ષિ રહી છે. દેવી મધુરીના ચિંતામણીરૂપી સંસર્ગથી દુર્ભેદ્ય ચિંતા નાશ પામી મહાન ઐશ્વર્યની વિદ્યુત્ ચળકશે અને શાંતિ, પુષ્ટિ, તુષ્ટિના કલ્યાણ મેઘ વર્ષાવશે " એમ કહેતાં કહેતાં ગદ્‌ગદિત થયેલા પ્રમાદધનનાં ચક્ષુ પ્રદેશ સુધી કરને લંબાવી સાડીનાં પલ્લવથી લોચન લુછી મસ્તકે હાથ મુક્યો.

એ કર જોડી નમન કરતાં પ્રમાદધને આભાર દર્શાવ્યો.

સુસવાટા મારતું વિમાન (ઍર શીપ) ગગન મંડળમાં પ્રયાણ કરી રહ્યું છે. એટલામાં દુન્દુભી નાદથી જયધ્વનિ કરતાં બીજાં વિમાનો દષ્ટિગોચર થવા લાગ્યાં.

ચંદ્રાવળી પ્રેમધ્વનિ પ્રસરાવતાં ઉચરી: "જુઓ, પ્રમાદધનજી, આ વિદ્યુત્ ચમકારાથી ચમકતું, મધુર નાદથી આકર્ષતું મધુરી મૈયાનું વિમાન છે. આહા! તેની પાછળજ કુસમ મૈયાનુ વિમાન છે, અને તેની લગોલગ ચંદ્રકાન્ત આદિનાં વિમાનનો સમૂહ પ્રયાણ કરી રહ્યો છે. જુઓ, જુઓ, કેવો મંગળ ધ્વનિ થઇ રહ્યો છે."

રાધેદાસજીએ યદુનંદનની જય બોલાવી, અને તેના પ્રતિઉત્તરમાં ચંદ્રાવળીના જયઘોષ કર્ણ ઉપર પડ્યા.

બિન્દુએ મધુરીની જય ગર્જના કરી અને સર્વે વિમાનોમાં તે ગર્જી રહી. સર્વ વિમાનોની સંકલના એક બીજા સાથે જોડાવા લાગી અને મહાન વેગથી સુવર્ણપુર તરફ ધસવા લાગી. સુવર્ણપુરના રાજમાર્ગ ઉપર છાયા પાડતાં વિમાનો પ્રજાજનને આશ્ચર્યચકિત કરતાં રાજરાજેશ્વર તરફ વળ્યાં.

રાજ રાજેશ્વર સમિપ સંમેલન થતાં સર્વેએ યદુનંદનની જય ગર્જના કરી. ગગનમંડળને ભેદતી ગર્જનાએ સર્વેને આનન્દિત કર્યાં. ત્યારે પ્રમાદધનના હૃદય ગર્ભને ગભરાવી, વિચલિત ચિત્ત શ્રેણીમાં મુક્યો. તેણે પ્રેમ, આનંદ અને લજ્જાના ભારથી બ્હાવરાં બ્હાવરાં નિહાળ્યાં કર્યું.

પ્રકરણ ૨૨ મું.

રાજરાજેશ્વરમાં ભેટો.

"જય જય દુન્દુભિ વાગે છે, મન હૃદય કમળ વિલસાવે છે;
સત્ય ધર્મ ધ્વજા ફરકાવે છે, તપઃચાર્યને સિદ્ધ ગનાવે છે."

વાંચનાર, જે રાજરાજેશ્વરમાંથી વાર્ત્તાનો જીવન પ્રવાહ પ્રવાહિત થાય છે તેજ સ્થાનમાં તેનુ સંમિલન થાય છે. જે રાજરાજેશ્વર તમારા મનોરાજ્ય ઉપર સત્તા ચલાવી રહ્યું છે તેજ રાજરાજેશ્વરના ગર્ભ ભાગમાં મનેન્દ્રિય દ્વારા પ્રવેશ કરી, ચક્ષુ વિકાસી, ચિત્તરૂપી ચિત્રપટ ઉપર ત્યાંનું ચિત્ર આલેખો. શંકરના દેવાલયના મધ્યમાં શંકર સમિપ બુદ્ધિધન હાથ જોડી બેઠેલો હતો. સંસારનાં દુઃખથી જરજરિત થયેલા તેના હૃદયમાં પત્નીદુઃખ તથા પુત્ર દુઃખ તાજાં થઈ આવવાથી તે કમ્પિત થઇ ધ્રુજી રહ્યું હતું. ગ્લાનિ પામેલા મુખ દ્વારા ભક્તિ રસથી દ્રવતા હૃદયમાંથી શંકર સ્તવન નિકળવા માંડયું.

जय शंकर पार्वतीपते मृडशंभो शशिखंड मंडन।
मदनांतक भक्त वत्सल प्रिय कैलास दया सुधांबुधे॥
सदुपाय कथा स्वपंडितो हृदय दुःख शरेण खंडित॥ १ ॥
शशिखंड शिखंड मंडनं शरणंयामि शरण्यमीश्वरम्॥ २ ॥
महतः परितः प्रसर्प तस्तमसो दर्शन भेदिनो भिदे।
दिननाथ इवस्व तेज [illegible] गुहेहिनः॥ ३ ॥

नवयं तव चर्म चक्षुषा पदवीमप्युपवीक्षितुं क्षमाः ।
कृपयाऽभयदेन चक्षुषा सकलेनेश विलोकयाशु नः ॥ ४ ॥
त्वदनुस्मृतिरेव पावनी स्तुतियुक्ता नहि वक्तुमीश सा ।
मधुरं हि पयःस्वभावतो ननु कीदृक्सितशर्करान्वितम् ॥ ५ ॥
सविषोऽप्यमृतायते भवाञ्छवमुण्डाभरणोऽपिपावनः ।
भव एव भवांतकः सतां समदृष्टिर्विषमेक्षणोऽपिसन् ॥ ६ ॥
अपिशूलधरोनिरामयो दृढवैराग्यरतोऽपिरागवान् ।
अपि भैक्ष्यचरो महेश्वर श्चरितं चित्रमिदंहिते प्रभो ॥ ७ ॥

વિયોગ દુઃખના ઉભરા સાથે આશાની આતુરતાના ભાવથી હૃદય કમળમાંથી નિકળતાં સ્તવન કાળે આંખ મિંચાઇ ગઇ હતી. હૃદય દ્રવિત થઇ રહ્યું હતું. શરીર કમ્પી રહ્યું હતું. તે કાળે નરભેરામે મંદિરમાં પ્રવેશ કર્યો ને દૃષ્ટિ ફેરવી. સ્તવનમાં–ધ્યાનમાં એક ચિત્ત થયેલાને અન્ય પદાર્થનું ભાનજ નહોતું. આ દશા અનુભવનારને નરભેરામે શબ્દ પ્રહારથી જાગૃત કર્યો. નરભેરામે કહ્યું: "બુદ્ધિધન ભાઇ, આમ તો જુઓ."

કર્ણદ્વાર ઉપર તેની અસર પહોંચીજ નહિ. ફરી કર્કશ શબ્દે વાણી પ્રહાર કર્યો: "હવે, એ બાવલાનું ધ્યાન કરવા કરતા આમ તો જુવો! આ તો પોલીટિકલ એજન્ટનો દૂત આવે છે. ભક્તિ ને ભક્તો મેલો ને ઉચો. આ કુચો આવે છે તેનું શું કરવું?" કર્કશ શબ્દથી ભક્તિમા પ્રવેશેલા હૃદયે બહાર ડોકીયુ કર્યું, ચક્ષુ ખુલી.

નરભેરામે પોલીટિકલ એજન્ટનો લખોટો બતાવતાં ફરી પ્રશ્ન કર્યો: "આ પોલીટિકલ એજન્ટ સાહેબનો કોઈ મિત્ર આવે છે. હવે આ દૂતનું શું કરવું છે? ધારૂંછું કે પરાણે પધારવું થાય છે! હવે એની આગતાસ્વાગતા માટે શું કરવું? આજે તો આવનાર છે."

બુદ્ધિધન: "ભાઇ, મ્હારા વ્યથીત અંતઃકરણને કંઈ સુઝતું નથી. મ્હારૂં મન બ્હેર મારી ગયું છે. ત્હને સુઝે તે કર."

નરભેરામ: "હલકાં માણસો રોજના રોજ ભુખ્યા ડાંસ જેવાં! ખાઉં, ખાઉં, ને હાઉ, હાઉ સિવાય બીજી વાતજ નહિ. પારકે પૈસે

ને પારકી મહેનતેજ મઝા ! કહો, ભાઇ સાહેબ, રોજ ને રોજ તે કેમ પહોંચી વળાય ? જાણે મીરજાદા ! એટલો રૉપ તો આપણા પ્રજાપ્રિય એમ-પરર પણ મારતા નથી. એક તોફાન મસ્તી પૂરી થઈ નથી ને વળી પાછી બીજી બલા ! મ્હારૂં તો રાજીનામુ લ્યો. હું તો થાકયો. હલકાં માણસોની જુટ્ઠી ખુશામદ અને કાલાવાલા હવે તો થતા નથી. એના કરતાં તો સાહેબ સારા. અધમ જનો ન કરે એ કર્મો રાજ્ય દ્વારની નોકરી કરનારને કપાળે લખાયલાં છે. એવી સમજ હોત તો રજવાડી નોકરીમાં પેસતજ નહિ. તેમાં અન્નદાતા કરતાં એ મ્હોટા ખાં અને ત્રણ ભુવનનો ઇશ્વરજ જાણે. હવે આ જુલમ ખમાતો નથી. મુગે મોઢે એવડો માર છે. એ દુઃખનો છેડો નોકરી છોડયા સિવાય નથી. ”

શોકાગ્નિથી નમ્ર થયેલા હૃદયમાંથી ધ્વનિ નિકળ્યો: “ભાઇ, એમ શું કરો છો ? રાજ્યદ્વારી તંત્રમાં એમ રોષ કરે પરવડે ! રાજ્ય તંત્ર તો ધૈર્ય અને ચાતુર્યથી ખેડવાનુ છે.”

નરભેરામ: “હલકી ટેવોવાળાં માણસ કુતરા જેવા છે. એ કુતરા ઓને જેમ જેમ ગળકો પડશે તેમ તેમ વખતો વખત ઉતરી પડશે. ભાઈ સાહેબ, મ્હને તો એનો ઘાટ ઘડવા દો. ભુખ્યા ને તરશ્યા ધરધરી મરે ત્યારે મઝા પડે. ”

બુદ્ધિધન: “એ તે આપણા આતિથ્ય ધર્મને સંભવે ! હલકાં હોય કે મ્હોટાં હોય. આપણે તો સર્વનો એક સરખો આતિથ્ય સત્કાર કરવો અને– એટલામાં મંદિરના ગર્ભ ભાગમાંથી શબ્દ ધ્વનિત થયો. આશ્ચર્ય ચકિત થતા બન્ને ચોગરદમ નિહાળવા લાગ્યા. ફરી શબ્દ ધ્વનિત થયો.

“બુદ્ધિધન ભાઇ, બુદ્ધિધન ભાઈ ’

“કોણ ”

“હું ચંદ્રાવળી. ”

“ક્યાંથી આજ્ઞા કરો છો ? ”

“સુવર્ણગિરિ ઉપર, ચિરંજીવી શૃંગ ઉપરથી. ”

વિસ્મય પ્રફુલ્લ હૃદયે એક બીજાને નિહાળી રહ્યાં.

" આ શું ? "

" વાયરલેસ ટેલેગ્રાફ કહે છે તે તો નહિ ? " નરભેરામે ઉત્તર કર્યો.

" સાધુઓને ત્યાં એ ક્યાંથી ? " બુદ્ધિધને શંકા આણી.

" સાધુને ત્યાં સિદ્ધિનો અભાવ કેમ મનાય ? અનુભવો તો ખરા, જે થાય તે ખરૂં. " નરભેરામે આતુરતાથી ધૈર્ય પ્રેર્યું.

" શી આજ્ઞા છે ? " બુદ્ધિધને નમ્રતાથી પ્રશ્ન કર્યો.

" વિશ્ણુદાસજી સમાધિમાંથી ઉઠ્યા છે. આપના સ્વર્ગસ્થ મનાતા પુત્ર પ્રમાદધનભાઇના આરોગ્ય વર્તમાન આપુ છું. "

આનંદ પ્રફુલ્લ નેત્રે આશ્ચર્યચકિત થતા બુદ્ધિધને સત્યતા માટે શંકા આણી પ્રશ્ન કર્યો: " મૃગજળ જેવા વર્ત્તમાન આપના અમૃતોદ્ગારમાંથી કેમ સંભવે ? "

ચંદ્રાવળી: " મહાભાગ, આપની પુત્રવધુ તે મ્હારી મધુરીના તપાચરણ પ્રભાવથી અને ગુરૂશ્રીના કૃપાપ્રસાદથી અસંભવિત સંભવિત થયું છે. "

બુદ્ધિધન: " હેં, આ શું ? સત્ય કે અસત્ય ? "

ચંદ્રાવળી: " અમો સર્વે ગુરૂ પ્રસાદિત વિમાનમાં બેસી સત્વર રાજ રાજેશ્વરમાં આવીએ છીએ. "

શ્રવણથી હૃદય આનંદ પ્રફુલ્લતાને પામ્યું. નરભેરામ ગણગણ્યો: " હું તો પેલા માટે આ ટાણે કંઇ જનાર નથી. "

" એ તે કંઇ ચાલે ? " બુદ્ધિધને પ્રતિઉત્તર કર્યો.

" ના, આપણે તો આ અડિંગા નાંખ્યા. " નરભેરામે દુરાગ્રહથી હઠ દર્શાવી.

" જાઓ, બરદાસી ખાતાના અધિકારીને સ્વાર સાથે વર્તમાન મોકલો ને એ સર્વ ભાર તેને શિર મુકો. " બુદ્ધિધને વચલો માર્ગ કહાડયો, ને વિશેષ આજ્ઞા કરી કે: " અલક અને વનલીલાને સત્વર અત્રે મોકલવા સ્વારને સૂચના કરો. "

સ્વાર વર્ત્તમાન લઇ રાજમાર્ગને ખેડતો પુરમાં દાખલ થઇ ગયો.

અલક અને વનલીલા રાજ રાજેશ્વરમાં આવી પહોંચ્યા. એટલામાં તો

ગગનમંડળમા સુસવાટા મારતાં વિમાનો દૃષ્ટિગોચર થવા લાગ્યાં. પ્રમાદધન, ચંદ્રાવળી, રાધોદાસ, મિસ ફ્લોરા આદિ સર્વે સંતો નીચે ઉતર્યાં ને મંદિરમાં પ્રવેશ કર્યો.

રાધોદાસે બુદ્ધિધનને યદુનંદનની જય કહીને આશિષ આપી. પ્રમાદધન પિતાને સાષ્ટાંગ પડયો. પ્રેમથી ગદ્‌ગદિત થયેલા પિતા પુત્ર અશ્રુથી ભરેલાં ચક્ષુથી એક બીજા સ્હામુ નિહાળી રહ્યાં. એટલામા તો કુમુદ, સુંદરકાકી, ગુણસુંદરી, અને મનોહરી મંદિરમાં આવ્યાં.

મનોહરી જગતની અનુભવી અને નવીન કૌતુકની રસિયણુ હતી. તે સર્વની પાછળ થઈ ગઇ અને સર્વના મનોભાવની ચિકિત્સા નિહાળવા લાગી. કુમુદને નિહાળતાંજ ચંદ્રાવળી પ્રેમોદ્‌ગાર ક્‌હાડતી માત્ર સ્નેહ વાત્સલ્યથી ધસીને ભેટી પડી.

“ મધુરી, બેટા મધુરી. ” મહા પરાકાષ્ટાએ એટલાં વચન ઉચ્ચારતાં ઉચ્ચારતાં તો નેત્રમાંથી પ્રેમાશ્રુ સ્રવી પડયાં. કુમુદે ચંદ્રાવળીના હૃદયનો સંપૂર્ણુ આશ્રય લીધો. હાથ ઝાલીને પ્રેમામૃત દ્રષ્ટિથી સંબોધના ચંદ્રાવળી બોલી :

“ બેટા મધુરી, વર્તમાન ધર્મને સ્વિકારી ત્હારા સસરાને પ્રણામ કર.”

પિતા પુત્ર પ્રેમોદ્‌ગાર કહાડી રહ્યાં નથી એટલામાં તો દેવી કુમુદે સાષ્ટાંગ પ્રણામ કર્યા. બુદ્ધિધન હર્ષાનંદમાં પ્રમત્ત થઇ ગયો. તેનાં આશ્ચર્ય ચકિત થયેલા ચક્ષુ વિકસી રહ્યાં. મહા પરાકાષ્ટાએ મુખમાંથી શબ્દ ઉચ્ચારી શકયો· “બેટા સૌભાગ્યવતી પુત્રવતી થાઓ. ”

વાચનાર, અસાક્ષાત્કાર ધારવામાં આવતી વસ્તુનો જ્યારે સાક્ષાત્કાર થાય ત્યારે ચિત્તની શુ સ્થિતિ થાય છે તે તમેજ વિચારી લેજો. પુત્ર, પિતા, અને પુત્રવધુ ઘણા કાળનાં ક્લેશાદિ સહન કર્યા પછી પરસ્પર મળ્યાં હતાં. તેમ થવાથી જેમ ગ્રહણકાળમાં અંધકારથી ઘેરાયલો ચંદ્ર રાહુથી મુક્ત થતાં રમ્ય દાર્શનિક થાય છે અને તેની છટા મહા આનન્દ અનુભવાવે છે, તેમ આ કુટુંબમાં પણ આનંદ ઉદધિ ઉભરાઈ ગયો હતો. તેનું વર્ણન વર્ણવવા લેખિની અશક્ત છે.

એટલામાં અલક દોડતી દોડતી આવી અને કુમુદને બાઝી પડી. પ્રેમઘેલી પ્રેમમત્ત થતાંજ તેની દ્રષ્ટિ વૃદ્ધ ગુણસુંદરી અને સુંદરકાકી પ્રત્યે ગઇ. તે તત્ક્ષણ વિવેકમાં આવી ગઈ અને તેમનો સત્કાર કરવા ધસી. દુઃખની નિવૃત્તિ અને સુખના પ્રાપ્તિકાળમાં બાહ્ય અંતર બુદ્ધિ વૃત્તિમાં દ્રષ્ય અદ્રષ્ય વિકારો, વિચિત્ર ભાવનાઓ અનુભવી રહે છે. તે સર્વ તાદ્રષ્ય થઈ રહ્યાં. જેઓને કેવલ્ય દુઃખ પ્રચુરત્વ સિવાય કંઈ જણાતું નહોતું, તેમને મહા સુખ ઉદ્‌ધિનો સાક્ષાત્કાર થયો.

એક બાજુએ પુત્ર મિલન, બીજી બાજુએ મર્યાદા સહિત દંપતિ દર્શન, ત્રીજી બાજુએ કુટુંબનાં વૃદ્ધ તથા સમવયસ્કનુ મિલન, એટલુજ નહિ પરંતુ મિસ ફ્લૉરા, નરભેરામ, ચંદ્રાવળી, વામની, બિન્દુ તથા મનોહરી આદિ અવનવિત વૃત્તિ તત્રકાર પાત્રો એક સ્થાનમાં હર્ષ ભૂમિકા ઉપર ચિત્રિત થયાં હતા. હવે એ હર્ષાનંદનું વર્ણન તદ્રૂપ ચિતરવા કયો ચિત્રકાર અને કયી લેખિની સમર્થ છે ?

વિવેક મર્યાદાથી અલકે ગુણસુંદરીનો સત્કાર કર્યો. એટલામાં તો બુદ્ધિધન સત્કારપૂર્વક ઉભો થઇ આતિથ્ય કરવા લાગ્યો. અને સુંદરને સંબોધી સ્નેહોદ્‌ગાર કૂહાડયા. મિસ ફ્લોરા આ બધુ નિહાળી રહી નહોતી, એટલામાં તો કુસુમ, સરસ્વતિચંદ્ર અને મિસ ર્ઝાસેટે મંદિરમાં પ્રવેશ કર્યો. પ્રેમમત્ત થયેલાં એક બીજાનો સત્કાર કરી પરવાર્યા નહોતાં એટલામાં તો ચંદ્રકાન્ત, ગંગા ભાભી, તર્કશંકર આદિ કલ્યાણગ્રામના તંત્રકારો આવીને દ્રષ્ય થયા છે. અરસપરસના અંતઃકરણમાં પ્રેમામૃત વૃત્તિ પ્રતિબિંબિત થઇ રહી છે. સ્નેહવૃષ્ટિ વર્ષિ રહી છે. એમાં કોઈ કોઇનું ભાન નહોતું. સ્નેહભાવમાં સર્વે ખીચડો થઇ ગયાં હતાં. આ હર્ષઘેલા થયેલા ખીચડામાં ગંગાએ કુસુમ પાસે જતાં જરા આંગળીથી અટકચાળું કર્યું, અને કર્ણ ઉપર ગુપ્તપણે મંત્ર કર્યો.

"વાહ રે, તું તો વૃદ્ધજનો અને માતા તથા ગુરૂજનો સમક્ષ પણ પતિનો છેડો નથી છોડતી. ન્હોય આ મુંબઇ, આ તો સુવર્ણપુર છે!"

લજ્જાવિનિત થયેલી કુસુમ કંઇક કર્કશ કટાક્ષ નાંખતી, સુખ મલકાવતી સરસ્વતિચંદ્ર પાસેથી ખસી અલક પાસે ગઇ. એટલામાં બુદ્ધિધને

રસ્વતિચંદ્ર ઉપર સ્નેહ ભર્યો દૃષ્ટિપાત્ કરતાં કુશળ પુછ્યું: "સરસ્વતિચંદ્ર, માનંદમાં તો ખરા." પુત્રવત્ વાત્સલ્યતાથી દ્રવતા હૃદયે હાથ જોડી સામો ભો રહ્યો. એટલામાં સુંદરે કનિષ્ટ ધર્મ સમજાવવા કુસુમને આજ્ઞા કરી 'બુદ્ધિધનભાઇને પ્રણામ કર." માથા ઉપરનો પાલવ આગળ ખેંચી કુસુમે ીચા વળી પ્રણામ કર્યા. બુદ્ધિધને આશિર્વાદ આપ્યો.

સર્વ અતિથિઓનો તેમની યોગ્યતા પ્રમાણે સત્કાર થયો. સર્વથી જરા મલગ પડેલાં મિસ ફ્લૉરા અને મિસ રૅાસેટ ગુડ્મોર્નિંગ કરી વધુ સત્કાર ર્શાવ્યો. અલકે સરસ્વતિચંદ્રને નમન કરતાં સત્કાર કર્યો. સરસ્વતિચં મંતઃકરણમાં જરા ચમક્યો, અને બુદ્ધિધનના ઘરમાં અનુભવેલો અનુભવ ણ માત્રમાં તેના હૃદયપટ ઉપર તાજો થઇ ગયો.

એટલામાં બુદ્ધિધનની દૃષ્ટિ સાધુ વ્રતાચરણિ કુમુદના અંગ ઉપર ઉપ-રણ નીચે લપાએલી કંથા ઉપર ગઈ. તેના હૃદયમાં કંપ પ્રકટ્યો. હૃદય અસંતુષ્ટ થયું. તે તરફ પ્રકટપણે સર્વનુ લક્ષ ખેંચાયું. ક્ષણમાત્રમાં સર્વના મન ઉપર શોકનું વાદળ તરવરી આવ્યું. મનુષ્ય હૃદયની જાણકાર ચંદ્રાવળી વર્ત્તમાન તંત્રને અનુલક્ષિ કુમુદ પાસે ગઇ.

પ્રસન્ન વૃત્તિથી પણ અસંતુષ્ટ બુદ્ધિથી અને અતૃપ્ત હૃદયથી કુમુદ શંકા-શીલ બની બ્હાવરી બ્હાવરી ચંદ્રાવળીને બાઝી પડી.

ચંદ્રાવળી ટગર ટગર તેને નિહાળી રહી. ને ધીમે ધીમે તેના હૃદય ભાગ ઉપર હાથ ફેરવતાં ફેરવતાં આશ્વાસન આપતાં બોલી: "મધુરી, ત્હારૂં તપાચરણ અને દક્ષતા સફળ થઇ છે. ત્હારા પવિત્ર આશયો સિદ્ધ થાઓ. તપાચરણનો વિધિકાળ પૂર્ણ થવાથી વૃત્તાચરણો ત્યાગવાં અવશ્યનાં છે."

કુમુદ: "માતા, મ્હારા અન્ધકારવ્યાપ્ત અંતઃકરણને અતિ વત્સલ-તાથી શાંતિ માર્ગનું દિગ્દર્શન કરાવી તૃપ્તિ આપનાર આપજ છો. આપ દેશકાળને અનુલક્ષી વૃત્તિનો સમાગમ જેમ કરાવશો તેમ કરીશ. મન, પ્રાણ અને શરીર આપને આધિન છે."

ચંદ્રાવળી: "ધર્મનાં તારતમ્યને તું સમજે છે. દેશ કાળ આશ્રમની તું જાણકાર છે. વૈરાગ્ય વિદ્યાની તું જાણકાર છે. પ્રીતિવૃત્તિ અને પવિત્ર-

તાના તંત્રની તંત્રકાર છે. અપૂર્વ રસની, પ્રસન્ન હૃદયની, અધિદેવી છે. જનવૃત્તિની પરિક્ષક છે. હવે હું ત્હને શું કહું ?"

કુમુદ : "આપની સર્વ આજ્ઞા સૂક્ષ્મ ધર્મના પ્રસાદ રૂપ છે તેને સર્વકાળ આધિન છું."

ચંદ્રાવળીએ પ્રેમથી તેનો હાથ પંપાળતાં પંપાળતાં પુનઃ આંખ સાથે આંખ મેળવી કહ્યું "રસ ધર્મને પ્રદીપ્ત કરી રસ રહસ્યને ઉભરાવો."

કુમુદ : "માતા, આપ તપસ્વીઓના સહવાસથી રસધર્મને પ્રદીપ્ત કરવાનો અભ્યાસ ઘણા કાળથી કટાઈ ગયો છે." આટલું બોલી ઉંચે શ્વાસે ઉંચાં ચક્ષુ કરી હાથ જોડી ઉભી રહી.

દયાર્દ્રતાનો પ્રકાશ પાડતી ચંદ્રાવળી બોલી : "લૌકિક સુખો દુઃખરૂપ છે. તાપથી સંસાર ભરેલો છે, તે સહજ વિચાર સિદ્ધ છે. પરંતુ વર્તમાનકાળે રસધર્મ સ્વિકારવાથી મોક્ષ ધર્મનો હેતુ જળવાય એમ છે. વડિલોની તૃપ્તિ અર્થે, સ્વામિધર્મની સિદ્ધિ અર્થે, પતિધર્મની દિવ્યતા અર્થે, સ્ત્રીધર્મની મહત્તા અર્થે અને તપાચરણની પૂર્ણતા અર્થે, અંતઃકરણમાં દયાર્દ્રતા ઉભરાવી ચિત્તરૂપી ચિત્રપટ ઉપર રસ જ્યોતિ પ્રકટાવી સંસાર તંત્રમાં માધુર્યતા રેલાવો. પ્રથમ દાર્શનિક સાધુતાની કંથાને ત્યાગી સુરમ્યતા સ્વિકારો."

અતિ નમ્રવદન કાન્તિ કરી, ચંદ્રાવળીના ખભા ઉપર માથું નાખી દઈ બોલી : "વૈરાગ્ય વૃત્તિની અધિદેવી કંથા ! હા કંથા, ત્હારો આ કાળે ત્યાગ ! મહાદેવી, એનો ત્યાગ આત્માને રૂચિકર થતો નથી. એ બિચારી કોઇને પણ ક્યાં નડે એમ છે !"

સાધુ વૃત્તિથી શાન્ત્વન આપતાં ચંદ્રાવળી બોલી : "મધુરી, કંથા સ્રજાવનારી હું છું. તે કાળે કંથાની આવશ્યકતા હતી. એની અદ્ભૂતતા પરમ મોક્ષગામિની હતી. આ કાળે એનો ત્યાગજ સંસારમાં સુલલિતતા દિપાવનાર છે. નારી ધર્મની મહત્તા પ્રસારનાર, સંસાર માત્રને મોક્ષ માર્ગમાં ઝુલાવનાર છે. અરૂંધતી અને મૈત્રીના ધર્મને જાણુ, તેના ધર્મનું મધુરત્વ વિચાર. ત્હને જે અધિકારમાં દ્રષ્ટિ યોજી છે. તે અધિકારને ધારણ કર. અનધિકાર તે અધોગતિનું કારણ છે. ગુરૂદિક્ષાના મંત્રનું રહસ્ય એજ છે. ગુરૂ

જનના પક્ષપાતથી ઉત્તમતાને પામેલી ત્હારા જેવી મેધાવીને મ્હારે વધુ કહેવાનું હોય નહિ. ''

કુમુદ: "દેવી, મોક્ષગામિની કથાનો સર્વદા ત્યાગ રૂચિકર થતા નથી."

ચંદ્રાવળી: "એનો વર્તમાનકાળે સંસારાર્થે ત્યાગ છે, વૃદ્ધાપકાળે મોક્ષાર્થે સદ્ઉપયોગ થશે. તેને હાલ શરીરથી ત્યાગી સુસંસ્કાર સ્મૃત્તિ માટે રક્ષવાને બાધ નથી. ગુરૂએ દિવ્યાંબર આપ્યુ છે તે ધારણ કર." એમ કહેતાં કહેતાં કંથાના બંધ ઢીલા કર્યા ને ચંદ્રાવળીએ ધીમે ધીમે કંથા ઉતારી દિવ્ય વસ્ત્ર પહેરાવ્યું.

સર્વેએ યદુનંદનની જય બોલાવી. મધુરી મૈયાની જય ગર્જના કરી સર્વે મંગળમય આનંદ અનુભવવા લાગ્યાં.

આ સુવર્તમાન આખા શહેરમાં વિદ્યુત્ જેવી ત્વરાથી ફરી વળ્યા. દરબાર તરફથી નગરમાં સાકર વહેંચાવી શરૂ થઈ ગઈ. આનંદ મંગળનો ઉભરો ઉભરાઇ રહ્યો. આનંદ કલ્લોલના સમયમાં તેજપ્રભાના અંતઃકરણમાં દ્વેષ જવાળા ભભકી રહી. તેના હૃદયના કટકે કટકા થયા. રાણા સાહેબ ડંકા નિશાન સાથે હાથી ઉપર સ્વાર થઇ આનંદમાં ભાગ લેવા રાજ રાજેશ્વરમા પધાર્યા. ભૂપસિંહને જોતાંજ બુદ્ધિધન સામો ધસ્યો ને ચરણે પડવા જતો હતો તેને હાથ પકડી અટકાવી ભૂપસિહ બાઝી પડયો. એક બીજાના ખભા ઉપર માથું મુકી હર્ષનાં અશ્રુ વહેવડાવી હૃદયને ખાલી કર્યું. રાજા ને મંત્રીનું હૃદય હાર્દ દુઃખથી ખુલી ગયુ છે. તે કાળે સર્વના અંતઃકરણ ક્ષોભ પામી શાંતિને અનુભવી રહ્યાં હતાં.

કુપુત્રનાં ઉદ્ધત કર્મથી પિતા, પત્ની, આપ્ત જન તથા નગરજન આદિને પણ મહા દુઃખ સેવવું પડયું છે. એ વિષય પ્રત્યક્ષ થવાથી પ્રમાદધનનું અંતઃકરણ થરથરી ઉઠયું. લૌકિક દુઃખનું પ્રત્યક્ષ ભાન થવાથી તે મનમાં ધરાયું હતું તેથી પણ અધિક જણાયું. તેની ચક્ષુ આંસુથી ભરાઇ ગઈ. પોતાનાં આંસુ ભણીથી સર્વની દ્રષ્ટિ ચુકાવતો, પોતાનાં કૃત્યોને ધિઃકારતો, નીચું નિહાળી સ્તબ્ધ જેવો થઇ ગયો.

આ મનોવેધક પ્રસંગે ભૂપસિંહે પ્રમાદધન ઉપર દૃષ્ટિ નાખી. પ્રમાદધન પૂજ્યભાવથી ચરણે પડયો. ભૂપસિંહે વિવેક દર્શાવતા તેને હાથ વડે ઉઠાડી પાસે બેસાડયો. સર્વ મંડળ બેઠું. સ્ત્રી મંડળ તો રાણા સાહેબના પધારવા સાથેજ રાજ રાજેશ્વરના વાડામાં ખસી ગયુ હતુ. વાડામાં સ્ત્રી મંડળ વિચરી રહ્યું હતુ. વનલીલાએ કુસુમની આગળી પકડી હતી અને અલક કુમુદની સાથે થઇ ગઇ હતી. ચંદ્રાવળી, ગુણસુંદરી, સુંદર અને વામની એક બીજાં સાથે ભેળાયાં હતાં. બિન્દુ તથા ભક્તિમૈયા પ્રસંગ પરત્વે માથું મારતાં હતાં. સર્વ મંડળ એક બીજા સાથે હૃદય ખોલતું ગુસગુસ કરી રહ્યું હતું. કુસુમ સાથે ફરતી વનલીલા, સાહેલી અને મોગરાની લતા પાસે ખમકી ગાલ ઉપર આંગળી મુકી જરા ગણગણીઃ "કૃષ્ણકલિકાના વાક્ય પ્રહારની અધીદેવી સાહેલી, ત્હને જોઈ સ્મૃત્તિ તાજી થાય છે. અરેરે! પદ્‌માના કમખાના સ્થાન, ત્હને શુ કહું?"

કુસુમ બોલીઃ "વનલીલા, કેમ સ્તબ્ધ થઇ શું વિચારી રહ્યાં છો?"

વનલીલા સ્મૃત્તિકાળના ઉદ્વેગથી ભગ થયેલા મન ઉપરથી ભાર ખસેડતી હોય તેમ મુખ ઉચું કરી નિહાળી રહી.

કુસુમઃ "શુ આપની વિચાર શ્રેણીમાં મે વિક્ષેપ નાંખ્યો?"

વનલીલાઃ "ના. ના, સહસા."

કુસુમઃ "મ્હારા સમ, જે મનમાં આવ્યુ હોય તે કહો."

વનલીલાઃ "મહાભાગ, પ્રમાદધનના સંસારમાં વિષનાં અંકુર ફોડનાર સ્થળે મ્હને વિસ્મય બનાવી છે."

કુસુમઃ "તે શુ?"

વનલીલાઃ "આ બધાં અનિષ્ટનું કારણ આ સાહેલી છે."

કુસુમઃ સાહેલીનું વૃક્ષ મનોહર છે, એનો શો દોષ?"

વનલીલાઃ "એજ સાહેલીનાં પુષ્પોની મનોહરતાએ કૃષ્ણકલિકાને વિષમય વેણુ ઉચરાવ્યાં હતાં. તેનું ચઢેલું વિષ આજે હજી પણ પુરેપુરૂં ઉતર્યું નથી અને પદ્‌માના કમખાએ જે ક્લેશની વિભૂતિરૂપ કૃત્તિકા ઉત્પન્ન કરી હતી, તે કૃત્તિકાના ક્લેશ પ્રભાવનો અંત ઘણે કાળે દેખાય છે."

કુસુમ: "તમારૂં આ બધું ક્લિષ્ટ મ્હારાથી સમજાતું નથી. મ્હને સ્પષ્ટ કહો."

એટલામાં સળવળતા કાનવાળી અલક ચેતી ગઇ, ને ત્વરાથી વનલીલા પાસે આવી ગુપ્તપણે હાથનો ઠોંસો મારી કાનમાં બોલી: "વિષની સ્મૃત્તિ તાજી કરી વિષને વિસ્તારવું છે?" વનલીલા શરમાઇ ગઇ. નીચું નિહાળી રહી. મૌન્ય થઇ ગઈ.

કુસુમના અંતઃપ્રદેશમાં જીજ્ઞાસા વધી. ને પ્રશ્નો ઉપર પ્રશ્નો કર્યા. આત્મપરિક્ષક વનલીલા અકાલિક આત્મદોષ વિચારી ડસડસી ગઇ. પ્રતિઉત્તર કર્યોજ નહિ.

ચતુર કુમુદ ચેતી ગઇ. અંતઃ નિઃશ્વાસને સમાવતી, મુખ મલકાવી કુસુમ અને વનલીલા તરફ જોઈ રહી

કુસુમ આથી વધુ જીજ્ઞાસુ ને બ્હાવરી બની ગઇ. તેણે અલકને પ્રશ્ન કર્યો: "આ બધું શું છે?"

"એમાં સાર નથી." અલકે શાન્ત્વન કરતાં ઉત્તર કર્યો.

ત્રણે જણાએ કુસુમનું મન આકર્ષતાં મધુર મધુર મુખ મલકાવ્યુ.

કુસુમ જરા ચિડાઈ અને હાસ્યમાં રોષનો મરડાટ દર્શાવતી બોલી: "હું પણ એ જાણું ત્યારે ખરી."

એટલામાં મોહિની મૈયા સુંદરનો હાથ પકડી કુમુદ પાસે આવી પહોંચી ને બોલી: "કેમ સુંદર મૈયા, હવે મ્હારી મધુરી ત્હારી થઇ કે?"

સુંદર: "મૈયા, એ તો આપની તપઃકૃપાનો મહાપ્રસાદ છે"

વામની કુદકો મારતાં વચ્ચે આવી ઉભી ને હાથના ચાળા કરતાં બોલી: "અબ હમ, પ્રમાદધનજી ઔર નવીનચંદ્રજી ઔર મધુરી મૈયાકા બડા હાસ્ય કરેંગે."

સુંદર: "આપના વિભૂતિ પ્રતાપથી ક્લેશ નાશ પામી અમૃત સ્ત્રવી રહ્યું છે. હૃદયમાં આનંદ પ્રકટી રહ્યો છે. તેમાં હાસ્યના વિશેષ આનંદને અવકાશ ક્યાં છે?"

ચંદ્રાવળી અને ગુણસુંદરી, મધુરી મધુરી ગોષ્ટી કરતાં જરા દૂર જતાં જતાં થંભ્યાં.

ગુણસુંદરી: "કુમુદના હૃદયમાં વૈરાગ્યનાં સૂત્રો પૂર્ણ સંસ્કાર પામી રહ્યાં છે. તે ભૂમિકા ઉપર સ્થૂળ સુખ વાસનાના અંકુર ફોડી તેના હૃદયની પ્રીતિને ઉલ્લસિત કરવાની આવશ્યકતા છે. એ તમારા મત્ર સિવાય થવું દુર્ઘટ છે."

ચંદ્રાવળી: "માતાજી, ચિંતા ન કરો. ગુરૂજીનો આદેસ છે. તે એના હૃદયમાં પ્રેમ પ્રવાહિત કરશે."

ગુણસુંદરી: "એનું પ્રીતિતંત્ર સ્ખલનતાને પામી ગયું છે."

ચંદ્રાવળી: "શંકા ન કરો, મ્હારી મધુરીનું હૃદય મધુરૂં છે. તેના હૃદય તંત્રમાં સોળે સોળ કળા ખિલવીશ."

ગુણસુંદરી: "તથાસ્તુ. એ મત્ર સારૂજ મ્હારી પ્રાર્થના છે."

* * * *

અવનવિત રંગની રસિયણ મનોહરી આ બધું નિહાળી નિહાળી વિચારમાં પડી. તેણે ઉદ્‌ગાર કહાડ્યો: "બાપરે! ભણેલાની હોળી તો આવી વસમી છે. હજી તો ક્યાં? પહેલુ ચરણ છે."

"ભણેલાની ભામની ભડકે બળી જાય;
આકડાના તૂર પેંડે આકાશે રોળાય."

ખરેખર, આબેહુબ નવજોબનાઓ ભણેલો વર ભણેલો વર કરી રહીઓ છે! ખાતી જાઓ, ભણેલાના ભામામાં ભુસાઇ મરો." મનમાં બડબડી ગણગણી ને મનમાં સમાઈ.

આ સર્વ કુતૂહળથી નરભેરામ વિસ્મય થઇ ગયો હતો. તેના મનમાં પોલીટિકલ એજન્ટના મિત્રના પધારવાની સ્મૃત્તિ તાજી થવાથી નિદ્રા ભંગ કાળે જાગૃત થનાર જેમ ઝબકીને જાગે છે તેમ ઝબકયો ને બોલ્યો: "પેલા પોલીટિકલ એજન્ટ સાહેબના મિત્ર પધાર્યા કે?"

કોઇએ ઉત્તર કર્યો નહિ. પાસે ઉભેલી મિસ ફ્લૉરાના કાન ઉપર શબ્દ પડયો. તેણે નરભેરામના કર્ણમાં મંત્ર મુક્યો: "એ તો સર બ્રાડશો તે પોતેજ પ્રમાદધન અને એજ એજન્ટ સાહેબના મિત્ર છે."

"હે." કહી નરભેરામ આનંદ પ્રફુલ્લ નેત્રે આશ્ચર્યચકિત થતાં નિહાળી રહ્યો. તેણે પ્રેમોદ્ગાર કહાડયો અને રાણા સાહેબ તથા બુદ્ધિધનના કર્ણમાં આ સુવર્ણમાન નાંખ્યા.

રાજ્યકારી પ્રપંચજાળના નેતાઓને આથી વધુ આનદ થયો.

નાના પ્રકારનાં અલૌકિક વાજીત્રો તથા યોગસિદ્ધિથી પ્રેરેલા વાજીંત્રોમાં મનોહર સુમધુર નાદ પ્રકટી રહ્યા. અને હવે નગરમાં જવાની તૈયારી થઇ ગઇ છે એમ સૂચન થઈ રહ્યુ. યોગ્યતા પ્રમાણે વાહનની સંકલના ગુ થાઈ ગઇ.

રાજ્યદ્વારી ઠાઠથી રાણા સાહેબનો ડંકો નિશાન અને શિરબંધી આગળ થઈ ગયાં. મેઘાડંબરથી દિપતા હાથી ઉપર પ્રમાદધન અને કુમુદને વિરાજીત કર્યા.

ભૂપસિંહ અશ્વ ઉપર આરૂઢ થયા. બુદ્ધિધન સારૂ મ્યાનો આવ્યો અને બહારથી પધારેલા સર્વ અતિથિઓ સારૂ ચંદ્રાવળીએ યોગ વિભૂતિથી વિમાનોની એકક રચનામાં ફેર કરી માર્ગથી અદ્ધર પણ માર્ગ અને સ્વારીના સબધને અનુસરતી ગતિમાન કરી વિમાનોને ગોઠવી દીધાં.

સરસ્વતિચદ્ર અને કુસુમ એકમાં બેઠા. તેની પાછળ ચદ્રકાન્ત અને ગગા, તેની પાછળ સુવર્ણગિરિના સર્વે સતો અને તેની પાછળ સાધવીઓ અને તેમની પાછળ અલક, ગુણસુંદરી, સુંદર, મનોહરી, વનલીલા તથા ચદ્રાવળી મૈયા આદિ બિરાજ્યાં હતાં.

નગરજનને આનંદ આપતી રાણા સાહેબની સ્વારી સર્વ મડળ સહિત બુદ્ધિધનના દ્વાર આગળ અટકી. પાન, અત્તર ગુલાબ વહેંચાયાં અને સર્વ વેરાયાં, તે અગાઉથી યોજી રાખેલા ઉતારામાં સર્વેએ પોતપોતાના મુકામ કર્યા.

બુદ્ધિધનનુ ઘર જોઇ ગુણસુંદરીને સૌભાગ્યદેવી યાદ આવ્યાં. આંખમાં આંસુ તરવરી આવ્યાં. વનલીલા આગ્રહ કરી તેમને પોતાને ત્યાં પગપણનો સંબંધ કહાડી લેઇ ગઇ. ત્યાં મુકામ કર્યો.

કુમુદ અને અલકકિશોરી ઘરમાં પેઠાં. અલક તો ભાભીને નિહાળી નિહાળી ધરાતી નહોતી: આ કાળે વિચારવા અને ચર્ચવા જેવા એકે વિષય

માટે અવકાશ નહોતો. કેવળ આનંદની પરિસીમા મપાઇ રહી હતી. સામાન્ય કરવા યોગ્ય વ્યવસ્થા થઇ ગઇ. પ્રમાદધન પિતાજીની પાસેથી નિવૃત્ત થતાંજ પોતાની મેડી ઉપર ચઢી ગયો. ત્યાં જતાંજ પૂર્વ કર્મની છાંયાઓ તરી આવી અને ચિત્તરૂપી ચિત્રપટ ઉપર કુતૂહળ પ્રસરી ગયું.

કુમુદ વખત વિચારી ધીમે ધીમે મેડી ઉપર ગઈ. પતિવૃત્તિની અસ્વસ્થ સ્થિતિનો ભેદ નિહાળતાં માત્ર માન પામી ગઇ. પ્રફુલ્લ હૃદય માધુર્યથી, વિલસતાં નેત્રથી તપતેજના વિભૂતિ પ્રમાદનો મહત્તા પાડતી, શાંત સ્વસ્થ સૌંદર્ય ઐશ્વર્યથી પતિને આકર્ષતી ઉભી રહી.

પ્રમાદધને, પ્રેમયાતનાથી દ્રવતા અંતઃકરણમાંથી ઉદ્‌ગાર કહાડયો: "મ્હેં તમને બહુ દુઃખી કર્યાં."

કુમુદ: "ના, આપનો દોષ નથી. એ તો પૂર્વ જન્મનાં કૃષ્ણકર્મની પરિપકવતાનું ફળ છે. મ્હેં આપને દુઃખી કર્યા છે. આપના મહાન હૃદયની હું તુલના કરી શકી નથી."

પ્રમાદધન: "તમને મારો દોષ વસતો નથી. દુઃખના બદલામાં તાપસી જીવનનું બલિદાન આપી મ્હારે માટેજ નવો જન્મ અનુભવી પ્રીતિ જીવનમાં પ્રવેશો છો. મ્હારી તૃપ્તિને માટે તમે સર્વ સ્વિકારો છો એ તમારી મહત્તા છે ને મ્હારૂં પ્રાયશ્ચિત્ત છે."

કુમુદ: "એવું બોલી મ્હને પ્રાયશ્ચિત્તમાં ન નાંખો. મ્હારા હૃદયના આધાર, મ્હારા જીવિતેશ્વર, સર્વ ઐશ્વર્યની વિભૂતિ, આપની મહાન વિભૂતિના બળથીજ સર્વ સુત્રનો સંધાયાં છે. મનોબળ સચવાયું છે, ને તેનુજ આ ફળ છે. એ આપના હૃદય ઐશ્વર્યની મહત્તા છે." એમ કહેતાં કહેતાં કુમુદે નીચે પડી પ્રણામ કર્યાં.

પ્રમાદધને તેનો હાથ ઝાલી ભોય પરથી ઉઠાડતાં ઉઠાડતાં કહ્યું: "પ્રાણેશ્વરી, હવે વધુ કહી મ્હારા પ્રાયશ્ચિત્તને ન વધારો. બસ, હવે હદ થઇ. ગત્ કાળને ભુલી જાઓ." એમ કહેતાં કહેતાં સ્નેહાલિંગન કર્યું. પ્રેમ મમતાથી એક બીજાને નિહાળી રહ્યાં છે. એટલામાં સ્નેહધન કુમુદને શોધતો શોધતો ઉપર ચઢી આવ્યો. સ્નેહધન પ્રમાદધનને ભેટી પડયો.

પ્રેમથી દ્રવતા અંતઃકરણથી ગદ્દગદિત થયેલા પ્રમાદધને હૃદય સાથે બાઇને ચાંપી તેના સ્હામું નિહાળ્યા કર્યું. આંખમાં આંસુ તરવરી આવ્યાં.

સ્નેહધન: " ત્યારે તમે મ્હને કલ્યાણગ્રામમાં તે દિવસે કેમ કહ્યું નહિ ? મ્હને ને કુમુદબાને રડાવી માર્યા."

પ્રમાદધન નિરૂત્તર રહ્યો. કુમુદે દૃષ્ટિ ફેરવી નાંખી.

" તમે બન્ને જણ હવે કેમ બોલતાં નથી ?" સ્નેહધને ફરીથી બોલાવવા યત્ન કર્યો.

કુમુદે સ્મિત સ્મિત હાસ્ય દર્શાવતાં કહ્યું: " ગાંડાં શું કહાડો છો?"

સ્નેહધન: " ના, હવે તમે ઉત્તર ન કરો તો મ્હને સારૂં ન લાગે ! હું રિસાઇશ. "

કુમુદ: "ન રિસાવાની તમે શરત કરી છે. "

સ્નેહધન: " ત્યારે હવે હું શુ કરૂં કહો ! "

કુમુદ: " તે તમે જાણો. હવે મ્હારો અધિકાર ઉતર્યો. "

સ્નેહધન: અધિકાર શાનો ઉતર્યો? "

કુમુદ: " તમારા મુરબ્બીનો અધિકાર બેઠો ને મ્હારો ઉતર્યો. હવે પુછો તમારા મુરબ્બીને. "

સ્નેહધન: "ક્યો, અધિકાર શેનો ઉતર્યો ? તમારી આજ્ઞા તો હું રોજ પાળીશ. તમે મ્હને બહુ વહાલાં છો. લક્ષ્મણ, સીતાની આજ્ઞામાં રહેતા હતા ને?"

કુમુદ: " કુમાર, ત્યારે તમો લક્ષ્મણવત્ લક્ષણવંતા થાઓ. "

પ્રફુલ્લ હૃદયે કુદતો સ્નેહધન બોલ્યો: ત્યારે શું ? હવે અમારે રામ લક્ષ્મણ જેવું થશે ને હું લક્ષ્મણ થઇશ ? "

કુમુદ: " લક્ષ્મણ થઇ શું કરશો ? "

સ્નેહધન જરા પ્રેમભાવમાં રોષ દર્શાવતાં બોલ્યો: " લ્યો વળી મ્હારી મજાક કરવા માંડી. તો હવે નહિ બોલીએ. "

મુખ મલકાવતાં કુમુદ બોલી: " કુમાર, લક્ષ્મણ થઇ ન બોલવાનું પરાક્રમ કરશો કે ? "

સ્નેહધન: " કુમુદબ્હા, એમ કેમ કહો છો? એ તો રામચંદ્રજી આજ્ઞા કરે તેમ લક્ષ્મણે કરવાનું. કહો કેમ, તમે હાર્યા ?"

પ્રમાદધનને અટ્ટહાસ્ય આવ્યું, ને કુમુદ માતૃપ્રેમથી નિહાળતી નિહાળતી મુખ મલકાવી રહી.

એટલામાં સરસ્વતિચંદ્ર, કુસુમ, ચંદ્રકાન્ત ગંગાભાભી, મિસ ફૉસેટ, મિસ ફ્લોરા, બિન્દુ, ચંદ્રાવળી મૈયા, મોહિની મૈયા, ભક્તિ મૈયા, વામની મૈયા અને રાધેદાસ ઉપર આવી પહોંચ્યા. એ સર્વે એકઠા થઇ અગાશીમાં બેઠક કરી હતી ત્યાં પધાર્યા. સર્વે પોતપોતાની યોગ્યતા પ્રમાણે એક બીજા સાથે બેઠા. સર્વે એક બીજા સામુ પ્રેમાર્દ્રવૃત્તિથી નિહાળી રહ્યાં.

ચંદ્રકાન્તે સર્વને અભિવંદન આપ્યું અને વિષ્ણુદાસ મહારાજનો આભાર દર્શાવી રાધેદાસ અને ચંદ્રાવળી મૈયાના શિર ઉપર ઉપકારનો મૉડ પહેરાવ્યો.

ચંદ્રાવળી મૈયા: " આ બધી અલખ ભગવાનની વિભૂતિ છે. અમ જનો તો ફક્ત તમ જનોની તૃપ્તિમાં સમભાગિયાં થયાં છીએ.

ઝીણા કોમળ સ્વર વડે મિસ ફૉસેટ બોલી: " આજના અનુભવે ઘણી નવીનતા દર્શાવી છે. કેટલાક ખુલાસાની મ્હને આવશ્યકતા જણાઇ છે તે કૃપા કરી કરશો. યુરોપનાં એરશિપો કરતાં આજે અનુભવમાં આવેલાં એરશીપો ઘણાંજ ઉત્તમ છે. તેમાંનું એક યુરોપ લઇ જવા મ્હને મળી શકશે કે કેમ ?"

ચંદ્રાવળી મૈયા: એ તો ગુરૂમહારાજની વિભૂતિ છે. તે આપણે વેરાતાંજ વિખરાઇ જશે. ગુરૂ મહારાજ સિવાય એનો કોઇને અધિકાર નથી."

મિસ ફૉસેટ: " આવી ઉત્તમ ચીજો ઉત્પન્ન થયેલી વિખરાઇ જશે એ જાણી હું ખેદિત થાઉં છું. દુનિયામાં આ પદાર્થો ઘણાજ ઉપયોગી છે. યુરોપની પ્રજાને એ ઉપરથી ઘણું મનન કરવાનું મળે એમ છે."

ચંદ્રાવળી: " એ સ્થૂળ વિભૂતિ ન્હોય. એ તો આત્મબળથી ઉત્પન્ન થયેલી વિભૂતિ છે. આત્મબળની સહાયતા વિના તેનો પાર પમાય એમ નથી."

મિસ ફૉસેટ: " એ કેમ મળે ?"

ચંદ્રાવળીએ મુખ મલકાવતાં કહ્યું: તપાચરણથી, યોગ્યાભ્યાસથી.

મિસ ફ્રૅાસેટ: " એ તો મ્હારાથી સમજાયું નહિ."

ચંદ્રાવળી: " અધિકાર સિવાય કેમ સમજાય ? "

મિસ ફ્રૅાસેટ: એને માટે અધિકારની જરૂર છે તો ગુરૂમહારાજે કુમુદસુંદરીને અષ્ટ સિદ્ધિની અધિકારી કરી છે એ શું ? તેની કૃપા કરી છાંયા પાડશો. ચંદ્રાવળી મૈયાએ રાધેદાસજી તરફ દ્રષ્ટિ કરી.

રાધેદાસજી. " મૈયા, યોગાભ્યાસના પરિપક્વ કાળના આદિ ભાગમાં એ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. તે અષ્ટ મહા સિદ્ધિઓ આ પ્રમાણે છે:—
(૧) અણિમા. (૨) મહિમા. (૩) લઘિમા. (૪) પ્રાપ્તિ. (૫) પ્રાકામ્ય. (૬) ઇશિતા. (૭) વશિતા. (૮) કામાવસાયિત્વ.

अणिमा महिमा चैव लघिमा प्राप्तिरिन्द्रियैः
प्राकाम्यं श्रुतदृष्टेषु शक्ति प्रेरणमीशिता
गुणेष्वसंगो वशिता यत्कामस्तद्‌ वस्यति ॥

મિસ ફ્રૅાસેટ: " આમાં તો હું કંઇજ સમજી નહિ. કૃપા કરી સમજાવો. "

રાધેદાસજી: " એ સબધે આદિકાળમાં યોગના મહાન ગ્રંથો રચાયલા છે. તેમાં સ્પષ્ટ ભાસ આપેલો છે. છતાં તમારી જીજ્ઞાસાને તૃપ્ત કરવા એ સિદ્ધિઓનું શુ બળાબળ છે તે તમને દર્શાવું છું. સાંભળો. અણિમા સિદ્ધિ એટલે શરીરને પરમાણું જેવું સૂક્ષ્મ કરી દેવાનું સામર્થ્ય તે. મહિમા સિદ્ધિ એટલે શરીરને પર્વતાદિ જેવુ મહાન કરી દેવાની શક્તિ તે. લઘિમા સિદ્ધિ એટલે શરીરને આકડાના રૂ જેવું હલકું કરી દેવાની શક્તિ તે. પ્રાપ્તિ સિદ્ધિ એટલે ભૂમિ ઉપર રહેલો યોગી ચંદ્રાદિ દૂરના પદાર્થોને પણ પોતાની અંગુલીનાં ટેરવાંથી અડકી શકે એવું દુરસ્ત પદાર્થોને સન્નિહિતવત્‌ કરી દેવાનું સામર્થ્ય તે. આ ચારે સિદ્ધિઓ તે ભૂતના સ્થૂળ પ્રકારમાં સંયમની સિદ્ધિનાં ફળ છે. ભૂતોના સ્થૂળ પ્રકારનો જય થયેલો હોવાથી ભૂતોના આકાર તથા ગુરૂત્વનો જય થઇ જાય છે તેથી યોગી પોતાની ઇચ્છાનુસાર ભૂતોના પરિમાણને તથા ગુરૂત્વને વર્ત્તાવે છે. તેથી મહાનને

અણુ અને અણુને મહાન તથા ગુરૂને લઘુ કરી શકે છે. પ્રાકામ્ય સિદ્ધિ એટલે પંચભૂતોના જે સાંસિદ્ધિક કઠિનત્વાદિ ધર્મો છે તે ધર્મોથી વિરૂદ્ધ વર્તવા યોગીની ઇચ્છા થાય તો તે ઇચ્છાનો એ ભૂત ધર્મોથી જે બાધ ન થઈ શકે તે. એટલે આ સિદ્ધિથી ભૂતોનાં સ્વરૂપો જેમકે પૃથ્વીની અંદર જળની પેઠે બુડકી મારવામા તેનાં કઠિનત્વાદિ ધર્મો બાધ ન કરે અને ભૂમિને ભેદી બહાર આવી શકે, એમ દરેક તત્ત્વોમાં વિચરી શકે. વશિતા સિદ્ધિ એટલે બ્રહ્માંડમાં રહેલાં પૃથ્વિ આદિ ભૂત તથા તેનાં કાર્યરૂપ ગો ઘટાદિ ભૌતિક પદાર્થોને ઇચ્છાનુસાર પરિણામ પમાડવાનું સામર્થ્ય તે. આ સિદ્ધિમાં સૂક્ષ્મ સયમનું ફળ છે. જ્યારે યોગીઓ ભૂતના સૂક્ષ્મ અંશરૂપ તન્માત્રાનો સયમથી જપ કરે છે ત્યારે તન્માત્રા રૂપ કારણથી તે યોગીઓ ઇચ્છાનુસાર ભૂત ભૌતિક પદાર્થ ઉત્પન્ન કરી શકે છે. તે આ સિદ્ધિનુ ફળ છે. ઇશિ-તા સિદ્ધિ એટલે બ્રહ્માંડસ્થ ભૂત ભૌતિક પદાર્થોને તન્માત્રાદ્વારા ઉત્પન્ન કરવા, તેમનો તન્માત્રાદ્વારા લય કરવો, તથા તેને ઇચ્છાનુસાર રચનામા સ્થાપવાં, એ કરવાનુ સામર્થ્ય તે. આ સિદ્ધિ અન્વયસયમના ફલ રૂપ છે. અન્વય એટલે પ્રકૃતિરૂપ ત્રિવિધ દ્રવ્યનો સંયમ યોગી જ્યારે કરે છે ત્યારે તે યોગીએ ત્રિવિધ દ્રવ્યથી તન્માત્રા અને તે દ્વારાભૂત અને ભૌતિક પદા-ર્થોને ઉત્પન્ન કરી શકે છે, તેમજ વિલય પમાડી શકે છે. કામાવસાયિત્ત્વ સિદ્ધિ એટલે ભૂત ભૌતિક પદાર્થો યોગીની ઇચ્છાનુસાર અર્થને સપાદન કરવાનુ સામર્થ્ય તે. આ સિદ્ધિ પ્રાપ્ત થવાથી યોગી ધર્મયુક્ત કલ્યાણ પોતાના સંકલ્પથી અમૃતને વિષ અને વિષને અમૃત કરવા સમર્થ થાય છે. આ સિદ્ધિ ભૂતનાં અર્થતત્ત્વ રૂપ અંશના જયથી થાય છે. આ આઠ સિદ્ધિઓ છે.

મિસ ફૉસેટ: "ઓ હો! આ તો અપૂર્વ બળની વાતો! યુરોપમા માન્ય ન થાય એવી છે."

રાધેદાસ: "યોગ વિભૂતિથી વિલસિત પુરૂષોના બળને અનુભવી સિદ્ધ કરો."

મિસ ફ્લોરા: 'આ સિદ્ધિઓનું બળ જનસમાજને શી રીતે ઉપયોગી થઈ શકે?"

ચંદ્રાવળી: "વિદ્યા વિના બુદ્ધિ મિલતી નથી. વિદ્યા અભ્યાસસારિણી છે, અને બુદ્ધિ કર્માનુસારિણી છે. યોગવિદ્યા તપઃઆચરણને આધિન છે. યોગાભ્યાસ અને ગુરૂકૃપા સિવાય એ સિદ્ધિઓ અલભ્ય છે. આ બધી સિદ્ધિઓ ગુરૂકૃપાથી મ્હારી મધુરીને પ્રાપ્ત થઇ ચુકી છે."

મિસ ફ્લોરા: "શું જનમંડળને કુમુદસુંદરી એનો લાભ આપી શકે?"

ચંદ્રાવળી: "એ મધુરીની ઇચ્છાની વાત છે."

મોહિનીમૈયા: "એ કંઇ જાદુના ખેલ નથી. સિદ્ધિનો ઉપયોગ રમતો કરવા માટે નથી."

મિસ ફૉસેટ: "જનકલ્યાણ માટે કેમ ન થાય?"

વામનીમૈયા: "દેખો, દેખો, ષટ્ વિકારોસેં વ્યાપ્ત લોકોકું. એ લાભ મિલ સકતા નહિં."

મિસ ફ્લોરા: "અમે સ્વદેશવત્સલ છીએ. આવી પ્રબળ શક્તિ અમારા દેશના કોઇનામાં પણ હોય તો આખા દેશનું કલ્યાણ કરી નાંખે."

ચંદ્રાવળી: "મૈયા, ધર્મ બુદ્ધિથી દેશપ્રીતિ થાય તે સાત્વિક છે. ને મમતાદિથી થાય તે રાજસી પ્રીતિ છે. રાજસી પ્રીતિ સમગ્ર જનમંડળના લાભની નથી, અને તેથી તેને યોગ વિભૂતિનો અધિકાર નથી. સાત્વિકી યોગ વિભૂતિ સર્વ હિતકારિણી છે.

ચંદ્રકાન્ત: "ચંદ્રાવળીજીએ મહાન સૂત્રનું દિગ્દર્શન કરાવ્યું છે. મમતાદિથી ઉત્પન્ન થયેલી રાજસી પ્રીતિથી થયેલી સ્વદેશ પ્રીતિ એ અવર દેશની પ્રજાઓની પ્રલયકારિણી છે. આપ આપની યુરોપની પ્રજાનું ધર્મયુક્ત કલ્યાણ ઇચ્છો, અને સાત્વિક કલ્યાણની યોજનાઓ કરો એટલે સુધી યોગ્ય છો. પરંતુ પક્ષપાતથી ભેદ બુદ્ધિ વાપરી અવર દેશના જનમંડળોનું અકલ્યાણ ઇચ્છો, અથવા ભેદબુદ્ધિથી અવર જનોના હિતને સંકોચન થાય એવાં કાર્ય કરો એ મનુષ્ય ધર્મથી વિરૂદ્ધ છે, એક પ્રકારનુ પશુત્વ છે."

મિસ ફૉસેટ: "અમારો દેશ તો એ બુદ્ધિ દૃષ્ટિથીજ મહત્તાને પામેલો છે. દેશની રગેરગમાં સ્વાર્થનું સ્થાન વિશેષ છે."

ચંદ્રકાન્ત: "જો કે તમે તમારા દેશ પ્રત્યેની ધર્મબુદ્ધિથી એ માર્ગે

દોરાયાં છો, પરંતુ સત્ય તુલા તોલતાં કેવળ પોતાની ભૂમિ પ્રત્યેની મમતાથી હઠ આગ્રહ કરનાર મનુષ્ય પ્રત્યે જે મનુષ્ય તરીકેનો ધર્મ છે તેથી વિરૂદ્ધાચરણ કરે છે, તે ધર્મ રાગ દ્વેષથી ભરેલો છે, અને સત્ય ધર્મથી વિરૂદ્ધ જાય છે, એ તો તમે સર્વ માન્ય કરશો. એવી ભેદબુદ્ધિ ઉત્તમ છે એમ સાત્વિક જનો કેમ સ્વિકારી શકે ?"

મિસ જૅાસેટ: "આપની એ વાત સર્વને સ્વિકારવા યોગ્ય છે."

ચંદ્રકાન્ત: "આવી ભેદબુદ્ધિ મનુષ્ય ધર્મથી વિરૂદ્ધ છે. તે સાત્વિક ફળ કેમ ઉત્પન્ન કરશે ? ભેદબુદ્ધિ પરિણામે મહાભેદ ઉદ્ભવાવે અને અન્તે વિષ જ્વાળા પ્રસરાવે એ કુદરતી નિયમમાં તમે શક ધારો છો ?"

મિસ ફ્લૅારા: "તમે સત્ય કહોછો. એ માન્ય કર્યા સિવાય છુટકો નથી."

ચંદ્રકાન્ત: "જે બુદ્ધિ વિષ ઉપજાવનારી છે. એની વિષ જ્વાળા શું પરિણામ પ્રવર્ત્તાવશે તે વિચારો. આવી રાગ દ્વેષાદિની બુદ્ધિ સર્વદા નિંદ્ય છે. માટે જ અમે ઉચ્ચ વૃત્તિને સ્થાન આપવા ઉદ્દેષીએ છીએ. અને તેને યુરોપ અમેરિકા આદિની સર્વ પ્રજા, લક્ષમાં નહિ લે તો તેની વિષ જ્વાળામાં મહા અનર્થો ઉત્પન્ન થઈ સર્વને ભસ્મીભૂત કરશે."

મિસ જૅાસેટ: "ત્યારે કયો માર્ગ ગ્રહણ કરવા યોગ્ય છે ?"

ચંદ્રકાન્ત: "આપના દેશના, વિદ્યા અને કળા કૌશલ્યની ટોચે ચ્હડેલા મહાન બુદ્ધિશીલોને અમે ઉપદેશ આપવા યોગ્ય નથી. તેઓએ પોતાનો ધર્મ પોતાની મેળે જ સમજી તે પ્રમાણે વર્તવું જોઇએ. તેઓ સર્વ સમજે છે છતાં ચાલે ત્યાં સુધી ચલાવવું એનુંજ નામ દુરાગ્રહ. હાલમાં યુરોપાદિની પ્રજામાં જે મહાન સ્પર્ધા સ્પર્ધી ચાલી રહી છે, તેથીજ આખા યુરોપની પ્રજા પોતાની કંમર ઉપર પિસ્તોલ લટકાવી મનુષ્ય મંડળને સ્હે આપવા તત્પર રહે છે. એટલે, લશ્કરી બળની વૃદ્ધિ ઉપર વૃદ્ધિ કરી રહી છે. તેનું પરિણામ એ આવશે કે જ્યારે ત્યારે તમારા તરફ મહા સમરાંગણનો અગ્નિ ઉદ્ભવશે. અને તે મહા સમરાંગણમાં કૌરવ પાંડવોના મહાન યુદ્ધથી ક્ષાત્ર વંશ નિકંદનતાને પામ્યો અને ભારતની મહત્તા નષ્ટ ભ્રષ્ટ થઈ અવદશાને પામી, તેવા પ્રકારની વિલક્ષણ અવદશા ધારવામાં આવે છે."

મિસ ફૅાસેટ: "એવી અવદશા અટકાવવાને માટે કયો પ્રયોગ કામનો છે ?"

ચંદ્રકાન્ત: "સરળ માર્ગ એજ છે કે જગત્ માત્રનાં જન મંડળે સમગ્ર ભ્રાતૃભાવ અને ઐક્યતાના પ્રભાવને વધારી, રાગદ્વેષાદિને નષ્ટ કરી નક્ષત્ર મંડળ સાથે સ્પર્ધા કરવા તત્પર થવું. તેમની સાથે સંમીલન કરવા મહાન વિભૂતિ પ્રકટાવી સત્યપૂત થવું."

ચંદ્રાવળી: "વાહવા, વાહવા ચંદ્રકાન્તજી, ખુબ કરી."

કુસુમ: "એ તો ઉંદરોએ બિલાડીને ગળે ઘંટડી બાંધવા જેવી વાત થઇ. એ અશક્ય કેમ શક્ય ધારવામાં આવે ? મનુષ્ય પ્રાણીની નક્ષત્રમ ક્યાં ગતિ છે ?"

રાધેદાસ: "મૈયા, વિશ્વામિત્ર, વાસિષ્ઠ અને નારદ આદિ મહાત્મા જનો સર્વગામી હતા. યોગ સૂત્રકારોએ એના માર્ગ પ્રદર્શિત કરેલા છે."

કુસુમ: "યોગશાસ્ત્રમાં એ માટે ક્યા માર્ગ છે, અને તે શી રીતે સાધ્ય થાય ?"

રાધેદાસ: "યોગશાસ્ત્ર એ એક વિદ્યાજ છે. વિદ્યાથી સર્વ પ્રાપ્ત થાય છે."

કુસુમ: "નક્ષત્ર અદિ તારાઓનું જ્ઞાન કેમ થાય ?"

રાધેદાસ—

"चन्द्रे तारा व्यूह ज्ञानम्"+

"ચંદ્રમાં સંયમની સિદ્ધિ કરવાથી સમગ્ર તારાઓની રચનાનું અપરોક્ષ જ્ઞાન થાય છે. પાતંજલ સૂત્ર આદિના અભિપ્રાયો જુઓ. ચૌદ ભુવનનું જ્ઞાન પણ સાધ્ય થઈ શકે છે."

કુસુમ: "તે શી રીતે ?"

રાધેદાસ—

"भुवन ज्ञानं सूर्ये संयमात्"‡

+ પાતંજલ સૂત્ર તૃતીયપાદ ૨૬.

‡ પા. સૂ. તૃતીયપાદ. સૂત્ર ૨૫.

"સૂર્યમાં સંયમની સિદ્ધિ કરવાથી સર્વ ભુવનનું જ્ઞાન થાય છે."

કુસુમ "એ ક્યાં ક્યાં ભુવનો, ને તે સંબંધે જાણવા યોગ્ય હોય તે કૃપા કરી કહો."

રાઘેદાસ: "સૃષ્ટિના ત્રણ લોકના વિભાગ પાડેલા છે. ભૂ, ભુવર અને સ્વર્લોક. ભૂલોકમાં, મહા તલાદિ સપ્ત પાતાલોથી તે સુમેરૂ પૃષ્ટ સુધી સંપૂર્ણ પૃથ્વી આવી જાય છે. ભુવર્લોકમાં સુમેરૂ પૃષ્ટથી તે ધ્રુવ પર્યંતનો તારાલોક જે ધ્રુવલોક પણ કહેવાય છે તે આવે છે. સ્વર્લોકમાં મહેન્દ્રલોક જે સ્વર્ગ કહેવાય છે તે, પ્રજાપતિલોક જે મહર્ વા મહાન પણ કહેવાય છે. તે તથા બ્રહ્મલોક એ સર્વનો સમાવેશ આવે છે. આ ત્રિલોકીમાં સત્ય જોતાં તો અનંત પ્રકારના શરરીરીઓ હોય છે, પરંતુ લોક સંગ્રહાર્થે ચૌદ વિભાગ પાડવામાં આવેલા છે. એ ચૌદ લોકને ચૌદ ભુવન પણ કહેવામાં આવે છે. (૧) સત્ય લોક. (૨) તપ લોક. (૩) જન લોક. (૪) પ્રજાપતિ લોક વા મહર્લોક. (૫) મહેન્દ્ર લોક વા સ્વર્ગ લોક. (૬) તારા લોક. એ બ્રહ્મલોકની સંજ્ઞામાં છે. (૭) ભૂ લોક. (એમાં સપ્ત પાતાળ નહિ, પરંતુ અવીચિ આદિ નર્ક ખરાં). (૮) પાતાળ. (૯) તલાતલ. (૧૦) વિતલ. (૧૧) સુતલ. (૧૨) અતલ. (૧૩) રસાતલ. (૧૪) મહાતલ. આ ચૌદ લોકમાં સત્યલોક સર્વથી ઉર્ધ્વમાં છે, અને મહાતલ એ અધસ્તાત્ છે. ભૂ લોકનો વિસ્તાર પંચાશત કોટી યોજનનો નિર્ણીત કરેલો છે.

ભૂ લોકથી ઉર્ધ્વમાં ભુવર્લોક છે. એ ભુવર્લોકમાં અશ્વિન્યાદિ ૨૭ નક્ષત્રો, બીજા જ્યોતિરૂપ તારાઓ તથા ગ્રહો વિગેરેનો સમાવેશ થાય છે. તેનાથી ઉર્ધ્વમાં સ્વરલોક છે. તેમાં મહેન્દ્રલોક, મહર્લોક, જનલોક, તપલોક, અને સત્યલોક છે. મહેન્દ્રલોકમાં ત્રિદશ, અગ્નિષ્વાત્ત, યામ્ય, તુષિત, અપરિનિર્મિત વશવર્તી, અને પરિનિર્મિત વશવર્તી. એ છ પ્રકારના દિવ્ય શારીરીઓ વસે છે. એ લોકો સર્વ સિદ્ધ સંકલ્પના, કલ્પાયુષી, ઔપપાદિક (માતાપિતાના સંયોગ વિના તે લોકની નીતિ અનુસાર પરમાણું યોગથી અદૃષ્ટવશાત ઉત્પન્ન થતા) દેહવાળા, ઉત્તમ અપસરસ આદિ પરિવારવાળા તથા અણિમાદિ સિદ્ધિવાળા હોય છે. એ લોકની ઉર્ધ્વમાં મહર્લોક છે. તેમાં

કુમુદ, ઋભુ, પ્રત્તર્દન, અંજનાભ અને પ્રતિનાભ, એ પાંચ પ્રકારના દેવ સમહ હોય છે. જેઓ પાંચ મહાભૂતોનો ઇચ્છાનુસાર પરિણામ કરવા સમર્થ હોય છે. અર્થાત્ જે પંચ મહાભૂતોને જીતે છે તે મહર્લોકમાં જાય છે.

એથી ઉર્ધ્વમાં જનલોક છે. એ લોકમાં બ્રહ્મપુરોહિત, બ્રહ્મકાયિક, બ્રહ્મમહાકાયિક અને અમર, એ પ્રમાણે મુખ્ય ચાર જાતના દિવ્ય શારીરીઓ છે. આ દેવોને પંચભૂત અને ઇન્દ્રિયો બને વશ હોય છે. અર્થાત્ એ બન્નેની ઇચ્છાનુસાર પરિણામ કરવા એ સમર્થ હોય છે.

એ લોકની ઉર્ધ્વમાં તપલોક છે. તપલોકમાં આભાસ્વર, મહાભાસ્વર અને સત્યભાસ્વર નામના ત્રણ પ્રકારના દેવો વસે છે. એમને ભૂત ઇન્દ્રિય અને અહંકારરૂપ એ ત્રણ વશ વર્તે છે, તેથી એ દેવો ભૂત, ઇન્દ્રિય અને અહંકારરૂપ ચિત્ત, એ સર્વને ઉત્પન્ન કરવા સમર્થ હોય છે.

એ લોકોથી ઉર્ધ્વમાં સત્યલોક છે. તેમાં અચ્યુત, શુદ્ધ નિવાસ, સત્યાભ અને સંજ્ઞાસંજ્ઞી એવા મુખ્ય ચાર પ્રકારના દેવો વસે છે. એ સર્વ મહત્તત્ત્વને વશ વર્તાવનારા હોય છે. તેમાં અચ્યુત સવિતર્ક યોગના, શુદ્ધ નિવાસ સવિચાર યોગના, સત્યાભ આનંદ માત્ર યોગના, અને સંજ્ઞાસંજ્ઞી આસ્મિતા માત્ર યોગના આનંદને અનુભવનાર છે. આ સર્વ ભુવનોનુ જ્ઞાન સૂર્યમાં સંયમ કરવાથી પ્રાપ્ત થાય છે."

કુસુમ: "એ સંયમ કેવી રીતે થાય?"

રાઘેદાસ: "મૈયા, એ સર્વે સંયમો કેવી રીતે કરવા તે પાત્રા પાત્રનો વિધિ જાણી શ્રી સદ્ગુરૂ દર્શાવે તે પ્રમાણે કરવા."

મિસ ફૉસેટ: "આ તો તમે યોગ્ય કર્યું નહિ."

રાઘેદાસ: "જેમ સ્થૂળ વિદ્યામાં સ્થૂળ વાદીઓજ જ્ઞાનમાર્ગ બતાવી શકે છે તેમ અધ્યાત્મ વિદ્યામાં અધ્યાત્મ બળ વાદીઓજ માર્ગ બતાવી શકે. કહો, તમો ઇજનેરનુ યંત્ર કામ શિખવી શકશો?"

નીચાં નેત્ર કરતાં મિસ ફૉસેટે કહ્યું "ના."

રાઘેદાસ: "સ્થૂળ યંત્રોમાં તેના જાણકાર સિવાય શિક્ષણ આપી શકાતુ નથી, ત્યારે અધ્યાત્મ યોગ વિદ્યામાં તેના જાણકાર સિવાય બીજા કોનો પ્રવેશ થાય?"

મિસ ફૅાસેટ સહસા મહાત્ થઇ ગઇ. તેણે ઉલટ પ્રશ્ન કર્યો: "આપનું અદ્ભૂતતા ભરેલું કથન મ્હને તો શું પરંતુ જન મંડળને વિસ્મય કરે એવું છે. પરંતુ ચંદ્રકાન્તભાઇનો હેતુ જે મનુષ્ય લોકોએ આકાશાદિમાં ગમન કરી નવલ સાધન સંપન્ન થવા સંબંધી છે તેની કંઇ છાયા ન પડી. આકાશમાં શી રીતે જવાય ?"

રાઘવદાસ: "મૈયા, યોગશાસ્ત્રમાં એ સબંધે સંપૂર્ણ ખુલાસા છે.

"**काया काशयोः सबन्ध संयमाद् लघुतुल**
समापत्ते श्चाकाश गमनम ॥

(પાં. સૂ. ત્રિપાદ વિ. સૂ. ૪૧)

"ભાવાર્થ—શરીરનો અને આકાશનો જે વ્યાપ્ય વ્યાપકભાવ સંબધ તેમાં સયમની સિદ્ધિ કરવાથી, અથવા હલકા તુળ (રૂ) ના રૂપને કોઇ સયમની સિદ્ધિથી પામવાથી આકાશમા ગમન થઇ શકે છે."

અર્થાત્: વ્યાપ્ય વ્યાપક ભાવ સંબધ. તે સંબધમાં સંયમ કરવાથી તેનો જય થાય છે, અને તેથી શરીર જે આકાશ વડે નીચે દબાતું રહેતું હતું તે દબાણુ કરનાર સત્તા સ્વાધીન થવાથી અવકાશમાં ગમન કરી શકાય છે. પ્રથમ જળ ઉપર ચાલી શકે છે. પછી ઉર્ણુનાભિના તંતુ ઉપર ચાલી શકે છે. પછી સૂર્યના કિરણુ ઉપર ચાલી શકે છે, અને અંતે આકાશમાં ગમન કરવા સમર્થ થાય છે."

કુસુમ "આ તો બધુ ઘરબાર છોડી યોગી થનારને માટે છે."

ચંદ્રકાન્ત: "સસારીઓથી યોગ વિદ્યા શિખવાનું ન બને એવું નથી."

ચંદ્રાવળી: "સંસારી યોગીઓ પણુ યોગને પ્રાપ્ત કરી શકે છે. યોગની વજ્રોલી આદિ ક્રિયાઓ તો દંપતિ સિવાય સાધ્ય થતી નથી."

ચંદ્રકાન્ત: "સંસારને જાગૃત કરી યોગવિદ્યા સાથે સ્થૂળ વિદ્યાનો સંયોગ કરી આકાશાદિ તત્ત્વને સાધ્ય કરી મહાન વિભૂતિ પ્રકટાવી જન માત્રનું કલ્યાણુ કરવાની યોજના યોજવી જરૂરની છે."

મોહિની મૈયા: "તુમારે કલ્યાણુગ્રામમેં ઇસિ કલાકું બિસ્તારો."

ચંદ્રકાન્ત: "આપ જેવી તાપસીઓની કૃપા વિભૂતિથી જે થાય તે ખરૂં."

કુસુમ: " ચંદ્રકાન્ત ભાઈ, એ તો નુતન પ્રજામાં સંસ્કાર ઉભા કરેથી થાય."

મંદ મંદ હાસ્ય કરતાં ચંદ્રકાન્ત બોલ્યો: " ત્યારે તમે તેમ કરજો." એમ વાક્યપ્રહાર કરતાં હાસ્યસૂચક આંગળીથી કુસુમ સામે ચાળો કર્યો.

વામની આનંદ પ્રફુલ્લ વદને કુદકો મારતાં બોલી: " એ તો મૈંય સમજ ગઈ. કુમુદ મૈયાકે શિર બાજી આ પડી."

બિન્દુએ લજ્જા વિનિત થતાં પ્રફુલ્લ નેત્રો ચગાવતાં પાસે બેઠાં બેઠાં કુસુમને આંગળીથી અટકચાળું કર્યુ.

કુસુમની સગર્ભા સ્થિતિ અન્ય જનોને પારદર્શક થઇ ગયેલી લાગી જાણી, લજ્જા વિનિત થયેલી કુસુમે લજ્જા અને રોપના આવેશમાં ઉત્તર કર્યો: " એવું હાસ્ય કરતાં નહિ."

ચંદ્રકાન્ત: " કુસુમ ભાભી, એમાં ગુસ્સો શાનો કરો છો ? ભવિષ્યની પ્રજાને ઉન્નતિના સંસ્કારમાં નાખવાનું કામ હવે તમારે શિર આવનાર છે."

આનંદ ઉમળકાથી પ્રફુલ્લ થયેલા હૃદયે કુમુદ કંઈ બોલવા જતી હતી એટલામાં તો કુસુમે ત્વરાથી ઉઠી કુમુદનું મ્હો હાથથી ઢાંકી દીધુ ને બોલી: " મ્હોટી બ્હેન, તમે કંઇ પણ બોલો તો મ્હારા સમ."

ગંગા ભાભીએ તાળીઓ પાડી, અને સર્વેએ તે ઝીલી લીધી.

ચંદ્રકાન્તે અટ્ટહાસ્ય કર્યું.

વામનીએ ઉભાં થઈ કુસુમના માથા ઉપર હાથ ફેરવી ઓવારણાં લીધાં. સર્વેએ મંદમંદ હાસ્ય કરતાં મુખ મલકાવ્યું.

સરસ્વતિચંદ્ર મૌન્ય ધારી આ સર્વ કાળમાં સાક્ષિભૂત રહ્યા હતો, તેને પણ આ પ્રસગે જરા હાસ્ય આવ્યું.

આ સર્વ બનાવથી કુસુમે લજ્જાવિનિત થતાં, રાષ દર્શાવતાં, આવેશમાં છણકા કર્યા.

માંગલિક વિનોદમાં, આનંદ ઉમળકાથી પ્રમત્ત થયેલા પ્રમાદધને આવેશમાં આવી વાણી ગર્જાવી: " **ભવિષ્યની પ્રજાનો જય થાઓ.** "

ચંદ્રકાન્તે કુસુમ સ્હામુ કટાક્ષથી મધુરૂં હાસ્ય કરતાં અનુમોદન આપતાં, અભિવંદન આપ્યું

ઉશ્કેરાયલી કુસુમે બનેવી સાથે હાસ્યમાં બોલવાનો હક્ક વિચારી આનંદ સાથે રોષાભાસ પાડતાં કટાક્ષમાં કહ્યું· “ મ્હારૂં રંકનું શિદને હાસ્ય કરો છો ? એવો વખત પ્રભુ તમને પણ આપશે. ”

હર્ષાનંદમાં પ્રમત્ત થયેલો ચંદ્રકાન્ત બોલ્યો : “ કુસુમ ભાભીનું વાક્ય સત્ય થાઓ. **ભવિષ્યની પ્રજા ભારતનું સર્વ વાતે તારણ કરો.**”

ચંદ્રાવળીએ: “બે હાથ ઉચા કરી આશિર્વાદ આપતાં **યદુનંદનકી જય, કુમુદ મૈયાકી જય, કુસુમ મૈયાકી જય** એવો ધ્વનિ કર્યો. સર્વેએ તે પ્રમાણે જય બોલાવી. સર્વત્ર જય જય ધ્વનિ ગર્જિ રહ્યો.

સમાપ્ત.

બસો રૂપૈઆમાં અન્નદાન સાથે અમર નામ.

દાનવીર સજ્જનો, અનાથોની પ્રાણ રક્ષા કરવા આપના વરદ હસ્તને આ આશ્રમ તરફ લંબાવવા કૃપા કરશો !! અન્નદાનનું અન્નદાન અને સાથે અમર નામ !! જે દયાળુ દાતા તરફથી એકી વખતે રૂ. ૨૦૦ બસો દાનમાં મળશે, તે રકમ અનામત રાખી તેના વ્યાજમાંથી દરવર્ષે દાતાની મરજી પ્રમાણે ઠરાવેલા એક દિવસે આશ્રમના અનાથોને દાતાના સ્મરણમાં અન્નદાન આપવામાં આવશે અને તે દાતાના નામની આરસની તખ્તી કરાવી ઓફીસમાં ચોંઢી અમર નામ પણ કરવામાં આવશે. શું આવા દાનવીર દાતાઓ માત્ર ૩૬૫ નહિ મળે ? જરૂર મળશે. દયા લાવી લખોઃ—

મંત્રી—હિંદુ અનાથાશ્રમ,

નડીઆદ.

સસ્તી વાર્તામાળાના ગ્રાહકોને ખાસ

સસ્તો લાભ.

૧. પંજાબની રાણી—આ ઐતિહાસિક નવલ કથા લૉર્ડ ડેલહૌસીના વખતની છે. એક વખત આખા હિંદુસ્થાનને ધ્રુજાવનાર, પંજાબના શીખ રાજા રણજીતસિંહના રાજમાં કેવી રીતે ફાટફૂટ થઈ, તથા બાળ રાજા ધુલિપસિંહની માતાના સમયમા ઇસ્ટ ઈન્ડિયા કમ્પનીએ પંજાબમાં કેવી રીતે પગપેસારો કર્યો, તથા તે રાજ કેવી રીતે નષ્ટ થયું, તેમજ દેશભક્ત શીખ લોકોએ કેવી બહાદુરી દેખાડી, એક પ્રેમી શીખ દમ્પતિએ દેશભક્તિને ખાતર કુવારા રહી કેવું શૂર બતાવ્યુ, વગેરે વૃતાન્ત ઘણી અચ્છી રીતે લખ્યુ છે. વખતે શૂર, વખતે દયા, વખતે પ્રેમ, અને વખતે આસુની ધારાઓ ચાલી જાય છે. પ્રેમનુ ચિત્ર જોઈ માણસ સ્તબ્ધ થઇ જાય છે, અને ઈશ્વર પાસે એવાજ પ્રેમીઓ ઉત્પન્ન થવાની માગણી કરે છે. દરેક પ્રકરણ હૃદયને ઉથલાવી નાખે છે. અવસ્ય વાંચો. પાકું પૂઠું, સોનેરી નામ, ચિકણા કાગળ. (કિં. ૧-૮-૦) હાલ અડધી **કીંમત ૧૨ આના.**

૨. અયોધ્યા અને અંગ્રેજ—આ ઐતિહાસિક નવલ કથામાં અયોધ્યાના નવાબી રાજ્યને બહુ કરૂણાજનક ચિતાર છે. અયોધ્યાનું રાજ્ય ઈસ્ટ ઈન્ડીયા કમ્પનીના હાથમાં કેવી રીતે ગયુ તથા છેલ્લા નવાબની કેવી દશા હતી તેમાંથી કેવી થઈ ગઈ? નવાબના અમલની જાહોજલાલી તથા જોર જુલમનાં વૃતાન્તો વાંચતાં શરીરનાં રૂવાડાં ઉભા થઈ જાય છે. પણ જ્યારે નવાબ સાહેબનો રાજ મુકુટ ઉતરે છે ત્યારે આંખમાંથી આંસુ ટપક્યા વગર રહેતાં નથી. આ નવલ કથામાંથી અનેક પ્રકારનો બોધ મળે છે. પુરૂષને પત્નિવ્રતપણું અને સ્ત્રીઓને પતિવ્રતપણું શીખવનાર આ એકજ ઉત્કૃષ્ટ નવલ કથા છે. એમાં પાણીપતની લડાઇ પછીથી મુસલમાન બાદ-

શાહો થયા ત્યારથી તે નવાબી અમલ સુધીનો ઇતિહાસ જણાઈ આવે છે. હિંદુ અને મુસલમાન વગેરે સર્વેને વાંચવા લાયક સંગ્રહ કરવા લાયક છે. જરૂર વાંચો. ચિકણા કાગળ, સોનેરી નામ, (કીંમત રૂ. ૧–૮–૦) હાલ રૂ. ૦–૧૨–૦.

૩. પતિવ્રતા બેગમ—(લુત્ફુન્નિસા) મુસલમાની ભાષામાં ઘણાં નોવેલ પ્રગટ

થયાં છે, પણ આ ઐતિહાસિક નવલ કથા તે સર્વ પુસ્તકોમાં ઉત્તમ છે એમ કહેવાની અમે હિમ્મત કરીએ છીએ. અને તે દરેકે દરેક હિંદુ તથા મુસલમાન ભાઇઓએ વાંચવી જ જોઇએ. એમાં બંગાળાના છેલ્લા મહાન નવાબ સિરાજુદૌલાની માનીતી બેગમનું રસથી ભરેલું વર્ણન સરળ ભાષામાં લખ્યું છે. મુસલમાન બેગમોને કલંક લગાડનારા લેખકો કેટલા જુઠ્ઠા છે તેની સાક્ષી આ પુસ્તક પૂરે છે. પ્રેમનો આબેહુબ અને અદ્ભૂત ચિતાર વાંચવો હોય તો આ પુસ્તક વાંચો. પતિવ્રતપણું જાળવવાની ઇચ્છા હોય તો આ પુસ્તક વાંચો. નવાબ સિરાજુદ્દૌલાને કેવા પ્રપંચથી રાજ છોડવું પડયું અને એવા પ્રપંચીઓથી બચવાને કેવી રીતે વર્તવું પડયુ તે વાંચવું હોય તો જરૂર આ નવલકથા વાંચો. તમારૂં હૃદય નવોજ અનુભવ મેળવશે. પ્રેમ અને કરૂણારસનો ઝરો આ પુસ્તકમાં વહ્યાં કરે છે. તમારે જોઈએ તે મેળવી સુખી થાઓ. ચિકણા કાગળ, સોનેરી નામો, પાકું પુંઠું, કિંમત (રૂ. ૧–૮–૦) હાલ ૦–૧૨–૦.

૪. દેવી અન્નપૂર્ણા—અથવા સાત્વિક જીવનનો મહામંત્ર—આ સાંસારિક નવ-

લકથા દરેક સ્ત્રી પુરૂષે કિંવા યુવાન નર નારીએ જરૂર વાંચવી જોઈએ. ગુજરાતી ભાષામાં ઘણાં નૉવેલો બહાર પડયાં છે પણ આ નવલકથા વાંચકના હૃદયને જીંદગીના સાર્થક તરફ લઇ જાય છે, અને જીવન મુક્ત બનાવી દે છે. સંસારના ધર્મોમાં રહીનેજ માણસ અપૂર્વ સુખ મેળવે અને પરલોકમાં મોક્ષ ધામ મેળવે તોજ તેનું જીવન સાર્થક થયલું ગણાય છે. આ નવલકથામાં તેજ શિક્ષા ભરી છે. દરેક માણસને પોતાનાં ધર્મનાં રહસ્યો પણ સાથે સાથે શિખવે છે. પરોપકાર, દયા, ધર્મ અને જગતનાં પ્રાણી માત્ર ઉપર ઉપકાર કરવાની કુંચી શોધતા હો તો આવો, આ પુસ્તક વાંચો ! આટલાં મોટાં શાસ્ત્રોને અમે ફક્ત એક ન્હાની નવલકથામાં સમાવી

દીધાં છે. આ નવલકથામાં પણ તમને વખતે રડવું આવશે, વખતે હસવું આવશે અને વખતે અપૂર્વ શિખામણ મળશે. જેવું તમારૂં હૃદય ! તમારે જે જોઈએ તે મળશે. વળી એમાં નિર્મળ પ્રેમનું એવું ચિત્ર ખેંચ્યું છે કે તમને તેવો સ્વર્ગીય પ્રેમ મેળવવાનીજ ઇચ્છા થશે. ગમે તેવી હઠીલી સ્ત્રીઓ પતિવ્રતા થઇ જશે, ગમે તેવા વ્યભિચારી પુરૂષો એક પત્નિવ્રતધારી થશે, એમાં સંદેહ નહિં. જુવાન માણસો જો આ નવલકથા વાંચીને સંસારમાં પ્રવેશ કરશે તો તેઓ પોતાના સંસારને સોનાનો બનાવી મૂકશે. વળી આ નવલકથામાં તમારે માટે હાસ્ય રસ પણ બાકી રાખ્યો નથી. આવો, ખરીદો અને વાંચો. વિલાયતમાં આવાં નવલકથાનાં પુસ્તકોની લાખો કોપીઓ વેચાઈ જાય છે. પ્રષ્ઠ લગભગ ૨૭૫, ચીકણા કાગળ, પાકું સુંદર પુઠું, સોનેરી નામો સાથે કીંમત (રૂા. ૧-૪-૦) હાલ ૦-૧૨-૦

૫. માલવિકા અગ્નિમિત્ર—ધન્ય છે આપણા સંસ્કૃત કવિ કાલીદાસને!

આ મનોહર નવલકથા તેમના સંસ્કૃત ગ્રંથ ઉપરથી લખાઈ છે. પ્રાચીન રાજાઓના રાજમાં એક સુંદર અને ચતુર, સદ્‌ગુણી અને નમ્ર સ્ત્રી ઉપર રાજાઓને કેટલો મોહ થતો તથા તેને મેળવવાને રાજાઓ કેટલી અદ્‌ભુત યુક્તિઓ વાપરતા, તેમજ રાણીઓ, રાજાની મરજી જાણી જતાં તેવી સુંદરીઓને કેટલું દુઃખ પાડતી તે આ નવલકથામાં ડગલે ને પગલે જણાઇ આવે છે. પ્રેમનું જો કોઇ પણ અદ્‌ભુત વર્ણન કરી શક્યું હોય તો તે મહા કવિ કાલિદાસજ છે. તમારે તમારા તે પ્રાચીન પ્રેમી કવિની પ્રસાદી ચાખવી હોય અને પ્રેમનાં ગુપ્ત તત્વો જાણવાં હોય તો આ નવલકથા વાંચો, ચિકણા કાગળ, પાકું પુંઠું સોનેરી નામ (રૂા. ૧-૪-૦) હાલ ૦-૧૦-૦

૬. ભારતજીવનનો ૧૯૧૦ નો ખાસ અંક—

આ ખાસ દળદાર અંકમાં અનેક વાંચવા લાયક લેખો, કવિતાઓ, ઐતિહાસિક નવલકથાઓ છે. ૧૫૦ પાનાં, લગભગ ૫૫ છબીઓ, અનેક ઉપયોગી લેખો કિમ્મત હાલ ૦-૪-૦

૭. ૧૯૧૧ નો જાનેવારીનો ખાસ અંક—

આ અંક પણ ખાસ લાયબ્રેરીમાં સંગ્રહ કરવા લાયક અને વાંચવા લાયક

છે. એમાં ૧૫૦ પાનાં, ૭૫ છબીઓ, ઉપયોગી લેખો **કિમ્મત હાલ ૦-૬-૦** (સર્વ પુસ્તકોનું પોષ્ટેજ જુદું સમજવું.)

૮. કુંવારી કન્યા—હિંદુ ઘર સંસારનો મનોવેધક ચિતાર બતાવનારી આ એક ચિત્તાકર્ષક નવલકથા છે. એના લખનાર કવિરાજશ્રી ભવાનીશંકર નરસિંહરામે જૂનાં જૂદાં સાંસારિક ચિત્રો લખવામાં ખરેખરી ચાતુરી વાપરી છે વાંચનાર એક વખત વાંચવાથી અને ખર્ચેલા પૈસાનું સાર્થક થશે **કીંમત (૦-૧૦-૦) હાલ ૦-૬-૦.**

૯. રામેશ્વરની મહા યાત્રા—(છપાય છે. તાકીદે બહાર પડશે.) સુંદર ૧૦-૧૨ છબીઓ સહિત આ તીર્થયાત્રાનુ પુસ્તક ધર્માભિમાની હિંદુ માત્રે ખરીદવું જોઈએ. મદ્રાસ તરફના તમામ તીર્થમાં જેઓ સ્નાન, દાન, ધર્મ કરવા જઈ શકતા નથી, તેમને ઘેર બેઠાં આ પુસ્તક એક ચિત્તે વાચવાથી અને માનસિક ધ્યાન કરવાથી તે તે તીર્થોમાં જવા જેટલુ પુણ્ય મળે છે. એમાં મદ્રાસ ઇલાકાનાં તથા રામેશ્વરનાં દરેક તીર્થોનુ સંપૂર્ણ પૌરાણિક ઈતિહાસિક ઉપાખ્યાન સાથેનું વર્ણન આપવામા આવ્યુ છે. દક્ષિણના ચમત્કારિક તીર્થોની ઉત્પત્તિ અજાયબીમાં ગરક કરી નાખે છે અને હિંદુ ધર્મનુ ઉંડુ રહસ્ય સમજાવી આપે છે. વળી આ પુસ્તકમા તીર્થોની જાણવા જેવી ખાસ ઉત્પત્તિ આપવા ઉપરાત તેને લગતી છબીઓ છે અને વળી દક્ષિણમાં વેપારવણજ કરનારા શ્રીમંતો માટે પણ માહિતી આપેલી છે. યાત્રાએ જનારાઓને ક્યાં કેવી સગવડ છે તથા ક્યાં કેવી મુશીબત છે તે પણ બતાવી આપ્યુ છે. પાકા પુંઠાનાં, સોનેરી નામ સાથેનાં પુસ્તક **કિંમત ફક્ત રૂા. ૧-૮-૦**

સર્વનું વી. પી. ખર્ચ જૂદું પડશે. આફ્રિકાના ગ્રાહકોએ ફક્ત **અમારૂં નામ લખીનેજ પોષ્ટલ ઑર્ડરો** મોકલવા, જેથી તેઓને બુકપોષ્ટદ્વારા **રવાના કરવામાં આવશે.**

સર્વ પત્રવ્યવહાર, મનીઑર્ડર વગેરે નીચલે સરનામે મોકલવા જોઇએ.

ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.

મેનેજર—ભારતજીવન અને સસ્તી વર્તામાળા મુંબઈ નં-૧૩

વેભાગ ત્હેમને પણ દર માસે 'ગમ્મત સાથે જ્ઞાન' આપતા હોવાથી, તે બહુ ઉમંગથી વંચાય છે.

સુન્દરી સુબોધમાં શું આવે છે?—રસીલી વાર્તાઓ, અને નવલકથાઓ, મનોહર સતી ચરિત્રો, ઉપયોગી વૈદક, ભરતગૂંથણ, પાકશાસ્ત્ર, તથા વિદ્યાકલાના વિષયો, ઉત્કર્ષક ધર્મ નીતિનાં લખાણો, ખુશકારક ગમ્મતના ફકરા અને ટૂચકા. સ્ત્રી કેળવણી. સ્ત્રી સુધારણા, અને સ્ત્રી ઉન્નતિની સુબોધક ચર્ચા, મધુરી કવિતા અને ગીત ગરબીઓ, તથા બાલકોને માટે ખાસ વિભાગઃ આ ઉપરાંત એક અથવા વધુ મનમોહન અને આકર્ષક ચિત્રો પણ આ માસિકના દરેક અંકને સુશોભિત બનાવે છે. ફક્ત એકજ વાર વાંચનાર પણ ત્હેના ગ્રાહક થાય છે અને ગ્રાહકોજ નવા ગ્રાહક વધારે છે એ વાત માસિકની લોકપ્રિયતા અને ઉપયોગિતાની ખાત્રી કરશે! ફક્ત સવા રૂપિયામાંજ આટલા બધા લાભ ઓછા છે?

સુન્દરી સુબોધના ગ્રાહકોને અનેક લાભ છે!—(૧) મ્હોટાં રોયલ બત્રીશ પાનાનું માસિક, (૨) મહિને એક અથવા વધુ ચિત્રો, (૩) ઉત્તમ રસીલું ભેટનું પુસ્તક, (૪) અનેક ચિત્રોવાળો મ્હોટો ખાસ અંક, અને (૫) સંખ્યાબંધ કીમતી સ્ત્રી ઉપયોગી પુસ્તકો ગ્રાહકોને ખાસ ઓછે ભાવે મળી શકે છે.

નવા ગ્રાહક—સપ્ટેમ્બર માસથીજ ગ્રાહક થવાય છે, અને દરેક નવીન ગ્રાહકને પાછલા અંક, ખાસ અંક તથા ભેટનું પુસ્તક મળે છે.

નમૂનાનો અંક ફક્ત એક આનાની (પૈસાવાળી) ટપાલની ટિકીટો મોકલવાથી મળી શકે છે; અને તે મંગાવનાર ગ્રાહક થતાં તે પૈસા લવાજમમાં વસુલ ગણવામાં આવે છે. (એટલે તેમને નમૂનાનો અંક મંગાવવામાં ખર્ચેલા પૈસા બાદ જતાં ત્હેમની પાસેથી ફક્ત રૂ. ૧-૩-૦ લેવામાં આવશે.) નીચેને શીરનામે લખોઃ—

'સુન્દરી સુબોધ' મન્દિર;-**અમદાવાદ.**

ધન્વંતરિ.

વૈદકીય માસિક ચોપાનીઉં.

તમે વિદ્યાર્થી હો કે વેપારી હો, માસ્તર હો કે મામલતદાર હો, રોગી હો કે નિરોગી હો, કુંવારા હો કે પરણેલા હો, ગૃહસ્થ હો કે સંન્યાસી હો, પુરૂષ હો કે સ્ત્રી હો, ગમે તે હો અને ગમે તે દેશ કાળ કે પરિસ્થિતિનો અંદર મુકાયલા હો, તોપણ શારીરિક માનસિક આરોગ્ય અથવા તન મનની દુરસ્તી સિવાય તમે મુદ્દલ ચલાવી શકો તેમ નથી. મહાન પુરૂષો પણ કહી ગયા છે કે, " **धर्मार्थ काम मोक्षाणामारोग्यं मूल कारणम्** " " યક તદુરસ્તી હજાર ન્યામત " તેથી સૌથી પહેલાં તદુરસ્તી મેળવવા માટે તમારે પ્રયત્ન કરવો જોઇએ જ અને કરતા પણ હશોજ, છતાં શરીરને કદી વ્યાધિ સ્પર્શ માત્ર પણ કરી શકે જ નહિ એવું સુદૃઢ અને અભેદ્ય આરોગ્ય જો તમે મેળવવાના સહેલામાં સહેલા માર્ગ શીખવા માગતા હો તો **ધન્વંતરિ** માસિક નિયમિત રીતે વાંચો; તંદુરસ્ત મનુષ્યને પોતાની તંદુરસ્તી જાળવી રાખવાના રસ્તા, રોગી બનેલાને પોતાના રોગ ટાળવાના રસ્તા, અકાલીક વૃદ્ધાવસ્થાનાં ચિન્હો શરીરમાંથી દૂર કરી જુવાનીનો જુસ્સો અને ખીલતો ખુબસુરત ચહેરો પુનઃ પ્રાપ્ત કરવાના માર્ગ, ચપળતા, ચાલાકી, અને ચતુરાઇની સત્વર પ્રાપ્તિના ઉપાયો જો તમારે સારી રીતે જાણવા અને આચરવા હોય તો **ધન્વંતરિ**ના ગ્રાહક થવામાં તમે એક દિવસનો પણ વિલંબ કરશો નહિ. **ધન્વંતરિ** એ રસનો આગાર અને અતિ ઉપયોગી જ્ઞાન રૂપી મીઠાઇનો મોટામાં મોટો અન્નકુટ છે. કારણ કે ગમે તો તમે આયુર્વેદના ઉપાસક હો, અથવા દેશી દવાની તરફેણમાં હો, યુનાની હકીમાતના શોખીન હો, કે પાશ્ચાત્ય ડૉક્ટરી વિદ્યાના પક્ષપાતી હો, હોમીઓપૅથીના હિમાયતી હો, કે બાયૉકેમીસ્ટ્રીની બાજુમાં રહેનાર હો, તોપણ તમારી રૂચિના વિષયનું ગમત સાથે જ્ઞાન આપનાર થોડું ઘણું વાંચન તમને **ધન્વંતરિ**માં મળતું જ રહેશે. જો તમારે સાયન્સની થતી જતી નવી

જાહેર ખબર.

તદન નવિન અદ્ભુત અને રસથી ભરપુર.

ધર્માનુરાગી અને મુમુક્ષુઓને માટે ખાસ તક !

તત્વજ્ઞાનના રસિક દૃષ્ટાંત સિદ્ધાંતોથી ભરપુર અપૂર્વ ગ્રંથ

—સ્પર્શ-કાન્ત—

(પ્રથમ ધ્વનિ)

(प्रहर्ष-धर्म परिशीलन)

આ ગ્રંથ સંસ્કારી ઉત્તમ ગુજરાતી શૈલીમાં સ્ત્રી-પુરૂષ આબાલ વૃદ્ધને સરખી રીતે સરળતાથી સમજાય તેવો એકજ વાર્તાના અનુસંધાનમાં, તત્વજ્ઞાનના ઉત્તમ રસિક દૃષ્ટાંત સિદ્ધાંતોપૂર્વક પ્રકટ થયો છે કે જે વાંચવાથી સજ્જન મુમુક્ષુ વર્ગને ખાત્રી થશે વળી તે ઉપરાંત દરેક કુટુંબમાં રાખવા લાયક અને પાષાણ જેવા હૃદયવાળાં સ્ત્રી-પુરૂષોને એકજવાર વાંચવાથી દિવ્યજ્ઞાનને પ્રકટાવનાર તથા તેઓને ઉચ્ચ ભૂમિકાઓમાં સ્થાપનાર આ સ્પર્શકાન્ત મણીરૂપ સર્વમાં સર્વોત્તમ અસર કરનાર આ એકજ ગ્રંથ છે; જેથી અમારા સજ્જન મુમુક્ષુ વાંચકવૃંદને અનુભવ કરવા અમારી ખાસ વિજ્ઞપ્તિ છે. સ્પર્શમણિ જેમ લોહને સુવર્ણ બનાવી દે છે તેવીજ રીતે આ સ્પર્શકાન્ત પણ તેના ગ્રાહકને, તેના નેત્રોને સ્પર્શ થતાં દિવ્ય આંતર ચક્ષુને ઉઘાડી અનવધિ જ્ઞાનને પ્રાપ્ત કરાવી, ચતુર્વિધ પુરૂષાર્થની સિદ્ધિરૂપ સદ્ પ્રયત્નમાં પ્રવૃત્ત કરી પરિણામે દુઃખ માત્રની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ જે મનુષ્યજીવનનો મૂળ હેતુ છે તેને સિદ્ધ કરે છે.

કદ ડેમી આઠ પેજી પૃષ્ટ એકંદર ૪૫૮, ઉત્તમ ગ્લેઝ કાગળ, સોનેરી સુંદર બાઈન્ડીંગ કીંમત રૂ. ૨-૮-૦ પોષ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું:—

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે,

બુકસેલર ત્રણ દરવાજા—અમદાવાદ.

"एकः प्रजायते जन्तु... एव प्रलीयते ।
एकोऽनुभुङ्क्ते सुकृतमे... एव च दुष्कृतं ॥ (मनु. ४-२४०)

" ... ... थाय छे, एकलोज क्षय पामे छे. अने ... ...
... ... भोगवे छे.

तस्माद्धर्मं सहायार्थं नित्यं संचिनुयाच्छनैः ।
धर्मेण हि सहायेन तमस्तरति दुस्तरं ॥" (मनु ४-२४२)

तेथी पोतानी सहायता ... ... धर्मनो नित्य संचय करवो ...
... ...

... ...

... ...

धर्मं वाणिज्यकं ... ...
... धर्मं फलमादातुं ... ...

... ...

न हि ... ...
वृथा ... ...

... ...

न हिंस्यात् ... ...
नैवं ... ... कुर्वीत कदाचन ॥ (... ...)

... ...
... ...